યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# યોગબિંદુ

## શબ્દશઃ વિવેચન

ભાગ-૨



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગબિંદુ ભાગ-૨

## શબ્દશઃ વિવેચન


✤ ગ્રંથકાર ✤

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

✤ ટીકાકાર ✤

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા


✤ આશીર્વાદદાતા ✤

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✳ સંકલન-સંશોધનકારિકા ✳

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના
સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.



✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગબિંદુ ભાગ-૨ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૨૮૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબના
વાંચનાનાં આરાધકો તરફથી

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૬

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖
શાલિભદ્ર ઓફસેટ પોઈન્ટ
૩૧, અમૃત ઈન્ડ. એસ્ટેટ, દૂધેશ્વર બ્રિજ પાસે, દૂધેશ્વર, અમદાવાદ-૪. મો. ૯૮૨૫૦૫૭૦૨૪

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા,**
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
२१. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-१
२२. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
२३. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
२४. Is Jaina Order Independent Religion or Denomination ?
२५. Status of religion in modern Nation State theory
२६. ગૃહજિનાલય મહામંગલકારી
२७. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| १. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| २. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ३. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ४. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ५. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ६. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ७. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ८. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ९. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન

૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

## યોગબિંદુ ભાગ-૨ના
# સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિકાળથી સંસારની કદર્થના પામતાં જીવોને આ કદર્થનાથી સર્વથા છૂટવું હોય તો નિરુપદ્રવ એવા મોક્ષને પ્રાપ્ત કરવો પડે અને મોક્ષને પામવો હોય તો સંસારપથને છોડીને મોક્ષપથ પર ચાલવું પડે. મોક્ષમાર્ગ ઢીલા-પોચાને માટે ઘણો લાંબો-કઠિન અને કષ્ટસાધ્ય છે, જ્યારે ઉદ્યમી-ઉત્સાહીને માટે ટૂંકો-સરળ-અલબેલો-મનોહર-સુખકર અને આનંદકર છે. આવો મોક્ષમાર્ગ ભવ્યજીવોને બતાવવા માટે તથા મોક્ષની સાચી ઓળખ, સમજ અને પ્રતીતિ કરાવવા માટે પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગબિંદુ ગ્રંથની રચના કરી અને એવી સુંદર યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા મોક્ષમાર્ગ=અધ્યાત્મમાર્ગ=યોગમાર્ગ સમજાવ્યો કે બિંદુમાં સિંધુનો સમાવેશ કરી દીધો. યોગબિંદુને યોગસિંધુ એટલા માટે કહું છું કે જો આ યોગબિંદુ યથાર્થ સમજાય તો યોગની આરાધના મુક્તિનગર સુધી પહોંચાડવા સમર્થ છે.

વળી, ૫૨૭ શ્લોક પ્રમાણ આ વિશાળ ગ્રંથમાં જો યોગશાસ્ત્રનું બિંદુ જ નિર્માણ થતું હોય તો સંપૂર્ણ યોગશાસ્ત્રનું અવગાહન કેટલું ઊંડું રહસ્યમય વિશાળ હશે તેની તો કલ્પનામાત્ર જ કરવાની રહે છે, અલબત્ત કલ્પનાતીત છે.

મોક્ષમાર્ગ ચાલવાની પથ્થરની સડક નથી, એ તો ક્રમસર મનની ઉચ્ચ-ઉચ્ચતર ભૂમિકા છે. આત્માની અશુદ્ધ અવસ્થા સંસારમાર્ગ છે અને ક્રમસર આત્માની વધતી શુદ્ધિ એ જ મોક્ષમાર્ગ છે, તેમાં મહત્ત્વની શુદ્ધિરૂપ મોક્ષમાર્ગની ચરમાવર્ત, સમ્યગ્દર્શન આદિ ભૂમિકાઓનું વર્ણન કરીને પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ અમારા સરીખા પામર જીવો ઉપર અસીમ ઉપકાર કર્યો છે, કોટી ભવે પણ તેમના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.

પૂર્વના પરમ સુપુણ્યના વિપાકોદયે તથા પૂ. નિર્મળચંદ્રસૂરિ મહારાજાની (સંસારી પક્ષે ભાઈ મહારાજની) આજ્ઞાથી પંડિતપ્રવર શ્રી પ્રવીણભાઈ મોતા પાસે આ ગ્રંથનો અભ્યાસ કરવાનો મને સુયોગ સાંપડ્યો, તેઓની હું ઋણી છું.

**'કલ્યાણમસ્તુ સર્વજીવાનામ્'**

**વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,**
**તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર.**

**શાસનસમ્રાટ પૂજ્ય નેમિસૂરિ મહારાજ સાહેબ**
**સમુદાયના પૂ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મ.સા.ના**
**પ્રશિષ્યા સાધ્વી શ્રી ઋજુમતિશ્રીજી.**

# યોગબિંદુ ભાગ-૨ની સંકલના

યોગબિંદુના પ્રથમ ભાગમાં પૂર્વસેવા સુધીનું વર્ણન કર્યું અને અંતે કહ્યું કે ચરમાવર્તમાં અલ્પ ભાવમલને કારણે તદ્‌હેતુ અનુષ્ઠાન થાય છે, તેથી ચરમાવર્તવર્તિ જીવો મુક્તિના અદ્વેષથી કે અલ્પ મુક્તિના રાગથી પૂર્વસેવાને સેવીને અધ્યાત્માદિ યોગમાર્ગની પૂર્વસેવારૂપ પૂર્વભૂમિકાને પ્રાપ્ત કરે છે, તેથી હવે આત્મામાં કર્મબંધની યોગ્યતારૂપ સહજ મલ શું છે તેનું સ્વરૂપ કંઈક વિસ્તારથી બતાવે છે –

જેઓનો સહજમલ અલ્પ થયેલો છે તેઓ અપુનર્બંધકદશાવાળા છે અને કેટલાક જીવો અપુનર્બંધકની સન્મુખ અવસ્થાવાળા છે, તેમાંથી જેઓ અપુનર્બંધક છે તેઓને મુખ્ય પૂર્વસેવા છે અને સન્મુખ ભાવવાળા જીવોને ઉપચારથી પૂર્વસેવા છે તેમ બતાવીને મુખ્ય પૂર્વસેવાવાળા અપુનર્બંધકજીવો કેવી પ્રકૃતિવાળા છે તેનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે અને જ્યારે તે અપુનર્બંધક જીવો સૂક્ષ્મ ઊહ કરીને ગ્રંથિભેદ કરે છે ત્યારે સમ્યક્ત્વને પામેલા એવા તેઓની પૂર્વસેવા અત્યંત નિપુણતાવાળી હોય છે અને તેઓ જ ભાવથી યોગમાર્ગના અધિકારી છે અને તે સમ્યગ્દૃષ્ટિ જીવો જ સંચિત વીર્યવાળા થાય ત્યારે અધ્યાત્માદિ યોગોને સેવવા માટે સમર્થ બને છે અને સમ્યગ્દૃષ્ટિજીવોની પૂર્વસેવા નિપુણતાવાળી કેમ છે તે બતાવવા અર્થે પ્રાસંગિક વિષયશુદ્ધ અનુષ્ઠાન, સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ બતાવેલ છે અને અપુનર્બંધકજીવો વિષયશુદ્ધ અનુષ્ઠાન કે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન સેવનારા હોય છે અને સમ્યગ્દૃષ્ટિજીવો અનુબંધશુદ્ધ અનુષ્ઠાન સેવનારા હોય છે, તેથી સમ્યગ્દૃષ્ટિજીવોનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા વિશેષ રીતે યોગમાર્ગને સેવવા અવશ્ય સમર્થ બને તેવું નિપુણતાવાળું હોય છે તેની સ્પષ્ટતા કરેલ છે અને સમ્યગ્દૃષ્ટિ જીવો પરલોકની પ્રવૃત્તિમાં શાસ્ત્રને પ્રધાન કરનારા હોય છે, સ્વમતિ પ્રમાણે ચાલનારા હોતા નથી, તેથી સમ્યગ્દૃષ્ટિજીવો દ્વારા શાસ્ત્રની નિપુણ પ્રજ્ઞાથી સેવાયેલું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિનું કારણ બને તેવું સાનુબંધ હોય છે. તેની સ્પષ્ટતા પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે.

વળી સમ્યગ્દૃષ્ટિ જીવોને શાસ્ત્ર પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે તેથી તેઓનો શુશ્રૂષાગુણ, ધર્મનો રાગ અને ચારિત્રની ઇચ્છા કેવી શ્રેષ્ઠ હોય છે તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ યથાપ્રવૃત્તકરણ આદિ ત્રણ કરણોથી થાય છે તેનું સ્વરૂપ બતાવીને સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકરના જીવોને કેવો શ્રેષ્ઠ અધ્યવસાય થાય છે અને ગણધરના જીવોને કેવો અધ્યવસાય થાય છે અને મુંડકેવલીને કેવો અધ્યવસાય થાય છે તેનું કંઈક સ્વરૂપ સ્પષ્ટ કરેલ છે અંતે શ્લોક-૩૧૭માં ઉપસંહાર કરતાં કહેલ છે કે પરલોકના

વિષયમાં શાસ્ત્ર જ પ્રમાણ છે, માટે આગ્રહનો ત્યાગ કરીને ગંભીરતાપૂર્વક શાસ્ત્ર વચનાનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી મનુષ્યજન્મ સફળ થાય.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

– પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,

૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

# અનુક્રમણિકા



| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૬૪ | સહજમલનું સ્વરૂપ. | ૧-૩ |
| ૧૬૪-૧૬૮ | સહજમલ સ્વીકારની યુક્તિ. | ૧-૧૦ |
| ૧૬૯ | મોક્ષની યોગ્યતાના વાચક અન્યદર્શનના વચનો. | ૧૦-૧૨ |
| ૧૭૦ | ભાવમલના અપગમથી ભાવશુદ્ધિની પ્રાપ્તિ. | ૧૨-૧૪ |
| ૧૭૧ | આગ્રહની નિવૃત્તિથી ભાવશુદ્ધિની પ્રાપ્તિ. | ૧૪-૧૬ |
| ૧૭૨ | અચરમાવર્તમાં આગ્રહને કારણે સંક્લેશની પ્રાપ્તિ અને ચરમાવર્તમાં આગ્રહની નિવૃત્તિથી ઉદ્દગ્ર શુભભાવની પ્રાપ્તિ. | ૧૬-૧૭ |
| ૧૭૩ | સત્સાધકને ચરમસમયના ઉપદ્રવથી અખેદ. | ૧૭-૧૯ |
| ૧૭૪-૧૭૫ | ચરમાવર્તમાં આવેલા જીવોને માર્ગની પ્રાપ્તિનો પ્રમોદ. | ૨૦-૨૩ |
| ૧૭૬ | ચરમાવર્ત મુક્તિને આસન્ન. | ૨૩-૨૪ |
| ૧૭૭-૧૭૮ | ચરમાવર્તમાં ભાવ પ્રધાન અપુનર્બંધક જીવો. | ૨૪-૨૮ |
| ૧૭૯ | અપુનર્બંધકને મુખ્ય પૂર્વસેવા. | ૨૮-૩૧ |
| ૧૮૦ | અપુનર્બંધક જીવોની પૂર્વના જીવોને ઉપચારથી પૂર્વસેવા. | ૩૧-૩૪ |
| ૧૮૧ | દૃષ્ટાંતથી અપુનર્બંધકની થતી શુદ્ધિનું સ્વરૂપ. | ૩૪-૩૫ |
| ૧૮૨-૧૮૩ | અપુનર્બંધકથી પૂર્વના જીવોના ધર્મ અનુષ્ઠાનનું સ્વરૂપ. | ૩૫-૩૯ |
| ૧૮૪-૧૮૫ | મુખ્ય પૂર્વસેવા અને ઔપચારિક પૂર્વસેવાની પ્રાપ્તિનું કારણ. | ૩૯-૪૩ |
| ૧૮૬-૧૮૮ | અપુનર્બંધકનું સ્વરૂપ. | ૪૩-૪૮ |
| ૧૮૯-૧૯૧ | અપુનર્બંધકની પૂર્વના જીવોની પૂર્વસેવાનું સ્વરૂપ. | ૪૮-૫૩ |
| ૧૯૨-૧૯૩ | અપુનર્બંધકને ગુણસંપત્તિને કારણે શુદ્ધ અનુષ્ઠાનની પ્રાપ્તિ. | ૫૩-૫૯ |
| ૧૯૪-૧૯૮ | અપુનર્બંધકનું ભવવિષયક ચિંતવનનું સ્વરૂપ. | ૫૫-૭૨ |
| ૧૯૯ | અપુનર્બંધકનું યોગવિષયક સમ્યક્ ચિંતવન. | ૭૨-૭૪ |
| ૨૦૦-૨૦૨ | અપુનર્બંધકને કર્મના અધિકારની નિવૃત્તિને કારણે પારમાર્થિક યોગની પ્રાપ્તિ. | ૭૪-૭૯ |
| ૨૦૩-૨૦૫ | સમ્યગ્દૃષ્ટિને ભાવથી યોગની પ્રાપ્તિ. | ૭૯-૮૫ |
| ૨૦૬-૨૦૮ | સમ્યગ્દૃષ્ટિનો ભવના વિયોગ વિષયક માર્ગાનુસારી ઊહ. | ૮૫-૯૧ |
| ૨૦૯ | સમ્યગ્દૃષ્ટિની મુખ્ય પૂર્વસેવાનું સ્વરૂપ. | ૯૧-૯૩ |
| ૨૧૦-૨૧૧ | ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન. | ૯૩-૯૭ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૧૨ | વિષયશુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ. | ૯૭-૯૮ |
| ૨૧૩ | સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ. | ૯૯-૧૦૧ |
| ૨૧૪ | અનુબંધ શુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ. | ૧૦૧-૧૦૨ |
| ૨૧૫ | વિષયશુદ્ધ અનુષ્ઠાનનું ફળ. | ૧૦૨-૧૦૪ |
| ૨૧૬ | વિષયશુદ્ધ અનુષ્ઠાનમાં મુક્તિની ઇચ્છા પ્રશંસનીય. | ૧૦૪-૧૦૬ |
| ૨૧૭-૨૧૮ | સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનનું ફળ. | ૧૦૬-૧૧૦ |
| ૨૧૯ | અનુબંધ શુદ્ધ અનુષ્ઠાનનું ફળ. | ૧૧૦-૧૧૨ |
| ૨૨૦ | અનુબંધ શુદ્ધ અનુષ્ઠાન જ શીઘ્ર ફલને દેનાર. | ૧૧૨-૧૧૪ |
| ૨૨૧-૨૩૦ | પરલોકની વિધિમાં શાસ્ત્રની પ્રમાણતાની સ્થાપક યુક્તિ. | ૧૧૪-૧૨૮ |
| ૨૩૧-૨૩૨ | સદ્નુષ્ઠાન કરવા અર્થે ત્રણ પ્રત્યયોનું સ્વરૂપ. | ૧૨૮-૧૩૨ |
| ૨૩૩-૨૩૬ | પારમાર્થિકી સિદ્ધિનું સ્વરૂપ. | ૧૩૨-૧૪૦ |
| ૨૩૭ | પારમાર્થિકી સિદ્ધિના પ્રાપ્તિના કારણ આત્માદિ પ્રત્યય. | ૧૪૦-૧૪૧ |
| ૨૩૮ | સદ્યોગ આરંભક જીવોની જ આત્માદિ પ્રત્યપૂર્વક પ્રવૃત્તિ. | ૧૪૨-૧૪૩ |
| ૨૩૯ | આગમથી જ સદ્વ્યવહારની સિદ્ધિ. | ૧૪૪-૧૪૫ |
| ૨૪૦-૨૪૧ | આગમ નિરપેક્ષ પ્રવૃત્તિ કરનાર જીવોની સત્પ્રવૃત્તિની નિંદનીયતા. | ૧૪૫-૧૪૮ |
| ૨૪૨-૨૪૮ | સદ્યોગ આરંભક જીવોનું સ્વરૂપ. | ૧૪૯-૧૫૯ |
| ૨૪૯ | અનુબંધ શુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ. | ૧૫૯-૧૬૧ |
| ૨૫૦-૨૫૧ | અપુનર્બંધક જીવોમાં વિષયશુદ્ધાદિ ત્રણે અનુષ્ઠાનોની પ્રાપ્તિ. | ૧૬૨-૧૬૫ |
| ૨૫૨ | સમ્યગ્દૃષ્ટિ જીવોનું સ્વરૂપ. | ૧૬૫-૧૬૭ |
| ૨૫૩ | સમ્યગ્દૃષ્ટિના લિંગો. | ૧૬૭-૧૬૮ |
| ૨૫૪-૨૫૬ | સમ્યગ્દૃષ્ટિનો શુશ્રૂષાગુણ. | ૧૬૮-૧૭૩ |
| ૨૫૭-૨૫૯ | સમ્યગ્દૃષ્ટિનો ધર્મરાગ. | ૧૭૩-૧૭૮ |
| ૨૬૦-૨૬૨ | સ્મયગ્દૃષ્ટિનો વૈયાવચ્ચગુણ. | ૧૭૮-૧૮૩ |
| ૨૬૩-૨૬૬ | સમયક્ત્વ ની પ્રાપ્તિનું કારણ અને યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણઓનું સ્વરૂપ. | ૧૮૩-૧૯૦ |
| ૨૬૭-૨૬૮ | સમ્યગ્દૃષ્ટિ જીવો પાત થવા છતાં પણ શોભન પરિણામની પ્રાપ્તિ. | ૧૯૦-૧૯૩ |
| ૨૬૯ | સમ્યગ્દૃષ્ટિ જીવો પાત પામ્યા પછી આરંભ-સમારંભ કરે તોપણ ઉત્કૃષ્ટ ક્લેશનો અભાવ. | ૧૯૩-૧૯૫ |
| ૨૭૧-૨૭૪ | સમ્યગ્દૃષ્ટિમાં બોધિસત્ત્વના લક્ષણનું યોજન. | ૧૯૬-૨૦૨ |
| ૨૭૫ | તથાભવ્યત્વનું સ્વરૂપ. | ૨૦૨-૨૦૪ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૭૬-૨૭૮ | તથાભવ્યત્વની ચિત્રતાની યુક્તિ. | ૨૦૪-૨૧૦ |
| ૨૭૯ | વરબોધિમાં તથાભવ્યત્વની ચિત્રતાની કારણતા. | ૨૧૧-૨૧૩ |
| ૨૮૦-૨૮૩ | ગ્રંથિભેદથી થતા આનંદનું સ્વરૂપ. | ૨૧૩-૨૧૯ |
| ૨૮૪-૨૮૮ | સમ્યક્ત્વ થવાથી વરબોધિવાળા જીવોના ઊહનું સ્વરૂપ. | ૨૧૯-૨૨૬ |
| ૨૮૯ | ગ્રંથિભેદ થવાથી ગણધરના જીવોના ઊહનું સ્વરૂપ. | ૨૨૬-૨૨૭ |
| ૨૯૦ | ગ્રંથિભેદ થવાથી મુંડકેવલી જીવોના ઊહનું સ્વરૂપ. | ૨૨૭-૨૨૯ |
| ૨૯૧-૨૯૨ | ગ્રંથિભેદ થવા છતાં તીર્થંકર આદિ જીવોના ઊહના ભેદ પ્રત્યે તથાભવ્યત્વ કારણ. | ૨૨૯-૨૩૩ |
| ૨૯૩ | જીવોની ચિત્ર પ્રકારની તત્તત્સ્વભાવતાથી ચિત્રકાર્યની પ્રાપ્તિ. | ૨૩૩-૨૩૬ |
| ૨૯૪ | સદ્નુષ્ઠાનની પ્રાપ્તિ પ્રત્યે કારણની ઉચિત પરિણતિનું સ્વરૂપ. | ૨૩૬-૨૩૮ |
| ૨૯૫-૨૯૬ | ઈશ્વરના અનુગ્રહથી અથવા કર્મના પરિણામથી તીર્થંકર આદિના ભેદના સ્વીકારના મતનું નિરાકરણ. | ૨૩૮-૨૪૨ |
| ૨૯૭ | આર્થ્યવ્યાપારને આશ્રયીને તીર્થંકરના અનુગ્રહનો સ્વીકાર. | ૨૪૨-૨૪૪ |
| ૨૯૮ | આર્થ્ય વ્યાપારનું સ્વરૂપ. | ૨૪૪-૨૪૫ |
| ૨૯૯ | યોગમાર્ગની પ્રાપ્તિમાં કર્મના અનુગ્રહનું સ્વરૂપ. | ૨૪૬-૨૪૮ |
| ૩૦૦ | માધ્યસ્થપૂર્વક તત્ત્વની વિચારણાથી માર્ગની પ્રાપ્તિ. | ૨૪૮-૨૫૧ |
| ૩૦૧-૩૦૭ | મધ્યસ્થતાવિષયક કાલાતીતની પ્રરૂપણા. | ૨૫૧-૨૬૯ |
| ૩૦૮-૩૦૯ | કાલતીતથી કહેવાયેલ મધ્યસ્થતાનું સમર્થન. | ૨૬૯-૨૭૨ |
| ૩૧૦ | કાલાતીત મત અને સ્વમતમાં અભેદનું સ્થાપન. | ૨૭૨-૨૭૪ |
| ૩૧૧ | જીવોની તત્તત્સ્વભાવતાથી જ સંસારની સર્વ વિચિત્રાની પ્રાપ્તિ. | ૨૭૫-૨૭૬ |
| ૩૧૨ | તીર્થંકર આદિ ફલભેદ પ્રત્યે પ્રધાનની કારણતા, ઈશ્વરની કારણતાનું સ્વરૂપ. | ૨૭૬-૨૭૮ |
| ૩૧૩-૧૧૪ | નિયતિવાદ મતાનુસાર તીર્થંકર આદિ ભેદ પ્રત્યે નિયતિની પ્રધાનતા. | ૨૭૮-૨૮૩ |
| ૩૧૫-૩૧૭ | શાસ્ત્રથી અતીન્દ્રિય પદાર્થોનો છદ્મસ્થ દ્વારા અનિર્ણય. | ૨૮૩-૨૮૮ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

સૂરિપુરંદર, યાકિનીમહત્તરાસૂનુ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વિરચિત
આ. શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ટીકા સમન્વિત

# યોગબિંદુ ભાગ-૨

## શબ્દશઃ વિવેચન

**અવતરણિકા :-**

अथ मलमेवाधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

હવે મલને જ આશ્રયીને કહે છે –

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકની ટીકામાં સહજ અલ્પમલત્વનો અર્થ કરતાં મલનો અર્થ કર્યો કે 'વક્ષ્યમાણરૂપવાળો'. તેથી હવે તે મલનું વાસ્તવિક કેવું સ્વરૂપ છે ? તેને આશ્રયીને કહે છે –

**શ્લોક :-**

सहजं तु मलं विद्यात् कर्मसम्बन्धयोग्यताम् ।
आत्मनोऽनादिमत्त्वेऽपि नायमेनां विना यतः ।।१६४।।

**અન્વયાર્થ :-**

तु=વળી, आत्मनः=આત્માની, कर्मसम्बन्धयोग्यताम्=કર્મબંધની યોગ્યતાને, सहजं मलं=સહજ મલ, विद्यात्=જાણવો, यतः=જે કારણથી, अनादिमत्त्वेऽपि=અનાદિમાનપણું હોવા છતાં પણ=બંધનું અનાદિમાનપણું હોવા છતાં પણ, एनां विना=આના વગર=કર્મબંધની યોગ્યતા વગર, अयं=આ=બંધ, न=નથી. ।।૧૬૪।।

**શ્લોકાર્થ :-**

**વળી આત્માની કર્મબંધની યોગ્યતાને સહજ મલ જાણવો, જે કારણથી અનાદિમાનપણું હોવા છતાં પણ આના વગર આ નથી. ।।૧૬૪।।**

**ટીકા :-**

सहजं तु=सहजं पुनः, मलं विद्यात्=जानीयात्, कामित्याह – कर्मसम्बन्धयोग्यतां=ज्ञानावरणादिकर्मसंश्लेषनिमित्तभावम्, कस्येत्याह – आत्मनः=जीवस्य, कुत इत्याह – अनादिमत्त्वेऽपि बन्धस्य, न=नैव, अयं=बन्धः, एनां=योग्यतां जीवस्य, विना=अन्तरेण, यतः=यस्मात्कारणात्, किलानादिमान् भावो गगनादिर्न कञ्चन हेतुं स्वस्वभावलाभेऽपेक्षते, बन्धश्च प्रवाहापेक्षयैवानादिमान्, ततो न जीवयोग्यतामन्तरेणैष उपपद्यते, अन्यथाऽनेकदोषप्रसङ्गात् ।।१६४।।

**ટીકાર્થ :-**

सहजं तु ..... दोषप्रसङ्गात् ।। વળી સહજ મલ જાણવો.

કોને સહજ મલ જાણવો ? એથી કહે છે –

કર્મસંબંધની યોગ્યતાને=જ્ઞાનાવરણીયાદિ કર્મના સંશ્લેષના નિમિત્તભાવને સહજ મલ જાણવો એમ અન્વય છે.

કોનો સહજ મલ છે ? એથી કહે છે –

આત્માનો=જીવનો, સહજ મલ છે એમ અન્વય છે.

કેમ જીવનો સહજ મલ છે ? એથી કહે છે –

બંધનું અનાદિમાનપણું હોવા છતાં પણ જે કારણથી જીવની આના વગર=યોગ્યતા વગર, આ બંધ નથી જ. ખરેખર અનાદિમાન ગગનાદિ ભાવ સ્વસ્વભાવના લાભમાં કોઈ હેતુની અપેક્ષા રાખતો નથી અને બંધ પ્રવાહની અપેક્ષાએ જ અનાદિમાન છે, તેથી જીવની યોગ્યતા વગર આ=બંધ, ઉપપન્ન થતો નથી, અન્યથા=જીવની યોગ્યતા વગર બંધ સ્વીકારવામાં આવે તો, અનેક દોષનો પ્રસંગ છે. ।।૧૬૪।।

❖ 'अनादिमत्त्वेऽपि बन्धस्य'માં 'अपि'થી એ કહેવું છે કે બંધ આદિમાન હોય તો તો યોગ્યતારૂપ હેતુની અપેક્ષા રાખે, પરંતુ બંધનું અનાદિમાનપણું હોવા છતાં પણ જીવની યોગ્યતા વગર બંધ થતો નથી.

**ભાવાર્થ :-**

જીવમાં કર્મ સાથે સંબંધ થવાની યોગ્યતા છે તે સહજ મલ છે અર્થાત્ આત્મામાં રહેલો સહજ મલ જ્ઞાનાવરણીયાદિ કર્મના સંશ્લેષ પ્રત્યે નિમિત્તભાવવાળો છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવમાં મિથ્યાત્વ-

અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગરૂપ જે પરિણતિ છે તે પરિણતિ જ્ઞાનાવરણીયાદિ કર્મો સાથે આત્માનો સંશ્લેષ કરવામાં નિમિત્ત કારણ છે.

અહીં પ્રશ્ન થાય કે કર્મબંધની યોગ્યતાને સહજ મલરૂપે કેમ સ્વીકારી ? એથી કહે છે –

આત્મા સાથે બંધાયેલા કર્મનો સંબંધ અનાદિમાન હોવા છતાં પણ જીવમાં તેવા કર્મબંધને અનુકૂળ એવી યોગ્યતા ન હોય તો કર્મબંધ થાય નહિ, તેથી કર્મબંધની યોગ્યતા એ જીવનો મલિન ભાવ છે અને તે મલિનભાવને કારણે કર્મ બાંધીને જીવ સર્વ કદર્થના પામે છે.

અહીં પ્રશ્ન થાય કે આકાશ-આત્મા આદિ અનાદિમાન ભાવો છે તે ભાવોની નિષ્પત્તિ પ્રત્યે કોઈ હેતુ નથી તેમ જો બંધ પણ અનાદિમાન હોય તો તેનો કોઈ હેતુ હોઈ શકે નહિ, તેથી કહે છે –

બંધ આકાશ-આત્મા આદિની જેમ અનાદિમાન નથી, પરંતુ પ્રવાહની અપેક્ષાએ અનાદિમાન છે અર્થાત્ તે તે કર્મનો બંધ તે તે કાળમાં થાય છે, તોપણ બંધનો પ્રવાહ અનાદિકાળનો છે, તેથી તે તે બંધને અનુકૂળ એવી જીવની યોગ્યતાની અપેક્ષાએ તે તે બંધ નિષ્પન્ન થાય છે. જો પ્રવાહની અપેક્ષાએ બંધ અનાદિનો હોવા છતાં જીવની યોગ્યતા વગર બંધ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો અનેક દોષોની પ્રાપ્તિ છે અર્થાત્ મુક્ત આત્માઓમાં પણ બંધની યોગ્યતા નથી છતાં તેઓને પણ બંધ થવો જોઈએ, એ રીતે માટી આદિમાંથી ઘટાદિ જે કાર્યો થાય છે તે પણ યોગ્યતા વગર કર્મબંધની જેમ યોગ્યતા વગર થાય છે તેમ માનવું પડે એ પ્રકારના અનેક દોષો પ્રાપ્ત થાય, તેથી જીવમાં કર્મબંધની યોગ્યતારૂપ સહજ મલ અનાદિનો છે તેમ સ્વીકારવું જોઈએ. **||૧૬૪||**

**અવતરણિકા :-**

**एतदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=જીવની યોગ્યતા વગર અનાદિમાન પણ બંધ ઘટતો નથી એમ પૂર્વશ્લોકમાં કહ્યું એને જ, બતાવે છે –**

**શ્લોક :-**

**अनादिमानपि ह्येष बन्धत्वं नातिवर्तते ।**
**योग्यतामन्तरेणापि भावेऽस्यातिप्रसङ्गता ।१६५।।**

**અન્વયાર્થ :-**

**अनादिमानपि हि=અનાદિમાન પણ, एष=આ=બંધ, बन्धत्वं=બંધત્વને=કૃતકત્વને, नातिवर्तते=અતિવર્તન કરતો નથી, योग्यतामन्तरेणापि=યોગ્યતા વગર પણ=જીવમાં કર્મબંધની યોગ્યતા વગર પણ, अस्य भावे=આનો ભાવ હોતે છતે=બંધનો સદ્ભાવ હોતે છતે, अतिप्रसङ्गता=અતિપ્રસંગતા છે=સિદ્ધમાં કર્મબંધ માનવાની અતિપ્રસંગતા છે. ||૧૬૫||**

**શ્લોકાર્થ :-**

**અનાદિમાન પણ આ બંધત્વને અતિવર્તન કરતો નથી, યોગ્યતા વગર પણ આનો ભાવ હોતે છતે અતિપ્રસંગતા છે. ॥૧૬૫॥**

**ટીકા :-**

अनादिमानपि हि=आदिभूतबन्धकालविकलोऽपि, प्रवाहापेक्षया किं पुनर्व्यक्तिमपेक्ष्यादिमानित्य-पिहिशब्दार्थः एष=बन्धः, बन्धत्वं=जीवेन गृह्यमाणकार्मणवर्गणापुद्गलरूपतया कृतकत्वम्, नातिवर्तते= अतिक्रामति । ततो यो यो बन्धः स स बध्यमानयोग्यतामपेक्षते, यथा वस्त्रकम्बलादीनां मञ्जिष्ठा-लाक्षादिरागरूपः बन्धश्च जीवस्य कर्मणः संयोगः, तस्मादवश्यं तयोर्योग्यतामपेक्षत इति, अत्रैव विपक्षे बाधामाह – योग्यतां योगकषायपरिणतिरूपाम् अन्तरेणापि=विना 'किं पुनः प्राच्यप्राच्यतरादि-बन्धमित्यपिशब्दार्थः भावे=सत्तायाम्, अस्य=बन्धस्य, अभ्युपगम्यमाने, अतिप्रसङ्गता=अतिव्याप्तेः सत्त्वमिति ।।१६५।।

**ટીકાર્થ :-**

अनादिमानपि ..... सत्त्वमिति ।। અનાદિમાન પણ=પ્રવાહની અપેક્ષાએ આદિભૂત એવા બંધકાલથી વિકલ પણ, આ=બંધ, બંધત્વને=જીવ વડે ગૃહ્યમાણ એવી કાર્મણવર્ગણારૂપ પુદ્ગલરૂપપણું હોવાને કારણે કૃતકપણાને, અતિવર્તન કરતો નથી, તેથી જે જે બંધ છે તે તે બધ્યમાનની યોગ્યતાની અપેક્ષા રાખે છે, જે પ્રમાણે વસ્ત્ર-કંબલાદિનો મંજિષ્ઠલાક્ષાદિ રાગરૂપ બંધ અને બંધ જીવને કર્મનો સંયોગ છે, તે કારણથી અવશ્ય તે બેની યોગ્યતાની અપેક્ષા રાખે છે=કર્મની અને જીવની યોગ્યતાની અપેક્ષા રાખે છે.

'इति' શબ્દ શ્લોકના પૂર્વાર્ધનું જે ભાવન કર્યું તેની સમાપ્તિ માટે છે.

અહીં જ=બંધ યોગ્યતાની અપેક્ષા રાખે છે એ કથનમાં જ, વિપક્ષમાં બાધાને કહે છે=વિપક્ષ સ્વીકારવામાં દોષને કહે છે –

યોગ-કષાયની પરિણતિરૂપ યોગ્યતા વગર પણ આનો ભાવ સ્વીકાર કરાયે છતે=બંધની સત્તા સ્વીકાર કરાયે છતે, અતિપ્રસંગતા છે=અતિવ્યાપ્તિદોષનું સત્ત્વ છે.

'अनादिमानपि हि'માં રહેલા 'अपि' શબ્દથી શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

શું વળી વ્યક્તિની અપેક્ષા રાખીને આદિમાન ? એ પ્રમાણે 'अपि हि' શબ્દનો અર્થ છે.

'योग्यतामन्तरेणापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

પ્રાચ્ય-પ્રાચ્યતર આદિ બંધ વગર તો બંધની સત્તામાં અતિપ્રસંગતા છે, પરંતુ યોગ-કષાયની પરિણતિરૂપ યોગ્યતા વગર પણ બંધ સ્વીકારવામાં અતિપ્રસંગતા છે, એ 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૬૫॥

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જીવ અનાદિમાન હોવા છતાં પણ સહજ મલ વગર જીવને કર્મબંધ નથી, તેથી હવે કહે છે કે જેમ જીવ અનાદિમાન છે તેમ પ્રવાહની અપેક્ષાએ કર્મબંધ પણ અનાદિમાન છે, છતાં તે કૃતક છે=કોઈકના પ્રયત્નથી કરાયેલો છે; કેમ કે બંધ જીવ દ્વારા કાર્મણ વર્ગણાના પુદ્ગલના ગ્રહણ સ્વરૂપ છે, તેથી બંધ જીવથી કરાયો છે, આમ છતાં તે તે બંધ જીવના પ્રયત્નથી કરાય છે, તોપણ બંધ પ્રવાહથી અનાદિમાન છે અને જીવના પ્રયત્નોથી કર્મ બંધાય છે. તેથી નક્કી થાય છે કે જીવ અને કર્મ એ બેમાં તેવા પ્રકારની યોગ્યતા છે જેથી તે બેનો સંયોગ થાય છે. જેમ વસ્ત્રમાં મંજિષ્ઠ-લાક્ષાદિનો રંગ લાગે તેવી યોગ્યતા છે અને મંજિષ્ઠ-લાક્ષાદિમાં વસ્ત્ર સાથે લાગવાની યોગ્યતા છે, તેથી તે બેનો સંયોગ થાય છે. આકાશમાં મંજિષ્ઠનો રંગ લાગવાનો સ્વભાવ નથી અને મંજિષ્ઠમાં પણ આકાશ સાથે એકમેક થવાનો સ્વભાવ નથી, તેથી મંજિષ્ઠનો રંગ આકાશને લાગતો નથી. તે રીતે જીવ અને કર્મમાં એકમેક થવાની યોગ્યતા છે, તેથી જીવ અને કર્મ એકમેક થાય છે અને આકાશ અને કર્મમાં એકમેક થવાની યોગ્યતા નથી, તેથી આકાશને કર્મનો બંધ થતો નથી. જીવમાં જે કર્મબંધની યોગ્યતા છે તે યોગ અને કષાયની પરિણતિરૂપ છે, જે ભાવમલ છે. જીવમાં ભાવમલ ન હોય છતાં કર્મબંધ થાય છે તેમ સ્વીકારીએ તો ભાવમલ વગરના સિદ્ધના જીવોને પણ કર્મબંધ માનવાનો અતિપ્રસંગ આવે અને કર્મબંધની યોગ્યતા વગરના આકાશાદિને પણ કર્મબંધ માનવાનો અતિપ્રસંગ આવે.

અહીં વિશેષ એ છે કે જીવમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધની યોગ્યતારૂપ છે અને મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદનો કષાયમાં સંગ્રહ કરીને યોગ-કષાયની પરિણતિરૂપ યોગ્યતાને અહીં ગ્રહણ કરેલ છે. **॥૧૬૫॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વશ્લોકમાં કહ્યું કે યોગ્યતા વગર પણ બંધના સદ્ભાવમાં અતિપ્રસંગ છે એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**एवं चानादिमान्मुक्तो योग्यताविकलोऽपि हि ।**
**बध्येत कर्मणा न्यायात् तदन्याऽमुक्तवृन्दवत् ।।१६६।।**

**અન્વયાર્થ :-**

**एवं च=અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે યોગ્યતા વગર બંધ સ્વીકારવામાં અતિપ્રસંગ છે એ રીતે, योग्यताविकलोऽपि हि अनादिमान्मुक्तः=યોગ્યતાવિકલ પણ અનાદિમાન મુક્ત=યોગ્યતા રહિત**

પણ બીજા દ્વારા પરિકલ્પના કરાયેલ સદાશિવરૂપ અનાદિમાન મુક્ત, न्यायात्=ન્યાયથી=યોગ્યતાના વૈકલ્યના અવિશેષરૂપ યુક્તિથી, कर्मणा=કર્મની સાથે, बध्येत=બંધાય. तदन्याऽमुक्तवृन्दवत्=તેનાથી અન્ય એવા અમુક્ત વૃંદની જેમ=સદાશિવથી અન્ય એવા અમુક્તવૃંદની જેમ. ॥૧૬૬॥

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે યોગ્યતાવિકલ પણ અનાદિમાન મુક્ત ન્યાયથી કર્મની સાથે બંધાય. તેનાથી અન્ય એવા અમુક્તવૃંદની જેમ. ॥૧૬૬॥**

**ટીકા :-**

**एवं च=अतिप्रसंगे च सति, अनादिमान्मुक्तः सदाशिवरूपः परपरिकल्पितः किमित्याह – योग्यताविकलोऽपि हि प्रस्तुतयोग्यतारहितः किं पुनरतद्युक्त इत्यपिहिशब्दार्थः, बध्येत=पारवश्यमानीयेत, कर्मणा अदृष्टसंज्ञेन, न्यायात् योग्यतावैकल्याविशेषलक्षणात्, दृष्टान्तमाह – तदन्यामुक्तवृन्दवत्=तस्मादनादिमतो मुक्ताद्यदन्यदमुक्तवृन्दं संसारिजीवलक्षणं तद्वत् ।।१६६।।**

**ટીકાર્થ :-**

**एवं च ..... तद्वत् ।। અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ પ્રમાણે અતિપ્રસંગ હોતે છતે, પરપરિકલ્પિત સદાશિવરૂપ અનાદિમુક્ત યોગ્યતાવિકલ પણ=કર્મબંધની યોગ્યતા રહિત પણ, અદષ્ટ સંજ્ઞાવાળા કર્મથી બંધાય=કર્મને પરવશ બને; કેમ કે યોગ્યતાના વૈકલ્યના અવિશેષરૂપ યુક્તિ છે=સંસારી જીવોમાં પણ યોગ્યતા નથી અને સદાશિવમાં પણ યોગ્યતા નથી છતાં સંસારી જીવો બંધાય છે સદાશિવ પણ બંધાવા જોઈએ એ રીતની યુક્તિ છે.**

**દૃષ્ટાંતને કહે છે –**

**તેનાથી અન્ય અમુક્તવૃંદની જેમ=તે અનાદિમાન સદાશિવરૂપ મુક્તથી જે અન્ય અમુક્તવૃંદ સંસારી જીવ છે તેની જેમ, સદાશિવ પણ બંધાવા જોઈએ.**

'योग्यताविकलोऽपिहि'માં 'अपि हि'થી કહે છે –

**શું વળી તેનાથી યુક્ત=યોગ્યતાથી યુક્ત, એ 'अपि हि' શબ્દનો અર્થ છે. ॥૧૬૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે કર્મબંધની યોગ્યતા વગર જો કર્મબંધ થતો હોય તો અતિપ્રસંગ આવે અને તે અતિપ્રસંગ સ્પષ્ટ કરતાં કહે છે –

અન્યદર્શનવાળા સદાશિવને અનાદિમુક્ત માને છે અને તે સદાશિવ કર્મબંધની યોગ્યતા વગરના છે, તેથી કર્મ બાંધતા નથી. હવે જો સંસારી જીવો પણ યોગ્યતા વગરના હોવા છતાં કર્મ બાંધતા હોય તો કર્મબંધની યોગ્યતાનો અભાવ સદાશિવમાં અને સંસારી જીવોમાં સમાન છે તેમ માનવું પડે. કર્મબંધની

યોગ્યતા વગરના સંસારી જીવો સાથે સમાન રીતે કર્મબંધની યોગ્યતા વગરના સદાશિવને પણ સંસારી જીવોની જેમ કર્મબંધની આપત્તિ આવે, માટે તે આપત્તિના નિવારણ અર્થે સ્વીકારવું જોઈએ કે સંસારી જીવોમાં કર્મબંધની યોગ્યતા છે માટે કર્મબંધ કરે છે. **॥૧૬૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કર્મબંધની યોગ્યતા વગર જો સંસારી જીવોને કર્મબંધ થતો હોય તો અનાદિમુક્ત એવા સદાશિવને પણ કર્મબંધ થવો જોઈએ, ત્યાં પૂર્વપક્ષી કહે કે સંસારી જીવોમાં કર્મબંધની યોગ્યતા નહિ હોવા છતાં પૂર્વ-પૂર્વના બંધથી ઉત્તર-ઉત્તરનો બંધ થાય છે અને સદાશિવમાં પૂર્વમાં બંધ નહિ હોવાથી ઉત્તરમાં બંધ થતો નથી, તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तदन्यकर्मविरहाद्, न चेत्तद्बन्ध इष्यते ।**
**तुल्ये तद्योग्यताभावे ननु किं तेन चिन्त्यताम् ।।१६७।।**

**અન્વયાર્થ :-**

**तदन्यकर्मविरहाद्=તેનાથી અન્ય કર્મનો વિરહ હોવાથી=વર્તમાનમાં બાંધવા માટે ઈષ્ટ એવા કર્મથી અન્ય પૂર્વકાલના બંધાયેલા કર્મનો વિરહ હોવાથી, न चेत्तद्बन्धः=જો તેને બંધ નથી=અનાદિમુક્ત એવા સદાશિવને બંધ નથી, इष्यते=એમ ઈચ્છાય છે તો, तुल्ये तद्योग्यताऽभावे=તુલ્ય પણ તદ્યોગ્યતાના અભાવમાં=સર્વજીવોમાં સમાન રીતે કર્મબંધની યોગ્યતાના અભાવમાં, किं तेन=તેના વડે શું ?=પૂર્વના કર્મબંધના વિરહથી ઉત્તરપણારૂપે પરિકલ્પિત એવા તેના વડે શું ?, चिन्त्यताम्=એ પરિભાવન કરો. 'ननु'='ननु' પરપક્ષની અક્ષમામાં છે. ॥૧૬૭॥**

**શ્લોકાર્થ :-**

**તેનાથી અન્ય કર્મનો વિરહ હોવાથી જો તેને બંધ નથી એમ ઈચ્છાય છે તો તુલ્ય પણ તદ્યોગ્યતાના અભાવમાં તેના વડે શું ? એ પરિભાવન કરો. ॥૧૬૭॥**

**ટીકા :-**

**अत्र परः-तदन्यकर्मविरहात्=तस्मात्संप्रतिबद्धुमिष्टाद्यदन्यत्प्राक्कालबद्धं कर्म तद्विरहात्, नचेद्यदि तद्बन्धः=तस्याऽनादिमतो मुक्तस्य बन्ध, इष्यते=अभिमन्यते, आचार्यः, तुल्ये=समाने, सर्वजन्तुषु तद्योग्यताऽभावे=कर्मबन्धयोग्यताया विरहे, 'ननु' इति परपक्षाक्षमायाम्, किं प्रयोजनं तेन=प्राच्यकर्मबन्ध-विरहेणोत्तरतया परिकल्पितेन, चिन्त्यतां=परिभाव्यतामेतत्, अयमभिप्रायः– यदि योग्यतामन्तरेणापि शेषसंसारिणां कर्मबन्धोऽभ्युपगम्यते तदाऽनादिमुक्तेऽपि सोऽस्तु, उभयत्रापि योग्यताविरहा-ऽविशेषात् ।।१६७।।**

**ટીકાર્થ :-**

**अत्र परः ..... योग्यताविरहाऽविशेषात् ।। અહીં=અનાદિમુક્તને બંધના અતિપ્રસંગમાં, પર કહે છે –**

**તદન્યકર્મનો વિરહ હોવાથી=વર્તમાનમાં બાંધવા માટે ઈષ્ટ એવા જે કર્મ તેનાથી અન્ય પૂર્વકાલમાં બંધાયેલા કર્મ તેનો સદાશિવમાં વિરહ હોવાથી, તેને બંધ=તે અનાદિમાન મુક્તને બંધ જો ઈચ્છાતો નથી એ પ્રમાણે આચાર્ય માને છે તો ગ્રંથકારશ્રી કહે છે –**

**સર્વ જીવોમાં તદ્યોગ્યતાનો અભાવ=કર્મબંધની યોગ્યતાનો વિરહ, સમાન હોતે છતે તેના વડે શું પ્રયોજન છે ?=પ્રાચ્ય કર્મબંધના વિરહથી ઉત્તરપણારૂપે પરિકલ્પિત એવા તેના વડે શું પ્રયોજન છે ? એ પરિભાવન કરવું જોઈએ.**

**શ્લોકમાં રહેલો 'ननु' શબ્દ પરપક્ષની અક્ષમામાં છે.**

**આ અભિપ્રાય છે=શ્લોકનો આ અભિપ્રાય છે – જો યોગ્યતા વગર પણ શેષ સંસારી જીવોને કર્મબંધ સ્વીકારાય છે અર્થાત્ પૂર્વપક્ષી દ્વારા સ્વીકારાય છે તો અનાદિમુક્તમાં પણ તે હો=કર્મબંધ પ્રાપ્ત થાવ; કેમ કે ઉભયત્ર પણ=અનાદિમુક્ત અને સંસારી જીવ બન્નેમાં પણ, યોગ્યતાનો વિરહ અવિશેષ છે. ।।૧૬૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સંસારી જીવોમાં કર્મબંધની યોગ્યતા ન હોય તો કર્મબંધ થઈ શકે નહિ અને યોગ્યતા વગર પણ સંસારી જીવોને કર્મબંધ થાય છે તેમ માનીએ તો અનાદિમુક્તને પણ કર્મબંધ સ્વીકારવાની આપત્તિ આવે, તે આપત્તિના નિવારણ અર્થે પૂર્વપક્ષી કહે છે કે સદાશિવને પૂર્વમાં બંધાયેલું કર્મ નથી, તેથી વર્તમાનમાં નવો કર્મબંધ થતો નથી અને સંસારી જીવોને પૂર્વમાં બંધાયેલું કર્મ છે; તેથી નવું કર્મ બંધાય છે તેમ સ્વીકારીએ તો પૂર્વના કર્મબંધથી અતિરિક્ત કર્મબંધની યોગ્યતા માનવાની જરૂરત રહે નહિ અને સદાશિવને કર્મબંધ થવાની આપત્તિ પણ આવે નહિ, તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો જીવમાં કર્મબંધની યોગ્યતા ન હોય તો પૂર્વના કર્મબંધનો વિરહ સદાશિવમાં છે તેમ કહેવાનું કોઈ પ્રયોજન નથી; કેમ કે સદાશિવમાં કર્મબંધની યોગ્યતા નથી, માટે તેને પૂર્વમાં કર્મબંધ નથી અને વર્તમાનમાં પણ કર્મબંધ નથી, સંસારી જીવમાં પણ જો કર્મબંધની યોગ્યતા ન હોય તો પૂર્વમાં બંધાયેલું કર્મ પણ હોઈ શકે નહિ અને નવું પણ બંધાઈ શકે નહિ.

તેથી એ ફલિત થાય છે કે સંસારી જીવોમાં પૂર્વમાં બંધાયેલું કર્મ છે તેનું કારણ તે બંધની યોગ્યતારૂપ ભાવમલ સંસારી જીવોમાં હતો, તેથી પૂર્વમાં કર્મ બંધાયેલું અને વર્તમાનમાં પણ કર્મબંધની યોગ્યતા છે માટે બંધાય છે અને જ્યારે સંસારી જીવો યોગની સાધના કરીને કર્મબંધની યોગ્યતાનો નાશ કરે છે ત્યારે પૂર્વમાં બંધાયેલું કર્મ હોવા છતાં નવું કર્મ બંધાતું નથી. આથી જ યોગનિરોધ અવસ્થામાં ચૌદમા ગુણસ્થાનકવર્તી

યોગીઓને પૂર્વનાં બંધાયેલાં કર્મો વિદ્યમાન હોવા છતાં ભાવમલનો સર્વથા અભાવ હોવાથી નવા કર્મનો બંધ થતો નથી, માટે ભાવમલરૂપ યોગ્યતાથી જ કર્મ બંધાય છે તેમ માનવું ઉચિત છે. **॥૧૬૭॥**

**અવતરણિકા :-**

अथोपसंहरन्नाह –

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહાર કરતાં કહે છે=શ્લોક-૧૬૪માં સહજમલરૂપ કર્મબંધની યોગ્યતાને બતાવેલ અને તેનું અત્યાર સુધી સમર્થન કર્યું, તે સર્વનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**तस्मादवश्यमेष्टव्या स्वाभाविक्येव योग्यता ।**
**तस्यानादिमती सा च मलनान्मल उच्यते ।।१६८।।**

**અન્વયાર્થ :-**

तस्माद्=તે કારણથી=અનાદિમુક્તને કર્મબંધનો પ્રસંગ છે તે કારણથી, तस्य=તેની=આત્માની, स्वाभाविक्येव=સ્વાભાવિકી જ, योग्यता=યોગ્યતા=કર્મબંધની યોગ્યતા, अवश्यमेष्टव्या=અવશ્ય સ્વીકારવી જોઈએ, अनादिमती सा=અનાદિમાન એવી તે=અનાદિમતી યોગ્યતા, च=વળી, मलनात्=મલન કરનાર હોવાથી, मल उच्यते=મલ કહેવાય છે. ।।૧૬૮।।

**શ્લોકાર્થ :-**

**તે કારણથી તેની સ્વાભાવિકી જ યોગ્યતા અવશ્ય સ્વીકારવી જોઈએ, અનાદિમાન એવી તે વળી મલન કરનાર હોવાથી મલ કહેવાય છે. ।।૧૬૮।।**

**ટીકા :-**

**तस्माद्=अनादिमुक्तकर्मबन्धप्रसंगाद्धेतोः, अवश्यं=नियमेन, एष्टव्या स्वाभाविक्येव=स्वभावभूतैव, योग्यता कर्मबन्धं प्रति तस्य=आत्मनः, अनादिमती=अनादिकालप्रवृत्ता, सा च=योग्यता पुनः, मलनात्=जीवस्वभावविष्कम्भणात्, मल उच्यत इति ।।१६८।।**

**ટીકાર્થ :-**

तस्मादनादि ..... मल उच्यत इति ।। તે કારણથી=અનાદિમુક્તને કર્મબંધના પ્રસંગરૂપ હેતુથી, તેની=આત્માની, કર્મબંધ પ્રત્યે સ્વાભાવિકી જ=સ્વભાવભૂત જ, યોગ્યતા અવશ્ય=નિયમથી, માનવી જોઈએ, વળી અનાદિમાન એવી તે=અનાદિકાલથી પ્રવૃત્ત એવી યોગ્યતા, મલન કરનાર હોવાથી=જીવના

**સ્વભાવનું વિષ્કંભણ કરનાર હોવાથી=જીવના મૂળભૂત સ્વભાવનું, તિરોધાન કરનાર હોવાથી, મલ કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૬૮।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬૬માં કહ્યું કે કર્મબંધની યોગ્યતા વગર પણ જો કર્મ બંધાતું હોય તો કર્મબંધની યોગ્યતા વગરના અનાદિમુક્તને પણ કર્મબંધ થવો જોઈએ અને અનાદિમુક્તને કર્મબંધ માનવાનો પ્રસંગ હોવાને કારણે તે દોષના નિવારણ અર્થે કર્મવાળા એવા સંસારી જીવોમાં સ્વભાવભૂત જ એવી કર્મબંધની યોગ્યતા માનવી જોઈએ, જેથી કર્મબંધની યોગ્યતા વગરના અનાદિમુક્તને કર્મબંધ માનવાનો પ્રસંગ આવે નહિ.

વળી સંસારી જીવોમાં અનાદિકાળથી વર્તતી કર્મબંધની યોગ્યતા જીવના મૂળભૂત સ્વભાવનું મલન કરે છે અર્થાત્ જીવના મૂળભૂત સ્વભાવને મૂળભૂત સ્વભાવરૂપે સંવેદન થવા દેતી નથી, પરંતુ વિકૃત રીતે વેદન કરાવે છે, તેથી કર્મબંધની યોગ્યતાને મલ કહેવાય છે, જેમ નિર્મળ દર્પણ ઉપર લાગેલો મળ દર્પણના મૂળ સ્વરૂપને વિકૃતરૂપે દેખાડે છે તેમ મિથ્યાત્વ આદિ પરિણામોરૂપ કર્મબંધની યોગ્યતા જીવના મૂળભૂત નિર્મળ સ્વરૂપને વિકૃતરૂપે દેખાડે છે માટે મલ છે. **।।૧૬૮।।**

**અવતરણિકા :-**

**एनामेव तन्त्रान्तरमताविष्करणेन समर्थयमान आह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=કર્મબંધની યોગ્યતાને જ, તન્ત્રાન્તર મતના આવિષ્કરણ દ્વારા=અન્યદર્શનના મતને બતાવવા દ્વારા, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**दिदृक्षाभवबीजादिशब्दवाच्या तथा तथा ।**
**इष्टा चान्यैरपि ह्येषा मुक्तिमार्गावलम्बिभिः ।।१६९।।**

**અન્વયાર્થ :-**

**मुक्तिमार्गावलम्बिभिः अन्यैरपि हि=મુક્તિમાર્ગનું અવલંબન કરનારા એવા અન્યો વડે પણ, एषा=આ=કર્મબંધની યોગ્યતા, तथा तथा=તે તે પ્રકારે, दिदृक्षाभवबीजादिशब्दवाच्या=દિદક્ષા-ભવબીજ આદિ શબ્દોથી વાચ્ય, इष्टा च=ઈષ્ટ જ છે. ।।૧૬૯।।**

**શ્લોકાર્થ :-**

**મુક્તિમાર્ગનું અવલંબન કરનારા એવા અન્યો વડે પણ આ તે તે પ્રકારે દિદક્ષા-ભવબીજ આદિ શબ્દોથી વાચ્ય ઈષ્ટ જ છે. ।।૧૬૯।।**

**ટીકા :-**

**पुरुषस्य प्रकृतिविकारान्द्रष्टुमिच्छा 'दिदृक्षा' सांख्यानां, 'भवबीजं' शैवानां, भ्रान्तिरूपाऽविद्या वेदान्तिकानां, अनादिक्लेशरूपा 'वासना' सौगतानां, ततो दिदृक्षाभवबीजादिभिः शब्दैरुच्यते या सा तथा तथा=तेन तेन दर्शनभेदप्रकारेण, इष्टा च=अभिमतैव, अन्यैरप्यस्मद्विलक्षणैः किं पुनरस्माभिरित्यपिहिशब्दार्थः, एषा=कर्मबन्धयोग्यता, मुक्तिमार्गावलम्बिभिः=निर्वृतिपुरपथप्रस्थितैरिति ।।१६९।।**

**ટીકાર્થ :-**

**पुरुषस्य ..... पथप्रस्थितैरिति ।। સાંખ્યોના મતે પુરુષને પ્રકૃતિના વિકારને જોવાની ઇચ્છા દિદક્ષા છે, શૈવદર્શનવાદીના મતે ભવબીજ છે, વેદાંતિક દર્શનના મતે ભ્રાંતિરૂપ અવિદ્યા છે, સૌગતના મતે અનાદિ ક્લેશરૂપ વાસના છે. ततः=ત્યારપછી=દિદક્ષા આદિ કોના કોના મતે છે તે સ્પષ્ટ કર્યા પછી, શ્લોકનો અર્થ કરે છે – દિદક્ષા-ભવબીજ આદિ શબ્દો વડે તે તે પ્રકારે=તે તે દર્શનના ભેદના પ્રકારથી, જે કહેવાય છે તે આ=કર્મબંધની યોગ્યતા, મુક્તિમાર્ગનું અવલંબન કરનારા અન્યો વડે પણ=મોક્ષનગર તરફ પ્રસ્થિત એવા અમારાથી અન્યો વડે પણ, ઇષ્ટ જ છે=અભિમત છે.**

'अन्यैरपि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ કરે છે –

**અમારાથી વિલક્ષણ એવા અન્યો વડે પણ શું ? વળી અમારા વડે, એ 'अपि हि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૯।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ યુક્તિથી સિદ્ધ કર્યું કે કર્મ સંબંધની યોગ્યતારૂપ સહજ મલ જીવમાં અનાદિનો છે.

તે કથનની પુષ્ટિ અન્ય દર્શનોનાં વચનથી કરતાં કહે છે –

અન્યદર્શનમાં પણ જેઓ મોક્ષમાર્ગનું અવલંબન કરનારા છે તેઓ સંસારી જીવોમાં કર્મસંબંધની યોગ્યતા છે તેનો સ્વીકાર અન્ય અન્ય શબ્દોથી કરે છે અને તેના દ્વારા સંસારી જીવોના સંસારના પરિભ્રમણની વ્યવસ્થાની સંગતિ કરે છે.

કર્મબંધની યોગ્યતાને અન્ય દર્શનવાળા કયા કયા શબ્દોથી સ્વીકારે છે ? તે બતાવતાં કહે છે –

સાંખ્ય દર્શનવાળા કર્મબંધની યોગ્યતાને દિદક્ષા કહે છે.

દિદક્ષાનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે –

પ્રકૃતિના વિકારોને જોવાની પુરુષની ઇચ્છા દિદક્ષા છે.

તેથી એ ફલિત થયું કે સંસારી જીવોને કર્મપ્રકૃતિના ઉદયથી જે વિકારો થાય છે અને તેના ફળરૂપે ભોગાદિ સામગ્રી જે તેને સંસારમાં દેખાય છે તે ભોગાદિ સામગ્રીથી આસ્વાદ લેવાની જે ઇચ્છા તે દિદક્ષા છે અને આ પ્રકારની જીવમાં વર્તતી યોગ્યતા જ્યારે ઉત્કૃષ્ટ હોય છે ત્યારે મિથ્યાત્વભાવ વર્તે છે, અને કંઈક

વિવેક ખૂલે છે ત્યારે મિથ્યાત્વરૂપ ભાવમલ દૂર થાય છે, તોપણ અવિરતિનો પરિણામ રહે છે તે સ્વરૂપ આ દિદક્ષા છે, તેથી સાંખ્યદર્શનકાર નામભેદથી કર્મબંધની યોગ્યતાનો સ્વીકાર કરે છે.

વળી શૈવદર્શનવાળા કર્મબંધની યોગ્યતાને ભવનું બીજ કહે છે. જૈનદર્શનકારો ભવના બીજરૂપ મિથ્યાત્વ અવિરતિ આદિ પાંચ ભાવમલો સ્વીકારે છે તેને જ શૈવદર્શનકાર ભવબીજ શબ્દથી સ્વીકારે છે.

જૈનદર્શન જેને ભાવમલ કહે છે તે કર્મબંધની યોગ્યતાને વેદાંતવાદીઓ ભ્રાંતિરૂપ અવિદ્યા કહે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માને પોતાના વાસ્તવિક રૂપમાં ભ્રાંતિ છે, તેથી સુખના અર્થી જીવો ભ્રમથી દુઃખના ઉપાયોને સેવીને અનર્થોને પ્રાપ્ત કરે છે તે ભ્રાંતિ જીવને સંગનો પરિણામ કરાવીને કર્મબંધની પ્રાપ્તિ કરાવે છે તે ભ્રાંતિ ભાવમલ છે.

વળી સૌગતો અનાદિ ક્લેશરૂપ વાસના સ્વીકારે છે અર્થાત્ અનાદિથી જીવમાં રાગાદિ ક્લેશો વર્તે છે તે ક્લેશોની જે વાસના છે તે સંસારનું કારણ છે જેને જૈનદર્શનકાર કષાય સ્વરૂપ સ્વીકારે છે.

આ રીતે મોક્ષમાર્ગને સ્વીકારનારા સર્વ દર્શનકારો કર્મબંધની યોગ્યતાને ભિન્ન ભિન્ન શબ્દોથી સ્વીકારે છે. **॥૧૬૯॥**

**અવતરણિકા :-**

**एवं सति यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આમ હોતે છતે જે સિદ્ધ થયું તેને કહે છે –**

**ભાવાર્થ :-**

આત્મામાં અનાદિથી કર્મબંધની યોગ્યતા છે, તેથી સંસારી જીવો કર્મ બાંધે છે એમ પૂર્વમાં સિદ્ધ કર્યું, એમ હોતે છતે જે સિદ્ધ થાય તેને પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

**एवं चापगमोऽप्यस्याः प्रत्यावर्तं सुनीतितः ।**
**स्थित एव तदल्पत्वे भावशुद्धिरपि ध्रुवा ।।१७०।।**

**અન્વયાર્થ :-**

**एवं च=અને આ રીતે=કર્મબંધની યોગ્યતા જીવમાં અનાદિની છે એ રીતે, सुनीतितः=સુનીતિથી, अस्याः अपगमोऽपि=આનો અપગમ પણ=કર્મબંધની યોગ્યતાનો અપગમ પણ, प्रत्यावर्तं=પ્રતિ આવર્ત, स्थित एव=રહેલો જ છે, तदल्पत्वे=તેના અલ્પપણામાં=મલના અલ્પપણામાં, भावशुद्धिरपि ध्रुवा=ભાવશુદ્ધિ પણ ધ્રુવ છે. ।।૧૭૦।।**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે સુનીતિથી આનો અપગમ પણ પ્રતિઆવર્ત રહેલો જ છે, તેના અલ્પપણામાં ભાવશુદ્ધિ પણ ધ્રુવ છે. ॥૧૭૦॥**

**ટીકા :-**

**एवं च=अस्यां च कर्मबन्धयोग्यतायां सत्याम्, अपगमोऽपि व्यावृत्तिरूपोऽनपगमस्तावदस्त्येवेत्यपि-शब्दार्थः अस्याः=योग्यतायाः, प्रत्यावर्तं=प्रतिपुद्गलपरावर्तं, नैकस्मिन्नेव चरमावर्त इत्यर्थः, सुनीतितो=दोषाणां क्रमह्रासलक्षणात्सन्न्यायात्, स्थित एव=प्रतिष्ठित एव, ततस्तदल्पत्वे=मलाल्पत्वे, भावशुद्धिरपि=परिणतिनिर्मलता, किं पुनः प्रत्यावर्तं मलापगम इत्यपिशब्दार्थः ध्रुवा=निश्चिता स्थिता, अन्यथा मलापगमस्यैवाभावादिति ।।१७०।।**

**ટીકાર્થ :-**

**एवं चास्यां ..... मलापगमस्यैवाभावादिति ।। અને આ રીતે જીવમાં આ કર્મબંધની યોગ્યતા હોતે છતે વ્યાવૃત્તિરૂપ અપગમ પણ આનો=યોગ્યતાનો, પ્રતિઆવર્ત સુનીતિથી=દોષોના ક્રમહ્રાસલક્ષણ સદ્ન્યાયથી, રહેલો જ છે=પ્રતિષ્ઠિત જ છે, તેથી=કર્મબંધની યોગ્યતાનો પ્રતિઆવર્ત અપગમ છે તેથી, તેના અલ્પપણામાં=મલના અલ્પપણામાં, ભાવશુદ્ધિ પણ=પરિણતિની નિર્મળતા પણ, ધ્રુવ છે=નિશ્ચિત રહેલી છે; કેમ કે અન્યથા=ભાવશુદ્ધિ ન હોય તો, મલ અપગમનો જ અભાવ છે.**

'अपगमोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

**કર્મબંધની યોગ્યતાનો અનપગમ તો છે જ, પરંતુ અપગમ પણ છે એ 'अपि' શબ્દનો અર્થ છે.**

'भावशुद्धिरपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

**શું વળી પ્રતિઆવર્ત મલ અપગમ ? ભાવશુદ્ધિ પણ ધ્રુવ છે એ 'अपि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૭૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે સંસારી જીવોમાં કર્મબંધની યોગ્યતા છે એ કથનથી એ સિદ્ધ થયું કે જે સંસારી જીવો મોક્ષમાં જવાના છે તે સંસારી જીવોની કર્મબંધની યોગ્યતાનો પ્રતિઆવર્ત અપગમ પણ થાય છે, કેમ પ્રતિઆવર્ત કર્મબંધની યોગ્યતાનો અપગમ થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે દોષોનો ક્રમહ્રાસલક્ષણ ન્યાય છે.

તેથી એ ફલિત થાય કે જે જીવો મોક્ષમાં જવાના છે તેઓના દોષોનો કંઈક નાશ પ્રતિ પુદ્ગલપરાવર્તમાં થાય છે, તેથી કોઈક કાળે તેઓનો ચરમ પુદ્ગલપરાવર્ત પ્રાપ્ત થાય છે એ પ્રકારે અનુભવ અનુરૂપ શાસ્ત્રની યુક્તિથી નક્કી થાય છે.

વળી જે જીવો મોક્ષમાં જનારા છે તેઓના મલના અલ્પપણામાં ભાવશુદ્ધિ પણ નિશ્ચિત છે; કેમ કે જો તેઓમાં પ્રતિઆવર્ત કંઈક ભાવશુદ્ધિ થતી ન હોય તો પ્રતિઆવર્ત મલ અપગમ પણ થાય નહિ.

આનાથી એ ફલિત થાય કે જે ભવ્ય જીવો મોક્ષમાં જનારા છે તેઓના ચરમાવર્તની પ્રાપ્તિના પૂર્વ-પૂર્વના પુદ્ગલપરાવર્તમાં ભાવમલ અધિક અધિક છે, તેથી પૂર્વ-પૂર્વના પુદ્ગલાવર્તોમાં અતત્ત્વના અભિનિવેશરૂપ અત્યંત આગ્રહ અધિક અધિક છે અને તે ઉત્તર-ઉત્તરના પુદ્ગલાવર્તમાં કંઈક અલ્પ-અલ્પતર થાય છે, તેથી ઉત્તર-ઉત્તરના પુદ્ગલાવર્તમાં અતત્ત્વનો અભિનિવેશ હોવા છતાં પૂર્વ-પૂર્વના પુદ્ગલાવર્ત જેવો અતિશયિત નથી, તેથી ઉત્તર-ઉત્તરના પુદ્ગલાવર્તમાં થોડી થોડી ભાવશુદ્ધિ વધે છે અને ચરમાવર્તમાં અતત્ત્વનો અભિનિવેશ ઘણો અલ્પ થયેલો છે, તેથી ચરમાવર્તમાં મિથ્યાત્વને કારણે અતત્ત્વનો અભિનિવેશ વર્તતો હોવા છતાં ઉપદેશાદિની સામગ્રીથી નિવર્તન પામે છે અને તત્ત્વનો અભિનિવેશ પ્રાપ્ત થાય છે. આ સર્વ મલનો અપગમ ભાવશુદ્ધિની પ્રાપ્તિથી થયેલો છે, તેથી જેમ જેમ ભાવશુદ્ધિ અધિક તેમ તેમ મલનો અપગમ અધિક અધિક થાય છે. યોગમાર્ગને સેવીને મહાત્મા જ્યારે યોગનિરોધ કરવાનો પ્રારંભ કરે છે ત્યારે યોગનિરોધના પ્રારંભના કાળમાં વર્તતી ભાવશુદ્ધિના બળથી પૂર્ણ ભાવમલ દૂર થાય છે ત્યારે તે મહાત્મા શૈલેશી અવસ્થાને પામે છે, જેના કારણે કર્મબંધની યોગ્યતારૂપ ભાવમલના અભાવને કારણે નવો કર્મબંધ થતો નથી અને પૂર્વનાં કર્મો ક્રમસર નાશ પામે છે તેથી તે મહાત્મા મુક્ત બને છે. **॥૧૭૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કર્મબંધની યોગ્યતારૂપ મલના અલ્પપણામાં ભાવશુદ્ધિ પણ ધ્રુવ છે, તેથી હવે કર્મબંધની યોગ્યતારૂપ મલના અલ્પપણાથી ચરમાવર્તમાં જીવ શું પ્રાપ્ત કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**ततः शुभमनुष्ठानं सर्वमेव हि देहिनाम् ।**
**विनिवृत्ताग्रहत्वेन तथाबन्धेऽपि तत्त्वतः ।।१७१।।**

**અન્વયાર્થ :-**

**ततः=તેનાથી=ચરમાવર્તમાં પ્રાપ્ત થતી ભાવશુદ્ધિથી, विनिवृत्ताग्रहत्वेन=વિનિવૃત્ત આગ્રહપણું હોવાને કારણે=અતત્ત્વ પ્રત્યેનો ગાઢ અભિનિવેશરૂપ આગ્રહ નિવર્તન થયેલો હોવાને કારણે, तथाबन्धेऽपि=તે પ્રકારના બંધમાં પણ=પૂર્વ-પૂર્વ કરતાં અલ્પ-અલ્પતર બંધના સદ્ભાવમાં પણ, तत्त्वतः=તત્ત્વથી=પરમાર્થથી, देहिनां सर्वमेव हि अनुष्ठानं=જીવોનું સર્વ જ અનુષ્ઠાન, शुभम्=શુભ થાય છે. ।।૧૭૧।।**

**શ્લોકાર્થ :-**

**તેનાથી વિનિવૃત્ત આગ્રહપણું હોવાને કારણે તે પ્રકારના બંધમાં પણ પરમાર્થથી જીવોનું સર્વ જ અનુષ્ઠાન શુભ થાય છે. ।।૧૭૧।।**

**ટીકા :-**

**ततो=भावशुद्धेः सकाशात्, शुभं=श्रेयस्कारी, अनुष्ठानं धर्मार्थादिगोचरं सर्वमेव हि स्फुटम् देहिनां= शरीरभाजाम्, केनेत्याह – विनिवृत्ताग्रहत्वेन=व्यावृत्तात्यन्तवितथाभिनिवेशभावेन, तथा बन्धेऽपि= तत्प्रकाराल्पाल्पतरबन्धसद्भावे, किं पुनस्तस्याप्यभाव इत्यपिशब्दार्थः, तत्त्वतो=निश्चयवृत्त्या, जायत इति ।।१७१।।**

**ટીકાર્થ :-**

**ततो भावशुद्धेः ..... जायत इति ।। તેનાથી=ભાવશુદ્ધિથી=પ્રતિ પુદ્ગલપરાવર્તમાં મલના હ્રાસને કારણે ચરમાવર્તમાં પ્રાપ્ત થયેલી ભાવશુદ્ધિથી, શરીરધારી જીવોનું ધર્મ-અર્થ આદિ વિષયવાળું સર્વ જ અનુષ્ઠાન શુભ=શ્રેયકારી, તત્ત્વથી=નિશ્ચયવૃત્તિથી, થાય છે એ પ્રમાણે ટીકાના અંત ભાગ સાથે સંબંધ છે.**

**કયા કારણે સર્વ જ અનુષ્ઠાન શુભ થાય છે ? એથી કહે છે –**

**વિનિવૃત્ત આગ્રહપણું હોવાને કારણે=વ્યાવૃત્ત અત્યંત વિતથ અભિનિવેશ હોવાને કારણે, તે પ્રકારના બંધમાં પણ=તે પ્રકારના અલ્પ-અલ્પતર બંધના સદ્ભાવમાં પણ, સર્વ જ અનુષ્ઠાન શુભ થાય છે એમ અન્વય છે.**

'तथाबन्धेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

**શું વળી તેના પણ અભાવમાં=બંધના પણ અભાવમાં, એ પ્રકારે 'अपि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું એ પ્રમાણે મોક્ષમાં જનારા જીવોના મલનો અપગમ પ્રતિ પુદ્ગલપરાવર્ત થાય છે અને તેના કારણે પ્રતિ પુદ્ગલપરાવર્તમાં કંઈક ભાવશુદ્ધિ થાય છે અને જ્યારે મોક્ષમાં જનાર તે જીવ ચરમાવર્તને પ્રાપ્ત કરે છે ત્યારે તેનામાં પ્રગટ થયેલી ભાવશુદ્ધિને કારણે તે જીવનું ધર્મ-અર્થ અને કામ વિષયક સર્વ જ અનુષ્ઠાન શ્રેયકારી બને છે.

કેમ ભાવશુદ્ધિવાળા તે જીવનું સર્વ અનુષ્ઠાન શ્રેયકારી બને છે ? તેથી કહે છે –

ચરમાવર્તમાં આવેલા જીવોમાં અત્યંત વિતથ અભિનિવેશ અર્થાત્ અત્યંત અતત્ત્વનો રાગ નિવર્તન પામેલો છે, તેથી ભાવશુદ્ધિને કારણે તે પ્રકારે અલ્પ-અલ્પતર બંધ કરતા હોવાથી તેવા જીવો સંસારમાં જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ કલ્યાણનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે ચરમાવર્તમાં આવેલા પણ જીવો જ્યારે કોઈક નિમિત્તને પામીને ગાઢ મિથ્યાત્વના ઉદયવાળા થાય છે ત્યારે અર્થ-કામનાં અનુષ્ઠાનો તેઓને માટે અનર્થકારી છે, પરંતુ અત્યંત વિપર્યાસને

કારણે ધર્મનું અનુષ્ઠાન પણ તેઓ માટે અનર્થકારી છે, પરંતુ ચરમાવર્તમાં આવેલા અને ચરમાવર્તને કારણે પ્રાપ્ત થયેલી ભાવશુદ્ધિવાળા જીવો ભદ્રકપ્રકૃતિવાળા હોય છે, ત્યારે અજ્ઞાનને કારણે અતત્ત્વનો અભિનિવેશ હોવા છતાં તે અભિનિવેશ અત્યંત નથી, તેથી મંદ મિથ્યાત્વ વર્તે છે અને તેના કારણે યોગની પ્રથમ ચાર દૃષ્ટિમાંથી કોઈક દૃષ્ટિમાં તેઓ વર્તતા હોય છે અને ઉપદેશાદિની સામગ્રીને પામીને ધર્મપ્રધાન અર્થ-કામનું સેવન કરે છે, તેથી ધર્મથી નિયંત્રિત થયેલા તેઓના અર્થ-કામ પણ શ્રેયકારી બને છે અને ધર્મ અનુષ્ઠાન તો અત્યંત શ્રેયકારી બને છે, તેથી તેવા યોગમાર્ગમાં પ્રવૃત્ત જીવોના ધર્મ, અર્થ અને કામ સર્વ જ અનુષ્ઠાનો તેઓના હિતની પ્રાપ્તિનું કારણ બને તે રીતે શ્રેયકારી થાય છે. **॥૧૭૧॥**

**અવતરણિકા :-**

**ચરમાવર્તવાળા જીવોને ભાવશુદ્ધિથી સર્વ જ અનુષ્ઠાનો શુભ થાય છે તેમ કહ્યું, તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नात एवाणवस्तस्य प्राग्वत्संक्लेशहेतवः ।**
**तथान्तस्तत्त्वसंशुद्धेरुदग्रशुभभावतः ।।१७२।।**

**અન્વયાર્થ :-**

**अत एवः=આથી જ=વિનિવૃત્ત આગ્રહપણું હોવાથી જ, तथा=અને, अंतस्तत्त्वसंशुद्धेरुदग्रशुभभावतः=અંતઃ તત્ત્વની શુદ્ધિ હોવાથી ઉદગ્ર શુભભાવ હોવાને કારણે, तस्य=તેના=ચરમાવર્તવાળા યોગમાર્ગને સેવનારા જીવના, अणवः=અણુઓ=કર્મપરમાણુઓ, प्राग्वत् संक्लेशहेतवः न=પૂર્વની જેમ સંક્લેશના હેતુઓ નથી. ।।૧૭૨।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ અને અંતઃતત્ત્વની શુદ્ધિ હોવાથી ઉદગ્ર શુભભાવ હોવાને કારણે તેના અણુઓ પૂર્વની જેમ સંક્લેશના હેતુઓ નથી. ।।૧૭૨।।**

**ટીકા :-**

**न=नैव, अत एव=विनिवृत्ताग्रहत्वादेव, अणवो=ज्ञानावरणादिकर्माणवः, तस्य=चरमपुद्गलपरावर्तवर्तिनो जन्तोः, प्राग्वत्=प्राच्यपरावर्तेष्विव, संक्लेशहेतवो=मालिन्यनिबन्धना, जायन्ते 'तथा' इति हेत्वन्तरसमुच्चये, अन्तस्तत्त्वसंशुद्धेः=अन्तस्तत्त्वमात्मा तस्य संशुद्धेः स्वभावभूतमलक्षयात्, य उदग्रः= उत्कटः, शुभो भावस्तस्मात् ।।१७२।।**

**ટીકાર્થ :-**

**न=नैव, ..... भावस्तस्मात् ।। આથી જ=વિનિવૃત્ત આગ્રહપણું હોવાથી જ, અણુઓ=જ્ઞાનાવરણાદિ કર્મ પરમાણુઓ, તેના=ચરમપુદ્ગલપરાવર્તવર્તી જીવના, પૂર્વની જેમ=પૂર્વના આવર્તોની જેમ, સંક્લેશના હેતુઓ=માલિન્યનાં કારણો, થતા નથી જ.**

**શ્લોકમાં રહેલ 'तथा' શબ્દ એ હેતુ અંતરના સમુચ્ચયમાં છે=વિનિવૃત્ત આગ્રહરૂપ હેતુથી અન્ય આગળ કહેવાય છે એ હેતુના સમુચ્ચયમાં છે.**

તે હેતુ સ્પષ્ટ કરે છે –

**અંતઃતત્ત્વની સંશુદ્ધિ હોવાથી=અંતઃતત્ત્વરૂપ આત્મા તેની સ્વભાવભૂત મલના ક્ષયરૂપ સંશુદ્ધિ હોવાથી, જે ઉદગ્ર શુભભાવ=ઉત્કટ શુભ ભાવ, તેના કારણે ચરમાવર્તવાળા જીવોને કર્મપરમાણુઓ પૂર્વની જેમ સંક્લેશના હેતુ થતા નથી એમ અન્વય છે. ॥૧૭૨॥**

**ભાવાર્થ :-**

ચરમાવર્તવાળા જીવોને ભાવશુદ્ધિની પ્રાપ્તિ થવાથી અતત્ત્વનો આગ્રહ નિવર્તન પામે છે અને તત્ત્વને અભિમુખ પરિણામવાળા થાય છે, તેથી તેઓમાં અંતસ્તત્ત્વની સંશુદ્ધિ વર્તે છે. જેના કારણે ભવનું સ્વરૂપ ચાર ગતિઓના પરિભ્રમણની વિડંબનારૂપ છે તેવું તેઓને સ્પષ્ટ જણાય છે, તેથી તે ચાર ગતિના પરિભ્રમણથી આત્માનું રક્ષણ કરવા માટે ઉચિત યત્ન કરવો જોઈએ તેવો ઉત્કટ શુભ ભાવ તેઓમાં વર્તે છે, આથી ભાવશુદ્ધિવાળા ચરમાવર્તવર્તી જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવા માટે અને તેના ઉચ્છેદના ઉચિત ઉપાયો જાણવા માટે સ્વશક્તિ અનુસાર સદા ઉદ્યમ કરે છે અને અતત્ત્વનો આગ્રહ નિવર્તન પામેલો હોવાથી યોગ્ય ઉપદેશને પામીને સ્વશક્તિ અનુસાર ધર્મ સેવવા સદા ઉદ્યમ કરે છે અને સદા અધિક અધિક ધર્મના સેવનની શક્તિનો સંચય કરે છે, તેથી તેવા જીવો સંસારમાં હોવાથી અને સંસાર અવસ્થામાં રાગાદિ ભાવવાળા હોવાથી જ્ઞાનાવરણીય આદિ કર્મો બાંધે છે, તોપણ ચરમાવર્ત પૂર્વના આવર્તોમાં જ્ઞાનાવરણીયાદિ કર્મો જે રીતે તે જીવના સંક્લેશના કારણ બનતાં હતાં તેવા સંક્લેશના કારણભૂત જ્ઞાનાવરણાદિ કર્મો તે જીવો હવે બાંધતા નથી. માટે તેઓનું ધર્મ-અર્થ-કામવિષયક સર્વ અનુષ્ઠાન શ્રેયકારી છે એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. **॥૧૭૨॥**

**અવતરણિકા :-**

**अयं चास्य तथाविधकर्मबन्धो भवन्नपि न तथाविधभयाय सम्पद्यत इति दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આને=ચરમાવર્તવર્તી ભાવશુદ્ધિવાળા જીવને, તેવા પ્રકારનો કર્મબંધ થતો પણ આ, તેવા પ્રકારના ભય માટે થતો નથી, એ પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

❖ 'भवन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે તેવા પ્રકારનો કર્મબંધ થતો ન હોય તો તો ભય માટે નથી, પરંતુ તેવા પ્રકારનો કર્મબંધ થવા છતાં પણ તેવા પ્રકારના ભય માટે થતો નથી.

**ભાવાર્થ :-**

સંસારી જીવોને જે કંઈ વિડંબના થાય છે તે કર્મથી થાય છે, તેથી સંસારી જીવોને પ્રાપ્ત થતો કર્મબંધ સદા ભય માટે છે. આથી જ કર્મબંધથી ભય પામેલા યોગીઓ સતત અપ્રમાદભાવથી કર્મબંધના કારણનો ઉચ્છેદ કરવા પ્રયત્ન કરે છે અને ચરમાવર્તમાં આવેલા જીવોને પણ જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધ થાય છે, તેથી તે બંધ ભય માટે છે, આમ છતાં ચરમાવર્તમાં ભાવશુદ્ધિને કારણે તે કર્મબંધ પૂર્વ કરતાં ઘણો અલ્પ થાય છે, તેથી તે અલ્પ બંધાયેલો કર્મબંધ સંક્લેશનો હેતુ હોવા છતાં પૂર્વના જેવો સંક્લેશનો હેતુ નથી, તેથી યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા તે મહાત્મા માટે તે કર્મબંધ પૂર્વના જેવો નહિ હોવાથી અને ઉત્તર-ઉત્તરમાં તે કર્મબંધ અલ્પ-અલ્પતર થતો જતો હોવાને કારણે તેવા પ્રકારના ભય માટે નથી અર્થાત્ કંઈક ભય માટે હોવા છતાં હવે આ કર્મબંધ જશે તેવો વિશ્વાસ હોવાને કારણે અત્યંત ભય માટે નથી, એ પ્રકારે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**सत्साधकस्य चरमा समयाऽपि बिभीषिका ।**
**न खेदाय यथात्यन्तं तद्वदेतद्विभाव्यताम् ।।१७३।।**

**અન્વયાર્થ :-**

**सत्साधकस्य=સત્સાધકને=જેને વિદ્યા અવશ્ય સિદ્ધ થવાની છે એવા સાધકને, चरमा समयाऽपि बिभीषिका=ચરમ સમયવાળી પણ બિભીષિકા=પર્યન્તવર્તી એવી સંનિહિત પણ વૈતાલાદિદર્શનરૂપ બિભીષિકા, यथा=જે પ્રમાણે, अत्यन्तं=અત્યંત, खेदाय न=ખેદ માટે થતી નથી, तद्वद्=તેની જેમ, एतद्=આ=ચરમાવર્તવર્તી કર્મબંધરૂપ વસ્તુનું, विभाव्यताम्=વિભાવન કરો. ।।૧૭૩।।**

**શ્લોકાર્થ :-**

**સત્સાધકની ચરમ સમયવાળી પણ બિભીષિકા જે પ્રમાણે અત્યંત ખેદ માટે થતી નથી, તેની જેમ, આ વિભાવન કરો. ।।૧૭૩।।**

**ટીકા :-**

सत्साधकस्य=तथाविधां विद्यां सम्यक्साधयितुं प्रवृत्तस्य पुंसः, चरमा=पर्यन्तवर्तिनी, समयापि=सन्निहिताऽपि [किं पुनः दूरवर्तिनी इत्यपि शब्दार्थः ।] बिभीषिका=वेतालादिदर्शनरूपा, न खेदाय=श्रमाय, यथाऽत्यन्तं=अतीव, तद्वत्=साधकचरमबिभीषिकावत् एतत्=चरमावर्तकर्मबन्धरूपवस्तु, विभाव्यतां= विमृश्यताम्, विवेकवतां प्रधानानागतवस्तुप्रतिबन्धाच्चेतस इति ।।१७३।।

**ટીકાર્થ :-**

**सत्साधकस्य ..... प्रतिबन्धाच्चेतस इति ।। સત્સાધકને=તેવા પ્રકારની વિદ્યાને સમ્યક્ સાધવા માટે પ્રવૃત્ત થયેલા પુરુષને, ચરમા=પર્યન્તવર્તિની, સમય પણ=સંનિહિત પણ, વૈતાલાદિ દર્શનરૂપ બિભીષિકા જે પ્રમાણે અત્યંત ખેદ માટે=શ્રમ માટે, નથી, તેની જેમ=સત્સાધકની ચરમ બિભીષિકાની જેમ, આ=ચરમાવર્તમાં થતા કર્મબંધરૂપ વસ્તુ, વિભાવન કરો=યોજન કરો; કેમ કે વિવેકવાળા પુરુષના ચિત્તનો=ચરમાવર્તવર્તી યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા વિવેકી પુરુષના ચિત્તનો, પ્રધાન એવી અનાગત વસ્તુમાં પ્રતિબંધ છે=પોતાની યોગમાર્ગની પ્રવૃત્તિથી સર્વ કર્મરહિત અવસ્થાની પ્રાપ્તિરૂપ પ્રધાન એવી અનાગત વસ્તુ તેમાં પ્રતિબંધ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૭૩॥**

❖ 'समयापि=सन्निहितापि'માં 'अपि'થી એ કહેવું છે કે દૂરવર્તી એવી બિભીષિકા તો ખેદ માટે નથી, પરંતુ સંનિહિત એવી પણ બિભીષિકા ખેદ માટે નથી.

**ભાવાર્થ :-**

સંસારના ક્ષેત્રે કોઈક પુરુષ વિશિષ્ટ પ્રકારની વિદ્યાને સાધવા તત્પર થયેલ હોય અને પોતે અવશ્ય વિદ્યા સાધી શકે તે પ્રકારે સમ્યગ્ વિધિમાં પ્રવૃત્ત હોય એવા સત્સાધકને વિદ્યાસિદ્ધિ થતા પૂર્વે વૈતાલાદિ દર્શનરૂપ ભયો પ્રાપ્ત થવાની તૈયારી દેખાતી હોય, તોપણ તે સાધકને અત્યંત ખેદ થતો નથી અર્થાત્ તે સાધકને કંઈક ચિંતા હોય છે કે જો આ વૈતાલાદિ દર્શનમાં હું ક્ષોભ પામીશ તો મને વિદ્યા સિદ્ધ થશે નહિ, તેથી આ વૈતાલાદિ દર્શન પોતાના માટે વિઘ્નભૂત હોવાથી કંઈક ભયનું સ્થાન છે તોપણ પોતે કૃતનિશ્ચયવાળો હોવાથી અર્થાત્ 'તે ઉપદ્રવમાં પણ હું મારી સાધનાથી ચલાયમાન નહિ થાઉં' એવા કૃતનિશ્ચયવાળો હોવાથી તે વૈતાલાદિના દર્શનમાં પણ તેને અત્યંત ભય નથી, તેની જેમ વિવેકસંપન્ન યોગમાર્ગમાં પ્રવૃત્ત ચરમાવર્તવર્તી જીવોને જ્ઞાન છે કે 'પોતાનામાં વર્તતાં જ્ઞાનાવરણીય આદિ કર્મો પોતાને સંક્લેશ કરાવીને મોક્ષની સિદ્ધિમાં વિઘ્ન કરનારાં છે, તેથી જો હું ગફલતમાં રહીશ તો મારા આત્મામાં રહેલાં સંક્લેશનાં કારણીભૂત કર્મો મને મારી યોગમાર્ગની પ્રવૃત્તિથી ભ્રષ્ટ કરે તેવાં છે', તેથી તે કર્મોથી કંઈક ભય છે, તોપણ કૃતનિશ્ચયવાળા એવા તે મહાત્માને અર્થાત્ મને વિઘ્નઆપાદક કર્મો સંક્લેશ ઉત્પન્ન ન કરાવે તે પ્રકારનો ઉદ્યમ હું અવશ્ય કરીશ એ પ્રકારના કૃતનિશ્ચયવાળા તે મહાત્માને તે કર્મોથી અત્યંત ભય નથી.

કેમ અત્યંત ભય નથી ? તેમાં હેતુ કહે છે –

વિવેકવાળા જીવોનું ચિત્ત પ્રધાન એવી અનાગત વસ્તુમાં પ્રતિબંધવાળું હોય છે.

આશય એ છે કે ચરમાવર્તમાં આવેલ અને સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષ સાધવા માટે પ્રવૃત્ત એવા વિવેકવાળા યોગીનું ચિત્ત જે હજી પ્રાપ્ત થયું નથી તેવા મોક્ષરૂપ પ્રધાનવસ્તુમાં અત્યંત રાગવાળું છે, તેથી તેની પ્રાપ્તિ માટે જે કોઈ વિઘ્ન આવે તેનો સામનો કરવા માટે દઢ ઉત્સાહવાળું છે, તેથી પોતાની યોગસાધનામાં વિઘ્નો કરે તેવાં છેલ્લાં છેલ્લાં જે કર્મો છે તેનાથી ભય પામ્યા વગર તેના ઉચ્છેદ માટે ઉદ્યમ કરે તેવું યોગીનું ચિત્ત છે, તેથી તે મહાત્માને વિઘ્નઆપાદકકર્મોનો અત્યંત ભય નથી. **॥૧૭૩॥**

**અવતરણિકા :-**

दृष्टान्तमेवाधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

**દૃષ્ટાંતને જ આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ચરમાવર્તવાળા જીવોને કર્મોનો અત્યંત ભય નથી, તેમાં સત્સાધકનું દૃષ્ટાંત બતાવ્યું. હવે તે દૃષ્ટાંતને આશ્રયીને તેઓને કેમ અત્યંત ભય નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**सिद्धेरासन्नभावेन यः प्रमोदो विजृम्भते ।**
**चेतस्यस्य कुतस्तेन खेदोऽपि लभतेऽन्तरम् ।।१७४।।**

**અન્વયાર્થ :-**

सिद्धेरासन्नभावेन=**સિદ્ધિનો આસન્નભાવ હોવાને કારણે,** अस्य=**આના=સાધકના,** चेतसि=**ચિત્તમાં,** यः प्रमोदः=**જે પ્રમોદ,** विजृम्भते=**ઉલ્લસિત થાય છે,** तेन=**તે કારણે,** अन्तरम्=**વચમાં,** खेदोऽपि=**ખેદ પણ,** कुतः लभते=**ક્યાંથી પ્રાપ્ત થાય ? અર્થાત્ પ્રાપ્ત થાય નહિ. ।।૧૭૪।।**

**શ્લોકાર્થ :-**

**સિદ્ધિનો આસન્નભાવ હોવાને કારણે આના ચિત્તમાં જે પ્રમોદ ઉલ્લસિત થાય છે તે કારણે વચમાં ખેદ પણ ક્યાંથી પ્રાપ્ત થાય ? ।।૧૭૪।।**

**ટીકા :-**

सिद्धेः=विद्याविवशीभावस्य, आसन्नभावेन=सन्निहितत्वेन, यः=कश्चिन्निर्देष्टुमशक्यः, प्रमोदो=हर्षः. विजृम्भते=समुच्छलति, चेतसि=अन्तःकरणे, अस्य=सत्साधकस्य, कुतः=कस्माद्धेतोः तेन=प्रमोद-विजृम्भणेन, खेदोऽपि यः प्रागत्यसद्रूपतयोक्तः, प्रमोदस्तावज्जृम्भत एवेत्यपिशब्दार्थः लभते=प्राप्नोति, अन्तरं=अवकाशमिति ।।१७४।।

**ટીકાર્થ :-**

सिद्धे ..... अवकाशमिति ।। **સિદ્ધિનો=વિદ્યાના વિવશીભાવનો, આસન્નભાવ હોવાને કારણે જે પ્રમોદ=નિર્દેશ કરવા માટે અશક્ય એવો કોઈક હર્ષ, ચિત્તમાં=અંતઃકરણમાં, આને=સત્સાધકને, ઉલ્લસિત થાય છે તેના વડે=પ્રમોદના ઉલ્લસન વડે, જે પૂર્વમાં અતિ અસદ્રૂપપણા વડે કહેવાયેલો ખેદ પણ કોનાથી=કયા હેતુથી, અંતરને=અવકાશને, પ્રાપ્ત કરે ?**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૭૪॥**

❖ 'खेदोऽपि'માં રહેલા 'अपि' શબ્દથી એ કહેવું છે કે પ્રમોદ તો ઉલ્લસિત થાય જ છે, પરંતુ ખેદ પણ કોનાથી અવકાશને પ્રાપ્ત કરે ? અર્થાત્ ન પ્રાપ્ત કરે એ 'अपि' શબ્દનો અર્થ છે.

**ભાવાર્થ :-**

જે વિદ્યાસાધક પુરુષ સમ્યગ્ વિધિપૂર્વક વિદ્યાને સાધવા માટે તત્પર છે અને જ્યારે તે વિદ્યા સિદ્ધ થવાની નજીકની ભૂમિકામાં હોય ત્યારે જેનું વર્ણન કરી શકાય નહિ તેવો કોઈક પ્રમોદ તે સાધકના ચિત્તમાં ઉલ્લસિત થાય છે અને જ્યારે સિદ્ધિની પ્રાપ્તિ થવાની તૈયારીને કારણે હર્ષ વર્તતો હોય ત્યારે છેલ્લા વૈતાલાદિના ઉપદ્રવો જે અનર્થકારીરૂપે કહેવાયા તેનો ખેદ ચિત્તમાં કેવી રીતે ઊઠી શકે ? અર્થાત્ ઊઠે નહિ.

આશય એ છે કે જેને પ્રચુર ધનની પ્રાપ્તિ થશે તેવો સ્પષ્ટ નિર્ણય હોય તે વખતે તે ધનપ્રાપ્તિ અર્થે જંગલાદિ કોઈક સ્થાનમાં જવાનો શ્રમ કરવો પડે તે શ્રમ તેના ખેદ માટે થતો નથી, પરંતુ ધનને ગ્રહણ કરવા માટે તે શ્રમ પણ ઉત્સાહથી થાય છે તેમ સત્સાધકને સિદ્ધિ થવાની તૈયારી હોવાથી વૈતાલાદિના ઉપદ્રવકાળમાં પણ ખેદ થતો નથી, પરંતુ ઉત્સાહથી કોઈ ભય વગર સાધના માટે દૃઢ યત્ન કરવા તે વૈતાલાદિના ઉપદ્રવો પ્રેરણા કરે છે, તેથી તે સાધકને વૈતાલાદિના ઉપદ્રવમાં પણ અત્યંત ખેદ થતો નથી. **॥૧૭૪॥**

**અવતરણિકા :-**

**अथ दार्ष्टान्तिकमधिमकृत्यैतद्विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે દાર્ષ્ટાંતિકને આશ્રયીને આના વિશેષને=ચરમાવર્તવાળા વિવેકી સાધકના હર્ષવિશેષને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૭૪માં દૃષ્ટાંતને આશ્રયીને વિદ્યાસાધકને ખેદ કેમ થતો નથી ? તે બતાવ્યું. હવે ચરમાવર્તવાળા વિવેકી સાધકને યોગસાધનામાં ઉપદ્રવકારી એવાં જ્ઞાનાવરણીયાદિ કર્મોકૃત સંક્લેશનો અત્યંત ભય કેમ થતો નથી ? એના જ વિશેષને કહે છે અર્થાત્ વિદ્યાસાધક કરતાં પણ મોક્ષસાધક યોગીને ભય ન થવામાં જે વિશેષ છે તેને કહે છે –

**શ્લોક :-**

**न चेयं महतोऽर्थस्य सिद्धिरात्यन्तिकी न च ।**
**मुक्तिः पुनर्द्वयोपेता सत्प्रमोदास्पदं ततः ।।१७५।।**

**અન્વયાર્થ :-**

**महतः अर्थस्य इयं सिद्धिः=મહાન અર્થની આ સિદ્ધિ=વિદ્યાદિ વિષયવાળી સિદ્ધિ, न च=નથી જ, च=અને, आत्यन्तिकी न=આત્યંતિકી નથી, मुक्तिः=મુક્તિ, पुनः=વળી, द्वयोपेता=બન્નેથી યુક્ત છે=મહાન અને આત્યંતિક ભાવથી યુક્ત છે, ततः=તેથી, सत्प्रमोदास्पदं=સત્પ્રમોદનું સ્થાન છે=સર્વાતિશાયી એવા પ્રમોદનું સ્થાન છે. ।।૧૭૫।।**

**શ્લોકાર્થ :-**

**મહાન અર્થની આ સિદ્ધિ નથી જ અને આત્યંતિકી નથી. મુક્તિ વળી બન્નેથી યુક્ત છે, તેથી સત્પ્રમોદનું સ્થાન છે. ।।૧૭૫।।**

**ટીકા :-**

**न च=नैव, इयं=विद्यादिविषया, महतो=गरीयसः, अर्थस्य=साध्यस्य, सिद्धिरुक्तरूपा, आत्यन्तिकी= अत्यन्तभवा, न च, भूत्वापि पुनर्विनाशात्, मुक्तिः पुनर्द्वयोपेता महदात्यन्तिकभावयुक्ता सत्प्रमोदास्पदं= सतः सर्वातिशायिनः प्रमोदस्य स्थानम्, ततो=द्वयोपेतत्वाद्धेतोरिति ।।१७५।।**

**ટીકાર્થ :-**

**न च ..... द्वयोपेतत्वाद्धेतोरिति ।। મહાન અર્થની=સાધ્યની, આ=વિદ્યાદિ વિષયવાળી ઉક્તરૂપ સિદ્ધિ, નથી જ અને આત્યંતિકી નથી=અત્યંત થનાર નથી; કેમ કે થઈને પણ ફરી વિનાશ થાય છે. મુક્તિ વળી બન્નેથી યુક્ત છે=મહાન અને આત્યંતિકભાવથી યુક્ત છે, તેથી=બેથી યુક્તપણા રૂપ હેતુથી, સત્પ્રમોદનું સ્થાન છે=સર્વાતિશાયી એવા પ્રમોદનું સ્થાન છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૫।।**

❖ 'भूत्वापि'માં 'अपि'થી એ કહેવું છે કે વિદ્યાની સિદ્ધિ ન થાય તો તો નથી, પરંતુ સિદ્ધિ થઈને પણ ફરી વિનાશ પામે છે.

**ભાવાર્થ :-**

કોઈ સત્સાધક વિદ્યાની સિદ્ધિ કરે તે વિદ્યાની સિદ્ધિ મોક્ષની સિદ્ધિની તુલનામાં મહાન નથી જ; કેમ કે મોક્ષ જેવું સર્વાતિશાયી સુખ તે વિદ્યાની સિદ્ધિ આપી શકતું નથી. વળી તે વિદ્યાની સિદ્ધિ આત્યંતિકી પણ નથી; કેમ કે તે વિદ્યાની સિદ્ધિ આ ભવમાં થાય અને પાછળથી કોઈક નિમિત્તે તે વિદ્યાની સિદ્ધિ નાશ પણ થઈ શકે છે અને કદાચ આ ભવમાં તે સિદ્ધિ નાશ ન પામે તોપણ જન્માંતરમાં સાથે આવનાર નહિ હોવાથી અવશ્ય નાશ પામે છે.

વળી મોક્ષની પ્રાપ્તિ અન્ય સર્વ વિદ્યાઓની અપેક્ષાએ મહાન છે; કેમ કે સંસારવર્તી કોઈપણ વિદ્યાઓ જે સુખ આપી શકતી નથી તે સુખ મુક્તિ આપે છે. વળી મુક્તિની પ્રાપ્તિ પછી મોક્ષમાંથી જીવ ક્યારે ય

સંસારમાં આવતો નથી, તેથી મુક્તિની સિદ્ધિ આત્યંતિકી છે, તેથી જે વિવેકી યોગીને મહાન અને આત્યંતિકીભાવથી યુક્ત મુક્તિ પોતાને આસન્નમાં પ્રાપ્ત થશે તેવો સ્થિર નિર્ણય થયો છે એવા સાધકને તે મુક્તિની આસન્ન સિદ્ધિ સર્વાતિશાયી પ્રમોદનું કારણ છે, તેથી સાધનાકાળમાં વિઘ્નભૂત એવા કર્મબંધથી પણ તે મહાત્માને અત્યંત ભય નથી; કેમ કે યોગમાર્ગની પ્રાપ્તિથી સ્થિર નિર્ણય થયો છે કે સમ્યગ્ રીતે સેવાયેલો આ યોગમાર્ગ અલ્પકાળમાં મોક્ષની પ્રાપ્તિ કરાવશે. **॥૧૭૫॥**

**અવતરણિકા :-**

**ननु सन्निहितायां मुक्तौ स्यादेतत्परं तत्सन्निधानमप्यसंभाव्यमित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**સંનિહિત મુક્તિ હોતે છતે આ થાય=અત્યંત પ્રમોદનું સ્થાન થાય, પરંતુ તેનું સંનિધાન પણ અસંભવી છે અર્થાત્ અનિર્ણીત છે એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

❖ 'तत्सन्निधानमपि'માં 'अपि'થી એ કહેવું છે કે મુક્તિનું અસંનિધાન તો અસંભવી છે, પરંતુ મુક્તિનું સંનિધાન પણ અસંભવી છે.

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે વિવેકી ચરમાવર્તવાળા જીવને મુક્તિ મહાન અને આત્યંતિકી જણાવાથી અત્યંત આનંદ થાય છે. ત્યાં કોઈને શંકા થાય કે મુક્તિ આસન્ન જણાય તો અત્યંત પ્રમોદ થાય, પરંતુ મુક્તિ અતિઆસન્ન છે તેવો કોઈ નિર્ણય થઈ શકતો નથી, તેથી સાધક યોગીને પણ કેવી રીતે અત્યંત આનંદ થાય ? એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**आसन्ना चेयमस्योच्चैश्चरमावर्तिनो यतः ।**
**भूयांसोऽमी व्यतिक्रान्तास्तदेकोऽत्र न किंचन ।।१७६।।**

**અન્વયાર્થ :-**

**अस्य चरमावर्तिनः=આ ચરમાવર્તવર્તી જીવને, इयम्=આ=મુક્તિ, उच्चैः=અત્યંત, आसन्ना च=આસન્ન જ છે, यतः=જે કારણથી, भूयांसः अमी=ઘણા આ=ઘણા આવર્તો, व्यतिक्रान्ताः=વ્યતિક્રાંત થયા=અનાદિ સંસારમાં પસાર થયા, तद्=તેથી, एकः=છેલ્લો આવર્ત, अत्र=અહીં=જગતમાં, न किञ्चन=કંઈ નથી=કંઈ ભયનું સ્થાન નથી. ।।૧૭૬।।**

**શ્લોકાર્થ :-**

**આ ચરમાવર્તવર્તી જીવને આ અત્યંત આસન્ન જ છે, જે કારણથી ઘણા આ વ્યતિક્રાંત થયા, તેથી છેલ્લો આવર્ત જગતમાં કંઈ નથી. ।।૧૭૬।।**

**ટીકા :-**

**आसन्ना च=अभ्यर्णवर्तिन्येव, इयं=मुक्तिः, अस्योच्चैः=अतीव, चरमावर्तिनः=चरमपुद्गलपरावर्तभाजो जीवस्य, यतः=कारणात् भूयांसः=अतीवबहवः, अमी=आवर्ताः, व्यतिक्रान्ताः=अनादौ संसारे व्यतीताः, तत्=ततः, एकः=अपश्चिमः, अत्र=जगति, न किंचन=न किंचिद् भयस्थानमेष इत्यर्थः ।।१७६।।**

**ટીકાર્થ :-**

**आसन्ना ..... इत्यर्थः ।। આ ચરમાવર્તવર્તિને=ચરમપુદ્ગલપરાવર્તવાળા જીવને, આ=મુક્તિ, અતિ આસન્ન જ છે, જે કારણથી ઘણા=અતિ ઘણા, આ=આવર્તો, વ્યતિક્રાંત થયા=અનાદિ સંસારમાં વ્યતીત થયા, તે કારણથી એક=અપશ્ચિમ=છેલ્લો, અહીં=જગતમાં, કંઈ નથી=આ અર્થાત્ છેલ્લો આવર્ત કંઈ ભયનું સ્થાન નથી એ અર્થ છે. ।।૧૭૬।।**

**ભાવાર્થ :-**

ચરમાવર્તવર્તી જીવને મુક્તિ અત્યંત આસન્ન છે.

કેમ અત્યંત આસન્ન છે ? એથી કહે છે –

આ જીવનો સંસાર અનાદિનો છે અને તે અનાદિ સંસારમાં જીવે અનંતપુદ્ગલપરાવર્ત પસાર કર્યા, તેની અપેક્ષાએ આ છેલ્લો એક પુદ્ગલપરાવર્ત કંઈ ભયનું સ્થાન નથી. માટે ચરમાવર્તમાં આવેલા જીવને નક્કી થાય છે કે મારી મુક્તિ આસન્ન છે, તેથી તેને પ્રમોદ થાય છે, પરંતુ ક્લેશ કરાવનારાં કર્મોનો અત્યંત ભય ઉત્પન્ન થતો નથી.

અહીં વિશેષ એ છે કે જે જીવોને વિવેકચક્ષુ પ્રગટ્યાં છે તે જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા છે અને સંસારથી પર એવી મુક્તઅવસ્થાનું પણ સ્વરૂપ કંઈક જોનારા છે, આથી જ વિદ્યાસાધકની જેમ મોક્ષને સાધવા માટે તત્પર થયેલા છે અને એવા વિવેકી જીવને શાસ્ત્રથી કે ઉપદેશક પાસેથી જાણવા મળે કે મોક્ષને મેળવવાની ઇચ્છાથી જે સાધક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે તેઓને તે યોગમાર્ગના સેવનના બળથી ઉત્તર-ઉત્તરનો ભવ સાધનાને અનુકૂળ અવશ્ય મળશે. પ્રમાદને વશ યોગમાર્ગની કોઈ વિરાધના ન કરવામાં આવે તો થોડા ભવમાં અવશ્ય મોક્ષ થશે. કદાચ કોઈક વિશિષ્ટ કર્મના કારણે પ્રમાદ ઉત્પન્ન થાય અને તીર્થંકરાદિની આશાતના થાય તો ઘણા ભવવાળા સંસારની પ્રાપ્તિ થાય તોપણ એક પુદ્ગલપરાવર્તમાં તો અવશ્ય મારી મુક્તિ થશે તેમાં કોઈ શંકાનું સ્થાન નથી, તેથી સત્સાધકને વિદ્યાસિદ્ધિની આસન્નતામાં જે પ્રમોદ છે તેનાથી પણ અતિશય પ્રમોદ વિવેકવાળા યોગમાર્ગને પામેલા સાધકને થાય છે; કેમ કે હવે તેના માટે ગમે તેટલો અધિક સંસાર હોય તોપણ એક પુદ્ગલપરાવર્તથી અધિક નથી તેવો સ્થિર નિર્ણય થાય છે. **।।૧૭૬।।**

**શ્લોક :-**

**अत एव च योगज्ञैरपुनर्बन्धकादयः ।**
**भावसारा विनिर्दिष्टास्तथापेक्षादिवर्जिताः ।।१७७।।**

**અન્વયાર્થ :-**

**अत एव च=અને આથી જ=ચરમાવર્તવાળા જીવોને મુક્તિનો આસન્નભાવ છે આથી જ, अपुनर्बन्धकादयः=અપુનર્બંધકાદિ જીવો, योगज्ञैः=યોગજ્ઞો વડે=શાસ્ત્રકારો વડે, भावसारा तथा अपेक्षादि-वर्जिताः=ભાવસાર અને અપેક્ષાદિથી રહિત, विनिर्दिष्टाः=બતાવાયા છે. ॥૧૭૭॥**

**શ્લોકાર્થ :-**

**અને આથી જ અપુનર્બંધકાદિ જીવો યોગજ્ઞો વડે ભાવસાર અને અપેક્ષાદિથી રહિત બતાવાયા છે. ॥૧૭૭॥**

**ટીકા :-**

**अत एव च=मुक्त्यासन्नभावादेव च, योगज्ञैः=शास्त्रकारैः, अपुनर्बन्धकादयः=अपुनर्बन्धकसम्यग्दृष्टि-चारित्रिणो धर्माधिकारिणः, भावसाराः=तत्त्वपरिणतिप्रधानाः, विनिर्दिष्टाः=प्रज्ञप्ताः, तथा इति विशेषणसमुच्चये, अपेक्षादिवर्जिता=उक्तरूपापेक्षानाभोगरहिताः ॥१७७॥**

**ટીકાર્થ :-**

**अत एव च ..... उक्तरूपापेक्षानाभोगरहिताः ॥ અને આથી જ=ચરમાવર્તવાળા જીવોને મુક્તિનો આસન્નભાવ હોવાથી જ, યોગના જાણનારાઓ વડે=શાસ્ત્રકારો વડે, અપુનર્બંધકાદિ=ધર્મના અધિકારી એવા અપુનર્બંધક-સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રી, ભાવસારા=તત્ત્વપરિણતિપ્રધાન, બતાવાયા છે=કહેવાયા છે, શ્લોકમાં રહેલ 'तथा' શબ્દ વિશેષણના સમુચ્ચયમાં છે અર્થાત્ અપુનર્બંધકના ભાવસાર વિશેષણથી અન્ય વિશેષણના સમુચ્ચયમાં છે.**

તે અન્ય વિશેષણ બતાવે છે –

**અપેક્ષાદિથી વર્જિત છે=પૂર્વમાં કહેલ સ્વરૂપવાળા અપેક્ષા અને અનાભોગથી રહિત છે=વિષાનુષ્ઠાન-ગરાનુષ્ઠાનમાં બતાવેલ અપેક્ષા અને અનનુષ્ઠાનમાં બતાવેલ અનાભોગ તેનાથી રહિત અપુનર્બંધકાદિ છે. ॥૧૭૭॥**

**ભાવાર્થ :-**

ચરમાવર્તમાં આવેલા જીવોને મુક્તિ આસન્નભાવવાળી છે, આથી જ ચરમાવર્તમાં આવેલા ધર્મના અધિકારી એવા અપુનર્બંધક-સમ્યગ્દૃષ્ટિ-દેશચારિત્રી અને સર્વચારિત્રી જીવોને શાસ્ત્રકારોએ ભાવસાર કહેલા છે અર્થાત્ મોક્ષમાર્ગને અનુકૂળ એવી તત્ત્વપરિણતિ જેઓના જીવનમાં પ્રધાન છે તેવા કહ્યા છે.

વળી અપુનર્બંધકાદિ જીવો જે ધર્મનું સેવન કરે છે તેના દ્વારા આ લોકના માન-સન્માનની અપેક્ષા રાખતા નથી અને પરલોકમાં દેવતાઈ સમૃદ્ધિની અપેક્ષા રાખતા નથી. વળી કોઈ પ્રકારના ઊહ વગરના અનાભોગથી ધર્મની પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ સ્વભૂમિકા અનુસાર ધર્મના પરમાર્થને જાણવા માટે યત્ન

કરીને તે રીતે ધર્મ સેવે છે, જેથી ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પામીને અલ્પકાળમાં 'અવશ્ય સંસારનો અંત કરે' તે પ્રકારે પ્રાપ્ત થયેલા મનુષ્ય આદિ ભવને સફળ કરે છે.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક આદિ ચારે પ્રકારના જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા છે, તેથી સંસારથી પર અવસ્થા પ્રત્યે તેઓને રાગ વર્તે છે અને તેથી સંસારના ઉચ્છેદ અર્થે સ્વભૂમિકા અનુસાર ઉચિત યત્ન કરે છે, ફક્ત અપુનર્બંધક જીવોને સૂક્ષ્મબોધ થયો નથી, તેથી પોતાના સ્થૂલબોધ અનુસાર યોગમાર્ગમાં યત્ન કરે છે, સમ્યગ્દૃષ્ટિ જીવોને સૂક્ષ્મબોધ થયો છે, તેથી પોતાના સૂક્ષ્મબોધને અનુરૂપ વિશેષ પ્રકારે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, ફક્ત સમ્યગ્દૃષ્ટિ જીવોનાં વિરતિઆપાદક કર્મો બલવાન હોવાથી તેઓ સ્વભૂમિકા અનુસાર દેવ-ગુરુ આદિનું પૂજન કરીને વિરતિઆપાદકકર્મને શિથિલ કરે છે.

વળી દેશવિરતિધર શ્રાવકો સૂક્ષ્મ બોધવાળા છે, વિરતિઆપાદકકર્મો કંઈક શિથિલ છે, તેથી સ્વભૂમિકા અનુસાર દેશવિરતિમાં યત્ન કરીને ઉત્તર-ઉત્તરની દેશવિરતિની પ્રાપ્તિ દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે અને સર્વવિરતિની ઉત્કટ ઇચ્છા હોવા છતાં ફક્ત સર્વવિરતિની શક્તિનો સંચય થયો નથી તેથી, અથવા સર્વવિરતિ આવારકકર્મો બલવાન છે તેથી, સર્વવિરતિને ગ્રહણ કરતા નથી, પરંતુ સ્વભૂમિકા અનુસાર યોગમાર્ગમાં પ્રવર્તે છે.

સર્વવિરતિધર સાધુઓ મોહનાશ કરવા માટે સર્વ ઉદ્યમથી અસ્ખલિત પ્રયત્ન કરીને સંસારનો ઉચ્છેદ કરવા યત્ન કરે છે, તેથી અપુનર્બંધકાદિ ચારે પ્રકારના જીવો સ્વભૂમિકા અનુસાર તત્ત્વપરિણતિપ્રધાન છે, માટે તે સર્વ જીવો જો કોઈ વિઘ્ન ન આવે તો થોડા ભવોમાં સંસારનો અંત કરીને મોક્ષને પામે છે, જેમ મેઘકુમારનો આત્મા હાથીના ભવમાં અપુનર્બંધકદશાને પામેલ છે અને સ્વઉચિત દયાના પરિણામથી રાજપુત્ર થાય છે અને વિઘ્નરહિત સંયમ પાળીને સર્વાર્થસિદ્ધને પામે છે.

વળી સર્વવિરતિને પામેલા પણ કેટલાક મહાત્માઓ તે પ્રકારના અત્યંત પ્રમાદને પ્રાપ્ત કરીને યાવત્ નિગોદમાં જાય છે અને ઘણો કાળ સંસારમાં ભમે છે, તોપણ ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલપરાવર્તની અંદર જ મોક્ષને પામે છે. માટે વિવેકવાળા સાધકને મુક્તિ આસન્ન દેખાવાથી વારંવાર તે મુક્તિના સ્વરૂપનો વિચાર કરીને અત્યંત પ્રમુદિત થાય છે; કેમ કે અલ્પકાળમાં સર્વ વિડંબનાથી પર એવી આ મુક્તિ પોતાને અવશ્ય મળશે તેવું સ્થિર દર્શન થાય છે. **॥૧૭૭॥**

**અવતરણિકા :-**

**अपुनर्बन्धकप्रभृतिकत्वाद्धर्माधिकारिणाम्, तमेवादौ व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**ધર્મના અધિકારીઓનું અપુનર્બંધક વગેરેપણું હોવાથી આદિમાં તેને જ=અપુનર્બંધકને જ, કહે છે –**

**શ્લોક :-**

**भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैर्युतः ।**
**वर्धमानगुणप्रायो ह्यपुनर्बन्धको मतः ।।१७८।।**

**અન્વયાર્થ :-**

**भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैः**=ભવાભિનંદિ દોષોના પ્રતિપક્ષગુણોથી, **युतः**=યુક્ત, **वर्धमानगुणप्रायः**= પ્રાયઃ વર્ધમાનગુણવાળો, **अपुनर्बन्धकः**=અપુનર્બંધક, **मतः**=મનાયો છે. ।।૧૭૮।।

**શ્લોકાર્થ :-**

**ભવાભિનંદિ દોષોના પ્રતિપક્ષગુણોથી યુક્ત પ્રાયઃ વર્ધમાનગુણવાળો અપુનર્બંધક મનાયો છે. ।।૧૭૮।।**

**ટીકા :-**

**भवाभिनन्दिदोषाणां**-'क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी' **[श्लोक – ८७] इत्यादिना प्रागेवोक्तानाम्, प्रतिपक्षगुणैः= अक्षुद्रतानिर्लोभतादिभिः युतो 'वर्धमानगुणप्रायो' वर्धमानाः शुक्लपक्षक्षपापतिमण्डलमिव प्रतिकलमुल्लसन्तो गुणा औदार्यदाक्षिण्यादयः प्रायो=बाहुल्येन, यस्य स तथा, अपुनर्बन्धको धर्माधिकारी मतः=अभिप्रेतः ।।१७८।।**

**ટીકાર્થ :-**

**भवाभिनन्दिदोषाणां ..... मतोऽभिप्रेतः ।।** 'ક્ષુદ્ર-લાભરતિ-દીન મત્સરી' **(શ્લોક-૮૭) ઈત્યાદિ શ્લોક દ્વારા પૂર્વમાં કહેવાયેલા ભવાભિનંદી દોષોના પ્રતિપક્ષગુણોથી=અક્ષુદ્રતા-નિર્લોભતા આદિ ગુણોથી, યુક્ત વર્ધમાનગુણપ્રાયઃ=શુક્લપક્ષના ચંદ્રના મંડલની જેમ પ્રતિકલા ઉલ્લાસ પામતા એવા વર્ધમાન ઔદાર્ય-દાક્ષિણ્યાદિ ગુણો બહુલતાથી છે જેને તેવો, અપુનર્બંધક ધર્મનો અધિકારી મનાયો છે=અભિપ્રેત છે. ।।૧૭૮।।**

**ભાવાર્થ :-**

યોગબિંદુ શ્લોક-૮૭માં ભવાભિનંદી જીવોના ક્ષુદ્રાદિ દોષો ગ્રંથકારશ્રીએ બતાવેલા છે. તે દોષોને કારણે જ ભવાભિનંદી જીવો મુક્તિ પ્રત્યેના દ્વેષવાળા છે, તેથી ધર્મનું સેવન કરતા નથી, ક્વચિત્ બાહ્યથી ધર્મનું સેવન કરતા હોય, તોપણ આ લોકની કે પરલોકની અપેક્ષાથી કે અનાભોગથી કરે છે, જ્યારે અપુનર્બંધકદશાવાળા જીવોમાં જે પૂર્વમાં ભવાભિનંદિપણાના દોષો હતા તે દોષો ક્રમસર નાશ પામીને તેના પ્રતિપક્ષી અક્ષુદ્રતાદિ ગુણો પ્રગટ થાય છે, આથી જ અપુનર્બંધક જીવોમાં વિવેકચક્ષુ કંઈક વર્તે છે, તેથી તેઓમાં શુક્લપક્ષના બીજના ચંદ્રની જેમ ઔદાર્યાદિ ગુણો સદા વધતા હોય છે.

જેમ શુક્લપક્ષની બીજનો ચંદ્ર ત્રીજ આદિ દિવસોમાં પ્રતિદિન કલાથી વધે છે અને પૂનમે પૂર્ણકલાવાળો બને છે તેમ અપુનર્બંધક જીવ પણ ઔદાર્ય આદિ ગુણો દ્વારા વૃદ્ધિ પામે છે અને અંતે જ્યારે અત્યંત વિવેકસંપન્ન બને છે ત્યારે પૂનમના ચંદ્રની જેમ સર્વ ગુણોથી ખીલીને સર્વવિરતિમાં મહા ઉદ્યમ કરનારા બને છે.

જેમ મેઘકુમારના જીવે સંયમ ગ્રહણ કરીને પૂનમના ચંદ્રની જેમ પૂર્ણકલાએ ખીલીને સર્વાર્થસિદ્ધની પ્રાપ્તિ કરી, તેમ અપુનર્બંધકદશાવાળા જીવો સ્વભૂમિકા અનુસાર ઔદાર્ય આદિ ગુણોની પ્રાયઃ વૃદ્ધિ કરે છે અને તેવા અપુનર્બંધક જીવોને મોક્ષમાર્ગને અનુકૂળ ધર્મ સેવવાના અધિકારી શાસ્ત્રકારોએ કહ્યા છે. **॥૧૭૮॥**

**અવતરણિકા :-**

**ગ્રંથકારશ્રીએ પ્રથમ યોગનું માહાત્મ્ય બતાવ્યું અને તે યોગમાર્ગની પ્રાપ્તિ અતિદુષ્કર છે તેમ બતાવ્યું અને ત્યારપછી યોગમાર્ગનો પ્રારંભ કરતા પૂર્વે પૂર્વસેવાની આચરણા આવશ્યક છે, તેથી શ્લોક-૧૦૯માં ચાર પ્રકારની પૂર્વસેવા બતાવી અને તેનું અત્યાર સુધી વર્ણન કર્યું. હવે તે પૂર્વસેવાના ખરા અધિકારી જીવો અપુનર્બંધક છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

अस्यैषा मुख्यरूपा स्यात् पूर्वसेवा यथोदिता ।
कल्याणाशययोगेन शेषस्याप्युपचारतः ।।१७९।।

**અન્વયાર્થ :-**

**अस्य=આને=અપુનર્બંધકને, कल्याणाशययोगेन=કલ્યાણના આશયનો યોગ હોવાથી=સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષને પ્રાપ્ત કરવો છે એ પ્રકારના કલ્યાણના આશયનો યોગ હોવાથી, यथोदिता एषा=જે પ્રમાણે પૂર્વમાં કહેવાઈ એવી આ, पूर्वसेवा=પૂર્વમાં વર્ણન કરાયેલી પૂર્વસેવા, मुख्यरूपा स्यात्=મુખ્યરૂપ થાય=નિરુપચરિત થાય, शेषस्यापि=શેષને પણ=સકૃદ્બંધકાદિને પણ, उपचारतः=ઉપચારથી થાય. ॥૧૭૯॥**

**શ્લોકાર્થ :-**

**આને કલ્યાણના આશયનો યોગ હોવાથી જે પ્રમાણે પૂર્વમાં કહેવાઈ એવી આ પૂર્વસેવા મુખ્યરૂપ થાય, શેષને પણ ઉપચારથી થાય. ॥૧૭૯॥**

**ટીકા :-**

**अस्य=अपुनर्बन्धकस्य, एषा=प्रागुक्ता, मुख्यरूपा=निरुपचरिता, स्याद्=भवेत्, पूर्वसेवा=देवादिपूजा-रूपा यथोदिता=यत्प्रकारा निरूपिता प्राक्, कल्याणाशययोगेन=मनाग् मुक्त्यनुकूलशुभभावसम्बन्धेन । शेषस्यापि=अपुनर्बन्धकापेक्षया विलक्षणस्य सकृद्बन्धकादेः, उपचारत=औपचारिकी पूर्वसेवा स्यात्, अद्यापि तथाविधभववैराग्याभावात्तस्य । इह केचिन्मार्गपतितमार्गाभिमुखावपि शेषशब्देनाहुः, तच्च**

**न युज्यते, अपुनर्बन्धकावस्थाविशेषरूपत्वात्तयोरपुनर्बन्धकग्रहणेनैव गतत्वात्, यतो ललितविस्तरायां मार्गलक्षणमित्थमुक्तम्**-'इह मार्गश्चेतसोऽवक्रगमनं भुजंगमनलिकायानतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेष' **इति । तत्र प्रविष्टो मार्गपतितः, मार्गप्रवेशयोग्यभावापन्नो मार्गाभिमुखः । एवं च नैतावपुनर्बन्धकावस्थायाः परपरतरावस्थाभाजौ वक्तुमुचितौ, भगवदाज्ञावगमयोग्यतया पञ्चसूत्रक-वृत्तावनयोरुक्तत्वात् । यथोक्तं तत्र**-'इयं च भागवती सदाज्ञा सर्वैवापुनर्बन्धकादिगम्या, अपुनर्बन्धकादयो ये सत्त्वा उत्कृष्टां कर्मस्थितिं तथाऽपुनर्बन्धकत्वेन क्षपयन्ति, ते खल्वपुनर्बन्धकाः, आदिशब्दान्मार्गपतितमार्गाभिमुखादयः परिगृह्यन्ते, दृढप्रतिज्ञालोचनादिगम्यलिंगाः[लिङ्गगम्याः] । **'एतद्गम्येयं न संसाराभिनन्दिगम्येति संसाराभिनन्दिनश्चापुनर्बन्धकप्रागवस्थाभाजो जीवा इति' ।।१७९।।**

**ટીકાર્થ :-**

**अस्य ..... जीवा इति' ।। આને=અપુનર્બંધકને, આ=પૂર્વમાં કહેવાયેલી=શ્લોક-૧૦૯ આદિથી વર્ણન કરાયેલી, દેવાદિપૂજારૂપ પૂર્વસેવા યથોદિત=જે પ્રકારે પૂર્વમાં વર્ણન કરાઈ તેવી મુખ્યરૂપ=નિરુપચરિત, થાય.**

કેમ અપુનર્બંધકને મુખ્યરૂપ પૂર્વસેવા થાય ? એથી કહે છે –

**કલ્યાણના આશયનો યોગ હોવાથી=કંઈક મુક્તિને અનુકૂળ શુભભાવનો સંબંધ હોવાથી, મુખ્ય પૂર્વસેવા થાય એમ અન્વય છે, શેષને પણ=અપુનર્બંધકની અપેક્ષાએ વિલક્ષણ એવા સકૃદ્બંધકાદિને પણ, ઉપચારથી=ઔપચારિકી પૂર્વસેવા થાય; કેમ કે તેને=સકૃદ્બંધકાદિને, હજી પણ તેવા પ્રકારના ભવવૈરાગ્યનો અભાવ છે=મુક્તિને અનુકૂળ શુભ ભાવ થાય તેવા પ્રકારના ભવવૈરાગ્યનો અભાવ છે.**

**અહીં=શ્લોકમાં, શેષને ઉપચારથી પૂર્વસેવા છે એમ કહ્યું એમાં, કેટલાક શેષ શબ્દથી માર્ગપતિત અને માર્ગાભિમુખને પણ કહે છે, અને તે ઘટતું નથી=શેષ શબ્દથી માર્ગપતિતનું અને માર્ગાભિમુખનું ગ્રહણ ઘટતું નથી; કેમ કે તે બેનું=માર્ગપતિતનું અને માર્ગાભિમુખનું, અપુનર્બંધકની અવસ્થા વિશેષરૂપપણું હોવાથી અપુનર્બંધકના ગ્રહણથી જ ગતપણું છે=ગ્રહણ થયેલું છે, જે કારણથી લલિતવિસ્તરામાં માર્ગનું લક્ષણ આ પ્રમાણે=આગળ કહે છે એ પ્રમાણે, કહેવાયું છે –**

'અહીં=યોગમાર્ગના વિષયમાં, ચિત્તનું અવક્રગમન સાપના નલિકામાં ગમન તુલ્ય વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ સ્વરસને વહન કરનાર ક્ષયોપશમવિશેષ માર્ગ છે.'

**'इति' શબ્દ માર્ગના લક્ષણની સમાપ્તિ માટે છે.**

**ત્યાં=પૂર્વમાં કહેવાયેલા લક્ષણવાળા માર્ગમાં, પ્રવિષ્ટ માર્ગપતિત છે અને માર્ગપ્રવેશને યોગ્યભાવને પામેલો માર્ગાભિમુખ છે, અને એ રીતે=પૂર્વમાં માર્ગનું લક્ષણ બતાવીને માર્ગપતિત અને માર્ગાભિમુખનું સ્વરૂપ બતાવ્યું એ રીતે, આ બે=માર્ગપતિત અને માર્ગાભિમુખ એ બે, અપુનર્બંધક અવસ્થાના પર-પરતર અવસ્થાવાળા=દૂરદૂરતર અવસ્થાવાળા, કહેવા માટે ઉચિત નથી; કેમ કે ભગવાનની આજ્ઞાના**

**અવગમના યોગ્યપણાની પંચસૂત્રની વૃત્તિમાં=પંચસૂત્રની ટીકામાં, આ બેનું=માર્ગપતિત-માર્ગાભિમુખ એ બેનું ઉક્તપણું છે, જે પ્રમાણે ત્યાં=પંચસૂત્રની વૃત્તિમાં કહેવાયું છે –**

"અને આ ભગવાનની સદાજ્ઞા સર્વ જ અપુનર્બંધકાદિથી ગમ્ય છે. અપુનર્બંધકાદિ જે જીવો ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને તે પ્રકારે, અપુનર્બંધકપણારૂપે ક્ષય કરે છે તે ખરેખર અપુનર્બંધક છે, 'आदि' શબ્દથી=અપુનર્બંધકાદિમાં રહેલા 'आदि' શબ્દથી, માર્ગપતિત-માર્ગાભિમુખ આદિ જીવો ગ્રહણ થાય છે, (જેઓ) દૃઢપ્રતિજ્ઞા આલોચન આદિ લિંગથી ગમ્ય છે. **આમનાથી=અપુનર્બંધકાદિથી, ગમ્ય આ=ભગવાનની આજ્ઞા છે, સંસારઅભિનંદી જીવોથી ગમ્ય નથી, એથી સંસાર-અભિનંદી જીવો અપુનર્બંધકની પૂર્વઅવસ્થાવાળા જીવો છે."**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૭૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક ૧૦૯માં ચાર પ્રકારની પૂર્વસેવા છે તેમ કહીને ત્યારપછી તે પૂર્વસેવાનું વર્ણન ગ્રંથકારશ્રીએ કર્યું. તે પૂર્વસેવા સેવનારા અપુનર્બંધકાદિ જીવો હોય છે અને સકૃદ્બંધકાદિ જીવો પણ હોય છે, તેમાંથી અપુનર્બંધકાદિ જીવોને આ પૂર્વસેવા નિરુપચરિત હોય છે; કેમ કે અપુનર્બંધકાદિ જીવોને મુક્તિને અનુકૂળ કંઈક શુભભાવો હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષ સાધવાને અનુકૂળ એવો યોગમાર્ગ ભાવથી દેશવિરતિગુણસ્થાનકવાળા જીવો પ્રાપ્ત કરે છે અને તેના પૂર્વે પૂર્વસેવારૂપે અપુનર્બંધક-માર્ગપતિત-માર્ગાભિમુખ જીવો તે યોગમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ યત્ન કરે છે, જે યત્નના બળથી તેઓ યોગ સેવવાને અનુકૂળ સદ્વીર્યવાળા થાય છે. જેમ કોઈ વિદ્યાસાધક વિદ્યા સાધવા બેસે તેના પૂર્વે કેટલાક કાળ સુધી વિદ્યા સાધવાના કાળમાં જે પ્રકારે સ્થિરતાથી વિદ્યા સાધવાનો પ્રયત્ન કરવાનો છે તેને અનુરૂપ શક્તિ સંચય અર્થે પૂર્વસેવાનું આચરણ કરે છે, તેથી તે પૂર્વસેવાના આચરણના બળથી જ્યારે સંચિત વીર્યવાળા થાય ત્યારે વિદ્યા સાધવા માટે તે વિદ્યાસાધક વિદ્યા સાધવાને અનુકૂળ ઉચિત આસનમાં બેસીને જપ કરે છે, જેના બળથી તેઓ વિદ્યાની સિદ્ધિ કરી શકે છે, તેમ મોક્ષની પ્રાપ્તિના અર્થી જીવો દેશવિરતિ આદિ ગુણસ્થાનકથી તચ્ચિત્ત, તદ્મન તદ્લેશ્યા આદિ ભાવોથી યુક્ત દેશવિરતિ આદિ અનુષ્ઠાનસેવનની શક્તિના સંચય અર્થે દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકાર્યા પૂર્વે પૂર્વમાં વર્ણન કરાઈ તેવી પૂર્વસેવા આચરે છે અને તેવી પૂર્વસેવા અપુનર્બંધકાદિ જીવો તે પ્રકારે સેવે છે કે જેથી તે પૂર્વસેવાના બળથી આ ભવમાં કે જન્માંતરમાં યોગમાર્ગને સેવી શકે તેવા સંચિત વીર્યવાળા બને છે. અને જેઓ પૂર્વસેવાના બળથી આ ભવમાં યોગમાર્ગને અનુકૂળ સંચિત વીર્યવાળા બને છે તેઓ પોતાના સંચિત થયેલા વીર્યને અનુસાર દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારીને મોક્ષરૂપ ઇષ્ટફળને સાધવા માટે અધ્યાત્મરૂપ યોગનો સ્વીકાર કરે છે અને જેઓ આ ભવમાં સંચિત વીર્યવાળા થતા નથી તેઓ આ ભવમાં મુખ્ય પૂર્વસેવા સેવીને જન્માંતરમાં યોગમાર્ગને સેવવા માટે સમર્થ બને તેવા સંચિત વીર્યને પ્રાપ્ત કરે છે, તેથી અધ્યાત્મરૂપ યોગમાર્ગની પ્રાપ્તિનું અવશ્ય કારણ બને એવી નિરુપચરિત પૂર્વસેવા અપુનર્બંધકાદિ જીવોને હોય છે.

વળી કેટલાક સકૃદ્બંધકાદિ જીવો પણ પૂર્વમાં વર્ણન કરાયેલી પૂર્વસેવાનું આચરણ કરે છે તોપણ તેઓમાં ક્લિષ્ટકર્મઆપાદક કર્મ અતિશય હોવાથી અપુનર્બંધકાદિની જેમ ભવવૈરાગ્યને પ્રાપ્ત કરતા નથી, તોપણ અપુનર્બંધકની નજીકની ભૂમિકાવાળા સકૃદ્બંધકાદિ જીવો છે, તેથી તેઓની પૂર્વસેવા ઉપચારથી છે=અધ્યાત્મની પ્રાપ્તિનું સાક્ષાત્ કારણ નથી, પરંતુ તેઓ પૂર્વસેવાની આચરણાના બળથી કંઈક કર્મોનો નાશ કરશે ત્યારે મુખ્ય પૂર્વસેવા પ્રાપ્ત કરશે, તેથી મુખ્ય પૂર્વસેવાના કારણીભૂત એવી પૂર્વસેવા સકૃદ્બંધકાદિ જીવોની છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેઓને પણ પૂર્વસેવા છે એમ કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે સકૃદ્બંધકાદિ જીવોને કેમ મુખ્ય પૂર્વસેવા નથી ? તેથી કહે છે –

ભગવાનની આજ્ઞાના અવગમને યોગ્ય અપુનર્બંધક જીવો છે અને સકૃદ્બંધકાદિ જીવો સંસાર-અભિનંદી જીવો હોવાથી ભગવદ્ આજ્ઞાને જાણવા સમર્થ નથી. માટે સકૃદ્બંધકાદિ જીવોને ઉપચારથી પૂર્વસેવા છે અને અપુનર્બંધકાદિ જીવોને નિરુપચરિત પૂર્વસેવા છે.

આનાથી એ ફલિત થાય કે અપુનર્બંધક જીવો સંસારથી કંઈક વિરક્ત થયેલા છે, તેથી તેઓ સંસારના ઉચ્છેદને અનુકૂળ માર્ગ બતાવનારી ભગવાનની આજ્ઞાના પરમાર્થને કંઈક સમજી શકે છે, તેથી સ્વભૂમિકા અનુસાર પૂર્વસેવા સેવીને અધ્યાત્મને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. સકૃદ્બંધકાદિ જીવોને સંસાર પ્રત્યેનો રાગ હજી અપુનર્બંધકાદિ જીવો જેવો શિથિલ થયો નથી, તેથી તેઓ સંસારના ઉચ્છેદના ઉપાયને બતાવનારી ભગવાનની આજ્ઞાના રહસ્યને સમજી શકે તેવા નથી. માટે પૂર્વસેવાની આચરણા દ્વારા પણ તેઓ અધ્યાત્મમાર્ગમાં ચાલવાને અનુકૂળ બળ સંચય કરી શકતા નથી. **॥૧૭૯॥**

**અવતરણિકા :-**

**ननूपचरितं वस्त्वेव न भवति, तत्कथमुपचारतः शेषस्य पूर्वसेवा स्यादित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપચરિત વસ્તુ જ ન હોય=જેમ ટેબલમાં આ જીવ છે એ પ્રકારનો ઉપચરિત પ્રયોગ કરવાથી તે જીવરૂપ વસ્તુ થતી નથી, તેથી કેવી રીતે ઉપચારથી શેષને=સકૃદ્બંધકાદિને, પૂર્વસેવા થાય ? અર્થાત્ સકૃદ્બંધકની પૂર્વસેવાની આચરણા યોગપ્રાપ્તિનું કારણ નહિ હોવાથી પૂર્વસેવા કહી શકાય નહિ, એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**શ્લોક :-**

**कृतश्चास्या उपन्यासः शेषापेक्षोऽपि कार्यतः ।**
**नासन्नोऽप्यस्य बाहुल्यादन्यथैतत्प्रदर्शकः ।।१८०।।**

**અન્વયાર્થ :-**

च=વળી, शेषापेक्षोऽपि=શેષની અપેક્ષાવાળો પણ=અપુનર્બંધકથી અન્ય એવા સકૃદ્બંધકાદિની અપેક્ષાવાળો પણ, अस्या उपन्यासः=આનો ઉપન્યાસ=પૂર્વસેવાનો ઉપન્યાસ, कार्यतः=કાર્યથી, कृतः=કરાયો છે= સકૃદ્બંધકાદિમાં કરાયો છે=સકૃદ્બંધકમાં પૂર્વસેવા નહિ હોવા છતાં ભાવીની મુખ્ય પૂર્વસેવાના કારણીભૂત પૂર્વસેવા છે તેથી ભાવીની પૂર્વસેવારૂપ કાર્યથી સકૃદ્બંધકમાં પૂર્વસેવાનો ઉપન્યાસ કરાયો છે (જે કારણથી), अस्य आसन्नोऽपि=આનો આસન્ન પણ=અપુનર્બંધકભાવનો આસન્ન પણ, बाहुल्यादन्यथा न=બહુલતાથી અન્યથા નથી=અપુનર્બંધકના આચારથી બહુલતાએ વિપરીત નથી, एतत्प्रदर्शकः=આનો પ્રદર્શક છે=બહુલતાએ અન્યથા નથી એ અર્થનો પ્રદર્શક છે. ॥૧૮૦॥

**શ્લોકાર્થ :-**

**વળી, શેષની અપેક્ષાવાળો પણ આનો ઉપન્યાસ કાર્યથી કરાયો છે, (જે કારણથી) આનો આસન્ન પણ બહુલતાથી અન્યથા નથી, એનો પ્રદર્શક છે. ।।૧૮૦।।**

**ટીકા :-**

कृतश्च=कृतः पुनः, इह अस्याः=पूर्वसेवायाः, उपन्यासः प्रज्ञापनारूपः शेषापेक्षोऽपि अपुनर्बन्धक-भावासन्नजीवानाश्रित्य, कार्यतो=भाविनीं भावरूपां पूर्वसेवामपेक्ष्य 'नड्वलोदकं पादरोग' इत्यादि-दृष्टान्तात्, यतः न=नैव, आसन्नोऽपि=समीपवर्त्त्यपि जीवः, अस्य=अपुनर्बन्धकभावस्य, किं पुनरयमे-वेत्यपि शब्दार्थः, बाहुल्यात्=प्रायेण, अन्यथाऽपुनर्बन्धा(बन्धका)चारविलक्षणो वर्तत इति एतस्यार्थस्य प्रदर्शको=ख्यापकः, न हि मृत्पिण्डादि कारणं कार्याद् घटादेर्बाहुल्येन वैलक्षण्यमनुभवद् दृश्यते किन्तु कथंचित्तुल्यरूपतामिति ।।१८०।।

**ટીકાર્થ :-**

कृतश्च ..... कथंचित्तुल्यरूपतामिति ।। વળી અહીં=સકૃદ્બંધકમાં, આનો=પૂર્વસેવાનો, શેષની અપેક્ષાવાળો પણ પ્રજ્ઞાપનારૂપ ઉપન્યાસ=અપુનર્બંધક ભાવને આસન્ન એવા સકૃદ્બંધકાદિ જીવોને આશ્રયીને શેષની અપેક્ષાવાળો પ્રજ્ઞાપનારૂપ ઉપન્યાસ, કાર્યથી=ભાવીમાં થનારી ભાવરૂપ પૂર્વસેવાની અપેક્ષા રાખીને 'નડ્વલ ઉદક' પાદરોગનું કારણ છે ઇત્યાદિ દૃષ્ટાંતથી કરાયો છે. જે કારણથી આને= અપુનર્બંધકભાવને, આસન્ન પણ=સમીપવર્તી પણ, જીવ બહુલતાથી=પ્રાયઃ, અન્યથા=અપુનર્બંધકભાવના આચારથી વિલક્ષણ, વર્તતો નથી જ એ અર્થનો પ્રદર્શક છે=સકૃદ્બંધકમાં ઉપચારથી પૂર્વસેવા કહી તે આ અર્થનો ખ્યાપક છે, हि=જે કારણથી, મૃત્પિંડાદિરૂપ કારણ ઘટાદિરૂપ કાર્યથી બહુલતાએ વૈલક્ષણ્યને=વિલક્ષણપણાને અનુભવતું દેખાતું નથી, પરંતુ કથંચિત્ તુલ્યરૂપતાને અનુભવતું દેખાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૮૦॥

**ભાવાર્થ :-**

શ્લોક-૧૭૯માં કહ્યું કે સકૃદ્બંધકાદિ જીવોને ઉપચારથી પૂર્વસેવા છે. તેથી અવતરણિકામાં શંકા કરી કે જીવને ઉપચારથી ઘટ કહેવામાં આવે એટલામાત્રથી તે ઘટ થતો નથી તેમ સકૃદ્બંધક જીવો અધ્યાત્મના કારણભૂત પૂર્વસેવાને આચરતા ન હોય, પરંતુ યથાતથા પૂર્વસેવાની ક્રિયાઓ કરતા હોય તેટલા માત્રથી તેને પૂર્વસેવા કહી શકાય નહિ. આ શંકાનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી શ્લોકમાં કહે છે –

જેમ નડ્વલનું પાણી 'હાથીપગો' રોગનું કારણ છે, તેથી નડ્વલના પાણીને જ હાથીપગો રોગ છે તેમ કહેવાય છે તે રીતે સકૃદ્બંધકાદિ જીવો અપુનર્બંધક જીવોની આસન્ન ભૂમિકાવાળા છે, તેથી તેઓ પૂર્વમાં વર્ણન કરાયેલી પૂર્વસેવાની આચરણા કરે તેનાથી તેઓમાં ભાવિમાં થનારી ભાવરૂપ પૂર્વસેવા પ્રગટે છે, તેથી ભાવરૂપ પૂર્વસેવાના કારણરૂપ પૂર્વસેવા સકૃદ્બંધક જીવોની છે તેને આશ્રયીને તેઓમાં ઉપચારથી પૂર્વસેવા છે તેમ કહેલ છે અર્થાત્ સકૃદ્બંધકના પૂર્વસેવારૂપ કારણમાં અપુનર્બંધકભાવિ સેવાનો ઉપચાર કરીને સકૃદ્બંધકાદિ જીવોમાં પૂર્વસેવા છે તેમ કહેલ છે.

સકૃદ્બંધકાદિ જીવોની પૂર્વસેવા અપુનર્બંધકાદિ જીવોની પૂર્વસેવાનું કારણ કેમ છે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

અપુનર્બંધકની આસન્નભાવમાં રહેલા એવા સકૃદ્બંધકાદિ જીવો અપુનર્બંધકથી બહુલતાએ વિલક્ષણ નથી અર્થાત્ કંઈક વિલક્ષણ હોવા છતાં કંઈક અપુનર્બંધક જીવો સદૃશ પણ છે, જેમ માટીનો પિંડ ઘટથી આકારરૂપે વિલક્ષણ હોવા છતાં સર્વથા વિલક્ષણ નથી, આથી જ માટીના પિંડમાંથી ઘટ થાય છે અને રેતીનો સમુદાય ઘટથી સર્વથા વિલક્ષણ છે, તેથી રેતીમાંથી ઘટો થતા નથી તેમ સકૃદ્બંધકની પૂર્વસેવાની આચરણા અપુનર્બંધક જીવોની પૂર્વસેવા કરતાં કંઈક વિલક્ષણ હોવા છતાં સર્વથા વિલક્ષણ નથી, તેથી સકૃદ્બંધક જીવો પૂર્વસેવાની આચરણા કરીને અપુનર્બંધક જીવોની જેવી મુખ્ય પૂર્વસેવાને ભવિષ્યમાં પ્રાપ્ત કરે છે અને ચરમાવર્ત બહારના જીવોની પૂર્વસેવાની આચરણા સર્વથા વિલક્ષણ હોવાથી મુખ્ય પૂર્વસેવાનું કારણ નથી.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક જીવો ફરી ઉત્કૃષ્ટ કર્મબંધ ન કરે તેવા શુભપરિણામવાળા હોય છે, તેથી તેઓને ભોગાદિમાં રાગરૂપ ક્લેશ થાય તોપણ ઉત્કૃષ્ટસ્થિતિબંધના કારણીભૂત ક્લેશ થતો નથી, તેથી કંઈક અંશથી ક્લેશની પ્રકૃતિ સર્વથા નિવૃત્ત થઈ છે જેથી સંસારમાં જ્યાં સુધી રહે અને મોક્ષ પ્રાપ્ત ન કરે ત્યાં સુધીમાં ક્યારે પણ ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવો અધ્યવસાય તેઓને થતો નથી, તેથી તે જીવો પૂર્વસેવા દ્વારા વિશેષ સંક્લેશની નિવૃત્તિ કરીને અધ્યાત્મને અનુકૂળ સંચિત વીર્યવાળા થાય છે, તેથી તેઓની મુખ્ય પૂર્વસેવા છે.

વળી સકૃદ્બંધકાદિ જીવો એક વખત ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવી મલિનતાવાળા હોવા છતાં વારંવાર ઉત્કૃષ્ટ સંક્લેશ કરી શકે તેવી મલિનતાવાળા નથી, તેથી સકૃદ્બંધકાદિ જીવોમાં પણ ઉત્કૃષ્ટ સંક્લેશ કરવાની પ્રકૃતિ કંઈક અંશથી શિથિલ થયેલી છે, તેથી તે જીવો પૂર્વસેવાની આચરણા કરીને વિશેષ

સંક્લેશની પ્રકૃતિનું નિવર્તન કરે તો તેઓ પણ અપુનર્બંધક જીવો જેવી મુખ્ય પૂર્વસેવા પ્રાપ્ત કરે છે. માટે સકૃદ્બંધકાદિ જીવોની પૂર્વસેવા યોગમાર્ગ પ્રત્યે દૂરવર્તી કારણ છે અને અપુનર્બંધકાદિ જીવોની પૂર્વસેવા યોગમાર્ગની પ્રાપ્તિ પ્રત્યે સાક્ષાત્ કારણ છે. **॥૧૮૦॥**

**અવતરણિકા :-**

**इदमेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ આશ્રયીને=સકૃદ્બંધકાદિ જીવો અપુનર્બંધકાદિ જીવોને આસન્ન છે, તેથી સકૃદ્બંધકની પૂર્વસેવા મુખ્ય પૂર્વસેવાનું કારણ છે એને જ આશ્રયીને કહે છે –**

**શ્લોક :-**

**शुद्ध्यल्लोके यथा रत्नं जात्यं काञ्चनमेव वा ।**
**गुणैः संयुज्यते चित्रैस्तद्वदात्मापि दृश्यताम् ।१८१।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, लोके=લોકમાં, शुद्ध्यत् जात्यं रत्नं=શુદ્ધિને પામતું જાત્ય રત્ન, वा=અથવા, काञ्चनमेव=સુવર્ણ જ, चित्रैः गुणैः=ચિત્ર પ્રકારના ગુણો વડે, संयुज्यते=સંયોજનને પામે છે, तद्वद्=તેની જેમ, आत्मापि=આત્મા પણ=શુદ્ધિને પામતો એવો જીવ પણ, दृश्यताम्=જાણો. ।।૧૮૧।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે લોકમાં શુદ્ધિને પામતું જાત્ય રત્ન અથવા સુવર્ણ જ ચિત્ર પ્રકારના ગુણો વડે સંયોજનને પામે છે, તેની જેમ આત્મા પણ જાણો. ।।૧૮૧।।**

**ટીકા :-**

**शुद्ध्यत्=शुद्धिमनुभवत् क्षारमृत्पुटपाकादिसंयोगेन, लोके=व्यवहारार्हजनमध्ये, यथा रत्नं=पद्मरागादि, जात्यं=अकृत्रिमम्, काञ्चनमेव वा=चामीकरं वा, गुणैः=कान्त्यादिभिः, संयुज्यते=संश्लिष्यति, चित्रैःनानाविधैस्तदुचितैः, तद्वत्=रत्नकाञ्चनवत्, आत्मापि=जीवः, शुद्ध्यत्, किं पुना रत्नकाञ्चनं इत्यपिशब्दार्थः, दृश्यतां ऊहापोहचक्षुषाऽवलोक्यतामिति ।।१८१।।**

**ટીકાર્થ :-**

शुद्ध्यत् ..... चक्षुषाऽवलोक्यतामिति ।। **શુદ્ધિને પામતું=ક્ષાર-મૃત્પુટપાકાદિના સંયોગથી શુદ્ધિને અનુભવતું, જે પ્રમાણે જાત્યરત્ન=અકૃત્રિમ પદ્મરાગાદિ અથવા સુવર્ણ જ લોકમાં=વ્યવહાર યોગ્ય લોકમાં='આ શુદ્ધ છે આ અશુદ્ધ છે' એ પ્રકારના વ્યવહાર કરનારા લોકમાં, ચિત્ર ગુણો વડે=જુદા**

**જુદા પ્રકારના તેના ઉચિત એવા કાંતિ આદિ ગુણો વડે, સંયોજન પામે છે=સંશ્લેષ પામે છે, તેની જેમ=રત્ન કે સુવર્ણની જેમ, શુદ્ધિને પામતો આત્મા પણ=જીવ પણ, જુઓ=ઊહાપોહચક્ષુ દ્વારા અવલોકન કરો.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૮૧।।**

❖ અહીં 'आत्मापि'માં રહેલા 'अपि' શબ્દનો 'રત્ન-કાંચનનું શું કહેવું ? આત્મા પણ શુદ્ધ થાય છે' એમ અર્થ છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૦માં કહેલ કે અપુનર્બંધકની પૂર્વસેવાની નજીકની પૂર્વસેવા સકૃદ્બંધકાદિની છે, તેથી સકૃદ્બંધકાદિ જીવોની પૂર્વસેવા મુખ્ય પૂર્વસેવાનું કારણ છે અને અવતરણિકામાં કહેલ કે આને આશ્રયીને કહેલ છે, તેથી સકૃદ્બંધકાદિની પૂર્વસેવા કઈ રીતે મુખ્ય પૂર્વસેવાનું કારણ છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ જાત્યરત્ન શુદ્ધિને પામતું હોય તો જુદા જુદા પ્રકારના ગુણોથી સંયોજન પામે છે અર્થાત્ જેટલી જેટલી શુદ્ધિ થાય તેટલા તેટલા અંશથી જાત્યરત્નના કાંતિ આદિ ગુણો સ્પષ્ટ-સ્પષ્ટતર દેખાય છે, તેમ સકૃદબંધક જીવો પૂર્વસેવાની આચરણા કરે છે ત્યારે સ્વભૂમિકા અનુસાર કંઈક ઉચિત પ્રવૃત્તિ કરીને ક્રમસર શુદ્ધિને પામે છે, તેથી અપુનર્બંધકદશાને યોગ્ય મુખ્ય પૂર્વસેવાને પામે છે અને અપુનર્બંધક જીવો સકૃદ્બંધક આદિ જીવો કરતાં વિશેષ શુદ્ધિ પામેલા હોવાથી પૂર્વસેવાને સેવીને અધ્યાત્મરૂપ યોગમાર્ગને સેવવાને અનુકૂળ શુદ્ધિને પ્રાપ્ત કરે છે, એ પ્રકારે વિવેકી પુરુષે ઊહાપોહરૂપ ચક્ષુથી અવલોકન કરવું જોઈએ, જેથી દૃષ્ટાંતના બળથી જીવોમાં થતી ક્રમસર શુદ્ધિ ઉચિત આચરણા દ્વારા કઈ રીતે થાય છે તેનો યથાર્થ બોધ થાય.

વળી જેઓ રત્નના શોધન માટે પણ ક્ષાર મૃત્પુટપાકાદિ યથાતથા કરે છે તેઓ જાત્યરત્નને શુદ્ધ કરી શકતા નથી તેમ જે જીવો સ્વભૂમિકા અનુસાર ઉચિત પૂર્વસેવા કરતા નથી તે જીવો પોતાનામાં રહેલી જાત્યરત્ન જેવી શુદ્ધ થવાની યોગ્યતાને પ્રગટ કરી શકતા નથી, માટે જેમ જાત્યરત્નમાં કે સુવર્ણના દૃષ્ટાંતમાં તેની ઉચિતપ્રક્રિયાથી શુદ્ધિની પ્રાપ્તિ થાય છે તેમ આત્માની મલિન અવસ્થામાં પણ શુદ્ધિની પ્રક્રિયારૂપ પૂર્વસેવા ઉચિત રીતે સેવવામાં આવે તો શુદ્ધિ પ્રાપ્ત થાય, તેમ બુદ્ધિમાન પુરુષે વિવેકચક્ષુથી અવલોકન કરવું જોઈએ, જેથી ઉચિત રીતે પૂર્વસેવા સેવીને ક્લેશની હાનિથી આત્માની શુદ્ધિને પોતે પ્રાપ્ત કરી શકે. **।।૧૮૧।।**

**અવતરણિકા :-**

**अत्रैव मतान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=શ્લોક-૧૮૦માં કહ્યું કે સકૃદ્બંધકની પૂર્વસેવા મુખ્ય પૂર્વસેવાનું કારણ છે માટે ઉપચારથી સકૃદ્બંધકની પૂર્વસેવાની આચરણાને પૂર્વસેવા કહેલ છે એમાં જ, મતાંતરને કહે છે –**

શ્લોક :-

तत्प्रकृत्यैव शेषस्य केचिदेनां प्रचक्षते ।
आलोचनाद्यभावेन तथानाभोगसङ्गताम् ।।१८२।।

અન્વયાર્થ :-

शेषस्य=શેષ જીવોને=સકૃદ્બંધકાદિ જીવોને, तत्प्रकृत्यैव=તેની પ્રકૃતિથી જ=સકૃદ્બંધકાદિની પ્રકૃતિથી જ, आलोचनाद्यभावेन=આલોચનાદિના અભાવને કારણે, तथानाभोगसङ्गतां एनां=તેવા પ્રકારના અનાભોગથી યુક્ત એવી આને=તેવા પ્રકારના અનાભોગથી યુક્ત એવી પૂર્વસેવાને, केचिद्=કેટલાક આચાર્યો, प्रचक्षते=કહે છે. ।।૧૮૨।।

શ્લોકાર્થ :-

**શેષ જીવોને તેની પ્રકૃતિથી જ આલોચનાદિના અભાવને કારણે તેવા પ્રકારના અનાભોગથી યુક્ત એવી આને=પૂર્વસેવાને, કેટલાક આચાર્યો કહે છે. ।।૧૮૨।।**

ટીકા :-

सा वक्ष्यमाणविशेषणानुरूपा या प्रकृतिः=स्वभावः, तया शेषस्य सकृद्बन्धकादेः केचिच्छास्त्रकाराः एनां=पूर्वसेवाम्, प्रचक्षते=व्याकुर्वते, न पुनः सर्वे, कीदृशीमित्याह – आलोचनाद्यभावेन=आलोचनस्योहस्यादिशब्दादपोहस्य च निर्णयस्य मार्गविषयस्याभावेन, तथानाभोगसङ्गतां तथा तत्प्रकारः कथंचिदपि भवस्वरूपाऽनिर्णायको योऽनाभोग उपयोगाभावस्तत्सङ्गतां, पूर्वं कारणभावेनोपचरितत्वमुक्तमत्र चानाभोगद्वारेणेति ।।१८२।।

ટીકાર્થ :-

सा वक्ष्यमाण ..... चानाभोगद्वारेणेति ।। વક્ષ્યમાણ વિશેષણ અનુરૂપ જે પ્રકૃતિ=સ્વભાવ, તે પ્રકૃતિ વડે=આલોચનાદિ અભાવરૂપ જે વક્ષ્યમાણ વિશેષણને અનુરૂપ સકૃદ્બંધકાદિની પ્રકૃતિ છે તેના વડે, શેષ એવા સકૃદ્બંધકાદિ જીવોની આને=પૂર્વસેવાને, કેટલાક શાસ્ત્રકારો કહે છે, વળી સર્વ શાસ્ત્રકારો કહેતા નથી.

કેવા પ્રકારની પૂર્વસેવાને કહે છે ? એને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

આલોચનાદિના અભાવને કારણે=આલોચન અર્થાત્ ઊહ અને અપોહ અર્થાત્ માર્ગવિષયક નિર્ણય તેનો અભાવ હોવાને કારણે, તેવા પ્રકારના અનાભોગથી યુક્ત=તે પ્રકારનો કોઈપણ ભવસ્વરૂપનો અનિર્ણાયક જે અનાભોગ અર્થાત્ ઉપયોગનો અભાવ તેનાથી યુક્ત એવી પૂર્વસેવાને કેટલાક આચાર્યો કહે છે એમ અન્વય છે.

**પૂર્વમાં=શ્લોક-૧૮૦માં, કારણભાવથી=મુખ્ય પૂર્વસેવાના કારણભાવથી, ઉપચરિતપણું=સકૃદ્બંધકની પૂર્વસેવામાં ઉપચરિતપણું, કહેવાયું અને અહીં=પ્રસ્તુત શ્લોકમાં, અનાભોગ દ્વારા=આલોચનાદિના અભાવને કારણે અનાભોગ દ્વારા, ઉપચરિતપણું કહેવાયું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૧૮૨॥**

**ભાવાર્થ :-**

સકૃદ્બંધકજીવોને અપુનર્બંધક જીવો કરતાં ભાવમલ અધિક છે અર્થાત્ અપુનર્બંધક જીવો કરતાં સકૃદ્બંધકાદિ જીવોનું મિથ્યાત્વ ગાઢ છે, તેથી તેઓની પ્રકૃતિ જ તેવા પ્રકારની છે કે ભવસ્વરૂપનું વાસ્તવિક આલોચન કરી શકે નહિ, તેથી અન્ય આચાર્યો સકૃદ્બંધકની પૂર્વસેવાને તેવા પ્રકારના અનાભોગથી યુક્ત માને છે.

આશય એ છે કે બાહ્ય આચરણારૂપે જેવી પૂર્વસેવા અપુનર્બંધક જીવો કરે છે તેવી જ બાહ્ય આચરણારૂપ પૂર્વસેવા સકૃદ્બંધકજીવો કરે છે, આમ છતાં જે પ્રકારે અપુનર્બંધક જીવો મિથ્યાત્વની મંદતાને કારણે ભવસ્વરૂપનો ઊહ-અપોહ કરીને સંસારથી નિસ્તારના ઉપાયરૂપ માર્ગવિષયક નિર્ણય કરે છે તે પ્રકારે સંસારના વાસ્તવિક સ્વરૂપનો ઊહ-અપોહ કરીને તેના ઉચ્છેદના ઉપાયનો નિર્ણય સકૃદ્બંધકજીવો કરી શકતા નથી; કેમ કે તેઓમાં વિપર્યાસનું આધાયક મિથ્યાત્વ પ્રચુર છે, તેથી પૂર્વસેવાને સેવીને પણ અંતરંગ રીતે અધ્યાત્મની પ્રાપ્તિને અનુકૂળ શક્તિનો સંચય સકૃદ્બંધક જીવો કરતા નથી, તેથી તેઓની પૂર્વસેવા ભવસ્વરૂપનો નિર્ણય કરવામાં કારણ બને તેવા ઉપયોગથી શૂન્ય છે, તેમ અન્ય આચાર્યો કહે છે.

અહીં પ્રશ્ન થાય કે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સકૃદ્બંધકની પૂર્વસેવાનું કથન કર્યું અને અન્ય આચાર્યોએ પ્રસ્તુત શ્લોકમાં સકૃદ્બંધકની પૂર્વસેવાનું કથન કર્યું એમાં શું ભેદ છે ? તેને સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

શ્લોક-૧૮૦માં કહ્યું એ પ્રમાણે સકૃદ્બંધકજીવોની પૂર્વસેવા મુખ્ય પૂર્વસેવાનું કારણ છે તે અપેક્ષાએ ઉપચરિતપણું છે અને અન્ય આચાર્યોએ કહ્યું એ પ્રમાણે સકૃદ્બંધકજીવો પૂર્વસેવાના આચારો સેવે છે ત્યારે પણ ભવના સ્વરૂપનો પારમાર્થિક ઊહાપોહ કરીને ભવથી નિસ્તારને અનુકૂળ ઉચિત યત્ન કરે તેવા ઉપયોગવાળા નથી, તેથી અનાભોગથી જ પૂર્વસેવા સેવે છે, માટે તેઓની પૂર્વસેવા ભવનિસ્તારનું કારણ નથી, પરંતુ ભવનિસ્તારના અર્થે અપુનર્બંધક જીવો જેવી પૂર્વસેવા સેવે છે તેવી જ પૂર્વસેવા બાહ્યઆચરણાથી છે, માટે ઉપચારથી તેને પૂર્વસેવા કહેવાય, પરમાર્થથી પૂર્વસેવા નથી, આ પ્રકારનો અન્ય આચાર્યોનો મત છે. **॥૧૮૨॥**

**અવતરણિકા :-**

**एतदेव समर्थयमान आह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=અન્ય આચાર્યોના મતને જ, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**युज्यते चैतदप्येवं तीव्रे मलविषे न यत् ।**
**तदावेगो भवासङ्गस्तस्योच्चैर्विनिवर्तते ।।१८३।।**

**અન્વયાર્થ :-**

च=અને, एतदपि=આ પણ=શ્લોક-૧૮૨માં કહ્યું એ પણ, एवं=આ રીતે=જે પ્રકારે અન્ય આચાર્યોએ કહ્યું એ રીતે, युज्यते=ઘટે છે, यत्=જે કારણથી, तीव्रे मलविषे=તીવ્ર મલરૂપ વિષ હોતે છતે, भवासङ्गः तदावेगः=ભવના આસંગરૂપ તેનો આવેગ, तस्य=તેને=સકૃદ્‌બંધકજીવને, उच्चैः=અત્યંત, विनिवर्तते न= નિવર્તન પામતો નથી. ॥૧૮૩॥

**શ્લોકાર્થ :-**

**અને આ પણ આ રીતે ઘટે છે, જે કારણથી તીવ્ર મલરૂપ વિષ હોતે છતે ભવના આસંગરૂપ તેનો આવેગ તેને=સકૃદ્‌બંધકજીવને, અત્યંત નિવર્તન પામતો નથી. ॥૧૮૩॥**

**ટીકા :-**

युज्यते च=घटत एव, एतदपि=अनन्तरोक्तं वस्तु, किं पुनः परंपरोक्तमित्यपिशब्दार्थः, एवं=यथा केचित्प्रचक्षते, अत्र हेतुः-तीव्रे=अत्यन्तमुत्कटे, मलविषे कर्मबन्धयोग्यतालक्षणे न=नैव, यद्=यस्मात्, तदावेगः=मलविषावेगः, किंरूप ? इत्याह – भवासङ्गः=संसारप्रतिबन्धः, तस्य=शेषजीवस्य, उच्चैः=अत्यन्तम्, विनिवर्तते, मनागपि हि तन्निवृत्तौ तस्याऽपुनर्बन्धकत्वमेव स्यादित्यौपचारिक्येव शेषस्य पूर्वसेवेति स्थितम् ।।१८३।।

**ટીકાર્થ :-**

'युज्यते ..... स्थितम् ।। આ પણ=અનંતર ઉક્ત વસ્તુ=શ્લોક-૧૮૨માં કહેલી વસ્તુ, આ રીતે=જે પ્રમાણે કેટલાક આચાર્યો કહે છે એ રીતે, ઘટે જ છે એમાં=અન્ય આચાર્યો કહે છે એ ઘટે છે એમાં, હેતુ કહે છે – જે કારણથી તીવ્ર=અત્યંત ઉત્કટ કર્મબંધ યોગ્યતારૂપ મલસ્વરૂપ વિષ હોતે છતે તેનો આવેગ=મલરૂપ વિષનો આવેગ. કેવા સ્વરૂપવાળો આવેગ ? એથી કહે છે – ભવનો આસંગ=સંસારનો પ્રતિબંધ છે જેમાં એવો આવેગ, તેને=શેષ જીવને=અપુનર્બંધક કરતાં શેષ એવા સકૃદ્‌બંધક જીવને, અત્યંત નિવર્તન પામતો નથી જ=સર્વથા નિવર્તન પામતો નથી જ. हि=જે કારણથી થોડી પણ તેની નિવૃત્તિ હોતે છતે=ભવના આસંગની થોડી પણ નિવૃત્તિ હોતે છતે, તેનું=તે જીવનું, અપુનર્બંધકપણું જ થાય, એથી શેષની=સકૃદ્‌બંધકની, ઔપચારિકી જ પૂર્વસેવા છે એ પ્રમાણે સ્થિત છે=નિશ્ચિત છે.

'एतदपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરતાં ટીકાકારશ્રી કહે છે –

**શું વળી પરંપરા ઉક્ત ?= પૂર્વશ્લોકને છોડીને શ્લોક-૧૮૦માં કહેલ તે તો ઘટે છે, પરંતુ અનંતર ઉક્ત પણ ઘટે છે, એ 'अपि' શબ્દનો અર્થ છે. ॥૧૮૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૨માં ગ્રંથકારશ્રીએ અન્ય આચાર્યોનો મત બતાવ્યો કે સકૃદ્બંધકજીવોની પૂર્વસેવા અનાભોગથી યુક્ત હોય છે, એ પણ ગ્રંથકારશ્રીને સંમત છે, છતાં ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૮૦માં ભિન્નદૃષ્ટિકોણથી સકૃદ્બંધકની પૂર્વસેવાને ઉપચરિત કહેલ છે અને અન્ય આચાર્યોએ ભિન્ન દૃષ્ટિકોણથી સકૃદ્બંધકની પૂર્વસેવાને અનાભોગયુક્ત કહેલ છે, તેથી પદાર્થને જોવાની આ નયભેદની દૃષ્ટિ છે, તેથી અન્ય આચાર્યના મતને સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જ્યારે જીવમાં કર્મબંધની યોગ્યતારૂપ મલ તીવ્ર હોય ત્યારે ભવઆસંગરૂપ મલના વિષનો આવેગ જીવમાં અત્યંત વર્તે છે, તેથી તેવા વિષના આવેગવાળા સકૃદ્બંધકજીવોને ભવના સ્વરૂપનો નિર્ણય કરાવીને તેના ઉચ્છેદના ઉપાયવિષયક ઊહાપોહ લેશ પણ થતો નથી, તેથી તેવા જીવો પૂર્વમાં વર્ણન કરાયેલી પૂર્વસેવાની આચરણા કરે તો ગતાનુગતિક પ્રવૃત્તિથી કરે છે, પરંતુ ભવના ઉચ્છેદનું કારણ બને તે રીતે કરતા નથી, ફક્ત તેવા સકૃદ્બંધક જીવો પણ યોગ્ય ઉપદેશની સામગ્રીને પ્રાપ્ત કરે તો પુનઃ પુનઃ ઉપદેશના બળથી કંઈક વિવેક પ્રગટે ત્યારે ભવસ્વરૂપના આલોચનને અનુકૂળ ઊહશક્તિ તેઓમાં પ્રગટ થાય છે, તેથી અન્યત્ર સકૃદ્બંધકને પણ દીક્ષા આપવાના અધિકારી ગ્રંથકારશ્રીએ જ કહેલ છે, તોપણ વર્તમાનમાં ઉત્કૃષ્ટ સંક્લેશ કરે તેવી યોગ્યતા હોવાથી સંસારના વાસ્તવિક સ્વરૂપનું આલોચન કરવાની પ્રજ્ઞા સકૃદ્બંધકાદિ જીવોમાં નથી, જ્યારે કંઈક મલ અલ્પ થયેલો હોવાથી અપુનર્બંધક જીવો તેના મલની અલ્પતાને અનુરૂપ ભવસ્વરૂપનું સમ્યગ્ આલોચન કરનારા બને છે. **॥૧૮૩॥**

**અવતરણિકા :-**

**अथ यां प्रकृतिमाश्रित्य पूर्वसेवा स्यात्तां तद्विपर्ययं चाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જે પ્રકૃતિને આશ્રયીને=જેવા પ્રકારની ઉત્તમ પ્રકૃતિને આશ્રયીને, પૂર્વસેવા થાય=અધ્યાત્મના સેવનની ભૂમિકાનું કારણ બને તેવા પ્રકારની મુખ્ય પૂર્વસેવા થાય, તેને=તે પ્રકૃતિને, અને તેના વિપર્યયને=મુખ્ય પૂર્વસેવાના કારણીભૂત પ્રકૃતિથી વિપરીત પ્રકૃતિને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૭૯માં ગ્રંથકારશ્રીએ મુખ્ય પૂર્વસેવાનું સ્વરૂપ બતાવ્યું અને તેવી પૂર્વસેવા અપુનર્બંધકાદિ જીવોને થાય છે અને સકૃદ્બંધકજીવોને તેના કારણરૂપ પૂર્વસેવા થાય છે તેમ બતાવ્યું, ત્યારપછી શ્લોક-૧૮૨માં સકૃદ્બંધકજીવોની પૂર્વસેવાના વિષયમાં અન્ય આચાર્યોનો મત બતાવ્યો. તેથી ત્યાં જિજ્ઞાસા થાય કે

અપુનર્બંધક જીવોની કેવી પ્રકૃતિ છે કે જેના કારણે તેઓને મુખ્ય પૂર્વસેવાની પ્રાપ્તિ થાય છે અને સકૃદ્બંધકાદિ જીવોની કેવા પ્રકારની પ્રકૃતિ છે ? કે જેથી તેઓને મુખ્ય પૂર્વસેવા પ્રાપ્ત થતી નથી. તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**संक्लेशाऽयोगतो भूयः कल्याणाङ्गतया च यत् ।**
**तात्त्विकी प्रकृतिर्ज्ञेया तदन्या तूपचारतः ।।१८४।।**

**અન્વયાર્થ :-**

यत्=જે કારણથી, भूयः=ફરી, संक्लेशाऽयोगतो=સંક્લેશનો અયોગ હોવાથી, च=અને, कल्याणाङ्गतया= કલ્યાણનું અંગપણું હોવાથી (અપુનર્બંધક જીવોની પ્રકૃતિ વર્તે છે તે કારણથી), तात्त्विकी प्रकृतिः=તાત્ત્વિકી પ્રકૃતિ, ज्ञेया=જાણવી, तु=વળી, तदन्या=તેનાથી અન્ય=અપુનર્બંધક જીવોની તાત્ત્વિકી પ્રકૃતિથી અન્ય પ્રકૃતિ, उपचारतः=ઉપચરિતરૂપ જાણવી. ।।૧૮૪।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી ફરી સંક્લેશનો અયોગ હોવાથી અને કલ્યાણનું અંગપણું હોવાથી અપુનર્બંધક જીવોની પ્રકૃતિ વર્તે છે તે કારણથી તાત્ત્વિકી પ્રકૃતિ જાણવી. વળી તેનાથી અન્ય ઉપચરિતરૂપ જાણવી. ।।૧૮૪।।**

**ટીકા :-**

संक्लेशाऽयोगतो भूयः=पुनरपि तीव्रसंक्लेशाऽयोगेन, कल्याणांगतया च=उत्तरोत्तरभववैराग्यादि- कल्याणनिमित्तभावेन च, यद्=यस्मात्, वर्तते या, सा तस्मात्तात्त्विकी=वास्तवरूपा, प्रकृतिः= स्वभावलक्षणा धर्मार्हजीवस्य ज्ञेया, तदन्या तु=तस्या अन्या पुनः, प्रकृतिः उपचारतः, उपचरितरूपा, तात्त्विकप्रकृतिविलक्षणत्वात्तस्याः ।।१८४।।

**ટીકાર્થ :-**

संक्लेशाऽयोगतो ..... विलक्षणत्वात्तस्याः ।। ફરી સંક્લેશનો અયોગ હોવાથી=ફરી પણ તીવ્ર સંક્લેશનો અયોગ હોવાથી અને કલ્યાણનું અંગપણું હોવાથી=ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિ કલ્યાણનો નિમિત્તભાવ હોવાથી, જે કારણથી જે વર્તે છે=જે પ્રકૃતિ વર્તે છે, તે કારણથી ધર્મયોગ્ય જીવની તે સ્વભાવલક્ષણ પ્રકૃતિ તાત્ત્વિકી=વાસ્તવરૂપ જાણવી. વળી તેનાથી અન્ય પ્રકૃતિ ઉપચારથી ઉપચરિત રૂપ જાણવી; કેમ કે તેનું=અન્ય પ્રકૃતિનું, તાત્ત્વિક પ્રકૃતિથી વિલક્ષણપણું છે. ।।૧૮૪।।

**ભાવાર્થ :-**

અપુનર્બંધકાદિ જીવોમાં ફરી ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવા ક્લેશનો અયોગ થયેલો હોય છે, તેથી કોઈક નિમિત્તને પામીને જીવ અપુનર્બંધક થયેલો હોય અને પાછળથી કોઈક નિમિત્તે ક્લેશનો પરિણામ થાય, તોપણ પૂર્વની જેમ ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવી ક્લેશની પ્રકૃતિ તેઓમાંથી સદા ગયેલી છે, તેથી નક્કી થાય છે કે અપુનર્બંધક અવસ્થા પૂર્વે જેવી તેઓની પ્રકૃતિ હતી તેના કરતાં કંઈક ભાવમલના વિગમનને કારણે તેઓની પ્રકૃતિ કંઈક નિર્મળ થયેલી છે. વળી અપુનર્બંધક જીવો તેવા પ્રકારના ક્લેશના નિમિત્તોને પામ્યા ન હોય ત્યારે તેઓમાં કલ્યાણનું નિમિત્ત બને તેવી ઉત્તમ પ્રકૃતિ વર્તે છે, આથી જ અપુનર્બંધક જીવો જ્યારે ક્લેશવાળી અવસ્થામાં નથી, પરંતુ કંઈક યથાર્થ જોવામાં યત્નવાળા છે ત્યારે તે જીવો ઉત્તર ઉત્તર ભવવૈરાગ્યાદિ કલ્યાણના નિમિત્તવાળા ઉત્તમભાવોમાં વર્તે છે, તેથી ધર્મયોગ્ય એવા અપુનર્બંધક જીવોની પ્રકૃતિ કલ્યાણનું કારણ બને તેવી તાત્ત્વિકી છે તેના કારણે જ તેઓ પૂર્વસેવાને સેવીને અધ્યાત્મરૂપ યોગમાર્ગ સેવવાની શક્તિનો સંચય કરે છે.

વળી અપુનર્બંધકથી અન્ય એવા સકૃદ્બંધકાદિ જીવોમાં ફરી ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવી પ્રકૃતિનો યોગ છે અને ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિને પ્રાપ્ત કરે તેવી કલ્યાણના કારણરૂપ પ્રકૃતિ નથી, તેથી તેઓની ઉપચરિતરૂપ પ્રકૃતિ છે અર્થાત્ ઉપચરિત પૂર્વસેવાને સેવે તેવી પ્રકૃતિ છે, મુખ્ય પૂર્વસેવાને સેવે તેવી પ્રકૃતિ નથી.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક જીવોને પણ ક્યારેક અસદ્ગ્રહને દૃઢ કરે તેવો સંક્લેશ થાય છે, જેમ જમાલી ભાવથી ચારિત્રને પામેલા હતા, તેથી અવશ્ય અપુનર્બંધકદશાને પામેલા હતા, છતાં પોતાના વચનમાં તીવ્ર પક્ષપાતરૂપ અસદ્ગ્રહ થયો ત્યારે મિથ્યાત્વનો ઉત્કર્ષ વર્તતો હતો, છતાં ઉત્કૃષ્ટ સંક્લેશ કરે તેવો અસદ્ગ્રહ તેઓને થતો નથી, આથી જ અપુનર્બંધક અવસ્થાને પામેલો પણ વીરભગવાનનો આત્મા ત્રિપૃષ્ઠના ભવમાં અત્યંત ક્લેશ કરીને સાતમી નરકમાં ગયેલ, તોપણ ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિ બાંધે તેવા સંક્લેશનો અયોગ હતો, માટે તેઓમાં કંઈક મોક્ષમાર્ગને અનુકૂળ યોગ્યતા હતી, આમ છતાં કલ્યાણનું કારણ બને અને ઉત્તરોત્તર ભવવૈરાગ્યની વૃદ્ધિ થાય તેવી પ્રકૃતિ તે વખતે ન હતી અને તે જ અપુનર્બંધક જીવો જ્યારે કોઈક નિમિત્તને પામીને તત્ત્વવિષયક વિચારણા કરે છે ત્યારે ભાવમલ અલ્પ થયેલો હોવાથી=વિપર્યાસનો આપાદક મિથ્યાત્વરૂપ ભાવમલ અલ્પ થયેલો હોવાથી, સંસારના વાસ્તવિક સ્વરૂપને યથાર્થ જોવા માટે ઊહાપોહ કરે છે, તેથી તે વખતે તે અપુનર્બંધક જીવો સંસારના વાસ્તવિક સ્વરૂપનું વારંવાર સમાલોચન કરીને આત્માના હિતને અનુકૂળ માર્ગનો નિર્ણય કરે છે અને તેના બળથી તેઓ કલ્યાણનું કારણ બને તે રીતે પૂર્વસેવાને સેવે છે, તેથી પૂર્વસેવાના અંગભૂત દેવ-ગુરુ આદિની સેવા દ્વારા તેઓ પોતાની પ્રકૃતિને વિશેષ-વિશેષતર નિર્મળ કરે છે, જેના બળથી અધ્યાત્મરૂપ યોગમાર્ગને સેવવાની શક્તિનો સંચય કરે છે.

વળી સકૃદ્બંધકાદિ જીવો ક્લેશના યોગવાળા ન હોય અને કોઈક રીતે દેવ-ગુરુની સેવા આદિરૂપ

પૂર્વસેવાને સેવતા હોય, તોપણ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાની નિર્મળચક્ષુને બાધ કરનાર મિથ્યાત્વમોહનીય ઉત્કટ હોવાથી અપુનર્બંધકની જેમ ભવસ્વરૂપનું આલોચન કરીને પોતાની પ્રકૃતિને ઉત્તમ-ઉત્તમતર કરી શકતા નથી, માટે સકૃદ્બંધકની પ્રકૃતિ તાત્ત્વિકી પ્રકૃતિથી વિલક્ષણ જાણવી. **॥૧૮૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૪માં બતાવ્યું કે તાત્ત્વિકી પૂર્વસેવાને સેવવાને માટે કેવી ઉત્તમપ્રકૃતિ આવશ્યક છે કે જે પ્રકૃતિવાળા જીવો પૂર્વસેવાને સેવીને અધ્યાત્મયોગ સાધવા માટે સમર્થ બને છે, તેથી હવે આવી ઉત્તમ પ્રકૃતિવાળા જીવોને આશ્રયીને જ શાસ્ત્રમાં પૂર્વસેવાનો વ્યવહાર છે તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

एनां चाश्रित्य शास्त्रेषु व्यवहारः प्रवर्तते ।
ततश्चाधिकृतं वस्तु नान्यथेति स्थितं ह्यदः ।।१८५।।

**અન્વયાર્થ :-**

**एनां च आश्रित्य=આને જ આશ્રયીને=શ્લોક-૧૮૪માં બતાવી એ તાત્ત્વિકી પ્રકૃતિને જ આશ્રયીને, शास्त्रेषु=શાસ્ત્રોમાં=યોગશાસ્ત્રોમાં, व्यवहारः=વ્યવહાર=પૂર્વસેવાદિનો વ્યવહાર, प्रवर्तते=પ્રવર્તે છે, ततश्च=તે હેતુથી જ=તાત્ત્વિકી પૂર્વસેવાના સેવનરૂપ હેતુથી જ, अधिकृतं वस्तु=અધિકૃત વસ્તુ=પૂર્વસેવારૂપ અધિકૃત વસ્તુ તાત્ત્વિક છે, अन्यथा न=અન્યથા નથી=અપુનર્બંધકને છોડીને નથી, इति=એથી, अदः हि=આ સ્પષ્ટ, स्थितम्=સ્થિત છે. ॥૧૮૫॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧૮૪માં બતાવી એ તાત્ત્વિકી પ્રકૃતિને જ આશ્રયીને શાસ્ત્રોમાં વ્યવહાર પ્રવર્તે છે, તે હેતુથી જ અધિકૃત વસ્તુ તાત્ત્વિક છે, અન્યથા નથી, એથી આ સ્પષ્ટ સ્થિત છે. ॥૧૮૫॥**

**ટીકા :-**

एनां च=एनामेव तात्त्विकीं प्रकृतिं, आश्रित्य=अपेक्ष्य, शास्त्रेषु योगप्रतिबद्धेषु व्यवहारः पूर्वसेवादिः प्रवर्तते=प्रज्ञापनीयतामेति, ततश्च=तस्मादेव हेतोः, अधिकृतं पूर्वसेवालक्षणं वस्तु तात्त्विकम् नान्यथा= अपुनर्बन्धकं व्यतिरिच्य इति, स्थितं=प्रतिष्ठितम्, हि=स्फुटम्, अदः=एतत् ।।१८५।।

**ટીકાર્થ :-**

**एनां ..... एतत् ।। આ જ તાત્ત્વિકી પ્રકૃતિને આશ્રયીને=શ્લોક-૧૮૪માં બતાવી એ જ તાત્ત્વિકી પ્રકૃતિની અપેક્ષા રાખીને, યોગ પ્રતિબદ્ધ શાસ્ત્રોમાં પૂર્વસેવાદિરૂપ વ્યવહાર પ્રવર્તે છે= પ્રજ્ઞાપનીયતાને પામે છે, અને તે જ હેતુથી=તાત્ત્વિકીપૂર્વસેવાને આશ્રયીને જ પૂર્વસેવાનો વ્યવહાર પ્રવર્તે છે તે જ**

**હેતુથી, પૂર્વસેવા લક્ષણ અધિકૃત વસ્તુ તાત્ત્વિક છે=પૂર્વસેવાના લક્ષણથી યુક્ત છે, અન્યથા નથી=અપુનર્બંધકને છોડીને અન્ય જીવોની પૂર્વસેવાને આશ્રયીને નથી, એથી આ=શ્લોક-૧૮૬માં કહે છે એ, સ્પષ્ટ સ્થિત છે=પ્રતિષ્ઠિત છે=શાસ્ત્રસંમત છે. ।।૧૮૫।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગને કહેનારાં શાસ્ત્રોમાં પૂર્વમાં વર્ણન કર્યું એ ચાર પ્રકારની પૂર્વસેવા પ્રસિદ્ધ છે તે પૂર્વસેવાની આચરણા પૂર્વસેવાને સેવનારા સર્વ જીવોને આશ્રયીને સ્વીકારાયેલી નથી, પરંતુ શ્લોક-૧૮૪માં બતાવ્યું તેવા પ્રકારની પ્રકૃતિવાળા જીવોથી સેવાતી પૂર્વસેવાને આશ્રયીને યોગગ્રંથોમાં યોગના પ્રારંભની પૂર્વભૂમિકારૂપે સ્વીકારાયેલી છે, તેથી તેવા જીવો જે પૂર્વસેવા સેવે છે તે પૂર્વસેવા તાત્ત્વિકી છે; કેમ કે તે પૂર્વસેવા સેવીને તે જીવો અવશ્ય યોગમાર્ગને સેવવાની શક્તિનો સંચય કરે છે.

વળી અપુનર્બંધકને છોડીને સકૃદ્બંધકાદિ જીવો દ્વારા સેવાયેલી પૂર્વસેવાની આચરણા આચરણારૂપે સમાન હોવા છતાં યોગમાર્ગની શક્તિના સંચયનું કારણ નહિ હોવાથી તાત્ત્વિકી પૂર્વસેવા નથી, એથી આ=શ્લોક-૧૮૬માં કહે છે એ, સ્પષ્ટ પ્રતિષ્ઠિત છે=સંગત છે. **॥૧૮૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૫માં બતાવ્યું કે તાત્ત્વિકી પ્રકૃતિને આશ્રયીને પૂર્વસેવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે, એથી આગળ કહેવાશે એ સ્થિત છે, તેથી શું સ્થિત છે, તે હવે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**शान्तोदात्तत्वमत्रैव शुद्धानुष्ठानसाधनम् ।**
**सूक्ष्मभावोहसंयुक्तं तत्त्वसंवेदनानुगम् ।।१८६।।**

**અન્વયાર્થ :-**

**सूक्ष्मभावोहसंयुक्तं=સૂક્ષ્મભાવના ઊહથી સંયુક્ત, तत्त्वसंवेदनानुगं=તત્ત્વસંવેદનને અનુસરનાર, शुद्धानुष्ठान-साधनं=શુદ્ધ અનુષ્ઠાનનું કારણ એવું, शांतोदात्तत्वं=શાંત-ઉદાત્તપણું, अत्रैव=અહીં જ=અપુનર્બંધક જીવોની શ્લોક-૧૮૪માં બતાવી એવી કલ્યાણના અંગભૂત પ્રકૃતિ હોતે છતે, થાય છે. ।।૧૮૬।।**

**શ્લોકાર્થ :-**

**સૂક્ષ્મભાવના ઊહથી સંયુક્ત તત્ત્વસંવેદનને અનુસરનાર શુદ્ધ અનુષ્ઠાનનું કારણ એવું શાંત-ઉદાત્તપણું અહીં જ થાય છે. ।।૧૮૬।।**

**ટીકા :-**

**शान्तः=तथाविधेन्द्रियकषायविकारविकलः, उदात्तः=उच्चोच्चतराद्याचरणस्थितिबद्धचित्तः, ततः शान्तश्चासावुदात्तश्च शान्तोदात्तस्तस्य भावस्तत्त्वम्, अत्रैव=प्रोक्तप्रकृतौ सत्यां, जायते शुद्धानुष्ठान-**

**साधनं=निरवद्याचरणकारणम्, तथा सूक्ष्मभावोहसंयुक्तं=बन्धमोक्षादिनिपुणभावपर्यालोचनयुतम्, अत एव तत्त्वसंवेदनानुगं=तत्त्वसंवेदनसंज्ञितज्ञानविशेषसमन्वितम् ।।१८६।।**

**ટીકાર્થ :-**

**शान्तः ..... ज्ञानविशेषसमन्वितम् ।। શાંત=તેવા પ્રકારના ઈન્દ્રિય અને કષાયના વિકારથી વિકલ, ઉદાત્ત=ઉચ્ચ-ઉચ્ચતર આદિ આચરણની સ્થિતિમાં બદ્ધ ચિત્તવાળા, ત્યારપછી=શાંત અને ઉદાત્તનું સ્વરૂપ બતાવ્યા પછી,**

શાંત-ઉદાત્તત્વનો સમાસ સ્પષ્ટ કરે છે –

**શાંત એવો આ પુરુષ ઉદાત્ત છે, એ શાંતઉદાત્ત છે, તેનો ભાવ તત્ત્વ છે=શાંત-ઉદાત્તત્વ છે, આવું શાંત-ઉદાત્તત્વ અહીં જ=પૂર્વમાં કહેલી પ્રકૃતિ હોતે છતે થાય છે=શ્લોક-૧૮૪માં અપુનર્બંધક જીવોની પ્રકૃતિ બતાવી તેવી પ્રકૃતિ હોતે છતે જીવમાં થાય છે.**

તે શાંત-ઉદાત્તપણું કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**શુદ્ધ અનુષ્ઠાનનું સાધન છે=નિરવદ્ય આચરણનું કારણ છે અને સૂક્ષ્મભાવના ઊહથી સંયુક્ત છે=બંધ-મોક્ષાદિના નિપુણ ભાવરૂપ પરિણામોના પર્યાલોચનથી યુક્ત છે, આથી જ=અપુનર્બંધક જીવોમાં રહેલું શાંત-ઉદાત્તપણું સૂક્ષ્મભાવોના ઊહથી યુક્ત છે આથી જ, તત્ત્વસંવેદનને અનુસરનાર છે=તત્ત્વસંવેદનથી સંજ્ઞિત એવા જ્ઞાનવિશેષથી યુક્ત છે. ॥૧૮૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૪માં કહેલ કે ધર્મયોગ્ય જીવોની તાત્ત્વિકીપ્રકૃતિ કલ્યાણનું અંગ બને તેવી હોય છે, તેથી તેઓ ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિ કલ્યાણનાં નિમિત્તોને સેવનારા હોય છે, તેવી ઉત્તમ પ્રકૃતિ જીવને ક્યારે પ્રાપ્ત થાય છે તે બતાવવા માટે કહે છે –

તેવા જીવોમાં સૂક્ષ્મ ઊહાપોહથી યુક્ત તત્ત્વસંવેદન નામના જ્ઞાનને અનુસરનારું અને શુદ્ધ અનુષ્ઠાનનું કારણ એવું શાંત-ઉદાત્તપણું પ્રગટ થાય છે.

શાંત-ઉદાત્તપણું કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

અત્યંત અસમંજસ પ્રવૃત્તિ કરાવે તેવા ઇન્દ્રિયોના અને કષાયોના વિકારોથી વિકલ એવી જે પ્રકૃતિ તે શાંત પ્રકૃતિ છે અને પોતે જે ભૂમિકામાં છે તે ભૂમિકાથી ઉપર ઉપરની આચરણાને સેવવાને અનુકૂળ શક્તિસંચય થાય તે પ્રકારે બદ્ધચિત્તથી સ્વભૂમિકાની આચરણા સેવે છે તે ઉદાત્ત પ્રકૃતિ છે અને જે આવી પ્રકૃતિવાળો જીવ છે તે અપુનર્બંધક જીવ કલ્યાણના અંગભૂત પ્રકૃતિવાળો છે.

આશય એ છે કે અપુનર્બંધક જીવ જ્યારે સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરે છે ત્યારે તેને અસમંજસ કષાયો અને અસમંજસ ઇન્દ્રિયોના વિકારો અત્યંત હેય લાગે છે, તેથી તેવા ઇન્દ્રિય અને કષાયના વિકારોને તે સદા શાંત કરવા યત્ન કરે છે અને જે પ્રકારની પોતાની ચિત્તની ભૂમિકા હોય તે

પ્રકારની ધર્મની ઉચિત આચરણા સેવે છે અને તે ધર્મની ઉચિત આચરણા ઉત્તર-ઉત્તરની ઉચિત આચરણાનું કારણ બને તે રીતે સેવે છે; કેમ કે સંસારના વાસ્તવિક સ્વરૂપના અવલોકનથી ભય પામેલો એવો અપુનર્બંધક જીવ સદા સંસારના કારણીભૂત વિકારોને શમન કરવા યત્ન કરે છે, તેથી વિકારો શાંત બને અને મોક્ષને અનુકૂળ એવાં ઉચિત અનુષ્ઠાનો ઉત્તર-ઉત્તરના ગુણની વૃદ્ધિ થાય તે રીતે સેવવા યત્ન કરે છે, તેથી અપુનર્બંધક જીવ ઉદાત્ત પ્રકૃતિવાળો બને છે, આથી જ અપુનર્બંધક જીવોની આચરણા શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને છે; જેમ વિદ્યા સાધવાનો અર્થી જીવ પૂર્વસેવા તે રીતે સેવે છે કે જેથી વિદ્યા સાધવાને અનુકૂળ શક્તિનો સંચય થાય, તેમ અપુનર્બંધક જીવ દેવ-ગુરુની ભક્તિ આદિ અનુષ્ઠાન તે રીતે સેવે છે કે જેથી પોતાનું અનુષ્ઠાન અધ્યાત્મની પ્રાપ્તિરૂપ શુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને. આથી જ અધ્યાત્મની પ્રાપ્તિનો અર્થી એવો અપુનર્બંધક જીવ જે અનુષ્ઠાન સેવે છે તે સૂક્ષ્મભાવના ઊહથી સંયુક્ત હોય છે અર્થાત્ સંસારની પ્રવૃત્તિઓ કયા ભાવો દ્વારા બંધનું કારણ બને છે અને ધર્મની પ્રવૃત્તિઓ કયા પરિણામો દ્વારા મોક્ષનું કારણ બને છે અથવા પુણ્યબંધનું કારણ બને છે ઇત્યાદિ ભાવોના નિપુણ પર્યાલોચનવાળો હોય છે, તેથી પોતાની સંસારની પ્રવૃત્તિઓમાં ક્રમસર વિકારો ઘટે અને ધર્મની પ્રવૃત્તિઓ ઉત્તર-ઉત્તર ગુણવૃદ્ધિનું કારણ બને તે રીતે તે મહાત્મા સેવે છે, આથી જ તેનું ધર્મનું અનુષ્ઠાન તત્ત્વસંવેદન નામના જ્ઞાનથી યુક્ત હોય છે અર્થાત્ ધર્મનું જે અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનમાં મોક્ષને અનુકૂળ એવા વીતરાગતા આદિ ભાવોનું સંવેદન હોય છે, માટે તેવા અપુનર્બંધક જીવો પૂર્વસેવા સેવીને અવશ્ય અધ્યાત્મની સાધક એવી યોગની ભૂમિકાને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે અપુનર્બંધક જીવો તરતમતાથી અનેક ભૂમિકાવાળા છે, તેથી કેટલાક અપુનર્બંધક જીવોમાં ક્યારેક શાંતપ્રકૃતિ અલ્પમાત્રામાં જણાય છે, ઉદાત્ત પ્રકૃતિ પણ અલ્પમાત્રામાં જણાય છે તેવા અપુનર્બંધક જીવો સૂક્ષ્મભાવોનો ઊહાપોહ કરી શકતા નથી, છતાં જે અપુનર્બંધક જીવોને ભવનો ભય લાગ્યો છે તેઓ હંમેશાં ભવના ઉચ્છેદના ઉપાયોની ગવેષણા કરે છે, યોગીઓની પાસે તત્ત્વશ્રવણ માટે જાય છે અને સ્વશક્તિ અનુસાર ધર્મશાસ્ત્રનું અધ્યયન આદિ પણ કરે છે. તેનાથી તેઓની પ્રજ્ઞા હંમેશાં ઉત્તરોત્તર કંઈક કંઈક વૃદ્ધિ પામે છે, તેના કારણે કંઈક વિવેકસંપન્ન થયેલા અને સમ્યક્ત્વની આસન્નભૂમિકાવાળા અપુનર્બંધક જીવો કેવા સ્વરૂપવાળા હોય છે તે બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં સૂક્ષ્મભાવોના ઊહથી સંયુક્ત તત્ત્વસંવેદનને અનુસરનારું તેઓનું શાંત-ઉદાત્તપણું છે તેમ કહેલ છે.

જો કે અન્યત્ર વિષયપ્રતિભાસ આદિ ત્રણ જ્ઞાન કહ્યાં છે તેમાં વિષયપ્રતિભાસ જ્ઞાન મિથ્યાદૃષ્ટિને હોય છે અને તત્ત્વસંવેદન જ્ઞાન મુનિને હોય છે તેમ કહેલ છે તે અપેક્ષાએ અપુનર્બંધક જીવમાં જે અંશમાં મંદ પણ મિથ્યાત્વ છે તે અંશથી તેનું જ્ઞાન વિષયપ્રતિભાસરૂપ છે તોપણ મિથ્યાત્વની અત્યંત મંદતાને કારણે જે તેનું વિવેકયુક્ત જ્ઞાન છે તે તત્ત્વનું સંવેદન કરાવનાર છે, તેથી ભાવસાધુને મુખ્યરૂપે તત્ત્વસંવેદન જ્ઞાન હોય છે તેનો કંઈક અંશ અપુનર્બંધક જીવોમાં પણ હોય છે, આથી જ તત્ત્વસંવેદન જ્ઞાનની પ્રધાનતાને કારણે ભાવસાધુને સકામનિર્જરા હોય છે તેવી સકામનિર્જરા અપુનર્બંધકને નથી, તોપણ જે અંશથી તત્ત્વસંવેદન જ્ઞાન છે તે અંશથી તેને પણ સકામનિર્જરાની પ્રાપ્તિ છે અને અપુનર્બંધકદશાને પામેલા જીવો જ્યારે કોઈક

નિમિત્તથી તીવ્ર સંક્લેશવાળા હોય છે ત્યારે ઉત્તરોત્તર ભવવૈરાગ્યાદિ ભાવોવાળા નથી, તોપણ કોઈ નિમિત્તને પામીને અપુનર્બંધક જીવો ભવસ્વરૂપનો ઊહાપોહ કરે છે ત્યારે તેઓનો ભવ પ્રત્યેનો વૈરાગ્ય ઉત્તર-ઉત્તર વૃદ્ધિ પામે છે. તેવા અપુનર્બંધક જીવો પૂર્વસેવા સેવીને તત્ત્વસંવેદન જ્ઞાન પ્રધાન છે જેમાં એવા ચારિત્રના પરિણામરૂપ અધ્યાત્મની શક્તિનો સંચય કરે છે. **॥૧૮૬॥**

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

**તેથી=શ્લોક-૧૮૬માં કહ્યું કે કલ્યાણના અંગપણાવાળી તાત્ત્વિકી પ્રકૃતિ હોતે છતે શાંત-ઉદાત્તપણું થાય છે તેથી, 'શું' તે શ્લોકમાં કહે છે –**

**શ્લોક :-**

**शान्तोदात्तः प्रकृत्येह, शुभभावाश्रयो मतः ।**
**धन्यो भोगसुखस्येव, वित्ताढ्यो रूपवान् युवा ।।१८७।।**

**અન્વયાર્થ :-**

**इव=જે પ્રમાણે, धन्यः=ધન્ય, वित्ताढ्यः=સંપત્તિવાળો, रूपवान्=રૂપવાળો, युवा=યુવાન, भोगसुखस्य=ભોગસુખનો આશ્રય મનાયો છે તે પ્રમાણે, इह=અહીં=લોકમાં, प्रकृत्या=પ્રકૃતિથી, शान्तोदात्तः=શાંતઉદાત્ત જીવ, शुभभावाश्रयः=શુભભાવના આશ્રયવાળો, मतः=મનાયો છે. ।।૧૮૭।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે ધન્ય સંપત્તિવાળો રૂપવાળો યુવાન ભોગસુખનો આશ્રય મનાયો છે તે પ્રમાણે અહીં પ્રકૃતિથી શાંત-ઉદાત્ત જીવ શુભભાવના આશ્રયવાળો મનાયો છે. ।।૧૮૭।।**

**ટીકા :-**

**शान्तोदात्त उक्तरूपः प्रकृत्या=स्वभावेन, इह=जने, शुभभावाश्रयः=परिशुद्धचित्तपरिणामस्थानम्, मतो जन्तुः, अत्र दृष्टान्तमाह–धन्यः=सौभाग्यादेयतादिना धनार्हः, भोगसुखस्येव=शब्दरूपरसगन्धस्पर्शसेवालक्षणस्य यथाऽऽश्रयः वित्ताढ्यो=विभवनायकः, रूपवान्=शुभशरीरसंस्थानः, युवा=तरुणः पुमान् ।।१८७।।**

**ટીકાર્થ :-**

**शान्तोदात्त ..... पुमान् ।। પ્રકૃતિથી=સ્વભાવથી, ઉક્તરૂપવાળો શાંતઉદાત્ત=શ્લોક-૧૮૬માં બતાવેલા સ્વરૂપવાળો શાંત-ઉદાત્ત એવો જંતુ, અહીં=લોકમાં, શુભભાવનો આશ્રય=પરિશુદ્ધ ચિત્તના પરિણામનું**

**સ્થાન, મનાયો છે, આમાં=શાંત-ઉદાત્ત જીવ શુભભાવનો આશ્રય મનાયો છે એમાં, દૃષ્ટાંતને કહે છે - ધન્ય=સૌભાગ્ય-આદેયતા આદિથી ધન યોગ્ય, જે પ્રમાણે ભોગસુખનો આશ્રય છે=શબ્દરૂપરસગંધસ્પર્શની સેવા સ્વરૂપ ભોગસુખનો જે પ્રમાણે આશ્રય છે.**

કેવો ધન્ય ભોગસુખનો આશ્રય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**વિત્તથી આઢ્ય=વૈભવનો નાયક, રૂપવાળો=શુભ શરીરના સંસ્થાનવાળો, યુવાન=તરુણ પુરુષ, ભોગસુખનો આશ્રય છે એમ અન્વય છે. ॥૧૮૭॥**

**ભાવાર્થ :-**

શરીરજન્ય ભોગસુખની પ્રાપ્તિમાં સૌભાગ્ય-આદેય આદિ પ્રકૃતિ હોય, વૈભવ હોય, રૂપ હોય અને યુવાન અવસ્થા હોય તો તેવો જીવ પાંચેય ઇન્દ્રિયોનાં સુખોને સારી રીતે ભોગવી શકે છે તેમ આત્માના ઉત્તમ પરિણામજન્ય અંતરંગ સ્વસ્થતારૂપ સુખ જે જીવો પ્રકૃતિથી શાંત છે અને ઉદાત્ત આશયવાળા છે તેઓ જ અનુભવી શકે છે, આથી જ શાંત-ઉદાત્ત પ્રકૃતિવાળા જીવો હંમેશાં સંસારનું વાસ્તવિક સ્વરૂપ અવલોકન કરીને પોતાના ક્લેશનું શમન કરે છે, જેનાથી સ્વભૂમિકા અનુસાર ઉત્તર-ઉત્તરના શમભાવરૂપ સ્વસ્થતાના સુખને અનુભવે છે. **॥૧૮૭॥**

**અવતરણિકા :-**

एतदेव व्यतिरेकत आह –

**અવતરણિકાર્થ :-**

**આને જ=શાંત-ઉદાત્ત આશયવાળો જીવ શુભભાવના આશ્રયવાળો છે તેમ દૃષ્ટાંતથી પૂર્વશ્લોકમાં બતાવ્યું એને જ, વ્યતિરેકથી કહે છે –**

**શ્લોક :-**

**अनीदृशस्य च यथा, न भोगसुखमुत्तमम् ।**
**अशान्तादेस्तथा शुद्धं, नाऽनुष्ठानं कदाचन ।।१८८।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, यथा=જે પ્રમાણે, अनीदृशस्य=અનીદૃશજીવને=પૂર્વશ્લોકમાં બતાવેલા ધન્ય આદિ વિશેષણોથી રહિત જીવને, भोगसुखमुत्तमम्=ઉત્તમ ભોગસુખ, न=નથી, तथा=તે પ્રમાણે, अशान्तादेः=અશાંત આદિ જીવને=અશાંત-અનુદાત્ત જીવને, कदाचन=ક્યારેય, शुद्धं अनुष्ठानं न=શુદ્ધ અનુષ્ઠાન નથી. ।।૧૮૮।।**

**શ્લોકાર્થ :-**

**વળી જે પ્રમાણે અનીદૃશજીવને ઉત્તમ ભોગસુખ નથી, તે પ્રમાણે અશાંત આદિ જીવને ક્યારેય શુદ્ધ અનુષ્ઠાન નથી. ।।૧૮૮।।**

**ટીકા :-**

**अनीदृशस्य च=धन्यादिविशेषणविकलस्य पुनः, यथा न भोगसुखं शब्दादिविषयानुभवलक्षणम्, उत्तमं=प्रकृष्टम्, अशान्तादेः=अशान्तस्यानुदात्तस्य च, तथा=भोगसुखवत्, शुद्धं= निर्वाणावन्ध्यबीजकल्पम् नाऽनुष्ठानं देवपूजनादि, 'कदाचन'=क्वचिदपि काले ।।१८८।।**

**ટીકાર્થ :-**

**अनीदृशस्य ..... काले ।। વળી અનીદૃશને=ધન્ય આદિ વિશેષણ વિકલપુરુષને, જે પ્રમાણે ઉત્તમ=પ્રકૃષ્ટ, શબ્દાદિ વિષયના અનુભવરૂપ ભોગસુખ નથી, તે પ્રમાણે=ભોગસુખની જેમ, અશાંતાદિ જીવને=અશાંત અને અનુદાત્ત પ્રકૃતિવાળા જીવને, ક્યારે પણ=કોઈપણ કાળમાં, નિર્વાણના અવંધ્ય કારણ જેવું શુદ્ધ દેવપૂજનાદિ અનુષ્ઠાન નથી. ।।૧૮૮।।**

**ભાવાર્થ :-**

સંસારમાં જે જીવો પાસે સૌભાગ્ય આદેય આદિ ભાવો નથી, વૈભવ નથી, સુંદર રૂપ નથી કે યુવાન અવસ્થા નથી, તેઓ સંસારનાં ભોગસુખો અનુભવે છે, તોપણ ઉત્તમ ભોગસુખ નથી, પરંતુ તુચ્છ અને અસાર ભોગસુખ છે; કેમ કે બાહ્ય સામગ્રીની વિકલતાને કારણે ભોગની ક્રિયાથી તેઓના ચિત્તમાં વિશેષ આહ્લાદ થતો નથી, પરંતુ ભોગકાળમાં પણ 'આ સામગ્રી નથી' 'આ સામગ્રી નથી' ઇત્યાદિ ન્યૂનતાથી હણાયેલું તેઓનું ચિત્ત છે, તેથી તેઓનું ભોગસુખ અસાર છે, તેમ યોગમાર્ગના ક્ષેત્રમાં પણ જેઓની પ્રકૃતિ વિકારોથી અત્યંત બાધિત છે અને ઉદાત્ત આશયવાળા નથી તેવા જીવો પૂર્વસેવાનાં અંગભૂત દેવપૂજનાદિ અનુષ્ઠાનો કરતા હોય, તોપણ નિર્વાણનું અવશ્ય કારણ બને તેવું શુદ્ધ અનુષ્ઠાન તેઓ ક્યારેય સેવતા નથી, આથી જ તેઓની પૂર્વસેવા અધ્યાત્મરૂપ યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ નથી. **।।૧૮૮।।**

**અવતરણિકા :-**

**तर्हि किं स्यादित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**તો શું થાય ?=અનીદૃશજીવને ભોગસુખ ન થાય અને અશાંત આદિ ચિત્તવાળા જીવોનું શુદ્ધ અનુષ્ઠાન ન થાય તો શું થાય ? એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**मिथ्याविकल्परूपं तु, द्वयोर्द्वयमपि स्थितम् ।**
**स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं न तु तत्त्वतः ।।१८९।।**

**અન્વયાર્થ :-**

तु=વળી, द्वयोर्द्वयमपि=બન્નેનું બન્ને પણ=પુણ્યહીન જીવોનું ભોગસુખ અને અશાંતાદિ જીવોનું ધર્મ અનુષ્ઠાન બન્ને પણ, स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं मिथ्याविकल्परूपं स्थितम्=સ્વબુદ્ધિકલ્પનાશિલ્પીથી નિર્મિત મિથ્યાવિકલ્પરૂપ સ્થિત છે, तु=પરંતુ, तत्त्वतः न=તત્ત્વથી નથી. ।।૧૮૯।।

**શ્લોકાર્થ :-**

**વળી બન્નેનું બન્ને પણ સ્વબુદ્ધિકલ્પનાશિલ્પીથી નિર્મિત મિથ્યાવિકલ્પરૂપ સ્થિત છે, પરંતુ તત્ત્વથી નથી. ।।૧૮૯।।**

**ટીકા :-**

मिथ्याविकल्परूपं तु=मरुमरीचिकादिषु मुग्धमृगादीनां जलादिप्रतिभासाकारं पुनः, द्वयोः=उक्त-विलक्षणयोर्भोगिधार्मिकयोः, द्वयमपि भोगसुखानुष्ठानरूपं किं पुनरेकैकमित्यपिशब्दार्थः स्थितं= प्रतिष्ठितम्, किमुक्तं भवति ? स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितम्-स्वबुद्धिकल्पनास्वच्छन्दमतिविकल्परूपा सैव शिल्पी=वैज्ञानिकः, तेन निर्मितं=घटितम्, न तु=न पुनः, तत्त्वतः=परमार्थतः, तद्भोगसुखं धर्मानुष्ठानं चेति ।।१८९।।

**ટીકાર્થ :-**

मिथ्याविकल्परूपं ..... चेति ।। વળી બન્નેનું=શ્લોક-૧૮૮માં કહેવાયેલા વિલક્ષણ એવા ભોગી અને ધાર્મિક બન્નેનું, ભોગસુખ અને અનુષ્ઠાનરૂપ બન્ને પણ, મિથ્યાવિકલ્પરૂપ=મરુભૂમિમાં વર્તતા સૂર્યનાં કિરણોરૂપ મરીચિકા આદિમાં મુગ્ધ મૃગલા આદિના જલાદિના પ્રતિભાસના આકારવાળું, સ્થિત છે=પ્રતિષ્ઠિત છે.

શું કહેવાયેલું થાય છે ? તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે –

સ્વબુદ્ધિની કલ્પનારૂપ શિલ્પીથી નિર્મિત=સ્વચ્છંદ મતિના વિકલ્પરૂપ સ્વબુદ્ધિકલ્પના તે જ શિલ્પી-અર્થાત્ વૈજ્ઞાનિક તેનાથી નિર્મિત છે અર્થાત્ ઘડાયેલું છે, પરંતુ તત્ત્વથી=પરમાર્થથી, તે ભોગસુખ અને ધર્મનું અનુષ્ઠાન નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૮૯।।

❖ 'द्वयमपि'માં રહેલા 'अपि' શબ્દથી એ કહેવું છે કે શું વળી એક એક તો મિથ્યા વિકલ્પરૂપ છે, પરંતુ બન્ને પણ મિથ્યાવિકલ્પરૂપ છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૮માં દૃષ્ટાંતથી કહ્યું કે અશાંતાદિ પ્રકૃતિવાળા જીવોનું પૂર્વસેવારૂપ સેવાતું દેવપૂજનાદિ રૂપ અનુષ્ઠાન ક્યારે પણ શુદ્ધ થતું નથી અર્થાત્ અધ્યાત્મરૂપ યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ થતું નથી, ત્યાં પ્રશ્ન થાય કે તેઓનું સેવાયેલું અનુષ્ઠાન કેવું થાય ? તેથી કહે છે –

જેમ ધન્ય આદિ ગુણોથી રહિત જીવો ભોગ ભોગવે છે, તોપણ તેઓને સ્વબુદ્ધિકલ્પનાશિલ્પીથી નિર્મિત મિથ્યાવિકલ્પરૂપ સુખ હોય છે તેમ અશાંતાદિ પ્રકૃતિવાળા જીવોનું પણ દેવપૂજનાદિ અનુષ્ઠાન સ્વબુદ્ધિકલ્પનાશિલ્પીથી નિર્મિત મિથ્યાવિકલ્પરૂપ હોય છે, તેથી ધન્ય આદિ ગુણોથી રહિત જીવને પરમાર્થથી ભોગસુખ નથી અને અશાંતાદિ પ્રકૃતિવાળા જીવોને દેવપૂજનાદિના કૃત્યથી પણ પરમાર્થથી ધર્મઅનુષ્ઠાન નથી.

આશય એ છે કે સંસારમાં પુણ્યશાળી જીવોને ઉત્તમ ભોગસામગ્રી મળે છે અને યુવાન અવસ્થા આદિ હોય છે ત્યારે અનુકૂળ ભોગસામગ્રીથી ચિત્તને આહ્લાદ ઉત્પન્ન કરે તેવું ભોગસુખ હોય છે, પરંતુ પુણ્યહીન, જીવોનું ચિત્ત પ્રતિકૂળ સંયોગોથી અતિ હણાયેલું હોવાને કારણે ભોગકાળમાં પણ 'હું સુખી છું' તેવું સંવેદન તેઓને થતું નથી અને પોતાની બુદ્ધિકલ્પનાશિલ્પીથી નિર્મિત 'મેં સ્ત્રી આદિનો ભોગ કર્યો છે' તેવું તેઓને જણાય છે, તેથી તે ભોગ કાયાથી કરતા હોવા છતાં અંતરંગ સુખ દેનાર નહિ હોવાથી મિથ્યાવિકલ્પરૂપ છે તેમ જેઓની પ્રકૃતિ પૂર્વસેવાને સેવનને અનુકૂળ શાંત નથી અને માર્ગાનુસારી ઊહ કરીને ચિત્તને વિશેષ વિશેષ શાંત કરવાનો ઉદાત્ત આશય નથી, પરંતુ લોકસંજ્ઞાથી કે ગતાનુગતિક ઓઘસંજ્ઞાથી દેવપૂજનાદિ અનુષ્ઠાન કરે છે, ત્યારે પણ દેવના ગુણોથી ચિત્ત વાસિત કરીને આત્મામાં કોઈક ગુણનિષ્પત્તિરૂપ પરિણામને કરતા નથી, તેથી બાહ્યક્રિયાત્મક દેવપૂજનાદિ અનુષ્ઠાન અંતરંગ ગુણસમૃદ્ધિરૂપ ધર્મની નિષ્પત્તિનું કારણ નહિ હોવાથી મે ધર્મ અનુષ્ઠાન કર્યું છે તેવું મિથ્યાવિકલ્પરૂપ તેઓનું ધર્મઅનુષ્ઠાન છે, તેથી પોતાની બુદ્ધિની કલ્પનારૂપ શિલ્પીથી નિર્માણ કરાયેલું તે ધર્મઅનુષ્ઠાન છે, પરંતુ ગુણસંપત્તિના કારણીભૂત તે ધર્મઅનુષ્ઠાન નથી. **॥૧૮૯॥**

**અવતરણિકા :-**

**तद्भावनार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**તેના ભાવન માટે=દરિદ્રને ભોગ કરવા છતાં ભોગસુખ નથી તેના ભાવન માટે, કહે છે –**

**શ્લોક :-**

**भोगाङ्गशक्तिवैकल्यं(ल्यात्), दरिद्राऽयौवनस्थयोः ।**
**सुरूपरागाशङ्के च, कुरूपस्य स्वयोषिति ।।१९०।।**

**અન્વયાર્થ :-**

**दरिद्राऽयौवनस्थयोः=દરિદ્ર અને અયૌવનસ્થ પુરુષને, भोगाङ्गशक्तिवैकल्यं=ભોગાંગનું અને શક્તિનું વૈકલ્ય છે=દરિદ્રને ભોગાંગનું વૈકલ્ય છે અને અયૌવનસ્થને શક્તિનું વૈકલ્ય છે. च=અને, कुरूपस्य=કુરૂપને, स्वयोषिति=પોતાની સ્ત્રીમાં, सुरूपरागाशङ्के=સુરૂપનો રાગ અને આશંકા છે=પોતાની સ્ત્રીના સુંદર**

રૂપ પ્રત્યે પોતાને રાગ હોય છે અને સ્ત્રીને પોતાના પ્રત્યે રાગ છે કે નહિ એ પ્રકારની આશંકા હોય છે, તેથી દરિદ્ર અયૌવનસ્થ અને કુરૂપને ભોગસુખ નથી એમ શ્લોક-૧૯૧ સાથે સંબંધ છે. ॥૧૯૦॥

**શ્લોકાર્થ :-**

**દરિદ્ર અને અયૌવનસ્થ પુરુષને ભોગાંગ અને શક્તિનો વૈકલ્ય છે અને કુરૂપને પોતાની સ્ત્રીમાં સુરૂપનો રાગ અને આશંકા હોય છે. ॥૧૯૦॥**

**ટીકા :-**

**इह भोगाङ्गानि रूपादीनि वात्स्यायनोक्तानि, यदाह वात्स्यायनः**–'रूपवयोवैचक्षण्यसौभाग्यमाधुर्यैश्वर्याणि भोगसाधनम् इति, तत्रापि रूपवयोवित्ताढ्यत्वानि प्रधानानि इति' । [] **एतदेव त्रितयमपेक्ष्याह – भोगाङ्गशक्तिवैकल्यं(ल्यात्) भोगाङ्गानां रूपादीनां शक्तेर्भोगासेवनलक्षणाया वैकल्यम्=अभावः, दरिद्राऽयौवनस्थयोर्दरिद्रस्य भोगाङ्गविरहोऽयौवनस्थस्य त्वशक्तिरिति । सुरूपरागाशङ्के च- सुरूपे भोक्तुमारब्धे स्त्रीगते सुन्दरे संस्थाने रागः=अभिष्वङ्गातिरेकः, आशङ्का च स्त्रीगतानुरागसन्देहरूपा तस्मिन्, ततः सुरूपरागश्चाशङ्का च सुरूपरागाशङ्के पुनः कुरूपस्य तु पुंसः स्वयोषिति=स्वस्त्रियामिति ।।१९०।।**

**ટીકાર્થ :-**

**इह भोगाङ्गानि ..... स्वस्त्रियामिति ।। અહીં=સંસારમાં, વાત્સ્યાયન વડે કહેવાયેલા રૂપાદિ ભોગનાં અંગો છે, જેને વાત્સ્યાયન કહે છે –**

"રૂપ, વય, વૈચક્ષણ્ય, સૌભાગ્ય, માધુર્ય, ઐશ્વર્ય, ભોગનું સાધન છે."

**'इति' ભોગસાધનની સંખ્યાની સમાપ્તિમાં છે.**

"ત્યાં પણ=તે ભોગસાધનોમાં પણ, રૂપ, વય અને વિત્તાઢ્યત્વ પ્રધાન છે." ()

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.**

**આ જ ત્રિતયની અપેક્ષા કરીને=વાત્સ્યાયને કહેલાં રૂપ, વય અને ધનરૂપપ્રધાન ભોગસાધનોની અપેક્ષા કરીને, ગ્રંથકારશ્રી કહે છે –**

**ભોગાંગ અને શક્તિનું વૈકલ્ય છે તેથી દરિદ્રને અને અયૌવનસ્થને ભોગસુખ નથી એમ અન્વય છે.**

ભોગાંગ અને શક્તિના વૈકલ્યનો અર્થ સ્પષ્ટ કરે છે –

**ભોગના અંગરૂપ રૂપાદિનું વૈકલ્ય=અભાવ છે, ભોગના આસેવનરૂપ શક્તિનું વૈકલ્ય=અભાવ છે, દરિદ્ર અને અયૌવનસ્થ જીવોમાં દરિદ્રને ભોગાંગનો વિરહ છે, વળી અયૌવનસ્થને અશક્તિ છે.**

**'इति' શબ્દ શ્લોકના પૂર્વાર્ધના કથનની સમાપ્તિમાં છે.**

સુરૂપરાગ-આશંકા એ બેનો અર્થ કરે છે –

ભોગવવા માટે આરબ્ધ એવા સ્ત્રીગત સુંદર સંસ્થાનરૂપ સુરૂપમાં રાગ=અભિષ્વંગનો અતિરેક અને આશંકા=તેમાં અર્થાત્ તે પુરુષમાં, સ્ત્રીગત અનુરાગના સંદેહરૂપ આશંકા, તેથી સુરૂપરાગ અને આશંકા તે સુરૂપરાગાશંકા, વળી કુરૂપવાળા પુરુષને પોતાની સ્ત્રીમાં થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૯૦।।

**અવતરણિકા :-**

ततश्च –

**અવતરણિકાર્થ :-**

અને તેથી=દરિદ્રને અને અયૌવનસ્થને ભોગાંગનું અને શક્તિનું વૈકલ્ય છે અને કુરૂપને પોતાની સ્ત્રીમાં સુરૂપરાગ અને આશંકા છે તેથી, 'શું' ? તે શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

अभिमानसुखाऽभावे, तथा क्लिष्टान्तरात्मनः ।
अपायशक्तियोगाच्च, न हीत्थं भोगिनः सुखम् ।।१९१।।

**અન્વયાર્થ :-**

अभिमानसुखाऽभावे=અભિમાન સુખનો અભાવ હોતે છતે, तथा=અને, क्लिष्टान्तरात्मनः=ક્લિષ્ટ અંતરાત્માવાળાને, अपायशक्तियोगाच्च=અપાયનો અને શક્તિનો યોગ હોવાથી, इत्थं भोगिनः=આ રીતે ભોગીને=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે નિર્ધનત્વ આદિ વિશિષ્ટ ભોગીને, सुखम् न हि=સુખ નથી જ= ભોગથી થનારું સુખ નથી જ. ।।૧૯૧।।

**શ્લોકાર્થ :-**

**અભિમાન સુખનો અભાવ હોતે છતે અને ક્લિષ્ટ અંતરાત્માવાળાને અપાયનો અને શક્તિનો યોગ હોવાથી આ રીતે ભોગીને ભોગથી થનારું સુખ નથી જ. ।।૧૯૧।।**

**ટીકા :-**

अभिमानसुखाभावे=अहं सुखीत्येवं चित्तप्रतिपत्तिरूपलक्षणस्याभिमानसुखस्याभावे सति, 'तथा' इति विशेषणसमुच्चये, क्लिष्टान्तरात्मनो=अपूर्यमाणेच्छत्वेन साबाधचित्तस्य, अपायशक्तियोगाच्च= अपायस्य निर्वाहशरीरव्यवच्छेदरूपस्य दरिद्राऽयौवनस्थयोः कुरूपस्य वा रुचिमत्स्त्रीकृतोच्चाटनादेर्या शक्तिर्योग्यता तस्या योगात्सम्बन्धात्, चः-समुच्चये, किमित्याह न हि=नैव, इत्थं अनाढ्यत्वादि-विशिष्टस्य भोगिनः, सुखं भोगजं यद्विचक्षणैर्मृग्यत इति ।।१९१।।

**ટીકાર્થ :-**

**अभिमानसुखाभावे ..... यद्विचक्षणैर्मृग्यत इति ।। અભિમાન સુખનો અભાવ હોતે છતે='હું સુખી છું' એ પ્રકારની ચિત્તની પરિણતિરૂપ અભિમાનસુખનો અભાવ હોતે છતે, અને ક્લિષ્ટ અંતરાત્માને= અપૂર્યમાણ ઇચ્છાપણાથી બાધાવાળા ચિત્તને, અપાયશક્તિનો યોગ હોવાથી=દરિદ્રને નિર્વાહરૂપ અપાયનો અને અયૌવનસ્થને શરીરના નાશરૂપ અપાયનો યોગ હોવાથી અને કુરૂપને પોતાને ગમતી સ્ત્રીકૃત ઉચ્ચાટનાદિ જે શક્તિ અર્થાત્ યોગ્યતા તેના યોગથી, આ રીતે ભોગીને=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે અનાઢ્યત્વાદિ વિશિષ્ટ ભોગીને, ભોગથી થનારું સુખ નથી જ, જે બુદ્ધિમાન પુરુષો વડે ઇચ્છાય છે=બુદ્ધિમાન પુરુષો વડે ભોગથી જે સુખ ઇચ્છાય છે તેવું ભોગસુખ નથી એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૯૧।।**

**ભાવાર્થ :-**

દરિદ્રપુરુષને ભોગના અંગભૂત ધનાદિનો અભાવ છે અને અયૌવનસ્થને ભોગની શક્તિનો અભાવ છે અને કુરૂપને પોતાની સ્ત્રીને પોતાના વિષયમાં રાગ છે કે નહિ એ પ્રકારની આશંકા છે અને પોતાને તે સ્ત્રીના સુંદર દેહ પ્રત્યે રાગ છે, તેથી તે ત્રણે પ્રકારના જીવો ભોગ કરતા હોય તોપણ 'હું સુખી છું' એવો પરિણામ થતો નથી; કેમ કે દરિદ્રને હંમેશાં નિર્વાહની ચિંતા રહે છે, અયૌવનવાળા વૃદ્ધને શરીરના નાશની ચિંતા હોય છે અને કુરૂપને પોતાની સ્ત્રી તરફથી ઉચ્ચાટનાદિનો ભય હોય છે અર્થાત્ જો તેની પાસે ઉચ્ચાટનની શક્તિ હશે તો ઉચ્ચાટન કરીને મને હેરાન કરશે અથવા તેવા સંયોગમાં મને ગળું દબાવીને મારી નાખશે એ પ્રકારનો ભય રહે છે, તેથી દરિદ્ર, અયૌવનવાળા અને કુરૂપને ભોગથી સુખ થતું નથી.

અહીં પ્રશ્ન થાય કે તેઓ પણ સ્વસામર્થ્ય અનુરૂપ ભોગની ક્રિયા કરે છે, છતાં તેઓને ભોગથી સુખ કેમ નથી ? તેથી ટીકાકારશ્રી કહે છે –

બુદ્ધિમાન પુરુષો જેને ભોગથી થયેલું સુખ માને છે તેવું સુખ તે ત્રણેને નથી; કેમ કે દરિદ્રને ભોગથી થતા ધનના વ્યયને કારણે નિર્વાહની ચિંતાથી ભોગના સુખનો નાશ થાય છે, વૃદ્ધને આહારાદિનો ભોગ કર્યા પછી અસ્વસ્થતાને કારણે ભોગથી થનારું સુખ નાશ પામે છે અને કુરૂપને સુરૂપ સ્ત્રીથી અનર્થ થવાના ભયને કારણે તેના ભોગથી થતું સુખ નાશ પામે છે, માટે ભોગાંગવિકલ જીવોને ભોગથી સુખ થતું નથી, પરંતુ સંક્લેશની જ પ્રાપ્તિ થાય છે. **।।૧૯૦-૧૯૧।।**

**અવતરણિકા :-**

**यथा च तद्भोगसुखमनुष्ठानं च दृष्टान्तदार्ष्टान्तिकभावेन स्यातां तथाह –**

**અવતરણિકાર્થ :-**

**અને જે રીતે તેઓનું ભોગસુખ અને અનુષ્ઠાન=ભોગસામગ્રીયુક્ત જીવોનું ભોગસુખ અને શાંત-ઉદાત્ત પ્રકૃતિવાળા જીવોનું અનુષ્ઠાન, દૃષ્ટાંત-દાર્ષ્ટાન્તિકભાવથી થાય તે રીતે કહે છે –**

શ્લોક :-

अतोऽन्यस्य तु धन्यादेरिदमत्यन्तमुत्तमम् ।
यथा तथैव शान्तादेः, शुद्धानुष्ठानमित्यपि ।।१९२।।

**અન્વયાર્થ :-**

तु=વળી, अतोऽन्यस्य धन्यादेः=આનાથી અન્ય એવા ધન્યાદિનું=શ્લોક-૧૯૦-૧૯૧માં બતાવેલા ભોગી કરતાં અન્ય એવા ધન્યાદિનું, इदम्=આ=ભોગસુખ, यथा=જે પ્રકારે, अत्यन्तं उत्तमं=અત્યંત ઉત્તમ છે, तथैव=તે પ્રકારે જ, शान्तादेः शुद्धानुष्ठानमित्यपि=શાંતાદિનું આ પણ શુદ્ધ અનુષ્ઠાન ઉત્તમ છે. ।।૧૯૨।।

**શ્લોકાર્થ :-**

**વળી આનાથી અન્ય એવા ધન્યાદિનું ભોગસુખ જે પ્રકારે અત્યંત ઉત્તમ છે, તે પ્રકારે જ શાંતાદિનું આ પણ શુદ્ધ અનુષ્ઠાન ઉત્તમ છે. ।।૧૯૨।।**

**ટીકા :-**

**अतः=प्रागुक्ताद् भोगिनः सकाशात्, अन्यस्य तु=अन्यप्रकारभाजः पुनः, धन्यादेरुक्तरूपस्य भोगिनः, इदं=भोगसुखम्, अत्यन्तमुत्तमं=शेषभोगसुखातिशायि, यथा स्यात् तथैव शान्तादेः=शान्तोदात्तप्रकृतेः, अनुष्ठानं प्रस्तुतम् इत्यपीदमपि ज्ञेयमिति ।।१९२।।**

**ટીકાર્થ :-**

अतः ..... ज्ञेयमिति ।। વળી આનાથી=પૂર્વમાં કહેવાયેલા ભોગીથી=શ્લોક-૧૯૦-૧૯૧માં બતાવાયેલા ભોગીથી, અન્યને=અન્ય પ્રકારવાળા ધન્યાદિરૂપ ઉક્તસ્વરૂપવાળા ભોગીને, જે પ્રમાણે આ=ભોગસુખ, અત્યંત ઉત્તમ છે=શેષના ભોગસુખથી અતિશાયિ છે=ભોગાંગવિકલ એવા શેષ જીવોના ભોગસુખથી અતિશાયિ છે, તે પ્રમાણે જ શાંતાદિનું=શાંત-ઉદાત્ત પ્રકૃતિવાળા જીવનું, આ પણ અનુષ્ઠાન=પ્રસ્તુત એવું પૂર્વસેવારૂપ અનુષ્ઠાન, જાણવું.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૧૯૨।।

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૦-૧૯૧માં બતાવ્યું તેવા ભોગી કરતાં અન્ય પ્રકારના ભોગસામગ્રીયુક્ત ભોગીઓને ભોગથી 'હું સુખી છું' એ પ્રકારનું ઉત્તમ ભોગસુખ થાય છે તે રીતે જે જીવો કર્મની લઘુતાને કારણે શાંત પ્રકૃતિવાળા છે, માર્ગાનુસારી બુદ્ધિ હોવાથી અનુષ્ઠાનના સેવન દ્વારા વિશિષ્ટ ગુણસંપત્તિ પ્રગટ કરવા માટેના ઉપયોગવાળા છે, તેથી ઉદાત્ત આશયવાળા છે તેવા જીવો પૂર્વસેવારૂપ અનુષ્ઠાન સેવીને ચિત્તને તે પ્રકારનું સુંદર નિર્માણ કરે છે, જેથી તેઓની પૂર્વસેવાની આચરણા અધ્યાત્મનું કારણ બને તેવી થાય છે, તેથી તેઓનું પૂર્વસેવાનું અનુષ્ઠાન શુદ્ધ અનુષ્ઠાન બને છે. **।।૧૯૨।।**

**અવતરણિકા :-**

एवं सति यत्स्यात्तदाह –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે હોતે છતે=શ્લોક-૧૯૨માં કહ્યું એ રીતે શાંતાદિને પૂર્વસેવાનું અનુષ્ઠાન શુદ્ધ થાય એમ હોતે છતે, જે થાય=તેના અનુષ્ઠાનથી તેનામાં જે પ્રગટ થાય, તેને કહે છે –

**શ્લોક :-**

**क्रोधाद्यबाधितः शान्तः उदात्तस्तु महाशयः ।**
**शुभानुबन्धिपुण्याच्च, विशिष्टमतिसङ्गतः ।।१९३।।**

**અન્વયાર્થ :-**

क्रोधाद्यबाधितः=ક્રોધાદિથી અબાધિત, शान्तः=શાંત, तु=વળી, महाशयः उदात्तः=મહાશયવાળો ઉદાત્ત જીવ, च=વળી, शुभानुबन्धिपुण्यात्=શુભાનુબંધિપુણ્યને કારણે, विशिष्टमतिसङ्गतः=વિશિષ્ટમતિસંગત છતો શું કરે ? તે શ્લોક-૧૯૪માં બતાવે છે. ।।૧૯૩।।

**શ્લોકાર્થ :-**

**ક્રોધાદિથી અબાધિત શાંત વળી મહાશયવાળો ઉદાત્ત જીવ વળી શુભાનુબંધિ પુણ્યને કારણે વિશિષ્ટમતિસંગત છતો શું કરે ? તે શ્લોક-૧૯૪માં બતાવે છે. ।।૧૯૩।।**

**ટીકા :-**

क्रोधाद्यबाधितः शान्तः, उदात्तस्तूदात्तः पुनः महाशयो=गाम्भीर्यादिगुणोपेतत्वेन महाचेताः, शुभानुबन्धिपुण्याच्च=पुण्यानुबन्धिनः पुण्यात्सकाशात्पुनः, विशिष्टमतिसङ्गतो=मार्गानुसारिप्रौढप्रज्ञानुगतः सन् ।।१९३।।

**ટીકાર્થ :-**

क्रोधाद्यबाधितः ..... सन् ।। ક્રોધાદિથી અબાધિત શાંત વળી મહાશયવાળો અર્થાત્ ગાંભીર્યાદિ ગુણયુક્તપણું હોવાને કારણે મહા ચિત્તવાળો ઉદાત્ત, વળી શુભાનુબંધિ પુણ્યને કારણે= પુણ્યાનુબંધિ પુણ્યને કારણે, વિશિષ્ટમતિસંગત=માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાથી યુક્ત છતો, શું કરે તે શ્લોક-૧૯૪માં બતાવે છે. ।।૧૯૩।।

**અવતરણિકા :-**

किमित्याह –

**અવતરણિકાર્થ :-**

શું ?=પૂર્વશ્લોકમાં કહ્યું એવો વિશિષ્ટમતિથી યુક્ત જીવ શું કરે છે ? इति=એને, કહે છે –

**શ્લોક :-**

**ऊहतेऽयमतः प्रायो, भवबीजादिगोचरम् ।**
**कान्तादिगतगेयादि, तथा भोगीव सुन्दरम् ।।१९४।।**

**અન્વયાર્થ :-**

अतः=આનાથી=વિશિષ્ટમતિના સંગતપણાથી, प्रायः=પ્રાયઃ, अयम्=આ=પૂર્વશ્લોકમાં કહ્યો તેવો શાંત-ઉદાત્ત અપુનર્બંધક જીવ, तथा=તે પ્રકારે, भवबीजादिगोचरम्=ભવબીજાદિના વિષયનો, ऊहते=ઊહ કરે છે, इव=જે પ્રમાણે, भोगी=ભોગી, सुन्दरं कान्तादिगतगेयादि=સુંદર એવા સ્ત્રી આદિ ગતગેયાદિનો ઊહ કરે છે. ।।૧૯૪।।

**શ્લોકાર્થ :-**

**આનાથી પ્રાયઃ આ તે પ્રકારે ભવબીજાદિના વિષયનો ઊહ કરે છે, જે પ્રમાણે ભોગી સુંદર એવા સ્ત્રી આદિ ગતગેયાદિનો ઊહ કરે છે. ।।૧૯૪।।**

**ટીકા :-**

ऊहते=वितर्कयति, अयं=अपुनर्बन्धकः, अतो=विशिष्टमतिसाङ्गत्यात्, प्रायो=बाहुल्येन, **कथमित्याह – भवबीजादिगोचरं-भवबीजं=भवकारणम्, आदिशब्दात् भवस्वरूपं भवफलं च गृह्यते । यथा –** 'एस णं अणाइ जीवे अणाइ जीवस्स भवे अणाइकम्मसंयोगनिव्वत्तिए, दुक्खरूवे दुक्खफले दुक्खाणुबन्धित्ति' [पंचसूत्र १] **। ततो भवबीजादिगोचरो यत्र तत्तथा, क्रियाविशेषणमेतत्, अथवा भवबीजादिर्गोचरो=विषय ऊहनीयतया भवबीजादिगोचरस्तम्, अत्र दृष्टान्तः–कान्तादिगतगेयादि=कान्ता-वल्लभा आदिशब्दात्त-दन्यगायकादिग्रहः, तद्गतं=तत्प्रतिबद्धं, यद्गेयं=गीतम्, आदिशब्दाद्रूपरसादिशेषेन्द्रियविषयग्रहः, तथा=तत्प्रकारो, गेयाद्यूहयोग्यः भोगी स इव, सुन्दरं=मनोहारीन्द्रियविषयस्थानमागतमिति, यथा विचक्षणो भोगी सुन्दरं कान्तादिगतगेयाद्यूहते, तथाऽयं भवबीजादिकमिति भावः ।।१९४।।**

**ટીકાર્થ :-**

ऊहते ..... भावः ।। આનાથી=વિશિષ્ટમતિના સંગતપણાથી, આ=અપુનર્બંધક જીવ, પ્રાયઃ=બહુલતાથી, ઊહ કરે છે=વિચાર કરે છે,

કેવી રીતે ઊહ કરે છે ? એથી કહે છે –

**ભવબીજાદિ ગોચરવાળો ઊહ કરે છે, એમ અન્વય છે. ભવબીજ=ભવનું કારણ, 'आदि' શબ્દથી ભવનું સ્વરૂપ અને ભવનું ફલ ગ્રહણ કરાય છે.**

કઈ રીતે અપુનર્બંધક જીવ ભવબીજાદિ વિષયવાળો ઊહ કરે છે ? તે 'યથા'થી બતાવે છે –

**જે પ્રમાણે –**

"આ જીવ અનાદિ છે, અનાદિ જીવનો ભવ અનાદિ કર્મસંયોગથી નિર્વર્તિત છે=અનાદિકાળથી જીવની સાથે જે કર્મનો સંયોગ છે તેનાથી નિષ્પાદિત છે અર્થાત્ ભવ નિષ્પાદિત છે, દુઃખરૂપ છે, દુઃખફલવાળો છે, દુઃખાનુબંધી છે." **(પંચસૂત્ર સૂત્ર-૧)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.**

**તતઃ=ત્યારપછી=ભવબીજાદિગોચરનો અર્થ કર્યા પછી, તેનો સમાસ સ્પષ્ટ કરે છે –**

**ભવબીજાદિ ગોચર છે જેમાં તે તેવો છે=ભવબીજાદિ ગોચરવાળો ઊહ છે, આ=ભવબીજાદિ ગોચર એ, ક્રિયાવિશેષણ છે=ઊહરૂપ ક્રિયાનું વિશેષણ છે, અથવા ભવબીજાદિ ગોચર=ઊહનીયપણાથી વિષય, તે ભવબીજાદિ ગોચર છે, તેનો ઊહ કરે છે એમ અન્વય છે.**

**આમાં દૃષ્ટાંત કહે છે –**

**કાન્તાદિગતગેયાદિ=કાન્તા અર્થાત્ વલ્લભા 'आदि' શબ્દથી તેનાથી અન્ય ગાયકાદિનું ગ્રહણ છે, તદ્‌ગત=કાન્તાદિગત અર્થાત્ તત્પ્રતિબદ્ધ જે ગેય=ગીત, 'आदि' શબ્દથી રૂપ-રસાદિ શેષ ઈન્દ્રિયના વિષયનું ગ્રહણ છે, તથા=તે પ્રકારવાળો જીવ અપુનર્બંધક ઊહ કરે છે, એમ પૂર્વ સાથે સંબંધ છે, ગેયાદિ ઊહ યોગ્ય ભોગી તેની જેમ અપુનર્બંધક ઊહ કરે છે એમ અન્વય છે.**

ગેયાદિ ઊહ યોગ્ય ભોગી શું ઊહ કરે છે ? તેથી કહે છે –

**સુંદર=મનોહારી એવા ઈન્દ્રિયના વિષયના સ્થાનને પામેલું કાન્તાદિગતગેયાદિ ઊહ કરે છે.**

આખા કથનનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે વિચક્ષણ ભોગી સુંદર એવા કાન્તાદિગતગેયાદિનો ઊહ કરે છે, તે પ્રમાણે આ=અપુનર્બંધક જીવ, ભવબીજાદિનો ઊહ કરે છે એ પ્રકારનો ભાવ છે. ।।૧૯૪।।**

**ભાવાર્થ :-**

જે મહાત્મા કર્મની લઘુતાથી અસમંજસ એવા ક્રોધાદિથી અબાધિત છે, તેથી તેનાં ક્રોધ-માન-માયા-લોભ સંસારમાં અનુચિત પ્રવૃત્તિ કરાવે તેવાં નથી તેવા શાંત પ્રકૃતિવાળા મહાત્મા ગાંભીર્યાદિ ગુણથી યુક્ત હોવાને કારણે મહાન આશયવાળા હોય છે અર્થાત્ પ્રાપ્ત થયેલો મનુષ્યભવ કઈ રીતે હિતનું કારણ બને તેની માર્ગાનુસારી વિચારણા કરીને પોતાની જે ભૂમિકા છે તેનાથી ઉત્તર-ઉત્તરની ભૂમિકાને સાધવાની પરિણતિરૂપ મહાન આશયવાળા છે, વળી કર્મની લઘુતા થયેલી હોવાને કારણે પુણ્યાનુબંધીપુણ્યનો ઉદય વર્તે છે, તેથી તેવા જીવોમાં માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞા હોય છે અર્થાત્ આત્મકલ્યાણ માટે શું ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ તેના વિષયમાં ઉચિત વિચારણા કરી શકે તેવી પક્વબુદ્ધિ હોય છે તેથી તેવા જીવો ભવના

બીજાદિ વિષયવાળો ઊહાપોહ પ્રાયઃ કરે છે અર્થાત્ ક્વચિદ્ વિશેષ સામગ્રી ન મળી હોય તો તે પ્રકારનો ઊહ કરી શકે નહિ, પરંતુ આવા પ્રકૃતિભદ્રક જીવો યોગીઓના પરિચયમાં આવે છે અને તેમના પાસેથી તત્ત્વશ્રવણને કરે છે તેના કારણે ભવના સ્વરૂપના અવલોકનનો ઊહાપોહ તેઓમાં પ્રગટે છે, તેથી તેઓ પ્રાયઃ ઊહ કરે છે તેમ કહેલ છે.

કઈ રીતે તેઓ ભવનાં સ્વરૂપનું અવલોકન કરે છે ? તે પંચસૂત્રના વચનથી ગ્રંથકારશ્રી બતાવે છે –

આ જીવ અનાદિકાળનો છે, વળી અનાદિકાળનો એવો આ જીવ પણ અનાદિકર્મ સંયોગથી નિષ્પન્ન કરાયેલા ભવવાળો છે, વળી તે ભવ દુઃખરૂપ છે, દુઃખફળવાળો છે અને દુઃખાનુબંધી છે, આ પ્રકારે સૂક્ષ્મબુદ્ધિથી પોતાના અનુભવના બળથી વિચારે છે.

આશય એ છે કે જે જીવોની માર્ગાનુસારી પ્રજ્ઞા હોય છે તે વિચારે છે કે પોતે જેવા પ્રકારનો જીવ છે તેવા જ પ્રકારના અન્ય જીવો છે, છતાં આ દરેક જીવોની વિલક્ષણતા કઈ રીતે સંભવે ? તેની વિચારણા કરતા તેને પોતાના અનુભવથી જણાય છે કે તે પ્રકારની વિલક્ષણતા કરનાર 'કર્મ' નામની અવશ્ય કોઈક વસ્તુ છે, જેથી જીવરૂપે સમાન હોવા છતાં જીવોમાં પરસ્પર વિલક્ષણતાની પ્રાપ્તિ થાય છે, વળી જે બાલ્યકાળમાં હું હતો તે જ હું યૌવનકાળમાં છું તેમ કોઈક પૂર્વભવમાં પણ હું હતો અને ત્યાંના કરાયેલા કર્મ અનુસાર હું અહીં જન્મ્યો છું, માટે મારો આત્મા અનાદિનો છે. વળી મારી સાથે લાગેલાં કર્મો પણ અનાદિનાં છે; કેમ કે જો પહેલાં હું કર્મરહિત હોત તો મુક્ત આત્માની જેમ મને કર્મનો સંયોગ થઈ શકે નહિ, તેથી જણાય છે કે અનાદિ કર્મનો સંયોગ પણ મને છે અને તેનાથી જ આ ભવ નિષ્પન્ન થયેલો છે, વળી આ પ્રાપ્ત થયેલો ભવ દુઃખરૂપ દુઃખફલવાળો અને દુઃખાનુબંધી છે અર્થાત્ કર્મને પરવશ જીવો અનેક પ્રકારનાં શારીરિક માનસિક દુઃખો અનુભવતા પ્રત્યક્ષથી દેખાય છે, માટે ભવ દુઃખરૂપ છે, વળી ભવમાં રહેલા જીવો જે દેહાદિના પાલન માટે આરંભ-સમારંભ કરે છે તેના ફળરૂપે દુર્ગતિઓની પરંપરા મળે છે, માટે દુઃખના ફલવાળો છે, વળી આ દુઃખરૂપ ફલ ઉત્તરોત્તર કર્મને કારણે દરેક ભવમાં મળે છે, તેથી આ ભવ દુઃખના પ્રવાહવાળો છે, માટે આ ભવ અત્યંત અસાર છે, આ પ્રમાણે વિચારીને માર્ગાનુસારી પ્રજ્ઞાવાળો અપુનર્બંધક જીવ ભવના ઉચ્છેદ માટે સદા ઉચિત પ્રયત્ન કરનારો બને છે, માટે તેની પૂર્વસેવા અધ્યાત્મનું કારણ બને છે એ પ્રકારે પૂર્વના કથન સાથે સંબંધ છે.

વળી તે અપુનર્બંધક જીવ ભવના સ્વરૂપનો કઈ રીતે ઊહ કરે છે તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈ વિચક્ષણ ભોગી હોય, વૈભવ આદિથી યુક્ત હોય અને સ્ત્રી આદિના ગેયાદિને સાંભળતો હોય ત્યારે તે ઇન્દ્રિયના વિષયોનો સૂક્ષ્મ ઊહ કરીને ભોગનો આનંદ પ્રાપ્ત કરે છે તેમ અપુનર્બંધક જીવ ભવના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરીને ભવના કારણીભૂત ક્રોધાદિક કષાયોવાળી પોતાની પ્રકૃતિને વિશેષ શાંત કરીને શાંતરસના સુખનો અનુભવ કરે છે અને આ રીતે માર્ગાનુસારી ઉચિત ઊહાપોહ કરીને તે મહાત્મા ક્રમસર સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણીભૂત એવું સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરે છે.

અહીં ભવનું બીજ, ભવનું સ્વરૂપ અને ભવનું ફળ ઊહ કરે છે તેમ કહ્યું તેમાં પંચસૂત્રની સાક્ષી આપી, ત્યાં અનાદિ કર્મસંયોગથી નિર્વર્તિતભવ છે તે ભવનું બીજ છે, દુઃખરૂપ અને દુઃખફલવાળું એ ભવનું સ્વરૂપ છે અને દુઃખાનુબંધી એ ભવનું ફળ છે, આનો વિસ્તાર પંચસૂત્રના અમારા વર્ણનથી જાણવો. **||૧૯૩-૧૯૪||**

**અવતરણિકા :-**

**यथोहते तथैवाह –**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રમાણે ઊહ કરે છે=માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાવાળો જીવ જે પ્રમાણે ભવની સંગતિ અર્થક ઊહાપોહ કરે છે, તે પ્રકારે જ ગ્રંથકારશ્રી શ્લોક-૧૯૮ સુધી બતાવે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૪માં પંચસૂત્રની સાક્ષી આપી તે પ્રમાણે ભગવાનના શાસનને પામેલા માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાવાળા અપુનર્બંધક જીવો ઊહ કરે છે. વળી કેટલાક અપુનર્બંધક જીવો અત્યંત પ્રજ્ઞાવાળા હોય અને શાંત-ઉદાત્ત આશયવાળા હોય, છતાં તથાપ્રકારના કર્મને કારણે સાંખ્યદર્શન કે એવા અન્ય કોઈ એકાંત દર્શનથી વાસિત મતિવાળા હોય, કદાગ્રહ વગરના હોય તેવા જીવોને યોગ્ય ઉપદેશક પ્રાપ્ત થાય તો તે ઉપદેશક આદિના વચનના બળથી કઈ રીતે ભવસ્વરૂપનો ઊહાપોહ કરે છે તે ગ્રંથકારશ્રી શ્લોક-૧૯૮ સુધી બતાવે છે –

**શ્લોક :-**

**प्रकृतेर्भेदयोगेन, नासमो नाम आत्मनः ।**
**हेत्वभेदादिदं चारु, न्यायमुद्रानुसारतः ।।१९५।।**

**અન્વયાર્થ :-**

**प्रकृतेर्भेदयोगेन=પ્રકૃતિના ભેદના યોગથી=આત્માથી કર્મપ્રકૃતિનો સર્વથા ભેદ હોય તો તેના યોગથી, आत्मनः असमः नामः=આત્માનો વિસદૃશ પરિણામ, न=થાય નહિ, न्यायमुद्रानुसारतः=ન્યાયમુદ્રા અનુસારથી, हेत्वभेदाद्=હેતુના અભેદથી=સર્વ જીવોની પરસ્પર વિલક્ષણતાના કારણીભૂત એવો કર્મપ્રકૃતિરૂપ હેતુનો આત્માની સાથે અભેદ હોવાથી, इदं=આ=સંસારી જીવોનો પરસ્પર વિસદૃશ પરિણામ, चारु=સંગત છે. ||૧૯૫||**

**શ્લોકાર્થ :-**

**પ્રકૃતિના ભેદના યોગથી આત્માનો વિસદૃશ પરિણામ થાય નહિ, ન્યાયમુદ્રા અનુસારથી હેતુના અભેદથી આ સંગત છે. ||૧૯૫||**

અથવા ટીકા અનુસાર શ્લોકનો અન્વય નીચે પ્રમાણે કરવો.

અન્વયાર્થ :-

प्रकृतेर्भेदयोगेन=પ્રકૃતિના ભેદના યોગથી, आत्मनः असमः नामः=આત્માનો વિસદૃશ પરિણામ, न=નથી=સંગત નથી, हेत्वभेदाद्=કેમ કે હેતુનો અભેદ છે=પ્રકૃતિના ભેદલક્ષણ હેતુનો અભેદ છે=આત્માની સાથે પ્રકૃતિના ભેદસ્વરૂપ હેતુનો અભેદ છે, इदं=આ=સર્વ જીવોના પરિણામના વૈસદૃશ્યની અસંગતિરૂપ વસ્તુ, न्यायमुद्रानुसारतः=ન્યાયમુદ્રા અનુસારથી, चारु=સંગત છે. ॥૧૯૫॥

શ્લોકાર્થ :-

**પ્રકૃતિના ભેદના યોગથી આત્માનો વિસદૃશ પરિણામ સંગત નથી; કેમ કે આત્માની સાથે પ્રકૃતિના ભેદસ્વરૂપ હેતુનો અભેદ છે, આ=સર્વ જીવોના પરિણામના વૈસદૃશ્યની અસંગતિરૂપ વસ્તુ, ન્યાયમુદ્રા અનુસારથી સંગત છે. ॥૧૯૫॥**

ટીકા :-

प्रकृतेः=परपरिकल्पितायाः सत्त्वरजस्तमोरूपायाः, स्वप्रक्रियया ज्ञानावरणादिलक्षणायाः, भेदयोगेन=एकान्तेनैव भेदेनेत्यर्थः न=नैव, असमो=विसदृशो, नामः=परिणामश्चैतन्यश्रद्धानोन्मीलनादिकः प्रत्यक्षत एवोपलभ्यमानः, आत्मनो=जीवस्य, स्यात्, किन्तु सर्वजीवानां सर्वदैव सम एव प्राप्नोति, कुत इत्याह – हेत्वभेदात्=हेतोः प्रकृति(भेद)लक्षणस्याऽभेदात् अनानात्वात्, न ह्यभिन्ने हेतौ क्वचिदपि फलभेद उपपद्यत इति कृत्वा, इदम्=एकान्तेनैव प्रकृतिभेदे सति आत्मनः परिणामवैसदृश्यासाङ्गत्य-लक्षणं वस्तु, चारु=सङ्गतं वर्तते, कुत इत्याह – न्यायमुद्रानुसारतः-न्यायस्य न्याय एव वा मुद्रा कृतप्रयत्नैरपि परैरनुल्लङ्घनीयत्वाद्राजादिमुद्रावत्तस्या अनुसारतोऽनुवर्तनात् । तथाहि – यदि प्रकृतिभेदे सत्यपि परिणामनानात्वमात्मन इष्यते, तदा मुक्तानामपि प्राप्नोति, संसारिणां मुक्तानामपि च प्रकृतिभेदाऽविशेषात् ।।१९५।।

ટીકાર્થ :-

प्रकृतेः ..... प्रकृतिभेदाऽविशेषात् ।। પ્રકૃતિના=સાંખ્યદર્શન દ્વારા પરિકલ્પિત સત્ત્વ-રજસ્-તમસ્રૂપ પ્રકૃતિના, સ્વપ્રક્રિયાથી જ્ઞાનાવરણીયાદિરૂપ પ્રકૃતિના ભેદયોગથી એકાંત જ ભેદથી=આત્માની સાથે પ્રકૃતિના એકાંત જ ભેદથી, અસમ નામ=ચૈતન્યના અને શ્રદ્ધાનના ઉન્મીલનાદિક પ્રત્યક્ષથી જ ઉપલભ્યમાન એવો વિસદૃશ પરિણામ, આત્માને=જીવને, ન જ થાય, પરંતુ સર્વ જીવોનો (પરિણામ) સર્વદા જ સમાન જ પ્રાપ્ત થાય.

કયા કારણે સર્વ જીવોનો સર્વદા જ સમાન જ પરિણામ પ્રાપ્ત થાય ? એથી કહે છે –

હેતુના અભેદથી=સર્વ જીવોની સાથે કર્મપ્રકૃતિના ભેદરૂપ હેતુનો અભેદ હોવાથી, સર્વ જીવોને સમાન જ સંસાર પ્રાપ્ત થાય, એમ પૂર્વ સાથે સંબંધ છે.

અહીં પ્રશ્ન થાય કે હેતુનો અભેદ હોવાથી સર્વ જીવોને સમાન જ સંસાર પ્રાપ્ત થાય એમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

**અભિન્ન હેતુ હોતે છતે ક્યારે પણ ફલભેદ ઉપપન્ન થતો નથી એથી કરીને, સર્વ જીવોને સમાન જ સંસાર થાય એમ અન્વય છે. આ=એકાંતથી જ પ્રકૃતિનો ભેદ હોતે છતે આત્માના પરિણામના વૈસદૃશ્યની અસાંગત્યલક્ષણ વસ્તુ, ચારુ=સંગત વર્તે છે.**

કેમ આ વિસદૃશપણાનું અસાંગત્ય વર્તે છે ? એથી હેતુ કહે છે –

**ન્યાયમુદ્રાનુસારથી=ન્યાયની મુદ્રા અથવા ન્યાય જ મુદ્રા, કૃતપ્રયત્નવાળા પણ પર વડે અર્થાત્ પ્રકૃતિના ભેદની સંગતિ માટે કૃતપ્રયત્નવાળા એવા સાંખ્યદર્શનકાર વડે, રાજાદિ મુદ્રાની જેમ અનુલ્લઘનીયપણું હોવાથી તેના અનુસારથી અર્થાત્ ન્યાયમુદ્રાના અનુવર્તનથી, આ ચારુ છે=જગતની વિલક્ષણતાનું અસંગતપણું સંગત છે, એમ અન્વય છે.**

**ન્યાયમુદ્રાનુસારતઃનો અર્થ 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –**

**જો પ્રકૃતિનો ભેદ હોતે છતે પણ આત્માના પરિણામનું જુદાપણું ઇચ્છાય છે=સાંખ્ય દર્શનકાર વડે ઇચ્છાય છે, તો મુક્તજીવોના પણ પરિણામનું જુદાપણું પ્રાપ્ત થાય; કેમ કે સંસારી જીવોના અને મુક્તજીવોના પણ પ્રકૃતિભેદનો અવિશેષ છે.**

**(તેથી અર્થથી એ પ્રાપ્ત થાય કે મુક્તજીવોમાં પરસ્પર વિલક્ષણપણું નથી, તેથી તેઓનો પ્રકૃતિની સાથે ભેદ છે અને સંસારી જીવોનું પરસ્પર પરિણામનું વિલક્ષણપણું છે, તેથી કર્મપ્રકૃતિની સાથે તેઓનો અભેદ છે એ રૂપ ન્યાયમુદ્રાના અનુસારથી સંસારી જીવોનું પરસ્પર વિલક્ષણપણું સંગત થાય છે.) ॥૧૯૫॥**

◆ 'हेत्वभेदात्=हेतोः प्रकृतिलक्षणस्याऽभेदाद् अनानात्वात्' પાઠના સ્થાને हेत्वभेदात्=हेतोः प्रकृतिभेदलक्षणस्याऽभेदात् अनानात्वात् એ પ્રમાણે પાઠ જોઈએ.

**ભાવાર્થ :-**

કોઈક વિશિષ્ટ મતિવાળો કલ્યાણનો અર્થી જીવ સાંખ્યદર્શનના મતથી વાસિત હોય તો તે જીવ તે મત અનુસારે પુરુષ અને પ્રકૃતિનો એકાંત ભેદ માને છે, છતાં જૈનદર્શનના કોઈક મહાત્માનો યોગ થાય અને તેને સમજાવે કે "સંસારી જીવોમાં જે પ્રત્યક્ષથી જ્ઞાન અને રુચિ વગેરેનો ભેદ દેખાય છે તે ભેદ આત્માની સાથે પ્રકૃતિનો અભેદ સ્વીકાર્યા વગર સંગત થાય નહિ; કેમ કે સાંખ્યદર્શનકાર સ્વીકારે છે તેમ જો આત્માનો કર્મપ્રકૃતિ સાથે એકાંતભેદ સ્વીકારવામાં આવે તો જેમ સિદ્ધના જીવોમાં કર્મપ્રકૃતિનો એકાંતભેદ હોવાથી પરિણામની વિસદૃશતા પ્રાપ્ત થતી નથી તેમ સંસારી જીવોમાં પણ પરિણામની વિસદૃશતા પ્રાપ્ત થવી જોઈએ નહિ, પરંતુ સંસારી જીવોમાં વિસદૃશતા પ્રત્યક્ષથી પ્રાપ્ત થાય છે, તેથી સંસારી જીવોની સાથે કર્મપ્રકૃતિનો અભેદ સ્વીકારવો જોઈએ." તે સાંભળીને સાંખ્યદર્શનના મતથી વાસિત તે જીવને પણ તે પ્રકારે માર્ગાનુસારી ઊહ થાય છે, તે ઊહ ભવના બીજના ઉચિત ઊહ સ્વરૂપ છે.

સામાન્યથી અન્યદર્શનથી વાસિત જીવોને સ્વાભાવિક વિશિષ્ટ ઊહ થતો નથી, પરંતુ બહુલતાએ પોતાના દર્શનની માન્યતા અનુસાર ઊહ થાય છે, તેથી સાંખ્યદર્શનવાળા માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞાવાળા જીવો પણ સદ્ગુરુના યોગથી ઉપર કહ્યું એ પ્રમાણે ઊહ કરે છે એમ કહ્યું, છતાં કોઈક જીવને સદ્ગુરુના યોગ વગર પણ પ્રસ્તુત શ્લોકમાં બતાવ્યો એવા પ્રકારનો ભવના કારણરૂપ ઊહ થઈ શકે છે. **॥૧૯૫॥**

**શ્લોક :-**

**एवं च सर्वस्तद्योगादयमात्मा तथा तथा ।**
**भवे भवेदतः सर्वप्राप्तिरस्याविरोधिनी ।।१९६।।**

**અન્વયાર્થ :-**

**एवं च=અને આ રીતે=આત્માની સાથે પ્રકૃતિનો ભેદ સ્વીકારવામાં આવે તો સંસારી જીવોના પરિણામોનો ભેદ સંગત થાય નહિ એમ પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, तद्योगाद्=તેના યોગથી=પ્રકૃતિના યોગથી=આત્માની સાથે પ્રકૃતિના સંયોગથી, सर्वः अयमात्मा=સર્વ એવો આ આત્મા=ભિન્ન ભિન્ન પ્રકારની રુચિ-પ્રવૃત્તિ આદિરૂપ સર્વ એવો આ આત્મા, तथा तथा=તે તે પ્રકારે, भवे=ભવમાં, भवेद्=થાય, अतः=આથી=ભવમાં તે તે પ્રકારે થાય આથી, अस्य=આને=આત્માને, सर्वप्राप्तिः=સર્વપ્રાપ્તિ=સંસાર અવસ્થામાં ભિન્ન ભિન્ન અવસ્થાની પ્રાપ્તિ કે મુક્તઅવસ્થાની પ્રાપ્તિ, अविरोधिनी=અવિરોધિની થાય. ॥૧૯૬॥**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે તેના યોગથી સર્વ એવો આ આત્મા તે તે પ્રકારે ભવમાં થાય, આથી આને સર્વ પ્રાપ્તિ અવિરોધિની થાય. ॥૧૯૬॥**

**ટીકા :-**

**एवं च प्रकृतिभेद आत्मनः परिणामनानात्वासांगत्ये सति, पुनः किं स्यादित्याह सर्वः=निरवशेषः, तद्योगात्=प्रकृतिसंयोगात्कथंचिदैक्यापत्तिलक्षणात्, अयं=अपुनर्बन्धकाद्यवस्थाभाक्, आत्मा=जीवः, तथा तथा नरनारकादिपर्यायभाक्त्वेन, भवे=संसारे, भवेत्=स्यात्, अतः=तथा तथा भवनात्, सर्वप्राप्तिः संसारापवर्गावस्थालाभरूपा अस्य=आत्मनः, अविरोधिनी=अविघटमाना सम्पद्यते, प्रकृतियोगात्तस्य संसारावस्था विप्रयोगाच्च मुक्तावस्थेति भावः ।।१९६।।**

**ટીકાર્થ :-**

एवं च ..... मुक्तावस्थेति भावः ।। અને આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, પ્રકૃતિના ભેદમાં આત્માના પરિણામના નાનાત્વનું અસાંગત્ય હોતે છતે વળી શું થાય ? એથી કહે છે –

**તેના યોગથી=કથંચિદ્ ઐક્યપ્રાપ્તિરૂપ પ્રકૃતિના સંયોગથી, આ=અપુનર્બંધકાદિ અવસ્થાવાળો આત્મા અર્થાત્ જીવ તે તે પ્રકારે નરનારકાદિપર્યાયવાળાપણાથી સર્વ=નિરવશેષ, ભવમાં=સંસારમાં થાય, આથી=તે તે પ્રકારે ભવન થવાથી, આને=આત્માને, સંસાર-અપવર્ગ અવસ્થાના લાભરૂપ સર્વપ્રાપ્તિ અવિરોધિની પ્રાપ્ત થાય=અવિઘટમાન પ્રાપ્ત થાય. પ્રકૃતિના યોગથી તેને સંસારઅવસ્થા અને વિયોગથી મુક્તઅવસ્થા છે એ પ્રકારનો ભાવ છે. ॥૧૯૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૫માં કહ્યું એ પ્રમાણે આત્માનો પ્રકૃતિ સાથે ભેદ સ્વીકારવામાં આવે તો સંસારી જીવોમાં પ્રત્યક્ષથી દેખાતી જુદા જુદા પ્રકારની જ્ઞાનની પરિણતિ, શ્રદ્ધાની પરિણતિ આદિ સંગત થાય નહિ, તેથી આત્માનો પ્રકૃતિની સાથે કંથચિત્ અભેદ સ્વીકારવામાં આવે તો જુદી જુદી જ્ઞાનની પરિણતિ, જુદી જુદી રુચિની પરિણતિ આદિ સર્વભાવવાળો આ જીવ સંસારમાં નર-નારકાદિ ભાવરૂપે થાય છે તે સંગત થાય, અને જીવને સંસારઅવસ્થાની અને મુક્તઅવસ્થાની પ્રાપ્તિ પણ સંગત થાય; કેમ કે કર્મની પ્રકૃતિના યોગથી જીવને સંસારઅવસ્થાની પ્રાપ્તિ થાય છે અને કર્મપ્રકૃતિના વિયોગથી મુક્તઅવસ્થાની પ્રાપ્તિ થાય છે, આ પ્રકારે માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞાવાળા અપુનર્બંધક જીવો વિચારણા કરીને સંસારના કારણ અને મોક્ષના કારણને યથાર્થ જાણવા ઊહ કરે છે. **॥૧૯૬॥**

**શ્લોક :-**

**सांसिद्धिकमलाद् यद्वा, न हेतोरस्ति सिद्धता ।**
**तद्भिन्नं यदभेदेऽपि, तत्कालादिविभेदतः ।।१९७।।**

**અન્વયાર્થ :-**

**यद्वा=અથવા, सांसिद्धिकमलाद्=સાંસિદ્ધિક મલથી=સાંસિદ્ધિક મલનો પરિહાર કરીને, हेतोः सिद्धता=હેતુની સિદ્ધતા=ઈશ્વરઅનુગ્રહાદિરૂપ અન્ય હેતુની સિદ્ધતા, नास्ति=નથી, यद्=જે કારણથી, अभेदेऽपि=અભેદમાં પણ=સાંસિદ્ધિક મલનો જીવની સાથે અભેદ હોવા છતાં પણ, तत्कालादिविभेदतः=તે કાલાદિના વિભેદથી=સાંસિદ્ધિક મલને અનુકૂળ એવા કાલાદિના વૈસદૃશ્યથી, तद्भिन्नं=તે ભિન્ન છે=સાંસિદ્ધિક મલ ભિન્ન છે. ॥૧૯૭॥**

**શ્લોકાર્થ :-**

**અથવા સાંસિદ્ધિક મલનો પરિહાર કરીને હેતુની સિદ્ધતા નથી, જે કારણથી અભેદમાં પણ તે કાલાદિના વિભેદથી તે ભિન્ન છે. ॥૧૯૭॥**

**ટીકા :-**

**सांसिद्धिकमलात्-कर्मबन्धयोग्यतालक्षणादनादिस्वभावात्=सांसिद्धिकमलं परिहृत्येत्यर्थः, यद्वा**

**इत्यूहस्यैव पक्षान्तरसूचकः, न=नैव, हेतोः=अन्यस्येश्वरानुग्रहादेः, परिणामचित्रतायां साध्यायां सिद्धता= प्रमाणप्रतिष्ठितता ।**

**ईश्वरो ह्यप्रतिस्खलितवैराग्यवान्, यतः पठ्यते –**

"ज्ञानमप्रतिघं यस्य, वैराग्यं च जगत्पतेः ।
ऐश्वर्यं चैव धर्मश्च, सहसिद्धं चतुष्टयम् ।।१।।" []

**ततः कथमसौ कंचनानुगृह्णीयान्निगृह्णीयाद्वा? किं चासौ योग्यतामपेक्ष्य प्रवर्तत इतरथा वेति द्वयी गतिः, किं चातः, यदि प्रथमः पक्षः, तदा सैव योग्यता हेतुः, किमीश्वरानुग्रहनिग्रहाभ्याम्? अथेतरथा, तदा सार्वत्रिकावेवानुग्रहनिग्रहौ स्यातां न वा क्वचित्, निमित्ताभावात् । यतः पठ्यते -**

"नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् ।
अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसम्भवः ।।१।।" []

**इति सांसिद्धिकमलमेवात्मनां परिणामवैचित्र्यहेतुः ।**

**अत्र हेतुः – तत्=सांसिद्धिकमलम्, भिन्नं=नानारूपम्, यद्=यस्मात्कारणात्, अभेदेऽपि कथंचित् सामान्यरूपतया, एतदपि कुत इत्याह – तत्कालादिविभेदतः=ते शास्त्रान्तरप्रसिद्धा ये कालादयः कालस्वभावनियतिपूर्वकृतपुरुषकारलक्षणा हेतवः सर्वजगत्कार्यजनकाः, तेषां विभेदतो वैसदृश्यात्, इदमुक्तं भवति – 'कालादिभेदात्तत्सांसिद्धिकं मलमात्मना सह भेदाभेदवृत्ति सद्यतो नानारूपं वर्तते, ततस्तद्वशादेव परिणामवैचित्र्यमात्मनामनुपचरितमेवोपपद्यते न पुनरीश्वरानुभावात्, प्रागुक्तयुक्त्या तस्य निराकृतत्वात्' इति वा चिन्तयत्यसाविति ।।१९७।।**

**ટીકાર્થ :-**

**सांसिद्धिकमलात् ..... चिन्तयत्यसाविति ।। અથવા એ ઊહનો જ પક્ષાંતરસૂચક છે= શ્લોક-૧૯૫માં બતાવ્યો તેના કરતાં અન્ય પ્રકારના ઊહનો સૂચક છે, સાંસિદ્ધિક મલથી=કર્મબંધની યોગ્યતારૂપ અનાદિસ્વભાવથી=સાંસિદ્ધિક મલને છોડીને, હેતુની=ઈશ્વરઅનુગ્રહાદિરૂપ અન્ય હેતુની, પરિણામવિચિત્રતા સાધ્ય હોતે છતે સિદ્ધતા નથી=પ્રમાણપ્રતિષ્ઠિતતા નથી.**

પૂર્વમાં કહ્યું કે સંસારી જીવોની વિચિત્રતામાં સાંસિદ્ધિક મલને છોડીને ઈશ્વર અનુગ્રહાદિ હેતુ નથી, તે કથનને યુક્તિથી સ્પષ્ટ કરે છે –

**ઈશ્વર અપ્રતિસ્ખલિત વૈરાગ્યવાળો છે, જે કારણથી કહેવાય છે –**

"જેનું જ્ઞાન પ્રતિઘાત ન પામે તેવું છે અને જગત્પતિનો વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ સહસિદ્ધ ચતુષ્ટય છે= અનાદિથી આત્માની સાથે સિદ્ધ એવું ચતુષ્ટય છે. ।।૧।।" ()

તેથી=ઈશ્વર અપ્રતિસ્ખલિતવૈરાગ્યવાળા છે તેથી, કેવી રીતે આ=ઈશ્વર, કોઈને અનુગ્રહ કરે અથવા નિગ્રહ કરે ? અર્થાત્ અનુગ્રહ-નિગ્રહ કરે નહિ, વળી આ=ઈશ્વર, શું યોગ્યતાની અપેક્ષા રાખીને=જીવોની સાંસિદ્ધિક મલરૂપ અનુગ્રહ-નિગ્રહની યોગ્યતાની અપેક્ષા રાખીને, પ્રવર્તે છે ? અથવા ઈતરથા=યોગ્યતાની અપેક્ષા રાખ્યા વગર, પ્રવર્તે છે ? એ પ્રકારની બે ગતિ છે=બે વિકલ્પ છે.

એનાથી શું ? એથી કહે છે –

જો પ્રથમપક્ષ છે તો તે જ યોગ્યતા હેતુ હો=જીવના પરિણામની વિચિત્રતામાં હેતુ હો, ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહ દ્વારા શું ? અર્થાત્ ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહ વગર સાંસિદ્ધિક મલરૂપ યોગ્યતાસ્વરૂપ હેતુથી જીવોના પરિણામની વિચિત્રતા હો, હવે ઈતરથા=યોગ્યતાની અપેક્ષા વગર ઈશ્વર અનુગ્રહ-નિગ્રહ કરે છે, એ પ્રકારનો બીજો વિકલ્પ છે તો, સાર્વત્રિક જ અનુગ્રહ-નિગ્રહ થાય=સર્વ જીવો અને સર્વ અન્ય વસ્તુમાં ઈશ્વરનો અનુગ્રહ-નિગ્રહ થાય અથવા કોઈ વસ્તુમાં ન થાય; કેમ કે નિમિત્તનો અભાવ છે=યોગ્યતારૂપ અનુગ્રહ-નિગ્રહના હેતુનો અભાવ છે, જે કારણથી કહેવાય છે –

"અન્યના અનપેક્ષણરૂપ હેતુથી નિત્ય સત્ત્વ અથવા અસત્ત્વ પ્રાપ્ત થાય, 'हि'=જે કારણથી, અપેક્ષાથી ભાવોનો કાદાચિત્કત્વનો સંભવ છે." (પ્ર.વાર્તિક, ૩-૩૪)

એથી સાંસિદ્ધિક મલ જ આત્માના પરિણામની વિચત્રતાનો હેતુ છે.

અહીં=શ્લોકના પૂર્વાર્ધના કથનમાં, હેતુ કહે છે –

જે કારણથી તે=સાંસિદ્ધિક મલ, કથંચિત્ સામાન્યરૂપપણાથી અભેદ હોવા છતાં પણ=જીવની સાથે સાંસિદ્ધિક મલસ્વરૂપ સામાન્યરૂપપણાથી અભેદ હોવા છતાં પણ, ભિન્ન છે=સાંસિદ્ધિક મલ જુદા જુદા પ્રકારનો છે.

આ પણ=સાંસિદ્ધિક મલ જુદા જુદા પ્રકારનો છે એ પણ, કેમ છે ? એથી કહે છે –

તે કાલાદિના ભેદથી=તે શાસ્ત્રાન્તરમાં પ્રસિદ્ધ સર્વ જગતનાં કાર્યોના જનક એવા જે કાલાદિ અર્થાત્ કાલ-સ્વભાવ-નિયતિ-પૂર્વકૃત એવું કર્મ અને પુરુષકારરૂપ હેતુઓ તેઓના વિભેદથી અર્થાત્ વૈસદૃશ્યથી, સાંસિદ્ધિક મલ ભિન્ન છે એમ અન્વય છે.

આ કહેવાયેલું=આગળ કહેવાયેલું, થાય છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહેવાયેલું થાય છે – કાલાદિના ભેદથી તે સાંસિદ્ધિક મલ આત્માની સાથે ભેદાભેદવૃત્તિવાળું છતુ જે કારણથી જુદા જુદા રૂપવાળું વર્તે છે, તે કારણથી તેના વશથી જ=જુદા જુદા સ્વરૂપવાળા સાંસિદ્ધિક મલના વશથી જ, આત્માનું અનુપચરિત જ પરિણામવૈચિત્ર્ય ઉપપન્ન થાય છે, પરંતુ ઈશ્વરના અનુભાવથી નહિ અથવા પૂર્વમાં કહેવાયેલી યુક્તિથી=પ્રસ્તુત ગ્રંથના શ્લોક-૭માં કહેલી યુક્તિથી, તેનું=ઈશ્વરકર્તૃત્વનું, નિરાકૃતપણું હોવાથી ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહથી પરિણામનું વૈચિત્ર્ય નથી, એ પ્રમાણે આ=માર્ગાનુસારી ઊહવાળો અપુનર્બંધક જીવ વિચારે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૭॥

**ભાવાર્થ :-**

જૈનદર્શનની પ્રક્રિયા અનુસાર આત્માની સાથે કાર્મણવર્ગણાના પુદ્ગલો કથંચિદ્ એકાત્મભાવને પામે છે, જેના બળથી જીવોની સંસારની સર્વ વિચિત્રતા થાય છે અથવા સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો અનાદિકાળથી જીવમાં કર્મબંધની યોગ્યતારૂપ સાંસિદ્ધિક મલ છે અને તેના કારણે જીવ કર્મ બાંધે છે અને તેનાથી સંસારની સર્વ વિચિત્રતા થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સંસાર અવસ્થામાં જીવમાં મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગરૂપ પાંચ પરિણામો વર્તે છે અને તે સાંસિદ્ધિક મલરૂપ પરિણામોને અનુરૂપ જીવ કર્મ બાંધે છે જેનાથી જીવને વિચિત્ર પ્રકારનો સંસાર પ્રાપ્ત થાય છે અને આ સાંસિદ્ધિક મલને છોડીને અન્ય એવા ઈશ્વરના અનુગ્રહથી જીવને સુંદર અવસ્થાની પ્રાપ્તિ અને નિગ્રહથી જીવને સંસારમાં ખરાબ અવસ્થાની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનું અન્ય દર્શનકારનું વચન છે તે પ્રમાણપ્રતિષ્ઠિત નથી=યુક્તિયુક્ત નથી.

કેમ યુક્તિયુક્ત નથી ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે –

જગતનો કર્તા ઈશ્વર છે એમ માનનાર ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહથી જીવોને સંસારની સર્વ અવસ્થાઓ પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારે છે અને કહે છે કે ઈશ્વરના અનુગ્રહથી જ યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે તેઓ પણ ઈશ્વરને અપ્રતિસ્ખલિત વૈરાગ્યવાળો માને છે, તેથી ટીકાકારશ્રી કહે છે કે જે ઈશ્વર અપ્રતિસ્ખલિત વૈરાગ્યવાળો હોય તે જીવોને અનુગ્રહ-નિગ્રહ કેમ કરે ? કેમ કે જો જીવો ઉપર ઈશ્વર અનુગ્રહ-નિગ્રહ કરતો હોય તો તે સંસારી જીવો જેવો વૈરાગ્યવાળો નથી તેમ માનવું પડે.

વળી અન્ય યુક્તિ આપતાં ટીકાકારશ્રી કહે છે –

વળી, જીવોની અનુગ્રહ-નિગ્રહની યોગ્યતારૂપ સાંસિદ્ધિક મલને આશ્રયીને જીવોના અનુગ્રહ માટે કે નિગ્રહ માટે ઈશ્વર પ્રવર્તે છે કે જીવોની તે પ્રકારની યોગ્યતા વગર અનુગ્રહ-નિગ્રહ માટે પ્રવર્તે છે ? અને જો જીવોની યોગ્યતાને આશ્રયીને ઈશ્વર જીવોના અનુગ્રહ માટે કે નિગ્રહ માટે પ્રવર્તતા હોય તો તે જીવોની યોગ્યતારૂપ સાંસિદ્ધિક મલથી જ તેઓનો અનુગ્રહ અને નિગ્રહ થાય છે તેમ સ્વીકારી શકાય છે, માટે અપ્રતિસ્ખલિત વૈરાગ્યવાળા ઈશ્વરને જીવોના નિગ્રહ-અનુગ્રહ માટે કારણ માનવાની આવશ્યકતા નથી.

આશય એ છે કે જીવોમાં વર્તતા મિથ્યાત્વાદિ ભાવો સાંસિદ્ધિક મલ રૂપ છે અને તે ભાવો જ્યારે જીવમાં પ્રચુર હોય છે ત્યારે તે જીવ તે મિથ્યાત્વાદિ ભાવોથી ક્લિષ્ટ કર્મ બાંધીને જગતમાં સર્વ વિડંબના પ્રાપ્ત કરે છે અને જ્યારે જે જીવોમાં મિથ્યાત્વાદિ ભાવોરૂપ સાંસિદ્ધિક મલ કંઈક અલ્પ થાય છે ત્યારે કંઈક વિશુદ્ધિને પામેલા તે જીવો યોગમાર્ગનું સેવન કરે છે અને તેના બળથી પોતાનામાં વર્તતા સાંસિદ્ધિક મલને ક્ષીણ-ક્ષીણતર કરે છે, તેથી અશુભ કર્મબંધ થતો નથી, પરંતુ મલની અલ્પતાને કારણે થયેલા શુભ અધ્યવસાયથી પુણ્ય પ્રકૃતિઓ બાંધે છે અને તેના બળથી સદ્ગતિમાં જાય છે અને જ્યારે સત્ત્વનો પ્રકર્ષ થાય છે ત્યારે તે મહાત્માઓ યોગમાર્ગના સેવનમાં મહાપરાક્રમ ફોરવીને આત્મામાં રહેલો મિથ્યાત્વાદિ પરિણામરૂપ અવશેષ સાંસિદ્ધિક મલનો ઉચ્છેદ કરે છે ત્યારે નવા કર્મબંધની પ્રાપ્તિનો અભાવ થાય છે અને પૂર્વનાં બંધાયેલાં

કર્મોનો નાશ થાય છે, તેથી તે મહાત્મા મુક્તિને પ્રાપ્ત કરે છે. માટે ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ છે અને ઈશ્વરના નિગ્રહથી સંસારની સર્વ વિડંબના છે તેમ માનવાની આવશ્યકતા રહેતી નથી.

હવે જો પૂર્વપક્ષી કહે કે જીવમાં રહેલી સાંસિદ્ધિક મલરૂપ યોગ્યતાથી જીવને અનુગ્રહ-નિગ્રહ થતા નથી, પરંતુ તે પ્રકારની યોગ્યતા વગરના જીવોને ઈશ્વર પોતાની ઇચ્છાથી અનુગ્રહ-નિગ્રહ કરે છે તો ટીકાકારશ્રી કહે છે –

ઈશ્વરે સાર્વત્રિક અનુગ્રહ કરવો જોઈએ અને સાર્વત્રિક નિગ્રહ કરવો જોઈએ અથવા ક્યારેય નિગ્રહ-અનુગ્રહ કરવો જોઈએ નહિ; કેમ કે જીવોમાં અનુગ્રહ-નિગ્રહની યોગ્યતા ન હોય તો તે કાર્ય સદા થવું જોઈએ અથવા ક્યારેય થવું જોઈએ નહિ, જેમ આત્માની નિષ્પત્તિનું કોઈ કારણ નથી, તેથી આત્મા સદા છે અને શશશૃંગની નિષ્પત્તિનું કોઈ કારણ નથી, તેથી શશશૃંગનો સદા અભાવ છે અને જીવમાં અનુગ્રહ-નિગ્રહની યોગ્યતા ન હોય અને ઈશ્વર વૈરાગ્યવાળા હોવાથી કોઈ પ્રત્યે પક્ષપાતવાળા ન હોય અને છતાં ઈશ્વરથી અનુગ્રહ થતો હોય તેમ સ્વીકારવામાં આવે તો ઈશ્વરના અનુગ્રહનું સત્ત્વ સદા પ્રાપ્ત થવું જોઈએ અને ઈશ્વરથી નિગ્રહ થતો હોય તો ઈશ્વરથી નિગ્રહની સદા પ્રાપ્તિ થવી જોઈએ અથવા સર્વ જીવોને ક્યારે પણ ઈશ્વરથી અનુગ્રહની કે નિગ્રહની પ્રાપ્તિ થવી જોઈએ નહિ; કેમ કે જીવમાં અનુગ્રહ-નિગ્રહની યોગ્યતા નથી અને ઈશ્વર પક્ષપાતી નથી, તેથી અનુગ્રહ-નિગ્રહના હેતુનો અભાવ હોવાથી કોઈના ઉપર અનુગ્રહ-નિગ્રહ થવો જોઈએ નહિ અને સંસારમાં જીવોની ખરાબ અવસ્થા અને સુંદર અવસ્થાની પ્રાપ્તિ પ્રત્યક્ષ દેખાય છે અને મહાત્માઓ સાધના કરીને સંસારની વિડંબનાથી મુક્ત થાય છે તેમ સર્વ શાસ્ત્રકારો માને છે, માટે સંસારની સર્વ વિડંબનાનું કારણ અનાદિકાળથી જીવમાં વર્તતાં મિથ્યાત્વ-અવિરતિ-પ્રમાદ-કષાય અને યોગરૂપ સાંસિદ્ધિક મલ છે અને તે સાંસિદ્ધિક મલ અલ્પ થાય છે ત્યારે જીવમાં કંઈક ચેતના પ્રગટે છે, તેના બળથી હિતાહિતનો વિચાર કરીને તે જીવ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીને સાંસિદ્ધિક મલનો ઉચ્છેદ કરે છે, તેથી અપવર્ગની પ્રાપ્તિ થાય છે તેમ માનવું જ ઉચિત છે.

શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ટીકાકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ કરતાં કહે છે –

શ્લોકના પૂર્વાર્ધ પ્રત્યે શ્લોકનો ઉત્તરાર્ધ હેતુ છે.

કઈ રીતે હેતુ છે ? તે સ્પષ્ટ કરે છે –

તે તે જીવના સાંસિદ્ધિક મલનો કથંચિત્ સામાન્યરૂપપણાથી આત્માની સાથે અભેદ હોવા છતાં તે તે જીવના અલ્પતા-અધિકતાના નિયામક એવા સાંસિદ્ધિક મલના કાલાદિના ભેદથી તે તે જીવના સાંસિદ્ધિક મલનો જીવથી કથંચિદ્ ભેદ છે, માટે સાંસિદ્ધિક મલથી જ સંસારી જીવોની વિચિત્રતાની પ્રાપ્તિ છે, ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહથી સંસારની વિચિત્રતાની પ્રાપ્તિ નથી.

આશય એ છે કે સંસારવર્તી જીવોમાં કર્મબંધની યોગ્યતારૂપ જે સાંસિદ્ધિક મલ છે તે જીવના પરિણામરૂપ હોવાથી સાંસિદ્ધિક મલરૂપે જીવની સાથે અભેદ છે, આમ છતાં તે તે જીવનું સાંસિદ્ધિક મલ તે તે કાળ આદિને અનુસાર હાનિ-વૃદ્ધિ પામે છે, તેથી સર્વથા જીવ સાથે સાંસિદ્ધિક મલનો અભેદ નથી, પરંતુ તે તે

કાલાદિ પાંચ કારણો અનુસાર તે જીવનો સાંસિદ્ધિક મલ અનેક પ્રકારનો છે, તેથી જીવથી કથંચિદ્ અભિન્ન પણ સાંસિદ્ધિક મલ જીવથી કથંચિદ્ ભિન્ન હોવાને કારણે સાંસિદ્ધિક મલની વૃદ્ધિ-હાનિ અનુસાર જીવના પરિણામના વૈચિત્ર્યની પ્રાપ્તિ છે તે આ રીતે –

અનાદિકાળથી જીવમાં મિથ્યાત્વાદિ ભાવો અત્યંત પ્રચુર હતા, તેથી ગાઢ મિથ્યાત્વને કારણે જીવની ચેતના લેશ પણ તત્ત્વને સન્મુખ થઈ નહિ, આમ છતાં ભવ્ય જીવના સાંસિદ્ધિક મલના તેવા સ્વભાવને કારણે પ્રતિપુદ્ગલપરાવર્ત તેનો સાંસિદ્ધિક મલ કંઈક અલ્પ થાય છે, તેથી ભવ્યજીવમાં કાળને કારણે સાંસિદ્ધિક મલની હાનિ પ્રાપ્ત થાય છે. વળી દરેક ભવ્યજીવના સાંસિદ્ધિક મલનો સ્વભાવ વિલક્ષણ છે, તેથી દરેક ભવ્યજીવને સમકાળે ચરમાવર્તની પ્રાપ્તિ થતી નથી, પરંતુ કોઈકને ઘણા કાળ પહેલાં ચરમાવર્તની પ્રાપ્તિ થાય છે, કોઈકને વર્તમાનમાં ચરમાવર્તની પ્રાપ્તિ થાય છે, તો વળી કોઈકને ઘણા કાળ પછી ભવિષ્યમાં ચરમાવર્તની પ્રાપ્તિ થશે, તેથી સાંસિદ્ધિક મલની હાનિમાં કે વૃદ્ધિમાં કાળ જેમ કારણ છે તેમ જીવનો સ્વભાવ પણ કારણ છે, વળી તે જીવની નિયતિ પણ તેના સાંસિદ્ધિક મલની હાનિવૃદ્ધિમાં કારણ છે, આથી જ નિયતકાળે સાંસિદ્ધિક મલ કંઈક અલ્પ થાય છે, તો વળી અન્યકાળે તેની નિયતિ અનુસાર સાંસિદ્ધિક મલ વૃદ્ધિ પણ પામે છે, આથી જ સાવદ્યાચાર્યે અનંત ચોવીશી પૂર્વે યોગમાર્ગમાં યત્ન કરીને સાંસિદ્ધિક મલ અત્યંત અલ્પ કરેલ છતાં તેવા પ્રકારના નિમિત્તને પામીને ઉત્સૂત્રભાષણ કરવાથી તેમની નિયતિ અનુસાર સાંસિદ્ધિક મલની વૃદ્ધિ થઈ અને અનંતકાળ પછી તેમની નિયતિ અનુસાર પાર્શ્વનાથ ભગવાનના કાળમાં તે મહાત્માએ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને સાંસિદ્ધિક મલનો નાશ કર્યો. વળી સાંસિદ્ધિક મલનો નાશ કે વૃદ્ધિ જીવ પોતાના પુરુષકારથી કરે છે અને તે પુરુષકાર પણ પૂર્વના બંધાયેલા કર્મ અનુસાર કરે છે, તેથી પૂર્વનાં બંધાયેલાં કર્મોના ઉદયથી કષાયને પરવશ થઈને સંસારના આરંભ-સમારંભ આદિ કરે છે ત્યારે તે સાંસિદ્ધિક મલ અત્યંત વૃદ્ધિ પામે છે અને ઉપદેશાદિની સામગ્રીને પામીને પોતાનામાં વિદ્યમાન કષાયો જે પૂર્વકર્મના ઉદયથી વર્તી રહ્યા છે તેઓને જિનવચનથી નિયંત્રિત કરીને જીવ આત્મકલ્યાણ માટે પ્રવર્તાવે છે ત્યારે તે જીવનાં પૂર્વનાં કષાયઆપાદક કર્મો ક્ષયોપશમભાવ રૂપ થઈને તેના સહકૃત વર્તમાનનો પુરુષકાર જ સાંસિદ્ધિક મલની હાનિ કરે છે, તેથી કાલાદિ પાંચે કારણો અનુસાર સાંસિદ્ધિક મલ ક્યારેક હાનિ પામે છે, તો ક્યારેક વૃદ્ધિ પામે છે.

આનાથી એ નક્કી થાય છે કે સાંસિદ્ધિક મલનો આત્માની સાથે એકાંત અભેદ નથી, પરંતુ કથંચિદ્ ભેદ પણ છે, જો સાંસિદ્ધિક મલનો આત્માની સાથે એકાંત અભેદ હોય તો સાંસિદ્ધિક મલના હાનિ-વૃદ્ધિની જેમ તેની સાથે અભિન્ન એવા આત્માની પણ હાનિ-વૃદ્ધિ પ્રાપ્ત થાય. વસ્તુતઃ આત્મદ્રવ્યની ક્યારેય હાનિ-વૃદ્ધિ થતી નથી અને આત્માના શુદ્ધસ્વરૂપની ક્યારેય હાનિ-વૃદ્ધિ થતી નથી, પરંતુ આત્મામાં વર્તતો સાંસિદ્ધિક મલ આત્મામાં હોવા છતાં હાનિ-વૃદ્ધિ પામે છે, તેથી સાંસિદ્ધિક મલનો આત્માની સાથે સાંસિદ્ધિક મલ સ્વરૂપે અભેદ હોવા છતાં હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ ભેદ પણ છે અને સાંસિદ્ધિક મલ અનુસાર જીવ કર્મ બાંધીને સંસારની સર્વ પ્રકારની વિચિત્ર અવસ્થાઓને પ્રાપ્ત કરે છે અને સાંસિદ્ધિક મલના ઉચ્છેદથી કર્મબંધનો અભાવ થવાને કારણે આત્મા મુક્તઅવસ્થાને પ્રાપ્ત કરે છે, તેમ યુક્તિ અનુસાર વિચારવું

જોઈએ, પરંતુ ઈશ્વરના અનુગ્રહાદિથી સંસારની વિચિત્રતા થાય છે તેમ માનવું ઉચિત નથી, આ પ્રકારે માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાવાળા અપુનર્બંધક જીવો વિચારે છે અથવા પ્રસ્તુત ગ્રંથના ૭મા શ્લોકમાં જે યુક્તિ બતાવી તે યુક્તિ અનુસાર માર્ગાનુસારી જીવો 'ઈશ્વર જગતની વિચિત્રતાનો કર્તા નથી' તેમ વિચારે છે. ॥૧૯૭॥

**અવતરણિકા :-**

**इदमेव समर्थयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ સમર્થન કરે છે=સાંસિદ્ધિક મલને છોડીને ઈશ્વરના અનુગ્રહાદિ સંસારી જીવોની વિચિત્રતાનાં કારણ નથી એમ શ્લોક-૧૯૭માં સ્થાપન કર્યું એને જ સમર્થન કરે છે –**

**શ્લોક :-**

**विरोधिन्यपि चैवं स्यात्, तथा लोकेऽपि दृश्यते ।**
**स्वरूपेतरहेतुभ्यां, भेदादेः फलचित्रता ।।१९८।।**

**અન્વયાર્થ :-**

**चैवं=અને આ રીતે=શ્લોક-૧૯૭માં બતાવ્યું કે સાંસિદ્ધિક મલને છોડીને અન્ય એવા ઈશ્વરના અનુગ્રહાદિને પરિણામની વિચિત્રતામાં હેતુ સ્વીકારીએ એ રીતે, विरोधिन्यपि स्यात्=વિરોધી પણ થાય=શ્લોક-૧૯૬માં કહી એ પ્રકારની સર્વ અર્થની પ્રાપ્તિ વિરોધિની પણ થાય, तथा=અને, लोकेऽपि=લોકમાં પણ, स्वरूपेतरहेतुभ्यां=સ્વરૂપ હેતુ અને ઈતરહેતુ દ્વારા=ઉપાદાનકારણ અને નિમિત્તકારણ દ્વારા, भेदादेः=ભેદાદિથી=ભેદ અને અભેદથી, फलचित्रता=ફલની ચિત્રતા, दृश्यते=દેખાય છે. (તે પ્રમાણે સાંસિદ્ધિક મલ રૂપ ઉપાદાન હેતુ અને કાલાદિરૂપ નિમિત્ત હેતુથી ભેદાભેદને કારણે સંસારી જીવોમાં પ્રાપ્ત થતી ફલની વિચિત્રતા સ્વીકારવી જોઈએ.) ॥૧૯૮॥**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે વિરોધિની પણ થાય અને લોકમાં પણ સ્વરૂપહેતુ અને ઈતરહેતુ દ્વારા ભેદાદિથી ફલની ચિત્રતા દેખાય છે. ॥૧૯૮॥**

**ટીકા :-**

**विरोधिन्यपि च=विघटमानैव च, सर्वार्थप्राप्तिः इत्यनुवर्तते, न पुनः कथंचिदपि अविरोधिनी, एवं सांसिद्धिकमलादन्यहेत्वभ्युपगमे सति, स्याद्=भवेत्, यथा च विरोधिनी सर्वप्राप्तिः, तथाऽनन्तरमेव दर्शितेति, 'तथा' इति हेत्वन्तरसमुच्चये, लोकेऽपि-शास्त्रे तावद्दर्शितैवेत्यपिशब्दार्थः दृश्यते=विलोक्यते,**

स्वरूपेतरहेतुभ्यां-स्वरूपहेतुः परिणामिकारणम् यथा मृद् घटस्य, इतरः पुनर्निमित्तहेतुर्यथा तस्यैव चक्रचीवरादि, ताभ्यां-तावाश्रित्येत्यर्थः, भेदादेः=भेदादभेदाच्च यथायोगं सम्बन्धात्स्वरूपहेतुमपेक्ष्या-भेदादितरापेक्षया च भेदात्, किमित्याह – फलचित्रता=कार्याणां नानारूपता, यदि हि मृन्मात्रहेतुक एव घटः स्यात्तदा सर्वघटानां मृन्मयत्वाऽविशेषादेकाकारतैव स्यात्, तथा बाह्यमात्रनिमित्तत्वे परिणामिकारणविरहेण कूर्मरोमादेरिव न कस्यचित्कार्यस्योत्पत्तिः स्यादिति स्वरूपेतरहेतू समाश्रित्या-ऽभेदवृत्त्या[भेदवृत्त्या] च कार्यमुत्पद्यमानं चित्ररूपतां प्रतिपद्यते, एवं च सांसिद्धिके मले सर्वजीवानां परिणामिकारणे सति तत्कालादिबाह्यकारणसव्यपेक्षतायां चित्रकर्मबन्धकानां नानापरिणामप्राप्त्या सर्वो लोकः शास्त्रप्रसिद्धो नरनारकादिपर्यायः, तद्ह्रासात्पुनरपुनर्बन्धकत्वादि यावत् सर्वक्लेशप्रहाणि-लक्षणा मुक्तिरिति सर्वमनुपचरितमुपपद्यत इत्यूहत इति ।।१९८।।

**ટીકાર્થ :-**

**'विरोधिन्यपि ..... इत्यूहत इति ।। અને વિરોધિની જ થાય=સર્વ અર્થની પ્રાપ્તિ વિઘટમાન જ થાય, સર્વ અર્થની પ્રાપ્તિ એ શ્લોક-૧૯૬માંથી અનુવર્તન પામે છે.**

'विरोधिन्यपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ 'एव'કાર કર્યો, તેથી શું પ્રાપ્ત થાય ? તે કહે છે –

**વળી કોઈપણ રીતે અવિરોધિની ન થાય=સર્વ અર્થની પ્રાપ્તિ વિરોધિની જ થાય.**

શું સ્વીકારવાથી સર્વ અર્થની પ્રાપ્તિ વિરોધિની જ થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**આ રીતે=શ્લોક-૧૯૭ના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, સાંસિદ્ધિક મલથી અન્ય એવા ઈશ્વરના અનુગ્રહાદિરૂપ હેતુ સ્વીકાર કરાયે છતે સર્વ અર્થની પ્રાપ્તિ વિરોધિની જ થાય એમ અન્વય છે અને જે રીતે સર્વપ્રાપ્તિ વિરોધિની થાય તે પ્રમાણે અનંતર જ બતાવાઈ=શ્લોક-૧૯૭માં બતાવાઈ.**

**'इति' શબ્દ શ્લોકના પ્રથમપાદના કથનની સમાપ્તિ માટે છે.**

**શ્લોકમાં 'तथा' એ હેત્વન્તરના સમુચ્ચયમાં છે=શ્લોક-૧૯૭માં સાંસિદ્ધિક મલને છોડીને ઈશ્વર અનુગ્રહાદિને સ્વીકારવા ઉચિત નથી તેમ કહ્યું તેમાં શ્લોક-૧૯૭ના ઉત્તરાર્ધમાં હેતુ આપ્યો તેના કરતાં અન્ય હેતુના સમુચ્ચયમાં છે.**

તે અન્ય હેતુ જ સ્પષ્ટ કરે છે –

**લોકમાં પણ=શાસ્ત્રમાં તો તાવત્ બતાવાઈ જ છે અર્થાત્ ઈશ્વરના અનુગ્રહને સ્વીકારવામાં સર્વ અર્થની પ્રાપ્તિ વિરોધિની છે એ બતાવાઈ જ છે એ 'लोकेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે પરંતુ લોકમાં પણ, સ્વરૂપહેતુ અને ઈતરહેતુ દ્વારા ભેદાભેદથી ફલની ચિત્રતા દેખાય છે એમ અન્વય છે, સ્વરૂપહેતુ પરિણામિકારણ છે, જે પ્રમાણે ઘટનું 'માટી' પરિણામિકારણ છે, ઈતર વળી નિમિત્તહેતુ છે, જે પ્રમાણે તેના જ=ઘટના જ, નિમિત્ત હેતુ ચક્ર-ચીવરાદિ છે તે બેથી=સ્વરૂપહેતુને અને ઈતરહેતુને**

**આશ્રયીને, ભેદાદિથી=ભેદથી અને અભેદથી=યથાયોગ્ય ભેદાભેદના સંબંધથી=સ્વરૂપહેતુની અપેક્ષાએ અભેદથી અને ઈતરહેતુની અપેક્ષાએ ભેદથી, ફલવિચિત્રતા=કાર્યની વિવિધતા દેખાય છે.**

સ્વરૂપહેતુ અને ઇતરહેતુને આશ્રયીને ભેદથી અને અભેદથી ફલની વિચિત્રતા લોકમાં કઈ રીતે દેખાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**જો માટીમાત્ર હેતુક જ ઘટ હોય તો સર્વ ઘડાઓના મૃન્મયત્વનો અવિશેષ હોવાથી એકાકારતા જ થાય=માટીમાંથી કુંભારના પ્રયત્ન અનુસાર ભિન્ન ભિન્ન કાળમાં નાના-મોટા આદિ ઘડાઓ થાય છે તે થવા જોઈએ નહિ, પરંતુ માટીથી સર્વ ઘડાઓ એક સ્વરૂપવાળા થવા જોઈએ; કેમ કે માટીમાત્ર જ ઘટનો હેતુ છે, અને બાહ્યમાત્ર નિમિત્તપણું હોતે છતે પરિણામી કારણના વિરહથી=દંડ-ચક્ર-ચીવરાદિ બાહ્યકારણમાત્રનું નિમિત્તપણું હોતે છતે માટીરૂપ પરિણામિ કારણના વિરહથી, કૂર્મરોમાદિની જેમ કોઈક કાર્યની ઉત્પત્તિ ન થાય=ઘટાદિ કોઈક કાર્યની ઉત્પત્તિ ન થાય, 'इति'=એ હેતુથી=માત્ર ઉપાદાન હેતુથી કાર્ય થતું નથી કે માત્ર બાહ્યનિમિત્તથી કાર્ય થતું નથી એ હેતુથી, સ્વરૂપહેતુને અને ઈતરહેતુને આશ્રયીને અભેદવૃત્તિથી અને ભેદવૃત્તિથી ઉત્પદ્યમાન એવું કાર્ય ચિત્રરૂપતાને પ્રાપ્ત કરે છે અને એ રીતે=ઘટાદિ કાર્ય થાય છે એ રીતે, સર્વ જીવોનું સાંસિદ્ધિક મલરૂપ પરિણામિ કારણ હોતે છતે તે તે કાલાદિ બાહ્યકારણોની સવ્યપેક્ષતામાં=તે તે જીવના સાંસિદ્ધિક મલની વૃદ્ધિ-હાનિના કારણીભૂત કાલાદિ બાહ્યકારણોની અપેક્ષામાં, ચિત્રકર્મબંધક જીવોને જુદા જુદા પરિણામની પ્રાપ્તિ થવાથી સર્વ લોક અને શાસ્ત્ર-પ્રસિદ્ધ એવો નરનારકાદિ પર્યાય, તેના હ્રાસથી વળી અપુનર્બંધકાદિથી માંડીને યાવત્ સર્વ ક્લેશના નાશરૂપ મુક્તિ છે એ પ્રમાણે સર્વ અનુપચરિત ઘટે છે, એ પ્રમાણે ઊહ કરે છે= માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાવાળો અપુનર્બંધક જીવ ઊહ કરે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૭માં બતાવાયું કે સાંસિદ્ધિક મલને છોડીને જગતના જીવોની પરિણામની વિચિત્રતા પ્રત્યે ઈશ્વરનો અનુગ્રહ અને નિગ્રહ હેતુ નથી, આમ છતાં સાંસિદ્ધિક મલ સ્વીકાર્યા વગર ઈશ્વરના અનુગ્રહ-નિગ્રહથી સંસારી જીવોની વિચિત્રતા સ્વીકારવામાં આવે તો જીવોને પ્રાપ્ત થતી સર્વ અર્થની પ્રાપ્તિ વિઘટમાન થાય અર્થાત્ જીવો પાપ કરીને નરકમાં જાય છે, પુણ્ય કરીને સ્વર્ગાદિમાં જાય છે અને યોગમાર્ગની સાધના કરીને મુક્ત થાય છે એ સર્વ અર્થની પ્રાપ્તિ સંગત થાય નહિ, કેમ સંગત થાય નહિ એ ગ્રંથકારશ્રીએ શ્લોક-૧૯૭માં બતાવ્યું.

હવે લોકમાં અનુભવ અનુસાર દેખાતા કાર્ય-કારણભાવના બળથી પણ સાંસિદ્ધિક મલ સ્વીકારવાથી જ સંસારી જીવોની સર્વ વિચિત્રતા સંગત થાય છે તે બતાવતાં કહે છે –

લોકમાં માટીરૂપ ઉપાદાન કારણથી અને દંડ-ચક્ર-ચીવર-કુંભારનો પ્રયત્ન આદિ નિમિત્ત કારણથી ઘડો થતો દેખાય છે તેમ ઘટ પ્રત્યે માટી રૂપ ઉપાદાન કારણ સ્થાનીય જીવમાં થતા કાર્ય પ્રત્યે જીવમાં વર્તતું

સાંસિદ્ધિક મલ છે, દંડાદિરૂપ નિમિત્તકારણ સ્થાનીય કાલાદિ પાંચ કારણો છે અને ઘટરૂપ કાર્ય સ્થાનીય જીવમાં પ્રાપ્ત થતા નરનારકાદિ પર્યાયો છે અને સાંસિદ્ધિક મલના ક્રમસર નાશથી અપુનર્બંધકત્વાદિ ભાવો થાય છે અને સાંસિદ્ધિક મલના સંપૂર્ણ નાશથી મુક્તિ થાય છે તે અનુભવ અનુસાર સંગત થાય છે.

આશય એ છે કે માટી માત્ર વિદ્યમાન હોય તો ઘડો થતો નથી, પરંતુ માટી વિદ્યમાન હોય અને ઘટ-નિષ્પત્તિને અનુકૂળ અન્ય સામગ્રી સહિત કુંભારનો પ્રયત્ન વિદ્યમાન હોય તો ઘટરૂપ કાર્ય થાય છે તેમ સર્વ સંસારી જીવોમાં તાદાત્મ્યભાવરૂપે સાંસિદ્ધિક મલ વિદ્યમાન હોય અને કાલ-સ્વભાવ-પુરુષકાર આદિ નિમિત્ત કારણો પ્રાપ્ત થાય તેને અનુસાર જીવ નર-નારકાદિ પર્યાયને પ્રાપ્ત કરે છે અને કાલ-સ્વભાવ આદિ પાંચ કારણોના બળથી જ જીવમાં વર્તતો સાંસિદ્ધિક મલ કંઈક અલ્પ થાય, તેનાથી જ કંઈક શુદ્ધ થયેલી ચેતના અપુનર્બંધકદશાને પામે છે અને અપુનર્બંધકદશા પામ્યા પછી માર્ગાનુસારી ઊહ કરીને સંસારની વ્યવસ્થા અનુભવ અનુસાર વિચારીને સર્વ ક્લેશના કારણભૂત સાંસિદ્ધિક મલના ઉચ્છેદ માટે જે જીવ જે જે પ્રકારે જે જે કાળમાં પ્રયત્ન કરે છે તેના બળથી સાંસિદ્ધિક મલની અલ્પતારૂપ કાર્ય થાય છે અને સાંસિદ્ધિક મલની અધિક અધિક અલ્પતાથી વિશુદ્ધિને પામતો જીવ સાંસિદ્ધિક મલના સંપૂર્ણ નાશથી મુક્તિને પ્રાપ્ત કરે છે, આ પ્રમાણે માર્ગાનુસારી પ્રૌઢ-પ્રજ્ઞાથી યુક્ત ઊહ અપુનર્બંધક જીવ કરે છે.

અહીં વિશેષ એ છે કે સાંસિદ્ધિક મલ જીવની પરિણતિ સ્વરૂપ હોવાથી જીવની સાથે તાદાત્મ્ય પરિણતિરૂપ છે અને તે સાંસિદ્ધિક મલ પ્રમાણે જીવ જે કર્મો બાંધે છે તે કર્મપુદ્ગલો જીવ સાથે એકમેક થયેલા હોવા છતાં જીવના પરિણામસ્વરૂપ નથી, તેથી સાંસિદ્ધિક મલની હાનિ-વૃદ્ધિમાં પાંચ કારણો અંતર્ગત કર્મપુદ્ગલો પણ નિમિત્તકારણ છે અને જીવમાં વર્તતો ક્ષયોપશમભાવરૂપ પુરુષકાર પણ સાંસિદ્ધિક મલની હાનિ-વૃદ્ધિ પ્રત્યે નિમિત્તકારણ છે અને સાંસિદ્ધિક મલ જીવની તે તે અવસ્થા પ્રત્યે ઉપાદાન કારણ છે; કેમ કે સાંસિદ્ધિક મલના પરિણામવાળો જીવ તે તે પ્રકારનાં કર્મોને બાંધીને નર-નારકાદિ ભાવોરૂપે થાય છે, જેમ માટી જ કુંભાર આદિના પ્રયત્નથી ઘટાદિરૂપે થાય છે અને સાંસિદ્ધિક મલવાળો આત્મા જ જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરીને સાંસિદ્ધિક મલના હ્રાસથી યોગમાર્ગની તે તે ભૂમિકાવાળો થાય છે અને સંપૂર્ણ સાંસિદ્ધિક મલના હ્રાસથી તે જીવ જ પૂર્ણ શુદ્ધ થાય છે. **॥૧૯૮॥**

**અવતરણિકા :-**

**ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યારપછી=માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞાવાળા શાંત પ્રકૃતિવાળા અને ઉદાત્ત આશયવાળા જીવો શ્લોક-૧૯૫થી શ્લોક-૧૯૮ સુધી બતાવ્યું એ રીતે ઊહ કરે છે ત્યારપછી, શું કરે છે ? એને કહે છે –**

**શ્લોક :-**

**एवमूहप्रधानस्य, प्रायो मार्गानुसारिणः ।**
**एतद्वियोगविषयोऽप्येष सम्यक् प्रवर्तते ।।१९९।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૧૯૫થી શ્લોક-૧૯૮ સુધી બતાવ્યું એ રીતે, ऊहप्रधानस्य मार्गानुसारिणः=ઊહપ્રધાન એવા માર્ગાનુસારી જીવને, प्रायः=પ્રાયઃ, एतद्वियोगविषयोऽपि=આના વિયોગના વિષયવાળો પણ, एष=આ=માર્ગાનુસારી ઊહ, सम्यक्=સમ્યક્, प्रवर्तते=પ્રવર્તે છે. ||૧૯૯||

**શ્લોકાર્થ :-**

**આ રીતે ઊહપ્રધાન એવા માર્ગાનુસારી જીવને પ્રાયઃ આના વિયોગના વિષયવાળો પણ આ માર્ગાનુસારી ઊહ સમ્યક્ પ્રવર્તે છે. ||૧૯૯||**

**ટીકા :-**

**एवमुक्तरूपेण ऊहप्रधानस्य=वितर्कसारस्य, प्रायो=बाहुल्येन, मार्गानुसारिणो=निर्वाणपथानुकूलस्य अपुनर्बन्धकत्वेन, क्वचिदन्यथापि प्रवृत्तिरस्य स्यादिति प्रायोग्रहणम्, एतद्वियोगविषयोपि=आत्मना सह प्रकृतिविघटनगोचरः किं पुनर्भवबीजादिगोचर इत्यपिशब्दार्थः, एष=ऊहः, सम्यग्=ऊहनीयार्थाऽव्यभिचारी प्रवर्तते=समुन्मीलति, इदमुक्तं भवति – यथा भवबीजादिगोचरमतिनिपुणमूहते, तथा कथमस्यात्मनः कर्मणा वियोगो घटत एवमप्यूहत इति ।।१९९।।**

**ટીકાર્થ :-**

**एवमुक्तरूपेण ..... एवमप्यूहत इति ।। આ રીતે ઉક્તસ્વરૂપથી=શ્લોક-૧૯૫થી શ્લોક-૧૯૮ સુધી વર્ણન કર્યું એ રીતે ઉક્તસ્વરૂપથી, ઊહપ્રધાન માર્ગાનુસારી જીવને=વિતર્કપ્રધાન અપુનર્બંધકપણાને કારણે નિર્વાણપથને અનુકૂલ એવા જીવને, પ્રાયઃ=બહુલતાથી, આના વિયોગ વિષયવાળો પણ=આત્માની સાથે પ્રકૃતિના વિઘટનના વિષયવાળો પણ, આ=ઊહ, સમ્યગ્=ઊહનીય અર્થ સાથે અવ્યભિચારી, પ્રવર્તે છે=ચિત્તમાં આવિર્ભાવ પામે છે, આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે ભવબીજાદિ વિષયને અતિનિપુણ ઊહ કરે છે=માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞાવાળો અપુનર્બંધક જીવ ઊહ કરે છે, તે પ્રકારે આત્માનો કર્મથી વિયોગ કેવી રીતે ઘટે છે, એ પણ ઊહ કરે છે.**

**'इति' શબ્દ 'इदमुक्तं भवति'ના કથનની સમાપ્તિ માટે છે.**

શ્લોકમાં 'प्रायः' શબ્દ છે તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

**ક્યારેક આની=માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા જીવની, અન્યથા પણ પ્રવૃત્તિ થાય=ઊહની વિચારણામાં ક્યારેક વિપરીત વિચારણા પણ થાય, એ હેતુથી=એ બતાવવાના પ્રયોજનથી, પ્રાયઃ શબ્દનું ગ્રહણ છે. ||૧૯૯||**

❖ 'एतद्वियोगविषयोऽपि'માં શું વળી ભવબીજાદિગોચર ? એ 'अपि' શબ્દનો અર્થ છે.

**ભાવાર્થ :-**

જે મહાત્માનું ચિત્ત કષાયોની અલ્પતાને કારણે શાંત થયેલું છે અને પોતાના આત્માના કલ્યાણ અર્થે ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં જવાનો ઉદાત્ત આશય વર્તે છે તેવા મહાત્માઓ આત્મવંચના કર્યા વગર સંસારની વ્યવસ્થાને સ્વમતિ અનુસાર જાણવા માટે યત્ન કરે છે અને યોગીઓ પાસેથી તેના પરમાર્થને જાણવા માટે યથાયોગ્ય પ્રયત્ન કરે છે, તેથી તેવા જીવોમાં માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞા પ્રગટે છે, તેથી તેઓ સંસારની દેખાતી વ્યવસ્થા કર્મપ્રકૃતિને કારણે કઈ રીતે સંગત થાય અથવા સંસારઅવસ્થામાં આત્મામાં વર્તતા સાંસિદ્ધિક મલને કારણે સંસારની દેખાતી વ્યવસ્થા કઈ રીતે સંગત થાય છે તેનો યથાર્થ વિચાર કરે છે. તેનો વિચાર કર્યા પછી આત્માની કદર્થના કરનાર કર્મપ્રકૃતિનો કઈ રીતે વિયોગ થાય અને કર્મપ્રકૃતિની નિષ્પત્તિના કારણભૂત પોતાના આત્મામાં વર્તતા સાંસિદ્ધિક મલનો કઈ રીતે વિયોગ થાય તેના વિષયક સમ્યક્ ઊહ કરે છે અર્થાત્ તેના ઉપાયો યોગીઓ પાસેથી જાણવા પ્રયત્ન કરે છે અને પોતાની નિપુણ પ્રજ્ઞાપૂર્વક કાર્ય-કારણભાવનો નિર્ણય કરીને પોતાનામાં વર્તતા ભાવમલના નાશના ઉપાયોને પરમાર્થથી જાણવા માટે સદા ઉદ્યમ કરે છે; કેમ કે અપુનર્બંધકપણું પ્રગટ થયેલ હોવાનાં કારણે માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટેલી હોવાથી તેને પ્રસ્તુત દેખાતો ભવ આત્માની વિડંબના સ્વરૂપ દેખાય છે અને ભવના પરિભ્રમણ વગરની આત્માની શુદ્ધ અવસ્થા તેને સાર દેખાય છે, તેથી તેની પ્રાપ્તિના ઉપાયને જાણવા માટે નિપુણતાપૂર્વક તે યત્ન કરે છે. ફક્ત અપુનર્બંધકદશામાં કંઈક વિપર્યાસ કરનાર મંદ મિથ્યાત્વ હોવાથી અથવા સમ્યક્ત્વાદિ પામ્યા પછી પણ ક્યારે પ્રમાદને વશ હોવાનાં કારણે મિથ્યાત્વનો ઉદય થવાથી ક્યારેક તેવા માર્ગાનુસારી જીવો પણ વિપરીત ઊહ કરે છે તે બતાવવા માટે શ્લોકમાં પ્રાયઃ શબ્દનું ગ્રહણ છે, છતાં અનાભોગથી ક્યારેક વિપરીત ઊહ થયેલો હોય તોપણ યોગ્ય ઉપદેશકના વચનથી તેઓનો વિપર્યાસ શીઘ્ર નિવર્તન પામે છે. **II૧૯૯II**

**અવતરણિકા :-**

**एवं सति यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આમ હોતે છતે=માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞાવાળો અપુનર્બંધક જીવ ભવવિષયક અને ભવના વિયોગવિષયક સમ્યગ્ ઊહ કરે છે એમ પૂર્વમાં કહ્યું એમ હોતે છતે, જે સિદ્ધ થાય તેને કહે છે –**

**શ્લોક :-**

**एवंलक्षणयुक्तस्य प्रारम्भादेव चापरैः ।**
**योग उक्तोऽस्य विद्वद्भिर्गोपेन्द्रेण यथोदितम् ।।२००।।**

**અન્વયાર્થ :-**

**एवंलक्षणयुक्तस्य अस्य=આવા લક્ષણયુક્ત એવા આને=ભવવિષયક અને ભવના વિયોગવિષયક સમ્યગ્ ઊહ કરે એવા ગુણથી યુક્ત એવા અપુનર્બંધકને, प्रारम्भादेव=પ્રારંભથી જ=પૂર્વસેવારૂપ પ્રારંભને આશ્રયીને જ, अपरैः विद्वद्भिः=અપર વિદ્વાનો વડે, योगः उक्तः=યોગ કહેવાયો છે, यथा=જે પ્રમાણે, गोपेन्द्रेण=ગોપેન્દ્ર વડે, उदितम्=કહેવાયું છે. ।।૨૦૦।।**

**શ્લોકાર્થ :-**

**આવા લક્ષણયુક્ત એવા આને પ્રારંભથી જ અપર વિદ્વાનો વડે યોગ કહેવાયો છે, જે પ્રમાણે ગોપેન્દ્ર વડે કહેવાયું છે. ।।૨૦૦।।**

**ટીકા :-**

**'एवं लक्षणयुक्तस्य'=पूर्वोक्तोहगुणसमन्वितस्य, 'प्रारम्भादेव'=प्रारम्भमेव पूर्वसेवालक्षणमाश्रित्य, अपरैस्तीर्थान्तरीयैः 'योगो' वक्ष्यमाणनिरुक्तः, उक्तोऽस्य=अपुनर्बन्धकस्य विद्वद्भिः=विचक्षणैः, गोपेन्द्रेण योगशास्त्रकृता, 'यथोदितं'=यत्प्रकारमिदं वस्तु तथोदितमिति ।।२००।।**

**ટીકાર્થ :-**

**'एवं लक्षणयुक्तस्य' ..... तथोदितमिति ।। આવા લક્ષણયુક્ત જીવને=શ્લોક-૧૯૫થી શ્લોક-૧૯૯ સુધી કહ્યું એવા ઊહગુણથી યુક્ત એવા જીવને, પ્રારંભથી જ=પૂર્વસેવારૂપ પ્રારંભને આશ્રયીને, આગળ કહેવાશે એવી વ્યુત્પત્તિવાળો યોગ અપર એવા વિચક્ષણ તીર્થાન્તરીયો વડે આને=અપુનર્બંધકને, યોગ કહેવાયો છે, જે પ્રમાણે=જે પ્રકારે, આ વસ્તુ છે તે પ્રકારે ગોપેન્દ્ર નામના યોગશાસ્ત્રના કરનારા વડે કહેવાયું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૦૦।।**

**ભાવાર્થ :-**

જે અપુનર્બંધક જીવો કષાયોની અલ્પતાને કારણે શાંતપ્રકૃતિવાળા છે, તેથી સ્વસ્થતાપૂર્વક હિતાહિતનો વિચાર કરી શકે છે અને સતત આત્મકલ્યાણના અર્થી હોવાથી ઉદાત્ત આશયવાળા છે, તેથી યોગીઓ પાસેથી તત્ત્વ સાંભળવા યત્ન કરે છે તેવા લક્ષણયુક્ત અપુનર્બંધક જીવોને પૂર્વસેવારૂપ યોગ પ્રારંભથી જ પ્રાપ્ત થાય છે એ પ્રકારે વિચક્ષણ એવા અન્ય દર્શનવાળા પણ કહે છે.

કયા અન્ય દર્શનવાળા કહે છે ? તે બતાવવા માટે જ કહે છે –

ગોપેન્દ્ર નામના અન્ય દર્શનવાળા કહે છે, શું કહે છે તે સ્વયં આગળના શ્લોકમાં બતાવે છે. **।।૨૦૦।।**

**અવતરણિકા :-**

तदेव दर्शयति –

**અવતરણિકાર્થ :-**

તેને જ=ગોપેન્દ્રએ જે કહ્યું છે તેને જ, બતાવે છે –

**શ્લોક :-**

**योजनाद्योग इत्युक्तो, मोक्षेण मुनिसत्तमैः ।**
**स निवृत्ताधिकारायां, प्रकृतौ लेशतो ध्रुवः ।।२०१।।**

**અન્વયાર્થ :-**

मोक्षेण=મોક્ષની સાથે, योजनाद्=યોજન કરનાર હોવાથી, मुनिसत्तमैः=મુનિસત્તમો વડે, योगः=યોગ, इति=એ પ્રમાણે, उक्तः=કહેવાયો છે, स=તે=યોગ, लेशतः=લેશથી, निवृत्ताधिकारायां प्रकृतौ=નિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે, ध्रुवः=ધ્રુવ છે. ।।૨૦૧।।

**શ્લોકાર્થ :-**

**મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી મુનિસત્તમો વડે યોગ એ પ્રમાણે કહેવાયો છે તે યોગ લેશથી નિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ હોતે છતે ધ્રુવ છે. ।।૨૦૧।।**

**ટીકા :-**

योजनाद्=घटनात्, मोक्षेण इत्युत्तरेण सम्बन्धः, योग इति अस्माद्धेतोः, उक्तो मुनिसत्तमैः=ऋषिपुङ्गवैः, स योगः निवृत्ताधिकारायां=व्यावृत्तपुरुषाभिभवायां प्रकृतौ, लेशतः=किंचिद्वृत्त्या, ध्रुवो=निश्चितः ।।२०१।।

**ટીકાર્થ :-**

योजनाद् ..... निश्चितः ।। મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી એ પ્રમાણે શ્લોકમાં ઉત્તરની સાથે સંબંધ છે.

મોક્ષની સાથે યોજન કરનાર હોવાથી શું છે ? એથી કહે છે –

યોગ છે, એ હેતુથી મુનિસત્તમો વડે=ઋષિપુંગવો વડે, કહેવાયો છે='યોગ' એ પ્રમાણે કહેવાયો છે, તે યોગ લેશથી=કિંચિદ્ વૃત્તિથી, નિવૃત્તઅધિકારવાળી પ્રકૃતિ હોતે છતે=વ્યાવૃત્ત થયો છે પુરુષનો અભિભવ જેમાં એવી પ્રકૃતિ હોતે છતે, ધ્રુવ છે=નિશ્ચિત છે. ।।૨૦૧।।

**ભાવાર્થ :-**

ગોપેન્દ્ર નામના ઋષિ કહે છે કે પ્રકૃતિથી આત્માનો મોક્ષ થાય તેવી આત્માની સુંદર અવસ્થા છે અને તેની સાથે જે પ્રવૃત્તિ યોજન કરી આપે તેવી પ્રવૃત્તિને યોગ કહેવામાં આવે છે. આવો યોગ માત્ર બાહ્ય આચરણાથી પ્રગટ થતો નથી, પરંતુ જ્યારે પ્રકૃતિથી આત્માનો અભિભવ કંઈક ઓછો થાય છે ત્યારે ઉચિત આચરણાથી યોગ પ્રગટે છે; કેમ કે પ્રકૃતિનો અભિભવ કંઈક અલ્પ થયેલો હોવાથી શુદ્ધ ચેતના પ્રગટે છે તે વખતે સેવાયેલી ઉચિત આચરણા પ્રકૃતિથી થતા અભિભવને અધિક અધિક ક્ષીણ કરે છે, તેથી સર્વથા પ્રકૃતિનો નાશ થવાને કારણે મોક્ષ થાય છે.

આ પ્રકારના ગોપેન્દ્રના વચનથી એ ફલિત થાય કે અપુનર્બંધક જીવોને પ્રારંભથી જ યોગ છે, જો કે ગ્રંથકારશ્રીએ યોગ અધ્યાત્મથી શરૂ થશે તેમ બતાવેલ છે અને પૂર્વસેવાને યોગની પૂર્વભૂમિકારૂપે સ્વીકારેલ છે, તેથી ગ્રંથકારશ્રીના વચનાનુસાર અપુનર્બંધક જીવોને ભાવથી યોગ નથી, પરંતુ સમ્યગ્દષ્ટિ જીવોને જ ભાવથી યોગ છે, તોપણ તે ભાવથી યોગની પ્રાપ્તિનું કારણ અપુનર્બંધક જીવોની પૂર્વસેવા હોવાથી તે દ્રવ્યથી યોગ છે અર્થાત્ ભાવયોગની પ્રાપ્તિનું કારણ દ્રવ્યયોગ છે, તોપણ ગોપેન્દ્રાદિ વિદ્વાનોએ પૂર્વસેવાના પ્રારંભથી જ યોગરૂપે સ્વીકારેલ છે અને ગ્રંથકારશ્રીને તે દૃષ્ટિથી ગોપેન્દ્રનું વચન સંમત છે; કેમ કે અપુનર્બંધકની પૂર્વસેવા પણ ક્રમે કરીને મોક્ષની સાથે યોજનાર છે, માટે તેને યોગ કહી શકાય છે. **॥૨૦૧॥**

**અવતરણિકા :-**

**कीदृश इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવા પ્રકારનો યોગ છે ?=ગોપેન્દ્રએ પ્રારંભથી જ યોગ સ્વીકાર્યો તે કેવા પ્રકારનો છે ? એને કહે છે –**

**શ્લોક :-**

**वेलावलनवन्नद्यास्तदापूरोपसंहृतेः ।**
**प्रतिस्रोतोनुगत्वेन, प्रत्यहं वृद्धिसंयुतः ॥२०२॥**

**અન્વયાર્થ :-**

**तदापूरोपसंहृतेः=તેના આપૂરની ઉપસંહૃતિથી=સમુદ્રના ક્ષોભને કારણે નદીનું જે આપૂરણ હતું તેની ઉપસંહૃતિથી, वेलावलनवन्नद्याः=નદીના વેલાવલનની જેમ, प्रतिस्रोतोनुगतत्वेन=પ્રતિસ્રોત અનુગપણાથી=નિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા પુરુષના ઈન્દ્રિય અને કષાયને પ્રતિકૂળ અનુસરણપણાથી, प्रत्यहं=પ્રતિદિન, वृद्धिसंयुतः=વૃદ્ધિસંયુત યોગ છે. ॥૨૦૨॥**

**શ્લોકાર્થ :-**

**તેના આપૂરની ઉપસંહતિથી નદીના વેલાવલનની જેમ પ્રતિસ્રોત અનુગપણાથી પ્રતિદિન વૃદ્ધિસંયુત યોગ છે. ॥૨૦૨॥**

**ટીકા :-**

**वेलावलनवद्=वेला-जलवृद्धिस्तस्या वलनं-व्यावृत्तिस्तद्वत्, नद्या गंगादिकायाः, कुतो यद्वलनमित्याह - तदापूरोपसंहृतेः=महासमुद्रक्षोभेण यस्तस्या नद्या आपूरः-आपूरणं तस्योपसंहृतेः-उपसंहारात्, निवृत्त-प्रकृत्यधिकारस्य पुंसः, प्रतिस्त्रोतोनुगत्वेन हेतुना='इन्द्रियकषायानुकूला वृत्तिरनुस्त्रोतस्तत्प्रतिकूला तु प्रतिस्त्रोतः', ततः प्रतिस्त्रोतोऽनुगच्छति यः स प्रतिस्त्रोतोनुगः, तद्भावस्तत्त्वं तेन । किमित्याह – प्रत्यहं=प्रतिदिवसं वृद्धिसंयुतः=वृद्धिमनुभवन्, यथा नद्या आपूरोपसंहाराद्वेलावलनं प्रत्यहं प्रवर्धते, तथा प्रतिस्त्रोतोनुगामित्वान्निवृत्तप्रकृत्यधिकारस्य योग इति भावः ।।२०२।।**

**ટીકાર્થ :-**

**वेलावलनवद् ..... इति भावः ।। ગંગાદિ નદીના વેલાવલનની જેમ=જલવૃદ્ધિરૂપ વેલા તેણીનું વ્યાવૃત્તિરૂપ વલન તેની જેમ, પ્રતિસ્રોતઅનુગપણાથી પ્રતિદિવસ વૃદ્ધિસંયુત યોગ છે, એમ આગળ સાથે અન્વય છે.**

**કોનાથી તેનું વલન છે ?=નદીના પૂરનું વલન છે ? એથી કહે છે –**

**તેના આપૂરની ઉપસંહતિથી=મહાસમુદ્રના ક્ષોભ વડે તે નદીના જે આપૂરણરૂપ આપૂર તેના ઉપસંહારથી, વેલાનું વલન છે અને વેલાવલનની જેમ નિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા પુરુષનું પ્રતિસ્રોત અનુગપણારૂપ હેતુથી=ઈન્દ્રિય-કષાય અનુકૂલવૃત્તિ અનુસ્રોત વળી તેને પ્રતિકૂળ વૃત્તિ પ્રતિસ્રોત, ત્યારપછી તેનો સમાસ કરે છે પ્રતિસ્રોતને અનુસરે છે જેતે પ્રતિસ્રોત અનુગ તેનો ભાવ તત્ત્વ અર્થાત્ પ્રતિસ્રોતઅનુગત્વ તેનાથી, પ્રતિદિવસ વૃદ્ધિસંયુત=વૃદ્ધિને અનુભવતો યોગ છે અર્થાત્ અપુનર્બંધકનો યોગ છે.**

દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવ સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે નદીના આપૂરના ઉપસંહારથી વેલાનું વલન=નદીમાં આવતું જલવૃદ્ધિપૂરનું વલન, પ્રતિદિવસ પ્રવર્ધમાન થાય છે તે પ્રમાણે પ્રતિસ્રોત અનુગામિપણાને કારણે નિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા પુરુષનો યોગ પ્રતિદિવસ પ્રવર્ધમાન થાય છે. ॥૨૦૨॥**

**ભાવાર્થ :-**

ગંગા આદિ નદીઓમાં સમુદ્રના ક્ષોભને કારણે પૂર આવે છે અને તે પૂર શુક્લપક્ષમાં પ્રતિદિન વૃદ્ધિથી યુક્ત આવે છે, તેથી પ્રથમ દિવસે જે પૂર આવ્યું હોય તે થોડીવારમાં નિવર્તન પામે છે અને બીજે દિવસે

તે પૂર પૂર્વ કરતાં અધિક ઊંચી સપાટી સુધી આવે છે, આ રીતે પ્રતિદિન વૃદ્ધિયુક્ત પૂર શુક્લપક્ષમાં આવે છે અને કૃષ્ણપક્ષમાં તે પૂર પ્રતિદિન હાનિથી યુક્ત આવે છે, તેથી કૃષ્ણપક્ષમાં પ્રથમ દિવસે જે પૂર આવે છે તે કિંચિત્ કાળ પછી નિવર્તન પામે છે અને બીજે દિવસે પ્રથમ દિવસ કરતાં ન્યૂન સપાટી સુધી પૂર આવે છે. આ ક્રમથી કૃષ્ણપક્ષમાં પ્રતિદિવસ જલવૃદ્ધિનું વલન થાય છે તેમ જે જીવો ઉપર પ્રકૃતિનો અધિકાર કંઈક ઓછો થયો છે તે જીવો ઇન્દ્રિય અને કષાયને અનુકૂળ પ્રવૃત્તિરૂપ જે અનુસ્રોત હતો તે પ્રતિદિવસ પ્રતિસ્રોતરૂપે જાય છે, તેથી ઇન્દ્રિયોનું વિષયો પ્રત્યે આકર્ષણ ઘટતું જાય છે અને કષાયોની ઉત્કટતા ઘટતી જાય છે, તેથી ઇન્દ્રિયોની આસક્તિની હાનિના કારણે અને કષાયોની અલ્પતાના કારણે તેઓ જે પૂર્વસેવારૂપ યોગ સેવે છે; તેનાથી પ્રતિદિવસ યોગની વૃદ્ધિ થાય છે.

અહીં વિશેષ એ છે કે નદીનું પૂર કૃષ્ણપક્ષમાં પણ પ્રતિદિવસ આવે છે, તોપણ તે પૂર પ્રતિદિવસ હીન-હીન થઈને આવે છે, તેમ નિવૃત્ત પ્રકૃતિઅધિકારવાળા જીવો યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે ત્યારે સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ દ્વારા રાગાદિના પ્રતિપક્ષભાવના પરિણામો કરે છે, તેથી પોતાનામાં વર્તતી રાગાદિપરિણતિ તે ઉપયોગથી ક્ષીણ થાય છે, તોપણ ફરી સંસારની પ્રવૃત્તિઓ કરે છે ત્યારે રાગાદિ પરિણતિઓ કંઈક વૃદ્ધિ પામે છે, તોપણ તે રાગાદિ પરિણતિની વૃદ્ધિ પૂર્વ પૂર્વ કરતાં અલ્પ અલ્પ થાય છે, તેથી જેમ નદીનું પૂર વેલાવલનકાળમાં પ્રતિદિન અલ્પ અલ્પ થાય છે તેમ નિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા જીવોની પૂર્વસેવારૂપ ઉચિત આચરણાથી ઇન્દ્રિયો અને કષાયોની પરિણામની વૃદ્ધિ સતત હીન-હીનતર થાય છે. તેથી યોગની સતત વૃદ્ધિ થાય છે. **॥૨૦૨॥**

**અવતરણિકા :-**

**द्रव्यत एवायं योग इत्यर्थाद्दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**દ્રવ્યથી જ આ યોગ છે=નિવૃત્ત પ્રકૃતિ અધિકારવાળા જીવોમાં પ્રારંભિક કક્ષાનો જે યોગ છે એ દ્રવ્યથી જ છે એ પ્રમાણે અર્થથી=સાક્ષાત્ શબ્દથી નહિ પરંતુ આગળ બતાવે છે એ શ્લોકના કથન દ્વારા અર્થથી, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**भिन्नग्रन्थेस्तु यत्प्रायो, मोक्षे चित्तं भवे तनुः ।**
**तस्य तत्सर्व एवेह, योगो योगो हि भावतः ।।२०३।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી, तु=વળી, भिन्नग्रन्थेः=ભિન્નગ્રંથિનું=સમ્યગ્દૃષ્ટિનું, प्रायः=પ્રાયઃ, मोक्षे=મોક્ષમાં, चित्तं=ચિત્ત છે, भवे तनुः=ભવમાં શરીર છે, तत्=તે કારણથી, तस्य=તેનો=સમ્યગ્દૃષ્ટિનો, सर्व एव योगः=સર્વ જ વ્યાપાર, इह=અહીં=યોગવિચારમાં, भावतः=ભાવથી, योगो हि=યોગ જ છે. ॥૨૦૩॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી વળી ભિન્નગ્રંથિનું પ્રાયઃ મોક્ષમાં ચિત્ત છે, ભવમાં શરીર છે, તે કારણથી તેનો સર્વ જ વ્યાપાર ભાવથી યોગ જ છે. ।।૨૦૩।।**

**ટીકા :-**

भिन्नग्रन्थेस्तु=विदारितातितीव्ररागद्वेषपरिणामस्य पुंसः पुनः, यद्=यस्मात्, प्रायो=बहून्वारान्, मोक्षे=निवृत्तौ, चित्तं=अन्तःकरणम्, तथा भवे=भवकृत्येष्वित्यर्थः, तनुः=शरीरं, वर्तते तस्य=भिन्नग्रन्थेः, तत्=तस्मात्, सर्व एवेह=योगविचारे, धर्मार्थादिगोचरो योगो=व्यापारः, किमित्याह – योगो हि=योग एव सम्यग्दर्शनादिरूपः, भावतः=निश्चयवृत्त्या, 'चित्तानुरूपफलत्वात्सर्वव्यापाराणामिति मोक्षाकांक्षाऽक्षणिकचित्तस्य सम्यग्दृष्टेर्या या चेष्टा सा सा मोक्षप्राप्तिपर्यवसानफला' इत्युपपद्यत एवास्य भावतो योग इति ।।२०३।।

**ટીકાર્થ :-**

**भिन्नग्रन्थेस्तु ..... योग इति ।। જે કારણથી વળી ભિન્નગ્રંથિનું=ભેદ કરાયો છે અતિતીવ્ર રાગ-દ્વેષનો પરિણામ જેને એવા પુરુષનું, પ્રાયઃ=બહુવાર, નિવૃત્તિરૂપ મોક્ષમાં અંતઃકરણરૂપ ચિત્ત છે અને ભવમાં=ભવનાં કૃત્યોમાં, શરીર વર્તે છે, તે કારણથી અહીં=યોગના વિચારમાં, તેનો=ભિન્નગ્રંથિનો સર્વ જ યોગ=ધર્મ-અર્થ આદિ વિષયક વ્યાપાર, ભાવથી=નિશ્ચયવૃત્તિથી, સમ્યગ્દર્શનાદિરૂપ યોગ જ છે; કેમ કે સર્વ વ્યાપારોનું ચિત્ત અનુરૂપ ફલપણું છે એથી મોક્ષઆકાંક્ષામાં અક્ષણિકચિત્તવાળા સમ્યગ્દૃષ્ટિની=મોક્ષની ઈચ્છા સતત વર્તે છે એવા સમ્યગ્દૃષ્ટિની, જે જે ચેષ્ટા છે તે તે મોક્ષપ્રાપ્તિના પર્યવસાન ફલવાળી છે, એથી આને=સમ્યગ્દૃષ્ટિને, ભાવથી યોગ ઉપપન્ન થાય છે જ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૦૩।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ શાંત પ્રકૃતિવાળા છે, ઉદાત્ત આશયવાળા છે, તેથી તત્ત્વના અર્થી એવા તેઓ મહાત્માઓ પાસેથી તત્ત્વ જાણવા માટે સતત યત્ન કરે છે. તેના કારણે તેઓને માર્ગાનુસારી પ્રૌઢ પ્રજ્ઞા પ્રાપ્ત થઈ છે. તે પ્રજ્ઞાના બળથી તેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને અનુભવ અનુસાર જોવા સદા યત્ન કરે છે અને સંસારના ઉચ્છેદના વિષયમાં પણ માર્ગાનુસારી ઊહ કરે છે. તે પ્રકારના સતત યત્નના બળથી જેઓએ તત્ત્વને યથાર્થ જોવામાં બાધક એવા તીવ્ર રાગ-દ્વેષના પરિણામનો ઉચ્છેદ કર્યો છે, તેઓની ગ્રંથિનો ભેદ થયેલો હોવાને કારણે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેથી પોતે સંસારઅવસ્થામાં હોવા છતાં સર્વ કર્મ રહિત એવી મુક્ત અવસ્થા જ તેમને સારરૂપે જણાય છે અને સંસારની અવસ્થા જીવની વિડંબનારૂપ જણાય છે. સર્વજ્ઞનું વચન સંસારની વિડંબનાથી જીવનું રક્ષણ કરીને મોક્ષપ્રાપ્તિનો ઉપાય બતાવે છે તેવું સ્પષ્ટ જણાય

છે, તેથી પ્રાપ્ત થયેલા મનુષ્યભવમાં પોતાની શક્તિને ગોપવ્યા વગર જિનવચનના પરમાર્થને જાણવા યત્ન કરે છે. જિનવચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ કઈ રીતે વીતરાગતાનું કારણ છે તેનો શક્તિ અનુસાર નિર્ણય કરીને પૂર્ણધર્મ સેવવાની શક્તિ હોય તો સર્વવિરતિ ધર્મ જ સ્વીકારે છે અને પૂર્ણધર્મને સેવવાની શક્તિ ન જણાય તો પૂર્ણધર્મ સેવવાની શક્તિનો સંચય થાય તે રીતે ધર્મ-અર્થ અને કામમાં યત્ન કરે છે ત્યારે પણ તે મહાત્માનું ચિત્ત પ્રાયઃ મોક્ષમાં હોય છે. શરીરથી ભવનાં અર્થ-કામાદિ કૃત્યો પણ ક્યારેક સેવે છે, તોપણ તે મહાત્માને સદા ભાવથી યોગ વર્તે છે=મોક્ષને અનુકૂળ કર્મનિર્જરાની પ્રાપ્તિ અને પુણ્યાનુબંધીપુણ્ય પ્રાપ્ત થાય તેવો સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પરિણામ વર્તે છે.

અહીં પ્રશ્ન થાય કે અર્થ-કામના સેવનકાળમાં રત્નત્રયીના પરિણામરૂપ યોગ સમ્યગ્દૃષ્ટિને કઈ રીતે સંભવે ? તેથી કહે છે –

સર્વ વ્યાપારોનું ચિત્તઅનુરૂપ ફલપણું છે, તેથી સતત મોક્ષ આકાંક્ષાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો ધર્મની જે ચેષ્ટા કરે છે તે તો યોગ છે, પરંતુ અર્થકામના સેવનકાળમાં પણ સંવેગગર્ભ ચિત્ત હોવાથી અર્થ-કામની ચેષ્ટા પણ યોગ છે તેથી મોક્ષનું કારણ બને છે, આથી તેઓની સર્વ પ્રવૃત્તિ ભાવથી યોગરૂપ છે.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પ્રગટેલી હોય છે, તેથી દૃષ્ટિવાદના ઉપદેશ અનુસાર જ તેઓની ધર્મ-અર્થ અને કામની પ્રવૃત્તિ હોય છે, તેથી અર્થ-કામના સેવનકાળમાં પણ તેઓ પ્રાયઃ કરીને અર્થ-કામને અનુકૂળ પરિણામો થાય તેવા મોહના સંસ્કારોને અર્થ-કામના સેવનકાળમાં વર્તતા સંવેગના પરિણામથી ક્ષીણ કરે છે, આમ છતાં ક્યારેક અનાદિ ભવ અભ્યાસના કારણે અર્થ-કામમાં સંશ્લેષ થાય ત્યારે મોક્ષને અનુકૂળ સંવેગવાળું ચિત્ત ક્ષીણ થાય છે તેને સામે રાખીને પ્રાયઃ 'मोक्षे चित्तं' કહેલ છે, તેથી જ્યારે મોક્ષમાં ચિત્ત ક્ષીણ થાય ત્યારે પ્રમાદને કારણે યોગ કંઈક મ્લાન થાય છે, તોપણ બહુધા સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત મોક્ષને અનુકૂળ હોવાથી શક્તિના પ્રકર્ષથી સતત જિનવચનને જાણવા પ્રયત્ન કરે છે અને જિનવચનથી આત્માને ભાવિત કરીને સંસારના પરિભ્રમણના કારણીભૂત પૌદ્ગલિક ભાવો સાથે આત્માને સંશ્લેષ કરવાના પરિણામરૂપ સંગશક્તિને સદા ક્ષીણ કરે છે અને અસંગશક્તિને વધારે છે. ફક્ત સર્વવિરતિની શક્તિનો સંચય નહિ થયેલો હોવાથી જે પ્રકારે વ્રણ ઉપર લેપ કરવામાં આવે તે રીતે યતનાપૂર્વક ભોગાદિ કરે છે, તેથી ભોગકાળમાં પણ ભોગની વૃત્તિનો નાશ થાય તેવું ઉત્તમ ચિત્ત વર્તે છે તેથી સમ્યગ્દૃષ્ટિની ભોગની પ્રવૃત્તિ પણ યોગરૂપ છે. **॥૨૦૩॥**

**અવતરણિકા :-**

**एतदेव दृष्टान्ततो भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=શ્લોક-૨૦૩માં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવનો સર્વ જ વ્યાપાર યોગ છે એને જ, દૃષ્ટાંતથી ભાવન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

શ્લોક :-

नार्या यथान्यसक्तायास्तत्र भावे सदा स्थिते ।
तद्योगः पापबन्धश्च, तथा मोक्षेऽस्य दृश्यताम् ।।२०४।।

અન્વયાર્થ :-

यथा=જે પ્રમાણે, अन्यासक्तायाः नार्याः=અન્ય પુરુષમાં આસક્ત એવી સ્ત્રીનો, तत्र=ત્યાં=પરપુરુષમાં, सदा=સદા, भावे स्थिते=ભાવ સ્થિત હોતે છતે=મનપરિણામ સદા વિદ્યમાન હોતે છતે, तद्योगः=તેનો યોગ છે=પતિની સાથે હોય ત્યારે પણ ભાવથી પરપુરુષનો યોગ છે, च=અને, पापबन्धः=પાપબંધ છે, तथा=તે પ્રમાણે, अस्य=આનો=સમ્યગ્દૃષ્ટિનો મનવ્યાપાર, मोक्षे=મોક્ષમાં, दृश्यताम्=જાણો. ।।૨૦૪।।

શ્લોકાર્થ :-

**જે પ્રમાણે અન્ય પુરુષમાં આસક્ત એવી સ્ત્રીનો ત્યાં સદા ભાવ સ્થિત હોતે છતે તેનો યોગ છે અને પાપબંધ છે, તે પ્રમાણે આનો મનવ્યાપાર મોક્ષમાં જાણો. ।।૨૦૪।।**

ટીકા :-

नार्याः=तथाविधायाः स्त्रियः, 'यथा' इति दृष्टान्तार्थः अन्यसक्ताया-अन्यस्मिन्स्वभर्तुः पुरुषान्तरे रिरंसातिरेकात्प्रतिबद्धचित्तायाः सम्बन्धिनि तत्र=अन्यस्मिन्, भावे=मनःपरिणामे, सदा=सर्वकालम्, स्थिते=आरूढे, सति किमित्याह – तद्योगः तस्मिन्=अनुरागविषये पुरुषे, योगो=व्यापारः स्वभर्तृशुश्रूषणादिकोऽपि, तथा पापबन्धो जायते भावतः परपुरुषपरिभोगजन्यः, चः पूर्ववत् 'तथा' इति दार्ष्टान्तिकार्थः, मोक्षे=मोक्षविषये, अस्य=भिन्नग्रन्थेः, कुटुम्बचिन्तनादिकोऽपि व्यापारो योगो निर्जराफलश्च 'दृश्यतां'=विमृश्यतामिति ।।२०४।।

ટીકાર્થ :-

नार्यास्तथाविधायाः ..... विमृश्यतामिति ।। શ્લોકમાં 'यथा' શબ્દ દૃષ્ટાંત અર્થવાળો છે, અન્યમાં આસક્ત એવી નારીના અર્થાત્ સ્વભર્તાથી અન્ય એવા પુરુષાન્તરમાં, રમવાની ઇચ્છાના અતિરેકથી પ્રતિબદ્ધ ચિત્તવાળી નારીના=તેવા પ્રકારની સ્ત્રીના, સંબંધી એવા તેમાં=સંબંધી એવા અન્ય પુરુષમાં, ભાવ સદા સ્થિત હોતે છતે=મનનો પરિણામ સર્વકાલ આરૂઢ હોતે છતે, તેમાં યોગ છે=સ્વભર્તાનો શુશ્રૂષણાદિક પણ વ્યાપાર અનુરાગના વિષયવાળા પુરુષમાં છે, અને ભાવથી પરપુરુષ પરિભોગજન્ય પાપબંધ થાય છે, 'च' પૂર્વની જેમ=પૂર્વની જેમ સમુચ્ચયમાં છે, 'तथा' એ દાર્ષ્ટાંતિક અર્થવાળો છે= દૃષ્ટાંત માટે છે, આનો=ભિન્નગ્રંથિનો, કુટુંબચિંતનાદિ પણ વ્યાપાર મોક્ષવિષયમાં યોગ છે અને નિર્જરાફલવાળો જાણો.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૦૪।।

**ભાવાર્થ :-**

કોઈ સ્ત્રીને પોતાના પતિ કરતાં અન્ય પુરુષ પ્રત્યે અત્યંત રાગ હોય અને તેના કારણે કોઈક સંયોગથી પોતાના પતિની સેવા આદિ કરતી હોય ત્યારે પણ તેના સ્મૃતિપટમાં સદા પરપુરુષ જ આવે છે, તેથી તે પુરુષના હાવ-ભાવ વાર્તાલાપ આદિનું સ્મરણ કરે છે, તેથી પતિના શુશ્રૂષણાકાળમાં પણ મનપરિણામથી તે સ્ત્રીનો વ્યાપાર પરપુરુષમાં વર્તે છે, તેથી પતિની શુશ્રૂષણા આદિ કરે છે ત્યારે પણ તેવા ચિત્તપરિણામને કારણે પરપુરુષ પરિભોગજન્ય પાપબંધ થાય છે તેમ વિવેકસંપન્ન સમ્યગ્દષ્ટિ જીવ કુટુંબચિંતાદિ વ્યાપાર કરે છે ત્યારે પણ તેને મુક્તઅવસ્થાનું સ્મરણ થયા કરે છે, તેથી સંસારઅવસ્થામાં કર્મને પરવશ તેની ગૃહકાર્યની પ્રવૃત્તિ હોવા છતાં તે પ્રવૃત્તિમાં સંશ્લેષવાળું સમ્યગ્દષ્ટિનું ચિત્ત થતું નથી અર્થાત્ જેમ તે સ્ત્રીનું ચિત્ત પતિની શુશ્રૂષણામાં સંશ્લેષવાળું નથી તેમ સમ્યગ્દષ્ટિનું ચિત્ત પણ સંસારની પ્રવૃત્તિમાં સંશ્લેષવાળું નથી, તેથી કુટુંબચિંતાદિ વ્યાપાર પણ સમ્યગ્દષ્ટિ માટે યોગસ્વરૂપ છે, તેથી નિર્જરાફલવાળો છે, આથી સમ્યગ્દષ્ટિ જીવ ધર્મ-અર્થ અને કામ વિષયક જે કંઈ વ્યાપાર કરે છે તે સર્વ વ્યાપાર કરતી વખતે ચિત્ત મોક્ષ સાથે રાગથી બંધાયેલું હોવાને કારણે નિર્જરાની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ જેમ તે સ્ત્રીને પતિના શુશ્રૂષણાકાળમાં પરપુરુષના ભોગકૃત પાપબંધની પ્રાપ્તિ થાય છે તેમ સમ્યગ્દષ્ટિને ભોગના પ્રવૃત્તિકાળમાં પણ નિર્જરાફળની પ્રાપ્તિ થાય છે. **॥૨૦૪॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=શ્લોક-૨૦૪માં કહ્યું કે સમ્યગ્દષ્ટિનું ચિત્ત સદા મોક્ષમાં રહે છે એને જ, ભાવન કરતાં= સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न चेह ग्रन्थिभेदेन, पश्यतो भावमुत्तमम् ।**
**इतरेणाकुलस्यापि, तत्र चित्तं न जायते ।।२०५।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=સંસારમાં, ग्रन्थिभेदेन=ગ્રંથિભેદથી, उत्तमं भावं=ઉત્તમભાવને, पश्यतो=જોતા, इतरेण आकुलस्यापि=ઈતરથી આકુલ એવા પણ સમ્યગ્દષ્ટિનું, चित्तं=ચિત્ત, तत्र=ત્યાં=ઉત્તમભાવમાં, न जायते न च=નથી થતું એમ નહિ જ અર્થાત્ થાય જ છે. ।।૨૦૫।।**

**શ્લોકાર્થ :-**

**અહીં ગ્રંથિભેદથી ઉત્તમભાવને જોતા ઈતરથી આકુલ એવા પણ સમ્યગ્દષ્ટિનું ચિત્ત ત્યાં નથી થતું એમ નહિ અર્થાત્ થાય જ છે. ।।૨૦૫।।**

**ટીકા :-**

**न चेह=नैवेह, ग्रन्थिभेदेन=उक्तरूपग्रन्थिविघटनेन, पश्यतो-निरीक्षमाणस्य, भावं=पदार्थम्, उत्तमं=मोक्षरूपम्, किमित्याह – इतरेण=पुत्रकलत्रप्रतिबन्धादिरूपेण भावेन, आकुलस्यापि=दुर्निवारतया कर्मपरिणतेराक्षिप्यमाणस्य, किं पुनरनाकुलस्येत्यपिशब्दार्थः तत्र=उत्तमभावे, चित्तम्=अन्तःकरणं, न जायते, किन्तु जायत एवोत्तमभावदर्शनस्य, अन्यथा तत्त्वाऽयोगादिति ।।२०५।।**

**ટીકાર્થ :-**

**न चेह ..... तत्त्वाऽयोगादिति ।। न च='नैव'નો અન્વય આગળ છે, અહીં=સંસારમાં, ગ્રંથિભેદથી=પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળી ગ્રંથિના વિઘટનથી, ઉત્તમ ભાવને=મોક્ષરૂપ પદાર્થને, જોતા પુરુષનું ચિત્ત ઉત્તમભાવમાં નથી થતું એમ નહિ, એમ નીચે અને પૂર્વના 'નૈવ' સાથે અન્વય છે.**

**કયા કારણથી ઉત્તમભાવમાં નથી થતું એમ નહિ ? એથી કહે છે –**

**ઇતરથી=પુત્ર-સ્ત્રીના પ્રતિબંધાદિરૂપ ઇતરભાવથી, આકુલનું પણ=કર્મપરિણતિનું દુર્નિવારપણું હોવાને કારણે પુત્રાદિમાં આક્ષિપ્યમાણનું પણ, ચિત્ત=અંતઃકરણ, ત્યાં=ઉત્તમભાવમાં, નથી થતું એમ નહિ જ, પરંતુ ઉત્તમભાવના દર્શનવાળા સમ્યગ્દૃષ્ટિનું ચિત્ત થાય છે જ; કેમ કે અન્યથા=ઉત્તમભાવમાં તેનું ચિત્ત આક્ષિપ્ત થતું ન હોય તો, તત્ત્વનો અયોગ છે=ઉત્તમભાવના દર્શનનો અયોગ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૦૫।।**

❖ શું વળી અનાકુલનું ? એ પ્રકારે 'आकुलस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

**ભાવાર્થ :-**

પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવાને અનુકૂળ આત્માની નિર્મળદૃષ્ટિની બાધક એવી બાહ્યવસ્તુઓ પ્રત્યે રાગાદિની પરિણતિ જીવમાં વર્તે છે તે ગ્રંથિ છે અને તેવી રાગાદિ ગ્રંથિનો જેમણે ભેદ કર્યો છે તે જીવોમાં તે પ્રકારના રાગાદિનો અભાવ હોવાથી તેઓ કર્મ રહિત એવી મુક્તઅવસ્થાને સદા ઉત્તમભાવરૂપે જોઈ શકે છે, તેથી તેવા જીવોને મોક્ષની ઇચ્છા અત્યંત ઉત્કટ હોય છે, તેથી તેઓનું ચિત્ત હંમેશાં મોક્ષ પ્રત્યે આક્ષિપ્ત હોય છે. આમ છતાં તેવી નિર્મળદૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોમાંથી કેટલાક જીવોની પુત્ર-સ્ત્રી આદિ પ્રત્યે રાગ ઉત્પન્ન કરાવે તેવી કર્મપરિણતિ તેઓના મોક્ષના સ્વરૂપના સૂક્ષ્મબોધથી પણ નિવર્તન પામે તેવી નથી, તેથી તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો મોક્ષની બલવાન ઇચ્છાવાળા હોવા છતાં પુત્ર-સ્ત્રી આદિમાં રાગથી આક્ષેપ પામતા હોય છે, તોપણ તેઓનું ચિત્ત હંમેશાં મોક્ષમાં નથી વર્તતું એમ નહિ, પરંતુ વર્તે જ છે; કેમ કે જીવને નિર્મળદૃષ્ટિથી મોક્ષનું યથાર્થ સ્વરૂપ દેખાય છે ત્યારે જીવની આરોગ્યવાળી અવસ્થા પ્રત્યે તેને સદા રાગ વર્તે છે, આમ છતાં કર્મને કારણે સ્નેહરૂપ ખણજ ન વારી શકાય તેવી હોવાથી પુત્ર-સ્ત્રી આદિ પ્રત્યે સ્નેહનો ભાવ પણ થાય છે, છતાં બહુલતાએ તેવા જીવોને જીવની આરોગ્યવાળી અવસ્થારૂપ મોક્ષમાં ચિત્ત રહે છે, આથી જ જેઓનું સ્ત્રી આદિ પ્રત્યે રાગઆપાદકકર્મ શિથિલ છે તેઓ તો ગ્રંથિભેદ થયા પછી સર્વ

શક્તિથી સંસારના ઉચ્છેદ માટે જ યત્ન કરે છે તેવા મહાત્માઓનું ચિત્ત તો સદા મોક્ષમાં જ છે, તેથી મોક્ષના ઉપાયોને જ સેવે છે, પરંતુ અનિવર્તનીય ભોગઆપાદકકર્મવાળા જીવો મોક્ષના પરમાર્થને જાણ્યા પછી પણ ભોગાદિ પ્રવૃત્તિ કરે છે, તોપણ તેઓનું ચિત્ત ભોગાદિમાં તેવું સંશ્લેષ પામતું નથી જેવું મોક્ષમાં સંશ્લેષવાળું છે, જેમ ખણજના રોગીને ઉત્કટ ખણજ ઊઠે છે ત્યારે ખણજમાં ચિત્ત જાય છે, તોપણ જેવી ઉત્કટ ઇચ્છા આરોગ્યમાં છે તેવી ઉત્કટ ઇચ્છા ખણજમાં નથી, તેથી શક્તિ અનુસાર ખણજને મટાડવા પણ યત્ન કરે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવોને જેવી ઉત્કટ ઇચ્છા મોક્ષની છે તેવી ઉત્કટ ઇચ્છા ભોગની નથી, તેથી શક્તિ અનુસાર ભોગની ઇચ્છાને શાંત કરવા માટે પણ ઉચિત યત્ન સદા કરે છે. **॥૨૦૫॥**

**અવતરણિકા :-**

**ननु किमनेन मोक्षचित्तेन, येन भिन्नग्रन्थेर्भावतो योग उच्यते, क्रियाया एव फलदानप्रत्यलत्वात्, यतः पठ्यते –**

"क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् ।

यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ।।१।।" ()

**इत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ મોક્ષચિત્ત વડે શું ? જે કારણથી ભિન્નગ્રંથિને ભાવથી યોગ કહેવાય છે, કેમ મોક્ષચિત્ત નિષ્ફળ છે ? તેમાં હેતુ કહે છે – ક્રિયાનું જ ફલ આપવા પ્રત્યે સમર્થપણું છે, જે કારણથી કહેવાય છે –**

"ક્રિયા જ પુરુષને ફલ દેનારી છે, જ્ઞાન ફલ દેનારું મનાયું નથી, જે કારણથી સ્ત્રીના અને ભક્ષ્યના ભોગને જાણનારો, જ્ઞાનથી સુખિત=સુખવાળો થતો નથી. ।।૧।।" ()

**એ પ્રકારની આશંકા કરીને શ્લોકમાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને ભાવથી યોગ છે, તેથી એ પ્રાપ્ત થયું કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગાદિ કરતો હોય ત્યારે પણ ભાવથી યોગ હોવાને કારણે તે મોક્ષને અનુકૂળ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે એમ પ્રાપ્ત થાય, ત્યાં શંકા કરતાં કહે છે કે મોક્ષમાર્ગને અનુકૂળ સંયમની પ્રવૃત્તિ નથી તેવા મોક્ષચિત્ત વડે શું ? અર્થાત્ એવું મોક્ષચિત્ત મોક્ષનું કારણ નથી; કેમ કે મોક્ષને અનુકૂળ ક્રિયાથી જ મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, જેમાં શંકા કરનાર સાક્ષી આપે છે કે શાસ્ત્રમાં કહેવાયું છે કે પુરુષ દ્વારા કરાયેલી ક્રિયા જ ફળને આપે છે, માત્ર વસ્તુનું જ્ઞાન ફળને આપતું નથી; કેમ કે કોઈ વ્યક્તિને સ્ત્રીના ભોગનું જ્ઞાન હોય કે સુંદર ભોજનના ભોગનું જ્ઞાન હોય એટલા માત્રથી તે સુખી થતો નથી, પરંતુ તે પ્રકારની ભોગની ક્રિયા કરે તો જ સુખ થાય છે તેમ મોક્ષના સ્વરૂપનું જ્ઞાન થાય એટલા માત્રથી મોક્ષનું સુખ મળતું નથી, પરંતુ મોક્ષના

સુખનું જ્ઞાન થયા પછી મોક્ષને અનુકૂળ તપ-ત્યાગાદિની પ્રવૃત્તિ કરવાથી જ મોક્ષ મળે છે, માટે ભોગાદિ પ્રવૃત્તિ કરનારા સમ્યગ્દૃષ્ટિને મોક્ષનો ઉત્કટ રાગ હોવા માત્રથી ભાવથી યોગ છે તેમ કહી શકાય નહિ, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

**શ્લોક :-**

**चारु चैतद्यतो ह्यस्य, तथोहः सम्प्रवर्तते ।**
**एतद्वियोगविषयः शुद्धानुष्ठानभाक् स यत् ।।२०६।।**

**અન્વયાર્થ :-**

**एतद्=આ=સમ્યગ્દૃષ્ટિનું મોક્ષમાં સંશ્લેષવાળું ચિત્ત, चारु च=સુંદર જ છે, यतः=જે કારણથી, अस्य=આને=સમ્યગ્દૃષ્ટિ જીવને, तथा=તે પ્રકારનો, एतद्वियोगविषयः ऊहः=આના વિયોગના વિષયવાળો ઊહ, हि=સ્પષ્ટ, सम्प्रवर्तते=પ્રવર્તે છે (અને), यत्=જે કારણથી, स=તે=સમ્યગ્દૃષ્ટિ જીવ, शुद्धानुष्ठानभाक्= શુદ્ધ અનુષ્ઠાનવાળો છે. ।।૨૦૬।।**

**શ્લોકાર્થ :-**

**આ સુંદર જ છે, જે કારણથી આને તે પ્રકારનો આના વિયોગના વિષયવાળો ઊહ સ્પષ્ટ પ્રવર્તે છે અને જે કારણથી તે શુદ્ધ અનુષ્ઠાનવાળો છે. (તે કારણથી સમ્યગ્દૃષ્ટિને ભાવથી યોગ છે એ સંગત જ છે.) ।।૨૦૬।।**

**ટીકા :-**

**चारु च=सुन्दरमेव, एतद्=मोक्षचित्तमभिलाषरूपम्, यतो=यस्मात्, हिः=स्फुटम्, अस्य=भिन्नग्रन्थेः, तथा=तत्प्रकारः, ऊहो=विमर्शः, सम्प्रवर्तते=स्वयमेव जायते, एतद्वियोगविषयो=भवपार्थक्यगोचरः, तथा शुद्धानुष्ठानभाक्=परिशुद्धशुश्रूषाधर्मरागादिसमाचारभाक्, स=भिन्नग्रन्थिर्जीवः, यद्=यस्माद्, वर्तत इति ।।२०६।।**

**ટીકાર્થ :-**

**चारु ..... यस्माद्वर्तत इति ।। આ=અભિલાષરૂપ મોક્ષચિત્ત, સુંદર જ છે, જે કારણથી આને= ભિન્નગ્રંથિ એવા સમ્યગ્દૃષ્ટિને, તે પ્રકારે ઊહ=વિમર્શ, સ્પષ્ટ પ્રવર્તે છે=સ્વયં જ થાય છે.**

શેનો વિમર્શ થાય છે ? તે કહે છે –

**આના વિયોગ વિષયવાળો=ભવના પાર્થક્યના વિષયવાળો=પોતાના આત્માથી દેહ અને કર્મરૂપ ભવના પૃથગ્ ભાવના વિષયવાળો, તે પ્રકારનો ઊહ પ્રવર્તે છે=શું કરવાથી પોતે ભવથી પૃથક્ થાય તે પ્રકારનો ઊહ પ્રવર્તે છે, અને જે કારણથી તે=ભિન્નગ્રંથિ જીવ, શુદ્ધ અનુષ્ઠાનવાળો છે=પરિશુદ્ધ**

**શુશ્રૂષા-ધર્મરાગ અને 'आदि' પદથી પ્રાપ્ત શુદ્ધ વૈયાવચ્ચરૂપ આચારને કરનારો છે. (તે કારણથી સમ્યગ્દષ્ટિ જીવમાં મોક્ષને અનુકૂળ ક્રિયા પણ છે, માટે સમ્યગ્દષ્ટિને ભાવથી યોગ છે, એ વચનસંગત જ છે.)**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૬॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે સમ્યગ્દષ્ટિ જીવને મોક્ષની ઉત્કટ ઇચ્છા હોવાને કારણે તેનું ચિત્ત સદા મોક્ષના અભિલાષવાળું છે, તેથી અર્થ-કામવિષયક પ્રવૃત્તિકાળમાં પણ સમ્યગ્દષ્ટિને ભાવથી મોક્ષને અનુકૂળ વ્યાપાર છે તેમ કેમ કહી શકાય ? કેમ કે ભોગકાળમાં મોક્ષને અનુકૂળ ચિત્ત હોવા છતાં મોક્ષને અનુકૂળ ક્રિયા નથી, માટે ભોગકાળમાં મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિરૂપ યોગ છે તેમ કહી શકાય નહિ, તે શંકાના નિવારણ માટે કહે છે –

સમ્યગ્દષ્ટિ જીવ ભોગાદિ કરે છે ત્યારે પણ દેહ અને કર્મથી આત્માને પૃથક્ કરવાના વિષયમાં ઊહ પ્રવર્તે છે, તેથી ભોગની ઇચ્છા થાય ત્યારે પણ તે ભોગની ઇચ્છાના નિવર્તન અર્થે 'सल्लं कामा विषं कामा' ઇત્યાદિ જિનવચનનું સ્મરણ કરીને પ્રાયઃ ભોગની ઇચ્છાને શાંત કરવા યત્ન કરે છે અને તે પ્રકારના માર્ગાનુસારી ઊહથી પણ ઇચ્છા શાંત થાય નહિ ત્યારે વ્રણલેપની જેમ ભોગની ક્રિયા કરે છે, આથી જ તેની ભોગની ક્રિયા તપ્તલોહપદન્યાસતુલ્ય સંવેગસારા હોય છે, તેથી ભોગના પ્રવૃત્તિકાળમાં પણ ભોગના સંસ્કારોને ક્ષીણ કરે એવો ભવપાર્થક્ય વિષયક માર્ગાનુસારી ઊહ સમ્યગ્દષ્ટિ જીવને વર્તે છે.

વળી સમ્યગ્દષ્ટિ જીવ માત્ર ભોગાદિ ક્રિયા કરતો નથી, પરંતુ સ્વશક્તિ અનુસાર મોક્ષને અનુકૂળ શુદ્ધ અનુષ્ઠાન પણ સેવે છે, આથી જ પરિશુદ્ધ શુશ્રૂષાગુણપૂર્વક શાસ્ત્રશ્રવણ કરે છે, વળી ચારિત્રધર્મના શક્તિસંચય અર્થે ચારિત્રધર્મ પ્રત્યે રાગવૃદ્ધિ થાય તે રીતે ચારિત્રના સ્વરૂપથી આત્માને ભાવિત કરે છે અને શુદ્ધ ચારિત્રવાળા મુનિઓ અને તીર્થંકરોની શક્તિ અનુસાર વૈયાવચ્ચ કરે છે, તેથી સમ્યગ્દષ્ટિમાં શુશ્રૂષા, ધર્મરાગ અને વૈયાવચ્ચરૂપ શુદ્ધ અનુષ્ઠાન વર્તે છે, માટે મોક્ષને અનુકૂળ એવી ક્રિયા સ્વશક્તિ અનુસાર સમ્યગ્દષ્ટિ સદા સેવે જ છે, તેથી અભિલાષરૂપ મોક્ષનું ચિત્ત સમ્યગ્દષ્ટિનું સુંદર જ છે, માટે સમ્યગ્દષ્ટિને સદા ભાવથી યોગ છે, તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૨૦૬॥**

**અવતરણિકા :-**

**अस्यैवाभ्युच्चयमाह –**

**અવતરણિકાર્થ :-**

**આના જ=સમ્યગ્દષ્ટિનું અભિલાષરૂપ મોક્ષનું ચિત્ત છે એ સુંદર છે એમ પૂર્વમાં કહ્યું એના જ, અભ્યુચ્ચયને બે શ્લોકથી કહે છે=તે કથનને અત્યંત સ્પષ્ટ કરે તે પ્રકારના કથનને બે શ્લોકથી કહે છે –**

શ્લોક :-

प्रकृतेरा यतश्चैव, नाप्रवृत्त्यादिधर्मताम् ।
तथा विहाय घटत ऊहोऽस्य विमलं मनः ।।२०७।।

અન્વયાર્થ :-

यतश्चैव=જે કારણથી જ, आ=પૂર્વે=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે, प्रकृतेः=પ્રકૃતિની, अप्रवृत्त्यादिधर्मतां विहाय=અપ્રવૃત્તિ આદિ ધર્મતાને છોડીને=કર્મોના આત્મા ઉપર પોતાના અધિકારરૂપ પ્રવૃત્તિના અભાવ આદિરૂપ ધર્મતાને છોડીને, तथा=તે પ્રકારે=સંસારના ઉચ્છેદને અનુકૂળ સમ્યગ્દૃષ્ટિ જે પ્રકારે ઊહ કરે છે તે પ્રકારે, ऊहः घटत न=ઊહ ઘટતો નથી, (તે કારણથી) अस्य=આને=સમ્યગ્દૃષ્ટિને, विमलं मनः=વિમલ મનરૂપ ઊહ છે. ।।૨૦૭।।

શ્લોકાર્થ :-

**જે કારણથી જ પૂર્વે પ્રકૃતિની અપ્રવૃત્તિ આદિ ધર્મતાને છોડીને તે પ્રકારે ઊહ ઘટતો નથી, તે કારણથી આને વિમલ મનરૂપ ઊહ છે. ।।૨૦૭।।**

ટીકા :-

प्रकृतेः=कर्मसंज्ञितायाः, आ-अर्वाक् यतश्चैव=यत एव च हेतोः, न=नैव अप्रवृत्त्यादिधर्मतां-अप्रवृत्तिः=निवृत्ताधिकारित्वं, आदिशब्दात्तथाविधान्यप्रकृतिधर्मसंग्रहः ततोऽप्रवृत्त्यादयो धर्मा यस्याः सा तथा, तद्भावस्तत्ता, ताम्, तथा=तेन प्रकारेण, विहाय-विरहय्य, घटते=युज्यते, ऊह उक्तरूपः, अस्य=भिन्नग्रन्थेः, किंलक्षणोऽसावित्याह – विमलं=अमलीमसं, मनः=चित्तमिति, अयमभिप्रायः - प्रकृतेरप्रवृत्त्यादिधर्मतां विहायार्वाक् न संसारिणो जीवस्योक्तलक्षण ऊहो घटते किन्तु निवृत्त्यादिषु सतीष्विति ।।२०७।।

ટીકાર્થ :-

प्रकृतेः ..... सतीष्विति ।। અને જે કારણથી જ પૂર્વે=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે, કર્મસંજ્ઞિત એવી પ્રકૃતિની અપ્રવૃત્તિ આદિ ધર્મતાને છોડીને=પ્રકૃતિની આત્મા ઉપર અપ્રવૃત્તિ અર્થાત્ નિવૃત્ત અધિકારીપણું આદિ ધર્મતાને છોડીને, ઉક્તરૂપ ઊહ તે પ્રકારે ઘટતો નથી=પૂર્વમાં કહ્યું કે પ્રૌઢપ્રજ્ઞાવાળો અપુનર્બંધક જીવ ભવના વિયોગ વિષયવાળો ઊહ કરે છે તેના કરતા અત્યંત સ્પષ્ટ સ્વરૂપવાળો ઊહ જે પ્રકારે સમ્યગ્દૃષ્ટિ કરે છે તે પ્રકારે પૂર્વમાં ઘટતો નથી જ.

આને=ભિન્નગ્રંથિને. કેવા લક્ષણવાળો આ ઊહ છે ? એથી કહે છે –

વિમલ=અમલીમસ, મન=ચિત્તરૂપ ઊહ હોય છે, 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.

'अप्रवृत्त्यादिधर्मतां'નો સમાસ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

**અપ્રવૃત્તિ=નિવૃત્ત અધિકારિપણું, 'आदि' શબ્દથી તેવા પ્રકારની અન્ય પ્રકૃતિના ધર્મનો સંગ્રહ છે=નિર્મળ ઊહ કરાવે તેવા પ્રકારની ક્ષયોપશમભાવની અન્ય પ્રકૃતિના ધર્મનો સંગ્રહ છે, ત્યારપછી=અપ્રવૃત્તિનો અર્થ કર્યો 'आदि' શબ્દનો અર્થ કર્યો ત્યારપછી, અપ્રવૃત્તિ આદિ ધર્મો છે જેને તે તેવી છે=અપ્રવૃત્તિ આદિ ધર્મવાળી છે, તેનો ભાવ તત્તા=અપ્રવૃત્તિ આદિ ધર્મતા, તેને છોડીને તે પ્રકારનો ઊહ ઘટતો નથી એમ અન્વય છે.**

**આ અભિપ્રાય છે=શ્લોકનો આ અભિપ્રાય છે – પ્રકૃતિના અપ્રવૃત્તિ આદિ ધર્મતાને છોડીને=કર્મપ્રકૃતિની અપ્રવૃત્તિ આદિ ધર્મતાનો અભાવ હોવાને કારણે, અર્વાક્=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે, સંસારી જીવને ઉક્તલક્ષણવાળો ઊહ ઘટતો નથી=સમ્યગ્દૃષ્ટિ જીવને ભવના વિયોગ વિષયવાળો જેવો ઊહ થાય છે તેવા લક્ષણવાળો ઊહ ઘટતો નથી, પરંતુ નિવૃત્તિ આદિ હોતે છતે=કર્મપ્રકૃતિના અધિકારની આત્મા ઉપરથી નિવૃત્તિ આદિ હોતે છતે, ઘટે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૭॥**

**ભાવાર્થ :-**

જીવ અપુનર્બંધકદશાને પ્રાપ્ત કરે છે ત્યારે ગાઢ મિથ્યાત્વ કંઈક મંદ થાય છે અને અનંતાનુબંધી પણ કંઈક શિથિલ થાય છે તે વખતે તે જીવમાં કંઈક માર્ગાનુસારી ઊહ પ્રવર્તે છે અને જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય છે અને અનંતાનુબંધી કષાયનો પણ ક્ષયોપશમ થાય છે, તેથી પ્રકૃતિની તેના આત્મા ઉપર તે અંશમાં અપ્રવૃત્તિની પ્રાપ્તિ થાય છે અને અનંતાનુબંધીના ક્ષયોપશમવાળી પ્રકૃતિ ઉદયમાં વર્તે છે, તેથી તે અવસ્થામાં જ્ઞાનાવરણાદિ પ્રકૃતિઓ તત્ત્વને જોવામાં બાધ કરવા અપ્રવૃત્તિ ધર્મવાળી બને છે અને આત્મા ઉપરથી તે પ્રકૃતિનો અધિકાર તેટલા અંશમાં નિવર્તન પામે છે. તેથી સમ્યગ્દૃષ્ટિને અપ્રવૃત્તિરૂપ નિવૃત્તાધિકારીપણું પ્રાપ્ત થાય છે. માટે તે અવસ્થામાં સમ્યગ્દૃષ્ટિ જીવને ભવ અત્યંત નિર્ગુણ ભાસે છે અને ચારગતિના પરિભ્રમણ રહિત મુક્તઅવસ્થા અત્યંત સારભૂત લાગે છે, તેથી તે મહાત્માનું ચિત્ત પ્રાયઃ સદા મુક્તિમાં હોય છે, તેથી તેમને ભવપાર્થક્યવિષયક અત્યંત નિર્મળ ઊહ સદા વર્તે છે અને તે ઊહના કારણે સમ્યગ્દૃષ્ટિની કર્મપ્રકૃતિ સતત ક્ષીણ-ક્ષીણતર થાય છે. આવો નિર્મળ પ્રકારનો ઊહ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે ક્યારેય થતો નથી; કેમ કે તે પૂર્વે દર્શનસપ્તકરૂપ કર્મપ્રકૃતિની અપ્રવૃત્તિ નથી અને અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમભાવ નથી, તેથી સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યગ્દૃષ્ટિનો ઊહ અમલીમસ ચિત્તરૂપ વર્તે છે અર્થાત્ કર્મને પરતંત્ર થઈને કર્મની વૃદ્ધિને અનુકૂળ વર્તતો નથી, પરંતુ સ્વશક્તિ અનુસાર સતત કર્મનાશને અનુકૂળ માર્ગાનુસારી અંતરંગ ઉદ્યમ થાય તે પ્રકારના નિર્મળ ચિત્તરૂપ ઊહ પ્રવર્તે છે. **॥૨૦૭॥**

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

તેથી=સમ્યગ્દૃષ્ટિનું માર્ગાનુસારી ઊહ કરે તેવું નિર્મળ ચિત્ત છે તેથી, શું ? એ શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

**सति चास्मिन्स्फुरद्रत्नकल्पे सत्त्वोल्बणत्वतः ।**
**भावस्तैमित्यतः शुद्धमनुष्ठानं सदैव हि ।।२०८।।**

**અન્વયાર્થ :-**

च=વળી, स्फुरद्रत्नकल्पे अस्मिन् सति=સ્ફુરાયમાન રત્ન જેવું આ હોતે છતે=વિમલ મન હોતે છતે, सत्त्वोल्बणत्वतः=સત્ત્વના ઉલ્બણપણાથી=સંસારના ઉચ્છેદને અનુકૂળ વીર્યના ઉત્કર્ષપણાથી, भावस्तैमित्यतः=ભાવસ્તૈમિત્ય છે એથી=સમ્યગ્દૃષ્ટિ જીવને ભોગાદિ પ્રવૃત્તિકાળમાં કે ધર્મઅનુષ્ઠાનકાળમાં ક્ષુદ્રાદિદોષોરૂપ ભાવોનું તિરોધાનપણું છે એથી, सदैव हि=સદા જ, शुद्धं अनुष्ठानं=શુદ્ધ અનુષ્ઠાન છે. ।।૨૦૮।।

**શ્લોકાર્થ :-**

**વળી સ્ફુરાયમાન રત્ન જેવું આ હોતે છતે સત્ત્વના ઉલ્બણપણાથી ભાવસ્તૈમિત્ય છે એથી સદા જ શુદ્ધ અનુષ્ઠાન છે. ।।૨૦૮।।**

**ટીકા :-**

सति च=विद्यमाने पुनः अस्मिन्नूहे-विमलमनोरूपे स्फुरद्रत्नकल्पे=समुज्जृम्भमाणरुचिजाल-जटिलपद्मरागादिमणिविशेषसमाने, किमित्याह – सत्त्वोल्बणत्वतः-सत्त्वं=वीर्यं, तस्योल्बणत्वम्=उदग्रत्वं, तस्मात्, भावस्तैमित्यतो-भावः=अन्तःकरणं, तस्य स्तैमित्यं=क्षुद्रतादिभिर्भवाभिनन्दिचित्तदोषै-रक्षोभणीयता, तस्मात् शुद्धं=अनवद्यम्, अनुष्ठानं=धर्मशास्त्रशुश्रूषणादि, सदैव हि=सर्वकालमेव, स्यात्, परिशुद्धोहापोहयोगस्य सम्यगनुष्ठानावन्ध्यकारणत्वात्, एवं च सदूहभाजः शुद्धानुष्ठानभाक्त्वं प्रागाक्षिप्तं साधितं भवतीति ।।२०८।।

**ટીકાર્થ :-**

सति च ..... भवतीति ।। વળી સ્ફુરદ્રત્નકલ્પ=ઉલ્લસિત થતાં કિરણોનાં જાળાંથી જટિલ એવા પદ્મરાગાદિ મણિવિશેષ સમાન, વિમલ મનરૂપ આ ઊહ વિદ્યમાન હોતે છતે સત્ત્વના ઉલ્બણપણાથી=સત્ત્વ

**અર્થાત્ વીર્ય તેનું ઉલ્બણપણું અર્થાત્ ઉદગ્રપણું તેનાથી, ભાવસ્તૈમિત્ય છે એથી=ભાવ અર્થાત્ અંતઃકરણ તેનું સ્તૈમિત્ય અર્થાત્ ક્ષુદ્રતાદિ ભવાભિનંદીના ચિત્તના દોષોથી અક્ષોભનીયતા છે એથી, શુદ્ધ=અનવદ્ય ધર્મશાસ્ત્ર શુશ્રૂષણાદિ અનુષ્ઠાન સદા જ=સર્વ કાલ જ, હોય છે; કેમ કે પરિશુદ્ધ ઊહાપોહયોગનું=સમ્યગ્દૃષ્ટિ દ્વારા કરાયેલી પરિશુદ્ધ વિચારણાની પ્રવૃત્તિનું, સમ્યગ્ અનુષ્ઠાનનું અવન્ધ્યકારણપણું છે, અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સદ્ ઊહવાળા સમ્યગ્દૃષ્ટિનું શુદ્ધ અનુષ્ઠાન ભાક્પણું=શુદ્ધ અનુષ્ઠાન સેવવાપણું, પ્રાગ્ આક્ષિપ્ત=શ્લોક-૨૦૬માં કહેવાયેલું, સાધિત થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૮॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપરથી મિથ્યાત્વમોહનીયકર્મ અને અનંતાનુબંધી કષાયનો અધિકાર અત્યંત નિવૃત્ત થયો છે, તેથી જીવનું એકાંત હિત શું છે અને અહિત શું છે ? તે તેને સ્પષ્ટ-સ્પષ્ટતર દેખાય છે, તેથી તે મહાત્માનું વિમલ મનરૂપ ઊહ સતત સ્ફુરાયમાન થાય છે, જેમ પદ્મરાગાદિ મણિવિશેષ હોય અને તેના ઉપરથી મળ કંઈક અલ્પ થાય ત્યારે તે મણિનો સુંદર પ્રકાશ સતત બહાર દેખાય છે તેમ આત્મા ઉપરથી તત્ત્વને બાધક કર્મમળ દૂર થાય છે ત્યારે તે મહાત્માનો નિર્મળકોટીનો મતિજ્ઞાનનો પ્રકાશ સતત વર્તે છે, તેથી તેમનું મતિજ્ઞાન સંસારની વાસ્તવિક અવસ્થાને જોવા માટે સમર્થ બને તેવા ઊહવાળું બને છે, તેથી સંસારના ઉચ્છેદને અનુકૂળ તેમનું ઉત્તમ વીર્ય સતત સ્ફુરાયમાન થાય છે, તેથી તેમના ચિત્તમાં ક્ષુદ્રતા આદિ ભવાભિનંદીના દોષો તિરોધાન પામે છે, તેથી તે મહાત્મા પ્રમાદને છોડીને સ્વશક્તિ અનુસાર ધર્મશાસ્ત્રના પરમાર્થને જાણવા યત્ન કરે છે, દશ પ્રકારના યતિધર્મ પ્રત્યે તેને અત્યંત રાગ વર્તે છે; કેમ કે સંસારના ઉચ્છેદનું કારણ દશ પ્રકારનો યતિધર્મ જ છે તેવો સ્થિર નિર્ણય છે, ફક્ત દશ પ્રકારના યતિધર્મના સેવનમાં બાધક અપ્રત્યાખ્યાનાવરણાદિ કર્મો બલવાન હોવાથી તે પ્રકારનો અંતરંગ પરિણામ કરવાનું સામર્થ્ય પોતાનામાં નહિ જણાવાથી સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વવિરતિધર્મને સ્વીકારતા નથી, છતાં તે મહાત્મા પ્રતિદિન તે દશ પ્રકારના યતિધર્મથી આત્માને ભાવિત કરીને ચારિત્રમોહનીયને શિથિલ કરવા સદા ઉદ્યમ કરે છે, વળી દશ પ્રકારના યતિધર્મ પાળનારા સુસાધુઓની અને સર્વકર્મથી મુક્ત થયેલા સિદ્ધ ભગવંતોની સદા ભક્તિ કરે છે, આથી જ સિદ્ધમુદ્રાવાળી જિનપ્રતિમાની ભક્તિ કરીને જિનતુલ્ય થવાનું બળ સંચય કરે છે અને સુસાધુની ભક્તિ કરીને દશ પ્રકારના યતિધર્મને સેવવાનું બળ સંચય કરે છે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ અવિરતિના ઉદયવાળો હોય તોપણ અવિરતિના નાશને અનુકૂળ શુદ્ધ અનુષ્ઠાનવાળો સદા જ વર્તે છે, તેથી સમ્યગ્દૃષ્ટિને ભાવથી યોગ છે=અંતઃપરિણામથી સદા મોક્ષને અનુકૂળ વ્યાપાર છે. **॥૨૦૮॥**

**અવતરણિકા :-**

**इदमेवानुष्ठानमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

આ જ અનુષ્ઠાનને આશ્રયીને=સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ અનુષ્ઠાનવાળો હોય છે એમ પૂર્વમાં કહ્યું એ જ અનુષ્ઠાનને આશ્રયીને, કહે છે –

**શ્લોક :-**

एतच्च योगहेतुत्वाद्योग इत्युचितं वचः ।
मुख्यायां पूर्वसेवायामवतारोऽस्य केवलम् ।।२०९।।

**અન્વયાર્થ :-**

च=વળી, एतद्=આ=સમ્યગ્દષ્ટિનું શુદ્ધ અનુષ્ઠાન, योगहेतुत्वात्=યોગનું હેતુપણું હોવાથી=મોક્ષની સાથે સંયોગનું હેતુપણું હોવાથી, योगः=યોગ છે, इत्युचितं वचः=એ પ્રકારનું ઉચિત વચન છે, केवलम्=કેવલ, अस्य=આનો=શુદ્ધ અનુષ્ઠાનનો, मुख्यायां पूर्वसेवायां=મુખ્ય પૂર્વસેવામાં, अवतारः=અવતાર છે. ।।૨૦૯।।

**શ્લોકાર્થ :-**

**વળી આ યોગનું હેતુપણું હોવાથી યોગ છે એ પ્રકારનું ઉચિત વચન છે, કેવલ આનો મુખ્ય પૂર્વસેવામાં અવતાર છે. ।।૨૦૯।।**

**ટીકા :-**

एतच्च=एतत्पुनः=शुद्धमनुष्ठानम्, योगहेतुत्वाद्=मोक्षसंयोगकारणत्वात्, योगो वर्तते इत्येवंरूपम् उचितं=योग्यं, वचो=वचनं, सार्थकत्वादिन्द्रपुरन्दरादिशब्दवत्, न पुनरन्यदपुनर्बन्धकादिगतमिति भावः, अत्रैव विशेषमाह – मुख्यायां=प्रकृष्टायां, पूर्वसेवायां=देवगुरुपूजादिरूपायां अवतारः=अवकाशः, अस्य=शुद्धानुष्ठानस्य, केवलं=परम्, अन्यदा तु जायमानमप्येतत्तदाभासमेव स्यात् ।।२०९।।

**ટીકાર્થ :-**

एतच्च ..... स्यात् ।। વળી આ=શુદ્ધ અનુષ્ઠાન, યોગનું હેતુપણું હોવાથી=મોક્ષની સાથે સંયોગનું કારણપણું હોવાથી, યોગ વર્તે છે, એ પ્રકારનું ઉચિત=યોગ્ય, વચન છે=કેમ કે ઇન્દ્ર-પુરંદર આદિ શબ્દની જેમ સાર્થકપણું છે, પરંતુ અન્ય એવું અપુનર્બંધક આદિ ગત અનુષ્ઠાન યોગ નથી, એ પ્રકારનો ભાવ છે.

આમાં જ=શુદ્ધ અનુષ્ઠાનવાળા સમ્યગ્દષ્ટિને યોગ છે એમાં જ, વિશેષને કહે છે – મુખ્ય પૂર્વસેવામાં=દેવ-ગુરુપૂજાદિરૂપ મુખ્ય પૂર્વસેવામાં, કેવલ આનો=શુદ્ધ અનુષ્ઠાનનો, અવતાર છે. વળી અન્યદા=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે થતું પણ, આ=પૂર્વસેવારૂપ અનુષ્ઠાન, તેના આભાસરૂપ જ છે= અપુનર્બંધકાદિનું પૂર્વસેવારૂપ અનુષ્ઠાન મુખ્ય પૂર્વસેવારૂપ નથી પરંતુ તદ્ આભાસ જ છે. ।।૨૦૯।।

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના ઉચ્છેદ અર્થે સ્વશક્તિ અનુસાર ધર્મશાસ્ત્રનું શ્રવણ કરે છે, દેવ-ગુરુ આદિની ભક્તિ કરે છે એ શુદ્ધ અનુષ્ઠાન મોક્ષપ્રાપ્તિનું સાક્ષાત્ કારણ વર્તે છે; કેમ કે તે અનુષ્ઠાન દ્વારા તે મહાત્મા સ્વપ્રયત્ન અનુસાર મોહનું ઉન્મૂલન કરીને ચારિત્રમોહનીય ક્ષીણ-ક્ષીણતર કરે છે, માટે સમ્યગ્દૃષ્ટિના અનુષ્ઠાનને ભાવથી યોગ કહ્યો એ ઉચિત વચન છે, જેમ સ્વર્ગમાં રહેનાર ભાવેન્દ્રને ઇન્દ્ર શબ્દથી કહેવામાં આવે તો તે વચન અર્થવાળું છે તેમ સમ્યગ્દૃષ્ટિનું અનુષ્ઠાન મોક્ષની સાથે યોજનાર હોવાથી યોગ એ પ્રકારના અર્થવાળું છે, માટે ઉચિત વચન છે.

વળી અપુનર્બંધક જીવો પણ સમ્યગ્દૃષ્ટિ જીવોની જેમ જ ધર્મશાસ્ત્રને શ્રવણ કરતા હોય, દેવ-ગુરુની ભક્તિ કરતા હોય, તોપણ તેઓમાં સમ્યગ્દૃષ્ટિ જેવી નિર્મળ પરિણતિ નહિ હોવાથી અને અનંતાનુબંધી કષાયનો કંઈક ઉદય હોવાથી તેઓની પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જેવી શુદ્ધ નથી, તેથી અપુનર્બંધક જીવોથી સેવાયેલું અનુષ્ઠાન ભાવથી યોગ કહી શકાય નહિ; કેમ કે તેમનું અનુષ્ઠાન સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન નથી, જ્યારે સમ્યગ્દૃષ્ટિનું સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન હોય છે.

અપુનર્બંધકનું કેમ સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન નથી અને સમ્યગ્દૃષ્ટિનું સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન કેમ છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે –

વળી સમ્યગ્દૃષ્ટિનું અનુષ્ઠાન ભાવથી યોગ હોવા છતાં તેનો અવતાર મુખ્ય પૂર્વસેવામાં થાય છે.

આશય એ છે કે જેમ વિદ્યાસાધક વિદ્યા સાધવા માટે શક્તિસંચય ન થયો હોય ત્યારે પૂર્વસેવા કરે છે તેમ સંસારના ઉચ્છેદના અર્થી મહાત્માઓ અધ્યાત્માદિ યોગને પ્રાપ્ત કરવા માટે શક્તિસંચય ન થયો હોય ત્યારે પૂર્વસેવામાં યત્ન કરે છે અને તે પૂર્વસેવા અપુનર્બંધક કરે છે ત્યારે મુખ્ય પૂર્વસેવા નથી; કેમ કે કંઈક મિથ્યાત્વના ઉદયને કારણે વિપર્યાસયુક્ત પૂર્વસેવા છે જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવમાં વિપર્યાસનો અભાવ હોવાથી સૂક્ષ્મબોધપૂર્વક પોતાની શક્તિ અનુસાર પૂર્વસેવા કરે છે જેનાથી બળસંચય થયા પછી દેશવિરતિ આદિ ગુણસ્થાનકનો સ્વીકાર કરીને મોક્ષરૂપ વિદ્યાને સાધવા માટે ઉદ્યમ કરશે, તેથી અપુનર્બંધકદશામાં થતી પૂર્વસેવા પણ સમ્યગ્દૃષ્ટિ જેવી મુખ્ય નથી, પરંતુ તદાભાસ તુલ્ય છે. **॥૨૦૯॥**

**અવતરણિકા :-**

**अथ योगमेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે યોગને જ આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે અપુનર્બંધક જીવને દ્રવ્યથી યોગ હોય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવને ભાવથી યોગ હોય છે

અને શ્લોક-૨૦૯ના પૂર્વાર્ધમાં સ્થાપન કર્યું કે સમ્યગ્દૃષ્ટિને ભાવથી યોગ છે એ ઉચિત વચન છે, એથી હવે યોગને જ આશ્રયીને અન્ય કથન કરે છે –

**શ્લોક :-**

**त्रिधा शुद्धमनुष्ठानं, सच्छास्त्रपरतन्त्रता ।**
**सम्यक्प्रत्ययवृत्तिश्च, तथात्रैव प्रचक्षते ।।२१०।।**

**અન્વયાર્થ :-**

**त्रिधा शुद्धमनुष्ठानं=ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન, सच्छास्त्रपरतंत्रता=સત્શાસ્ત્ર પરતંત્રતા, च=અને, सम्यक्प्रत्ययवृत्तिः=સમ્યક્ પ્રત્યયની વૃત્તિ, तथा=અને અન્ય વસ્તુ, अत्रैव=અહીં જ=યોગના પ્રક્રમમાં, प्रचक्षते=કહે છે='યોગ છે' એ પ્રમાણે કહે છે. ॥૨૧૦॥**

**શ્લોકાર્થ :-**

**ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન, સત્શાસ્ત્ર પરતંત્રતા અને સમ્યક્ પ્રત્યયની વૃત્તિ અને અન્ય વસ્તુ અહીં જ કહે છે. ॥૨૧૦॥**

**ટીકા :-**

**त्रिधा=त्रिभिः प्रकारैर्वक्ष्यमाणैः, शुद्धं अनुष्ठानं, तथा सच्छास्त्रपरतन्त्रता=सम्यक्श्रुतग्रन्थाधीन-भावः, सम्यक्प्रत्ययवृत्तिः=सम्यक्प्रत्यय आत्मगुरुलिङ्गशुद्धिभेदात् त्रिधा तस्मिन्सति वृत्तिः-प्रवर्तनम्, चकार उक्तसमुच्चये 'तथा' इति वक्तव्यान्तरसमुच्चये, अत्रैव=योगप्रक्रमे, योगो वर्तते इति प्रचक्षते=ब्रुवते, धार्मिका इति ।।२१०।।**

**ટીકાર્થ :-**

**त्रिधा ..... धार्मिका इति ।। વક્ષ્યમાણ સ્વરૂપવાળા ત્રણ પ્રકારથી શુદ્ધ અનુષ્ઠાન છે અને સત્શાસ્ત્ર પરતંત્રતા=સમ્યક્ શ્રુત ગ્રંથને આધીન ભાવ છે અને સમ્યક્ પ્રત્યયની વૃત્તિ છે=આત્મા-ગુરુ, અને લિંગની શુદ્ધિના ભેદથી ત્રણ પ્રકારે સમ્યક્ પ્રત્યય હોતે છતે વૃત્તિ છે અર્થાત્ અનુષ્ઠાનમાં પ્રવર્તન છે, 'च'કાર ઉક્ત એવા ત્રણ કથનના સમુચ્ચયમાં છે, 'तथा' એ વક્તવ્યાન્તરના સમુચ્ચયમાં છે, અહીં જ=યોગપ્રક્રમમાં, યોગ વર્તે છે=આ ત્રણ પ્રકારની ઉચિત પ્રવૃત્તિરૂપ યોગ વર્તે છે, એ પ્રમાણે ધાર્મિક પુરુષો કહે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૧૦॥**

**ભાવાર્થ :-**

યોગવિષયક જે અનુષ્ઠાન સેવવામાં આવે છે તે અનુષ્ઠાન વિષયક ત્રણ પ્રકારની શુદ્ધિ હોય છે તેમાંથી

વિષયશુદ્ધઅનુષ્ઠાન અને સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન એ બે અનુષ્ઠાન અપુનર્બંધક જીવો સેવે છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ વિવેકસંપન્ન હોવાથી અનુબંધશુદ્ધઅનુષ્ઠાન સેવે છે. જે અનુષ્ઠાનમાં આ ત્રણમાંથી કોઈ એક પણ શુદ્ધિ નથી તે અનુષ્ઠાન અશુદ્ધ અનુષ્ઠાન છે, તેથી બાહ્યથી ધર્મની આચરણા હોય તોપણ સંસારની અન્ય પ્રવૃત્તિ તુલ્ય તે આચરણા સંસારના પરિભ્રમણનું જ કારણ છે.

વળી તે અનુષ્ઠાનમાં સમ્યક્ શ્રુતગ્રંથને આધીન પરિણામ હોય છે, સ્થૂલ બોધવાળા અપુનર્બંધક જીવો પોતાના સ્થૂલબોધને અનુરૂપ સમ્યક્ શ્રુતગ્રંથને આધીન પરિણામો કરે છે, અને સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના સૂક્ષ્મબોધને અનુરૂપ સમ્યક્શ્રુતગ્રંથને આધીન પરિણામો કરે છે, આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવો ધર્મ, અર્થ અને કામનું સેવન પણ શ્લોક-૨૦૩માં કહ્યું તેમ સમ્યક્શ્રુતગ્રંથને આધીન કરે ત્યારે ભાવથી યોગ છે.

વળી યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા માટે ઉત્તરના ગુણસ્થાનકને સ્વીકારવા અર્થે સમ્યક્ પ્રત્યયપૂર્વક પ્રવૃત્તિ કરાય છે, તે ત્રણ પ્રકારની છે – આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય.

વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવ તે ત્રણે પ્રકારના સમ્યક્ પ્રત્યયવાળી શુદ્ધિથી ઉચિત અનુષ્ઠાનનો સ્વીકાર કરે છે, તેથી જ તેનું અનુષ્ઠાન સાનુબંધ શુદ્ધ થઈ શકે છે અને યોગમાર્ગની વિચારણામાં આ ત્રણે વસ્તુ= ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન, સત્શાસ્ત્રની પરતંત્રતા, અને ત્રણ પ્રત્યયપૂર્વક ગુણસ્થાનકનો સ્વીકાર એ ત્રણ વસ્તુ યોગનાં અંગો છે, તેથી તે ત્રણે વિષયક જેટલો ઉચિત પ્રયત્ન થાય તેટલા અંશમાં યોગ નિષ્પન્ન થાય, તેથી વિવેકસંપન્ન જીવે પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ ત્રણ પ્રકારનાં શુદ્ધ અનુષ્ઠાન, સત્શાસ્ત્રની પરતંત્રતા અને સમ્યક્ પ્રત્યયની વૃત્તિને જાણીને ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરવો જોઈએ, જેથી ઉત્તરોત્તર યોગની વૃદ્ધિ થાય. **॥૨૧૦॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન છે એને જ, ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**विषयात्मानुबन्धैस्तु, त्रिधा शुद्धमुदाहृतम् ।**
**अनुष्ठानं प्रधानत्वं, ज्ञेयमस्य यथोत्तरम् ।।२११।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, विषयात्मानुबन्धैः=વિષય, આત્મા અને અનુબંધથી=વિષય-સ્વરૂપ અને અનુબંધથી, त्रिधा=ત્રણ પ્રકારે, शुद्धं अनुष्ठानं=શુદ્ધ અનુષ્ઠાન, उदाहृतम्=કહેવાયું છે, अस्य=આનું=ત્રણ પ્રકારના અનુષ્ઠાનનું,**

**यथोत्तरं प्रधानत्वं ज्ञेयं=યથોત્તર પ્રધાનપણું જાણવું=પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર-ઉત્તરનું અનુષ્ઠાન અધિક સુંદર જાણવું. ॥૨૧૧॥**

**શ્લોકાર્થ :-**

**વળી વિષય, આત્મા અને અનુબંધથી ત્રણ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાન કહેવાયું છે, આનું યથોત્તર પ્રધાનપણું જાણવું. ॥૨૧૧॥**

**ટીકા :-**

**विषयात्मानुबन्धैस्तु विषयेण=गोचरेण, आत्मना=स्वरूपेण, अनुबन्धेनच=उत्तरत्रानुवृत्तिलक्षणेन पुनः, त्रिधा शुद्धं=अनवद्यम्, उदाहृतं=उक्तम्, अनुष्ठानं तत्प्रवृत्तिलक्षणम्, अत्र प्रधानत्वं=ज्येष्ठत्वं, ज्ञेयं=अवगम्यम्, अस्य=त्रिधानुष्ठानस्य, यथोत्तरम्=यद्यतोऽनुष्ठानमुत्तरं, तत्तदपेक्षया प्रधानमिति भावः ।।२११।।**

**ટીકાર્થ :-**

**विषयात्मानुबन्धैस्तु ..... प्रधानमिति भावः ।। વળી વિષય-આત્મા-અનુબંધથી=ગોચરરૂપ વિષયથી સ્વરૂપરૂપ આત્માથી અને ઉત્તરમાં અનુવૃત્તિરૂપ અનુબંધથી, ત્રણ પ્રકારનું શુદ્ધ=અનવદ્ય, તત્પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાન=યોગમાર્ગની પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાન, કહેવાયું છે, આમાં=ત્રણ પ્રકારના અનુષ્ઠાનમાં, જ્યેષ્ઠપણું જાણવું.**

કોનું જ્યેષ્ઠપણું જાણવું ? તેથી કહે છે –

**આ ત્રણ પ્રકારના અનુષ્ઠાનનું યથોત્તર=જે જેનાથી ઉત્તર અનુષ્ઠાન છે તે અર્થાત્ ઉત્તરનું અનુષ્ઠાન, તેની અપેક્ષાથી=પૂર્વની અપેક્ષાથી, પ્રધાન જાણવું, એ પ્રકારનો ભાવ છે. ॥૨૧૧॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૦માં કહેલ કે યોગમાર્ગની પ્રવૃત્તિવિષયક સેવાતું અનુષ્ઠાન ત્રણ પ્રકારે શુદ્ધ છે, તેથી તે અનુષ્ઠાન કઈ રીતે ત્રણ પ્રકારે શુદ્ધ છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

૧. વિષયથી, ૨. સ્વરૂપથી, ૩. અનુબંધથી, ત્રણ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાન છે.

**(૧) વિષયશુદ્ધઅનુષ્ઠાન :-**

કોઈ મોક્ષના ઉદ્દેશથી અવિવેકવાળી પ્રવૃત્તિ કરે ત્યારે તે મોક્ષના ઉદ્દેશરૂપ વિષયની અપેક્ષાએ તે અનુષ્ઠાન શુદ્ધ છે, પરંતુ આચરણાથી કે અનુબંધથી શુદ્ધ નથી અને જે જીવો સંસારના ચારગતિના પરિભ્રમણથી સંત્રાસ પામેલા હોય અને તેના કારણે મોક્ષના અર્થી થયા હોય ત્યારે મોક્ષના ઉદ્દેશથી જ અવિવેકવાળી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેઓ કાશીમાં મોક્ષ અર્થે કરવત મુકાવવાદિની ક્રિયારૂપ અનુષ્ઠાન કરે છે તે વિષયશુદ્ધ છે; કેમ કે મોક્ષનો ઉદ્દેશ છે, તેટલા અંશથી આત્માના હિતનું કારણ છે.

**૨. સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન :-**

વળી કેટલાક જીવો સંસારથી ભય પામેલા છે, મોક્ષના અર્થી છે અને મોક્ષને અનુકૂળ એવી યમ-નિયમની આચરણા કરે છે તેઓ પણ અત્યંત વિવેકવાળા નહિ હોવાથી યમ-નિયમની આચરણા સૂક્ષ્મવિવેકયુક્ત માર્ગાનુસારી ઊહપૂર્વક કરતા નથી, તેથી તેઓની મોક્ષ અર્થે કરાતી ધર્મની આચરણા વિષયશુદ્ધ અને સ્વરૂપશુદ્ધ છે; કેમ કે મોક્ષનો ઉદ્દેશ છે અને મોક્ષને અનુકૂળ કંઈક તપ-ત્યાગાદિની આચરણા છે; જેમ અન્ય દર્શનના મોક્ષના અર્થી બાળ તપસ્વીની આચરણા અથવા જૈનદર્શનને સેવનારા પણ સ્થૂલથી સંયમના આચારો પાળનારા સાધુની આચરણા અથવા શ્રાવકની આચરણા.

**૩. અનુબંધશુદ્ધઅનુષ્ઠાન :-**

વળી કેટલાક જીવો સંસારથી અત્યંત વિરક્ત થયા છે, મોક્ષના અર્થી થયા છે અને સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રજ્ઞાપૂર્વક મોક્ષના ઉપાયનો નિર્ણય કરીને પોતાની શક્તિનું સમાલોચન કરીને પોતાની શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રજ્ઞાથી યુક્ત સેવે છે, જેથી તેઓનું અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરની શુદ્ધિને પ્રાપ્ત કરીને મોક્ષના ફળમાં વિશ્રાંત થાય તેવું સાનુબંધ શુદ્ધ હોય છે. જેમ વિવેકસંપન્ન અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ પોતાની ભૂમિકાનો નિર્ણય કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેમ જે અનુષ્ઠાન સેવે છે તે સાનુબંધ શુદ્ધ છે.

આ ત્રણ અનુષ્ઠાનમાંથી વિષયશુદ્ધઅનુષ્ઠાનમાં માત્ર મોક્ષ ઉદ્દેશની શુદ્ધિ છે, સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં કંઈક મોક્ષને અનુકૂળ આચરણાની શુદ્ધિ છે, તેથી વિષયશુદ્ધ કરતાં સ્વરૂપશુદ્ધ અધિક શ્રેષ્ઠ છે અને અનુબંધશુદ્ધ ઉદગ્ર વિવેકયુક્ત હોવાથી પૂર્ણ શુદ્ધ છે. તેથી અનુબંધશુદ્ધઅનુષ્ઠાન પૂર્વનાં બન્ને અનુષ્ઠાન કરતાં સુંદર છે. **॥૨૧૧॥**

**અવતરણિકા :-**

**अथेदमेव क्रमेण दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે આને જ=ત્રણ પ્રકારના શુદ્ધ અનુષ્ઠાનને જ, ક્રમથી ત્રણ શ્લોકો દ્વારા બતાવે છે –**

**શ્લોક :-**

**आद्यं यदेव मुक्त्यर्थं, क्रियते पतनाद्यपि ।**
**तदेव मुक्त्युपादेयलेशभावाच्छुभं मतम् ।।२१२।।**

**અન્વયાર્થ :-**

**आद्यं=વિષયશુદ્ધઅનુષ્ઠાન, यदेव=જે જ, मुक्त्यर्थं=મુક્તિ માટે, पतनाद्यपि=પતનાદિ પણ, क्रियते=કરાય છે, तदेव=તે પણ, मुक्त्युपादेयलेशभावात्=મુક્તિવિષયક ઉપાદેયલેશના ભાવને કારણે, शुभं मतम्=શુભ મનાયું છે. ।।૨૧૨।।**

**શ્લોકાર્થ :-**

**વિષયશુદ્ધઅનુષ્ઠાન જે જ મુક્તિ માટે પતનાદિ પણ કરાય છે તે પણ મુક્તિવિષયક ઉપાદેયલેશના ભાવને કારણે શુભ મનાયું છે. ॥૨૧૨॥**

**ટીકા :-**

**आद्यं=विषयशुद्धमनुष्ठानम्, यदेव किंचित् मुक्त्यर्थं=मुक्तये-'मुक्तिर्मे भूयादितोऽनुष्ठानादि'ति प्रणिधानेन, क्रियते पतनाद्यपि, तत्र पतनं हिमपथभृगुपातादिलक्षणं आदिशब्दाच्छस्त्रपाटनगृध्र-पृष्ठार्पणादिः शेषः स्वघातोपायः परिगृह्यते, किं पुनः शेषं त्वस्याहिंसकमित्यपिशब्दार्थः, तदेव= तदप्यनुष्ठानम्, मुक्त्युपादेयलेशभावाद्=भावप्रधानत्वान्निर्देशस्य मुक्त्युपादेयतासम्भवात्, शुभं=शोभनम्, मतं=अभिप्रेतम्, न तु स्वरूपतः, अत्यन्तसावद्यरूपत्वात् ।।२१२।।**

**ટીકાર્થ :-**

**आद्यं ..... अत्यन्तसावद्यरूपत्वात् ।। આદ્ય=વિષયશુદ્ધઅનુષ્ઠાન, જે જ કંઈક મુક્તિ માટે 'આ અનુષ્ઠાનથી મુક્તિ મને થાવ' એ પ્રકારના પ્રણિધાનથી પતનાદિ પણ કરાય છે, ત્યાં=પતનાદિમાં, પતન હિમપથ-ભૃગુપાતાદિ સ્વરૂપ છે, 'आदि' શબ્દથી શસ્ત્રથી પાટન=શસ્ત્રથી પોતાના દેહના બે વિભાગ કરવા, ગીધડાંને પીઠનું અર્પણાદિ શેષ સ્વઘાતના ઉપાયો ગ્રહણ કરાય છે, વળી શેષ અહિંસક અનુષ્ઠાન તો શું ? એ 'पतानाद्यपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, તે પણ=વિષયશુદ્ધ અનુષ્ઠાન પણ, મુક્તિના ઉપાદેયલેશના ભાવને કારણે=નિર્દેશનું ભાવપ્રધાનપણું હોવાથી મુક્તિની ઉપાદેયતાનો સંભવ હોવાથી, શુભ=શોભન મનાયું છે, પરંતુ સ્વરૂપથી નહિ=સ્વરૂપથી શોભન નથી; કેમ કે અત્યંત સાવધરૂપપણું છે. ॥૨૧૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો સંસારથી વિરક્ત થયા હોય છે, 'સંસારથી પર અવસ્થા મુક્તઅવસ્થા છે, જ્યાં જન્મ નથી, મૃત્યુ નથી, રોગ નથી, શોક નથી, પરંતુ શાશ્વત શુદ્ધ આત્મા રહેલ છે' તેવું સાંભળીને મોક્ષના અર્થી થયા છે અને કોઈક પાસેથી સાંભળ્યું હોય કે અમુક પર્વતાદિ ઉપરથી પાત કરવામાં આવે તો મોક્ષ થાય અથવા કાશીમાં કરવત મુકાવવામાં આવે તો મોક્ષ થાય અથવા ગીધડાં આદિને પોતાની પીઠનું માંસ ખાવા દેવામાં આવે તો મોક્ષ થાય આમ સાંભળીને તેવી સર્વ ક્રિયાઓ મોક્ષ પ્રત્યે કારણ છે તેમ નિર્ણય કરીને અને મોક્ષરૂપ કાર્યના કારણવિષયક માર્ગાનુસારી ઊહ કરી શકે તેવી પ્રજ્ઞા નહિ હોવાથી તેઓ ભૃગુપાતાદિ કરે છે અને તે ભૃગુપાતની ક્રિયા અત્યંત સાવદ્ય હોવાથી મોક્ષનું કારણ નથી, છતાં મોક્ષના આશયના અંશથી મોક્ષને અનુકૂળ હોવાથી દૂરવર્તી મોક્ષનું કારણ છે, તેથી તેઓનું તે અનુષ્ઠાન મોક્ષનાં આશય અંશથી મોક્ષનું કારણ થતું હોવાથી શુદ્ધ છે, આવું અનુષ્ઠાન અપુનર્બંધક જીવો આદ્ય ભૂમિકામાં સેવે છે. **॥૨૧૨॥**

શ્લોક :-

द्वितीयं तु यमाद्येव, लोकदृष्ट्या व्यवस्थितम् ।
न यथाशास्त्रमेवेह, सम्यग्ज्ञानाद्ययोगतः ।।२१३।।

અન્વયાર્થ :-

तु=વળી, लोकदृष्ट्या=લોકદૃષ્ટિથી, व्यवस्थितम्=પ્રસિદ્ધ, यमाद्येव=યમાદિ જ, द्वितीयं=બીજું છે=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન છે, इह=અહીં=યોગની વિચારણામાં, सम्यग्ज्ञानाद्ययोगतः=સમ્યગ્જ્ઞાનાદિનો અયોગ હોવાને કારણે, यथाशास्त्रमेव=યથાશાસ્ત્ર જ=જિનવચનાનુસાર જ, न=નથી જ= સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન નથી જ. ॥૨૧૩॥

શ્લોકાર્થ :-

**વળી લોકદૃષ્ટિથી પ્રસિદ્ધ યમાદિ જ બીજું છે, અહીં સમ્યગ્જ્ઞાનાદિનો અયોગ હોવાને કારણે યથાશાસ્ત્ર જ નથી જ. ॥૨૧૩॥**

ટીકા :-

द्वितीयं तु=क्रमप्रामाण्यात्स्वरूपशुद्धानुष्ठानं पुनः, यमाद्येव=पञ्चयमपञ्चनियमरूपमेव, तत् कीदृशमित्याह – लोकदृष्ट्या=स्थूलव्यवहारिणो लोकस्य मतेन, व्यवस्थितं=प्रसिद्धम्, अत एव न=नैव, यथाशास्त्रमेव, शास्त्रसद्भावः शासनाद् दुःखत्राणाच्चोच्यते, तच्च जैनमेव । यथोक्तम् –

'शासनसामर्थ्येन तु, संत्राणबलेन चानवद्येन ।
युक्तं यत्तच्छास्त्रं, तच्चैतत्सर्वविद्वचनम् ।।१।।' [प्र.रति १८८]

ततो यथा=येन प्रकारेण, शास्त्रं व्यवस्थितं तेनैव, इह=योगचिन्तायाम्, कुत इत्याह – सम्यग्ज्ञानाद्ययोगतः=सम्यग्ज्ञानश्रद्धानाऽभावात्, न हि सम्यग्ज्ञानाद्यभावे दूरं संसारविरक्तोऽपि यथाशास्त्रमेव प्रवृत्तिमवलम्बितुं क्षमः, किन्तु घुणाक्षरवृत्त्यैव कदाचित्किंचिदेव, अयमत्र भावः – येऽमी पूरणादयः प्रथमगुणस्थानकवर्तिनोऽपि तथाविधसंसारवैराग्याल्लोकदृष्टिप्रतिष्ठितयमान्नियमाँश्च जीवादितत्त्वमजानानाः सन्तः समनुतिष्ठन्ति तत्स्वरूपशुद्धमनुष्ठानमुच्यत इति ।।२१३।।

ટીકાર્થ :-

'द्वितीयं ..... इति ।। વળી ક્રમના પ્રામાણ્યથી=ત્રણ અનુષ્ઠાનના ક્રમના પ્રામાણ્યથી, બીજું સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન યમાદિ જ છે=પાંચ યમ અને પાંચ નિયમરૂપ જ છે, તે=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન, કેવા પ્રકારનું છે ? એથી કહે છે – લોકદૃષ્ટિથી=સ્થૂલ વ્યવહારવાળા લોકના મતથી, વ્યવસ્થિત

**છે=પ્રસિદ્ધ છે, આથી જ=લોકદષ્ટિથી સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન છે આથી જ, યથાશાસ્ત્ર જ નથી જ, શાસ્ત્રનો સદ્ભાવ શાસનને કારણે અને દુઃખના ત્રાણના કારણે કહેવાય છે અને તે જૈન જ છે. જે પ્રમાણે કહેવાયું છે –**

"વળી શાસનના સામર્થ્યથી અને અનવદ્ય એવા સંત્રાણના બલથી યુક્ત જે છે તે શાસ્ત્ર છે અને તે આ સર્વવિદ્નું=સર્વજ્ઞનું, વચન છે. ॥૧॥" **(પ્રશમરતિપ્રકરણ શ્લોક-૧૮૮)**

**ત્યારપછી=શાસ્ત્રનું સ્વરૂપ બતાવ્યું ત્યારપછી, યથાશાસ્ત્રનો અર્થ કરે છે. યથા=જે પ્રકારથી, શાસ્ત્ર વ્યવસ્થિત છે તેના વડે જ અહીં=યોગની વિચારણામાં, નથી જ=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન નથી જ, આ પ્રમાણે 'નૈવ'નો પૂર્વ સંબંધ છે. યથાશાસ્ત્ર સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કેમ નથી ? એથી કહે છે –**

**સમ્યગ્ જ્ઞાનાદિનો અયોગ હોવાને કારણે=સમ્યગ્જ્ઞાનનો અને સમ્યગ્શ્રદ્ધાનો અભાવ હોવાને કારણે, યથાશાસ્ત્ર નથી એમ અન્વય છે.**

કેમ સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન યથાશાસ્ત્ર નથી ? તે સ્પષ્ટ કરે છે –

**સમ્યગ્ જ્ઞાનાદિનો અભાવ હોતે છતે અત્યંત સંસારથી વિરક્ત પણ યથાશાસ્ત્ર જ પ્રવૃત્તિ કરવા માટે સમર્થ થતો નથી, પરંતુ ઘુણાક્ષર વૃત્તિથી જ ક્યારેક કંઈક જ કરે છે=યથાશાસ્ત્ર કંઈક જ પ્રવૃત્તિ કરે છે.**

**અહીં=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા યથાશાસ્ત્ર પ્રવૃત્તિ કરી શકતા નથી એ કથનમાં, આ ભાવ છે તેવા પ્રકારના સંસારના વૈરાગ્યથી=જિનવચનાનુસાર સૂક્ષ્મબોધપૂર્વક નહિ, પરંતુ સ્થૂલ માર્ગાનુસારી-બુદ્ધિપૂર્વકના વૈરાગ્યથી, લોકદષ્ટિથી પ્રતિષ્ઠિત એવા યમ-નિયમાદિને જીવાદિ તત્ત્વને નહિ જાણતા છતાં જે આ પ્રથમગુણસ્થાનવર્તી પણ પૂરણાદિ આચરે છે તે સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કહેવાય છે.**

**'इति' શબ્દ 'अयमत्र भावः'ની સમાપ્તિમાં છે. ॥૨૧૩॥**

**ભાવાર્થ :-**

સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન ભગવાનના વચનાનુસાર સૂક્ષ્મબોધથી અને તત્ત્વને સ્પર્શનારી સૂક્ષ્મરુચિથી નિયંત્રિત નથી, પરંતુ સંસારથી વિરક્ત થયેલા જીવો મોક્ષના અર્થી થયા પછી મોક્ષના ઉપાયરૂપે અન્યદર્શનના યમ-નિયમાદિ અનુષ્ઠાન કરતા હોય કે ભગવાનના શાસન સંબંધી અનુષ્ઠાન કરતા હોય, તોપણ તેઓનાં તે અનુષ્ઠાનો લોકદૃષ્ટિથી જ ધર્મ અનુષ્ઠાનરૂપે વ્યવસ્થિત છે; કેમ કે સર્વજ્ઞકથિત દરેક અનુષ્ઠાન તત્ત્વના સૂક્ષ્મબોધપૂર્વક સ્વભૂમિકા અનુસાર ઉચિત આચરણાથી થાય છે અને જ્યાં સુધી જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી તે જીવને કોઈક સ્થાનમાં અતત્ત્વની રુચિ છે, ફક્ત પ્રજ્ઞાપનીયતા હોવાને કારણે તે સામગ્રીને પામીને નિવર્તન પામે તેવી છે, જેમ પૂરણાદિ તાપસો સંસારથી વિરક્ત હતા, ભદ્રક પ્રકૃતિવાળા હતા, કલ્યાણના અર્થી હતા, આમ છતાં મોક્ષનો ઉપાય એવો દશ પ્રકારનો યતિધર્મ જે પ્રકારે ભગવાને કહ્યો છે

તે પ્રકારે તેના મર્મને જાણનારા ન હતા, તેથી જ અત્યંત કલ્યાણના અર્થી હોવા છતાં પોતાના સ્થૂલબોધ અનુસાર તાપસાચારમાં જ પૂર્ણ સર્વવિરતિ ધર્મ છે તેમ જાણીને યત્ન કરતા હતા, જ્યારે ભગવાનના શાસનના પરમાર્થને જાણનાર અવિરતસમ્યગ્દષ્ટિ પણ સમ્યગ્બોધ અને સમ્યગ્ રુચિવાળા હોવાથી જિનવચનાનુસાર દશ પ્રકારના યતિધર્મના પરમાર્થને જાણનારા હોય છે અથવા સમિતિ-ગુપ્તિના પરમાર્થને જાણનારા હોય છે અને તેવા સમિતિ-ગુપ્તિરૂપ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ અર્થે પોતાનામાં શક્તિ પ્રગટ નહિ થયેલી હોવાથી તેવા જ ધર્મને લક્ષ્ય કરીને સ્વશક્તિ અનુસાર દેવ-ગુરુ આદિની ભક્તિ-ઉપાસના કરે છે, તેથી જ બાહ્ય આચારની દૃષ્ટિથી સર્વ સંસારની પ્રવૃત્તિઓ છોડી છે તેવા પૂરણાદિ તાપસોની જેમ ભોગની પ્રવૃત્તિ નહિ છોડેલી હોવા છતાં અવિરત સમ્યગ્દષ્ટિ શાસ્ત્રપરતંત્ર ભગવત્પૂજા આદિ કરીને જેવી યોગશુદ્ધિને પ્રાપ્ત કરી શકે છે તેવી શુદ્ધિને સ્થૂલ બોધવાળા પૂરણાદિ તાપસો કરી શકતા નથી કે ભગવાનના શાસનને સ્થૂલથી પામેલા અને સંયમની પ્રવૃત્તિ કરનારા સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારા સાધુના લિંગવાળા જીવો પણ કરી શકતા નથી, આથી જ સૂક્ષ્મબોધવાળા અવિરત સમ્યગ્દષ્ટિ પણ શાસ્ત્રને પરતંત્ર થઈને જે રીતે કલ્યાણ સાધી શકે છે તે રીતે સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવો ચારિત્રચારના પાલનથી પણ કલ્યાણ સાધી શકતા નથી. તોપણ મોક્ષનાં આશયરૂપ વિષયની શુદ્ધિ અને કંઈક ત્યાગાદિના આચરણાની શુદ્ધિ હોવાથી સ્વરૂપ શુદ્ધ અનુષ્ઠાન પણ મોક્ષનું કારણ છે. **॥૨૧૩॥**

**શ્લોક :-**

**तृतीयमप्यदः किन्तु, तत्त्वसंवेदनानुगम् ।**
**प्रशान्तवृत्त्या सर्वत्र, दृढमौत्सुक्यवर्जितम् ।।२१४।।**

**અન્વયાર્થ :-**

**किन्तु=વળી, तृतीयमपि=ત્રીજું પણ, अदः=આ=અનુબંધશુદ્ધ અનુષ્ઠાન, तत्त्वसंवेदनानुगं=તત્ત્વસંવેદનને અનુસરનારું, प्रशान्तवृत्त्या=પ્રશાંતવૃત્તિથી, सर्वत्र=સર્વત્ર, दृढं=અત્યંત, औत्सुक्यवर्जितम्=ઔત્સુક્યવર્જિત હોય છે. ।।૨૧૪।।**

**શ્લોકાર્થ :-**

**વળી ત્રીજું પણ આ તત્ત્વસંવેદનને અનુસરનારું પ્રશાંતવૃત્તિથી સર્વત્ર અત્યંત ઔત્સુક્ય-વર્જિત હોય છે. ।।૨૧૪।।**

**ટીકા :-**

**तृतीयमप्यनुष्ठानम् अदो=यमाद्येव, किन्तु=पुनः, तत्त्वसंवेदनानुगं=जीवादितत्त्वसम्यक्परिज्ञानानुगतम् तथा प्रशान्तवृत्त्या कषायादिविकारनिरोधरूपया, सर्वत्र=कार्ये, दृढं=अत्यर्थम्, औत्सुक्यवर्जितं=त्वरापरिहीणं, अप्रशान्तवृत्तावेवौत्सुक्यदोषावकाशात् ।।२१४।।**

**ટીકાર્થ :-**

**तृतीयमप्यनुष्ठानम् ..... दोषावकाशात् ।। વળી ત્રીજું પણ આ=યમ-નિયમાદિ જ અનુષ્ઠાન, તત્ત્વસંવેદનને અનુસરનારું છે, જીવાદિ તત્ત્વના સમ્યક્ પરિજ્ઞાનથી અનુગત છે અને કષાયાદિ વિકારના નિરોધરૂપ પ્રશાંતવૃત્તિથી સર્વ કાર્યમાં દૃઢ=અત્યંત, ઔત્સુક્યવર્જિત છે=ત્વરાથી રહિત છે; કેમ કે અપ્રશાંતવૃત્તિમાં જ ઔત્સુક્યદોષનો અવકાશ છે. ॥૨૧૪॥**

**ભાવાર્થ :-**

ત્રીજું અનુષ્ઠાન ભાવસાધુને યમ-નિયમાદિરૂપ છે, દેશવિરતિધરને દેશથી યમ-નિયમાદિરૂપ છે અને અવિરત સમ્યગ્દૃષ્ટિને અવિરતિનો તીવ્ર ઉદય હોવાથી યમ-નિયમ પાલનની શક્તિ નથી તોપણ યમ-નિયમાદિની બલવાન રુચિપૂર્વક તેની નિષ્પત્તિના અંગભૂત ભગવદ્ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાન છે અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ રુચિ હોય છે, તેથી પોતાની શક્તિના પ્રકર્ષથી સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવીને ચારિત્રની પરિણતિની નિષ્પત્તિનું કારણ બને તેવું તત્ત્વસંવેદનથી યુક્ત અનુષ્ઠાન કરે છે અને અનુષ્ઠાનકાળમાં ઇન્દ્રિયો અને કષાયોના વિકારોને નિરોધ કરીને સર્વ કાર્યમાં અત્યંત ઔત્સુક્યવર્જિત પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ બને છે, તેથી તેઓનું અનુષ્ઠાન સાનુબંધ શુદ્ધ હોય છે.

અહીં વિશેષ એ છે કે ભાવચારિત્રી સમિતિ-ગુપ્તિવાળા જ હોય છે, છતાં સમિતિ-ગુપ્તિનો પરિણામ ક્યારેક શિથિલ થાય તો અતિચારની પણ પ્રાપ્તિ થાય છે, ત્યારે ભાવસાધુ હંમેશા એ અતિચારના પરિહાર માટે યત્ન કરે છે તેમ તત્ત્વસંવેદનજ્ઞાનવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો કે ભાવસાધુ સ્વશક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ અર્થે અનુષ્ઠાન સેવે છે ત્યારે અપ્રમાદથી જ યત્ન કરે છે, તેથી ઉપર-ઉપરના ગુણસ્થાનકને અનુકૂળ તત્ત્વસંવેદનથી યુક્ત તેઓનું અનુષ્ઠાન હોય છે અને કષાયોના વિકારો નાશને અભિમુખ પ્રવર્તતા હોય છે અને સર્વ પ્રવૃત્તિઓ ઔત્સુક્ય વગરની હોય છે, છતાં ક્યારેક ઉપયોગની સ્ખલના થાય તો અતિચારની પણ પ્રાપ્તિ થાય છે, છતાં વિવેકસંપન્ન તે મહાત્મા અતિચારનો પરિહાર કરવા યત્ન કરે છે, તેથી તેઓનું અનુષ્ઠાન સાનુબંધ શુદ્ધ હોય છે અને સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન સેવનારા મહાત્માઓ સૂક્ષ્મબોધવાળા નહિ હોવાથી જે સ્થાનમાં સૂક્ષ્મબોધનો અભાવ છે તે સ્થાનમાં શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરીને તત્ત્વસંવેદનને પ્રાપ્ત કરી શકતા નથી અને સૂક્ષ્મબોધ નહિ હોવાથી રુચિમાં પણ કંઈક વિપર્યાસ છે, તેથી તેઓની તત્ત્વની રુચિ ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરીને મોહથી અનાકુળ ભાવરૂપ તત્ત્વની વૃદ્ધિમાં પૂર્ણ રીતે પ્રવર્તતી નથી. **॥૨૧૪॥**

**અવતરણિકા :-**

**अथैतदनुष्ठानत्रयस्य प्रत्येकं फलमाह –**

**અવતરણિકાર્થ :-**

હવે આ ત્રણ અનુષ્ઠાનના પ્રત્યેકનું ફળ શ્લોક-૨૧૯ સુધી કહે છે –

**શ્લોક :-**

**आद्यान्न दोषविगमस्तमोबाहुल्ययोगतः ।**
**तद्योग्यजन्मसन्धानमत एके प्रचक्षते ।।२१५।।**

**અન્વયાર્થ :-**

तमोबाहुल्ययोगतः=તમોબાહુલ્યનો યોગ હોવાથી=વિષયશુદ્ધઅનુષ્ઠાન સેવનારા અપુનર્બંધક જીવોમાં તત્ત્વને જોવાને અનુકૂળ બોધના બાધક જ્ઞાનાવરણીયકર્મના બાહુલ્યનો યોગ હોવાથી, आद्यात्=આદ્ય અનુષ્ઠાનથી=વિષયશુદ્ધઅનુષ્ઠાનથી, दोषविगमः न=દોષનો વિગમ નથી=મોક્ષપ્રાપ્તિમાં બાધક દોષનો નાશ નથી, एके=કોઈક શાસ્ત્રકાર, अतः=આનાથી=વિષયશુદ્ધઅનુષ્ઠાનથી, तद्योग्यजन्मसंधानं=તદ્યોગ્ય જન્મના સંધાનને=દોષના નાશને અનુકૂળ એવા જન્મની પ્રાપ્તિને, प्रचक्षते=કહે છે. ।।૨૧૫।।

**શ્લોકાર્થ :-**

**તમોબાહુલ્યનો યોગ હોવાથી આદ્ય અનુષ્ઠાનથી દોષનો વિગમ નથી, કોઈક શાસ્ત્રકાર આનાથી તદ્યોગ્ય જન્મના સંધાનને કહે છે. ।।૨૧૫।।**

**ટીકા :-**

**आद्याद्विषय(शुद्ध)अनुष्ठानात् न=नैव, दोषविगमो=मोक्षलाभबाधकदोषपरिहाणिरूपः, कुत इत्याह - तमोबाहुल्ययोगतः-तमसः=अज्ञानस्य, बाहुल्यं=बहुलभावस्तद्योगात्, आत्मघातादिप्रवृत्तिव्यङ्ग्यो ह्यसौ, एतत्प्रधानं च प्रथमानुष्ठानम्, अत्रैव मतान्तरमाह – तद्योग्यजन्मसन्धानं-दोषविगमोचितस्य जातिकुलादिगुणयुक्तत्वेन जन्मनो भवान्तरोत्पत्तिलक्षणस्य सन्धानं=घटनम्, अतः=अनुष्ठानात्, एके शास्त्रकृतः, प्रचक्षते=प्रज्ञापयति ।।२१५।।**

**ટીકાર્થ :-**

**आद्याद्विषय(शुद्ध)अनुष्ठानात् ..... प्रज्ञापयति ।। આદ્ય એવા વિષયશુદ્ધઅનુષ્ઠાનથી દોષનો વિગમ=મોક્ષની પ્રાપ્તિમાં બાધક એવા દોષની પરિહાનિરૂપ દોષનો નાશ, નથી જ.**

કેમ આદ્ય અનુષ્ઠાનથી દોષનો નાશ નથી ? એથી કહે છે –

**તમોબાહુલ્યના યોગથી=અજ્ઞાનરૂપ તમનો બહુલ ભાવ તેનો યોગ હોવાથી, દોષનું વિગમન નથી એમ અન્વય છે, આ અનુષ્ઠાન આત્મઘાતાદિ પ્રવૃત્તિથી વ્યંગ્ય છે=આત્મઘાતાદિ પ્રવૃત્તિથી જણાય છે, અને આ પ્રધાન=આત્મઘાતાદિ પ્રધાન, પ્રથમ અનુષ્ઠાન છે, તેથી તમોબાહુલ્ય છે એમ અન્વય છે.**

**આમાં જ=વિષયશુદ્ધઅનુષ્ઠાનના ફલમાં જ, મતાંતરને કહે છે – તદ્યોગ્ય જન્મના સંધાનને= દોષવિગમને ઉચિત જાતિકુલાદિ ગુણથી યુક્તપણારૂપે ભવાંતરની ઉત્પત્તિરૂપ જન્મના સંધાનને અર્થાત્ ઘટનને, આ અનુષ્ઠાનથી કોઈક શાસ્ત્રને કરનારા કહે છે. ॥૨૧૫॥**

**ભાવાર્થ :-**

વિષયશુદ્ધઅનુષ્ઠાન કરનારા જીવો સંસારથી ભય પામેલા છે, તેથી જન્મ-મરણ-રોગ-શોકથી આક્રાંત એવા જન્મથી પર મુક્તઅવસ્થાના અર્થી થયા છે, આમ છતાં મુક્તિની પ્રાપ્તિનો ઉપાય શું હોઈ શકે ? તે વિષયમાં લેશ પણ માર્ગાનુસારી ઊહ કરી શકે તેવો બોધ નહિ હોવાથી તેઓમાં ગાઢ અંધકાર વર્તે છે, તેથી કાશીમાં કરવત મુકાવવા આદિરૂપ આત્મઘાતની પ્રવૃત્તિ કરીને મોક્ષપ્રાપ્તિ થશે તેવા ભ્રમવાળા છે અને આદિ પદથી અન્ય તેવી દેહને પીડા કરનારી વિવેક વગરની બાહ્ય પ્રવૃત્તિથી મોક્ષ થશે તેમ માનનારા છે, તેથી અજ્ઞાનને વશ મોક્ષના આશયથી પણ જે અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનથી મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ કોઈ પ્રકારના ગુણને પ્રાપ્ત કરતા નથી, કેવલ સાવદ્ય પ્રવૃત્તિ કરીને મનુષ્યભવને નિષ્ફળ કરે છે.

વળી આ આદ્ય અનુષ્ઠાનના વિષયમાં અન્ય શાસ્ત્રકારો કહે છે કે વર્તમાનના તેઓના અનુષ્ઠાનથી મોક્ષપ્રાપ્તિના બાધક દોષનો નાશ નહિ થતો હોવા છતાં મોક્ષપ્રાપ્તિનું કારણ બને તેવા દોષના નાશને અનુકૂળ ઉચિત જન્મની પ્રાપ્તિનું કારણ આ વિષયશુદ્ધઅનુષ્ઠાન છે.

તેથી એ ફલિત થાય કે વિષયશુદ્ધઅનુષ્ઠાનથી સાક્ષાત્ દોષ નાશ નહિ થતો હોવા છતાં દોષનાશનું કારણ બને તેવા ઉચિત જન્મની પ્રાપ્તિને અનુકૂળ કોઈક શુભ અધ્યવસાય છે જેનાથી દોષનાશને અનુકૂળ ઉચિત જન્મની પ્રાપ્તિ થશે, તેથી તે અધ્યવસાયને અનુરૂપ કંઈક દોષનાશ વિષયશુદ્ધઅનુષ્ઠાનથી થાય છે, છતાં તે અતિઅલ્પ હોવાથી તે અનુષ્ઠાનથી દોષનાશ થતો નથી તેમ કહેવાય છે.

વિષયશુદ્ધઅનુષ્ઠાનથી કેમ ઉચિત જન્મની પ્રાપ્તિ થાય છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૨૧૫॥**

**અવતરણિકા :-**

**अत्र हेतुः –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=વિષયશુદ્ધઅનુષ્ઠાનથી ઉચિત જન્મની પ્રાપ્તિ થાય છે એમાં, હેતુ કહે છે –**

**શ્લોક :-**

**मुक्ताविच्छापि यच्छ्लाघ्या, तमःक्षयकरी मता ।**
**तस्याः समन्तभद्रत्वादनिदर्शनमित्यदः ॥२१६॥**

**અન્વયાર્થ :-**

यत्=જે કારણથી, श्लाघ्या मुक्ताविच्छापि=શ્લાઘ્ય એવી મુક્તિની ઈચ્છા પણ, तमःक्षयकरी=અંધકારના ક્ષયને કરનારી, मता=મનાઈ છે, तस्याः=તેનું=મુક્તિનું, समन्तभद्रत्वाद्=સમન્તભદ્રપણું હોવાથી=સર્વ રીતે જીવને સુખાકારીપણું હોવાથી, इत्यदः=એ રીતે આ=અતિ સાવદ્ય પ્રવૃત્તિરૂપ વિષયશુદ્ધઅનુષ્ઠાન છે એ રીતે આ, अनिदर्शनम्=અનિદર્શન છે=મોક્ષને અનનુરૂપ છે. ॥૨૧૬॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી શ્લાઘ્ય એવી મુક્તિની ઈચ્છા પણ અંધકારના ક્ષયને કરનારી મનાઈ છે, તેનું સમન્તભદ્રપણું હોવાથી એ રીતે આ અનિદર્શન છે. ॥૨૧૬॥**

**ટીકા :-**

मुक्ताविच्छापि किं पुनरेतद्विषया क्रियेत्यपिशब्दार्थः यद्=यस्मात्, श्लाघ्या=प्रशस्या, तमःक्षयकरी= मोहविध्वंसकारिणी, मता मतिमतां, परं तस्या=मुक्तेः, समन्तभद्रत्वात्=सर्वतः कल्याणरूपत्वात्, अनिदर्शनं=अतीववैसदृश्यादननुरूपम्, इति=एवमतिसावद्यप्रकृतित्वेन, अदो=विषयानुष्ठानं, वर्तते, सदृशो हि भावः सदृशस्य हेतुर्भवति, यथा मृद् घटस्य, विषयानुष्ठानं, त्वतीवसावद्यरूपत्वात्कथमे-कान्तनिरवद्यरूपाया मुक्तेर्हेतुः स्यात्, अतो न तन्मुक्तिहेतुः, किन्तु तद्गतमुक्तीच्छामात्रमेव ।।२१६।।

**ટીકાર્થ :-**

मुक्ताविच्छापि ..... तद्गतमुक्तीच्छामात्रमेव ।। જે કારણથી શ્લાઘ્ય=પ્રશસ્ય એવી મુક્તિની ઈચ્છા પણ અંધકારના ક્ષયને કરનારી મનાઈ છે=મોહના વિધ્વંસને કરનારી બુદ્ધિમાનો માને છે, પરંતુ તેનું=મુક્તિનું, સમન્તભદ્રપણું હોવાથી=સર્વથી કલ્યાણરૂપપણું હોવાથી, આ રીતે અતિસાવદ્ય પ્રકૃતિપણું હોવાને કારણે=પૂર્વમાં વિષયશુદ્ધઅનુષ્ઠાનનું સ્વરૂપ બતાવ્યું એ રીતે અતિ સાવદ્યપ્રકૃતિપણું હોવાને કારણે, આ=વિષયશુદ્ધઅનુષ્ઠાન, અનિદર્શન વર્તે છે=મુક્તિની સાથે અતિવૈસદૃશ્ય હોવાથી અનનુરૂપ વર્તે છે, हि=જે કારણથી સદૃશભાવ સદૃશનો હેતુ છે, જે પ્રમાણે માટી ઘટનો હેતુ છે, વળી વિષયશુદ્ધઅનુષ્ઠાન અતિસાવદ્યરૂપપણું હોવાને કારણે કેવી રીતે એકાંત નિરવદ્યરૂપ મુક્તિનો હેતુ થાય ? અર્થાત્ થાય નહિ, આથી તે=વિષયશુદ્ધઅનુષ્ઠાન મુક્તિનો હેતુ નથી, પરંતુ તદ્ગત મુક્તિની ઈચ્છા માત્ર જ=વિષયશુદ્ધઅનુષ્ઠાનકાળમાં વર્તતી મુક્તિની ઈચ્છા માત્ર જ, મોક્ષનો હેતુ છે. ॥૨૧૬॥

❖ વળી આના વિષયવાળી=મોક્ષના વિષયવાળી, ક્રિયાનું શું ? એ પ્રકારે 'मुक्ताविच्छापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે કોઈક શાસ્ત્રકારો વિષયશુદ્ધઅનુષ્ઠાનથી ઉચિત જન્મની પ્રાપ્તિ થાય છે તેમ કહે છે.

કેમ અવિવેકવાળા તે અનુષ્ઠાનથી ઉચિત જન્મની પ્રાપ્તિ થાય છે ? તેમાં હેતુ કહે છે –

વિષયશુદ્ધઅનુષ્ઠાન કરનારા જીવોને અત્યંત અવિવેકકાળમાં પણ શ્લાઘ્ય એવી મુક્તિની ઇચ્છા થાય છે, તે ઇચ્છા મોક્ષપ્રાપ્તિને અનુકૂળ એવા મોહના નાશને કરનારી છે, તેથી તે ઉત્તમ અધ્યવસાયના બળથી તે જીવો વિષયશુદ્ધઅનુષ્ઠાન સેવીને સુંદર ભવની પ્રાપ્તિને અનુકૂળ પુણ્યબંધ અને મોક્ષનું કારણ બને તેવી સકામનિર્જરા કરે છે, તેથી તેઓનું અનુષ્ઠાન સર્વથા નિરર્થક નથી, વળી મોક્ષ જીવની અત્યંત સુંદર પ્રકૃતિરૂપ છે અને વિષયશુદ્ધઅનુષ્ઠાનકાળમાં ભૃગુપાતાદિ કરે છે તે ક્રિયા અત્યંત સાવદ્ય છે, તેથી મોક્ષથી અત્યંત વિસદૃશ છે, તેથી તે ક્રિયાને આશ્રયીને તે અનુષ્ઠાન લેશ પણ મોક્ષનું કારણ નથી, પરંતુ તે અનુષ્ઠાનકાળમાં વર્તતી મોક્ષની ઇચ્છા માત્ર જ મોક્ષ પ્રત્યે કારણ છે.

આનાથી એ ફલિત થાય કે જીવનો વર્તમાનનો ઉપયોગ જેટલા વિવેકઅંશવાળો હોય તેટલો મોક્ષને અનુકૂળ સંવર અંશ છે, અન્ય અંશ અવિવેકવાળો હોવાથી સંવર અંશ નથી, પરંતુ આશ્રવ અંશ છે, જેમ અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવનો ભોગકાળમાં જે વિવેકઅંશ છે તે સંવરઅંશ છે અને પાંચ ઇન્દ્રિય અને મનનો જે અસંવરઅંશ છે તે આશ્રવઅંશ છે તેમ વિષયશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવોનો મોક્ષની ઇચ્છારૂપ અંશ મોક્ષને અભિમુખ હોવાથી સંવર અંશરૂપ છે, અન્ય સર્વ અંશ આશ્રવઅંશરૂપ છે અને વિષયશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવનો આદ્ય ભૂમિકાનો મુક્તિની ઇચ્છારૂપ સંવરઅંશ ઉચિત જન્મની પ્રાપ્તિ દ્વારા ક્રમસર ગુણવૃદ્ધિ પામીને સમ્યક્ત્વ પામશે ત્યારે વૃદ્ધિ પામેલો તે સંવરઅંશ બનશે અને સમ્યક્ત્વ પામ્યા પછી ક્રમસર તે સંવર અંશ વૃદ્ધિ પામીને યોગનિરોધ પ્રાપ્ત કરશે ત્યારે પૂર્ણ સંવરને પ્રાપ્ત કરશે, તેથી યોગનિરોધરૂપ પૂર્ણ સંવરની પ્રાપ્તિનું અત્યંત દૂરવર્તી કારણ એવો સંવર મુક્તિઇચ્છાકાળમાં વિષયશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવોને છે; કેમ કે અનિવર્તનીય અસદ્ગ્રહથી દૂષિત તેઓનું ચિત્ત નથી. **॥૨૧૬॥**

**શ્લોક :-**

**द्वितीयाद्दोषविगमो, न त्वेकान्तानुबन्धनात् ।**
**गुरुलाघवचिन्तादि, न यत्तत्र नियोगतः ।।२१७।।**

**અન્વયાર્થ :-**

**द्वितीयाद्दोषविगमो=બીજા અનુષ્ઠાનથી દોષનો વિગમ છે, तु=પરંતુ, एकान्तानुबन्धनात् न=એકાંત અનુબંધથી નથી=સાનુબંધદોષનો વિગમ નથી, यत्=જે કારણથી, तत्र=ત્યાં=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં, गुरुलाघवचिन्तादि नियोगतः न=ગુરુ-લાઘવની ચિંતા આદિ નિયમથી નથી. ।।૨૧૭।।**

**શ્લોકાર્થ :-**

**બીજા અનુષ્ઠાનથી દોષનો વિગમ છે, પરંતુ એકાંત અનુબંધથી નથી, જે કારણથી ત્યાં ગુરુ-લાઘવની ચિંતા આદિ નિયમથી નથી. ।।૨૧૭।।**

**ટીકા :-**

**द्वितीयादनुष्ठानात्, दोषविगमः=कषायादिनिरोधरूपः सम्पद्यते, न तु=न पुनः, एकान्तानुबन्धनाद्=भस्मीकृतदर्दुरचूर्णविनाशवदेकान्तेन सर्वथोत्तरत्राप्यनुवृत्तिमान् ,अत्र हेतुः – गुरुलाघवचिन्तादि=गुणदोषविषया गुरुलघुभावमीमांसा गुरुलाघवचिन्ता, आदिशब्दात्प्रवृत्तिश्च न यद्=यस्मात्, तत्र=स्वरूपशुद्धानुष्ठाने, नियोगतो=नियमेन, तथाहि – तथाविधविवेकवैकल्येन कायमात्रक्रियाप्रधानत्वान्नात्यन्तिको दोषविगमोऽत्र । यतः पठ्यते –**

"कायकिरियाए, दोसा, खविया मण्डुक्कचुण्णतुल्ल त्ति ।
सब्भावणाए ते पुण, नेया तच्छारसारिच्छा ।।१।।" **(योगशतक-८६) ।।२१७।।**

**ટીકાર્થ :-**

**द्वितीयाद् ..... तच्छारसारिच्छा' ।। બીજા અનુષ્ઠાનથી કષાયાદિ નિરોધરૂપ=કષાયના અને ઇન્દ્રિયના નિરોધરૂપ, દોષનો વિગમ પ્રાપ્ત થાય છે, પરંતુ એકાંત અનુબંધથી=ભસ્મીકૃત દેડકાના ચૂર્ણના વિનાશની જેમ એકાંતથી અર્થાત્ સર્વથા ઉત્તરમાં પણ અનુવૃત્તિમાન એવો દોષનો વિગમ થતો નથી.**

**આમાં=બીજા અનુષ્ઠાનથી દોષનો વિગમ થવા છતાં એકાંતથી સાનુબંધ દોષનો વિગમ થતો નથી એમાં, હેતુ કહે છે –**

**ગુરુલાઘવચિંતાદિ=ગુણ-દોષ વિષયવાળી ગુરુલઘુભાવની મીમાંસારૂપ ગુરુ-લાઘવની ચિંતા અને 'आदि' શબ્દથી તેની પ્રવૃત્તિ અર્થાત્ ગુરુભૂત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ અને લઘુભૂત અનુષ્ઠાનમાં અપ્રવૃત્તિ, જે કારણથી ત્યાં=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં, નિયોગથી નથી=નિયમથી નથી=કોઈક સ્થાનમાં ગુરુ-લાઘવની ચિંતાપૂર્વક પ્રવૃત્તિ હોવા છતાં સર્વત્ર નિયમથી નથી, તે આ પ્રમાણે – તથાવિધ વિવેકના વૈકલ્યને કારણે=બીજા પ્રકારનું અનુષ્ઠાન કરનારા જીવોમાં તેવા પ્રકારના વિવેકના વૈકલ્યને કારણે=સમ્યગ્દષ્ટિ જેવા વિવેકના વૈકલ્યને કારણે, કાયમાત્ર ક્રિયાનું પ્રધાનપણું હોવાથી અહીં=બીજા અનુષ્ઠાનમાં, આત્યંતિક દોષનો વિગમ નથી, જે કારણથી કહેવાય છે –**

"કાયક્રિયાથી ક્ષપિત થયેલા દોષો મંડુકચૂર્ણ તુલ્ય છે, તે વળી=ક્ષપિત દોષો વળી, સદ્ભાવનાથી તચ્છારસદશ=બળેલા મંડુકની રાખ જેવા, જાણવા." **(યોગશતક ગાથા ૮૬) ।।૨૧૭।।**

**ભાવાર્થ :-**

સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારા જીવોમાં મોક્ષની ઇચ્છા છે, તેઓ 'મોક્ષના ઉપાયરૂપ ઇચ્છાદિ યમો છે' તેવો નિર્ણય કરીને સ્વબુદ્ધિ અનુસાર મોક્ષના અર્થે યમ-નિયમનું સેવન કરે છે, તેથી તેઓની મોક્ષની ઇચ્છાથી કષાયોનો નિરોધ થાય છે તેમ યમ-નિયમની આચરણાથી પણ કંઈક કષાયાદિનો નિરોધ પ્રાપ્ત થાય છે. પરંતુ તેઓનો કષાયોનો અને ઇન્દ્રિયોનો નિરોધ પૂર્ણ વિવેકવાળો નહિ હોવાથી એકાંતે ઉત્તરોત્તર

વૃદ્ધિવાળો થાય તેવો નથી; કેમ કે તેઓ દરેક અનુષ્ઠાનમાં ગુરુ-લાઘવનો વિચાર કરીને જે અનુષ્ઠાન વધારે ગુરુભૂત હોય તેમાં પ્રવૃત્તિ કરે તેવો એકાંત નિયમ નથી; અર્થાત્ અજ્ઞાનતાને કારણે કોઈક પ્રવૃત્તિ વિવેક વગરની પણ તેઓ કરે છે; કેમ કે તેઓને કાયાથી કરાતી ક્રિયા પ્રધાનરૂપે મોક્ષનું કારણ ભાસે છે, પરંતુ કઈ ક્રિયામાં મોક્ષને અનુકૂળ પરિણામ પ્રધાન છે તેનો નિર્ણય કરવાને અનુકૂળ વિવેક પ્રગટ્યો નથી, આથી જ અપુનર્બંધકદશાવાળા જીવો માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞાવાળા હોય ત્યારે સંસારનું વાસ્તવિક સ્વરૂપ, મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ યથાર્થ વિચારે છે, આમ છતાં અન્ય દર્શનમાં રહેલા હોય અને આત્માને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય માનતા હોય તે સ્થાનમાં માર્ગાનુસારી ઊહ કરી શકતા નથી અને જૈનદર્શનમાં રહેલા હોય છતાં સૂક્ષ્મબોધના અભાવને કારણે સ્યાદ્વાદના પરમાર્થને જાણવાને અનુકૂળ સૂક્ષ્મ ઊહ કરી શકતા નથી, તેથી સ્વરુચિ અનુસાર બાહ્ય સુંદર આચરણા કરીને પણ કોઈક સ્થાનમાં તત્ત્વના વિપર્યાસવાળા હોવાથી વિવેક વગરની પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓની દરેક પ્રવૃત્તિના વિષયમાં નિયમથી ગુરુ-લાઘવની વિચારણા નથી અને દરેક પ્રવૃત્તિ ગુરુ-લાઘવની વિચારણાથી નિયંત્રિત કરતા નથી, તેથી કંઈક અંશથી અવિવેકને કારણે દોષની અનુવૃત્તિ પણ થાય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવોમાં પૂર્ણ વિવેક પ્રગટેલો હોવાથી અવિરત અવસ્થામાં પણ વિવેકપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી સાનુબંધ દોષની નિવૃત્તિ થાય છે અને અપુનર્બંધક અવસ્થાવાળા સાધ્વાચાર પાળનારા મોક્ષના અર્થી જીવોની પણ પ્રવૃત્તિ કોઈક સ્થાનમાં ગુરુ-લાઘવની ચિંતા વગરની હોવાથી અવિવેકવાળી પણ થાય છે, આથી જ સાધુવેશમાં રહેલા અપુનર્બંધક જીવોને મોક્ષમાર્ગના અલ્પ એવા એક દેશના આરાધક સ્વીકાર્યા છે અને અવિરતિના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોને અલ્પ એવા એક દેશના વિરાધક સ્વીકાર્યા છે. **॥૨૧૭॥**

**શ્લોક :-**

**अत एवेदमार्याणां, बाह्यमन्तर्मलीमसम् ।**
**कुराजपुरसच्छालयत्नकल्पं व्यवस्थितम् ।।२१८।।**

**અન્વયાર્થ :-**

**अत एव=આથી જ=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં દોષના વિગમના એકાંત અનુબંધનો અભાવ હોવાથી જ, आर्याणां=આર્યોના=વિવેકસંપન્ન પુરુષોના મતથી, इदं बाह्यं=આ બાહ્ય છે=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન અપ્રધાન છે, अन्तर्मलीमसम्=અંતરમાં મલિન, कुराजपुरसच्छालयत्नकल्पं=કુરાજાવાળા નગરના સુંદર કિલ્લો કરવાના યત્ન જેવું, व्यवस्थितम्=રહેલું છે. ।।૨૧૮।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ આર્યોના મતથી આ બાહ્ય છે, અંતરમાં મલિન કુરાજાવાળા નગરના સુંદર કિલ્લો કરવાના યત્ન જેવું રહેલું છે. ।।૨૧૮।।**

**ટીકા :-**

अत एव=दोषविगमैकान्तानुबन्धाभावादेव, इदं=स्वरूपशुद्धानुष्ठानम्, आर्याणां=सर्वहेयधर्मेभ्य आराद्भागयायिनां, मतेन बाह्यम्=अप्रधानम्, अत एवान्तः=मध्ये, मलीमसं=मलिनम्, कुराजपुरसच्छाल-यत्नकल्पं-कुराजस्य=कुनृपतेः, यत्पुरं=नगरं, तस्य यः सन्सुन्दरः परैरधृष्यत्वात्, शालः=प्राकारः, तत्र यो यत्न आदरातिरेकः कुराजस्यैव तत्कल्पं तत्तुल्यं, व्यवस्थितं=प्रतिष्ठितम् । यथा हि विहितपराधृष्य-प्राकारमपि पुरं कुत्सितराजाधिष्ठितं न च तथाविधां वृद्धिं लब्धुमलं; लोकलुण्ठनादिभिस्तदुपद्रवैर्नित्यमेव तस्य दुःस्थीकृतत्वात्, एवं स्वरूपशुद्धानुष्ठानमिति बाह्यदोषाभावेऽपि तत्त्वज्ञानविकलस्य पुंसोऽत एव कुराजसदृशस्य न परां गुणवृद्धिं प्राप्तुमुत्सहते, अज्ञानदोषोपघातादेव ।।२१८।।

**ટીકાર્થ :-**

अत एव ..... अज्ञानदोषोपघातादेव ।। આથી જ=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનમાં દોષના વિગમના એકાંત અનુબંધનો અભાવ હોવાથી જ, આ=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન, આર્યોના=સર્વ હેયધર્મોથી દૂર રહેનારા એવા આર્યોના, મતથી બાહ્ય છે=અપ્રધાન છે, આથી જ=સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન બાહ્ય છે આથી જ, અન્તર્=મધ્યમાં=આત્માના પરિણામની દૃષ્ટિએ, મલિન કુરાજાના નગરનો સુંદર કિલ્લો કરવાના યત્ન જેવું વ્યવસ્થિત છે=ખરાબ રાજાનું જે નગર તેનો પર વડે અધૃષ્યપણું હોવાથી જે સુંદર શાલ અર્થાત્ કિલ્લો તેમાં જે યત્ન અર્થાત્ આદરાતિરેક તે કુરાજ્યના જ તત્ તુલ્ય પ્રતિષ્ઠિત છે, જે પ્રમાણે બીજાના અપ્રવેશ માટે કરાયેલા કિલ્લાવાળું પણ નગર ખરાબ રાજાથી અધિષ્ઠિત તેવા પ્રકારની વૃદ્ધિને પામવા માટે સમર્થ થતું નથી=તે નગરમાં રહેનારા સુંદર સમૃદ્ધિવાળા થવા સમર્થ થતા નથી; કેમ કે લોકને ઠગવા આદિ તેના ઉપદ્રવોથી=રાજાના ઉપદ્રવોથી, નિત્ય જ તે નગરનું દુસ્થીકૃતપણું છે=ખરાબ સ્થિતિવાળું કરાયું છે, એ રીતે સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન છે એથી બાહ્યદોષનો અભાવ હોવા છતાં પણ તત્ત્વજ્ઞાન વિકલ પુરુષનું તે અનુષ્ઠાન છે, આથી જ કુરાજસદૃશ પુરુષનું તે અનુષ્ઠાન પરા ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરવા સમર્થ થતું નથી; કેમ કે અજ્ઞાનદોષથી ઉપઘાત જ છે. ।।૨૧૮।।

**ભાવાર્થ :-**

સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા મોક્ષના અર્થી જીવો મોક્ષને અનુરૂપ બાહ્ય સુંદર આચરણા કરે છે તોપણ અંતરંગ મોક્ષને અનુકૂળ ઉત્તમ પરિણતિમાં યત્ન થાય તે રીતે બાહ્ય આચરણાઓ કરવાને અનુકૂળ નિર્મળ મતિ તેઓમાં પ્રગટી નથી, તેથી માત્ર બાહ્ય આચરણાને જ પ્રધાનરૂપે મોક્ષના કારણ સ્વરૂપે તેઓ જુએ છે, પરંતુ સર્વજ્ઞના વચનને પરતંત્ર અંતરંગ ભાવોને મોક્ષના પ્રધાન અંગરૂપે તેઓ જોઈ શકતા નથી. આથી વિવેકી પુરુષોને સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન બાહ્ય છે અર્થાત્ બાહ્યથી સુંદર છે, પરંતુ અંતરંગ રીતે મલિન છે એ પ્રકારે સંમત છે; કેમ કે વિવેકી લોકોને આત્માને માટે સર્વ હેય ધર્મ ત્યાજ્ય જણાય છે અને આત્માના સ્વરૂપને પ્રગટ કરનારા ભાવો જ ઉપાદેય જણાય છે. સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા બાહ્યથી ઉચિત પ્રવૃત્તિ

કરનારા હોવા છતાં અંતરંગ રીતે અવિવેકવાળી પ્રવૃત્તિ કરે છે, તેથી અંતરંગ રીતે તેઓનું અનુષ્ઠાન મલિન છે.

તે કથન જ દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ કોઈ નગરની ચારે બાજુ શત્રુથી રક્ષણ કરવા માટે સુંદર કિલ્લો કરવામાં આવ્યો હોય, આમ છતાં તે નગરની અંદર વસતો રાજા જ કુરાજા હોય તો તે નગરના લોકો શત્રુઓથી રક્ષિત હોવા છતાં તે કુરાજાથી સદા ઉપદ્રવને પામે છે તેમ સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારા જીવો મોક્ષના આશયપૂર્વક બાહ્ય યમ-નિયમની આચરણા કરીને બાહ્ય નિમિત્તોના બળથી થતા કષાયના ઉપદ્રવો અને ઇન્દ્રિયોના ઉપદ્રવોથી આત્માનું રક્ષણ કરે છે, તોપણ આત્માની નિર્મળ દૃષ્ટિનો ઉઘાડ થયેલો નહિ હોવાથી અંતરંગ વર્તતા અજ્ઞાનદોષને કારણે વારંવાર સૂક્ષ્મ મોહના ઉપદ્રવોથી અંતરંગ કાલુષ્યને પ્રાપ્ત કરીને મોક્ષને અનુકૂળ ગુણસમૃદ્ધિ પ્રાપ્ત કરવા સમર્થ બનતા નથી; કેમ કે બાહ્ય અનુષ્ઠાનો કરીને કંઈક મોક્ષને અનુકૂળ શુભ ભાવો કરે છે, તોપણ પોતાની કંઈક સૂક્ષ્મ પણ વિપરીત રુચિને કારણે અસદ્‌ગ્રહથી દૂષિત ચિત્તવાળા રહે છે, આથી જ=સ્યાદ્વાદના પરમાર્થને જોનારી નિર્મળ દૃષ્ટિ તેઓમાં નહિ હોવાથી સ્થાને સ્થાને સ્ખલના પામે છે આથી જ, જેમ મોક્ષને અનુકૂળ સદ્‌વીર્ય ઉલ્લસિત કરવા સમર્થ થતા ન હતા (મોક્ષના અર્થે જ વિશેષ તપ કરીને મોક્ષના અત્યંત અર્થી પણ ૧૫૦૦ તાપસો પ્રાણાયામાદિ દ્વારા અષ્ટાપદના આરોહણ માટે યત્ન કરતા હતા અને) છતાં ગૌતમસ્વામી જેવા ગુરુની પ્રાપ્તિથી અંતરંગ નિર્મળ ચક્ષુ પ્રગટ થવાથી શીઘ્ર મોક્ષને અનુકૂળ અંતરંગ યત્ન કરીને કેવળજ્ઞાનને પામ્યા. **॥૨૧૮॥**

**શ્લોક :-**

**तृतीयाद्दोषविगमः, सानुबन्धो नियोगतः ।**
**गृहाद्यभूमिकाऽऽपाततुल्यः कैश्चिदुदाहृतः ।।२१९।।**

**અન્વયાર્થ :-**

**तृतीयाद्=ત્રીજા અનુષ્ઠાનથી, दोषविगमः=દોષનો વિગમ, नियोगतः=નિયમથી, सानुबन्धः=સાનુબંધ છે, कैश्चिद्=કેટલાક વડે, गृहाद्यभूमिकाऽऽपाततुल्यः=ઘરની આદ્યભૂમિકાના આપાત તુલ્ય=ઘરની આદ્યભૂમિકાના દૃઢ આરંભ તુલ્ય, उदाहृतः=કહેવાયો છે=દોષનો વિગમ કહેવાયો છે. ॥૨૧૯॥**

**શ્લોકાર્થ :-**

**ત્રીજા અનુષ્ઠાનથી દોષનો વિગમ નિયમથી સાનુબંધ છે, કેટલાક વડે ઘરની આદ્યભૂમિકાના આપાતતુલ્ય કહેવાયો છે. ॥૨૧૯॥**

**ટીકા :-**

तृतीयात्=सानुबन्धानुष्ठानात्, दोषविगमः सानुबन्धो नियोगतो=नियमेन, वर्तते, अयं च गृहाद्यभूमिकापाततुल्यो-गृहस्य=देवगृहादेः, आद्यभूमिका दृढपीठबन्धरूपा, तस्या आपात=आरम्भः,

तत्तुल्यः=तत्सदृशः, कैश्चित्तीर्थान्तरीयैः उदाहृतः=उक्तः, अयं चास्माकमपि संमत एव । यथाहि - गृहस्य सम्यगादिभूमिकाप्रारम्भो नोपरिविरच्यमानगृहभङ्गफलः सम्पद्यते, किन्तु तदनुबन्धप्रधान एव, एवं तत्त्वसंवेदनानुगतमनुष्ठानमुत्तरोत्तरदोषविगमावहमेव भवति, न तु कदाचनाप्यन्यथा-रूपमिति ।।२१९।।

**ટીકાર્થ :-**

तृतीयात् ..... कदाचनाप्यन्यथारूपमिति ।। ત્રીજા અનુબંધ શુદ્ધ અનુષ્ઠાનથી દોષનો વિગમ નિયોગથી=નિયમથી, સાનુબંધ વર્તે છે અને આ=સાનુબંધ દોષનો વિગમ, ગૃહની આદ્યભૂમિકાના આપાતતુલ્ય=દેવગૃહાદિની દૃઢ પીઠબંધરૂપ આદ્યભૂમિકા તેનો આપાત અર્થાત્ આરંભ તત્ તૃલ્ય અર્થાત્ તત્ સદૃશ, કેટલાક તીર્થાંતરીયો વડે કહેવાયો છે અને આ=તીર્થાંતરીયો વડે કહેવાયેલો દોષનો વિગમ, અમને પણ સંમત જ છે.

જે પ્રમાણે ઘરની સમ્યગ્ આદિ ભૂમિકાનો પ્રારંભ ઉપર રચાતા ઘરના ભંગના ફલવાળો પ્રાપ્ત થતો નથી, પરંતુ તેના અનુબંધપ્રધાન જ થાય છે=દીર્ઘકાળ સુધી ગૃહ ટકે તેવો જ થાય છે, એ રીતે તત્ત્વસંવેદનઅનુગત=સર્વજ્ઞકથિત અનુષ્ઠાનોમાં જે પ્રકારનું સંવેદન અપેક્ષિત છે તે પ્રકારના ભાવોના સંવેદનથી યુક્ત, અનુષ્ઠાન ઉત્તરોત્તર દોષના વિગમને લાવનારું જ થાય છે, પરંતુ ક્યારે પણ અન્યથારૂપ થતું નથી.

'इति' શબ્દ 'यथाहि'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ॥૨૧૯॥

**ભાવાર્થ :-**

ત્રીજું અનુષ્ઠાન નિયમથી સાનુબંધ શુદ્ધ હોય છે અને તેવું અનુષ્ઠાન સેવનારા જીવો અત્યંત વિવેકવાળા હોય છે, તેથી પોતાની ભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનનો નિર્ણય કરીને તે અનુષ્ઠાન કઈ રીતે સેવવું જોઈએ તેનો મર્મ શાસ્ત્રવચનાનુસાર યથાર્થ જાણીને તે રીતે જ તે અનુષ્ઠાન સેવે છે, જેથી તે અનુષ્ઠાનથી અભિમત એવા સુંદર ભાવોરૂપ તત્ત્વનું સંવેદન તે અનુષ્ઠાનથી તે મહાત્માઓ કરે છે, તેથી તે અનુષ્ઠાનથી નાશ્ય એવા મોહનો નાશ તેઓ અવશ્ય કરે છે અને તે પ્રકારનો મોહનો નાશ થયા પછી ઉત્તરની ભૂમિકાના અનુષ્ઠાનને સેવવાની શક્તિ તે મોહના નાશને કારણે તેઓ પ્રાપ્ત કરે છે અને ઉત્તરનું અનુષ્ઠાન સેવવાની શક્તિને પામ્યા પછી ઉત્તરનું અનુષ્ઠાન પણ તે રીતે શાસ્ત્ર પરતંત્ર થઈને કરે છે, જેથી તેની ઉત્તરના અનુષ્ઠાનને અનુકૂળ શક્તિસંચય થાય તેવો દોષનો વિગમ થાય છે. આ રીતે ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનને અનુકૂળ પ્રવૃત્તિ કરવામાં બાધક દોષનો વિગમ કરીને તે મહાત્માઓ ક્રમસર વીતરાગ-સર્વજ્ઞ બને છે, તેથી તેઓના અનુષ્ઠાનથી થતો દોષનો વિગમ નિયોગથી સાનુબંધ છે, જેમ કોઈ મહાત્માને નિર્મળ એવું સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય અને અવિરતિનો અત્યંત ઉદય હોય અને પોતાની ચિત્તપરિણતિનો યથાર્થ નિર્ણય કરીને તે મહાત્મા સ્વશક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સદા સેવે તો તે અનુષ્ઠાન દ્વારા સતત

વિરતિનાં આવારક કર્મોનો નાશ કરીને દેશવિરતિ-સર્વવિરતિના ક્રમથી જો શક્તિનો પ્રકર્ષ થાય તો તે મહાત્મા તે ભવમાં જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને કદાચ સમ્યક્ત્વ પામ્યા પછી સ્વભૂમિકા અનુસાર સાનુબંધ અનુષ્ઠાનને સેવીને દેશવિરતિ કે સર્વવિરતિને પામ્યા પછી પણ કેવળજ્ઞાનને પ્રાપ્ત ન કરી શકે તોપણ દેવભવમાં જઈને પણ વિવેકપૂર્વક દેવભવની પ્રવૃત્તિ કરીને ઉત્તરના ભવમાં અધિક શક્તિવાળા સંયમને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તેથી સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનનું કારણ બને તેવા સાનુબંધ દોષના નાશનું નિયમથી કારણ બને છે.

અન્ય દર્શનકારો આ અનુષ્ઠાનને ગૃહની આદ્યભૂમિકાના આરંભ તુલ્ય કહે છે.

જેમ કોઈ ઘરનો પાયો અત્યંત મજબૂત કરે તો ઉપર ચણાયેલા માળા સુરક્ષિત રહે છે અને લાંબા સમય સુધી ટકે છે અને પાયો મજબૂત ન હોય તો તે ગૃહ ઉપરમાં સુંદર નિર્માણ થયું હોય તોપણ અલ્પકાળમાં નાશ પામે છે તેમ જે જીવો સમ્યક્ત્વને પામ્યા પછી અત્યંત વિવેકપૂર્વક સ્વશક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન સ્વીકારીને ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનની શક્તિનો સંચય થાય તેવો વિવેકપૂર્વકનો યત્ન સ્વીકારાયેલ અનુષ્ઠાનમાં કરે છે તે અનુષ્ઠાનથી વિવેકવાળી નિર્મળ દૃષ્ટિ રૂપ પાયો મજબૂત થાય છે, તેથી ઉત્તર-ઉત્તરનું દેશવિરતિ સર્વવિરતિ આદિનું ચણતર મજબૂત થાય છે અને જેઓને નિર્મળ એવું સમ્યગ્દર્શન પ્રગટ થયું નથી અથવા નિર્મળ એવું સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી માર્ગાનુસારી ઊહ કરીને તેની નિર્મળતાની વૃદ્ધિ થાય તેવું ઉચિત અનુષ્ઠાન સ્વભૂમિકા અનુસાર પ્રમાદને કારણે સેવતા નથી તેઓને સ્વીકારાયેલા અનુષ્ઠાન દ્વારા ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનને અનુકૂળ સૂક્ષ્મ વિવેક પ્રગટ થતો નથી, તેથી વારંવાર પોતે જે અનુષ્ઠાન સેવે છે તેમાં કંઈક વિપર્યાસવાળી દૃષ્ટિથી તે અનુષ્ઠાનનો સમ્યગ્દર્શન રૂપ પાયો શિથિલ થાય છે અને તેના કારણે તે મહાત્મા અત્યંત કલ્યાણના અર્થે દેશવિરતિ કે સર્વવિરતિના અનુષ્ઠાનને સ્વીકારે તોપણ તેના પાયામાં કંઈક વિપર્યાસ હોવાથી દેશવિરતિ કે સર્વવિરતિની આચરણા પણ તત્ત્વસંવેદનથી યુક્ત નહિ થવાથી તેવી સુંદર બનતી નથી, પરંતુ વિપર્યાસના સંસ્કારોને કારણે તેનો પાત થવાનો પણ સંભવ રહે છે, માટે અત્યંત વિવેકયુક્ત અનુષ્ઠાન ગૃહનિર્માણના દૃઢ પાયાના આરંભ જેવો દોષ વિગમ કરે છે, જેથી ઉત્તર-ઉત્તરનું સર્વ અનુષ્ઠાન સુવિશુદ્ધ થવાથી શીઘ્ર મોક્ષનું કારણ બને છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૨૧૯॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ ભાવન કરે છે=સાનુબંધ શુદ્ધ અનુષ્ઠાન સાનુબંધ દોષના વિગમનનો નિયમથી હેતુ છે એને જ સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**एतद्ध्युदग्रफलदं, गुरुलाघवचिन्तया ।**
**अतः प्रवृत्तिः सर्वैव, सदैव हि महोदया ।।२२०।।**

**અન્વયાર્થ :-**

हि=જે કારણથી, एतद्=આ=અનુબંધ શુદ્ધ અનુષ્ઠાન, गुरुलाघवचिन्तया=ગુરુ-લાઘવની ચિંતાથી, उदग्रफलदं=ઉદગ્ર ફળને આપનારું છે, अतः=આથી=ગુરુ-લાઘવની ચિંતાથી, सर्वैव प्रवृत्ति=સર્વ જ પ્રવૃત્તિ, हि=જે કારણથી, सदैव हि=સદા જ, महोदया=મહોદયવાળી છે, તે કારણથી સાનુબંધશુદ્ધઅનુષ્ઠાન સાનુબંધ દોષના નાશનો હેતુ છે એમ અન્વય છે. ।।૨૨૦।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ ગુરુ-લાઘવની ચિંતાથી ઉદગ્ર ફળને આપનારું છે, આથી સર્વ જ પ્રવૃત્તિ જે કારણથી સદા જ મહોદયવાળી છે. ।।૨૨૦।।**

**ટીકા :-**

एतद्=अनुबन्धप्रधानमनुष्ठानम्, हिः=यस्मात्, उदग्रफलदं=उदारफलदायि, कथमित्याह – गुरुलाघवचिन्तया=सर्वकार्येषु गुणदोषयोर्गुरुलघुभावालोचनेन, एतदपि कथमित्याह – अतः=गुरुलाघवचिन्तातः, प्रवृत्तिः=चेष्टा, सर्वैव=न पुनः काचिदेव, सदैव=सर्वकालमेव, हिः=यस्मात्, महोदया अतिप्रशस्तफला स्यादिति ।।२२०।।

**ટીકાર્થ :-**

एतद् ..... स्यादिति ।। જે કારણથી આ=અનુબંધ પ્રધાન અનુષ્ઠાન, ઉદગ્ર ફળને દેનારું છે=ઉદાર ફળને દેનારું છે=સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિરૂપ ફળને દેનારું છે.

કેમ ઉદાર ફળને દેનારું છે ? એથી કહે છે –

ગુરુ-લાઘવની ચિંતા હોવાને કારણે=સર્વ કાર્યોમાં ગુણ-દોષ વિષયક ગુરુ-લઘુભાવનું આલોચન હોવાને કારણે, ઉદાર ફળને દેનારું છે, એમ અન્વય છે.

આ પણ=ગુરુ-લઘુભાવના આલોચનથી ઉદગ્રફળ પ્રાપ્ત થાય છે એ પણ, કેમ છે ? એથી કહે છે -

આનાથી=ગુરુ-લાઘવની ચિંતાથી, સર્વ જ=કોઈક નહિ સર્વ જ, પ્રવૃત્તિ અર્થાત્ ચેષ્ટા, જે કારણથી સદા જ મહોદયવાળી છે=અતિ પ્રશસ્ત ફળવાળી છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨૦।।

**ભાવાર્થ :-**

જે કારણથી સાનુબંધશુદ્ધ અનુષ્ઠાન ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા મોક્ષરૂપ ઉદાર ફળને દેનારું છે, તે કારણથી સાનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી નિયમથી સાનુબંધ દોષનો વિગમ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે સાનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી ઉદાર ફળની પ્રાપ્તિ કેમ થાય છે ? તેથી કહે છે –

સાનુબંધશુદ્ધ અનુષ્ઠાન સેવનારા જીવોમાં આત્મહિતને અનુકૂળ નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી હોવાથી સર્વ કાર્યોમાં કયા કૃત્યથી અધિક ગુણની પ્રાપ્તિ થશે અને કયા કૃત્યથી અધિક દોષની પ્રાપ્તિ થશે તેનું સૂક્ષ્મ આલોચન કરીને તે આલોચનથી નિયંત્રિત સર્વ પ્રવૃત્તિ કરે છે, આથી જ સાનુબંધશુદ્ધઅનુષ્ઠાનવાળા વિવેકી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો મોક્ષના અત્યંત અર્થી હોવા છતાં અને મોક્ષપ્રાપ્તિનો એક ઉપાય પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ છે તેવો સ્થિર નિર્ણય હોવા છતાં પોતાની શક્તિના સમ્યગ્ આલોચનથી પોતાની ભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનને સ્વીકારે છે, જેથી તેઓને અવિરતિઆપાદક કર્મોનું બળ પોતાનામાં અધિક છે તેવું જણાય ત્યારે સર્વવિરતિના ગ્રહણમાં વિલંબ કરીને પણ સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, આથી જ તેઓની અર્થ-કામની પ્રવૃત્તિ પણ ઉદગ્રવિવેકથી યુક્ત હોવાને કારણે સર્વવિરતિની શક્તિના સંચયનું કારણ બને છે, તેથી તેઓની સર્વ પ્રવૃત્તિ હંમેશાં જ મહાન ઉદયવાળી હોય છે, આથી તેઓ સ્વભૂમિકા અનુસાર સાનુબંધશુદ્ધ અનુષ્ઠાન સેવીને સર્વ પ્રકારના કલ્યાણને જ પ્રાપ્ત કરે છે, આથી જ સાનુબંધશુદ્ધઅનુષ્ઠાનવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિનું અનુષ્ઠાન સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા સર્વવિરતિધર કરતાં પણ અધિક ફળવાળું હોય છે. **II૨૨૦II**

**અવતરણિકા :-**

**अथ सच्छास्त्रपरतन्त्रतेत्यधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સત્શાસ્ત્રની પરતંત્રતા છે એને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૦માં કહેલ કે યોગમાર્ગવિષયક વિવેકવાળું અનુષ્ઠાન ત્રણ પ્રકારે શુદ્ધ છે, ત્યારપછી તેનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું, અને ત્યારપછી કહેલ કે વિવેકવાળું અનુષ્ઠાન સત્શાસ્ત્રની પરતંત્રતાવાળું છે, તેથી હવે સત્શાસ્ત્ર પરતંત્રતા યોગમાર્ગના અનુષ્ઠાનમાં છે એને આશ્રયીને કહે છે –

**શ્લોક :-**

**परलोकविधौ शास्त्रात्, प्रायो नान्यदपेक्षते ।**
**आसन्नभव्यो मतिमान्, श्रद्धाधनसमन्वितः ।।२२१।।**

**અન્વયાર્થ :-**

**आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः=આસન્નભવ્ય મતિમાન્ શ્રદ્ધાધનથી યુક્ત એવો પુરુષ, परलोकविधौ=પરલોકની વિધિમાં, प्रायः=પ્રાયઃ, शास्त्रात्=શાસ્ત્રથી, अन्यद्=અન્યની, न अपेक्षते=અપેક્ષા રાખતો નથી. ।।૨૨૧।।**

**શ્લોકાર્થ :-**

**આસન્નભવ્ય મતિમાન્ શ્રદ્ધાધનથી યુક્ત એવો પુરુષ પરલોકની વિધિમાં પ્રાયઃ શાસ્ત્રથી અન્યની અપેક્ષા રાખતો નથી. ।।૨૨૧।।**

**ટીકા :-**

**परलोकविधौ=परलोकफले प्रयोजने कर्तव्ये, शास्त्रादुक्तनिरुक्तात् प्रायो=बाहुल्येन, न=नैव, अन्यत् लोकरूढ्यादि अपेक्षते=आलम्बते, क इत्याह – आसन्नभव्यः=दूरभव्यव्यवच्छेदार्थमेतत्, मतिमान्= मार्गानुसारी प्राज्ञः, तथा श्रद्धाधनसमन्वितः=श्रद्धानुष्ठानाभिलाषरूपधनसमन्वितः ।।२२१।।**

**ટીકાર્થ :-**

**परलोकविधौ ..... श्रद्धानुष्ठानाभिलाषरूपधनसमन्वितः ।। પરલોકની વિધિમાં=પરલોકનું ફળ અર્થાત્ પ્રયોજન કર્તવ્ય હોતે છતે, ઉક્ત વ્યુત્પત્તિવાળા શાસ્ત્રથી=શ્લોક-૨૧૩ની ટીકામાં કહ્યું એ વ્યુત્પત્તિવાળા શાસ્ત્રથી, અન્ય એવા લોકરૂઢિ આદિને બહુલતાથી આલંબન કરતો નથી જ.**

**કોણ આલંબન કરતો નથી ? એથી કહે છે –**

**આસન્નભવ્ય=દૂરભવ્યના વ્યવચ્છેદ માટે આ='આસન્નભવ્ય' વિશેષણ છે, મતિમાન્=માર્ગાનુસારી પ્રાજ્ઞ અને શ્રદ્ધાધનસમન્વિત=શ્રદ્ધારૂપ અનુષ્ઠાનનો અભિલાષ તે રૂપ જે ધન તેનાથી યુક્ત એવો પુરુષ શાસ્ત્રનું આલંબન લે છે એમ અન્વય છે. ।।૨૨૧।।**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષમાં જવાના છે, તેમાં જેઓ નજીકમાં સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષમાં જવાના છે તેઓ આસન્નભવ્ય છે અને તેવા આસન્નભવ્ય જીવોની મતિ સ્વાભાવિક નિર્મળ હોય છે, તેથી તેઓ માર્ગાનુસારી પ્રાજ્ઞ મતિવાળા હોવાને કારણે નિર્મળ પ્રજ્ઞાથી સંસારનું વાસ્તવિક સ્વરૂપ વિચારે છે અને સંસારથી પર અવસ્થા જીવની સુંદર અવસ્થા છે તેનો માર્ગાનુસારી ઊહ કરે છે અને તેના ઉચ્છેદનો ઉપાય શું હોઈ શકે ? તેનો માર્ગાનુસારી ઊહ કરવાથી તેઓને જણાય છે કે જે શાસ્ત્રવચનો આત્માને ઉચિત અનુશાસન આપીને દુર્ગતિમાં પડતા જીવનું સંસારમાં રક્ષણ કરે છે તે શાસ્ત્ર જ જીવના માટે કલ્યાણનું કારણ છે અને તેવા શાસ્ત્રના વચનાનુસાર અનુષ્ઠાનના સેવનના અભિલાષરૂપ ધનથી તેઓ યુક્ત છે, તેથી તેઓને શુદ્ધ અનુષ્ઠાન સેવવાનો અને તેના દ્વારા સંસારના ઉચ્છેદનો અત્યંત અભિલાષ વર્તે છે તેવા જીવો પોતાના પરલોકના હિતાર્થે શાસ્ત્રથી અન્યનું આલંબન લેતા નથી, પરંતુ માર્ગાનુસારી પ્રૌઢ

પ્રજ્ઞાના બળથી કષ-છેદ-તાપશુદ્ધ ક્યું આગમ છે તેનો નિર્ણય કરીને તે આગમના વચનાનુસાર જ સ્વભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેથી તે ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા તેઓ ઉત્તર-ઉત્તરના યોગમાર્ગને પામીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે.

અહીં કહ્યું કે બુદ્ધિમાન પુરુષ પરલોકની પ્રવૃત્તિમાં પ્રાયઃ શાસ્ત્રથી અન્ય લોકરૂઢિ આદિની અપેક્ષા રાખતા નથી, ત્યાં પ્રાયઃ શબ્દથી એ પ્રાપ્ત થાય કે બુદ્ધિમાન પુરુષને પણ શાસ્ત્રના બળથી કોઈક સ્થાનમાં ઉચિત નિર્ણય ન થાય ત્યારે તે લોકરૂઢિ અને સ્વમતિ અનુસાર શિષ્ટ જણાતા લોકનું અવલંબન લે છે, પરંતુ બહુલતાએ તો શાસ્ત્રનું અવલંબન લે છે, આથી જ યોગ્ય પણ જીવને કોઈક સ્થાનમાં સત્શાસ્ત્રથી ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય ન થાય ત્યારે લોકરૂઢિથી કે પોતાને જણાતા શિષ્ટ લોકના વચનથી પ્રવૃત્તિ કરે છે, છતાં પાછળથી જણાય કે આ પ્રવૃત્તિ શાસ્ત્રનિયંત્રિત નથી તો તેનો ત્યાગ કરે છે અને તે લોકરૂઢિથી સ્વીકારાયેલી પ્રવૃત્તિ પણ શાસ્ત્રાનુસારી છે તેવો નિર્ણય થાય તો અધિક ઉત્સાહથી તે પ્રવૃત્તિમાં તે મહાત્મા યત્ન કરે છે. **॥૨૨૧॥**

**અવતરણિકા :-**

**બુદ્ધિમાન પુરુષોને પરલોકની પ્રવૃત્તિમાં શાસ્ત્ર કેમ અવલંબનીય છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**उपदेशं विनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।**
**धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ।।२२२।।**

**અન્વયાર્થ :-**

**उपदेशं विनापि=ઉપદેશ વગર પણ, जनः=લોક, अर्थकामौ प्रति=અર્થ=અર્થ-કામ પ્રત્યે, पटुः=પટુ છે, तु=વળી, शास्त्राद् विना=શાસ્ત્ર વગર, धर्मः न=ધર્મ નથી=ધર્મની પ્રવૃત્તિ શક્ય નથી, इति=એથી, तत्र= ત્યાં=શાસ્ત્રમાં, आदरः=યત્ન, हितः=હિત છે. ॥૨૨૨॥**

**શ્લોકાર્થ :-**

**ઉપદેશ વગર પણ લોક અર્થ-કામ પ્રત્યે પટુ છે, વળી શાસ્ત્ર વગર ધર્મ નથી, એથી ત્યાં યત્ન હિત છે. ॥૨૨૨॥**

**ટીકા :-**

**उपदेशं शास्त्रप्रज्ञापनम् विनापि=अन्तरेणापि, किं पुनरितरथेत्यपिशब्दार्थः, अर्थकामौ प्रतीतरूपावेव, प्रतीत्य=आश्रित्य, पटुर्जनो, लोकरूढिप्रामाण्यादपि तत्सिद्धिसम्भवात्, धर्मस्तु=धर्मः पुनरुक्तनिरुक्तः, 'न विना शास्त्रात्' इत्यस्माद्धेतोः तत्र=शास्त्रे, आदरो=यत्नः कल्याणरूपः सम्पद्यते इति ।।२२२।।**

**ટીકાર્થ :-**

**उपदेशं ..... सम्पद्यते इति ।। શાસ્ત્રપ્રજ્ઞાપનરૂપ ઉપદેશ વગર પણ=શાસ્ત્રના દિશાસૂચનરૂપ ઉપદેશ વગર પણ, પ્રતીતરૂપ જ એવા અર્થકામને આશ્રયીને=લોકમાં સ્વાભાવિક જણાતા એવા અર્થ-કામને આશ્રયીને, જન પટુ છે=સંસારીજીવ પટુ છે; કેમ કે લોકરૂઢિના પ્રામાણ્યથી પણ તેની સિદ્ધિનો સંભવ છે=લોકમાં અર્થકામ વિષયક પ્રવર્તતા વ્યવહારના બળથી પણ અર્થ-કામ વિષયક ઉચિત પ્રવૃત્તિનો સંભવ છે, વળી ધર્મ=પૂર્વમાં કહેવાયેલી વ્યુત્પત્તિવાળો ધર્મ, શાસ્ત્ર વગર નથી એ હેતુથી શાસ્ત્રમાં આદર=કલ્યાણરૂપ યત્ન, પ્રાપ્ત થાય છે. વળી ઈતરથા પણ શું ? એ પ્રકારે 'उपदेशं विनापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ||૨૨૨||**

**ભાવાર્થ :-**

સંસારીજીવો લોકમાં પ્રવર્તતા વ્યવહારના બળથી પણ ઉપદેશ વગર પણ ધનપ્રાપ્તિના યત્નમાં કુશળ થઈ જાય છે અને ઇન્દ્રિયના વિષયસેવનમાં કુશળ થઈ જાય છે, પરંતુ લોકને ઉપદેશથી જ ધન કમાવામાં કે ભોગપ્રવૃત્તિમાં કુશળ થવાની અપેક્ષા રહેતી નથી, વળી જેઓને સંસારથી ભય લાગ્યો છે અને સંસારના પરિભ્રમણથી પોતાનું રક્ષણ કરવાના અર્થી થયા છે અને સંસારથી આત્માના રક્ષણનો ઉપાય ધર્મનું સેવન છે તેવું જ્ઞાન થવા છતાં તેવા જીવો પણ શાસ્ત્રના અવલંબન વગર ધર્મને સેવવા સમર્થ બનતા નથી, આથી જ જડબુદ્ધિવાળા જીવો શાસ્ત્રનું અવલંબન લીધા વગર સ્વ-સ્વમતિ અનુસાર જે તે પ્રવૃત્તિને ધર્મરૂપે સ્વીકારીને પરલોકના હિત અર્થે યત્ન કરે છે છતાં તે ધર્મનાં સેવનથી પરલોકમાં સુરક્ષિત બનતા નથી, વળી શાસ્ત્રના બોધ વગરના કુગુરુથી બતાવાયેલા ધર્મને સેવીને પણ ધર્મના ફળને પ્રાપ્ત કરતા નથી. માટે બુદ્ધિમાન પુરુષોએ ધર્મના સેવન અર્થે શાસ્ત્રમાં જ અત્યંત યત્ન કરવો જોઈએ, જેથી શાસ્ત્રનિયંત્રિત સેવાયેલા ધર્મથી પરલોકની પ્રવૃત્તિમાં કલ્યાણની પ્રાપ્તિ થાય. **||૨૨૨||**

**અવતરણિકા :-**

**વળી ધર્મમાં શાસ્ત્રાનુસારી ઉપદેશની અત્યંત આવશ્યકતા છે તે દૃઢ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अर्थादावविधानेऽपि, तदभावः परं नृणाम् ।**
**धर्मेऽविधानतोऽनर्थः, क्रियोदाहरणात्परः ।।२२३।।**

**અન્વયાર્થ :-**

**अर्थादावविधानेऽपि=અર્થાદિના અવિધાનમાં પણ=અર્થકામવિષયક અવિધિમાં પણ, परं=કેવલ, नृणां तदभावः=મનુષ્યોને તેનો અભાવ થાય=મનુષ્યોને અર્થકામનો અભાવ થાય, धर्मे=ધર્મમાં,**

**अविधानतः=અવિધાનને કારણે=શાસ્ત્રાનુસારી અપ્રવૃત્તિને કારણે, क्रियोदाहरणात्=ક્રિયાના ઉદાહરણથી, परः अनर्थः=પ્રકૃષ્ટ અનર્થ થાય છે. ।।૨૨૩।।**

**શ્લોકાર્થ :-**

**અર્થાદિના અવિધાનમાં પણ કેવલ મનુષ્યોને તેનો અભાવ થાય, ધર્મમાં અવિધાનને કારણે ક્રિયાના ઉદાહરણથી પ્રકૃષ્ટ અનર્થ થાય છે. ।।૨૨૩।।**

**ટીકા :-**

**अर्थादौ=अर्थकामलक्षणविषये, अविधानेऽपि=अविधावपि क्रियमाणे, विधौ तावत्सर्वानर्थाभाव इत्यपिशब्दार्थः, तदभावः=अर्थाद्यभावः परं=केवलं, नान्यः कश्चिदनर्थः नृणां=पुंसां, सम्पद्यत इति, धर्मे=धर्मविषये, अविधानतः=अविधानात्, अनर्थः=अकल्याणम्, क्रियोदाहरणात्= चिकित्सादृष्टान्तात्, परः=प्रकृष्टः, यथोक्तम् –**

'पडिवज्जिऊण किरियं, तीए विरुद्धं निसेवइ जो उ ।

अपवत्तगाउ अहियं, सिग्घं च स पावइ विणासं ।।१।।' () **।।२२३।।**

**ટીકાર્થ :-**

**अर्थादावर्थ ..... विणासं ।। અર્થાદિમાં=અર્થ-કામરૂપ વિષયમાં, અવિધાન કરાયે છતે પણ=અવિધિ કરાયે છતે પણ, કેવલ તેનો અભાવ પ્રાપ્ત થાય=અર્થાદિનો અભાવ પ્રાપ્ત થાય, અન્ય કોઈ અનર્થ પુરુષને પ્રાપ્ત થતો નથી. ધર્મના વિષયમાં અવિધાનથી=અવિધિપૂર્વક ધર્મના સેવનથી, ક્રિયાના ઉદાહરણથી=ચિકિત્સાના દૃષ્ટાંતથી, પર=પ્રકૃષ્ટ, અનર્થ=અકલ્યાણ છે, જે કારણથી કહેવાયું છે –**

"ક્રિયાને સ્વીકારીને તેનાથી વિરુદ્ધને જે સેવે છે, તે અપ્રવર્તકથી=ક્રિયા નહિ કરનારથી, અધિક અને શીઘ્ર વિનાશને પ્રાપ્ત કરે છે." ()

**વિધિમાં વળી સર્વ અનર્થનો અભાવ છે, એ પ્રકારે 'अर्थादौ अविधानेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૨૨૩।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને અર્થ-કામ વિષયક ઉચિત ઉપદેશની પ્રાપ્તિ ન થાય તો કોઈક મંદબુદ્ધિવાળા જીવો અર્થ-કામને પ્રાપ્ત કરી શકે નહિ, તેથી અર્થ-કામજન્ય જે અલ્પ સુખ, તેનો અભાવ જ માત્ર પ્રાપ્ત થાય, તેનાથી અન્ય કોઈ અનર્થ તેઓને થતો નથી, પરંતુ જેઓ સંસારના સ્વરૂપને જાણીને સંસારથી ભય પામેલા છે અને સંસારથી આત્માના રક્ષણનો ઉપાય ધર્મ છે તેવું જાણીને ધર્મ સેવવામાં તત્પર થયા છે તેઓને સત્શાસ્ત્રનો બોધ ન થાય તો તેઓ સ્વમતિ અનુસાર યથાતથા પ્રવૃત્તિ કરીને પ્રકૃષ્ટ અનર્થ પ્રાપ્ત કરે છે.

જેમ કોઈ રોગથી ત્રાસ પામેલ રોગી હોય અને તેના રોગની વિપરીત ચિકિત્સા થાય તો તે ચિકિત્સાથી રોગનાશને બદલે અધિક અનર્થની પ્રાપ્તિ થાય. તે અનર્થના નિવારણ અર્થે દરેક જીવને પોતાની ભૂમિકા અનુસાર અને પોતાના રોગ અનુસાર ઉચિત ઔષધ સુવૈદ્ય જ બતાવી શકે છે તેમ દુર્ગતિથી રક્ષણ કરનાર ક્યો ધર્મ સંસારી જીવોએ સેવવો જોઈએ, કઈ રીતે સેવવો જોઈએ, જેથી અંતરંગ ભાવરોગનું શમન થાય અને વીતરાગતાને અનુકૂળ પોતાની નિર્મળ પરિણતિ પ્રગટે તેનો ઉચિત બોધ શાસ્ત્રથી જ થઈ શકે છે, માટે બુદ્ધિમાન પુરુષે સત્શાસ્ત્રમાં યત્ન કરવો જોઈએ. વળી શાસ્ત્રના અવલંબન વગર ધર્મની પ્રવૃત્તિ સમ્યક્ થતી નથી, આથી જ કુશાસ્ત્રને કે કુઉપદેશકને પામીને કલ્યાણના અર્થી પણ ઘણા જીવો અકલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. **॥૨૨૩॥**

**શ્લોક :-**

**तस्मात्सदैव धर्मार्थी, शास्त्रयत्नः प्रशस्यते ।**
**लोके मोहान्धकारेऽस्मिन् शास्त्रालोकः प्रवर्तकः ।।२२४।।**

**અન્વયાર્થ :-**

**तस्मात्=તે કારણથી=અવિધિથી કરાયેલા ધર્મથી પ્રકૃષ્ટ અનર્થ થાય છે તે કારણથી, शास्त्रयत्नः धर्मार्थी=શાસ્ત્રયત્નવાળો ધર્માર્થી, सदैव=સદા જ, प्रशस्यते=પ્રશંસા કરાય છે (જે કારણથી), मोहान्धकारेऽस्मिन् लोके=મોહઅંધકારવાળા એવા આ લોકમાં, शास्त्रालोकः=શાસ્ત્રનું જ્ઞાન, प्रवर्तकः=પ્રવર્તક છે. ॥૨૨૪॥**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી શાસ્ત્રયત્નવાળો ધર્માર્થી સદા જ પ્રશંસા કરાય છે, જે કારણથી મોહઅંધકારવાળા આ લોકમાં શાસ્ત્રનું જ્ઞાન પ્રવર્તક છે. ॥૨૨૪॥**

**ટીકા :-**

**तस्मात्=धर्मेऽविधानतः परानर्थभावात्, सदैव=सर्वकालमेव, धर्मार्थी=धर्माभिलाषुकः, शास्त्रयत्नः= शास्त्रादरपरः, प्रशस्यते=श्लाघ्यते, कुतः? यतः लोके=जगति, मोह एवान्धकारः=तमो, यत्र स तथा तत्र, शास्त्रालोकः=शास्त्रप्रकाशः, प्रवर्तकः=प्रवर्तयिता परलोकक्रियासु ।।२२४।।**

**ટીકાર્થ :-**

तस्माद्धर्मे ..... परलोकक्रियासु ।। તે કારણથી=ધર્મમાં અવિધિના સેવનથી પર અનર્થનો ભાવ હોવાથી, શાસ્ત્રયત્નવાળો=શાસ્ત્રમાં આદરવાળો, ધર્માર્થી=ધર્મ અભિલાષુક, સદા જ પ્રશંસા કરાય છે.

કેમ ? એથી કહે છે –

જે કારણથી મોહ જ અંધકાર=તમ, છે જેમાં તે તેવો છે મોહઅંધકારવાળો છે તેવા આ લોકમાં=જગતમાં, શાસ્ત્ર-આલોક=શાસ્ત્રનો પ્રકાશ, પરલોકની ક્રિયામાં પ્રવર્તક છે. ॥૨૨૪॥

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મવિષયક શાસ્ત્ર નિરપેક્ષ પ્રવૃત્તિથી ધર્મને સેવીને પણ અધિક અનર્થની પ્રાપ્તિ થાય છે, તેથી જ શિષ્ટ લોકો ધર્મની પ્રવૃત્તિ કરનારા બધા જીવોની પ્રશંસા કરતા નથી, પરંતુ શાસ્ત્રમાં યત્નવાળા ધર્માર્થી જીવની જ સદા પ્રશંસા કરે છે.

કેમ અન્ય જીવોના ધર્મસેવનની પ્રશંસા કરતા નથી ? તેથી કહે છે –

જગતવર્તી જીવો મોહના અંધકારથી આક્રાંત છે, તેથી જેમ મોહને વશ બુદ્ધિમાન પણ જીવો નિરર્થક એવી અર્થ-કામની ચેષ્ટા કરીને મનુષ્યભવ નિરર્થક કરે છે, તેમ સ્થૂલ દૃષ્ટિથી ધર્મને સેવવા તત્પર થયેલા પણ જીવો મોહને વશ શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ કરી શકતા નથી અને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરીને વિનાશ પામે છે તેઓનું રક્ષણ શાસ્ત્રનો સમ્યગ્ બોધ જ કરી શકે તેમ છે, તેથી જે જીવો ધર્મની પ્રવૃત્તિમાં સર્વત્ર શાસ્ત્રના પરમાર્થને જાણવા યત્ન કરે છે તેઓની જ પ્રવૃત્તિ પ્રશંસાપાત્ર છે, અન્ય જીવોની ધર્મની પ્રવૃત્તિ પણ પ્રશંસાપાત્ર નથી. **॥૨૨૪॥**

**અવતરણિકા :-**

**अथ शास्त्रमेव स्तुवन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે શાસ્ત્રની જ સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् ।**
**चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ।।२२५।।**

**અન્વયાર્થ :-**

**शास्त्रं=શાસ્ત્ર, पापामयौषधं=પાપરૂપી રોગનું ઔષધ છે, शास्त्रं=શાસ્ત્ર, पुण्यनिबन्धनम्=પુણ્યનું કારણ છે, शास्त्रं=શાસ્ત્ર, सर्वत्रगं चक्षुः=સર્વ દિશામાં જનારી ચક્ષુ છે, शास्त्रं=શાસ્ત્ર, सर्वार्थसाधनम्=સર્વ અર્થનું સાધન છે. ॥૨૨૫॥**

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્ર પાપરૂપી રોગનું ઔષધ છે, શાસ્ત્ર પુણ્યનું કારણ છે, શાસ્ત્ર સર્વ દિશામાં જનારી ચક્ષુ છે, શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે. ॥૨૨૫॥**

**ટીકા :-**

**पापामयौषधं=पापव्याधिशमनीयं, शास्त्रम्, तथा शास्त्रं पुण्यनिबन्धनं=पवित्रकृत्यनिमित्तम्, चक्षुः=**

**लोचनं सर्वत्रगं=सूक्ष्मबादरादावर्थे गच्छति यत्तत्सर्वत्रगं, शास्त्रम्, शास्त्रं सर्वार्थसाधनं=सर्वप्रयोजन-निष्पत्तिहेतुः ।।२२५।।**

**ટીકાર્થ :-**

**पापामयौषधं ..... निष्पत्तिहेतुः ।। પાપરૂપી વ્યાધિનું ઔષધ શાસ્ત્ર છે અને શાસ્ત્ર પુણ્યનું કારણ છે=પવિત્ર કૃત્યનું નિમિત્ત છે, શાસ્ત્ર સર્વત્ર જનારી ચક્ષુ છે=સૂક્ષ્મ-બાદરાદિ અર્થોમાં જે જાય છે તે સર્વત્ર જનાર ચક્ષુ છે, શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે=સર્વ પ્રયોજનની નિષ્પત્તિનો હેતુ છે. ॥૨૨૫॥**

**ભાવાર્થ :-**

જીવમાં જે કોઈ પાપના સંસ્કારો પડ્યા છે તે સર્વ પાપરૂપી રોગને નાશ કરવામાં પ્રબળ કારણ શાસ્ત્ર છે; કેમ કે શાસ્ત્રથી ભાવિત મતિવાળા જીવને મોહથી વિડંબિત અવસ્થા જ સતત વિડંબનારૂપ દેખાય છે, તેથી શાસ્ત્રના અવલંબનથી મોહરૂપ વ્યાધિને તેઓ સતત ક્ષીણ કરે છે, આથી જ તીવ્ર અવિરતિના ઉદયવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના બળથી ભાવરોગને સતત ક્ષીણ-ક્ષીણતર કરે છે.

વળી શાસ્ત્ર જેમને સમ્યગ્ પરિણમન પામેલું છે તે જીવોને થયેલો શાસ્ત્રાનુસારી બોધ પવિત્ર કૃત્યનું બલવાન નિમિત્તિ છે, તેથી સર્વ કુશલપરંપરાના કારણીભૂત પુણ્યનું કારણ શાસ્ત્ર છે.

વળી અંતરંગ અને બહિરંગ સૂક્ષ્મ અને બાદર સર્વ અર્થોમાં જનારું નિર્મળ લોચન શ્રુતજ્ઞાનના ક્ષયોપશમભાવરૂપ શાસ્ત્રનો પરિણામ છે, આથી જ નિર્મળ દૃષ્ટિવાળા જીવો કર્મના પ્રચુર દબાણથી ભોગાદિમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પણ શાસ્ત્રની નિર્મળ ચક્ષુ તેમનું અહિતથી રક્ષણ સદા કરે છે.

વળી જીવનું સર્વ પ્રયોજન આલોક અને પરલોકમાં એકાંત સુખ છે અને તેવા સુખની પરંપરાનું સર્જન કરનાર શાસ્ત્ર છે, આથી જ શાસ્ત્રને પરતંત્ર થયેલા મહાત્માઓ સુદેવ અને સુમાનુષત્વની પરંપરા દ્વારા સુખની જ પરંપરાને પ્રાપ્ત કરે છે, માટે સર્વ પ્રવૃત્તિમાં એકાંત આદરણીય શાસ્ત્ર જ છે. **॥૨૨૫॥**

**અવતરણિકા :-**

**ततः –**

**અવતરણિકાર્થ :-**

**'સર્વ રોગોનું ઔષધ શાસ્ત્ર છે' ઇત્યાદિ શ્લોક-૨૨૫માં કહ્યું, તેથી, શું ? તે શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।**
**अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ।।२२६।।**

**અન્વયાર્થ :-**

यस्य=જેને, एतस्मिन्=આમાં=શાસ્ત્રમાં, भक्तिः न=ભક્તિ નથી, तस्य=તેની, धर्मक्रियापि हि=ધર્મક્રિયા પણ, अन्धप्रेक्षाक्रियातुल्या=અન્ધ જીવની પ્રેક્ષાની ક્રિયા તુલ્ય, कर्मदोषाद्=કર્મદોષને કારણે, असत्फला=અસત્ ફ્લવાળી છે=નિષ્ફળ છે. ।।૨૨૬।।

**શ્લોકાર્થ :-**

**જેને આમાં ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ અન્ધજીવની પ્રેક્ષાની ક્રિયા તુલ્ય કર્મદોષને કારણે અસત્ ફ્લવાળી છે. ।।૨૨૬।।**

**ટીકા :-**

**न यस्य=धर्मार्थिनः, भक्तिः बहुमानरूपा एतस्मिन्=शास्त्रे, तस्य धर्मक्रियापि हि देववन्दनादिरूपा किं पुनरन्यरूपेत्यपिहिशब्दार्थः, अन्धप्रेक्षाक्रियातुल्या=अन्धस्यावलोकनकृते या प्रेक्षणकक्रिया तत्तुल्या, कर्मदोषात्=तथाविधमोहोदयात्, असत्फला=अविद्यमानाभिप्रेतार्था, सम्पद्यत इति ।।२२६।।**

**ટીકાર્થ :-**

**न यस्य ..... सम्पद्यत इति ।। જે ધર્માર્થીને આમાં=શાસ્ત્રમાં, બહુમાનરૂપ ભક્તિ નથી તેની દેવવંદનાદિરૂપ ધર્મક્રિયા પણ અંધની પ્રેક્ષાની ક્રિયા તુલ્ય=અંધપુરુષની અવલોકનને માટે જે જોવાની ક્રિયા તત્ તુલ્ય, કર્મદોષને કારણે=તેવા પ્રકારના મોહના ઉદયને કારણે=ધર્મ કરવાની ઈચ્છા થઈ હોવા છતાં ધર્મના ઉપાયભૂત શાસ્ત્રવચનને જાણવાની જિજ્ઞાસાના અભાવના પ્રયોજક તેવા મૂઢતાના આપાદક મોહના ઉદયને કારણે, અસત્ફલવાળી=અવિદ્યમાન અભિપ્રેત અર્થવાળી થાય છે. વળી અન્યરૂપ એવી ક્રિયાનું શું ? એ પ્રકારે 'धर्मक्रियापि हि'માં રહેલા 'अपि हि'નો અર્થ છે. ।।૨૨૬।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૫માં કહ્યું કે શાસ્ત્ર રોગનો નાશ કરી પુણ્યાનુબંધીપુણ્યનો સંચય કરાવીને જીવને સર્વ પ્રયોજનની પ્રાપ્તિ કરાવે છે, તેથી બુદ્ધિમાન પુરુષને અવશ્ય શાસ્ત્રમાં ભક્તિ હોય છે, તેથી બુદ્ધિમાન પુરુષ જે કંઈપણ પ્રવૃત્તિ કરે છે તે સર્વ પ્રવૃત્તિ શાસ્ત્રની નિર્મળ દૃષ્ટિથી કરે છે. વળી કેટલાક જીવો ભવથી વિરક્ત થયા છે, ધર્મ સેવવાના અર્થી થયા છે, આમ છતાં મૂઢતાઆપાદક પ્રચુર દોષને કારણે તેઓને શાસ્ત્રમાં ભક્તિ થતી નથી, છતાં પરલોકના અર્થે દેવવંદન આદિરૂપ ધર્મક્રિયાઓ કરે છે અને જેઓને શાસ્ત્રમાં ભક્તિ નથી તેઓને તે દેવવંદન આદિ ક્રિયાઓ કલ્યાણના કારણભૂત કોઈ ફળ આપતી નથી અર્થાત્ નિષ્ફળ છે, જેમ કોઈ આંધળો પુરુષ કોઈકના રૂપાદિને જોવાની જિજ્ઞાસાથી ચક્ષુ દ્વારા જોવાને અનુકૂળ વ્યાપારવાળો થાય તે વ્યાપારથી તેને લેશ પણ કોઈના રૂપનું જ્ઞાન થતું નથી તેમ શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ વગરના અંધ જીવોની ધર્મની ક્રિયાથી મોહના નાશને અનુકૂળ તેઓનો લેશ પણ યત્ન થતો નથી, તેથી જે ક્રિયાનું ફળ ભાવરોગનો નાશ છે તે ક્રિયા ભાવરોગનો નાશ કરતી નથી, તેથી નિષ્ફળ છે. **।।૨૨૬।।**

**અવતરણિકા :-**

एतदपि कुतः ? यतः –

**અવતરણિકાર્થ :-**

આ પણ કેમ છે ?=શાસ્ત્રમાં ભક્તિ વગરના જીવોની દેવવંદનાદિરૂપ ધર્મક્રિયા પણ નિષ્ફળ કેમ છે ? એથી કહે છે – જે કારણથી શ્લોકમાં બતાવે છે તેમ છે તે કારણથી ધર્મક્રિયા નિષ્ફળ છે એમ સંબંધ છે તે શ્લોકમાં બતાવે છે –

**શ્લોક :-**

**यः श्राद्धो मन्यते मान्यानहङ्कारविवर्जितः ।**
**गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ।।२२७।।**

**અન્વયાર્થ :-**

अहङ्कारवर्जितः गुणरागी महाभागः श्राद्धः यः=અહંકારવર્જિત ગુણરાગી મહાભાગ શ્રદ્ધાળુ એવો જે, मान्यान्=માન્ય એવા દેવાદિને, मन्यते=માને છે=બહુમાનનો વિષય કરે છે, तस्य धर्मक्रिया=તેની ધર્મક્રિયા, परा=પરા છે=પ્રકૃષ્ટ છે. ।।૨૨૭।।

**શ્લોકાર્થ :-**

**અહંકારવર્જિત ગુણરાગી મહાભાગ શ્રદ્ધાળુ એવો જે માન્ય એવા દેવાદિને માને છે, તેની ધર્મક્રિયા પરા છે. ।।૨૨૭।।**

**ટીકા :-**

यः श्राद्धः=सन्मार्गश्रद्धालुः, मन्यते=बहुमानविषयीकुरुते, मान्यान्=देवतादीन्, अहङ्कारविवर्जितो=मुक्ताभिमानः, अत एव गुणरागी=गुणानुरागवान्, महाभागः=प्रशस्याचिन्त्यशक्तिः, किमित्याह – तस्य=शास्त्रपरतन्त्रतया मान्यमन्तुः, धर्मक्रिया=उक्तरूपा, परा=प्रकृष्टेति ।।२२७।।

**ટીકાર્થ :-**

यः श्राद्धः ..... प्रकृष्टेति ।। જે શ્રદ્ધાળુ છે=સન્માર્ગમાં રુચિવાળો છે, અહંકારવર્જિત છે=અભિમાન વગરનો છે, તે માન્ય એવા દેવાદિને બહુમાનનો વિષય કરે છે, આથી જ ગુણરાગવાળો છે, મહાભાગ છે=પ્રશંસા કરવા યોગ્ય અચિંત્યશક્તિવાળો છે, શું=તેનું શું ? એથી કહે છે – તેની=શાસ્ત્ર પરતંત્રપણાથી માન્ય એવા દેવાદિને માનનાર તે પુરુષની, ઉક્તરૂપ ધર્મક્રિયા=શ્લોક-૨૨૬માં કહેવાયેલી દેવવંદનાદિ રૂપ ધર્મક્રિયા, પરા છે=પ્રકૃષ્ટ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨૭।।

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૬માં કહેલ કે 'શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ વગરના જીવોની ધર્મક્રિયા નિષ્ફળ છે' કેમ તેઓની ધર્મક્રિયા નિષ્ફળ છે ? તેથી કેવા જીવોની ધર્મક્રિયા સફળ છે, તે પ્રસ્તુત શ્લોકથી બતાવે છે – તેથી અર્થથી એ ફલિત થાય કે જેઓને શાસ્ત્રમાં આદર નથી તેઓની ધર્મક્રિયા નિષ્ફળ છે, એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

સર્વજ્ઞના વચનાનુસાર મોક્ષમાર્ગમાં જે જીવોને રુચિ છે અને પોતાની કંઈક એવી અલ્પમતિમાં હું વિદ્વાન છું એવા પ્રકારની અહંકારની બુદ્ધિ નથી, તેથી સત્શાસ્ત્રોને કહેનારા પૂર્વના ઋષિઓ-તીર્થંકરો આદિ પ્રત્યે બહુમાન છે, તેથી તેઓના ગુણો પ્રત્યે અત્યંત રાગ વર્તે છે તેના કારણે સ્વશક્તિ અનુસાર શાસ્ત્રના પરમાર્થને ઉચિત ઉપાયથી જાણવા યત્ન કરે છે જેના બળથી શાસ્ત્રના પરમાર્થને પામી શકે તેવી પ્રશંસા કરવા યોગ્ય અચિંત્ય શક્તિવાળા છે તેઓ સદા શાસ્ત્રને પરતંત્ર રહીને માન્ય એવા તીર્થંકરો આદિ પ્રત્યે બહુમાન ધારણ કરે છે તેઓની ધર્મક્રિયા પ્રકૃષ્ટ ફળવાળી છે; કેમ કે શાસ્ત્ર પ્રત્યેના બહુમાનને કારણે શક્તિ અનુસાર શાસ્ત્રને પરતંત્ર થઈને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેથી તેઓની શાસ્ત્રાનુસારી ક્રિયાઓ પાપરૂપ વ્યાધિનું ઔષધ બને છે અને સર્વકલ્યાણની પરંપરાનું કારણ બને છે. **॥૨૨૭॥**

**અવતરણિકા :-**

**व्यतिरेकमाह 'यस्य' इत्यादि –**

**અવતરણિકાર્થ :-**

**વ્યતિરેકને કહે છે='यस्य' इत्यादि થી શ્લોકમાં વ્યતિરેકને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે શાસ્ત્ર પ્રત્યે બહુમાનવાળા ગુણાનુરાગી જીવોની ધર્મક્રિયા શ્રેષ્ઠ છે. હવે જેઓને શાસ્ત્રમાં આદર નથી તેઓની ધર્મક્રિયા શ્રેષ્ઠ નથી તે રૂપ વ્યતિરેકને કહે છે –

**શ્લોક :-**

**यस्य त्वनादरः शास्त्रे, तस्य श्रद्धादयो गुणाः ।**
**उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ।।२२८।।**

**અન્વયાર્થ :-**

**यस्य=જેને, तु=વળી, शास्त्रे=શાસ્ત્રમાં, अनादरः=આદર નથી, तस्य=તેના, श्रद्धादयो गुणाः=શ્રદ્ધાદિ ગુણો, उन्मत्तगुणतुल्यत्वात्=ઉન્મત્તગુણતુલ્યપણું હોવાથી, सताम्=સંત પુરુષોને, प्रशंसास्पदं न=પ્રશંસાનું સ્થાન નથી. ॥૨૨૮॥**

**શ્લોકાર્થ :-**

**જેને વળી શાસ્ત્રમાં આદર નથી તેના શ્રદ્ધાદિ ગુણો ઉન્મત્તગુણતુલ્યપણું હોવાથી સંત પુરુષોને પ્રશંસાનું સ્થાન નથી. ॥૨૨૮॥**

**ટીકા :-**

**यस्य त्वनादरोऽगौरवरूपः शास्त्रे, तस्य श्रद्धादयः=श्रद्धासंवेगनिर्वेदादयो, गुणाः किमित्याह – उन्मत्तगुणतुल्यत्वात्=तथाविधग्रहावेशात्सोन्मादपुरुषशौर्यौदार्यादिगुणसदृशत्वात्, न प्रशंसास्पदं=न श्लाघास्थानं, सतां=विवेकिनामिति ।।२२८।।**

**ટીકાર્થ :-**

**यस्य ..... विवेकिनामिति ।। વળી જેને શાસ્ત્રમાં અગૌરવરૂપ અનાદર છે તેના શ્રદ્ધાદિ=શ્રદ્ધા-સંવેગ નિર્વેદાદિ ગુણો શું ? અર્થાત્ શું ફ્લવાળા છે ? એથી કહે છે –**

**ઉન્મત્તપુરુષના ગુણોની સાથે તુલ્યપણું હોવાથી=તેવા પ્રકારના ગ્રહના આવેશથી ઉન્માદવાળા પુરુષના શૌર્ય-ઔદાર્યાદિ ગુણોનું સદૃશપણું હોવાથી, સંતોને=વિવેકીઓને, શ્લાઘાનું સ્થાન નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૨૮॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ ઉન્મત્તપુરુષ હોય અને તેનામાં શૌર્ય-ઔદાર્ય આદિ ઘણા ગુણો હોય તોપણ તે અહંકારી એવો ઉન્મત્તપુરુષ સજ્જનોનું રક્ષણ અને પાલન કરતો નથી, પરંતુ જે તેને માન આપે તેનું રક્ષણ અને પાલન કરે છે, તેથી તેવા ઉન્મત્તના શૌર્યાદિ ગુણોનું અવલંબન લઈને દુર્જનો પણ પોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિ કરી શકે છે, તેથી વિવેકીપુરુષો તેવા ઉન્મત્તપુરુષના શૌર્ય-ઔદાર્યાદિ ગુણોની ક્યારે ય પ્રશંસા કરતા નથી, તેમ જેઓને ધર્મમાર્ગમાં રુચિ છે, મોક્ષનો અભિલાષ છે, સંસાર પ્રત્યે નિર્વેદ છે, દયાળુ સ્વભાવ છે, છતાં સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્ર પ્રત્યે બહુમાન નથી, તેથી સ્વમતિ અનુસાર મોક્ષમાર્ગની ક્રિયાઓ કરે છે તેઓના શ્રદ્ધા-સંવેગાદિ ગુણો પણ વિવેકીપુરુષ માટે પ્રશંસાનું સ્થાન નથી; કેમ કે જેમ શૌર્યાદિ ગુણવાળો પુરુષ પણ ઉન્મત્ત દોષને કારણે લોકોના હિતનું કારણ બનતો નથી, તેમ શાસ્ત્ર પ્રત્યે અનાદરવાળા પુરુષના શ્રદ્ધા-સંવેગાદિ ગુણો પણ મોહનાશનું કારણ બનતા નથી, તેથી સ્વપરના કલ્યાણના કારણ બનતા નથી. માટે વિવેકીપુરુષો તેવા જીવોના ગુણોની ક્યારેય શ્લાઘા કરે નહિ.

તેથી અર્થથી ફલિત થાય છે કે શાસ્ત્ર પ્રત્યે જેને અત્યંત ભક્તિ છે તેના થોડા પણ ગુણો પ્રશંસાપાત્ર છે, માટે તેની ધર્મક્રિયા સફળ છે. **॥૨૨૮॥**

**અવતરણિકા :-**

**एतदपि कथम्? यतः –**

**અવતરણિકાર્થ :-**

આ પણ=શ્લોક-૨૨૮માં કહ્યું કે જેઓને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે તેના શ્રદ્ધાદિ ગુણો પ્રશંસાનું સ્થાન નથી એ પણ, કેમ છે ? એથી કહે છે – જે કારણથી તેમ છે તેથી શ્લોકમાં બતાવે છે તેથી તેવા જીવોના શ્રદ્ધાદિગુણો પ્રશંસાનું સ્થાન નથી –

**શ્લોક :-**

**मलिनस्य यथात्यन्तं, जलं वस्त्रस्य शोधनम् ।**
**अन्तःकरणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ।।२२९।।**

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે, अत्यन्तं=અત્યંત, मलिनस्य वस्त्रस्य=મલિન વસ્ત્રનું, जलं शोधनं=જલ શોધન છે=શુદ્ધિનો હેતુ છે, तथा=તે પ્રમાણે, अन्तःकरणरत्नस्य=અંતઃકરણરૂપ રત્નની=કર્મથી મલિન એવા ચિત્તરૂપ રત્નની, (शोधनं=શુદ્ધિનો હેતુ,) शास्त्रं=શાસ્ત્રને, विदुर्बुधाः=બુધપુરુષો જાણે છે. ।।૨૨૯।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે અત્યંત મલિન વસ્ત્રનું જલ શોધન છે, તે પ્રમાણે અંતઃકરણરૂપ રત્નની શુદ્ધિનો હેતુ શાસ્ત્રને બુધપુરુષો જાણે છે. ।।૨૨૯।।**

**ટીકા :-**

मलिनस्य=मलवतः, यथात्यन्तं=अतीव, जलं=पानीयम्, वस्त्रस्य प्रतीतरूपस्य शोधनं=शुद्धिहेतुः, अन्तःकरणरत्नस्य-अन्तःकरणं=मनः, तदेव रत्नं तस्य चिन्तारत्नादिभ्योऽप्यतिशायिनः, तथा शास्त्रं विदुः=जानते, शोधनं, बुधाः=बुद्धिमन्तः ।।२२९।।

**ટીકાર્થ :-**

मलिनस्य ..... बुद्धिमन्तः ।। જે પ્રમાણે અત્યંત=અતિશય, મલવાળા પ્રતીતરૂપ એવા વસ્ત્રનું જલ શોધન છે=શુદ્ધિનો હેતુ છે, તે પ્રમાણે અંતઃકરણ રત્નનું=અંતઃકરણ અર્થાત્ મન તે જ રત્ન ચિંતારત્નાદિથી પણ અતિશાયી એવા તેનું શાસ્ત્ર શોધન=શુદ્ધિનો હેતુ, બુદ્ધિમાન પુરુષો જાણે છે. ।।૨૨૯।।

**ભાવાર્થ :-**

ચિંતામણિ આદિ રત્ન કરતાં પણ અતિશય શ્રેષ્ઠ એવું મનરૂપી રત્ન છે; કેમ કે જેમ ચિંતામણિ રત્નની સમ્યગ્ ઉપાસના કરવાથી ભૌતિક ક્ષેત્રમાં સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે તેમ જેઓ દુરારાધ્ય એવા મનને જિનવચનથી વાસિત કરે છે તેઓને ચિંતામણિ કરતાં અધિક એવી સદ્ગતિઓની પરંપરારૂપ અને મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે; કેમ કે મતિજ્ઞાનના ક્ષયોપશમ રૂપ મન જ શાસ્ત્રથી નિયંત્રિત થઈને વિશુદ્ધિને પામે

છે ત્યારે સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે અને જેમ અત્યંત મલિન વસ્ત્ર પાણીથી શુદ્ધ કરી શકાય છે તેમ ચિંતામણિથી અધિક એવું જીવનું ચિત્ત રૂપી રત્ન શાસ્ત્રથી શુદ્ધ કરી શકાય છે એમ બુધપુરુષો કહે છે. માટે જેઓને શાસ્ત્રમાં આદર નથી તેઓના અન્ય સર્વ ગુણો નિષ્ફળ છે, માટે કલ્યાણના અર્થીએ કલ્યાણના પ્રબળ કારણભૂત શાસ્ત્રમાં જ ભક્તિ ધારણ કરવી જોઈએ. **॥૨૨૯॥**

**અવતરણિકા :-**

**अत एव –**

**અવતરણિકાર્થ :-**

**આથી જ=ચિત્તરત્નનું શાસ્ત્ર શોધન છે આથી જ, શું ? તે શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता ।**
**अत्रैवेयमतो न्याय्या, तत्प्राप्त्यासन्नभावतः ।।२३०।।**

**અન્વયાર્થ :-**

**शास्त्रे=શાસ્ત્રમાં, भक्तिः=ભક્તિ, मुक्तेः परा दूती=મુક્તિની પ્રકૃષ્ટ દૂતી, जगद्वन्द्यैः=જગદ્વંદ્ય એવા તીર્થંકરો વડે, उदिता=કહેવાઈ છે, अतः=આથી=શાસ્ત્ર પ્રત્યે ભક્તિ મુક્તિની દૂતી છે આથી, अत्रैव=અહીં જ=શાસ્ત્રમાં જ, इयम्=આ=ભક્તિ, न्याय्या=સંગત છે, तत्प्राप्त्यासन्नभावतः=કેમ કે મુક્તિની પ્રાપ્તિનો આસન્નભાવ છે=શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ મુક્તિ પ્રત્યેના આસન્નભાવવાળી છે. ।।૨૩૦।।**

**શ્લોકાર્થ :-**

**શાસ્ત્રમાં ભક્તિ મુક્તિની પ્રકૃષ્ટ દૂતી જગદ્વંદ્ય એવા તીર્થંકરો વડે કહેવાઈ છે, આથી અહીં જ આ સંગત છે; કેમ કે મુક્તિની પ્રાપ્તિનો આસન્નભાવ છે. ।।૨૩૦।।**

**ટીકા :-**

**शास्त्रे भक्तिरुक्तरूपा जगद्वन्द्यैः=जगत्त्रयपूजनीयैस्तीर्थकृद्भिः, मुक्तेर्दूती=अवशीभूतमुक्तियोषित्-समागमविधायिनी, परा=प्रकृष्टा, उदिता=निरूपिता, अत्रैव=शास्त्र एव, इयं भक्तिः अतो=मुक्तिदूती-भावादेव हेतोः, न्याय्या=सङ्गता, कुत इत्याह – तत्प्राप्त्यासन्नभावतः=मुक्तिप्राप्तेरासन्नभावात्, न हि मुक्तिप्राप्तेरनासन्नः शास्त्रभक्तिमान्सम्पद्यते, अतः शास्त्र एवेयं न्याय्येति ।।२३०।।**

**ટીકાર્થ :-**

शास्त्रे ..... न्याय्येति ।। શાસ્ત્રમાં ઉક્ત સ્વરૂપવાળી ભક્તિ=શ્લોક-૨૨૬માં કહી એવા બહુમાન સ્વરૂપવાળી ભક્તિ, જગદ્વંદ્ય વડે=ત્રણ જગતને પૂજ્ય એવા તીર્થંકરો વડે, મુક્તિની પ્રકૃષ્ટ દૂતી=અવશીભૂત

**મુક્તિરૂપી સ્ત્રીના સમાગમને કરનારી કહેવાઈ છે, અહીં જ=શાસ્ત્રમાં જ, આ=ભક્તિ, આથી=મુક્તિના દૂતીભાવને જ કારણે ન્યાય્ય છે=સંગત છે,**

**કેમ સંગત છે ? એથી કહે છે –**

**તેની પ્રાપ્તિનો આસન્નભાવ હોવાથી=મુક્તિની પ્રાપ્તિનો શાસ્ત્રની ભક્તિમાં આસન્નભાવ હોવાથી, શાસ્ત્રમાં ભક્તિ ન્યાય્ય છે, એમ અન્વય છે, મુક્તિની પ્રાપ્તિને અનાસન્નજીવ શાસ્ત્રની ભક્તિવાળો થતો નથી જ, આથી શાસ્ત્રમાં જ આ=ભક્તિ, ન્યાય્ય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૩૦॥**

**ભાવાર્થ :-**

આત્મા મન દ્વારા જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે, પરંતુ અશુદ્ધ મન મોક્ષપ્રાપ્તિનું કારણ બનતું નથી, તેથી મનના શોધન અર્થે શાસ્ત્ર જ ઉપાય છે, આથી જગદ્વંદ્ય એવા તીર્થંકરોએ કહ્યું છે કે જે શાસ્ત્ર જીવને અનુશાસન આપીને દુર્ગતિઓથી રક્ષણ કરે છે તે શાસ્ત્ર પ્રત્યે જેઓને ભક્તિ છે તે ભક્તિ અવશ્ય તેના મોક્ષને ખેંચી લાવશે; કેમ કે શાસ્ત્રથી વાસિત થયેલું ચિત્ત મોહના ઉન્માદને દૂર કરીને આત્માને નિર્મળ-નિર્મળતર કરે છે, જેથી નિર્મળ થયેલું મન ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને વીતરાગભાવની પ્રાપ્તિનું પ્રબળ કારણ બને છે, માટે શાસ્ત્રમાં જ ભક્તિ કરવી બુદ્ધિમાનને માટે ન્યાય્ય છે; કેમ કે શાસ્ત્રની ભક્તિના બળથી જ બુદ્ધિમાન પુરુષ સુખપૂર્વક મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. **॥૨૩૦॥**

**અવતરણિકા :-**

**अथ सम्यक्प्रत्ययवृत्तिश्चेत्यधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે 'અને સમ્યક્ પ્રત્યયવૃત્તિ' એને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૦માં કહેલ કે યોગમાર્ગની પ્રવૃત્તિમાં ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન છે, સત્શાસ્ત્રની પરતંત્રતા છે અને સમ્યક્ પ્રત્યયની વૃત્તિ છે. તેમાંથી ત્રણ પ્રકારનું શુદ્ધ અનુષ્ઠાન અને સત્શાસ્ત્ર પરતંત્રતા અત્યારસુધી બતાવી. હવે સમ્યક્ પ્રત્યયવૃત્તિને આશ્રયીને કહે છે –

**શ્લોક :-**

**तथात्मगुरुलिङ्गानि, प्रत्ययस्त्रिविधो मतः ।**
**सर्वत्र सदनुष्ठाने, योगमार्गे विशेषतः ।।२३१।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, सर्वत्र सदनुष्ठाने=સર્વત્ર સદનુષ્ઠાનમાં, आत्मगुरुलिङ्गानि=આત્મા, ગુરુ અને લિંગો, त्रिविधः प्रत्ययः मतः=ત્રણ પ્રકારનો પ્રત્યય મનાયો છે, विशेषतः=વિશેષથી, योगमार्गे=યોગમાર્ગમાં=યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ત્રણ પ્રકારના પ્રત્યયો આવશ્યક છે. ॥૨૩૧॥**

**શ્લોકાર્થ :-**

**અને સર્વત્ર સદનુષ્ઠાનમાં આત્મા, ગુરુ અને લિંગો ત્રણ પ્રકારનો પ્રત્યય મનાયો છે, વિશેષથી યોગમાર્ગમાં ત્રણ પ્રકારના પ્રત્યયો આવશ્યક છે. ॥૨૩૧॥**

**ટીકા :-**

**'तथा' इति वक्तव्यान्तरसमुच्चये । आत्मगुरुलिङ्गानि आत्मा च गुरुश्च लिङ्गानि चेति समासः, प्रतीयते भाव्यर्थोऽस्मादिति प्रत्ययः त्रिविधस्त्रिप्रकारो मतः सर्वत्र सदनुष्ठाने फलाविसंवादिनि प्रयोजने, योगमार्गे प्रस्तुत एव विशेषतो=विशेषेण, मत इति, अस्य सर्वसदनुष्ठानातिशायित्वात् ।।२३१।।**

**ટીકાર્થ :-**

**'तथा' इति ..... अतिशायित्वात् ।। 'तथा' એ વક્તવ્યાંતરના સમુચ્ચયમાં છે=ત્રણ પ્રકારનું શુદ્ધઅનુષ્ઠાન અને શાસ્ત્રપરતંત્રતા એ બે વક્તવ્ય કરતાં સમ્યક્ પ્રત્યયવૃત્તિ રૂપ વક્તવ્યાંતરના સમુચ્ચયમાં છે, આત્મા-ગુરુ-લિંગો – આત્મા અને ગુરુ અને લિંગો એ પ્રકારે સમાસ છે, ભાવી અર્થ પ્રતીત થાય આનાથી એ પ્રત્યય છે=જે અનુષ્ઠાન પોતાને સ્વીકારવું છે તે રૂપ ભાવી અર્થ જેનાથી નિર્ણય થાય તે પ્રત્યય છે અને તે પ્રત્યય સર્વત્ર ફલ અવિસંવાદી પ્રયોજનવાળા સદનુષ્ઠાનમાં ત્રણ પ્રકારનો મનાયો છે=આત્મા, ગુરુ અને લિંગ એ ત્રણ પ્રકારનો મનાયો છે, વિશેષથી પ્રસ્તુત જ એવા યોગમાર્ગમાં મનાયો છે; કેમ કે આનું=યોગમાર્ગનું, સર્વ સદનુષ્ઠાનમાં અતિશાયિપણું છે. ॥૨૩૧॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો માટે સદનુષ્ઠાન તે જ છે કે જે અનુષ્ઠાનના સેવનથી અપેક્ષિત એવું સુંદર ફલ તેને પ્રાપ્ત થાય અને સંસારમાં બુદ્ધિમાન પુરુષો ધર્મ-અર્થ અને કામ એવી રીતે સેવે છે કે જેથી તે ધર્મ-અર્થ અને કામના સેવનના બળથી સંસારમાં સુખની પ્રાપ્તિ કરે, અર્થાત્ ક્લેશની પ્રાપ્તિ ન કરે અને તે અનુષ્ઠાનના સેવનથી તેના અપેક્ષિત ફલને અવશ્ય પ્રાપ્ત કરે અને બુદ્ધિમાન પુરુષોને અપેક્ષિત ફલની પ્રાપ્તિ અર્થે અનુષ્ઠાન સેવન કરતા પૂર્વે આત્મ પ્રત્યય-ગુરુ પ્રત્યય અને લિંગ પ્રત્યય નિર્ણય આવશ્યક છે, તેથી જે બુદ્ધિમાન પુરુષ છે તે આત્મા પ્રત્યય આદિ દ્વારા તે અનુષ્ઠાનનું પોતાને ફળ પ્રાપ્ત થશે કે નહિ એનો નિર્ણય કરીને અવશ્ય ફળ મળે તેવું જણાય ત્યારે સ્વભૂમિકા અનુસાર તે અનુષ્ઠાન સેવીને અવશ્ય તેના ફળને પ્રાપ્ત કરે છે, આથી સદનુષ્ઠાન સેવીને તે સદા સુખી રહે છે, ક્લેશ પ્રાપ્ત કરતો નથી.

વળી સર્વ અનુષ્ઠાન કરતાં અતિશાયી સદનુષ્ઠાન યોગમાર્ગની પ્રવૃત્તિ છે, તેથી યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને પોતાને વિપરીત ફળ પ્રાપ્ત ન થાય તેના માટે બુદ્ધિમાનપુરુષ વિશેષથી આત્મ પ્રત્યય આદિ ત્રણ લિંગોથી પોતાને ઉચિત ક્યું અનુષ્ઠાન કરવું જોઈએ તેનો નિર્ણય કરીને તે રીતે પ્રવૃત્તિ કરે છે જેથી સ્વીકારેલું અનુષ્ઠાન પ્રાયઃ ઉત્તર-ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ દ્વારા કલ્યાણનું કારણ બને છે.

અહીં પ્રત્યયનો અર્થ કર્યો કે ભાવી અર્થ જેનાથી નિર્ણય થાય તે પ્રત્યય. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે અનુષ્ઠાન સેવીને પોતે તે અનુષ્ઠાનના ફળને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે ફળ રૂપ ભાવી અર્થ પોતાને પ્રસ્તુત અનુષ્ઠાનથી મળશે કે નહિ તેનો નિર્ણય કરવા અર્થે તે અનુષ્ઠાનને સ્વીકારવા પૂર્વે બુદ્ધિમાન પુરુષ પ્રથમ પોતાની શક્તિનું સમાલોચન કરે છે અને તેને જણાય કે મારા પ્રયત્નથી આ અનુષ્ઠાન ફલનું કારણ બને તે પ્રકારની ઉચિત વિધિથી હું સેવી શકું તેવી મારી શક્તિ છે તેનો નિર્ણય કરે, ત્યારપછી તે અનુષ્ઠાનવિષયક બુદ્ધિમાન પુરુષોને પૃચ્છા કરે કે 'મારી આવી શક્તિ છે અને આ અનુષ્ઠાન સેવીને હું આ ફળ પ્રાપ્ત કરી શકીશ કે નહિ' તેથી તેવા બુદ્ધિમાન ગુરુસ્થાનીય પુરુષ તેને જો કહે કે જે પ્રમાણે તારી શક્તિ જણાય છે તે પ્રમાણે તારા કૃત્યથી આ સાધ્ય છે તો કલ્યાણના અર્થી તે પુરુષને તે અનુષ્ઠાન વિષયક પોતાના ઊહથી નિર્ણય થયો અને ગુરુના વચનથી પણ નિર્ણય થયો કે અનુષ્ઠાન સેવીને હું ફળ પ્રાપ્ત કરીશ અને તે વખતે પોતાના પુણ્યથી શુભ શુકનો થતાં જણાય તો ત્રણ પ્રત્યયોથી હું આ સદનુષ્ઠાન સેવી શકીશ તેવો દૃઢ નિર્ણય થાય છે, અને બુદ્ધિમાન પુરુષે સર્વ કૃત્યોમાં એ ત્રણ પ્રત્યયોથી નિર્ણય કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ, અને વિશેષથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવા અર્થે જે ગુણસ્થાનકનું અનુષ્ઠાન પોતે સ્વીકારવા તત્પર થયો છે તે અનુષ્ઠાનને ઉચિત રીતે સેવીને તે અનુષ્ઠાનના સેવન દ્વારા ગુણસ્થાનકને અનુરૂપ ગુણવૃદ્ધિ કરી શકશે તેનો નિર્ણય અવશ્ય ત્રણ પ્રત્યયથી કરીને બુદ્ધિમાન પુરુષે પ્રવૃત્તિ કરવી જોઈએ, જેથી પોતાની સેવાયેલી પ્રવૃત્તિ નિષ્ફળ ન થાય. **॥૨૩૧॥**

**અવતરણિકા :-**

**एनमेव त्रिविधं प्रत्ययं भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ત્રણ પ્રકારના પ્રત્યયને=શ્લોક-૨૩૧માં બતાવ્યા એ જ ત્રણ પ્રકારના પ્રત્યયને ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**आत्मा तदभिलाषी स्याद्, गुरुराह तदेव तु ।**
**तल्लिङ्गोपनिपातश्च, सम्पूर्णं सिद्धिसाधनम् ।।२३२।।**

**અન્વયાર્થ :-**

आत्मा=આત્મા, तदभिलाषी स्याद्=તેનો અભિલાષી થાય=સદનુષ્ઠાનનો અભિલાષી થાય, तदेव=તેને જ=તે અનુષ્ઠાનને જ, गुरुराह=ગુરુ કહે છે, च=અને, तु=વળી, तल्लिङ्गोपनिपातः=તેના લિંગનો ઉપનિપાત=સિદ્ધિનો સૂચક લિંગનો ઉપનિપાત, सम्पूर्णं सिद्धिसाधनम्=સંપૂર્ણ સિદ્ધિનું સાધન છે. ।।૨૩૨।।

**શ્લોકાર્થ :-**

**આત્મા તેનો અભિલાષી થાય, તેને જ ગુરુ કહે છે અને વળી તેના લિંગનો ઉપનિપાત સંપૂર્ણ સિદ્ધિનું સાધન છે. ।।૨૩૨।।**

**ટીકા :-**

आत्मा सदनुष्ठानारम्भिणः पुंसोऽन्तरात्मरूपः, स्वत एव तावत्तदभिलाषी=सदनुष्ठानाभिलाषवान्, स्याद्=भवेत्, ततो गुरुर्धर्मोपदेष्टा आह=ब्रूते, तदेव तु-यदेवात्मनाभिलषितमासीत्, तल्लिङ्गोपनिपातः तस्याभिलषितस्य सिद्धिसूचकानि लिङ्गानि यानि

'नन्दीतूरं पुन्नस्स दंसणं सङ्खपडहसद्दो य ।

भिंगारछत्तचामरज्झयपडागा पसत्थाइं ।।१।।' []

इत्यादिसूत्रसिद्धानि, तेषामुपनिपातः=संनिहितता, चः समुच्चये, किमित्याह – सम्पूर्णं=समस्तं, सिद्धिसाधनं=विवक्षितफलनिष्पत्तिसूचकम् ।।२३२।।

**ટીકાર્થ :-**

आत्मा ..... निष्पत्तिसूचकम् ।। સદનુષ્ઠાનનો આરંભ કરનારા પુરુષનો અંતરાત્મારૂપ આત્મા સ્વતઃ જ તેનો અભિલાષી=સદનુષ્ઠાનના અભિલાષવાળો, થાય, ત્યારપછી ધર્મોપદેષ્ટા એવા ગુરુ તેને જ કહે, જે જ આત્મા વડે અભિલષિત હતું, તેના લિંગનો ઉપનિપાત=તે અભિલષિતની સિદ્ધિના સૂચક એવાં લિંગોની સંનિહિતતા સિદ્ધિનું સાધન છે એમ અન્વય છે. તે લિંગો કહે છે –

તેના અભિલષિતની સિદ્ધિનાં સૂચક લિંગો જે

"નંદીનું તૂર, પુણ્યશાળી પુરુષનું દર્શન, શંખનો અને પડહનો શબ્દ, ભૃંગાર, છત્ર, ચામર, ધ્વજ, પતાકા પ્રશસ્ત લિંગો છે". ()

ઈત્યાદિ સૂત્ર સિદ્ધ છે.

શ્લોકમાં રહેલો 'च' શબ્દ સમુચ્ચયમાં છે=ત્રણે પ્રત્યયોનો સમુચ્ચય કરે છે, શું ?=આ ત્રણે પ્રત્યયો શું ? એથી કહે છે – સંપૂર્ણ=સમસ્ત, સિદ્ધિનું સાધન છે=વિવક્ષિત ફલની નિષ્પત્તિનું સૂચક છે. ।।૨૩૨।।

**ભાવાર્થ :-**

જે બુદ્ધિમાન પુરુષ છે તે, જે ગુણસ્થાનક પોતાને સ્વીકારવાનો અભિલાષ છે તેના સ્વરૂપને જાણીને તેને અનુરૂપ પોતાની શક્તિ છે કે નહિ તેનો નિર્ણય કરીને પોતાની શક્તિ જે ગુણસ્થાનકને અનુરૂપ જણાય તે ગુણસ્થાનકને સ્વીકારવાનો અભિલાષ કરે છે અને ધર્મનો ઉપદેશ દેનારા ગુરુ પણ તેના શ્રવણકાળમાં વર્તતાં લિંગો દ્વારા જાણી શકે છે કે આ જીવને આ ગુણસ્થાનકનો બોધ કરાવતી વખતે તે ગુણસ્થાનક પ્રત્યે કેવા ભાવો થાય છે અને તેના બળથી ગુરુને જણાય કે આ ગુણસ્થાનકના વર્ણન પ્રત્યે તેની પ્રીતિ છે અને સાંભળતી વખતે તે ભાવો પ્રત્યે કરણ અભિલાષને કારણે થતો વીર્ય ઉલ્લાસ છે તે જણાવે છે કે આ જીવ આ ગુણસ્થાનકનું અનુષ્ઠાન સ્વીકારશે તો અવશ્ય દૃઢ પ્રયત્નપૂર્વક તે અનુષ્ઠાન સેવીને તે ગુણસ્થાનકની પરિણતિને પ્રગટ કરી શકશે, તેથી તેની યોગ્યતા જાણીને જ્યારે તે અનુષ્ઠાનના સ્વીકાર વિષયક ગુરુને પૃચ્છા કરે છે ત્યારે ગુરુ પણ તેને કહે છે કે તારા માટે આ ગુણસ્થાનકનો સ્વીકાર હિત છે, વળી પ્રાયઃ પુણ્યશાળી જીવો ગુણસ્થાનકના પારમાર્થિક સ્વરૂપને જાણીને તે ગુણસ્થાનકને સ્વીકારવાની પરિણતિવાળા થાય છે અને તે વખતે તેઓના તથાપ્રકારના પુણ્યના ઉદયથી સિદ્ધિનાં સૂચક લિંગો પ્રાપ્ત થાય છે, તેથી જેને આત્માની પ્રતીતિ, ગુરુની પ્રતીતિ ગુણસ્થાનકને અનુરૂપ પ્રાપ્ત થતી હોય અને સિદ્ધિનાં સૂચક લિંગો ત્યારે જ પ્રાપ્ત થાય તેનાથી તે બુદ્ધિમાન પુરુષ નિર્ણય કરી શકે છે કે મારું સ્વીકારાયેલું ગુણસ્થાનક સંપૂર્ણ સિદ્ધિનું સાધન થશે અર્થાત્ ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા મારી સિદ્ધિ પૂર્ણતાને પ્રાપ્ત કરશે. **॥૨૩૨॥**

**અવતરણિકા :-**

**अथ सिद्धिमेव भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સિદ્ધિને જ=આત્મ પ્રત્યયાદિ ત્રણ પ્રત્યયથી સ્વીકારાયેલા અનુષ્ઠાનથી થતી સિદ્ધિને જ, ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**सिद्ध्यन्तरस्य सद्बीजं, या सा सिद्धिरिहोच्यते ।**
**ऐकान्तिक्यन्यथा नैव, पातशक्त्यनुवेधतः ।।२३३।।**

**અન્વયાર્થ :-**

**या=જે, सिद्ध्यन्तरस्य सद्बीजं=સિદ્ધ્યંતરનું સદ્બીજ છે, सा=તે, इह=અહીં=વિદ્વાન્ પુરુષોમાં, ऐकान्तिकी सिद्धिः=એકાંતિકી સિદ્ધિ, उच्यते=કહેવાય છે, अन्यथा=અન્યથા=જે સિદ્ધિ ઉત્તરની સિદ્ધિનું કારણ નથી તેવી અન્ય પ્રકારની સિદ્ધિ, नैव=નથી જ=સર્વથા સિદ્ધિ નથી જ, पातशक्त्यनुवेधतः=કેમ કે પાતશક્તિનો અનુવેધ છે=પાત થવાના સામર્થ્યથી યુક્ત છે. ।।૨૩૩।।**

શ્લોકાર્થ :-

જે સિદ્ધ્યંતરનું સદ્બીજ છે તે અહીં એકાંતિકી સિદ્ધિ કહેવાય છે, અન્યથા નથી જ; કેમ કે પાતશક્તિનો અનુવેધ છે. ।।૨૩૩।।

ટીકા :-

सिद्‌ध्यन्तरस्य फलान्तरसिद्धिरूपस्य सद्=अवन्ध्यं, बीजं=हेतुः या, सा सिद्धिरिह=विद्वल्लोके उच्यते, कीदृशीत्याह – ऐकान्तिकी=नियमेनाऽसिद्धिरूपपरिहारवती, अन्यथा=सिद्‌ध्यन्तरसद्‌बीज-भावाऽभावे नैव=न, सर्वथा सिद्धिर्भवति, कुत इत्याह – पातशक्त्यनुवेधतः=भ्रंशसामर्थ्यानुवेधात्, तथाहि – तथाविधप्रासादादि अस्थ्यादिशल्योपघातान्महता यत्नेनोपरच्यमानमपि नोदयमासादयति किन्त्ववश्यं पतति, एवं विवक्षितसिद्धिरपि मिथ्याभिनिवेशादिपातशक्त्यनुवेधान्न निर्वाणावसानफलाय सम्पद्यते ।।२३३।।

ટીકાર્થ :-

सिद्‌ध्यन्तरस्य ..... सम्पद्यते ।। ફલાંતર સિદ્ધિરૂપ સિદ્ધ્યંતરનું જે સદ્બીજ છે=અવંધ્ય હેતુ છે તે અહીં=વિદ્વાન્ લોકમાં, સિદ્ધિ કહેવાય છે.

કેવા પ્રકારની સિદ્ધિ છે ? એથી કહે છે –

એકાંતિકી સિદ્ધિ છે=નિયમથી અસિદ્ધિના પરિહારવાળી સિદ્ધિ છે, અન્યથા=સિદ્ધ્યંતરના સદ્બીજના ભાવનો અભાવ હોતે છતે, સર્વથા સિદ્ધિ નથી જ.

કેમ સર્વથા સિદ્ધિ નથી ? એથી કહે છે –

પાતશક્તિનો અનુવેધ હોવાથી=ભ્રંશના સામર્થ્યથી યુક્ત હોવાથી, સર્વથા સિદ્ધિ નથી એમ અન્વય છે.

તે આ પ્રમાણે – તેવા પ્રકારના પ્રાસાદાદિ હાડકાં આદિ શલ્યના ઉપઘાતને કારણે મોટા યત્નથી રચાતા પણ=નિર્માણ કરાતા પણ, ઉદયને પ્રાપ્ત કરતા નથી, પરંતુ અવશ્ય પાતને પામે છે, એ રીતે વિવક્ષિત સિદ્ધિ પણ=આત્માદિ પ્રત્યયનો નિર્ણય કર્યા વગર અનુષ્ઠાનની આચરણાના સ્વીકારરૂપ વિવક્ષિત સિદ્ધિ પણ, મિથ્યાઅભિનિવેશ આદિ પાતશક્તિના અનુવેધથી=ગુણોની નિષ્પત્તિને અનુકૂળ અનુષ્ઠાનનું સેવન નહિ કરવા છતાં 'તે તે ગુણસ્થાનકનું અનુષ્ઠાન હું સેવું છું માટે તે તે ગુણસ્થાનકવાળો છું' એ પ્રકારના મિથ્યાઅભિનિવેશ આદિ રૂપ પાતશક્તિના અનુવેધથી, નિર્વાણ અવસાન ફલ માટે=મોક્ષપ્રાપ્તિરૂપ ફલ માટે, થતી નથી=તેવી સિદ્ધિ મોક્ષનું કારણ બનતી નથી. ।।૨૩૩।।

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ આત્મપ્રત્યય આદિ ત્રણ લિંગો દ્વારા યોગમાર્ગનું સદનુષ્ઠાન સ્વીકારે છે તેઓને તે ગુણસ્થાનકનું અનુષ્ઠાન કઈ રીતે ગુણનિષ્પત્તિનું કારણ બનીને ઉપરના ગુણસ્થાનકનું કારણ બને છે તેનો પરમાર્થથી બોધ છે અને તે રીતે અનુષ્ઠાનને સેવીને ગુણનિષ્પત્તિના અર્થી છે, તેથી તેઓએ સ્વીકારેલા અનુષ્ઠાનથી જે ગુણનિષ્પત્તિરૂપ સિદ્ધિ થાય છે તે ઉત્તરના ગુણસ્થાનકની સિદ્ધિનું બીજ છે, જેમ વિવેકસંપન્ન શ્રાવક દેશવિરતિનું સમ્યક્ પાલન કરીને તે પ્રકારની ચિત્તની ભૂમિકાને નિષ્પન્ન કરે છે જે સર્વવિરતિ ગુણસ્થાનકને અનુરૂપ યોગ્યતા તેનામાં પ્રગટ કરે છે, તેથી જ્યારે તે મહાત્મામાં સર્વવિરતિની યોગ્યતા પ્રગટે છે ત્યારે તેના બળથી સર્વવિરતિનો સ્વીકાર કરીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની શક્તિનો સંચય કરીને તે મહાત્મા અવશ્ય સંસારનો ઉચ્છેદ કરશે, તેથી તેની દેશવિરતિ ગુણસ્થાનકની સિદ્ધિ ઉપરના ગુણસ્થાનકની સિદ્ધિનું અવંધ્ય બીજ છે, તેથી તેની સિદ્ધિ એકાંતિકી સિદ્ધિ કહેવાય છે, અને જેઓ આત્મ પ્રત્યય આદિપૂર્વક ગુણસ્થાનકનો સ્વીકાર કરતા નથી તેથી સ્વીકારેલા ગુણસ્થાનકને અનુરૂપ તે ગુણસ્થાનકની પરિણતિ તે અનુષ્ઠાનથી પ્રાપ્ત કરી શકતા નથી, તેથી તે અનુષ્ઠાનની સિદ્ધિ પરમાર્થથી સિદ્ધિ નથી; કેમ કે પાતશક્તિનો અનુવેધ છે અર્થાત્ તેઓ જે બાહ્ય આચરણા કરે છે તે આચરણા જન્માંતરમાં સાથે આવવાની નથી, પરંતુ આ ભવમાં જ તે નાશ થવાની છે અને જે અનુષ્ઠાન આ ભવમાં સેવ્યું છે તે અનુષ્ઠાનથી કોઈ ગુણનિષ્પત્તિ થઈ નથી, તેથી સ્વીકારેલા અનુષ્ઠાનની સિદ્ધિ પાતશક્તિના અનુવેધવાળી હોવાને કારણે ઉત્તરની સિદ્ધિનું કારણ બનતી નથી, તેથી પરમાર્થથી તે સિદ્ધિ નથી.

અહીં ટીકામાં કહ્યું કે મિથ્યાઅભિનિવેશ આદિ પાતશક્તિનો અનુવેધ હોવાને કારણે વિવક્ષિત સિદ્ધિ નિર્વાણ ફલનું કારણ બનતી નથી, તેથી એ પ્રાપ્ત થાય કે પોતે જે ગુણસ્થાનક સ્વીકાર્યું છે તે ગુણસ્થાનકને અનુરૂપ ઉત્તમભાવોના સંસ્કારો આત્મામાં આધાન થાય તે રીતે જેઓ અનુષ્ઠાન સેવતા નથી અને માને છે કે 'આ વિવક્ષિત ગુણસ્થાનકની ક્રિયા હું કરું છું, તેથી આ ગુણસ્થાનકનો ધારક છું' એ પ્રકારનો જે તેઓનો બોધ છે તે મિથ્યાઅભિનિવેશ છે અને તે ગુણસ્થાનકની જે પ્રવૃત્તિ છે તે, તે ગુણસ્થાનકને અનુરૂપ નહિ હોવાથી મિથ્યા પ્રવૃત્તિ છે અને મિથ્યાઅભિનિવેશ અને મિથ્યા પ્રવૃત્તિ અનુષ્ઠાનકાળમાં વર્તતી પાતશક્તિ છે. તે પાતશક્તિવાળું અનુષ્ઠાન હોવાથી તે અનુષ્ઠાન ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બનતું નથી. માટે વિવક્ષિત એવી અનુષ્ઠાનના સ્વીકાર રૂપ સિદ્ધિ મોક્ષનું કારણ નથી તેમ ટીકાકારશ્રીએ કહેલ છે. **॥૨૩૩॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=પૂર્વશ્લોકમાં કહ્યું કે પાતશક્તિના અનુવેધવાળી સિદ્ધિ સર્વથા સિદ્ધિ નથી એ જ અર્થને, આશ્રયીને કહે છે –**

શ્લોક :-

सिद्ध्यन्तरं न सन्धत्ते, या सावश्यं पतत्यतः ।
तच्छक्त्याप्यनुविद्धैव, पातोऽसौ तत्त्वतो मतः ।।२३४।।

અન્વયાર્થ :-

या=જે=જે સિદ્ધિ=જે અનુષ્ઠાનના સેવનથી થતી અનુષ્ઠાનના અભ્યાસરૂપ બાહ્ય સિદ્ધિ, सिद्ध्यन्तरं=સિદ્ધ્યંતરનું, सन्धत्ते न=સંધાન કરતી નથી=ઉત્તરના ગુણસ્થાનકને અનુકૂળ મોહના વિગમનરૂપ નિર્મળ પરિણતિનું કારણ બનતી નથી, सा=તે=સિદ્ધિ, अवश्यं=અવશ્ય, पतति=પાત પામે છે=આયુષ્ય ક્ષય સાથે નાશ પામે છે, अतः=આથી=તે સિદ્ધિનો અવશ્ય પાત હોવાથી, तच्छक्त्यापि=તત્ શક્તિથી પણ=પાતશક્તિથી પણ, अनुविद्धा असौ=અનુવિદ્ધ એવી આ=અનુવિદ્ધ એવી સિદ્ધિ, तत्त्वतः=તત્ત્વથી, पातः एव मतः=પાત જ મનાયો છે. ।।૨૩૪।।

શ્લોકાર્થ :-

જે સિદ્ધ્યંતરનું સંધાન કરતી નથી તે અવશ્ય પાત પામે છે, આથી તત્ શક્તિથી પણ અનુવિદ્ધ એવી આ સિદ્ધિ તત્ત્વથી પાત જ મનાયો છે. ।।૨૩૪।।

ટીકા :-

सिद्ध्यन्तरं=प्रस्तुतकार्यसिद्धेः कार्यान्तरसिद्धिरूपम्, न=नैव, सन्धत्ते=घटयति, या सिद्धिः, साऽवश्यं=नियमेन, पतति=निवर्तते, अतः=अवश्यंपातात् तच्छक्त्यापि=पातशक्त्यापि, अनुविद्धा=व्याप्ता, एव-शब्दस्य भिन्नक्रमत्वात्, ततः पात एव असौ-सिद्धिः, सम्प्रत्यपातेऽपि परतस्तावत्पात एवेत्यपिशब्दार्थः, तत्त्वतः (परमार्थतः) मतः=संमतो विदुषाम् । यथा ह्यविद्यमानपुत्रपौत्रादिसन्तानः पुमान् स्वकालेऽपतन्नपि पातशक्त्यनुवेधात्परमार्थतः पात एव, तथा प्रस्तुता यमनियमादिसिद्धिरप्यनुबन्ध-विकला योजनीया पातत्वेनेति ।।२३४।।

ટીકાર્થ :-

सिद्ध्यन्तरं ..... पातत्वेनेति ।। પ્રસ્તુત કાર્યની સિદ્ધિથી=પ્રસ્તુત એવા યોગમાર્ગના અનુષ્ઠાનના સેવનના બળથી બાહ્ય અભ્યાસરૂપ કાર્યની સિદ્ધિથી, કાર્યાંતરની સિદ્ધિરૂપ સિદ્ધ્યંતર=ઉત્તરના ગુણસ્થાનકને અનુરૂપ પરિણતિરૂપ સિદ્ધ્યંતર, જે સિદ્ધિ સંધાન કરતી નથી જ=આત્મામાં નિષ્પન્ન કરતી નથી જ, તે સિદ્ધિ અવશ્ય=નિયમથી, પાત પામે છે=ભવના અંત સાથે તે બાહ્ય ક્રિયાની કુશળતા અવશ્ય નાશ પામે છે, આથી=તે સિદ્ધિનો અવશ્ય પાત હોવાથી, તેની શક્તિથી પણ=પાતશક્તિથી પણ, અનુવિદ્ધ=વ્યાપ્ત, એવી આ સિદ્ધિ તત્ત્વથી પાત જ મનાયો છે=વિદ્વાનોને સંમત છે.

**અહીં શ્લોકમાં 'अनुविद्धैव' શબ્દ છે, તેમાં રહેલ 'एव' શબ્દનું ભિન્નક્રમપણું હોવાથી=અન્ય સ્થાને યોજનપણું હોવાથી, તેનાથી=ભિન્ન સ્થાને યોજનથી 'पात एव' એ પ્રમાણે પ્રાપ્તિ છે,**

**'तत्शक्त्यापि'='पातशक्त्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે – વર્તમાનમાં 'अपात' હોવા છતાં પણ આગળમાં 'पात' જ છે એ 'अपि' શબ્દનો અર્થ છે.**

**શ્લોકનો અર્થ 'यथा'થી સ્પષ્ટ કરે છે –**

**જે પ્રમાણે અવિદ્યમાન પુત્ર-પૌત્રાદિ સંતાનવાળો પુરુષ સ્વકાળમાં=પોતાના જીવનકાળમાં, પાત નહિ પામતો પણ પાતશક્તિના અનુવેધને કારણે=મૃત્યુ પામશે ત્યારે તેની સંતાનપરંપરાનો નાશ થશે તેવી પાતશક્તિનો અનુવેધ હોવાને કારણે, પરમાર્થથી પાત જ છે=તેના સંતાનનો નાશ જ છે, તે પ્રમાણે પ્રસ્તુત યમ-નિયમાદિની સિદ્ધિ પણ=જેઓ બાહ્ય આચરણાથી યમ-નિયમાદિ સેવે છે અને તે બાહ્યઆચરણામાં કુશળ થયા છે તે રૂપ સિદ્ધિ પણ, અનુબંધવિકલ=પ્રણિધાન આશય દ્વારા ગુણાધાનના અનુબંધવિકલ, પાતપણાથી યોજન કરવી.**

**'इति' શબ્દ 'यथा'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ॥૨૩૪॥**

**ભાવાર્થ :-**

જે જીવો વિવેકપૂર્વક યોગમાર્ગના ગુણસ્થાનકનો સ્વીકાર કરતા નથી તેઓ તે ગુણસ્થાનકના સેવન દ્વારા તે ગુણસ્થાનકની બાહ્યક્રિયાની કુશળતારૂપ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. તે તે સિદ્ધિ તે તે ગુણસ્થાનકને અનુરૂપ ગુણનિષ્પત્તિને અનુકૂળ પ્રણિધાનના આશયપૂર્વક નહિ સેવાયેલી હોવાથી ઉત્તરના ગુણસ્થાનકનું કારણ થતી નથી, વર્તમાન જન્મમાં અભ્યાસ કરાયેલી બાહ્યક્રિયાની સિદ્ધિ આયુષ્યની સમાપ્તિ સાથે નિયમથી પાત પામે છે, તેથી તેવી પાતશક્તિવાળી તે સિદ્ધિને વિદ્વાનપુરુષો તત્ત્વથી પાત જ કહે છે અર્થાત્ તે અનુષ્ઠાનની સિદ્ધિ નથી, પરંતુ તે અનુષ્ઠાનની આચરણા પરમાર્થથી યોગમાર્ગના નાશરૂપ જ છે એમ વિદ્વાનો કહે છે, જેમ કોઈ પુરુષ વર્તમાન ભવમાં જીવતો હોય, પરંતુ તેનાં પુત્ર-પૌત્રાદિ સંતાનો ન હોય તો તેના મૃત્યુ પછી તેનો વંશ વિદ્યમાન રહેવાનો નથી, તેથી તે પુરુષ વંશ વગરનો છે તેમ કહેવાય છે તેમ જેઓ બાહ્ય યમ-નિયમની આચરણા કરે છે અને તે આચરણા દ્વારા ગુણનિષ્પત્તિને અનુકૂળ કોઈ વ્યાપાર કરતા નથી તેઓની તે બાહ્ય આચરણા જન્માંતરમાં સાથે જવાની નથી અને તે આચરણા દ્વારા જન્માંતરમાં સાથે જાય તેવા ઉત્તમ સંસ્કારો તેણે પ્રાપ્ત કર્યા નથી, તેથી તેની યમ-નિયમની ક્રિયા પાતશક્તિના અનુવેધને કારણે પાત જ છે. **॥૨૩૪॥**

**અવતરણિકા :-**

**अथैतद्विपर्ययमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના વિપર્યયને=પાતશક્તિ અનુવિદ્ધ સિદ્ધિ કરતાં વિપર્યયવાળી પાતશક્તિ અનનુવિદ્ધ એવી સિદ્ધિને, કહે છે –**

શ્લોક :-

सिद्ध्यन्तराङ्गसंयोगात्, साध्वी चैकान्तिकी भृशम् ।
आत्मादिप्रत्ययोपेता तदेषा नियमेन तु ।।२३५।।

અન્વયાર્થ :-

च=વળી, सिद्ध्यन्तराङ्गसंयोगात्=સિદ્ધ્યંતરનાં અંગોનો સંયોગ હોવાથી=ઉત્તરના ગુણસ્થાનકની નિષ્પત્તિના કારણભૂત એવા હેતુઓનો સંયોગ હોવાથી, एकान्तिकी=એકાંતિકી સિદ્ધિ, भृशम्=અત્યંત, साध्वी=સુંદર છે, तद्=તે કારણથી, एषा=આ=એકાંતિકી સિદ્ધિ, नियमेन तु=નિયમથી જ, आत्मादि-प्रत्ययोपेता=આત્માદિ પ્રત્યયયુક્ત છે. ।।૨૩૫।।

શ્લોકાર્થ :-

**વળી સિદ્ધ્યંતરનાં અંગોનો સંયોગ હોવાથી એકાંતિકી સિદ્ધિ અત્યંત સુંદર છે, તે કારણથી આ નિયમથી જ આત્માદિ પ્રત્યયયુક્ત છે. ।।૨૩૫।।**

ટીકા :-

सिद्ध्यन्तराङ्गसंयोगात्=सिद्ध्यन्तराणां प्रस्तुतसिद्धेरन्यसिद्धिविशेषाणां यान्यङ्गानि हेतवस्तेषां संयोगान्मीलनात्, साध्वी च=सङ्गता पुनः, ऐकान्तिकी सिद्धिः पातविकला भृशं=अत्यर्थं परंपरयाप्य-सिद्धिरूपपरिहारात् आत्मादिप्रत्ययोपेता=आत्मगुरुलिङ्गप्रतीतिसङ्गता, तत्=तस्मात्, एषा=ऐकान्तिकी सिद्धिः, नियमेन तु=अवश्यंतयैव वर्तते, आत्मादिप्रत्ययस्यैव सिद्ध्यन्तराऽवन्ध्यहेतुत्वात् ।।२३५।।

ટીકાર્થ :-

सिद्ध्यन्तराङ्गसंयोगात् ..... सिद्ध्यन्तराऽवन्ध्यहेतुत्वात् ।। વળી સિદ્ધ્યંતરના અંગના સંયોગથી= પ્રસ્તુત સિદ્ધિથી અન્યસિદ્ધિવિશેષરૂપ સિદ્ધ્યંતરનાં જે અંગો અર્થાત્ હેતુઓ તેઓના મિલનથી સાધ્વી=સંગત, એકાંતિકી સિદ્ધિ અત્યંત પાતશક્તિવિકલ છે; કેમ કે પરંપરાથી પણ અસિદ્ધિરૂપનો પરિહાર છે=વર્તમાનની સિદ્ધિની ઉત્તરમાં અવશ્ય સિદ્ધ્યંતરની પ્રાપ્તિ હોવાથી અસિદ્ધિના સ્વરૂપનો પરિહાર છે, તે કારણથી આ=એકાંતિકી સિદ્ધિ, નિયમથી જ=અવશ્યપણાથી જ, આત્માદિ પ્રત્યયયુક્ત=આત્મા-ગુરુ અને લિંગની પ્રતીતિથી યુક્ત, વર્તે છે; કેમ કે આત્માદિ પ્રત્યયનું જ સિદ્ધ્યંતરનું અવંધ્યહેતુપણું છે. ।।૨૩૫।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ જે ગુણસ્થાનકની પરિણતિ સ્વીકારે છે અને તે ગુણસ્થાનકનું અનુષ્ઠાન જે પ્રકારના વીતરાગભાવને અનુકૂળ પરિણતિની નિષ્પત્તિનું કારણ છે એ પ્રકારના પરિણામને લક્ષ્ય કરીને તે લક્ષ્ય સાથે બદ્ધચિત્તવાળા થઈને તે અનુષ્ઠાનને સેવે છે તેઓની તે અનુષ્ઠાનની ક્રિયા વીતરાગતાને અનુકૂળ

ભાવોના સંસ્કારોનું આધાન થાય તે પ્રકારના ઉપયોગથી અનુવિદ્ધ હોય છે, તેથી તે ક્રિયાથી જે સંસ્કારોનું આધાન થાય છે તે સંસ્કારો ઉત્તરના ગુણસ્થાનકનાં અંગો છે, તેથી તેઓ વર્તમાનમાં જે બાહ્ય અનુષ્ઠાન સેવે છે અને તેમાં કુશળતાની પ્રાપ્તિરૂપ જે સિદ્ધિને પ્રાપ્ત કરે છે તે સિદ્ધિ ઉત્તરના ગુણસ્થાનકના અંગોથી મિલિત છે, તેથી તેઓની એકાંતિકી સિદ્ધિ અત્યંત પાતશક્તિવિકલ છે; કેમ કે અનુષ્ઠાનના સેવનકાળમાં સંવરભાવને અનુકૂળ ઉચિત અભ્યાસ સાથે સંવરભાવના સંસ્કારોનું આધાન થયેલ છે, તેથી તે સંવરભાવના સંસ્કારોના બળથી ઉત્તરના ગુણસ્થાનકના સંવરભાવની શક્તિની પ્રાપ્તિ થાય છે, આ રીતે ઉત્તરના ગુણસ્થાનકનું કારણ બને તેવા ઉત્તમ સંસ્કારોનું આધાન કરે તેવી સિદ્ધિ પાતશક્તિવિકલ સિદ્ધિ છે અને એકાંતિકી એવી આ સિદ્ધિ નિયમથી આત્માદિ ત્રણ પ્રત્યયથી યુક્ત હોય છે; કેમ કે ઉપદેશશ્રવણકાળમાં તે મહાત્માને તે તે ગુણસ્થાનકની પરિણતિને અનુરૂપ આ ક્રિયાઓ સેવીને પોતે તે તે ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકશે તેવો નિર્ણય સ્વપ્રજ્ઞાથી થયેલો અને ગુરુની પ્રજ્ઞાથી પણ તેને નિર્ણય થયેલો કે આ જીવ આ ગુણસ્થાનક સ્વીકારીને અવશ્ય ગુણસ્થાનકના પરિણામને કરી શકશે અને તે વખતે સિદ્ધિનાં સૂચક લિંગોની પણ પ્રાપ્તિ થયેલી, તેથી તે મહાત્મા ઉત્સાહપૂર્વક સ્વભૂમિકા અનુસાર સ્વીકારાયેલા ગુણસ્થાનકને સેવીને તે તે ઉત્તરના ગુણસ્થાનકની પરિણતિને અવશ્ય પ્રાપ્ત કરે છે. **॥૨૩૫॥**

**અવતરણિકા :-**

**एतदेव समर्थयते –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=એકાંતિકી સિદ્ધિના હેતુ આત્માદિ પ્રત્યય છે એને જ, સમર્થન કરે છે –**

**શ્લોક :-**

**न ह्युपायान्तरोपेयमुपायान्तरतोऽपि हि ।**
**हाठिकानामपि यतस्तत्प्रत्ययपरो भवेत् ।।२३६।।**

**અન્વયાર્થ :-**

**यतः=જે કારણથી, हाठिकानामपि=હાઠિકોને પણ=અનુપાયથી પણ ઉપેયને સાધવાનો દૃઢ સંકલ્પ કર્યો છે તેવા હાઠિકોને પણ, उपायान्तरोपेयम्=ઉપાયાંતરથી ઉપેય,=ઉપાયાંતરથી સાધ્ય, उपायान्तरतोऽपि हि=ઉપાયાંતરથી પણ, न हि=નથી જ, तत्=તે કારણથી, प्रत्ययपरः=આત્માદિ પ્રત્યય પરાયણ, भवेत्=થાય=એકાંતિકી સિદ્ધિને ઇચ્છતો યોગી થાય. ॥૨૩૬॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી હાઠિકોને પણ ઉપાયાંતરથી ઉપેય ઉપાયાંતરથી પણ નથી જ, તે કારણથી આત્માદિપ્રત્યય પરાયણ થાય. ॥૨૩૬॥**

**ટીકા :-**

**न हि=नैव, उपायान्तरोपेयं=मृत्पिण्डाद्युपायान्तरसाध्यं घटादिकार्यम्, उपायान्तरतोऽपि हि= सूत्रपिण्डाद्युपायान्तरादपि, भवति हाठिकानामपि=बलात्कारचारिणां, किं पुनस्तदन्यथाचारिणामित्य-पिशब्दार्थः, यतः=यस्मात्, तत्=तस्मात् प्रत्ययपरः=आत्मादिप्रत्ययपरायणः, भवेत्=स्यात्, ऐकान्तिकीं सिद्धिमभिलषन् योगी, तस्यास्तदेकहेतुत्वात्, यथा हि कुम्भकारादिः सन्निहितमृत्पिण्डादिसर्वस्वोप-करणोऽपि न पटादि साधयितुमलं, तदुपकरणाभावात्, तथात्मादिप्रत्ययविकलस्तदन्यानुष्ठानवानपि योगी नैकान्तिकीं सिद्धिमाराधयितुं समर्थः स्यात् ।।२३६।।**

**ટીકાર્થ :-**

**न हि=नैव ..... स्यात् ।। જે કારણથી ઉપાયાંતરથી ઉપેય=મૃત્પિંડાદિ ઉપાયાંતરથી સાધ્ય એવું ઘટાદિ કાર્ય, ઉપાયાંતરથી પણ=સૂત્રપિંડાદિરૂપ તંતુનો સમૂહ આદિ સ્વરૂપ ઉપાયાંતરથી પણ, હાઠિકોને પણ=બલાત્કારચારિને પણ, થતું નથી જ, તે કારણથી પ્રત્યયપર=આત્માદિપ્રત્યયપરાયણ થાય=એકાંતિકી સિદ્ધિને ઇચ્છતો યોગી થાય; કેમ કે તેનું=એકાંતિકી સિદ્ધિનું, તદ્ એકહેતુપણુ છે=આત્મપ્રત્યયાદિ એક હેતુપણું છે, જે પ્રમાણે કુંભારાદિ સન્નિહિત મૃત્પિંડાદિ સર્વ સ્વઉપકરણવાળો પણ પટાદિને સાધવા માટે સમર્થ નથી; કેમ કે તેના ઉપકરણનો અભાવ છે=પટાદિની સામગ્રીનો અભાવ છે, તે પ્રમાણે આત્માદિ પ્રત્યયવિકલ તેનાથી અન્ય અનુષ્ઠાનવાળો પણ યોગી, એકાંતિકી સિદ્ધિને આરાધવા માટે સમર્થ થતો નથી.**

**શું વળી તેનાથી અન્યથાચારિનું ?=હાઠિકોથી અન્યથાચારિનું ? એ પ્રકારનો 'हाठिकानामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૨૩૬॥**

**ભાવાર્થ :-**

જે કાર્ય જે કારણથી થાય છે તે કાર્યમાં અન્ય કાર્યની સામગ્રીથી હઠપૂર્વક પ્રયત્ન કરનારા જીવો પણ તે કાર્યસિદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી, જેમ યોગમાર્ગની આદ્યભૂમિકારૂપ સમ્યક્ત્વનો અર્થી જીવ સમ્યક્ત્વપ્રાપ્તિના ઉચિત ઉપાયોનો ગીતાર્થ આદિ પાસેથી યથાર્થ નિર્ણય કરીને તેની પ્રાપ્તિના ઉચિત ઉપાયમાં દૃઢ યત્ન કરે તો અવશ્ય તે ઉપાયથી તે ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે, પરંતુ કદાગ્રહને વશ સમ્યક્ત્વના ઉચિત ઉપાયોને છોડીને અન્ય જે તે કાર્યના ઉપાયોને સેવીને સમ્યક્ત્વ પ્રાપ્તિ કરવાની ઇચ્છા કરે તોપણ વિપરીત કારણમાં દૃઢ પ્રયત્નથી પણ તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકતો નથી, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિના અર્થી જીવે સમ્યક્ત્વના ઉચિત ઉપાયો શું છે ? તેનો નિર્ણય કરીને ધીરતાપૂર્વક તેના ઉપાયોને કઈ રીતે સેવવા જોઈએ જેથી તે ઉપાયોના બળથી સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેને જાણવા યત્ન કરવો જોઈએ અને ઉપાયનો યથાર્થ બોધ થાય અને પોતે તે ઉપાયને સેવી શકે તેમ છે તેવો સ્પષ્ટ નિર્ણય થાય, ઉપદેશક ગુરુ પણ તેના શ્રવણકાળના ભાવોને જોઈને કહે કે તારા માટે આ પ્રકારના યત્નથી સમ્યક્ત્વ સાધ્ય છે આ રીતે આત્મપ્રત્યયથી અને

ગુરુ પ્રત્યયથી નિર્ણય થાય તે વખતે સિદ્ધિસૂચક લિંગોની પ્રાપ્તિ થાય ત્યારે તે ત્રણ પ્રત્યયપૂર્વક સમ્યક્ત્વના ઉપાયમાં યત્ન કરે તો અવશ્ય કાર્યની સિદ્ધિની પ્રાપ્તિ થાય. તે રીતે સંસારવર્તી સર્વ કાર્યો તેના કારણથી જ થાય છે, અન્ય કાર્યના કારણથી થતાં નથી. વળી યોગમાર્ગની સર્વભૂમિકાઓ પણ આત્મ પ્રત્યયાદિપૂર્વક જ થાય છે, અન્યથા યથાતથા પ્રવૃત્તિ કરવાથી કોઈ ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. **॥૨૩૬॥**

**અવતરણિકા :-**

**अथामुमेव पुरस्कुर्वन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આને જ પુરસ્કાર કરતાં=ગુણસ્થાનકની સિદ્ધિમાં આત્માદિપ્રત્યય જ હેતુ છે એને જ સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**पठितः सिद्धिदूतोऽयं, प्रत्ययो ह्यत एव हि ।**
**सिद्धिहस्तावलम्बश्च, तथान्यैर्मुख्ययोगिभिः ।।२३७।।**

**અન્વયાર્થ :-**

**अत एव हि=આથી જ=એકાંતિક સિદ્ધિના હેતુ હોવાથી જ, अयं प्रत्ययः=આ પ્રત્યય, सिद्धिदूतः=સિદ્ધિનો દૂત, च=અને, सिद्धिहस्तावलम्बः=સિદ્ધિનો હસ્તાવલંબન છે, तथा=તે પ્રકારે, अन्यैर्मुख्ययोगिभिः=અન્ય મુખ્ય યોગીઓ વડે, हि=સ્પષ્ટ, पठितः=કહેવાયો છે. ।।૨૩૭।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ આ પ્રત્યય સિદ્ધિનો દૂત અને સિદ્ધિનો હસ્તાવલંબન છે, તે પ્રકારે અન્ય મુખ્ય યોગીઓ વડે સ્પષ્ટ કહેવાયો છે. ।।૨૩૭।।**

**ટીકા :-**

**पठितो=निरूपितः, सिद्धिदूतः=सिद्धिसमागमहेतुः, अयं=आत्मादिप्रत्ययः, हि=स्फुटम्, अत एव हि=ऐकान्तिकसिद्धिहेतुत्वादेव हेतोः, सिद्धिहस्तावलम्बश्च=सिद्धौ तथाविधप्रासादशृंग इवारोढुमनसां हस्तावलम्बसदृशः, चः समुच्चये, 'तथा' इति तत्प्रकारैरन्यैः=नेपथ्यमात्रभेदतोऽस्मद्विलक्षणैः मुख्ययोगिभिः=शुद्धमार्गदर्शितया तत्त्वरूपैर्धार्मिकैरिति ।।२३७।।**

**ટીકાર્થ :-**

**पठितो ..... तत्त्वरूपैर्धार्मिकैरिति ।। આથી જ=એકાંતિકસિદ્ધિનું હેતુપણું હોવાથી જ, આ=આત્માદિ પ્રત્યય, हि=સ્પષ્ટ, સિદ્ધિનો દૂત=સિદ્ધિસમાગમનો હેતુ, કહેવાયો છે=નિરૂપણ કરાયો છે, અને**

**સિદ્ધિમાં હસ્તાવલંબન કહેવાયો છે=તેવા પ્રકારના પ્રાસાદના શિખર જેવી સિદ્ધિમાં આરોહણ કરવાની ઈચ્છાવાળા જીવોના હસ્તાવલંબનસદૃશ આત્માદિ પ્રત્યય છે એમ કહેવાયું છે એમ અન્વય છે.**

**'च' સમુચ્ચયમાં છે=સિદ્ધિદૂત અને સિદ્ધિહસ્તાવલંબન એ બે વિશેષણના સમુચ્ચય માટે છે.**

**'तथा' 'તે પ્રકારથી'ના અર્થમાં છે, તેથી એ પ્રાપ્ત થાય કે આ આત્માદિ પ્રત્યય સિદ્ધિનો દૂત અને સિદ્ધિની પ્રાપ્તિમાં હસ્તાવલંબન છે તે પ્રકારે અન્ય એવા મુખ્ય યોગીઓ વડે=વેશમાત્રના ભેદથી અમારાથી વિલક્ષણ અર્થાત્ જૈનસાધુથી વિલક્ષણ એવા શુદ્ધમાર્ગદર્શિપણાથી તત્ત્વરૂપધાર્મિકો વડે=તત્ત્વને પામેલા એવા ધાર્મિક યોગીઓ વડે, કહેવાયું એમ પૂર્વ સાથે સંબંધ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૩૭॥**

**ભાવાર્થ :-**

અન્ય દર્શનમાં પણ કેટલાક યોગીઓ યોગમાર્ગની પ્રાપ્તિના ઉપાયોને નિર્મળ ચક્ષુથી યથાર્થ જોનારા છે, તેથી વેશમાત્રથી જૈનસાધુથી વિલક્ષણ છે, પરંતુ તત્ત્વને જોવામાં સદૃશ છે, જેમ જિનના વચનને પામેલા જૈન સાધુઓ તત્ત્વને યથાર્થ જોનારા હોય છે તેમ અન્ય દર્શનમાં પણ શુદ્ધમાર્ગને જોનારા મુખ્ય યોગીઓ જે જે અંશથી તત્ત્વને યથાર્થ જોનારા છે તે અંશથી તેઓ સર્વજ્ઞના કહેલા કથનને જ યથાર્થ કહેનારા છે અને તેઓ સંસારના ઉચ્છેદના અર્થી હોવાથી સંસારના ઉચ્છેદના ઉપાયોને સેવવાના વિષયમાં કહે છે કે આત્મપ્રત્યય-ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય એ ત્રણ સિદ્ધિના દૂતો છે; કેમ કે જે પ્રકારના પ્રત્યયપૂર્વક જે યોગી જે અનુષ્ઠાન સ્વીકારે છે તે યોગીને તે પ્રત્યયપૂર્વક સેવાયેલું અનુષ્ઠાન અવશ્ય તે અનુષ્ઠાનથી નિષ્પાદ્યગુણને સાધનારું બને છે, તેથી આ અનુષ્ઠાન કયા પ્રકારના પરિણામપૂર્વક સેવવું જોઈએ તેનું જ્ઞાન કરીને તે રીતે પોતે તે અનુષ્ઠાન સેવી શકશે તેના નિર્ણય માટે 'આત્માદિ પ્રત્યય' આવશ્યક છે અને જે મહાત્મા આત્માદિ પ્રત્યયથી તેનો નિર્ણય કરીને તે અનુષ્ઠાન સેવે છે તે મહાત્મા ઉત્તર ઉત્તરના અનુષ્ઠાનને પ્રાપ્ત કરીને અવશ્ય મોક્ષમાં જાય છે. તેથી આત્માદિ પ્રત્યય સિદ્ધિની પ્રાપ્તિ માટે દૂત તુલ્ય છે.

વળી જેઓ આ રીતે અનુષ્ઠાન સેવે છે તેઓ ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનની સિદ્ધિ દ્વારા જે ભૂમિકામાં આરોહણ કરવાની ઇચ્છા કરે છે તે ભૂમિકાની પ્રાપ્તિ કરાવવા માટે આત્માદિ પ્રત્યયો હસ્તાવલંબન છે; કેમ કે તે યોગી આત્માદિ પ્રત્યયપૂર્વક જે જે અનુષ્ઠાન સેવશે તેનાથી ઉત્તરના અનુષ્ઠાનની ભૂમિકાને પામીને ઉત્તરના યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા સમર્થ બનશે અને તે રીતે ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનને પામીને જે તેને પ્રાપ્ત કરવું છે તે હાથના અવલંબન જેટલું દૂર છે અધિક દૂર નથી; કેમ કે જે યોગી આ રીતે યોગમાર્ગને સેવે છે તે યોગી ઉત્તર-ઉત્તરના યોગમાર્ગના સહાયક એવા ભવને પામીને થોડા કાળમાં અર્થાત્ અનંત કાળની અપેક્ષાએ હસ્તાવલંબન જેટલા કાળમાં સર્વ કર્મોનો નાશ કરીને મોક્ષરૂપ અંતિમ સિદ્ધિને પ્રાપ્ત કરશે. **॥૨૩૭॥**

**અવતરણિકા :-**

શ્લોક-૨૩૭માં કહ્યું કે આત્માદિ પ્રત્યય સિદ્ધિનો દૂત છે, ત્યાં પ્રશ્ન થાય કે મોક્ષના અર્થી પણ સર્વ જીવો આત્માદિ પ્રત્યયપૂર્વક કેમ ઉચિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરતા નથી ? તેથી કેવા જીવો આત્માદિ પ્રત્યયપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે અને કેવા જીવો આત્માદિ પ્રત્યયપૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

अपेक्षते ध्रुवं ह्येनं, सद्योगारम्भकस्तु यः ।
नान्यः प्रवर्तमानोऽपि, तत्र दैवनियोगतः ।।२३८।।

**અન્વયાર્થ :-**

यः=જે કોઈ, सद्योगारम्भकस्तु=સદ્યોગનો આરંભક જ છે, एनं=તે આને=આત્માદિ પ્રત્યયને, ध्रुवं हि=નક્કી જ, अपेक्षते=અવલંબન કરે છે, तत्र=ત્યાં=યોગમાર્ગમાં, दैवनियोगतः=કર્મની પરતંત્રતાથી, प्रवर्तमानोऽपि=પ્રવર્તમાન પણ, अन्यः=અન્ય=વિષયશુદ્ધ-સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારો, अपेक्षते न=અવલંબન લેતો નથી=આત્માદિ પ્રત્યયનું અવલંબન લેતો નથી. ।।૨૩૮।।

**શ્લોકાર્થ :-**

**જે કોઈ સદ્યોગનો આરંભક જ છે તે આને નક્કી જ અવલંબન કરે છે, ત્યાં કર્મની પરતંત્રતાથી પ્રવર્તમાન પણ અન્ય અવલંબન લેતો નથી. ।।૨૩૮।।**

**ટીકા :-**

अपेक्षते=अवलम्बते, ध्रुवं हि=ध्रुवमेव, एनं=आत्मादिप्रत्ययम्, क ? इत्याह – सद्योगारम्भकस्तु= सानुबन्धयोगारम्भक एव, यः=कश्चित्, व्यवच्छेद्यमाह – न=नैव, अन्यः=विषयस्वरूपशुद्धप्रथम-द्वितीयानुष्ठानविधाता, कीदृश ? इत्याह – प्रवर्तमानोऽपि किं पुनरितररूप इत्यपिशब्दार्थः, तत्र= योगे, दैवनियोगतः=तथाविधकर्मपारतन्त्र्यात्, अज्ञस्य हि तत्त्वपरिज्ञानशून्यतयाऽअलब्धात्मलाभस्य सर्वत्र प्रवृत्तौ कर्मपारन्त्र्यमेव हेतुर्न पुनस्तत्त्वज्ञानं, विवेकिलोकापेक्षणीयत्वात्तस्य ।।२३८।।

**ટીકાર્થ :-**

अपेक्षते ..... विवेकिलोकापेक्षणीयत्वात्तस्य ।। જે કોઈ સદ્યોગ આરંભક જ=સાનુબંધયોગનો આરંભક જ, છે તે આને=આત્માદિ પ્રત્યયને, ધ્રુવ જ અવલંબન લે છે, વ્યવચ્છેદ્યને કહે છે – અન્ય= વિષયશુદ્ધ અને સ્વરૂપશુદ્ધ એવા પ્રથમ અને બીજા અનુષ્ઠાનને કરનારો અન્ય જીવ, કેવો ? એથી

**કહે છે – ત્યાં=યોગમાર્ગમાં, પ્રવર્તમાન પણ દૈવના નિયોગથી=તેવા પ્રકારના કર્મના પરતંત્રપણાથી= યોગમાર્ગની પ્રવૃત્તિ વિષયક સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રવૃત્તિના બાધક કર્મના પરતંત્રપણાથી, અવલંબન લેતો નથી જ=આત્માદિ પ્રત્યયનું અવલંબન લેતો નથી જ. એમ અન્વય છે.**

**વળી, ઈતરરૂપનું=અપ્રવર્તમાનનું, શું કહેવું ? એ પ્રમાણે 'प्रवर्तमानोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**'हि'=જે કારણથી તત્ત્વપરિજ્ઞાનથી શૂન્યપણું હોવાને કારણે અલબ્ધ આત્મલાભવાળા અજ્ઞનું સર્વ પ્રવૃત્તિઓમાં કર્મપારતંત્ર્ય જ હેતુ છે, પરંતુ તત્ત્વજ્ઞાન નહિ; કેમ કે તેનું=તત્ત્વજ્ઞાનનું, વિવેકિલોકથી અપેક્ષણીયપણું છે. ॥૨૩૮॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ સર્વજ્ઞના વચનાનુસાર સદ્યોગના આરંભક છે તેઓ સંસારના ઉચ્છેદના કારણીભૂત યોગમાર્ગનો યથાર્થ બોધ કરીને આત્માદિ પ્રત્યય દ્વારા પોતાની ભૂમિકાને અનુસાર ઉચિત અનુષ્ઠાનનો નિર્ણય કરીને પ્રવૃત્તિ કરે છે; કેમ કે તેઓ સાનુબંધ યોગના જ આરંભક છે.

વળી જેઓ સંસારથી ભય પામ્યા છે મોક્ષના અર્થી છે, છતાં પૂર્ણ વિવેકચક્ષુ પ્રગટ થઈ નથી તેવા વિષયશુદ્ધ અને સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન કરનારા જીવો યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, તોપણ તેવા પ્રકારના કર્મને પરતંત્ર જ પ્રવૃત્તિ કરે છે, પરંતુ ક્ષયોપશમભાવથી પ્રવૃત્તિ કરતા નથી.

આશય એ છે કે કયા પ્રકારની ઉચિત પ્રવૃત્તિ ઉત્તરોત્તર વૃદ્ધિ દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ બનશે તે પ્રકારના તત્ત્વના પરિજ્ઞાનથી શૂન્ય હોવાને કારણે પોતાના આત્માના હિતને જોવાને અનુકૂળ નિર્મળતાની પ્રાપ્તિ તેઓને થઈ નથી, તેથી સંસારની પ્રવૃત્તિ તો તેવા જીવો કર્મને પરતંત્ર કરે છે, પરંતુ યોગમાર્ગની પ્રવૃત્તિ પણ કંઈક અંશે કર્મને પરતંત્ર જ કરે છે, તેથી તેઓ મોક્ષના અર્થી હોવા છતાં પણ શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ મોક્ષના અર્થે પ્રવૃત્તિ કરીને પણ કંઈક અંશથી કર્મઅર્જનનું કાર્ય કરે છે, જેનાથી સંસારના પરિભ્રમણના ફળની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે વિષયશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવોની યોગમાર્ગની પ્રવૃત્તિ નિષ્ફળ છે, ફક્ત મોક્ષનો આશય મોક્ષને અનુકૂળ છે, સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાનવાળા જીવોનો મોક્ષનો આશય અને કંઈક યોગની પ્રવૃત્તિ મોક્ષને અનુકૂળ છે, તોપણ અજ્ઞાનને વશ ઘણી પ્રવૃત્તિ મોક્ષને પ્રતિકૂળ છે.

વળી સાનુબંધ યોગના આરંભક જીવોની મોક્ષની ઇચ્છા અને મોક્ષની પ્રવૃત્તિ તો મોક્ષને અનુકૂળ છે, પરંતુ ભોગાદિના પ્રવૃત્તિકાળમાં પણ વર્તતો વિવેક મોક્ષને અનુકૂળ છે, તેથી સદ્યોગ આરંભક જીવો જ અલ્પકાળમાં સંસારના ઉચ્છેદરૂપ સિદ્ધિને પ્રાપ્ત કરે છે. **॥૨૩૮॥**

**અવતરણિકા :-**

किञ्च –

**અવતરણિકાર્થ :-**

વળી=પૂર્વશ્લોકમાં કહ્યું કે સદ્યોગ આરંભક જ આત્માદિ પ્રત્યયની અપેક્ષા રાખે છે અન્ય નહિ એ કથનમાં જ સમુચ્ચય કરવા અર્થે 'किञ्च'થી કહે છે –

**શ્લોક :-**

आगमात्सर्व एवाऽयं, व्यवहारः स्थितो यतः ।
तत्रापि हाठिको यस्तु, हन्ताऽज्ञानां स शेखरः ।।२३९।।

**અન્વયાર્થ :-**

यतः=જે કારણથી, आगमात्=આગમથી, सर्व एव अयं व्यवहारः=સર્વ જ આ વ્યવહાર, स्थितः=રહેલો છે, तत्रापि=ત્યાં પણ=યોગમાર્ગની પ્રવૃત્તિમાં પણ, यस्तु हाठिकः=જે વળી હાઠિક છે=આગમ નિરપેક્ષ સ્વવિકલ્પથી પ્રવૃત્તિ કરનાર છે, हन्त=હન્ત, स अज्ञानां शेखरः=તે અજ્ઞોનો શેખર છે. ।।૨૩૯।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આગમથી સર્વ જ આ વ્યવહાર રહેલો છે, ત્યાં પણ જે વળી હાઠિક છે, હન્ત તે અજ્ઞોનો શેખર છે. ।।૨૩૯।।**

**ટીકા :-**

आगमाद्=गुरुवचनप्रत्ययरूपात् सर्व एव=निखिलोऽपि, अयं=योगमार्गोपयोगी, व्यवहारो हेयोपादेययोर्हानोपादानरूपः स्थितः=प्रतिष्ठितः, यतो=यस्मात्, अतीन्द्रियफलत्वात्तस्य, अतीन्द्रियफलेषु चानुष्ठानेषु शास्त्रस्यैव प्रवृत्तिहेतुत्वात्, ततस्तत्रापि=आगमाधीने व्यवहारे, किं पुनरितररूप इत्यपिशब्दार्थः, हाठिकः=स्वविकल्पप्रवृत्त्यागमनिरपेक्षत्वेन बलात्कारचारी, यस्तु=यः पुनर्योगी 'हन्त' इति सन्निहितसभ्या-मन्त्रणम्, (अज्ञानां) स शेखरः=शिरोमणिर्वर्तते, अनुपायप्रवृत्तत्वात्तस्य ।।२३९।।

**ટીકાર્થ :-**

आगमाद् ..... अनुपायप्रवृत्तत्वात्तस्य ।। જે કારણથી ગુરુવચનના પ્રત્યયરૂપ આગમથી સર્વ જ=નિખિલ પણ, આ=યોગમાર્ગના ઉપયોગી હેયના ત્યાગરૂપ અને ઉપાદેયના સ્વીકારરૂપ વ્યવહાર, સ્થિત છે= પ્રતિષ્ઠિત છે; કેમ કે તેનું=યોગમાર્ગના વ્યવહારનું, અતીન્દ્રિયફલપણું છે અને અતીન્દ્રિય ફલવાળા અનુષ્ઠાનમાં શાસ્ત્રનું જ પ્રવૃત્તિહેતુપણું છે, તેથી ત્યાં પણ=આગમાધીન વ્યવહારમાં પણ, હાઠિક=સ્વવિકલ્પ

**પ્રવૃત્તિથી આગમનિરપેક્ષપણારૂપે બલાત્કારચારી જે વળી યોગી છે તે અજ્ઞોનો શેખર છે=શિરોમણિ વર્તે છે; કેમ કે તેનું અનુપાયમાં પ્રવૃત્તપણું છે.**

**શ્લોકમાં રહેલ 'हन्त' શબ્દ સન્નિહિત સભ્યને આમંત્રણરૂપ છે.**

શ્લોકના 'तत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ કરે છે –

**ઈતર રૂપમાં શું કહેવું ? તે तत्रापिમાં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૨૩૯॥**

**ભાવાર્થ :-**

કઈ પ્રવૃત્તિથી સંસારનો ઉચ્છેદ થાય છે ? તેનો નિર્ણય પરમગુરુના વચનરૂપ આગમથી થઈ શકે છે, તેથી યોગમાર્ગનો સર્વ વ્યવહાર સર્વજ્ઞના વચનાનુસાર બાહ્ય ઉચિતપ્રવૃત્તિથી અને તેને અનુરૂપ મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વ્યાપારથી થાય છે, તેથી યોગમાર્ગનો સર્વ વ્યવહાર આગમવચનથી જ વ્યવસ્થિત છે, આમ છતાં જેઓ સર્વજ્ઞના વચનની પ્રવૃત્તિ સ્વવિકલ્પ અનુસાર કરે છે, પરંતુ સર્વજ્ઞએ તે તે ગુણસ્થાનકની પ્રવૃત્તિ કઈ રીતે કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરવી જોઈએ એ પ્રમાણે જે બતાવેલ છે તેને અનુરૂપ પ્રયત્ન કરતા નથી તેવા હઠવાળા યોગીઓ અજ્ઞોના શેખર છે તેથી અજ્ઞાનને વશ મોક્ષના અર્થી થયા હોવા છતાં વિષયશુદ્ધ કે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનમાત્ર સેવીને મોક્ષની ઇચ્છા રાખે છે, પરંતુ સાનુબંધશુદ્ધ અનુષ્ઠાન કરવા માટે પ્રયત્ન કરતા નથી.

વળી કેટલાક અજ્ઞ જીવો તો કદાગ્રહવાળી મતિથી દૂષિત થયેલા હોવાથી યોગ્ય ઉપદેશક દ્વારા પણ સર્વજ્ઞના વચનાનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા માટે અભિમુખ થાય તેવી યોગ્યતાવાળા નથી તેઓ તો અત્યંત અજ્ઞોના શેખર છે; કેમ કે સ્વ કદાગ્રહથી દૂષિત થઈને અંતરંગ રીતે મોક્ષને પ્રતિકૂળ પ્રવૃત્તિ કરનારા છે, તેથી તેઓની બાહ્ય સર્વ પ્રવૃત્તિ સર્વથા મોક્ષને પ્રતિકૂળ જ છે તેથી અનુપાયથી ઉપેયને સાધવાના અભિલાષવાળા છે. **॥૨૩૯॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૨૩૯માં કહ્યું કે યોગમાર્ગમાં આગમનિરપેક્ષ પ્રવૃત્તિ કરનારા અજ્ઞોના શેખર છે તેને દૃઢ કરવા અર્થે 'किञ्च'થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**तत्कारी स्यात्स नियमात् तद्द्वेषी चेति यो जडः ।**
**आगमार्थे तमुल्लंघ्य, तत एव प्रवर्तते ।।२४०।।**

**અન્વયાર્થ :-**

**तत्कारी स्यात्=તેનો કરનારો થાય=આગમની ક્રિયાઓને કરનારો થાય, च=અને, स=તે, नियमात्=નિયમથી, तद्द्वेषी=તેનો દ્વેષી છે, इति=એથી, यो जडः=જે જડ, आगमार्थे=આગમઅર્થમાં, तमुल्लंघ्य=તેનું ઉલ્લંઘન કરીને, तत एव=તેનાથી જ=આગમથી જ, प्रवर्तते=પ્રવર્તે છે. ॥૨૪૦॥**

**શ્લોકાર્થ :-**

**તેનો કરનારો થાય અને તે નિયમથી તેનો દ્વેષી છે એથી જે જડ આગમઅર્થમાં તેનું ઉલ્લંઘન કરીને તેનાથી જ પ્રવર્તે છે. ॥૨૪૦॥**

**ટીકા :-**

**तत्कारी=तत्करणशीलः, स्याद्=भवेत्, स नियमाद्=अवश्यंभावेन, तद्द्वेषी च=स्वयमेव क्रियमाणवस्तुद्वेषवाँश्च, इत्येतद्रूपः सम्पद्यते, यः कश्चित् जडो=मन्दः, आगमार्थे=आगमविहिते चैत्यवन्दनादौ विधातुमिष्टे, तं=आगमम्, उल्लंघ्य=अतिक्रम्य, तत एव=आगमादेव, प्रवर्तते आगम-निरूपितविधिनिरपेक्षतयाऽऽगमार्थमनुतिष्ठन्नपि न तद्भक्तः किन्तु तद्द्विष्ट एव, द्वेषमन्तरेण तदुल्लङ्घनाभावादिति भावः ॥२४०॥**

**ટીકાર્થ :-**

**तत्कारी ..... भावः ॥ તત્કારી=આગમમાં કહેલી ક્રિયાઓનો કરણશીલ થાય અને તે નિયમથી=અવશ્યંભાવથી, તેનો દ્વેષી થાય=સ્વયં જ કરાતી વસ્તુનો દ્વેષવાળો થાય, આવા સ્વરૂપવાળો પ્રાપ્ત થાય છે. કોણ આવા સ્વરૂપવાળો પ્રાપ્ત થાય છે તેથી કહે છે. જે કોઈ જડ=મંદ, આગમ અર્થમાં=કરવા માટે ઈષ્ટ એવા આગમવિહિત ચૈત્યવંદનાદિમાં, તેને=આગમને, ઓળંગીને=અતિક્રમણ કરીને, તેનાથી જ=આગમથી જ, પ્રવર્તે છે,**

ફલિતાર્થ સ્પષ્ટ કરે છે –

**આગમનિરૂપિતવિધિનિરપેક્ષપણાથી આગમાર્થને સેવતો પણ તેનો ભક્ત નથી=આગમનો ભક્ત નથી, પરંતુ તેના દ્વેષવાળો જ છે=આગમે જે પ્રકારના ભાવોમાં યત્ન કરવાને અનુકૂળ ઉપદેશ આપેલો છે તે ભાવો પ્રત્યે દ્વેષવાળો જ છે; કેમ કે દ્વેષ વગર તેના ઉલ્લંઘનનો અભાવ છે, એ પ્રકારનો ભાવ છે=શ્લોકના કથનનું તાત્પર્ય છે. ॥૨૪૦॥**

**ભાવાર્થ :-**

જેઓ આગમવચનનું અવલંબન લઈને ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કરે છે અને મોક્ષને અભિમુખ પરિણામવાળા પણ નથી, પરંતુ સ્વવિકલ્પ અનુસાર ધર્મ સેવવાના પરિણામવાળા છે એવા હઠાગ્રહવાળા જીવો આગમવચનાનુસાર ધર્મઅનુષ્ઠાનો કરે છે અને નિયમથી જે અનુષ્ઠાન વીતરાગભાવની પ્રાપ્તિને અનુરૂપ

સેવવાની આગમમાં વિધિ છે તે ભાવો પ્રત્યે દ્વેષવાળા છે, આથી જ જડ એવા તેઓ આગમનું અવલંબન લઈને આગમાનુસાર પ્રવૃત્તિ કરવાના અર્થી નથી અને યોગ્ય ઉપદેશક તેઓને કહે કે વીતરાગપ્રણીત આગમ વીતરાગના વચનાનુસાર પ્રવૃત્તિ કરાવીને જીવને વીતરાગ બનવાનું કારણ બને છે, છતાં જેઓ કદાગ્રહથી દૂષિત મતિવાળા છે તેઓ જિનવચનના તે ભાવો પ્રત્યે અરુચિવાળા છે, તેથી સ્વમતિ અનુસાર આગમોક્ત ક્રિયાઓ કરે છે તેઓને આગમ પ્રત્યે ભક્તિ નથી, પરંતુ આગમ પ્રત્યે દ્વેષ જ વર્તે છે, આથી આગમને ઉલ્લંઘીને તે પ્રકારની અનુચિત પ્રવૃત્તિ કરે છે.

અહીં વિશેષ એ છે કે વિષયશુદ્ધઅનુષ્ઠાન કરનારા અને સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારા જીવો પણ આગમાનુસાર પ્રવૃત્તિ કરતા નથી, તોપણ તેઓની વિપરીત પ્રવૃત્તિ ઉપદેશ આદિની સામગ્રીને પામીને નિવર્તન પામે તેવી છે, તેથી તેઓ આગમના દ્વેષી નથી, પરંતુ જેઓ આગમને ભણે છે, ઉપદેશક પાસેથી સાંભળે છે, વળી શાસ્ત્રવચનો સ્થાને સ્થાને વિધિ અનુસાર ઉચિત અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે સર્વ સાંભળવા છતાં અને શાસ્ત્રમાં સ્થાને સ્થાને વાંચવા છતાં સ્વમતિ અનુસાર શ્રાવકાચાર કે સાધ્વાચાર સેવવાની વૃત્તિવાળા છે તેવા હાઠિકો આગમનાં અનુષ્ઠાનો સેવીને પણ આગમના દ્વેષી જ છે, તેથી તેઓની પ્રવૃત્તિ સર્વથા મોક્ષની પ્રતિકૂળ જ છે. **॥૨૪૦॥**

**અવતરણિકા :-**

**एतदेव व्यतिरेकतो भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=હાઠિકોની આગમાર્થ પ્રવૃત્તિ આગમને ઉલ્લંઘીને છે એને જ, વ્યતિરેકથી ભાવન કરતાં કહે છે=હાઠિકોથી વિપરીત યોગ્ય જીવોની પ્રવૃત્તિ તેવી નથી તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**न च सद्योगभव्यस्य, वृत्तिरेवंविधापि हि ।**
**न जात्वजात्यधर्मान्यज्जात्यः सन् भजते शिखी ।।२४१।।**

**અન્વયાર્થ :-**

**सद्योगभव्यस्य=સદ્યોગભવ્યની=પરિશુદ્ધ યોગને યોગ્ય એવા જીવની, एवंविधापि हि=આવા પ્રકારની પણ=તત્કારી તદ્દ્વેષી સ્વરૂપ પણ, वृत्तिः=વૃત્તિ, न च=નથી જ, यद्=જે કારણથી, जात्यः सन् शिखी= જાત્ય છતો મયૂર, अजात्य धर्मान्=અજાત્ય ધર્મોને, जातु=ક્યારે ય, भजते न=સેવતો નથી. ।।૨૪૧।।**

**શ્લોકાર્થ :-**

**સદ્યોગભવ્યની આવા પ્રકારની પણ વૃત્તિ નથી જ, જે કારણથી જાત્ય છતો મયૂર અજાત્યધર્મોને ક્યારેય સેવતો નથી. ।।૨૪૧।।**

**ટીકા :-**

**न च=नैव, सद्योगभव्यस्य=परिशुद्धयोगयोग्यस्य जन्तोः, वृत्तिः समाचाररूपा, एवंविधापि हि तत्कारित्वतद्द्वेषित्वलक्षणा किं पुनस्तद्द्वेषित्वलक्षणैवेत्यपिहिशब्दार्थः, एतदेव प्रतिवस्तूपमया भावयन्नाह - न=नैव, जातु=कदाचित् अजात्यधर्मान्=कुजातमयूरचेष्टितरूपान् यत्=यस्मात्, जात्यः=सर्वोपाधिविशुद्धः, सन्=भवन्, भजते=सेवते, शिखी=मयूरः ।।२४१।।**

**ટીકાર્થ :-**

**न च=नैव ..... मयूरः ।। સદ્યોગ ભવ્યજીવની=પરિશુદ્ધ યોગમાર્ગને સેવવાને યોગ્ય જીવની તત્કારી-તદ્દ્વેષીરૂપ આવા પ્રકારની પણ સમાચારરૂપ વૃત્તિ નથી જ.**

**શું વળી ? તદ્દ્વેષિત્વલક્ષણ જ એ પ્રકારે 'एवंविधापि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ છે.**

**આને જ=શ્લોકના પૂર્વાર્ધના કથનને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ એવા દૃષ્ટાંતથી, ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે – જે કારણથી જાત્ય છતો શિખી=સર્વ ઉપાધિથી વિશુદ્ધ છતો એવો મોર, કુજાત્યમયૂરથી ચેષ્ટિતસ્વરૂપવાળા અજાત્ય ધર્મોને ક્યારેય સેવતો નથી જ. ।।૨૪૧।।**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારથી ભય પામેલા છે, મોક્ષના અર્થી છે, નિર્મળ બુદ્ધિવાળા છે તેઓ તો યોગ્ય ઉપદેશક પાસેથી મોક્ષના ઉપાયને યથાર્થ જાણીને પોતાની ભૂમિકાને અનુરૂપ જે ઉચિત અનુષ્ઠાન હોય તે અનુષ્ઠાનને આત્માદિ પ્રત્યયપૂર્વક સેવે છે.

વળી કેટલાક જીવો મોક્ષના અર્થી છે, મોક્ષના ઉપાયને સેવવા તત્પર થયા છે, પરંતુ તેવી સૂક્ષ્મબુદ્ધિ નહિ હોવાથી આત્માદિ પ્રત્યયપૂર્વક સદનુષ્ઠાન સેવતા નથી, તોપણ વિષયશુદ્ધ કે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન સેવે છે અને સામગ્રીને પામીને સદ્યોગ આરંભક થાય તેવી યોગ્યતાવાળા છે તેઓ ત્રણે પણ=વિષયશુદ્ધ સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાનવાળા ત્રણે પણ, પરિશુદ્ધ યોગયોગ્ય જીવો છે=પરિશુદ્ધ યોગમાર્ગને સેવવાની યોગ્યતાવાળા છે, તેઓ આગમમાં કહેલી ક્રિયાને કરનારા અને તેના દ્વેષી એવા હાઠિકો જે પ્રકારની ક્રિયા કરે છે તેવી ક્રિયા ક્યારેય કરતા નથી, પરંતુ જેમ જેમ બોધ થાય છે તેમ તેમ આગમાનુસાર ક્રિયા કરીને સંસારનો ઉચ્છેદ કરનારા છે.

આ કથનને દૃષ્ટાંતથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ જાત્ય મયૂર હોય=મયૂરના સંયોગથી થયેલા મયૂરની જાતિની સર્વ ઉપાધિઓથી શુદ્ધ મયૂર હોય, તે કુજાત્ય એવા મયૂરની ચેષ્ટા ક્યારેય કરતો નથી જ=કાગડા આદિ હલકી જાતિવાળા પક્ષીના સંયોગથી થયેલ મયૂરની જેમ કુત્સિત ચેષ્ટા કરતો નથી જ, તેમ સદ્યોગભવ્ય ક્યારે પણ આગમના વચન પ્રત્યે દ્વેષયુક્ત એવી યોગમાર્ગની પ્રવૃત્તિ કરતો નથી, પરંતુ અજાત્ય મયૂર જેવા પ્રચુરકર્મના ઉદયવાળા કદાગ્રહી એવા હાઠિકો જ આગમનું અવલંબન લઈને ધર્મની પ્રવૃત્તિ કરે છે, છતાં આગમે કહેલ વીતરાગભાવને અનુકૂળ અંતરંગ પ્રવૃત્તિ પ્રત્યે અનાદરવાળા થઈને સ્વ-સ્વ જાતના અભિનિવેશથી પ્રવૃત્તિઓ કરે છે. **।।૨૪૧।।**

**અવતરણિકા :-**

एतदेव समर्थयमान आह –

**અવતરણિકાર્થ :-**

આને જ=સદ્યોગભવ્યજીવ ઉચિત પ્રવૃત્તિ કરે છે એને જ, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**एतस्य गर्भयोगेऽपि, मातॄणां श्रूयते परः ।**
**औचित्यारम्भनिष्पत्तौ, जनश्लाघ्यो महोदयः ।।२४२।।**

**અન્વયાર્થ :-**

एतस्य=આના=સદ્યોગભવ્યજીવના, गर्भयोगेऽपि=ગર્ભયોગમાં પણ, मातॄणां=માતાઓનો, औचित्यारम्भनिष्पत्तौ=ઔચિત્ય આરંભની નિષ્પત્તિના વિષયમાં, जनश्लाघ्यः परः महोदयः=જનથી શ્લાધ્ય પ્રકૃષ્ટ એવો મહોદય, श्रूयते=સંભળાય છે. ।।૨૪૨।।

**શ્લોકાર્થ :-**

**આના ગર્ભયોગમાં પણ માતાઓનો ઔચિત્ય આરંભની નિષ્પત્તિના વિષયમાં જનથી શ્લાધ્ય એવો પ્રકૃષ્ટ મહોદય સંભળાય છે. ।।૨૪૨।।**

**ટીકા :-**

**एतस्य=सद्योगभव्यस्य तीर्थकरादेर्जीवस्य, गर्भयोगेऽपि किं पुनरुत्तरकाल इत्यपिशब्दार्थः, मातॄणां= जनयितॄणाम्, श्रूयते शास्त्रेषु परः=प्रकृष्टः, औचित्यारम्भनिष्पत्तौ=समुचितानुष्ठाननिवृत्तौ विषये, जनश्लाघ्यो=लोकप्रशंसनीयः, महोदयः प्रशस्तमाहात्म्यलाभलक्षणः, तथा चैवं पठ्यते –**

'जणणी सव्वत्थ विणिच्छएसु, सुमइत्ति तेण सुमइजिणो ।' **तथा** 'गब्भगए जं जणणी, जाय सुधम्मत्ति तेण धम्मजिणो' । **तथा** 'जाया जणणी जं सुव्वयत्ति मुणिसुव्वओ तम्हा ।' **[आ. नि.] इत्यादि ।।२४२।।**

**ટીકાર્થ :-**

एतस्य ..... इत्यादि ।। આના=સદ્યોગભવ્ય એવા તીર્થંકર આદિ જીવના, ગર્ભયોગમાં પણ માતાઓનો ઔચિત્ય આરંભની નિષ્પત્તિના વિષયમાં=સમુચિત અનુષ્ઠાન કરવાના વિષયમાં, પ્રકૃષ્ટ એવો લોકોથી શ્લાધ્ય=લોકોથી પ્રશંસનીય, પ્રશસ્ત માહાત્મ્યના લાભ સ્વરૂપ મહોદય શાસ્ત્રમાં સંભળાય છે, અને તે રીતે=ભગવાનના ગર્ભકાળમાં માતાની ઉચિત પ્રવૃત્તિ છે તે રીતે, આ પ્રમાણે કહેવાય છે=આગળ બતાવે છે, એ પ્રમાણે કહેવાય છે –

"માતા સર્વત્ર વિનિશ્ચયોમાં સુમતિ છે તે કારણથી સુમતિજિન એ પ્રમાણે નામ છે." **અને** "ગર્ભગત થયે છતે જે કારણથી માતા સુધર્મા થઈ તે કારણથી ધર્મજિન નામ પડ્યું." **અને** "જે કારણથી માતા સુવ્રતા થઈ તે કારણથી મુનિસુવ્રત એ પ્રમાણે નામ પડ્યું." **(આવશ્યકનિર્યુક્તિ) ઈત્યાદિ. ।।૨૪૨।।**

**ભાવાર્થ :-**

સદ્યોગ ભવ્ય જીવો બહુલતાએ આત્માદિ પ્રત્યયપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓ સાનુબંધ યોગના જ આરંભક બને છે અને તેવા સાનુબંધ યોગના આરંભક તીર્થંકરના જીવો માતાના ગર્ભમાં આવે છે ત્યારે તેવા મહાત્માઓના પ્રભાવથી માતા પણ ઉચિત આરંભની નિષ્પત્તિનું કારણ બને તેવી ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, જેથી માતાની તે પ્રવૃત્તિથી લોકમાં ઘણી શ્લાઘા થાય છે, તેથી નક્કી થાય છે કે જેમ જાત્ય મયૂર ક્યારેય અનુચિત પ્રવૃત્તિ કરતો નથી તેમ સદ્યોગ આરંભક યોગી જે ભૂમિકામાં હોય તે ભૂમિકાને અનુરૂપ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને દરેક ભવમાં વિશેષ-વિશેષ ઉચિત પ્રવૃત્તિ કરનારા બને છે, તેથી ચરમ ભવમાં તેઓની અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ જે ઉત્તમ પ્રકૃતિ છે તેનાથી તેની માતાની પણ તેમના ગર્ભના પ્રભાવથી અત્યંત ઉચિત પ્રવૃત્તિઓ થાય છે, ફક્ત વિષયશુદ્ધ અને સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન કરનારા કંઈક ઉચિત પ્રવૃત્તિ કરવાને અભિમુખ પરિણામવાળા થવા છતાં પૂર્ણ ઉચિત પ્રવૃત્તિ કરનારા નથી અને સાનુબંધ યોગ આરંભક પૂર્ણ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવાથી ઉત્તર-ઉત્તરના ભવમાં અધિક અધિક ઉચિત પ્રવૃત્તિ કરનારા બને છે અને હાઠિકો આગમના વચનથી પ્રવૃત્તિ કરનારા હોવા છતાં આગમને ઉલ્લંઘીને પ્રવૃત્તિ કરે છે અને સ્વનો વિનાશ કરે છે. **।।૨૪૨।।**

**અવતરણિકા :-**

**यत एवम् –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આમ છે=સદ્યોગ આરંભક જીવોના ગર્ભયોગમાં પણ માતાઓને ઉચિત આરંભની પ્રવૃત્તિ થાય છે એમ છે, તે કારણથી શું ? તે શ્લોકમાં કહે છે –**

**શ્લોક :-**

**जात्यकाञ्चनतुल्यास्तत्प्रतिपच्चन्द्रसन्निभाः ।**
**सदोजोरत्नतुल्याश्च, लोकाभ्युदयहेतवः ।।२४३।।**

**અન્વયાર્થ :-**

**तत्=તે કારણથી, जात्यकाञ्चनतुल्याः=જાત્યકાંચનતુલ્ય, प्रतिपच्चन्द्रसन्निभाः=શુક્લપક્ષના એકમના ચંદ્રના મંડલ જેવા, सदोजोरत्नतुल्याः=સુંદર તેજવાળા રત્ન ચિંતામણિ આદિ રત્ન તુલ્ય, च=અને, लोकाभ्युदयहेतवः=લોક અભ્યુદયના હેતુ સદ્યોગ આરંભક તીર્થંકરના જીવો થાય છે. ।।૨૪૩।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી જાત્યકાંચનતુલ્ય, શુક્લપક્ષના એકમના ચંદ્રના મંડલ જેવા, સુંદર તેજવાળા રત્ન ચિંતામણિ આદિ તુલ્ય અને લોક અભ્યુદયના હેતુ સદ્યોગ આરંભક તીર્થંકરના જીવો થાય છે. ॥૨૪૩॥**

**ટીકા :-**

जात्यकाञ्चनतुल्याः=अकृत्रिमसुवर्णतुल्या अविसंवादिस्वभावा इत्यर्थः, तत्=तस्मात्कारणात्, तथा प्रतिपच्चन्द्रसन्निभाः=शुक्लपक्षप्रतिपच्चन्द्रमण्डलसमाः प्रवर्धमानशुद्धियोग्या इत्यर्थः; सदोजोरत्न-तुल्याश्च=सत्सुन्दरमोजस्तेजो यथा स्यात् तथा तच्च तद्रत्नं च चिन्तामण्यादि तत्तुल्याः अत एव लोकाभ्युदयहेतवो=जगत्त्रयमाहात्म्यलाभनिमित्तभूताः ।।२४३।।

**ટીકાર્થ :-**

जात्यकाञ्चनतुल्या ..... निमित्तभूताः ।। **તે કારણથી=જે કારણથી, સદ્યોગઆરંભક જીવોની ગર્ભયોગથી જ ઉચિતપ્રવૃત્તિ હોય છે તે કારણથી, જાત્યકાંચનતુલ્ય=અકૃત્રિમ સુવર્ણ તુલ્ય અવિસંવાદી સ્વભાવવાળા હોય છે=સદ્યોગ આરંભકજીવો હોય છે, અને પ્રતિપદ્‌ના ચંદ્ર જેવા=શુક્લપક્ષના એકમના ચંદ્રમંડલ જેવા પ્રવર્ધમાન શુદ્ધિયોગ્ય સદ્યોગઆરંભક જીવો હોય છે એ પ્રમાણે અર્થ છે, અને સદ્ ઓજ રત્ન તુલ્ય=સુંદર તેજવાળું જે પ્રમાણે થાય તેવું તે અને તે રત્ન ચિંતામણિ આદિ રત્ન તત્ તુલ્ય, સદ્યોગ આરંભક જીવો હોય છે એમ અન્વય છે, આથી જ=સુંદર ચિંતામણિ આદિ રત્ન તુલ્ય હોય છે આથી જ, લોક - અભ્યુદયના હેતુ છે=જગત્ત્રયના માહાત્મ્યના લાભમાં નિમિત્તભૂત છે. ॥૨૪૩॥**

**ભાવાર્થ :-**

સદ્યોગ આરંભક જીવો અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે, તેથી તેમની માતાથી પણ ગર્ભકાળમાં ઉચિત પ્રવૃત્તિ થાય છે, તેથી સદ્યોગ આરંભક જીવો જાત્ય કાંચન તુલ્ય હોય છે=પરસ્પર વિરોધ થાય તેવી પ્રવૃત્તિ કરનારા નથી હોતા, પરંતુ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળા હોય છે અને જેમ શુક્લપક્ષની એકમનો ચંદ્ર બીજ આદિ તિથિઓમાં વિશેષ વિશેષ શુદ્ધિવાળો થાય છે તેમ સદ્યોગ આરંભક જીવો દરેક ભવમાં સતત પ્રવર્ધમાન શુદ્ધિયોગ્ય થાય છે.

વળી ચિંતામણિ આદિ રત્ન સુંદર તેજવાળાં હોય છે તેમ સદ્યોગ આરંભક જીવો દરેક ભવમાં અતિ ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવાથી ચિંતામણિ આદિની જેમ શ્રેષ્ઠ રત્ન જેવા જણાય છે, આથી જ જેમ ચિંતામણિ રત્ન લોકોના અભ્યુદયનો હેતુ બને છે તેમ સદ્યોગ આરંભક ઉત્તમ જીવો જગતના જીવો માટે લાભમાં નિમિત્તભૂત બને છે, તેથી તેવા મહાત્માઓને પામીને ઘણા યોગ્ય જીવો સન્માર્ગને પામે છે, આથી જ વીરભગવાનને પ્રાપ્ત કરીને શ્રેણિકરાજા આદિ ઘણા જીવોએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. **॥૨૪૩॥**

**અવતરણિકા :-**

इत्थं गर्भावस्थामधिकृत्योक्तं, साम्प्रतं तदन्यावस्थाश्रयेणाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે ગર્ભાવસ્થાને આશ્રયીને કહેવાયું=શ્લોક-૨૪૨-૨૪૩માં કહ્યું એ રીતે ગર્ભાવસ્થાને આશ્રયીને અર્થાત્ તીર્થંકર આદિ જન્મના અપ્રાપ્તિકાળમાં ગર્ભાવસ્થામાં રહેલી અવસ્થાને આશ્રયીને કહેવાયું, હવે તેનાથી અન્ય અવસ્થાના આશ્રયથી=ઉત્તમપુરુષો જન્મ્યા પછી જીવનમાં જે પ્રવૃત્તિ કરે છે તે અવસ્થાના આશ્રયથી, કહે છે=તેઓ કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

**औचित्यारम्भिणोऽक्षुद्राः, प्रेक्षावन्तः शुभाशयाः ।**
**अवन्ध्यचेष्टाः कालज्ञा योगधर्माधिकारिणः ।।२४४।।**

**અન્વયાર્થ :-**

औचित्यारम्भिणः=ઔચિત્યથી આરંભ કરનારા, अक्षुद्राः=અક્ષુદ્ર સ્વભાવવાળા, प्रेक्षावन्तः=નિપુણબુદ્ધિથી વિચારનારા, शुभाशयाः=શુભ આશયવાળા, अवन्ध्यचेष्टाः=અવંધ્ય ચેષ્ટાવાળા, कालज्ञाः=કાળને જાણનારા, योगधर्माधिकारिणः=યોગધર્મના અધિકારી છે. ।।૨૪૪।।

**શ્લોકાર્થ :-**

**ઔચિત્યથી આરંભ કરનારા, અક્ષુદ્ર સ્વભાવવાળા, નિપુણબુદ્ધિથી વિચારનારા, શુભ આશયવાળા, અવંધ્યચેષ્ટાવાળા, કાળને જાણનારા યોગધર્મના અધિકારી છે. ।।૨૪૪।।**

**ટીકા :-**

औचित्यारम्भिणः=सर्वार्थेषु योग्यारम्भभाजः, अक्षुद्राः=गम्भीराशयाः, प्रेक्षावन्तो=अतिनिपुणबुद्धिभाजः, शुभाशयाः=शुभपरिणामाः, अवन्ध्यचेष्टाः=अनिष्फलव्यापाराः, कालज्ञाः=प्रस्तावविदः, किमित्याह – योगधर्माधिकारिणः=योगधर्मयोग्या अधिकारवन्तो वर्तन्त इति ।।२४४।।

**ટીકાર્થ :-**

औचित्यारम्भिणः ..... वर्तन्त इति ।। ઔચિત્યારંભી=સર્વ પ્રયોજનોમાં યોગ્ય આરંભને કરનારા, અક્ષુદ્ર=ગંભીર આશયવાળા=તુચ્છ પ્રકૃતિથી વસ્તુને નહિ જોનારા, પ્રેક્ષાવાળા=અતિનિપુણ બુદ્ધિવાળા, શુભાશયવાળા=શુભ પરિણામવાળા, અવંધ્ય ચેષ્ટાવાળા=અનિષ્ફળ વ્યાપારવાળા, કાળને જાણનારા=તે વખતના પ્રસ્તાવને જાણનારા, શું ?=આવા ગુણોવાળા હોય છે એ શું ? એથી કહે છે – યોગધર્મના અધિકારી હોય છે=યોગધર્મને યોગ્ય એવા અધિકારવાળા વર્તે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૪૪।।

**ભાવાર્થ :-**

સદ્યોગ આરંભક જીવો કેવા હોય છે ? તે બતાવતાં કહે છે –

ગૃહસ્થ અવસ્થામાં હોય ત્યારે સર્વ અર્થોમાં= ધર્મ-અર્થ-કામ સર્વ પ્રયોજનોમાં, યોગ્ય આરંભને કરનારા હોય છે.

આનાથી એ ફલિત થાય કે તેઓના વિકારો પણ અસમંજસપ્રવૃત્તિ કરાવે તેવા નથી, પરંતુ ભોગકર્મના ઉદયથી ભોગની ઇચ્છા થાય તે પણ ભોગની વૃદ્ધિના સંસ્કારો આધાન ન કરે તે રીતે ઔચિત્યથી કરે છે, આથી જ ભોગની ઇચ્છા થાય ત્યારે 'સલ્લં કામા વિષં કામા' ઇત્યાદિનું સ્મરણ કરીને કામને શાંત કરવા યત્ન કરે છે અને વ્રણલેપની જેમ ભોગ કરે છે, પરંતુ નિષ્પ્રયોજન વિચારણાઓ, નિષ્પ્રયોજન ચેષ્ટાઓ કે નિષ્પ્રયોજન વાણીના પ્રયોગ કરીને આત્માની શક્તિનો દુર્વ્યય કરતા નથી. વળી ગંભીર આશયવાળા હોવાથી કોઈનું અહિત ન થાય એ પ્રકારે ઉચિત વિચારણા કરીને સર્વ પ્રવૃત્તિઓ કરે છે. વળી અતિનિપુણબુદ્ધિવાળા હોવાથી પોતાના કૃત્યના ફળનો નિર્ણય કરીને હિત થાય તેવી પ્રવૃત્તિ કરનારા હોય છે. વળી વિવેકસંપન્ન હોવાથી શુભ પરિણામવાળા હોય છે અર્થાત્ પોતાના જન્મને સફળ કરવાને અનુકૂળ શુભ વિચારણા કરનારા હોય છે. વળી વિવેકસંપન્ન હોવાથી અવંધ્ય ચેષ્ટાવાળા હોય છે; કેમ કે પોતાની શક્તિનું સમાલોચન કરીને જેનાથી પોતાનું કે અન્યનું અધિક હિત થાય તેવી પ્રવૃત્તિ કરનારા હોય છે. વળી કાળને જાણનારા હોય છે=જે વખતે જે પ્રસંગ વર્તતો હોય તે પ્રસંગમાં શું કરવું વધારે હિતકારી છે તેનો નિર્ણય કરી શકે તેવી નિર્મળ મતિવાળા હોય છે. આવા જીવો યોગધર્મને સેવવા માટે અધિકારી છે, આથી જ આવા ગુણોવાળા જીવો સાનુબંધ યોગનો આરંભ કરીને તીર્થંકરાદિ જેવા ઉત્તમ ચરમ જન્મને પ્રાપ્ત કરે છે, એનાથી એ પ્રાપ્ત થાય કે આવા પૂર્ણ ગુણવાળા જીવો સદ્યોગ આરંભને માટે અધિકારી છે. તેમાં જેટલી ન્યૂનતા તેટલી સદ્યોગ આરંભની યોગ્યતાની ન્યૂનતા છે. **॥૨૪૪॥**

**અવતરણિકા :-**

**अथ शिखिदृष्टान्तमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે શિખિદૃષ્ટાંતને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૪૧માં કહ્યું કે જાત્ય શિખી અજાત્ય ધર્મોને સેવતો નથી તેમ સદ્યોગવાળા ભવ્યજીવો આગમની પ્રવૃત્તિ કરીને આગમ પ્રત્યે દ્વેષ કરતા નથી એ શિખિદૃષ્ટાંતને આશ્રયીને વિશેષ શ્લોક-૨૪૯ સુધી કહે છે -

**શ્લોક :-**

**यश्चात्र शिखिदृष्टान्तः, शास्त्रे प्रोक्तो महात्मभिः ।**
**स तदण्डरसादीनां, सच्छक्त्यादिप्रसाधनः ।।२४५।।**

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=યોગધર્મના અધિકારની વિચારણામાં, च=વળી, यः शिखिदृष्टांतः=જે શિખિદષ્ટાંત, शास्त्रे=શાસ્ત્રમાં, महात्मभिः=મહાત્માઓ વડે, प्रोक्तः=કહેવાયું છે, स=તે=શિખિદષ્ટાંત, तदण्डरसादीनां=તેના અંડરસાદિની, सच्छक्त्यादिप्रसाधनः=સત્ શક્તિ આદિનું પ્રસાધક છે. ।।૨૪૫।।

**શ્લોકાર્થ :-**

**અહીં વળી જે શિખિદષ્ટાંત શાસ્ત્રમાં મહાત્માઓ વડે કહેવાયું છે તે તેના અંડરસાદિની સત્ શક્તિ આદિનું પ્રસાધક છે. ।।૨૪૫।।**

**ટીકા :-**

यश्च=यः पुनः, अत्र=योगधर्माधिकारचिन्तायाम्, शिखिदृष्टान्तः=जात्यशिखिनिदर्शनरूपः शास्त्रे योगविषय एव प्रोक्तः=प्रज्ञप्तः, महात्मभिः=योगशास्त्रचिन्तकैः, सः शिखिदृष्टान्तः तदण्डरसादीनां= जात्यशिख्यण्डके रसस्य, आदिशब्दाच्चञ्चुचरणाद्यवयवानां च सच्छक्त्यादिप्रसाधनः=सच्छक्तेः- सुसामर्थ्यस्य, आदिशब्दात्तत्फलस्य च प्रसाधनः-प्रकाशकः, न ह्यण्डकावस्थायां रसादिषु सर्वथाऽसन्तो जात्यशिखिधर्मा उत्तरकालमपि भवितुमर्हन्ति, सर्वथाऽसतः कस्यचिदुत्पादाभावात्, एवं धर्माधिकारिणोऽपि प्राणिनो गर्भाद्यवस्थास्वप्युत्तरकालाभिव्यज्यमानगुणसंदोहबीजभाजो वर्तन्त इति ।।२४५।।

**ટીકાર્થ :-**

यश्च ..... वर्तन्त इति ।। અહીં=યોગધર્મના અધિકારની ચિંતામાં, જે વળી જાત્ય શિખિના નિદર્શન રૂપ શિખિદષ્ટાંત મહાત્માઓ વડે=યોગશાસ્ત્રચિંતકો વડે, યોગવિષયક જ શાસ્ત્રમાં કહેવાયું છે, તે શિખિદષ્ટાંત તેના અંડરસાદિની=જાત્ય શિખિના અંડરસચંચુચરણાદિની, સત્શક્તિ આદિનું પ્રસાધન છે=સુસામર્થ્યનું અને તેના ફલનું પ્રકાશક છે.

અહીં 'तदण्डरसादीनां'માં 'आदि' શબ્દથી ચંચુચરણાદિ અવયવોનું ગ્રહણ છે અને 'सच्छक्त्यादि'માં 'आदि' શબ્દથી તે શક્તિના ફલનું ગ્રહણ છે.

શ્લોકનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

અંડક અવસ્થા હોતે છતે રસાદિમાં સર્વથા અવિદ્યમાન જાત્યશિખિના ધર્મો ઉત્તરકાલમાં પણ થવા માટે યોગ્ય નથી; કેમ કે સર્વથા અસત્ એવી કોઈ વસ્તુના ઉત્પાદનો અભાવ છે, એ રીતે ધર્મના અધિકારી પણ પ્રાણીઓનું ગર્ભાદિ અવસ્થામાં પણ ઉત્તરકાલમાં અભિવ્યજ્યમાન ગુણસમૂહનો બીજભાવ વર્તે છે.

'इति' શબ્દ 'न हि'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ।।૨૪૫।।

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં સદ્યોગ આરંભક જીવો કેવા હોય છે તે બતાવવા માટે મોરનું દૃષ્ટાંત આપ્યું છે, તે દૃષ્ટાંતથી એ ફલિત થાય કે જાતિવાન્ મોર ઈંડાની અવસ્થામાં હોય ત્યારે પણ મોર જેવા સુંદર સ્વરૂપને અભિવ્યક્ત કરે તેવા પરિણામવાળો રસ તે અવસ્થામાં પણ વિદ્યમાન હોય છે, તેથી તે ઈંડામાંથી મોર જન્મે ત્યારે પણ તેની ચાંચ-પગ વગેરે શરીરના અવયવો ઉત્તરમાં થનારા મોરના જેવા સુંદર હોય છે એ રીતે સદ્યોગ આરંભક જીવો ગર્ભાદિ અવસ્થામાં હોય છે ત્યારે પણ ભૂતકાળના યોગના સેવનને કારણે ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે, ફક્ત જેમ મોરના ઈંડાની રસ અવસ્થામાં મોરના જેવો સુંદર આકાર સ્પષ્ટ દેખાતો નથી, પરંતુ કાગડાના ઈંડામાં જેવો પ્રવાહી પદાર્થ દેખાય છે તેવો જ મોરના ઈંડામાં પણ દેખાય છે, તેમ સંસારી અન્ય જીવો ગર્ભાવસ્થામાં જેવા અવ્યક્ત જણાય છે તેવા જ સદ્યોગ આરંભક જીવો પણ અવ્યક્ત જણાય છે, છતાં જેમ કાગડાના ઈંડામાં રહેલી અવસ્થા કરતાં મોરના ઈંડામાં રહેલી વિશેષતાને કારણે મોરના ઈંડાના રસમાંથી ઉત્તમ આકારવાળો મોર થાય છે, પરંતુ કાગડાના ઈંડામાંથી મોર થતો નથી, તેમ ગર્ભ અવસ્થામાં પણ સદ્યોગ આરંભક જીવો સાથે અન્ય જીવો સ્થૂલથી સમાન દેખાવા છતાં ઉત્તરમાં થતા ઉત્તમપ્રકૃતિવાળા સદ્યોગ આરંભક જીવોની અન્ય જીવો કરતાં ગર્ભાવસ્થામાં પણ વિશેષતા હોય છે, આથી જ જન્મ્યા પછી શિશુભાવમાં પણ ઉત્તમ જીવોની પ્રકૃતિ ઉત્તમતાને વ્યક્ત કરે છે. **॥૨૪૫॥**

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

ત્યારપછી –

**શ્લોક :-**

**प्रवृत्तिरपि चैतेषां, धैर्यात् सर्वत्र वस्तुनि ।**
**अपायपरिहारेण, दीर्घालोचनसङ्गता ।।२४६।।**

**અન્વયાર્થ :-**

**अपि च=અને, एतेषां=આમની=સદ્યોગ આરંભક જીવોની, प्रवृत्तिः=પ્રવૃત્તિ, सर्वत्र वस्तुनि=સર્વ વસ્તુઓમાં=ધર્મ-અર્થ-કામરૂપ સર્વ વસ્તુઓમાં, धैर्यात्=ધૈર્યથી, अपायपरिहारेण=અપાયના પરિહારપૂર્વક, दीर्घालोचनसङ्गता=દીર્ઘ આલોચનયુક્ત હોય છે. ।।૨૪૬।।**

**શ્લોકાર્થ :-**

**અને આમની પ્રવૃત્તિ સર્વવસ્તુઓમાં ધૈર્યથી અપાયના પરિહારપૂર્વક દીર્ઘઆલોચનયુક્ત હોય છે. ।।૨૪૬।।**

**ટીકા :-**

**प्रवृत्तिः=चेष्टा 'अपि च' इत्यभ्युच्चये, एतेषां=योगधर्माधिकारिणाम्, धैर्यात्परैरक्षोभ्यभावलक्षणात् सर्वत्र वस्तुनि=धर्मार्थादौ, कीदृशीत्याह–अपायपरिहरणेन=भाव्यपायपरिहरणेन, दीर्घालोचनसङ्गता= कार्यपरिणामालोचनवती ।।२४६।।**

**ટીકાર્થ :-**

**प्रवृत्तिः=चेष्टा ..... लोचनवती।। 'अपि च' અભ્યુચ્ચયમાં છે=પૂર્વશ્લોક સાથે સંબંધ જોડવા અર્થે છે, અને આમની=યોગધર્મના અધિકારી જીવોની, પ્રવૃત્તિ=ચેષ્ટા, સર્વ વસ્તુઓમાં=ધર્મ-અર્થ-કામમાં, પર વડે અક્ષોભ્ય ભાવરૂપ ધૈર્યથી અપાયના પરિહારપૂર્વક=ભાવિ અપાયના પરિહારપૂર્વક, દીર્ઘ આલોચનથી યુક્ત હોય છે=પોતે કરેલી ધર્મ અર્થાદિની પ્રવૃત્તિથી થનાર કાર્યના પરિણામના આલોચનવાળી હોય છે. ॥૨૪૬॥**

**ભાવાર્થ :-**

સદ્યોગ આરંભક જીવો જેમ ગર્ભાવસ્થામાં વિશેષ પ્રકારની ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે તેમ જન્મ્યા પછી ગૃહસ્થઅવસ્થામાં ધર્મ-અર્થ અને કામનું સેવન કરે છે ત્યારે પણ સર્વ પ્રવૃત્તિ વર્તમાનભવમાં અને આગામીભવમાં તે પ્રવૃત્તિથી અહિત ન થાય તેની દીર્ઘ વિચારણા કરીને ધૈર્યથી કરે છે, તેથી તેવા જીવોને ભૂતકાળના કર્મથી કોઈ વિપરીત સંયોગો મળ્યા હોય તોપણ તે નિમિત્તથી ક્ષોભ પામીને અનુચિત પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ ભાવિમાં અહિત ન થાય તેનું સમ્યગ્ આલોચન કરીને ઉચિત પ્રવૃત્તિઓ જ કરે છે.

આથી જ સદ્યોગ આરંભક જીવો સદા ચિત્તની સ્વસ્થતા જ ઇચ્છનારા હોય છે તેથી કામાદિની ઇચ્છા થાય ત્યારે પણ તે વૃત્તિને પ્રતિપક્ષના ભાવનથી શાંત કરવા યત્ન કરે છે અને જણાય કે વિકાર પ્રતિપક્ષના ભાવનથી શાંત થાય તેમ નથી ત્યારે વિવેકપૂર્વક ભોગ કરે છે જેથી વિકારના શમનથી ચિત્ત શાંત બને છે પરંતુ ભોગવૃત્તિની વૃદ્ધિ થાય તે રીતે ભોગાદિ કરતા નથી. **॥૨૪૬॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**અને=સદ્યોગ આરંભક જીવોની પ્રવૃત્તિ કેવા પ્રકારની હોય છે તેનો 'तथा'થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**तत्प्रणेतृसमाक्रान्तचित्तरत्नविभूषणा ।**
**साध्यसिद्धावनौत्सुक्यगाम्भीर्यस्तिमितानना ।।२४७।।**

**અન્વયાર્થ :-**

**तत्प्रणेतृसमाक्रान्तचित्तरत्नविभूषणा=તેના પ્રણેતૃ એવા તીર્થંકરાદિ પ્રજ્ઞાપકથી સમાક્રાન્ત ચિત્તરત્નના વિભૂષણવાળી (અને), साध्यसिद्धौ=સાધ્ય સિદ્ધિમાં, अनौत्सुक्यगाम्भीर्यस्तिमितानना=અનૌત્સુક્યથી અને ગાંભીર્યથી સ્તિમિત મુખવાળી પ્રવૃત્તિ સદ્યોગ આરંભકજીવોની હોય છે. ॥૨૪૭॥**

**શ્લોકાર્થ :-**

**તેના પ્રણેતૃ એવા તીર્થંકરાદિ પ્રજ્ઞાપકથી સમાક્રાન્ત ચિત્તરત્નના વિભૂષણવાળી અને સાધ્ય સિદ્ધિમાં અનૌત્સુક્યથી અને ગાંભીર્યથી સ્તિમિત મુખવાળી પ્રવૃત્તિ સદ્યોગ આરંભક જીવોની હોય છે. ॥૨૪૭॥**

**ટીકા :-**

**तस्याः=प्रवृत्तेः, य प्रणेता=प्रज्ञापकस्तीर्थकरादिः, तेन=प्रतिक्षणं स्मृतिपथव्यवस्थितेन, समाक्रान्तं= व्याप्तं, यच्चित्तरत्नं तदेव विभूषणं=अलङ्कारो, यस्याः प्रवृत्तेः सा तथा तथा साध्यसिद्धौ= धर्मार्थादिप्रयोजननिष्पत्तौ, अनौत्सुक्येन=अत्वरारूपेण, गाम्भीर्येण=चाऽलक्षितविकाररूपेण स्तिमितं= प्रसन्नं=आननं=मुखं यस्यां सा तथा ॥२४७॥**

**ટીકાર્થ :-**

**तस्याः ..... तथा॥ તેના=પ્રવૃત્તિના, જે પ્રણેતા=તીર્થંકરાદિ પ્રજ્ઞાપક, તેના વડે=પ્રતિક્ષણ સ્મૃતિપથમાં વ્યવસ્થિત એવા તીર્થંકરાદિ વડે, સમાક્રાન્ત=વ્યાપ્ત, જે ચિત્તરત્ન તે જ વિભૂષણ=અલંકાર, છે જે પ્રવૃત્તિનો તે તેવી છે=તે પ્રવૃત્તિ તત્પ્રણેતૃ સમાક્રાન્ત ચિત્તરત્ન વિભૂષણવાળી છે અને સાધ્યસિદ્ધિમાં= ધર્મ-અર્થાદિ પ્રયોજનની નિષ્પત્તિમાં, અનૌત્સુક્યથી=અત્વરાથી, અને અલક્ષિત વિકારરૂપ ગાંભીર્યથી સ્તિમિત=પ્રસન્ન મુખ છે જેને તે તેવી છે=સાધ્યસિદ્ધિમાં અનૌત્સુક્ય ગાંભીર્ય સ્તિમિત આનનવાળી પ્રવૃત્તિ છે. ॥૨૪૭॥**

**ભાવાર્થ :-**

યોગધર્મના અધિકારી જીવો અત્યંત દીર્ઘ આલોચનપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે, તેથી તેઓને અત્યંત ઉચિત પ્રવૃત્તિને બતાવનારા તીર્થંકર આદિ પ્રત્યે અર્થાત્ તીર્થંકર-ગણધર આદિ પ્રત્યે, બહુમાન હોય છે, તેથી તેઓના ગુણોનું તેઓ સતત સ્મરણ કરે છે, તેથી સદ્યોગ આરંભક મહાત્માઓનું ચિત્ત તેવા ઉત્તમપુરુષોના સ્મરણરૂપ વિભૂષણવાળું હોય છે, તેથી તેઓની પ્રવૃત્તિ સર્વત્ર અત્યંત ઔચિત્યવાળી બને છે; કેમ કે ચિત્ત અનુસાર જીવો પ્રવૃત્તિ કરે છે, આથી જ કામાદિની વૃત્તિવાળા જીવો તેના ચિત્તને અનુરૂપ કામાદિમાં યત્ન કરનારા હોય છે તેમ જેઓના ચિત્તમાં તીર્થંકર આદિના ગુણોનું સ્મરણ વર્તે છે તેઓની પ્રવૃત્તિ પણ તેવા ઉત્તમચિત્તને અનુરૂપ જ થાય છે.

વળી સદ્યોગ આરંભક જીવો ગૃહસ્થાવસ્થામાં હોય ત્યારે ધર્મ-અર્થ-કામના પ્રયોજનને સાધતા હોય ત્યારે ઔત્સુક્ય વગરના, ગંભીરતાવાળા અને પ્રસન્ન મુખવાળા હોય છે, તેથી તેઓની પ્રવૃત્તિ પણ તે પ્રકારના ગંભીરતા આદિ ભાવોથી આક્રાંત દેખાય છે, તેથી જેમ ક્ષુદ્ર જીવો અર્થકામની પ્રવૃત્તિમાં તો ક્લેશનો અનુભવ કરે છે, પરંતુ ધર્મની પ્રવૃત્તિમાં પણ ક્લેશનો અનુભવ કરનારા હોય છે, જ્યારે સદ્યોગ આરંભક જીવો ધર્મના સેવનથી તો અક્લેશની પ્રકૃતિ નિષ્પન્ન કરે છે, પરંતુ અર્થ-કામની પ્રવૃત્તિથી પણ પોતાની અક્લેશની પ્રકૃતિની જ વૃદ્ધિ કરે છે; કેમ કે ગંભીરતાપૂર્વક અર્થકામની વૃત્તિના પરમાર્થનું ભાવન કરનારા હોય છે તેથી તે પ્રવૃત્તિ કરીને પણ વિકારોનું શમન માત્ર કરે છે વિકારોની વૃદ્ધિ પ્રાયઃ કરતા નથી. આથી જ આવા મહાત્માઓ જ્યારે ઉત્તમ પ્રકૃતિ નિર્માણ થાય ત્યારે અર્થ-કામનો ત્યાગ કરીને પૂર્ણ ધર્મ સેવન દ્વારા પોતાની અક્લેશની પ્રકૃતિને જ અતિશય કરવા પ્રયત્ન કરે છે. **॥૨૪૭॥**

**અવતરણિકા :-**

अत एवाह –

**અવતરણિકાર્થ :-**

**આથી જ=યોગધર્મના અધિકારી જીવોની પ્રકૃતિ કેવી હોય છે તે શ્લોક-૨૪૬-૨૪૭થી બતાવ્યું આથી જ, શું ? તેને કહે છે –**

**શ્લોક :-**

**फलवद्द्रुमसद्बीजप्ररोहसदृशं तथा ।**
**साध्वनुष्ठानमित्युक्तं, सानुबन्धं महर्षिभिः ।।२४८।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, फलवद्द्रुमसद्बीजप्ररोहसदृशं=ફ્લવાળા વૃક્ષના સદ્બીજના પ્રરોહ જેવું, सानुबन्धं=સાનુબંધ, साध्वनुष्ठानं=સાધુ અનુષ્ઠાન છે, इति=એ પ્રમાણે, महर्षिभिः=મહાત્માઓ વડે, उक्तं=કહેવાયું છે. ।।૨૪૮।।**

**શ્લોકાર્થ :-**

**અને ફ્લવાળા વૃક્ષના સદ્બીજના પ્રરોહ જેવું સાનુબંધ સાધુ અનુષ્ઠાન છે, એ પ્રમાણે મહર્ષિઓ વડે કહેવાયું છે. ।।૨૪૮।।**

**ટીકા :-**

**फलवतो=फलप्राग्भारभाजो, द्रुमस्य=न्यग्रोधादेः सद्=अवन्ध्यं, यद्बीजं तस्य यः प्ररोहो अङ्कुरोद्भेदरूपस्तेन सदृशं=समं यत्तत्तथा, 'तथा' इति वक्तव्यान्तरसमुच्चये, एतेषां योगाधिकारिणां साधु=सुन्दरम्, अनुष्ठानं यमनियमादिरूपम्, इत्यनेन प्रकारेण उक्तं शास्त्रेषु सानुबन्धम्= उत्तरोत्तरानुबन्धवत्, महर्षिभिः=परममुनिभिः, शुद्धाधिकारिसमारब्धत्वात्तस्य।।२४८।।**

**ટીકાર્થ :-**

**फलवतो ..... समारब्धत्वात्तस्य।। ફલવાળા=ફળથી લચી પડેલા, ન્યગ્રોધ આદિ વૃક્ષનું સદ્=અવંધ્ય, એવું જે બીજ તેનો જે અંકુરના ઉદ્ભેદરૂપ પ્રરોહ તેના સદૃશ=સમાન જે છે તે તેવું છે=ફલવાળા વૃક્ષના સદ્બીજના પ્રરોહ સદૃશ છે, 'तथा' શબ્દ વક્તવ્યાંતરના સમુચ્ચયમાં છે=સદ્યોગઆરંભકની પ્રવૃત્તિ કેવી હોય છે તે શ્લોક-૨૪૬-૨૪૭થી બતાવ્યું તેના કરતાં અન્ય વક્તવ્યના સમુચ્ચયમાં શ્લોકમાં રહેલો 'तथा' છે, આ યોગધર્મના અધિકારીઓનું સાધુ=સુંદર, યમ-નિયમાદિરૂપ અનુષ્ઠાન સાનુબંધ=ઉત્તરોત્તર અનુબંધવાળું, છે=ફલવાળા વૃક્ષના સદ્બીજના પ્રરોહ સરખું અનુબંધવાળું છે, એ પ્રકારથી શાસ્ત્રોમાં મહર્ષિઓ વડે=પરમ મુનિઓ વડે, કહેવાયું છે; કેમ કે તેનું=સુંદર અનુષ્ઠાનનું, શુદ્ધ અધિકારીઓ વડે આરબ્ધપણું છે. ।।૨૪૮।।**

**ભાવાર્થ :-**

સદ્યોગ આરંભક જીવો ધર્મ-અર્થ-કામની જે કોઈ પ્રવૃત્તિ કરે છે તે શ્લોક-૨૪૬-૨૪૭માં બતાવ્યું તેવા ઉત્તમ પરિણામપૂર્વક કરે છે, તેથી તેવા મહાત્માઓ જ્યારે સંયમ ગ્રહણ કરવા તત્પર થાય ત્યારે જે યમ-નિયમાદિરૂપ સુંદર અનુષ્ઠાન સ્વીકારે છે તે ફલવાળા સુંદર વૃક્ષના અવંધ્યબીજના પ્રરોહ સદૃશ હોય છે અર્થાત્ જેમ તે ઉત્તમ બીજ વાવવામાં આવે તો તેનો પ્રરોહ તે પ્રકારનો થાય છે કે જે પ્રકારે તે બીજના કારણીભૂત ફલવાળું ન્યગ્રોધ વૃક્ષ હતું તે પ્રરોહના ક્રમથી નવું વૃક્ષ પણ તે ફલવાળા ન્યગ્રોધ સદૃશ નિર્માણ થશે, તેમ યોગધર્મના અધિકારી જીવો સદનુષ્ઠાન સ્વીકારે છે ત્યારે આત્માદિ પ્રત્યયપૂર્વક તે અનુષ્ઠાનને સ્વીકારીને તે અનુષ્ઠાનથી આત્મામાં તે પ્રકારના ઉત્તમગુણો સતત આધાન કરે છે, જેથી ઉત્તર-ઉત્તરના ગુણની વૃદ્ધિ દ્વારા તીર્થંકરાદિ ચરમભવને તેઓ પ્રાપ્ત કરે છે. તેથી જેમ સુંદર વૃક્ષના બીજથી તેના જેવું સુંદર વૃક્ષ થાય છે તેમ તીર્થંકરાદિ ઉત્તમપુરુષોના આલંબનથી વાસિત ચિત્તવાળા સદ્યોગ આરંભક જીવો સદનુષ્ઠાનને સેવીને તીર્થંકરાદિ તુલ્ય થાય છે, માટે મહર્ષિઓએ તેઓના અનુષ્ઠાનને સાનુબંધ કહેલ છે અર્થાત્ ઉત્તર-ઉત્તરના શ્રેષ્ઠ અનુષ્ઠાનની નિષ્પત્તિ દ્વારા ચરમ ભવનું કારણ બને તેવું અનુષ્ઠાન કહેલ છે; કેમ કે શુદ્ધ અધિકારી એવા તેઓથી સેવાયેલું તે અનુષ્ઠાન હોવાથી તે અનુષ્ઠાન અંતિમ ફળમાં વિશ્રાંત થાય છે, જ્યારે તેવું જ અનુષ્ઠાન અન્ય જીવો દ્વારા બાહ્યથી સેવાતું હોવા છતાં તેવી અંતરંગ ગુણવૃદ્ધિનું કારણ નહિ હોવાથી સાનુબંધ થતું નથી, તેથી શિખીના દૃષ્ટાંતથી શાસ્ત્રમાં જે કહ્યું છે તે સદ્યોગ આરંભકને આશ્રયીને જ સંગત થાય છે, અન્યને આશ્રયીને નહિ. **॥૨૪૮॥**

**અવતરણિકા :-**

**अत एव –**

**અવતરણિકાર્થ :-**

**આથી જ=યોગધર્મના અધિકારી જીવો સાનુબંધ અનુષ્ઠાન કરે છે એમ શ્લોક-૨૪૮માં કહ્યું આથી જ, શું ? તે શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

अन्तर्विवेकसम्भूतं, शान्तोदात्तमविप्लुतम् ।
नाऽग्रोद्भवलताप्रायं, बहिश्चेष्टाधिमुक्तिकम् ।।२४९।।

**અન્વયાર્થ :-**

अन्तर्विवेकसम्भूतं=અંતર્વિવેકથી સંભૂત=અંતરંગ તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિથી પ્રવૃત્ત, शांतोदात्तं=શાંતઉદાત્ત, अविप्लुतं=વિપ્લવ રહિત, नाऽग्रोद्भवलताप्रायं=આગળના ભાગમાં ઉદ્ભવ થયેલી લતા સદૃશ નિરનુબંધ નહિ, बहिश्चेष्टाधिमुक्तिकम्=બહિશ્ચેષ્ટામાં અધિમુક્તિવાળું=અંતરંગ ભાવોની નિષ્પત્તિને અનુકૂળ બાહ્યક્રિયાઓમાં રુચિવાળું સદનુષ્ઠાન યોગધર્મના અધિકારી જીવો સેવે છે એમ અન્વય છે. ।।૨૪૯।।

**શ્લોકાર્થ :-**

**અંતર્વિવેકથી સંભૂત, શાંત-ઉદાત્ત, વિપ્લવરહિત, આગળના ભાગમાં ઉદ્ભવ થયેલી લતા સદૃશ નિરનુબંધ નહિ, બહિશ્ચેષ્ટામાં અધિમુક્તિવાળું સદનુષ્ઠાન યોગધર્મના અધિકારી જીવો સેવે છે એમ અન્વય છે. ।।૨૪૯।।**

**ટીકા :-**

अन्तर्विवेकसम्भूतं=अन्तर्विवेकेन तत्त्वसंवेदननाम्ना सम्भूतं=प्रवृत्तम्, शान्तोदात्तं, शान्तोदात्तपुरुषारब्धत्वात्, अत एवाविप्लुतं=सर्वथा विप्लवरहितम्, व्यवच्छेद्यमाह–न=नैव, अग्रोद्भवलताप्रायं=अग्राद् वृक्षप्रान्तादुद्भवो यस्याः सा चासौ लता च तत्प्रायम्, सा हि लताग्रोद्भवत्वेन लतान्तरमनुबद्धुं न क्षमा, इदं चानुष्ठानमुत्तरोत्तरानुबन्धप्रधानमिति अतः उक्तं नाग्रोद्भवलताप्रायं इति, तथा बहिश्चेष्टायां चैत्यवन्दनादिरूपायामधिमुक्तिः=श्रद्धा यत्र तत्तथा ।।२४९।।

**ટીકાર્થ :-**

अन्तर्विवेकसम्भूतं ..... तत्तथा ।। અંતર્વિવેકથી સંભૂત=તત્ત્વસંવેદન નામના અંતરંગવિવેકથી પ્રવૃત્ત, યોગધર્મના અધિકારી જીવો વડે સેવાતું અનુષ્ઠાન શાંત-ઉદાત્ત હોય છે; કેમ કે શાંત-ઉદાત્ત પુરુષથી આરબ્ધપણું છે, આથી જ=યોગધર્મના અધિકારી જીવો શાંત-ઉદાત્ત પ્રકૃતિવાળા હોય છે આથી જ, અવિપ્લુત=સર્વથા વિપ્લવ રહિત અનુષ્ઠાન હોય છે, વ્યવચ્છેદ્યને કહે છે=યોગધર્મના અધિકારી જીવોથી કેવું અનુષ્ઠાન વ્યવચ્છેદ્ય છે તેને કહે છે – અગ્રઉદ્ભવલતાપ્રાય નથી જ=વૃક્ષના પ્રાંતભાગરૂપ અગ્રભાગથી ઉદ્ભવ છે જેનો અને તે એવી આ લતા તેના જેવું સદ્યોગ આરંભક જીવોનું અનુષ્ઠાન નથી જ, કેમ અગ્ર ઉદ્ભવ લતા જેવું નથી તે સ્પષ્ટ કરે છે – તે લતા અગ્ર ઉદ્ભવપણાને કારણે લતાન્તરને નિષ્પન્ન કરવા સમર્થ નથી અને આ અનુષ્ઠાન=યોગ અધિકારી પુરુષથી સેવાયેલું અનુષ્ઠાન, ઉત્તરોત્તર

**અનુબંધપ્રધાન છે એથી અગ્ર ઉદ્ભવલતા પ્રાયઃ નથી એમ કહેવાયું છે અને ચૈત્યવંદનાદિરૂપ બહિશ્ચેષ્ટામાં અધિમુક્તિ=શ્રદ્ધા છે જેમાં તે તેવું છે=બહિશ્ચેષ્ટાધિમુક્તિક છે. ॥૨૪૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૪૮માં કહ્યું કે યોગધર્મના અધિકારી જીવો સાનુબંધ અનુષ્ઠાન કરે છે, તેથી તેઓનું અનુષ્ઠાન કેવું વિવેકવાળું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

યોગધર્મના અધિકારી જીવો તત્ત્વસંવેદન નામના અંતર્વિવેકથી અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થાય છે, તેથી જે અનુષ્ઠાન તેઓ સ્વીકારે છે તે અનુષ્ઠાનમાં વીતરાગતાને અનુકૂળ તત્ત્વસંવેદનનો પરિણામ કઈ રીતે ઉલ્લસિત થાય તે પ્રકારનો નિર્ણય કરીને તે અનુષ્ઠાનમાં યત્ન કરે છે, તેથી જેમ જેમ સ્વભૂમિકા અનુસાર તેઓ અનુષ્ઠાન સેવે છે તેમતેમ તે અનુષ્ઠાનથી સમ્પાદ્ય એવું તત્ત્વસંવેદન તેઓને થાય છે, આથી જ ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનને સેવીને તેઓ અંતે વીતરાગ તુલ્ય જ થાય છે.

વળી તેઓનું અનુષ્ઠાન શાંત-ઉદાત્ત પરિણામવાળું છે; કેમ કે શાંત-ઉદાત્ત એવા પુરુષથી આરબ્ધ છે.

આશય એ છે કે યોગના અધિકારી પુરુષો જે પ્રકારનું પોતાનું ચિત્ત શાંત હોય છે તેને અનુરૂપ ઉચિત અનુષ્ઠાન સ્વીકારે છે અને ઉદાત્ત આશયવાળા હોય છે અર્થાત્ ઉત્તર-ઉત્તરના શાંતરસને નિષ્પન્ન કરવાના આશયવાળા હોય છે, તેથી તેઓનું સેવાતું અનુષ્ઠાન શાંત-ઉદાત્ત પરિણામથી યુક્ત હોય છે, આથી જ સર્વથા વિપ્લવ રહિત હોય છે અર્થાત્ તે મહાત્માઓ જે અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનમાં વિપ્લવને કરનારા કષાયો શાંત હોય છે અને તે મહાત્મામાં વર્તતો વિવેક ઉત્તરના શાંતરસ તરફ જવાને અનુકૂળ ઉદાત્ત આશયપૂર્વક પ્રવર્તે છે, તેથી સેવાતા અનુષ્ઠાનમાં સ્ખલના કરનાર કષાયોનો કે ઇંદ્રિયોનો વિપ્લવ સર્વથા વિદ્યમાન નથી.

વળી તે મહાત્માઓ જે અનુષ્ઠાન સેવે છે તે અગ્ર ઉદ્ભવલતા જેવું નથી જ, જેમ સામાન્ય સંસારી જીવો ધર્મ અનુષ્ઠાન સેવે છે તે કેટલાંક વૃક્ષોમાં આગળ લતાઓ પ્રગટે છે તેના જેવું હોય છે, તે લતા અન્ય લતાને ઉત્પન્ન કરતી નથી તેમ સંસારી જીવો ધર્મઅનુષ્ઠાન સેવે છે તે ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકરૂપ નવી લતાને પ્રગટ કરતું નથી, ક્વચિત્ તેઓ શ્રાવકના આચારો સેવે અને પછી સાધુધર્મ સ્વીકારે તોપણ તે સાધ્વાચાર પૂર્વમાં સેવાયેલા દેશવિરતિ ગુણસ્થાનકના પરિણામની સાથે એકવાક્યતાથી જોડાયેલો નહિ હોવાથી અગ્રઉદ્ભવલતા જેવો હોય છે, જ્યારે યોગધર્મના અધિકારી જીવો શાંત-ઉદાત્ત આશયવાળા હોવાથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પરિણતિનું કારણ બને તે પ્રકારે જ સ્વભૂમિકા અનુસાર અનુષ્ઠાન સેવે છે, આથી વૃક્ષના અગ્રમાં ઉદ્ભવ થયેલી લતા જેવું તેઓનું અનુષ્ઠાન નથી જ.

વળી યોગ અધિકારી જીવો જે અનુષ્ઠાન સેવે છે તે અનુષ્ઠાનના સેવનકાળમાં, ઉત્તર-ઉત્તરના અનુષ્ઠાનમાં જવાને અનુકૂળ જે બહિરંગ ચૈત્યવંદનાદિ ઉચિત ક્રિયાઓ, તેમાં તેઓને અત્યંત રુચિ હોય છે, પરંતુ બાહ્ય ઉચિત આચરણાનો ત્યાગ કરીને અંતરંગ ભાવોથી જ વીતરાગતામાં ઉદ્યમ થઈ શકે છે તેવો વિભ્રમ તેઓને નથી; કેમ કે વિવેકચક્ષુ વ્યક્ત હોવાથી તે તે બાહ્ય અનુષ્ઠાન દ્વારા કઈ રીતે અંતરંગ શુદ્ધ ભાવો તરફ જઈ શકાશે તેના પરમાર્થને જોનારી નિર્મળ દૃષ્ટિ તેઓમાં પ્રગટ થયેલી છે. **॥૨૪૯॥**

**અવતરણિકા :-**

**इत्थं विषयस्वरूपानुबन्धशुद्धिप्रधानमनुष्ठानत्रयमभिधाय साम्प्रतं त्रयस्याप्यवस्थाभेदेन संमतत्वमाविश्चिकीर्षुराह –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=શ્લોક-૨૧૨થી માંડીને અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, વિષય-સ્વરૂપ અને અનુબંધ શુદ્ધિપ્રધાન અનુષ્ઠાનત્રયને કહીને હવે ત્રણે પણ અનુષ્ઠાનોનું અવસ્થાભેદથી સંમતપણું=મોક્ષના કારણરૂપે સ્વીકારપણું, આવિર્ભાવ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**इष्यते चैतदप्यत्र, विषयोपाधि सङ्गतम् ।**
**निदर्शितमिदं तावत्, पूर्वमत्रैव लेशतः ।।२५०।।**

**અન્વયાર્થ :-**

च=અને, अत्र=અહીં=યોગની વિચારણામાં, एतदपि=આ પણ, विषयोपाधि सङ्गतं=વિષયશુદ્ધ અનુષ્ઠાન સંગત, इष्यते=ઇચ્છાય છે, अत्रैव=અહીં જ=પ્રસ્તુત ગ્રંથમાં જ, तावत् पूर्वं=પૂર્વમાં, इदं= આ=વિષયશુદ્ધ અનુષ્ઠાનનું સંગતપણું, लेशतः=લેશથી, निदर्शितम्=બતાવાયું છે. ।।૨૫૦।।

**શ્લોકાર્થ :-**

**અને અહીં આ પણ વિષયશુદ્ધ અનુષ્ઠાન સંગત ઇચ્છાય છે, અહીં જ પૂર્વમાં આ લેશથી બતાવાયું છે. ।।૨૫૦।।**

**ટીકા :-**

**इष्यते=मन्यते, मतिमद्भिः, च-समुच्चये, एतदपि प्रागुक्तम् अत्र=योगचिन्तायाम्, विषयोपाधि= विषयशुद्धमनुष्ठानं, किं पुनः स्वरूपशुद्धानुबन्धशुद्धे इत्यपिशब्दार्थः, कीदृशमित्याह–सङ्गतं=युक्तमेव, निदर्शितं=निरूपितं, इदं=सङ्गतत्वम्, तावच्छब्दः क्रमार्थः पूर्वं=प्राक्, अत्रैव=शास्त्रे, लेशतः=संक्षेपेण** 'मुक्ताविच्छाऽपि यच्छ्लाघ्या, तमःक्षयकरी मता' **[श्लो. २१६] इत्यादिना ग्रन्थेन। विस्तरतस्तु विशेषग्रन्थादवसेयमिति ।।२५०।।**

**ટીકાર્થ :-**

इष्यते ..... विशेषग्रन्थादवसेयमिति।। 'च' સમુચ્ચયમાં છે=પૂર્વશ્લોકોની સાથે સંબંધ અર્થમાં છે, પૂર્વમાં કહેવાયેલું આ પણ અહીં=યોગચિંતામાં, વિષયઉપાધિ સંગત=વિષયશુદ્ધ અનુષ્ઠાન યુક્ત જ,

**મતિમાન વડે ઈચ્છાય છે, શું ? વળી સ્વરૂપશુદ્ધ અને અનુબંધ શુદ્ધ ? એ પ્રકારે 'एतदपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આ=સંગતપણું=વિષયશુદ્ધ અનુષ્ઠાનનું મોક્ષના કારણરૂપે સંગતપણું, નિરૂપણ કરાયેલું છે,** ક્યાં નિરૂપણ કરાયેલું છે તે સ્પષ્ટ કરતાં કહે છે – **અહીં જ શાસ્ત્રમાં લેશથી=સંક્ષેપથી, પૂર્વમાં નિરૂપણ કરાયું છે, શ્લોકમાં 'तावत्' શબ્દ ક્રમાર્થ છે=ત્રણ અનુષ્ઠાનમાં પૂર્વના અનુષ્ઠાનને ગ્રહણ કરવાના પ્રયોજનથી છે.**

લેશથી પૂર્વમાં ક્યાં કહ્યું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

"જે કારણથી શ્લાઘ્ય એવી મુક્તિની ઈચ્છા પણ અજ્ઞાનના ક્ષયને કરનારી મનાઈ છે" **ઈત્યાદિ ગ્રંથથી પૂર્વમાં કહેવાયું છે, વિસ્તારથી વળી વિશેષ ગ્રંથથી જાણવું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૫૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વિષયશુદ્ધ આદિ ત્રણ અનુષ્ઠાનોનું સ્વરૂપ બતાવ્યું અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન કેવું વિવેકવાળું છે તેનું સ્વરૂપ બતાવતાં શ્લોક-૨૩૮માં કહ્યું કે વિષયશુદ્ધ અને સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન કરનારા જીવો કર્મને પરતંત્ર યોગમાર્ગમાં પ્રવર્તે છે; કેમ કે તત્ત્વપરિજ્ઞાન વગરના છે, તેથી કોઈને શંકા થાય કે વિષયશુદ્ધ અનુષ્ઠાન સેવનારાનું તે અનુષ્ઠાન સર્વથા શાસ્ત્રસંમત નથી ? તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન તો યોગની વિચારણામાં બુદ્ધિમાનો સ્વીકારે છે, પરંતુ વિષયશુદ્ધ અનુષ્ઠાન પણ યોગમાર્ગની વિચારણામાં મોક્ષના કારણરૂપે બુદ્ધિમાનો સ્વીકારે છે, આથી શ્લોક-૨૧૬માં ગ્રંથકારશ્રીએ કહેલું કે પ્રશંસનીય એવી મુક્તિની ઇચ્છા પણ મોક્ષમાર્ગની પ્રવૃત્તિના બાધક જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય કરનારી છે. તેથી ફલિત થાય છે કે વિષયશુદ્ધ અનુષ્ઠાનમાં વર્તતી મુક્તિની ઇચ્છા અવશ્ય મોક્ષપ્રાપ્તિનું કારણ થશે, માટે વિષયશુદ્ધ અનુષ્ઠાન પણ સર્વથા નિષ્ફળ નથી. **।।૨૫૦।।**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुतमनुष्ठानं यस्य भवति तमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુત અનુષ્ઠાન=વિષયશુદ્ધિ આદિ અનુષ્ઠાન, જેને થાય છે તેને આશ્રયીને કહે છે –**

**શ્લોક :-**

**अपुनर्बन्धकस्यैवं सम्यग्नीत्योपपद्यते ।**
**तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ।।२५१।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૨૫૦માં કહ્યું કે વિષયશુદ્ધ અનુષ્ઠાન મોક્ષના કારણરૂપે ઇચ્છાય છે એ રીતે, अपुनर्बंधकस्य=અપુનર્બંધકને, तत्तत्तंत्रोक्तं अखिलं=તે તે તંત્રમાં કહેવાયેલું અખિલ=તે તે તંત્રમાં કહેવાયેલું મોક્ષને યોગ્ય સર્વ અનુષ્ઠાન, सम्यग्नीत्या=સમ્યગ્ નીતિથી, उपपद्यते=ઘટે છે, अवस्थाभेदसंश्रयात्=કેમ કે અવસ્થાભેદનું સંશ્રયણ છે=અપુનર્બંધકની અનેક અવસ્થાઓનો સ્વીકાર છે. ।।૨૫૧।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે અપુનર્બંધકને તે તે તંત્રમાં કહેવાયેલું અખિલ સમ્યગ્ નીતિથી ઘટે છે; કેમ કે અવસ્થાભેદનું સંશ્રયણ છે. ।।૨૫૧।।**

**ટીકા :-**

अपुनर्बन्धकस्योक्तरूपस्य एवं=उक्तरूपेण, सम्यग्नीत्या=शुद्धयुक्तिरूपया, उपपद्यते=घटते, किमित्याह- तत्तत्तन्त्रोक्तं=कापिलसौगतादिशास्त्रप्रणीतं, मुमुक्षुजनयोग्यमनुष्ठानं अखिलं=समस्तम्, कुत इत्याह - अवस्थाभेदसंश्रयात्=अपुनर्बन्धकस्यानेकस्वरूपाङ्गीकरणात्, अनेकस्वरूपाभ्युपगमे ह्यपुनर्बन्धकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायामवतरतीति ।।२५१।।

**ટીકાર્થ :-**

अपुनर्बन्धक ..... कस्यामप्यवस्थायामवतरतीति ।। આ રીતે=શ્લોક-૨૫૦માં કહ્યું એ રૂપ ઉક્તસ્વરૂપથી, ઉક્તસ્વરૂપવાળા અપુનર્બંધકને સમ્યગ્ નીતિથી=શુદ્ધયુક્તિરૂપ સમ્યગ્ નીતિથી, ઘટે છે, શું ઘટે છે ? એથી કહે છે – તે તે તંત્રમાં કહેવાયેલ=કપિલ-સૌગત આદિ શાસ્ત્રથી પ્રણીત, મુમુક્ષુજનયોગ્ય અનુષ્ઠાન સમસ્ત ઘટે છે=મોક્ષના કારણરૂપે સંગત થાય છે, કેમ અન્ય દર્શનનું અનુષ્ઠાન મોક્ષના કારણરૂપે સંગત થાય છે ? એથી કહે છે – અવસ્થાભેદનું સંશ્રયણ હોવાથી=અપુનર્બંધકનાં અનેક સ્વરૂપનો સ્વીકાર હોવાથી, અન્ય દર્શનનાં અનુષ્ઠાન સેવનારા પણ મોક્ષમાર્ગમાં છે તે સંગત થાય છે એમ અન્વય છે.

हि=જે કારણથી, અપુનર્બંધકનાં અનેક સ્વરૂપનો સ્વીકાર હોતે છતે કોઈપણ અનુષ્ઠાન કોઈપણ અવસ્થામાં અવતાર પામે છે=વિષયશુદ્ધ કે અનેક તરતમતાના ભેદવાળું સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન અપુનર્બંધક જીવોની ઘણી અવસ્થામાંથી કોઈપણ અવસ્થામાં અવતાર પામે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૫૧।।

**ભાવાર્થ :-**

શ્લોક-૨૫૦માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે વિષયશુદ્ધ અનુષ્ઠાન પણ અપુનર્બંધક જીવોને મુક્તિની ઇચ્છાથી યુક્ત હોવાને કારણે તેટલા અંશથી મોક્ષનું કારણ છે એ રીતે વિચારીએ તો કપિલ-સૌગતાદિ શાસ્ત્રમાં

કહેવાયેલા મોક્ષના અર્થી જીવોને યોગ્ય જે યમ-નિયમાદિ અનુષ્ઠાનો છે તે અનુષ્ઠાન સેવનારા અપુનર્બંધક જીવો પણ મોક્ષમાર્ગનું સેવન કરી રહ્યા છે; કેમ કે અપુનર્બંધક જીવોની અનેક અવસ્થા છે, તેથી જે અપુનર્બંધક જીવોની પ્રાથમિક નિર્મળ દૃષ્ટિ પ્રગટેલી છે તેઓને અન્ય દર્શનમાં કહેલ ભૃગુપાતાદિ જ મોક્ષનાં કારણો દેખાય છે, જો કે તેવા અપુનર્બંધક જીવોમાં અજ્ઞાનતા ઘણી છે, તેથી મોક્ષ અને મોક્ષના ઉપાયને જાણીને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે તેવો વિવેક નથી તોપણ મોક્ષની ઇચ્છા થઈ તેટલા અંશથી તેઓમાં વિવેક છે, તેમ કપિલદર્શનનાં કે બૌદ્ધદર્શનનાં અનુષ્ઠાન સેવનારા જીવોમાં પણ મોક્ષની ઇચ્છા અને મોક્ષને અનુરૂપ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન સેવે તેવી નિર્મળ પ્રજ્ઞા છે, પરંતુ મોક્ષનું સાનુબંધ કારણ બને તેવો વિવેક પ્રગટ્યો નથી, તેથી જે જે અંશથી જે જે અપુનર્બંધકમાં જેટલો જેટલો વિવેક પ્રગટ્યો છે તે તે ભૂમિકાના સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનને સેવીને તેઓ મોક્ષમાર્ગની આરાધના કરે છે એ વસ્તુ અપુનર્બંધક જીવોને આશ્રયીને ઘટે છે.

અહીં વિશેષ એ છે કે ગ્રંથકારશ્રીએ શ્લોક-૯૭માં કહેલ કે કપિલાદિ વડે સેવાતી પૂર્વસેવા ચરમાવર્ત બહારની છે તેમ હું માનું છું; કેમ કે તેઓમાં ભવનો અભિષ્વંગ વર્તે છે, અહીં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કપિલાદિથી કહેવાયેલા અનુષ્ઠાન સેવનારા જીવો પણ મોક્ષમાર્ગમાં છે, તેથી સ્થૂલદૃષ્ટિથી એ બે કથનનો વિરોધ જણાય, વસ્તુતઃ કપિલાદિ તે તે દર્શનના પ્રણેતા સ્વ-સ્વદર્શનના અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા હતા, તેથી તેઓની યમ-નિયમની આચરણાને ચરમાવર્ત બહારની છે એ પ્રકારે ગ્રંથકારશ્રીએ સંભાવના કરી છે, જ્યારે તે તે દર્શનમાં પણ અસદ્ગ્રહ વગરના મોક્ષના અર્થી જીવો જે યમ-નિયમની આચરણા કરે છે તેઓને આશ્રયીને તેઓનું અનુષ્ઠાન મોક્ષનું કારણ છે તેમ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં કહેલ છે.

તેથી એ ફલિત થાય કે અનિવર્તનીય અસદ્ગ્રહવાળા કોઈપણ દર્શનમાં રહેલા હોય તેઓના ભવઅભિષ્વંગને સામે રાખીને ગ્રંથકારશ્રીએ શ્લોક-૯૭માં કહેલ કે તેઓની આચરણા મોક્ષનું કારણ નથી, માટે તેઓની આચરણા ચરમાવર્તની નથી તેવી જણાય છે. **॥૨૫૧॥**

**અવતરણિકા :-**

**अथापुनर्बन्धकोत्तरं यद्भवति तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે અપુનર્બંધકની ઉત્તરમાં જે થાય છે તે બતાવે છે –**

**ભાવાર્થ :-**

અન્ય દર્શનમાં કે જૈનદર્શનમાં રહેલા સ્થૂલ બોધવાળા મોક્ષના અર્થી જીવો જે કોઈ અનુષ્ઠાન સેવે છે અને કદાગ્રહ વગરના છે તે જીવો અપુનર્બંધક અવસ્થાને પામેલા છે અને તેવા જીવોને મોક્ષપ્રાપ્તિના ઉપાય વિષયક વિવેક ઉત્પન્ન થાય તેવો બોધ કરાવાની સામગ્રી પ્રાપ્તિ થાય તો તેઓમાં જે ગુણ ઉત્પન્ન થાય છે તેને બતાવે છે –

શ્લોક :-

स्वतन्त्रनीतितस्त्वेव, ग्रन्थिभेदे तथा सति ।
सम्यग्दृष्टिर्भवत्युच्चैः, प्रशमादिगुणान्वितः ।।२५२।।

અન્વયાર્થ :-

तु=વળી, स्वतन्त्रनीतितः एव=સ્વતંત્ર નીતિથી જ=જૈનશાસ્ત્રની નીતિથી જ, तथा=તે પ્રકારે, ग्रन्थिभेदे सति=ગ્રંથિભેદ થયે છતે, उच्चैः=અત્યંત, प्रशमादिगुणान्वितः=પ્રશમાદિગુણથી યુક્ત, सम्यग्दृष्टिः=સમ્યગ્દૃષ્ટિ, भवति=થાય છે. ।।૨૫૨।।

શ્લોકાર્થ :-

**વળી સ્વતંત્રનીતિથી જ તે પ્રકારે ગ્રંથિભેદ થયે છતે અત્યંત પ્રશમાદિ ગુણથી યુક્ત સમ્યગ્દૃષ્ટિ થાય છે. ।।૨૫૨।।**

ટીકા :-

स्वतन्त्रनीतितस्त्वेव=जैनशास्त्रनीतेरेव, न पुनस्तन्त्रान्तराभिप्रायेणापि, ग्रन्थिभेदे=रागद्वेषमोहपरिणामस्यातीवदृढस्य विदारणे, तथा=यथाप्रवृत्त्यादिकरणप्रकारेण, सति=विद्यमाने, किमित्याह- सम्यग्दृष्टिः=शुद्धसम्यक्त्वधरः, भवति=सम्पद्यते, कीदृश इत्याह–उच्चैः=अत्यर्थं, प्रागवस्थातः सकाशात्, प्रशमादिगुणान्वितः=उपशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तियुक्तः ।।२५२।।

ટીકાર્થ :-

स्वतन्त्रनीति ..... व्यक्तियुक्तः ।। **વળી સ્વતંત્રનીતિથી જ=જૈનશાસ્ત્રની નીતિથી જ, પરંતુ તંત્રાન્તરના અભિપ્રાયથી પણ નહિ, તે પ્રકારથી=યથાપ્રવૃત્તિ આદિ કરણના પ્રકારથી, ગ્રંથિભેદ થયે છતે=અતિ દૃઢ એવા રાગ-દ્વેષ-મોહના પરિણામરૂપ ગ્રંથનું વિદારણ થયે છતે શું ? એથી કહે છે – સમ્યગ્દૃષ્ટિ=શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનાર થાય છે, કેવા પ્રકારનો થાય છે ? એથી કહે છે – પૂર્વ અવસ્થાથી અત્યંત=સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે જે પ્રશમાદિ ગુણો હતા તેનાથી અત્યંત, પ્રશમાદિગુણ અન્વિત થાય છે=ઉપશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યની અભિવ્યક્તિથી યુક્ત થાય છે. ।।૨૫૨।।**

ભાવાર્થ :-

જે જીવો સ્થૂલબોધવાળા છે, સ્થૂલથી યોગમાર્ગને સેવનારા છે, આથી જ તપ-ત્યાગાદિ પરલોકના ઉત્તમ આચારો પ્રત્યે રુચિવાળા છે તેવા જીવોને ભગવાનના વચનનાં રહસ્યોને બતાવનાર મહાત્માનો યોગ થાય કે અન્ય કોઈ નિમિત્ત પ્રાપ્ત થાય ત્યારે આત્માના પારમાર્થિક હિત વિષયક સૂક્ષ્મબોધમાં બાધક એવી રાગાદિ ગ્રંથિનો ભેદ કરવા અર્થે તેઓમાં સૂક્ષ્મ ઊહ પ્રગટે છે, જે ત્રણ કરણ સ્વરૂપ છે, યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. તે ત્રણ કરણવાળા જીવોમાંથી જેઓ સ્થૂલબોધથી ધર્મની પ્રવૃત્તિ કરે છે

તે જીવો યથાપ્રવૃત્તિકરણ અવસ્થામાં હોય છે, સૂક્ષ્મબોધને અનુકૂળ ઉપદેશ આદિના બળથી તેઓ તત્ત્વનો નિર્ણય કરવા યત્ન કરે ત્યારે અપૂર્વકરણ અવસ્થાને પ્રાપ્ત કરે છે, જેનાથી રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થાય છે અને ત્યારપછી અનિવૃત્તિકરણ પ્રાપ્ત થાય છે, જેનાથી તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટ થાય છે ત્યારે તે મહાત્મા શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરનારા બને છે અને તે વખતે તેઓમાં પૂર્વની અવસ્થા કરતા અતિશયવાળા પ્રશમાદિ ગુણો પ્રગટે છે અર્થાત્ પૂર્વ કરતાં અતિશયવાળો કષાયોનો ઉપશમ પ્રગટે છે, પૂર્વ કરતાં અતિશયવાળો સંવેગનો પરિણામ પ્રગટે છે, પૂર્વ કરતાં ભવ પ્રત્યે અત્યંત નિર્વેદ પ્રગટે છે અર્થાત્ ભવની નિર્ગુણતાના સ્પષ્ટ દર્શનને કારણે ભવના ઉચ્છેદની ઉત્કટ ઇચ્છા થાય છે અને દુઃખી જીવો પ્રત્યે અત્યંત અનુકંપાનો પરિણામ થાય છે અને આત્માના અસ્તિત્વનો સ્પષ્ટ નિર્ણય થવાથી આસ્તિક્ય ગુણ પ્રગટે છે; કેમ કે ગ્રંથિભેદકાળમાં ઉપદેશાદિના બળથી જે સૂક્ષ્મ ઊહાપોહ કર્યો, તેનાથી શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવથી આત્માના સ્વરૂપનો, ભવની કદર્થનાનો અને મોક્ષના ઉપાયનો સ્પષ્ટ નિર્ણય થાય છે.

અહીં યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણો કહ્યાં; ત્યાં 'કરણ' શબ્દ અધ્યવસાય અર્થમાં છે, તેમાં સહજ પ્રકારે પ્રવૃત્ત થયેલા તત્ત્વને અભિમુખ અધ્યવસાય યથાપ્રવૃત્તિકરણ કહેવાય છે; કેમ કે યથા-તથા 'નદી ઘોલ પાષાણ' ન્યાયથી તે અધ્યવસાય પ્રગટે છે. વળી ઉપદેશાદિના બળથી અંતરંગ સૂક્ષ્મ ઊહ કરે તેવો જે અપૂર્વ અધ્યવસાય થાય છે તે અપૂર્વકરણ કહેવાય છે અને આ અપૂર્વકરણ અધ્યવસાયથી જ ગ્રંથિનો ભેદ થાય છે=તત્ત્વના યથાર્થ સ્વરૂપના અવલોકનમાં બાધક રાગાદિ કષાયોરૂપ ગ્રંથિનો ભેદ થાય છે, અને ત્યારપછી સમ્યક્ત્વને પામ્યા વગર નિવર્તન ન પામે તેવો અનિવૃત્તિકરણનો અધ્યવસાય થાય છે, જેના બળથી અવશ્ય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. **॥૨૫૨॥**

**અવતરણિકા :-**

**अथास्य लिङ्गान्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આનાં=સમ્યગ્દૃષ્ટિનાં, લિંગોને=સમ્યક્ત્વનાં અનુમાપક ચિહ્નોને, કહે છે –**

**શ્લોક :-**

**शुश्रूषा धर्मरागश्च, गुरुदेवादिपूजनम् ।**
**यथाशक्ति विनिर्दिष्टं, लिङ्गमस्य महात्मभिः ।।२५३।।**

**અન્વયાર્થ :-**

**यथाशक्ति=યથાશક્તિ, शुश्रूषा=શુશ્રૂષા, धर्मरागः=ધર્મનો રાગ, च=અને, गुरुदेवादिपूजनम्=ગુરુદેવાદિનું પૂજન, अस्य=આનું=સમ્યગ્દૃષ્ટિનું, लिङ्गम्=લિંગ, महात्मभिः=મહાત્માઓ વડે, विनिर्दिष्टं=કહેવાયું છે. ॥૨૫૩॥**

**શ્લોકાર્થ :-**

**યથાશક્તિ શુશ્રૂષા, ધર્મનો રાગ અને ગુરુદેવાદિનું પૂજન આનું લિંગ મહાત્માઓ વડે કહેવાયું છે. ॥૨૫૩॥**

**ટીકા :-**

**शुश्रूषा=सद्धर्मशास्त्रविषया, धर्मरागश्च=चारित्रधर्मानुरागरूपः, गुरुदेवादिपूजनं=धर्माचार्यजिन-साधर्मिकादिसमभ्यर्चनम्, यथाशक्ति=स्वसामर्थ्यानुरूपं, विनिर्दिष्टम् लिङ्गं=चिह्नम्, अस्य= सम्यग्दृष्टेर्जीवस्य, महात्मभिः=शास्त्रकारैरिति ।।२५३।।**

**ટીકાર્થ :-**

**शुश्रूषा ..... शास्त्रकारैरिति।। સદ્ધર્મના શાસ્ત્રના વિષયવાળી શુશ્રૂષા અને ચારિત્રધર્મના અનુરાગરૂપ ધર્મરાગ, ગુરુદેવાદિનું પૂજન=ધર્માચાર્ય-જિન-સાધર્મિક આદિનું અભ્યર્ચન, યથાશક્તિ=સ્વસામર્થ્ય અનુરૂપ, આનું=સમ્યગ્દૃષ્ટિ જીવનું, લિંગ=ચિહ્ન, મહાત્માઓ વડે=શાસ્ત્રકારો વડે, બતાવાયું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૫૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે ગ્રંથિભેદ થયે છતે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે, તેથી જીવમાં સમ્યક્ત્વ પ્રગટ થવાને કારણે જે કાર્યો થાય છે તે કાર્ય ઉપરથી સમ્યક્ત્વનું અનુમાન થઈ શકે છે, જેમ અગ્નિના કાર્ય ધૂમ ઉપરથી પર્વતમાં રહેલા ચક્ષુથી નહિ દેખાતા અગ્નિનું અનુમાન થાય છે, તેમ જીવમાં અંતરંગ રીતે વર્તતા ચક્ષુથી નહિ દેખાતા સમ્યગ્દર્શનનું તેનાં લિંગો ઉપરથી અનુમાન થાય છે અને તે લિંગો ત્રણ છે – શક્તિ અનુસાર સદ્ધર્મના શાસ્ત્રના વિષયવાળી શુશ્રૂષા પ્રગટે છે, સંસારના ઉચ્છેદના કારણીભૂત સૂક્ષ્મબોધપૂર્વક ભાવચારિત્રનો રાગ પ્રગટે છે અને શક્તિ અનુસાર ગુરુ એવા ધર્માચાર્ય, દેવ એવા જિન અને સાધર્મિક આદિની ભક્તિ કરવાનો પરિણામ પ્રગટે છે. આ ત્રણ લિંગોથી અનુમાન થાય છે કે આ જીવમાં સમ્યગ્દર્શન છે. **॥૨૫૩॥**

**અવતરણિકા :-**

**अथ लिङ्गमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

હવે લિંગને જ=સમ્યગ્દૃષ્ટિનાં ત્રણ લિંગોમાંથી શુશ્રૂષા લિંગને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

**न किंनरादिगेयादौ, शुश्रूषा भोगिनस्तथा ।**
**यथा जिनोक्तावस्येति, हेतुसामर्थ्यभेदतः ।।२५४।।**

**અન્વયાર્થ :-**

**हेतुसामर्थ्यभेदतः=હેતુના સામર્થ્યના ભેદથી=કિંનરગેયાદિરૂપ શુશ્રૂષાના અને ભગવાનના વચનવિષયક શુશ્રૂષાના હેતુના સામર્થ્યના ભેદથી, यथा=જે પ્રમાણે, अस्य=આને=સમ્યગ્દષ્ટિને, जिनोक्तौ=ભગવાને કહેલા વચનમાં, शुश्रूषा=શુશ્રૂષા છે, तथा=તે પ્રકારે, किंनरादिगेयादौ=કિંનરાદિના ગેયાદિમાં, भोगिनः न=ભોગીને શુશ્રૂષાનો પરિણામ નથી. ।।૨૫૪।।**

**શ્લોકાર્થ :-**

**હેતુના સામર્થ્યના ભેદથી જે પ્રમાણે આને ભગવાને કહેલા વચનમાં શુશ્રૂષા છે તે પ્રકારે કિંનરાદિના ગેયાદિમાં ભોગીને શુશ્રૂષાનો પરિણામ નથી. ।।૨૫૪।।**

**ટીકા :-**

**न किंनरादिगेयादौ=किंनरादीनां गायकविशेषाणां यद्गेयादि गीतवर्णपरिवर्ताभ्यासकथाकथनादि श्रवणेन्द्रियाक्षेपकारि तत्र, शुश्रूषा=श्रोतुमिच्छा, भोगिनः=पुरुषस्य, यूनो वैदग्ध्यवतः कान्तायुक्तस्यातिशयकामिनश्च, तथा=तेन प्रकारेण, यथा जिनोक्तौ=जिनशासने, अस्य=सम्यग्दृष्टेः, इतिः पादसमाप्तौ, कुत इत्याह–हेतुसामर्थ्यभेदतः=किंनरादिगेयादिशुश्रूषाहेतोः सकाशाज्जिनोक्तिशुश्रूषाया हेतोः सामर्थ्यवैशिष्ट्यात् ।।२५४।।**

**ટીકાર્થ :-**

**न किंनरादिगेयादौ ..... सामर्थ्यवैशिष्ट्यात् ।। કિંનરાદિ ગેયાદિમાં=ગાયક વિશેષરૂપ કિંનર જાતિવાળા દેવોના જે ગેયાદિ અર્થાત્ ગીત-વર્ણ-પરિવર્ત-અભ્યાસ-કથા-કથનાદિ શ્રવણેંદ્રિયના આક્ષેપકારી એવા ગેયાદિમાં, ભોગીને=યુવાન વૈદગ્ધ્યવાળા સ્ત્રીથી યુક્ત અતિશય કામી એવા પુરુષને, તે પ્રકારે શુશ્રૂષા=સાંભળવાની ઇચ્છા નથી, જે પ્રકારે આને=સમ્યગ્દષ્ટિને, જિનોક્તમાં=જૈનશાસનમાં= જિનવચનમાં, શુશ્રૂષા છે, 'इति' શબ્દ=શ્લોકમાં રહેલો ઇતિ શબ્દ, પાદસમાપ્તિમાં છે.**

કેમ સમ્યગ્દષ્ટિને ભોગી કરતાં અધિક શુશ્રૂષા છે ? એથી કહે છે –

**હેતુના સામર્થ્યના ભેદને કારણે=કિંનરાદિના ગેયાદિની શુશ્રૂષાના હેતુ કરતાં જિનોક્તની શુશ્રૂષાના હેતુના સામર્થ્યનું વિશિષ્ટપણું હોવાથી સમ્યગ્દષ્ટિની શુશ્રૂષા ભોગીની શુશ્રૂષા કરતાં અધિક છે એમ અન્વય છે. ।।૨૫૪।।**

**ભાવાર્થ :-**

કોઈ યુવાન પુરુષ હોય, સંગીતમાં નિપુણ હોય, સ્ત્રીથી યુક્ત હોય અને સંગીત સાંભળવાની અતિકામનાવાળો હોય અને તેવા યુવાનને શ્રેષ્ઠ કોટીના કિંનરજાતિના દેવોનાં ગાયનો સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે તે સાંભળવાની તેને ઉત્કટ ઇચ્છા થાય છે; કેમ કે સંગીત સાંભળવાને અનુકૂળ સર્વ શક્તિઓ તે પુરુષમાં

વિદ્યમાન છે, છતાં તે યુવાન પુરુષને જે પ્રકારની ઉત્કટ ઇચ્છા સાંભળવા વિષયક નથી તે પ્રકારની ઉત્કટ ઇચ્છા સમ્યગ્દૃષ્ટિ જીવને ભગવાનના વચનને સાંભળવાની થાય છે.

કેમ સંગીતના શોખીન પુરુષ કરતાં અધિક ધર્મશાસ્ત્ર શ્રવણવિષયક સમ્યગ્દૃષ્ટિને ઉત્કટ ઇચ્છા થાય છે ? તેમાં હેતુ કહે છે –

ભોગીને જે કિંનરના ગીતને સાંભળવાની ઇચ્છા છે તેના હેતુ અનુસાર તેને ઉત્કટ ઇચ્છા થાય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવને જિનશાસ્ત્રશ્રવણ વિષયક શુશ્રૂષા થાય છે તેના હેતુ અનુસાર તેને ઉત્કટ ઇચ્છા થાય છે અને કિંનર ગેયાદિના શ્રવણની ઇચ્છાના હેતુ કરતાં ધર્મશાસ્ત્રના શ્રવણના હેતુમાં સામર્થ્ય વિશેષ છે જેના કારણે સમ્યગ્દૃષ્ટિને ભોગીની શુશ્રૂષા કરતાં બલવાન શુશ્રૂષા પ્રગટે છે અને તે સામર્થ્યવિશેષ જ સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરે છે. **॥૨૫૪॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=કિંનરના ગેયાદિની શુશ્રૂષાના હેતુ કરતાં જિનવચન વિષયક શુશ્રૂષાના હેતુના સામર્થ્ય-વિશેષને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**तुच्छं च तुच्छनिलयाप्रतिबद्धं च तद्यतः ।**
**गेयं जिनोक्तिस्त्रैलोक्यभोगसंसिद्धिसङ्गता ।।२५५।।**

**અન્વયાર્થ :-**

**यतः=જે કારણથી, तुच्छनिलयाप्रतिबद्धं=તુચ્છ નિલય આપ્રતિબદ્ધ=અસાર એવા દેહની સાથે સંબંધવાળું, तुच्छं च तद् गेयं=તુચ્છ એવું તે ગેય=કિંનરનું ગેય છે, च=અને, जिनोक्तिः=જિનોક્તિ, त्रैलोक्य-भोगसंसिद्धिसङ्गता=ત્રૈલોક્યના ભોગની સંસિદ્ધિસંગત છે. ॥૨૫૫॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી તુચ્છ નિલય આપ્રતિબદ્ધ તુચ્છ એવું તે ગેય છે અને જિનોક્તિ ત્રૈલોક્યના ભોગની સંસિદ્ધિસંગત છે. ॥૨૫૫॥**

**ટીકા :-**

**तुच्छं च=क्षणिकश्रवणेन्द्रियसुखमात्रकारित्वादल्पम्, तुच्छनिलयाप्रतिबद्धं च शुक्रशोणितादिमल-निलयललनावर्णनप्रवृत्तत्त्वात् तद् यतो=यस्माद्धेतोः, गेयं किंनरादिकृतम्, जिनोक्तिः=जिनशासनं**

**पुनः त्रैलोक्यभोगसंसिद्धिसङ्गता=त्रैलोक्यभोगेन शक्रचक्रधरादिपदलक्षणेन संसिद्ध्या च कर्मक्षयलक्षणया सङ्गता युक्ता वर्तत इति ।।२५५।।**

**ટીકાર્થ :-**

**तुच्छं च .... वर्तत इति ।। અને તુચ્છ=ક્ષણિક શ્રવણેન્દ્રિય સુખમાત્રકારીપણું હોવાથી અલ્પ, તુચ્છ નિલયથી આપ્રતિબદ્ધ=અસાર એવા દેહ સાથે પ્રતિબંધવાળું જે કારણથી તે કિંનરાદિકૃત ગેય છે; કેમ કે શુક્ર-શોણિત આદિ મલના સ્થાનભૂત સ્ત્રીના વર્ણનમાં પ્રવૃત્તપણું છે, વળી જિનોક્તિ= જિનશાસન= ભગવાનનું વચન, ત્રૈલોક્યભોગસંસિદ્ધિસંગત છે=શક્ર-ચક્રધર આદિ પદ સ્વરૂપ ત્રૈલોક્યના ભોગથી અને કર્મક્ષયરૂપ સંસિદ્ધિથી યુક્ત વર્તે છે, તે કારણથી સમ્યગ્દૃષ્ટિને ભોગીના કિંનરાદિ ગેય કરતાં ભગવાનના વચનમાં અધિક શુશ્રૂષા છે એમ અન્વય છે. ॥૨૫૫॥**

**ભાવાર્થ :-**

સંગીતના શોખીન પુરુષને કિંનરના ગેયમાં સાંભળવાની જે ઉત્કટ ઇચ્છા છે તે ગેય શ્રવણકાળમાં ઇંદ્રિયના સુખમાત્રને કરનાર હોવાથી અલ્પ છે અને તે સંગીત સ્ત્રીઓના વર્ણનના વિષયવાળું હોવાથી શુક્ર-શોણિત આદિ મલના સ્થાનભૂત સ્ત્રી વિષયક છે, તેથી તેનાથી જે સુખ થાય છે તેના કરતાં ઘણું અધિક સુખ ભગવાનના શાસ્ત્રના શ્રવણથી સમ્યગ્દૃષ્ટિ જીવને થાય છે; કેમ કે જેમ ભોગીને શ્રવણની ઉત્કટ ઇચ્છાને કારણે શ્રવણથી સુખ થાય છે. તેમ તત્ત્વશ્રવણની ઉત્કટ ઇચ્છાને કારણે સમ્યગ્દૃષ્ટિને શાસ્ત્રશ્રવણથી તત્કાલ સુખ થાય છે, વળી કિંનરના ગેયને સાંભળનાર પુરુષને તે શ્રવણક્રિયાની સમાપ્તિજન્ય અન્ય કોઈ સુખ નથી, જ્યારે સમ્યગ્દૃષ્ટિને શાસ્ત્રશ્રવણથી જે સુખ થાય છે અને તેનાથી જિનવચનમાં જે રાગ થાય છે તેના કારણે જગતમાં ઇન્દ્ર-ચક્રવર્તી આદિ પદોની પ્રાપ્તિ થશે અને જેમ જેમ સમ્યગ્દૃષ્ટિ ભગવાનના વચનથી વાસિત થશે તેમ તેમ કર્મક્ષયની સંસિદ્ધિ થવાને કારણે ભાવિમાં વીતરાગભાવને અનુકૂળ ઉત્તમ ચિત્ત થવાથી ઘણા વિશેષ પ્રકારના સુખની પ્રાપ્તિ થશે, તેથી ભોગીને સંગીતના શ્રવણકાળમાં આ સંગીત વર્તમાનમાત્રનું સુખાકારી છે તેનો બોધ થાય છે અને સમ્યગ્દૃષ્ટિને જિનવચનનું શ્રવણ વર્તમાનમાં પણ સુખાકારી છે અને ભાવિની પરંપરામાં પણ સુખાકારી છે તેવો સ્પષ્ટ બોધ હોવાથી ભોગીના સંગીતના સુખ કરતાં ઘણું અધિક સુખ સમ્યગ્દૃષ્ટિને શુશ્રૂષાથી થાય છે, તેથી સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષા ભોગીની શુશ્રૂષા કરતાં અધિક બલવાન છે, જેમ કોઈને બે રત્ન સમાન સુંદર દેખાતાં હોય અને તે બેમાંથી એક રત્ન ચિંતામણિરત્ન છે તેવો બોધ થાય ત્યારે તે બન્ને રત્નો પ્રત્યે ગ્રહણનો પરિણામ સમાન હોતો નથી, પરંતુ ચિંતામણિરત્નના ગ્રહણનો પરિણામ અતિશય થાય છે તેમ ભોગીને ગેયના શ્રવણથી થતું સુખ તત્કાલ ફલ માત્ર વિશ્રાંત હોવાથી અને સમ્યગ્દૃષ્ટિને શાસ્ત્રશ્રવણથી થતું સુખ તત્કાલના અને ભાવિના ફલમાં વિશ્રાંત થનાર હોવાથી ભોગીની શુશ્રૂષા કરતાં સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષા અધિક પ્રમાણમાં હોય છે. **॥૨૫૫॥**

શ્લોક :-

हेतुभेदो महानेवमनयोर्यद् व्यवस्थितः ।
चरमात्तद्युज्यतेऽत्यन्तं, भावातिशययोगतः ।।२५६।।

અન્વયાર્થ :-

यद्=જે કારણથી, एवम्=આ રીતે=શ્લોક-૨૫૫માં બતાવ્યું એ રીતે, अनयोः=આ બેનો=પ્રસ્તુત બે શુશ્રૂષાનો, महान् हेतुभेदः व्यवस्थितः=મહાન હેતુભેદ વ્યવસ્થિત છે, तद्=તે કારણથી, चरमात्=ચરમ હેતુથી=બીજા હેતુથી=ભોગીની શુશ્રૂષાના હેતુ કરતાં સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષામાં જે હેતુવિશેષ છે તે રૂપ બીજા હેતુથી, भावातिशययोगतः अत्यन्तं युज्यते=ભાવાતિશયના યોગને કારણે અત્યંત ઘટે છે=જિનવચનમાં સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષા અતિશયિત ઘટે છે. ॥૨૫૬॥

શ્લોકાર્થ :-

જે કારણથી આ રીતે આ બેનો મહાન હેતુભેદ વ્યવસ્થિત છે, તે કારણથી ચરમ હેતુથી ભાવાતિશયના યોગને કારણે અત્યંત ઘટે છે. ॥૨૫૬॥

ટીકા :-

हेतुभेदः=कारणयोर्विशेषो, महान् एवं=उक्तप्रकारेण, अनयोः=प्रस्तुतशुश्रूषयोः, यद्=यस्मात्, व्यवस्थितः=प्रतिष्ठितः, चरमाद्=द्वितीयात्, तत्=तस्माद्धेतोः, युज्यते=घटते, जिनोक्तौ शुश्रूषा, अत्यन्तं=अतीव, प्रथमशुश्रूषायाः सकाशाद्, भावातिशययोगतः=उपादेयतारूपभावप्रकर्षात् ।।२५६।।

ટીકાર્થ :-

हेतुभेदः ..... उपादेयतारूपभावप्रकर्षात् ।। આ રીતે=શ્લોક-૨૫૫માં કહ્યું એ પ્રકારથી, આ બેનો=પ્રસ્તુત બે શુશ્રૂષાનો, મહાન્ હેતુભેદ=કારણનો વિશેષ, જે કારણથી વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે, તે કારણથી ચરમ એવા દ્વિતીય હેતુથી=સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષાના ફળમાં જે વિશેષતા છે તે રૂપ બીજા હેતુથી, ભાવ અતિશયના યોગને કારણે=સમ્યગ્દૃષ્ટિને શુશ્રૂષામાં ઉપાદેયતારૂપ ભાવના પ્રકર્ષને કારણે, પ્રથમ શુશ્રૂષાથી=ભોગીને ગેયમાં થતી શુશ્રૂષાથી, જિનોક્ત વિષયમાં શુશ્રૂષા અત્યંત=અતિશયવાળી, ઘટે છે. ॥૨૫૬॥

ભાવાર્થ :-

શ્લોક-૨૫૫માં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે ભોગીની શુશ્રૂષા તુચ્છ ગેયની સાથે અને તુચ્છ સ્ત્રીના શરીર સાથે પ્રતિબદ્ધ છે અને ભગવાનના વચન વિષયક શુશ્રૂષા ત્રણ લોકનાં શ્રેષ્ઠ સુખો સાથે સંગત છે, એ રીતે ભોગીની શુશ્રૂષા અને સમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષામાં મહાન હેતુભેદ છે, તેથી સમ્યગ્દૃષ્ટિને શુશ્રૂષામાં ઉપાદેયતારૂપ

ભાવનો પ્રકર્ષ થાય છે અર્થાત્ ભોગીને જે પ્રકારે ઉપાદેયતારૂપ ભાવ છે તેના કરતાં સમ્યગ્દૃષ્ટિને ઉપાદેયતારૂપ ભાવનો પ્રકર્ષ થાય છે, તેથી ભોગીની શુશ્રૂષા કરતાં સમ્યગ્દૃષ્ટિની જિનવચન વિષયક શુશ્રૂષા અતિશયવાળી ઘટે છે.

આનાથી એ ફલિત થાય કે સંગીતના શોખીન ભોગી એવા યુવાનને જે પ્રકારે સંગીતના પરમાર્થનો સૂક્ષ્મબોધ છે, તે પ્રકારે સમ્યગ્દૃષ્ટિને ભગવાનના વચનના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મ બોધ છે, તેથી ભગવાનના વચનની સંગીતથી થતા સુખ કરતાં જે પ્રકારની વિશેષતા છે તે પ્રકારની વિશેષતાને જાણીને સમ્યગ્દૃષ્ટિને ભગવાનના વચનમાં ઉપાદેયતારૂપ ભાવનો પ્રકર્ષ થાય છે, આથી જ ભોગીની શુશ્રૂષા કરતાં અતિશયવાળી શુશ્રૂષા સમ્યગ્દૃષ્ટિને હોય છે. **॥૨૫૬॥**

**અવતરણિકા :-**

**अथ द्वितीयलिङ्गभावनार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે બીજા લિંગના ભાવન માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૫૩માં સમ્યગ્દૃષ્ટિનાં ત્રણ લિંગો બતાવ્યાં, ત્યારપછી શુશ્રૂષારૂપ પ્રથમ લિંગની અત્યાર સુધી સ્પષ્ટતા કરી, હવે સમ્યગ્દૃષ્ટિના ધર્મરાગરૂપ બીજા લિંગને સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**धर्मरागोऽधिकोऽस्यैवं, भोगिनः स्त्र्यादिरागतः ।**
**भावतः कर्मसामर्थ्यात्, प्रवृत्तिस्त्वन्यथापि हि ।।२५७।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=જેમ શુશ્રૂષામાં સમ્યગ્દૃષ્ટિને ભોગી કરતાં અધિક રાગ છે એ રીતે, अस्य=આને=સમ્યગ્દૃષ્ટિને, भोगिनः=ભોગીના, स्त्र्यादिरागतः=સ્ત્રી આદિ રાગ કરતાં, भावतः=ભાવથી, धर्मरागः अधिकः=ધર્મરાગ અધિક છે, तु=વળી, कर्मसामर्थ्यात्=કર્મસામર્થ્યથી, प्रवृत्तिः=પ્રવૃત્તિ, अन्यथापि हि=અન્યથા પણ છે=ચારિત્રધર્મ કરતાં વિપરીત પણ છે. ।।૨૫૭।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે આને ભોગીના સ્ત્રી આદિ રાગ કરતાં ભાવથી ધર્મરાગ અધિક છે, વળી કર્મ-સામર્થ્યની પ્રવૃત્તિ અન્યથા પણ છે. ।।૨૫૭।।**

**ટીકા :-**

**धर्मरागश्चारित्रधर्मस्पृहारूपः अधिकः=प्रकर्षवान्, अस्य=सम्यग्दृष्टेः, एवं=शुश्रूषावत्, भोगिनः पुरुषस्य यः स्त्र्यादिष्विन्द्रियविषयेषु रागः=अभिलाषः, तस्मात्सकाशात्, भावतः=अन्तःकरणपरिणत्या, न पुनर्बहिर्वृत्त्यापि, यतः कर्मसामर्थ्यात्=चारित्रमोहप्राबल्यात्, प्रवृत्तिस्तु=व्यापारः पुनः, अन्यथापि हि=चारित्रधर्मप्रातिकूल्येन, अनुकूलतया भवत्येवेत्यपिहिशब्दार्थः ।।२५७।।**

**ટીકાર્થ :-**

धर्मरागश्चारित्र ..... भवत्येवेत्यपिहिशब्दार्थः ।। **આ રીતે=શુશ્રૂષાની જેમ, આને=સમ્યગ્દષ્ટિને, ભોગીપુરુષને જે સ્ત્રી આદિ રૂપ ઈન્દ્રિયોના વિષયોમાં રાગ=અભિલાષ છે, તેનાથી અધિક પ્રકર્ષવાળો ચારિત્રધર્મની સ્પૃહારૂપ ધર્મરાગ છે.**

કઈ રીતે અધિક ધર્મરાગ છે ? એથી કહે છે –

**ભાવથી=અંતઃકરણ પરિણતિથી, પરંતુ બહિર્વૃત્તિથી પણ નહિ, જે કારણથી કર્મના સામર્થ્યને કારણે=ચારિત્રમોહનું પ્રાબલ્ય હોવાને કારણે, વળી પ્રવૃત્તિ=વ્યાપાર, અન્યથા પણ છે=ચારિત્રધર્મના પ્રતિકૂલપણાથી છે. અનુકૂલપણાથી=ચારિત્રધર્મને અનુકૂલપણાથી, પ્રવૃત્તિ થાય છે જ એ પ્રકારે 'अन्यथापि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ છે. ।।૨૫૭।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દષ્ટિ જીવને ભગવાનનું વચન સર્વ કલ્યાણનું એક કારણ દેખાય છે, તેથી ભગવાનના વચનના રહસ્યને જાણવાની ઉત્કટ ઇચ્છા વર્તે છે, તેથી ભોગીની સંગીતના શ્રવણની ઇચ્છા કરતાં પણ સમ્યગ્દષ્ટિને ભગવાનના વચનના રહસ્યને જાણવાની ઉત્કટ ઇચ્છા હોય છે, વળી સમ્યગ્દષ્ટિને સૂક્ષ્મ બોધ થયેલો હોવાથી ત્રણ ગુપ્તિમાં રહીને સદા મોહની સામે સુભટની જેમ લડનારા ભાવસાધુમાં વર્તતો ચારિત્રનો પરિણામ સર્વ કલ્યાણની પરંપરાનું એક કારણ દેખાય છે, તેથી જેમ ભોગના અર્થી સંસારી જીવોને ભોગમાં જે પ્રકારનો ઉત્કટ રાગ હોય છે તેના કરતાં ઉત્કટ રાગ સમ્યગ્દષ્ટિને ચારિત્રની પરિણતિ પ્રત્યે ભાવથી હોય છે, આમ છતાં બાહ્ય ચારિત્રની ક્રિયા દ્વારા મોહની સામે સુભટની જેમ લડવાનું સામર્થ્ય પોતાનામાં પ્રગટ થયેલું ન જણાય તો સમ્યગ્દષ્ટિ જીવો સાક્ષાત્ ચારિત્રગ્રહણની પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનનું સેવન કરીને અંતરંગ રીતે મોહની સામે સુભટની જેમ લડી શકે તેવી શક્તિનો સંચય થાય ત્યારે મોહની સામે સુભટની જેમ લડવાના અંગભૂત ચારિત્રનો સ્વીકાર કરે છે, આથી જ તત્ત્વશ્રવણકાળમાં સમ્યગ્દષ્ટિજીવને તત્ત્વશ્રવણથી તત્ત્વના યથાર્થ બોધનાં પ્રતિબંધક કર્મો નાશ થાય છે તેમ જે સમ્યગ્દષ્ટિ જીવોને તત્ત્વના સેવન રૂપ ચારિત્રનાં પ્રતિબંધક કર્મોનો નાશ પણ શ્રવણકાળમાં જ થાય છે, તે સમ્યગ્દષ્ટિ જીવો તરત જ ચારિત્રના પરિણામવાળા થાય છે, તેથી તરત ચારિત્ર ગ્રહણ કરે છે અને જેઓને તત્ત્વનો સૂક્ષ્મ બોધ થયેલો હોવા છતાં તેઓના તત્ત્વના સેવનનાં પ્રતિબંધક કર્મો શિથિલ થયાં નથી તેઓ ચારિત્રની શક્તિના સંચય અર્થે સ્વભૂમિકા અનુસાર દેશવિરતિ આદિનું પણ અનુષ્ઠાન સેવે છે. **।।૨૫૭।।**

**અવતરણિકા :-**

नन्वन्यथापि प्रवृत्तौ कथं भावतो धर्मरागोऽस्येत्याशंक्याह –

**અવતરણિકાર્થ :-**

'નનુ'થી શંકા કરે છે – અન્યથા પણ પ્રવૃત્તિ હોતે છતે=ચારિત્રની પરિણતિના કારણીભૂત ચારિત્રાચારના પાલનથી વિપરીત સમ્યગ્દૃષ્ટિની પ્રવૃત્તિ હોતે છતે, કેવી રીતે ભાવથી ધર્મરાગ=ચારિત્રધર્મનો રાગ, આને=સમ્યગ્દૃષ્ટિને, છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

**શ્લોક :-**

न चैवं तत्र नो राग इति युक्त्योपपद्यते ।
हविःपूर्णप्रियो विप्रो, भुङ्क्ते यत्पूयिकाद्यपि ।।२५८।।

**અન્વયાર્થ :-**

च=વળી, एवं=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે સમ્યગ્દૃષ્ટિની ચારિત્રના વિષયમાં અન્યથા પ્રવૃત્તિ હોતે છતે, तत्र=ત્યાં=ચારિત્રના પરિણામમાં, नो रागः न=રાગ નથી એમ નહિ અર્થાત્ રાગ છે, इति=એ, युक्त्या=યુક્તિથી, उपपद्यते=ઘટે છે, यत्=જે કારણથી, हविःपूर्णप्रियो विप्रो=ઘૃતપૂર્ણ પ્રિય છે જેને એવો બ્રાહ્મણ, पूयिकाद्यपि=પૂયિકાદિ પણ, भुङ्क्ते=ખાય છે. ।।૨૫૮।।

**શ્લોકાર્થ :-**

**વળી, પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે સમ્યગ્દૃષ્ટિની ચારિત્રના વિષયમાં અન્યથા પ્રવૃત્તિ હોતે છતે ત્યાં રાગ નથી એમ નહિ એ યુક્તિથી ઘટે છે, જે કારણથી ઘૃતપૂર્ણ પ્રિય છે જેને એવો બ્રાહ્મણ પૂયિકાદિ પણ ખાય છે. ।।૨૫૮।।**

**ટીકા :-**

न च=न पुनः, एवमन्यथापि प्रवृत्तौ, तत्र=चारित्रधर्मे, नो रागः=किं तु राग एव इत्येतत् युक्त्योपपद्यते=घटते, एनामेव प्रतिवस्तूपमया प्राह–हविःपूर्णा=घृतपूर्णाः, प्रियाः=वल्लभा, यस्य स तथा, विप्रो=ब्राह्मणः, भुङ्क्ते=जेमति, यद्=यस्मात् तथाविधविषमप्रघट्टकवशात् पूयिकाद्यपि=पूयं नाम कुथितो रसस्तदस्यास्तीति पूयिकं, आदिशब्दाद्रुक्षं पर्युषितं च वल्लचनकादि किं पुनरितररूपं घृतपूर्णादिरित्यपिशब्दार्थः, यदत्र विप्रग्रहणं कृतं तदस्य जातिप्रत्ययादेवान्यत्र भोक्तुमिच्छाया अभावादिति ।।२५८।।

**ટીકાર્થ :-**

न च=न पुनः ..... अभावादि'ति ।। વળી આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે અન્યથા પણ પ્રવૃત્તિ હોતે છતે=સમ્યગ્દૃષ્ટિની ચારિત્રથી પ્રતિકૂળ ભોગાદિની પણ પ્રવૃત્તિ હોતે છતે, ત્યાં=ચારિત્રધર્મમાં=

**ભાવચારિત્રની પરિણતિમાં, नो रागः ન=રાગ નથી એમ નહિ, પરંતુ રાગ જ છે એ યુક્તિથી ઘટે છે, એને જ=ચારિત્રની પ્રવૃત્તિ નહિ હોવા છતાં ચારિત્રનો ઉત્કટ રાગ છે એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ દૃષ્ટાંતથી, કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – જે કારણથી હવિઃપૂર્ણ=ઘીપૂર્ણ વસ્તુ, પ્રિય છે=વલ્લભ છે જેને તેવો બ્રાહ્મણ તેવા પ્રકારના વિષમ પ્રઘટ્ટકને વશથી=ઘીપૂર્ણ ભોજન ન મળી શકે તેવા પ્રકારના વિષમ સંયોગના વશથી, પૂયિકાદિ પણ ખાય છે, પૂયિકાદિનો અર્થ સ્પષ્ટ કરે છે – પૂય= કુથિતરસ તે આને છે એ પૂયિક, 'आदि' શબ્દથી='पूयिकादि'માં રહેલા 'आदि' શબ્દથી, રુક્ષ અને પર્યુષિત=વાસી, વાલચણાદિ ખાય છે એમ અન્વય છે. શું વળી ઈતરરૂપ ?=ઘીપૂર્ણાદિ વસ્તુ એ 'पूयिकाद्यपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**જે અહીં=શ્લોકમાં, બ્રાહ્મણનું ગ્રહણ કરાયું છે; તે આને=બ્રાહ્મણને, જાતિપ્રત્યયથી જ= જાતિના નિમિત્તે જ, અન્યત્ર=ઘીપૂર્ણ વસ્તુથી અન્ય વસ્તુમાં, ખાવાની ઈચ્છાનો અભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૫૮॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો સુખના જ અર્થી હોય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સુખનો જ અર્થી છે. સંસારી જીવોને દેહ સાથે પોતાના આત્માનો અભેદ પ્રતીત થાય છે, તેથી દેહજન્ય કે મનજન્ય સુખ જ દેખાય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવને દેહથી પોતાનો આત્મા પૃથક્ છે અને દેહથી પૃથક્ એવા આત્માનું સુખ વીતરાગભાવ છે તેવો સ્પષ્ટ નિર્ણય છે અને તે વીતરાગ ભાવની પ્રાપ્તિનો ઉપાય વીતરાગના વચનનું દૃઢ અવલંબન લઈને વીતરાગ તુલ્ય થવા માટેના ચારિત્રના પાલનથી પ્રગટ થતો ચારિત્રનો પરિણામ છે, જે વીતરાગભાવને આસન્ન એવો શમભાવનો પરિણામ હોવાથી સુખાત્મક છે તેવો સ્થિર નિર્ણય છે, તેથી તેવા ચારિત્રના પરિણામની સમ્યગ્દૃષ્ટિ જીવને ઉત્કટ ઇચ્છા છે અને સ્ત્રી આદિ ભોગજન્ય શાતાની ઇચ્છા હોવા છતાં ચારિત્રના પરિણામ જેવી ઉત્કટ ઇચ્છા સ્ત્રી આદિના ભોગજન્ય શાતામાં નથી, છતાં ચારિત્રાચારના બાહ્ય પાલન દ્વારા સતત શમભાવના સુખનો પોતે અનુભવ કરી શકે તેમ નથી અને તેવા સુખની પ્રાપ્તિનો ઉપાય સ્વભૂમિકા અનુસાર સેવાયેલો ભગવદ્ ભક્તિ આદિ ધર્મ છે તેના દ્વારા ચારિત્રની શક્તિનો સંચય થશે ત્યારે ચારિત્રના સુખની પ્રાપ્તિ થશે તેવું સ્વઅનુભવથી જણાય છે તેથી ચારિત્રની ઉત્કટ ઇચ્છા હોવા છતાં પોતાની શક્તિના અભાવને કારણે સમ્યગ્દૃષ્ટિની ચારિત્રની ક્રિયામાં પ્રવૃત્તિ નથી અને સ્વભૂમિકા અનુસાર દેશવિરતિ કે ભગવદ્ ભક્તિ આદિ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ છે છતાં જ્યારે અનાદિના વિકારને કારણે અને અવિરતિ આપાદકકર્મ પ્રબળ હોવાના કારણે સ્ત્રી આદિ ભોગની ઇચ્છા ચિત્તને વ્યાકુળ કરે છે ત્યારે કુત્સિત અન્નતુલ્ય ભોગાદિમાં ચિત્તના સ્વાસ્થ્યના ઉપાયરૂપે પ્રવૃત્તિ કરે છે, જેમ ઘીપૂર્ણ ભોજનનો અર્થી એવો બ્રાહ્મણ પણ તેવા પ્રકારના સંયોગને વશ કુત્સિત અન્નાદિથી પણ દેહનું પાલન કરે છે, છતાં જેમ તે બ્રાહ્મણને ઘીપૂર્ણ ભોજનમાં જ અતિરાગ છે, તેમ સમ્યગ્દૃષ્ટિને પણ વીતરાગ તુલ્ય થવાના પરિણામરૂપ ઉત્તમ ચારિત્રની પરિણતિમાં જ અત્યંત રાગ છે, આથી જ ચારિત્રની પરિણતિને અનુકૂળ અંતરંગ બળ સંચય થાય ત્યારે તે અવશ્ય ચારિત્ર ગ્રહણ કરે છે. **॥૨૫૮॥**

**અવતરણિકા :-**

अथैनमेवाधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

**હવે આને જ=સમ્યગ્દૃષ્ટિને જ, આશ્રયીને કહે છે=સમ્યક્ત્વકાળમાં જેમ ઉત્કટ ચારિત્રનો રાગ થાય છે તેમ સમ્યક્ત્વથી પાત થાય તો થોડા કાળ માટે ચારિત્રનો ઉત્કટ રાગ નિવર્તન પામે છે એને કહે છે –**

**શ્લોક :-**

पातात्त्वस्येत्वरं कालं भावोऽपि विनिवर्तते।
वातरेणुभृतं चक्षुः स्त्रीरत्नमपि नेक्षते।।२५९।।

**અન્વયાર્થ :-**

तु=વળી, पातात्=પાતથી=સમ્યક્ત્વના પાતથી, अस्य=આનો=સમ્યગ્દૃષ્ટિ જીવનો, भावोऽपि=ભાવ પણ=આત્માના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યેનો રુચિરૂપ ભાવ પણ, इत्वरं कालं विनिवर्तते=થોડો કાળ નિવર્તન પામે છે, वातरेणुभृतं चक्षुः=વાતરેણુથી ભરાયેલી ચક્ષુ=વાયુના આગમનને કારણે રજકણથી ભરાયેલી ચક્ષુ, स्त्रीरत्नमपि=સ્ત્રીરત્નને પણ, ईक्षते न=જોઈ શકતી નથી. ।।૨૫૯।।

**શ્લોકાર્થ :-**

**વળી પાતથી આનો ભાવ પણ ઈત્વર કાલ નિવર્તન પામે છે, વાતરેણુથી ભરાયેલી ચક્ષુ સ્ત્રીરત્નને પણ જોઈ શકતી નથી. ।।૨૫૯।।**

**ટીકા :-**

पातात्=तथाविधनिकाचितमिथ्यात्वमोहोदयेन सम्यग्दर्शनस्य भ्रंशात्, पुनः अस्य=सम्यग्दृष्टेः, इत्वरं=परिमितमपार्धपुद्गलपरावर्तादिरूपं कालम्, किम् इत्याह–भावोऽपि=तत्त्वश्रद्धानादिः, किं पुनर्भावकार्यं शुश्रूषादीत्यपिशब्दार्थः, विनिवर्तते, एतदेव प्रतिवस्तूपमया भावयति-वातरेणुभृतं=वातहार्यं रजो वातरेणुः-वातोद्धतं रजस्तेन भृतं-पूरितम्, चक्षुरक्षिगोलकरूपम् स्त्रीरत्नमपि=रम्भातिलोत्तमादि, किं पुनः शेषं दृश्यमित्यपिशब्दार्थः, न=नैव, ईक्षते=पश्यतीति, यथा लब्धात्मलाभमपि चक्षुस्तथाविधोपद्रवान्न दृश्यमपि रूपं किंचित्कालं क्षममीक्षितुं, तथा सम्यग्दर्शनचक्षुरपि जीवादितत्त्वमिति ।।२५९।।

**ટીકાર્થ :-**

पातात् ..... जीवादितत्त्वमिति ।। પાતથી=તેવા પ્રકારના નિકાચિત મિથ્યાત્વમોહના ઉદય વડે

**સમ્યગ્દર્શનના ભ્રંશથી, વળી આને=સમ્યગ્દૃષ્ટિને, પરિમિત અપાર્ધ પુદ્ગલપરાવર્તાદિરૂપ ઈત્વર કાલ સુધી ભાવ પણ=તત્ત્વશ્રદ્ધાન આદિ ભાવ પણ, વિનિવર્તન પામે છે, શું વળી ભાવનું કાર્ય=તત્ત્વશ્રદ્ધાનરૂપ ભાવનું કાર્ય શુશ્રૂષાદિ એ 'भावोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આને જ=સમ્યક્ત્વથી પાતને કારણે તત્ત્વશ્રદ્ધાનાદિ ભાવ નિવર્તન પામે છે એને જ, પ્રતિવસ્તુ ઉપમાથી=સદૃશવસ્તુના દૃષ્ટાંતથી, ભાવન કરે છે – વાતરેણુથી ભૃત=વાતથી હરણ કરાયેલી રજ રૂપ વાતરેણુ તેનાથી પુરાયેલી, અક્ષિગોલરૂપ ચક્ષુ સ્ત્રીરત્નને પણ=રંભા-તિલોત્તમાદિને પણ, જોઈ શકતી નથી જ, શું વળી શેષ દૃશ્ય, એ પ્રકારે 'स्त्रीरत्नमपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, જે પ્રમાણે પ્રાપ્ત થયેલા આત્મ લાભવાળી પણ ચક્ષુ તેવા પ્રકારના ઉપદ્રવને કારણે દૃશ્ય પણ રૂપ જોવા માટે કેટલોક કાળ સમર્થ નથી, તે પ્રમાણે સમ્યગ્દર્શનરૂપ ચક્ષુ પણ જીવાદિતત્ત્વને જોવા સમર્થ નથી.**

**'इति' શબ્દ 'यथा'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૨૫૯॥**

**ભાવાર્થ :-**

કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વ પામ્યા પછી બલવાન નિકાચિત મિથ્યાત્વ મોહનીય કર્મ હોય તો સમ્યક્ત્વથી પાત પામે છે, વળી કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો ઉપદેશાદિની સામગ્રીના અભાવને કારણે પ્રમાદવશ થાય તો સમ્યક્ત્વથી પાત પામે છે અને તેવા જીવોને ઉપદેશાદિની સામગ્રી મળે તો પાતથી રક્ષણ પણ થાય છે અને ઉપદેશાદિની સામગ્રી ન મળે તો સમ્યક્ત્વથી પાત પામ્યા પછી અનાદિના પ્રમાદના સ્વભાવને કારણે સમ્યક્ત્વને ફરી પ્રાપ્ત ન કરી શકે તો ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્ગલપરાવર્તાદિરૂપ પરિમિત કાળ સુધી તેઓનો તત્ત્વશ્રદ્ધાનાદિરૂપ ભાવ નિવર્તન પામે છે અને સમ્યક્ત્વકાળમાં જે શુશ્રૂષાદિ ભાવો હતા તે પણ નિવર્તન પામે છે, તેથી પૂર્વમાં મિથ્યાત્વકાળમાં ભોગાદિની રુચિ અને શાતાદિની રુચિ પ્રધાનરૂપે હતી તે રીતે સમ્યક્ત્વથી પાત થયા પછી તે જીવો ભોગપ્રધાન બને છે, તેથી જેમ કોઈની નિર્મળ ચક્ષુ હોય તેમાં વાવાઝોડાથી ઘણી ધૂળ ભરાઈ જાય ત્યારે કોઈ વસ્તુને જોવા તેની ચક્ષુ સમર્થ થતી નથી એટલું જ નહિ પણ અતિ ઉત્કટ ઇચ્છાના વિષયભૂત સ્ત્રીરત્નને જોવા માટે પણ તેની ચક્ષુ સમર્થ થતી નથી તેમ સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાથી તેવા શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો જે ઉત્કટ રાગ હતો તે પણ નિવર્તન પામે છે અને તે રાગને કારણે સતત શુદ્ધ આત્માને પ્રગટ કરવાના ઉપાયભૂત સત્શાસ્ત્રોમાં સમ્યગ્દૃષ્ટિને જે ઉત્કટ રુચિ હતી તે પણ મિથ્યાત્વની પ્રાપ્તિથી કિંચિત્ કાળ માટે નિવર્તન પામે છે. **॥૨૫૯॥**

**અવતરણિકા :-**

**अथ तृतीयलिङ्गभावनामाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્રીજા લિંગની ભાવનાને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૫૩માં સમ્યગ્દૃષ્ટિનાં ત્રણ લિંગો બતાવ્યાં, તેમાંથી બે લિંગોનું સ્વરૂપ બતાવ્યા પછી ત્રીજા લિંગના સ્વરૂપને સ્પષ્ટ કરતાં કહે છે –

**શ્લોક :-**

**भोगिनोऽस्य स दूरेण भावसारं तथेक्षते ।**
**सर्वकर्तव्यतात्यागाद् गुरुदेवादिपूजनम् ।।२६०।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, अस्य=આના=સ્ત્રીરત્નના, भोगिनः=ભોગીથી, दूरेण=અત્યંત, भावसारं=ભાવસાર, सर्वकर्तव्यतात्यागाद्=સર્વકર્તવ્યતાના ત્યાગથી, गुरुदेवादिपूजनम्=ગુરુ દેવાદિપૂજનને, स=તે=સમ્યગ્દૃષ્ટિ જીવ, ईक्षते=જુએ છે. ।।૨૬૦।।**

**શ્લોકાર્થ :-**

**અને આના ભોગીથી અત્યંત ભાવસાર સર્વકર્તવ્યતાના ત્યાગથી ગુરુદેવાદિ પૂજનને તે જુએ છે. ।।૨૬૦।।**

**ટીકા :-**

**भोगिनो=भोक्तुः पुरुषात्सकाशात्, अस्य=स्त्रीरत्नस्य, स=सम्यग्दृष्टिः, दूरेण=अतिशयेन, भावसारं= अन्तःपरिणतिप्रधानम्, 'तथा' इति समुच्चये, ईक्षते=निभालयति हृदयचक्षुषा, किं तदित्याह– सर्वकर्तव्यतात्यागात्=त्यागभोगादिसर्वशेषप्रयोजनकरणीयतापरिहारेण, गुरुदेवादिपूजनं उक्तरूपम्, इदमुक्तं भवति-यादृशं तद्भोक्ता स्त्रीरत्नगोचरं गौरवमवलम्बते, ततोऽनन्तगुणमसौ=सम्यग्दृष्टिर्गुरुदेवादि- पूजाविषयं बहुमानमातिष्ठत इति ।।२६०।।**

**ટીકાર્થ :-**

**भोगिनो ..... बहुमानमातिष्ठत इति ।। આના=સ્ત્રીરત્નના, ભોગિથી=ભોક્તા પુરુષથી, તે=સમ્યગ્દૃષ્ટિ, અતિશયથી ભાવસાર=અંતઃપરિણતિપ્રધાન, જુએ છે=હૃદયચક્ષુથી જુએ છે, તે શું જુએ છે ? એથી કહે છે – સર્વકર્તવ્યતાના ત્યાગથી=ત્યાગભોગાદિ સર્વશેષ પ્રયોજનની કરણીયતાના પરિહારથી, ઉક્તરૂપ એવા ગુરુદેવાદિપૂજનને જુએ છે, શ્લોકમાં 'तथा' એ સમુચ્ચયમાં છે, આ કહેવાયેલું થાય છે – જેવા પ્રકારનું તેનો ભોક્તા=સ્ત્રીરત્નનો ભોક્તા, સ્ત્રીરત્નવિષયક ગૌરવને અવલંબન કરે છે, તેનાથી અનંતગુણ ગુરુદેવાદિપૂજાના વિષયવાળા બહુમાનને આ સમ્યગ્દૃષ્ટિ ધારણ કરે છે. 'इति' શબ્દ 'इदमुक्तं' કથનની સમાપ્તિ માટે છે. ।।૨૬૦।।**

**ભાવાર્થ :-**

સંસારીજીવોને જે વિષયમાં ઉત્કટ ઇચ્છા હોય તેના વિષયભૂત ઉત્કટ સુંદર પદાર્થ પ્રાપ્ત થાય ત્યારે તે પદાર્થની પ્રાપ્તિથી અને તેના ઉપભોગથી તેમને અત્યંત આનંદ થાય છે, તેથી ભોગના અર્થી જીવને સુંદર સ્ત્રીરત્ન મળેલ હોય ત્યારે તેના ભોગમાં તેને અત્યંત આનંદ આવે છે; કેમ કે તેના વિકારને અત્યંત પુષ્ટ કરે તેવી તે સામગ્રી છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વ બાહ્ય ભોગો કરતાં આત્માના સ્વાસ્થ્યરૂપ સુખ અતિશયિત જણાય છે અને તે સુખ કષાયોના ઉપશમથી થાય છે અને તે કષાયોના વિશેષ ઉપશમનું પ્રબળ કારણ તીર્થંકરો અને સુસાધુની ભક્તિ છે તેવો સ્પષ્ટ બોધ સમ્યગ્દૃષ્ટિને છે, તેથી ઉપશમના સુખના અતિશયનો અર્થી એવો સમ્યગ્દૃષ્ટિ જીવ બાહ્ય ત્યાગ=સંયમની બાહ્ય આચરણારૂપ બાહ્ય ત્યાગ કે બાહ્ય ભોગાદિ સર્વ શેષ પ્રયોજનના પરિહારપૂર્વક દેવગુરુની ભક્તિને ઇચ્છે છે, તેથી પોતાની શક્તિ અનુસાર દેવગુરુની અત્યંત ભક્તિ કરીને સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગીના ભોગસુખ કરતાં પણ અતિશયવાળું ઉપશમનું સુખ અનુભવે છે.

આનાથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્રની ઉત્કટ ઇચ્છા હોવાને કારણે ચારિત્રની પરાકાષ્ઠાને પામેલા તીર્થંકરો અને અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા સુવિહિત સાધુઓ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે અને તે ભક્તિના બળથી જ ચારિત્ર મોહનીયને શિથિલ કરીને ઉપશમના સુખને સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રાપ્ત કરે છે, તેથી શક્તિના પ્રકર્ષથી દેવગુરુની ભક્તિ કરવાના બદ્ધ અભિલાષવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ હોય છે, તે સમ્યક્ત્વનું ત્રીજું લિંગ છે. **॥૨૬૦॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્દૃષ્ટિને ગુરુદેવાદિપૂજનની ઉત્કટ ઇચ્છા હોય છે અને તેના કારણે તે શું કરે છે તેનો સમુચ્ચય 'तथा'થી કરતાં કહે છે –**

**શ્લોક :-**

**निजं न हापयत्येव कालमत्र महामतिः ।**
**सारतामस्य विज्ञाय सद्भावप्रतिबन्धतः ।।२६१।।**

**અન્વયાર્થ :-**

**अस्य सारतां विज्ञाय=આની સારતાને જાણીને=દેવગુરુના પૂજનની સારતાને જાણીને, सद्भाव-प्रतिबन्धतः=સદ્ભાવના પ્રતિબંધથી=ગુરુદેવાદિના પૂજન પ્રત્યે અત્યંત રાગભાવથી, अत्र=આમાં= ગુરુદેવાદિપૂજનમાં, महामतिः=મહામતિ એવો સમ્યગ્દૃષ્ટિ, निजं कालं=પોતાનો કાળ=દેવપૂજનાદિનો ઉચિત કાળ, न हापयत्येव=ગુમાવતો નથી જ. ॥૨૬૧॥**

**શ્લોકાર્થ :-**

**આની સારતાને જાણીને સદ્ભાવના પ્રતિબંધથી આમાં મહામતિ એવો સમ્યગ્દષ્ટિ પોતાનો કાળ ગુમાવતો નથી જ. ।।૨૬૧।।**

**ટીકા :-**

**निजं=स्वकं, त्रिसन्ध्यादिरूपं, न हापयत्येव=न हारयत्येव, कालं=अवसरम्, अत्र=देवतापूजनादौ, महामतिः प्रशस्तबुद्धिरेष सम्यग्दृष्टिः, कथमित्याह–सारतां=सर्वप्रयोजनेषु प्रधानतां, अस्य= गुरुदेवादिपूजनस्य, विज्ञाय सद्भावप्रतिबन्धतः=तात्त्विकपरिणामप्रतिबन्धात् ।।२६१।।**

**ટીકાર્થ :-**

**निजं=स्वकं ..... प्रतिबन्धात् ।। પોતાનો ત્રિસંધ્યાદિરૂપ કાળ=અવસર, અહીં= દેવતાપૂજનાદિમાં, મહામતિ=પ્રશસ્ત બુદ્ધિવાળો આ સમ્યગ્દષ્ટિ જવા દેતો નથી જ, કેમ દેવપૂજનાદિમાં પોતાનો ઉચિતકાળ જવા દેતો નથી ? એથી કહે છે – આની=ગુરુદેવાદિપૂજનની, સારતાને=સર્વ પ્રયોજનોમાં પ્રધાનતાને, જાણીને સદ્ભાવના પ્રતિબંધને કારણે=તાત્ત્વિક પરિણામના પ્રતિબંધને કારણે=દેવ-ગુરુના પૂજનથી નિષ્પન્ન થતા મોહથી અનાકુળ એવા જીવના પરિણામ પ્રત્યે દૃઢરાગને કારણે, દેવપૂજનાદિનો ઉચિત કાળ સમ્યગ્દષ્ટિ જીવ જવા દેતો નથી જ. ।।૨૬૧।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દષ્ટિ જીવ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવાની નિર્મળ મતિવાળો છે, તેથી સંસારઅવસ્થામાં તીર્થંકરો અને સુસાધુઓના ઉત્તમ પરિણામ પ્રત્યે તેને બદ્ધરાગ વર્તે છે અને તેના કારણે અન્ય સર્વ પ્રયોજનો કરતાં પૂર્ણ પુરુષ એવા દેવ અને પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત કરવા માટે મહાઉદ્યમ કરતા ગુરુ તેને અત્યંત ભક્તિપાત્ર જણાય છે અને તેઓની ભક્તિથી જે ઉત્તમ ભાવો પોતાને થાય છે તે ભાવો પ્રત્યેના અત્યંત રાગને કારણે સમ્યગ્દષ્ટિ જીવ દેવતાપૂજન આદિનો ઉચિત કાળ ક્યારે ય નિષ્ફળ જવા દેતો નથી જ, પરંતુ પોતાની શક્તિ અનુસાર દેવગુરુની ભક્તિ કરીને પોતાના મનુષ્યભવને સફળ કરે છે. **।।૨૬૧।।**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્દષ્ટિ જીવ દેવગુરુની ભક્તિમાં પોતાનો ઉચિત કાળ ક્યારેય નિરર્થક જવા દેતો નથી તે વિષયમાં અન્ય કથનનો સમુચ્ચય કરવા અર્થે 'किञ्च'થી કહે છે –**

શ્લોક :-

शक्तेर्न्यूनाधिकत्वेन नात्राप्येष प्रवर्तते ।
प्रवृत्तिमात्रमेतद्यद् यथाशक्ति तु सत्फलम् ।।२६२।।

અન્વયાર્થ :-

अत्रापि=અહીં પણ=દેવ-ગુરુના પૂજનાદિમાં પણ, एष=આ=સમ્યગ્દષ્ટિ જીવ, शक्तेर्न्यूनाधिकत्वेन=શક્તિના ન્યૂનાધિકપણાથી, प्रवर्तते न=પ્રવર્તતો નથી, यद्=જે કારણથી, एतद्=આ=શક્તિથી ન્યૂન પ્રવર્તન કે શક્તિથી અધિક પ્રવર્તન એ, प्रवृत्तिमात्रम्=પ્રવૃત્તિમાત્ર છે=અંતરંગ ઉપશમની પરિણતિરૂપ ફલવિકલ પ્રવૃત્તિમાત્ર છે, तु=વળી, यथाशक्ति=યથાશક્તિ, सत्फलम्=સત્ફલવાળું છે=ગુરુદેવાદિનું પૂજન ઉપશમરૂપ સુંદર ફલવાળું છે. ।।૨૬૨।।

શ્લોકાર્થ :-

અહીં પણ આ શક્તિના ન્યૂનાધિકપણાથી પ્રવર્તતો નથી, જે કારણથી આ પ્રવૃત્તિમાત્ર છે, વળી યથાશક્તિ સત્ફલવાળું છે. ।।૨૬૨।।

ટીકા :-

शक्तेर्न्यूनाधिकत्वेन=न्यूनत्वेनाधिकायामधिकत्वेन हीनायां शक्तौ, न=नैव, अत्रापि=देवपूजनादौ, किं पुनः शेषकृत्येष्वित्यपिशब्दार्थः एष=सम्यग्दृष्टिः प्रवर्तते, कुतः? यतः प्रवृत्तिमात्रं=प्रवृत्तिरेव केवला फलविकला, एतद्=अयथाशक्ति गुरुदेवादिपूजनम् यद्=यस्मात्, कथं तर्हि सत्फलमेतत्स्यादित्याशंक्याह—यथाशक्ति तु=शक्त्यनुरूपं पुनः, सत्फलं=विद्यमानफलं, देवादिपूजनं क्रियमाणं स्यात् ।।२६२।।

ટીકાર્થ :-

शक्तेर्न्यूनाधिकत्वेन ..... स्यात् ।। શક્તિના ન્યૂનાધિકપણાથી=ન્યૂનપણાથી અધિકમાં અને અધિકપણાથી હીનશક્તિમાં, આ=સમ્યગ્દષ્ટિ જીવ, અહીં પણ=દેવપૂજનાદિમાં પ્રવર્તતો નથી જ, શું વળી શેષકૃત્યોમાં, એ પ્રકારે 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, કેમ હીન-અધિક પ્રવૃત્તિ કરતો નથી ? એથી કહે છે – જે કારણથી પ્રવૃત્તિમાત્ર=ફલવિકલ કેવલપ્રવૃત્તિ જ, આ=અયથાશક્તિ ગુરુદેવાદિનું પૂજન છે, કેવી રીતે તો આ=ગુરુ-દેવાદિનું પૂજન, સત્ફલવાળું થાય ? એ પ્રકારની આશંકા કરીને કહે છે – વળી શક્તિ અનુરૂપ કરાતું દેવાદિનું પૂજન સત્ફલવાળું થાય=વિદ્યમાન ફલવાળું થાય. ।।૨૬૨।।

ભાવાર્થ :-

સમ્યગ્દષ્ટિ જીવ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનાર છે, તેથી ધર્મનાં સર્વ કૃત્યો કઈ રીતે કષાયોના

ઉપશમને કરીને સ્વસ્થતાના સુખનાં કારણો છે તેના પરમાર્થને જોનાર છે, તેથી પોતાની જે પ્રકારની શક્તિ હોય તેનાથી અલ્પશક્તિથી દેવ-ગુરુના પૂજનમાં યત્ન કરતો નથી; કેમ કે અલ્પશક્તિથી યત્ન કરવાથી તે ભક્તિનું વાસ્તવિક ફળ મળે નહિ. વળી પોતાની જે પ્રકારની શક્તિ હોય તેનાથી અધિક પ્રયત્ન બાહ્ય કૃત્યોમાં કરતો નથી; કેમ કે તે પ્રકારના યત્નથી તે દેવ-ગુરુની ભક્તિનું કૃત્ય બાહ્ય માત્ર પ્રવૃત્તિથી થાય છે, અંતરંગ પરિણામનું કારણ બનતું નથી, તેથી વિવેકસંપન્ન એવો સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની શારીરિક-માનસિક-સાંયોગિક શક્તિનું સમ્યગ્ આલોચન કરીને અંતરંગ અપ્રમાદનો પરિણામ પ્રવર્ધમાન થાય તે પ્રકારે અંતરંગ દૃઢ યત્નપૂર્વક બાહ્ય કૃત્ય કરે છે, જેથી તે દેવ-ગુરુના પૂજનના બળથી ચારિત્ર મોહનીયને શિથિલ કરીને અવશ્ય ઉપશમભાવના સુખને પ્રાપ્ત કરે છે, તેથી વિવેકપૂર્વક કરાયેલા દેવ-ગુરુના પૂજનથી ભાવચારિત્રની આસન્ન-આસન્નતર એવી ચિત્તની અવસ્થા તે સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રાપ્ત કરે છે.

અહીં 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દથી શેષકૃત્યોનો સમુચ્ચય છે, તેથી એ ફલિત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મનાં કૃત્યો તો પોતાની શક્તિનું સમાલોચન કરીને કરે છે, પરંતુ અર્થ-કામની પ્રવૃત્તિ પણ પોતાની શક્તિનું સમાલોચન કરીને કરે છે, જેથી અર્થ-કામની પ્રવૃત્તિથી પણ ઉત્તરોત્તર ક્લેશની હાનિ થાય તેવા ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે, આથી જ સમ્યગ્દૃષ્ટિની સંસારની પ્રવૃત્તિ પણ સંવેગસારા હોય છે, જેના બળથી તે સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય અનર્થની પરંપરાને પ્રાપ્ત કરતો નથી; કેમ કે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનારી નિર્મળ દૃષ્ટિ એ જ સમ્યગ્દૃષ્ટિપણું છે, તેથી પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનાર જીવ ક્યારેય પોતાનું અહિત થાય તેવી પ્રવૃત્તિ કરે નહિ, પરંતુ એકાંત હિત થાય તેવી જ પ્રવૃત્તિ કરે, આથી જ સર્વવિરતિની શક્તિનો સંચય નહિ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ બાહ્ય ચારિત્રમાં પ્રવૃત્તિ કરતો નથી, તેમ દેવ-ગુરુની ભક્તિના વિષયમાં પણ જે પ્રકારની પોતાની શક્તિનો સંચય નથી તે પ્રકારે બાહ્યથી દેવ-ગુરુની ભક્તિ કરતો નથી અને જે પ્રકારે પોતાની શક્તિ છે તેને ગોપવ્યા વગર અંતરંગ દૃઢ પ્રણિધાનપૂર્વક દેવ-ગુરુની ભક્તિ કરીને તેના ઉત્તમફળને પ્રાપ્ત કરે છે. **॥૨૬૨॥**

**અવતરણિકા :-**

**अयं तु सम्यग्दृष्टिर्यथा स्यात्तथा दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**વળી આ સમ્યગ્દૃષ્ટિ જે પ્રકારનો થાય=જે પ્રકારના પ્રયત્નથી આ સમ્યગ્દૃષ્ટિ થાય, તે પ્રકારને બતાવે છે –**

**શ્લોક :-**

**एवंभूतोऽयमाख्यातः सम्यग्दृष्टिर्जिनोत्तमैः ।**
**यथाप्रवृत्तिकरणव्यतिक्रान्तो महाशयः ।।२६३।।**

**અન્વયાર્થ :-**

**एवंभूतः=આવા સ્વરૂપવાળો=પૂર્વમાં કહ્યું એવા શુશ્રૂષાદિ ત્રણ ગુણોવાળો, अयं सम्यग्दृष्टिः=આ સમ્યગ્દષ્ટિ જીવ, यथाप्रवृत्तिकरणव्यतिक्रान्तो महाशयः=યથાપ્રવૃત્તિકરણથી વ્યતિક્રાન્ત મહાશયવાળો, जिनोत्तमैः=જિનોત્તમ એવા તીર્થંકરો વડે, आख्यातः=કહેવાયો છે. ।।૨૬૩।।**

**શ્લોકાર્થ :-**

**આવા સ્વરૂપવાળો આ સમ્યગ્દષ્ટિ જીવ યથાપ્રવૃત્તિકરણથી વ્યતિક્રાન્ત મહાશયવાળો જિનોત્તમ એવા તીર્થંકરો વડે કહેવાયો છે. ।।૨૬૩।।**

**ટીકા :-**

**एवम्भूतः=शुश्रूषादिगुणभाक्, अयमाख्यातो=निरूपितः, सम्यग्दृष्टिः=यथावद्दर्शी, जिनोत्तमैः, कीदृश इत्याह–यथाप्रवृत्तिकरणव्यतिक्रान्तः=यथाप्रवृत्तिनामकरणादुपलक्षणत्वादपूर्वानिवृत्तिकरणाभ्यां चातीतः महाशयः=प्रशस्तपरिणामः ।।२६३।।**

**ટીકાર્થ :-**

**एवम्भूतः ..... प्रशस्तपरिणामः ।। આવા પ્રકારનો=શુશ્રૂષાદિ ગુણોવાળો, આ સમ્યગ્દષ્ટિ=યથાવદ્દર્શી, જિનોત્તમ વડે કહેવાયો છે, કેવા પ્રકારનો કહેવાયો છે ? એથી કહે છે – યથાપ્રવૃત્તિકરણથી વ્યતિક્રાન્ત=યથાપ્રવૃત્તિ નામના કરણથી અને ઉપલક્ષણથી અપૂર્વકરણ-અનિવૃત્તિકરણથી અતીત, મહાશયવાળો=પ્રશસ્તપરિણામવાળો સમ્યગ્દષ્ટિ કહેવાયો છે. ।।૨૬૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં શ્લોક-૨૫૩માં સમ્યગ્દષ્ટિનાં શુશ્રૂષાદિ ત્રણ લિંગો બતાવ્યાં તેવા ગુણોવાળો આ સમ્યગ્દષ્ટિ જીવ હોય છે એમ ભગવાન કહે છે. કઈ રીતે તે સમ્યગ્દષ્ટિ થાય છે એથી કહે છે.

વળી તે સમ્યગ્દષ્ટિ જીવ યથાપ્રવૃત્તિકરણ-અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણરૂપ ત્રણ અધ્યવસાય કરીને તેનાથી વિશુદ્ધ એવી ચિત્તભૂમિકાને પામેલો છે તેથી ચારગતિના પરિભ્રમણરૂપ સંસારના ઉચ્છેદ માટે બદ્ધ અભિલાષવાળો હોવાથી મહાઆશયવાળો છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં તત્ત્વનો અર્થી થયેલો જીવ ઉપદેશ આદિની સામગ્રીને પામીને તત્ત્વાતત્ત્વના વાસ્તવિક નિર્ણયને અનુકૂળ ઊહાપોહ કરે અને તેના બળથી તેને તત્ત્વનો નિર્ણય થાય કે વીતરાગ દેવ જ ઉપાસ્ય છે અને વીતરાગ થવાના પ્રબળ કારણીભૂત દશ પ્રકારના યતિધર્મને સમ્યક્ સેવનારા ગુરુ જ ગુરુ છે, અન્ય નહિ અને વીતરાગ થવાને અનુકૂળ વ્યાપારરૂપ ધર્મ જ સર્વજ્ઞકથિત ધર્મ છે, અન્ય નહિ તેવી સ્થિર રુચિપૂર્વક તેવા ઉત્તમધર્મને સેવવાના મહાશયવાળો સમ્યગ્દષ્ટિ જીવ થાય છે અને તત્ત્વશ્રવણકાળમાં તત્ત્વનિર્ણયને અનુકૂળ જે ઊહાપોહ કરે છે તે ઊહાપોહ પ્રથમભૂમિકામાં યથાપ્રવૃત્તકરણના

શુભ અધ્યવસાયરૂપ છે અને નિર્ણય માટે દૃઢ પ્રણિધાનપૂર્વકના યત્નકાળમાં ગ્રંથિભેદને અનુકૂળ અધ્યવસાય અપૂર્વકરણરૂપ છે અને ગ્રંથિભેદ કર્યા પછી તત્ત્વનિર્ણયને અનુકૂળ એવો અધ્યવસાય અનિવૃત્તિકરણરૂપ છે અને તે ત્રણ કરણની સમાપ્તિથી તત્ત્વનો નિર્ણય થાય છે તે મહાશયવાળા સમ્યગ્દૃષ્ટિનો પરિણામ છે. **॥૨૬૩॥**

**અવતરણિકા :-**

करणान्येव दर्शयति –

**અવતરણિકાર્થ :-**

**કરણોને જ=પૂર્વશ્લોકમાં કહેલા સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણભૂત ત્રણ કરણોને જ, બતાવે છે –**

**શ્લોક :-**

**करणं परिणामोऽत्र सत्त्वानां तत्पुनस्त्रिधा ।**
**यथाप्रवृत्तमाख्यातमपूर्वमनिवृत्ति च ॥२६४॥**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=યથાપ્રવૃત્ત આદિ કરણના સ્વરૂપનિર્ણયના પ્રક્રમમાં, सत्त्वानां परिणामः=જીવોનો પરિણામ, करणं=કરણ છે, तत्=તે, पुनः=વળી, त्रिधा=ત્રણ પ્રકારે, यथाप्रवृत्तं=યથાપ્રવૃત્ત, अपूर्वं=અપૂર્વ, च=અને, अनिवृत्ति=અનિવૃત્તિ, आख्यातम्=કહેવાયો છે. ॥૨૬૪॥**

**શ્લોકાર્થ :-**

**અહીં જીવોનો પરિણામ કરણ છે, તે વળી ત્રણ પ્રકારે યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ કહેવાયો છે. ॥૨૬૪॥**

**ટીકા :-**

**करणं-क्रियतेऽनेनेति करणं-कर्तुः साधकतमम्, तच्चेह परिणामः अत्र-यथाप्रवृत्त्यादिकरण-स्वरूपनिर्णये प्रक्रान्ते सति, सत्त्वानाम् तत्करणं पुनस्त्रिधा, त्रैविध्यमेव दर्शयति-यथाप्रवृत्तमेकम् आख्यातं शास्त्रान्तरेषु, द्वितीयमपूर्वं, तृतीयमनिवृत्ति च=अनिवृत्तिनामकं पुनरिति ॥२६४॥**

**ટીકાર્થ :-**

करणं ..... पुनरिति ॥ કરણ શબ્દની વ્યુત્પત્તિ કરે છે – **આના દ્વારા કરાય છે એ કરણ. કર્તાનો સાધકતમ કરણ છે અને તે અહીં પરિણામ છે=સમ્યક્ત્વ પ્રાપ્તિને અનુકૂળ યત્ન કરનાર એવા કર્તાનો સમ્યક્ત્વને નિયમા સાધે એવો સાધકતમ પરિણામ છે,** કયા સ્થાનમાં, કરણ પરિણામ છે ?

એથી કહે છે – **અહીં=યથાપ્રવૃત્તિ આદિ કરણના સ્વરૂપનો નિર્ણય પ્રકાન્ત હોતે છતે, જીવોનો પરિણામ કરણ છે, એમ પૂર્વસાથે યોજન છે. તે કરણ વળી ત્રણ પ્રકારે છે, ત્રૈવિધ્યને જ બતાવે છે - શાસ્ત્રાંતરોમાં એક યથાપ્રવૃત્ત કહેવાયું છે, બીજું અપૂર્વ કહેવાયું છે, ત્રીજું અનિવૃત્તિ=અનિવૃત્તિ નામનું વળી કહેવાયું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૬૪॥**

**ભાવાર્થ :-**

ઘટ પ્રત્યે દંડ અસાધારણ કારણ છે, તેથી વ્યાપારવાળું અસાધારણ કારણ એવો દંડ ઘટ પ્રત્યે કારણ છે એમ કહેવાય છે; કેમ કે દંડ ભ્રમિરૂપ વ્યાપાર દ્વારા ઘટ નિષ્પન્ન કરે છે અને કુંભારરૂપ કર્તાનું તે સાધકતમ હોવાથી કરણ કહેવાય છે, તેમ જીવ તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ ઊહ કરે છે તે વખતે તેનો ઉપયોગાત્મક જે પરિણામ છે તે પરિણામ આત્માના તત્ત્વવિષયક યથાર્થબોધના આવારક જ્ઞાનાવરણીયકર્મની, આત્માને તત્ત્વરુચિમાં બાધક દર્શન મોહનીયકર્મની અને તત્ત્વમાં સમ્યગ્પ્રવૃત્તિના બાધક ચારિત્રમોહનીયકર્મની શક્તિના વિષ્કંભને અનુકૂળ વ્યાપારપૂર્વક તે ત્રણે કર્મોની શક્તિને તે તે અંશથી વિષ્કંભિતરૂપે પ્રાપ્ત કરે છે, તે વખતે તત્ત્વના નિર્ણયરૂપ, તત્ત્વની યથાર્થ રુચિરૂપ અને તત્ત્વમાં સ્વશક્તિ અનુસાર પ્રવૃત્તિ કરાવે એવો જીવનો સમ્યગ્દર્શનરૂપ પરિણામ પ્રગટે છે, તેથી તે પરિણામની પ્રાપ્તિ પ્રત્યે કારણીભૂત એવો જીવનો જે પરિણામ તે કરણ છે; કેમ કે વ્યાપારવાળું અસાધારણ કારણ છે અને કર્તા એવા આત્માને ગુણપ્રાપ્તિનું સાધકતમ કારણ છે માટે કરણ છે અને તે કરણ ત્રણ પ્રકારનું છે –

પ્રથમ ભૂમિકામાં યથાપ્રવૃત્ત છે અર્થાત્ નદી ઘોળ પાષાણ ન્યાયથી યથાતથા કર્મના વિગમનને કારણે તત્ત્વને અભિમુખ થયેલો તે પરિણામ છે, ત્યારપછી તત્ત્વને જાણવાને અનુકૂળ સૂક્ષ્મ ઊહ પ્રવર્તે છે એ રૂપ ગ્રંથિભેદને અનુકૂળ અપૂર્વ એવો પરિણામ છે અને ગ્રંથિનો ભેદ થયા પછી તત્ત્વના નિર્ણયમાં બાધક રાગાદિ ગ્રંથિ દૂર થવાથી તત્ત્વનો સમ્યગ્ નિર્ણય કરાવે તેવો રાગાદિ અનાકુળ પરિણામ થાય છે જે અનિવૃત્તિકરણરૂપ છે જેનાથી અવશ્ય તત્ત્વનો નિર્ણય થાય છે જે સમ્યક્ત્વ સ્વરૂપ છે અને જેવો તત્ત્વનો નિર્ણય થાય છે તે જ વખતે તે તત્ત્વ અત્યંત સાર જણાવાથી તેની અત્યંત રુચિ થાય છે અને તત્ત્વની અત્યંત રુચિ થવાથી તે તત્ત્વને આત્મામાં પ્રગટ કરવાને અનુકૂળ સ્વશક્તિ અનુસાર વીર્યવ્યાપાર થાય છે જે ચારિત્ર સ્વરૂપ છે, તેથી સમ્યક્ત્વના પ્રાપ્તિકાળમાં જ્ઞાનાવરણીયકર્મના વિગમનથી સમ્યગ્ બોધ થાય છે, દર્શનમોહનીયકર્મના વિગમનથી સમ્યગ્ રુચિ થાય છે અને અનંતાનુબંધી કષાયના વિગમનથી કંઈક ચારિત્રઅંશ પણ પ્રગટ થાય છે. **॥૨૬૪॥**

**અવતરણિકા :-**

**अथैतानि येषां यत्कालानि च भवन्ति तदाह –**

**અવતરણિકાર્થ :-**

હવે આ=ત્રણ કરણો, જેઓને=જે જીવોને, અને જેટલો કાળ થાય છે તેને=તે જીવોને અને તેટલા કાળને, કહે છે –

**શ્લોક :-**

एतत् त्रिधाऽपि भव्यानामन्येषामाद्यमेव हि ।
ग्रन्थिं यावत्त्विदं तं तु समतिक्रामतोऽपरम् ।।२६५।।

**અન્વયાર્થ :-**

एतत्=આ=કરણો, त्रिधाऽपि=ત્રણે પણ પ્રકારે, भव्यानाम्=ભવ્યજીવોને છે, अन्येषां=અન્યોને=અભવ્યોને, आद्यमेव हि=આદ્ય જ છે, ग्रन्थिं यावत् तु=ગ્રંથિ સુધી વળી, इदं=આ=પ્રથમ છે, तु=વળી, तं=તેને=ગ્રંથિને, समतिक्रामतः=સમતિક્રમણ કરતા જીવને, अपरम्=અપર છે=બીજું અપૂર્વકરણ છે. ।।૨૬૫।।

**શ્લોકાર્થ :-**

**આ કરણ ત્રણે પણ પ્રકારે ભવ્યજીવોને છે, અન્યોને આદ્ય જ છે, ગ્રંથિ સુધી વળી આ છે, વળી તેને સમતિક્રમણ કરતા જીવને અપર છે. ।।૨૬૫।।**

**ટીકા :-**

एतत्=करणं, त्रिधापि=त्रिभिरपि, प्रकारैः किं पुनरेकैकेनेत्यपिशब्दार्थः, भव्यानां=निर्वाणार्हजीवानाम्, अन्येषां=अभव्यानामित्यर्थः, आद्यमेव हि=यथाप्रवृत्तमेव करणम्, ग्रन्थिमुक्तरूपम् यावत्तु=यावत्पुनः, इदं=यथाप्रवृत्तं करणम्, आ अनादेः संसारात्, तं तु-तं पुनर्ग्रन्थिम्, समतिक्रामतः=समुल्लङ्घयतः सतः, अपरं=द्वितीयमपूर्वकरणमित्यर्थः ।।२६५।।

**ટીકાર્થ :-**

एतत्करणं ..... द्वितीयमपूर्वकरणमित्यर्थः ।। આ=કરણ, ત્રણે પણ પ્રકારથી ભવ્યોને=નિર્વાણયોગ્ય જીવોને, છે, શું વળી એકેકથી, એ પ્રમાણે 'त्रिधाऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, અન્યજીવોને= અભવ્યોને, આદ્ય જ=યથાપ્રવૃત્ત જ કરણ છે અનાદિ એવા સંસારથી, आ=અત્યાર સુધી, ઉક્તરૂપ જે ગ્રંથિ છે ત્યાં સુધી વળી આ=યથાપ્રવૃત્તકરણ છે, વળી તેને=ગ્રંથિને, અતિક્રમણ કરતાં છતાં જીવને અપર=બીજું અપૂર્વકરણ છે. ।।૨૬૫।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં ત્રણ કરણો બતાવ્યાં જે જીવના પરિણામ સ્વરૂપ છે અને તે ત્રણે પણ કરણો નિર્વાણ પામવા-યોગ્ય જીવોને થાય છે અર્થાત્ સર્વ ભવ્યજીવોને નહિ, પરંતુ જે ભવ્યજીવો પરિમિતકાળમાં નિર્વાણ

પામવાના છે તેવા ભવ્યજીવોને થાય છે; કેમ કે જે ભવ્યજીવો કોઈક રીતે તત્ત્વને સન્મુખ થયા છે અને તત્ત્વનો સમ્યગ્ ઊહાપોહ કરીને અપૂર્વકરણને પ્રાપ્ત કરે છે તે જીવો અવશ્ય ગ્રંથિભેદ કરીને અંતર્મુહૂર્તમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને તે જીવો ઉત્કૃષ્ટથી પણ કંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષમાં જાય છે.

વળી અભવ્યજીવોને આદ્ય જ એવું યથાપ્રવૃત્તિકરણ હોય છે; કેમ કે કોઈક નિમિત્તને પામીને પરલોક અર્થે ધર્મ કરવાની વૃત્તિવાળા થાય છે તોપણ તેઓને સર્વથા પ્રવૃત્તિ વગરનો અને ભોગવિલાસ વગરનો મોક્ષ અસાર જણાય છે, તેથી મોક્ષને અભિમુખ પરિણામ થાય તેવી લેશ પણ નિર્મળતા અભવ્યજીવોમાં પ્રગટ થતી નથી.

વળી અનાદિ સંસારમાં અત્યાર સુધી આત્મામાં તત્ત્વને જોવામાં બાધક એવા રાગ-દ્વેષના પરિણામરૂપ ગ્રંથિ છે, તે ગ્રંથિ સુધી યથાપ્રવૃત્તિકરણ પ્રાપ્ત થાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે ઉત્કૃષ્ટ રાગ-દ્વેષ પ્રવર્તતા હોય ત્યારે જીવ ગ્રંથિથી અતિદૂરવર્તી છે અર્થાત્ તેની રાગ-દ્વેષની પરિણતિરૂપ ગ્રંથિ વિદ્યમાન છે, પરંતુ તેના ભેદને અનુકૂળ આસન્નભૂમિકાને નહિ પામેલા તે જીવો છે અને જ્યારે કોઈક રીતે જીવમાં કંઈક સુંદર વિચાર પ્રગટે છે ત્યારે તે ગ્રંથિદેશ સુધી આવે છે, પરંતુ તે સુંદર વિચાર ગ્રંથિના ભેદને અનુકૂળ કોઈ યત્ન ઉલ્લસિત કરતો નથી, તે રીતે ગ્રંથિદેશ સુધી જીવ અનેક વખત આવે છે તેમ અભવ્ય પણ અનંતી વખત ગ્રંથિદેશ સુધી આવે છે, જ્યારે જીવમાં કંઈક મોહ આપાદકકર્મની અલ્પતા થાય છે ત્યારે ગ્રંથિદેશમાં આવેલા અને કંઈક સુંદર વિચારને પામેલા તે જીવો ઉપદેશાદિને પામીને તત્ત્વાતત્ત્વનો માર્ગાનુસારી ઊહ કરીને અપૂર્વકરણ-અનિવૃત્તિકરણને પ્રાપ્ત કરે છે તેમાં ગ્રંથિભેદને અનુકૂળ અર્થાત્ રાગ-દ્વેષની ગ્રંથિને અતિક્રમણ કરે એવો યત્ન પ્રગટે ત્યારે જીવને બીજું અપૂર્વકરણ પ્રાપ્ત થાય છે. **॥૨૬૫॥**

**શ્લોક :-**

**भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न ।**
**पतितस्याऽऽप्यते बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ।।२६६।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, भिन्नग्रन्थेः=ભિન્નગ્રંથિને, तृतीयं=ત્રીજું=અનિવૃત્તિકરણ થાય છે, अतो हि=આથી જ=કરણત્રયના લાભથી જ, पतितस्य सम्यग्दृष्टेः=પતિત એવા સમ્યગ્દૃષ્ટિને=સમ્યક્ત્વથી પાત પામેલા એવા સમ્યગ્દૃષ્ટિને, ग्रन्थिमुल्लङ्घ्य देशितः बन्धः=ગ્રંથિને ઓળંગીને કહેવાયેલો બંધ=ગ્રંથિને ઓળંગીને સિત્તેરકોટાકોટી આદિ રૂપ કહેવાયેલો બંધ, आप्यते न=પ્રાપ્ત થતો નથી. ॥૨૬૬॥**

**શ્લોકાર્થ :-**

**વળી ભિન્નગ્રંથિને ત્રીજું છે, આથી જ પતિત એવા સમ્યગ્દૃષ્ટિને ગ્રંથિને ઓળંગીને કહેવાયેલો બંધ પ્રાપ્ત થતો નથી. ॥૨૬૬॥**

**ટીકા :-**

**भिन्नग्रन्थेस्तृतीयं त्वनिवृत्तिकरणं पुनर्भवति, एवं सति यत्सिद्धं तदाह–सम्यग्दृष्टेः जीवस्य अतो हि=अत एव=करणत्रयलाभादेव हेतोः, न=नैव पतितस्य=तथाविधसंक्लेशात्सम्यक्त्वात्परिभ्रष्टस्य, आप्यते=लभ्यते, बन्धः ज्ञानावरणादिपुद्गलग्रहरूपः, कीदृशोऽयमित्याह–ग्रन्थिं=ग्रन्थिभेदकालभाविनीं कर्मस्थितिमित्यर्थः, उल्लङ्घ्य=अतिक्रम्य, देशितः=सप्ततिकोटिकोट्यादिप्रमाणतया प्रज्ञप्तः, 'बन्धेण न वोलइ कयाइ' [आ. नि.] इत्यादिवचनप्रामाण्यात् ।।२६६।।**

**ટીકાર્થ :-**

**भिन्नग्रन्थेस्तृतीयं ..... इत्यादिवचनप्रामाण्यात् ।। વળી ભિન્નગ્રંથિને ત્રીજું=અનિવૃત્તિકરણ થાય છે, આમ હોતે છતે=ત્રણ કરણોની પ્રાપ્તિ થયે છતે, જે સિદ્ધ થાય છે તેને કહે છે – આથી જ= કરણત્રયના લાભરૂપ જ હેતુથી, પતિત એવા=તેવા પ્રકારના સંક્લેશને કારણે સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ એવા, સમ્યગ્દૃષ્ટિ જીવને જ્ઞાનાવરણાદિ પુદ્ગલના ગ્રહણરૂપ બંધ પ્રાપ્ત થતો નથી જ, ક્યા પ્રકારનો આ બંધ પ્રાપ્ત થતો નથી ? એથી કહે છે – ગ્રંથિ=ગ્રંથિભેદકાલભાવિની કર્મસ્થિતિ, તેને ઉલ્લંઘીને કહેવાયેલો=સિત્તેર કોડાકોડી આદિ પ્રમાણપણાથી કહેવાયેલો, બંધ પ્રાપ્ત થતો નથી એમ અન્વય છે; કેમ કે** બંધથી ક્યારે પણ ઉલ્લંઘન કરતો નથી=ગ્રંથિભેદકાલભાવિની કર્મસ્થિતિનું ક્યારેય ઉલ્લંઘન કરતો નથી, (આ.નિ.) **ઈત્યાદિ વચનનું પ્રમાણપણું છે. ॥૨૬૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૬૫માં બે કરણો કોને હોય છે તે બતાવ્યું, હવે ત્રીજું કરણ કોને હોય છે તે બતાવતાં કહે છે – જે જીવે અપૂર્વકરણ દ્વારા ગ્રંથિનો ભેદ કર્યો છે તેવા જીવને તત્ત્વના અવલોકનમાં બાધક રાગાદિથી અનાકુળ અવસ્થાની પ્રાપ્તિરૂપ અને તત્ત્વના અવલોકનને અનુકૂળ વ્યાપારરૂપ અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ થાય છે અને આ ત્રણ કરણની પ્રાપ્તિ પછી જીવ સજ્જ અક્ષવાળો બને છે=તત્ત્વને જોવાને અનુકૂળ નિર્મળ ચક્ષુવાળો બને છે, તેથી તે જીવને સંસારના પરિભ્રમણથી પર એવી મોક્ષઅવસ્થા જ એક સારભૂત દેખાય છે અને તેવી અવસ્થાની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છાવાળો એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ત્રણ કરણના બળથી થયેલો છે, તેથી તે જીવમાં ત્રણ કરણના બળથી થયેલી વિશુદ્ધિ કોઈક તેવા પ્રકારના સંક્લેશને પામીને નિવૃત્ત થાય તો સમ્યક્ત્વથી ભ્રષ્ટ પણ થાય, છતાં તે સમ્યગ્દૃષ્ટિ જીવને ગ્રંથિભેદકાલભાવિની કર્મસ્થિતિને ઓળંગીને અધિક કર્મ બંધાય તેવો સંક્લેશ ક્યારેય થતો નથી, તેથી ગ્રંથિભેદકાલભાવિની અંતઃકોડાકોડી કર્મસ્થિતિ જ તે જીવ સંસારમાં બાંધે છે, પરંતુ તેનાથી અધિક સ્થિતિ બાંધતો નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વ પ્રાપ્તિકાળમાં અત્યંત વિશુદ્ધિ હોવાથી તે જીવ જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ છે ત્યાં સુધી સતત પૂર્વપૂર્વ કરતાં ન્યૂન ન્યૂન સંક્લેશને પામે છે, તેથી તેને કર્મની સ્થિતિ પણ સતત અલ્પ અલ્પ બંધાય છે; કેમ કે જીવના સંક્લેશના ઉત્કર્ષ અને અપકર્ષને આધીન કર્મસ્થિતિના બંધનો ઉત્કર્ષ અને

અપકર્ષ છે અને કોઈક નિમિત્તને પામીને સમ્યગ્દૃષ્ટિની નિર્મળચક્ષુ નાશ પામે તો તે જીવ ફરી સંક્લેશવાળો બને છે, તેથી નવી કર્મની સ્થિતિનો બંધ તેના સંક્લેશ અનુસાર અધિક અધિક કરે છે, છતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી તે જીવ ગ્રંથિભેદકાળમાં કર્મની જે સ્થિતિ સત્તામાં વિદ્યમાન હતી તેનાથી અધિક કર્મની સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તોપણ બાંધતો નથી, તેથી ગ્રંથિભેદકાલભાવિની અંતઃકોડાકોડી કર્મની જે સ્થિતિ સત્તામાં હતી તેટલી જ નવા બંધની પ્રાપ્ત થાય તેટલો જ સંક્લેશ ગ્રંથિભેદ થયા પછી પતિત સમ્યગ્દૃષ્ટિને થઈ શકે છે, ફક્ત ગ્રંથિભેદકાળમાં સત્તામાં જે કર્મની અંતઃકોડાકોડી સ્થિતિ હતી તેનાથી સમ્યક્ત્વ પામ્યા પછી ઘણી અલ્પ અંતઃકોડાકોડી કર્મની સ્થિતિ તે જીવ બાંધતો હતો અને સમ્યક્ત્વથી ભ્રષ્ટ પછી તે જીવ અત્યંત સંક્લેશ પામે તોપણ ગ્રંથિભેદકાળમાં વર્તતી કર્મની સત્તાની સ્થિતિ કરતાં અધિક સ્થિતિ નવી બંધાય તેવો સંક્લેશ તે જીવ ક્યારેય પ્રાપ્ત કરતો નથી, આથી જ નયસારના ભવમાં વીરભગવાનના જીવે ગ્રંથિનો ભેદ કર્યો, ત્યાર પછી ત્રિપૃષ્ઠના ભવમાં અતિસંક્લેશ કરીને સાતમી નરકે ગયા, તોપણ તે સંક્લેશકાળમાં વીરભગવાનના જીવે ગ્રંથિભેદકાલ ભાવિની સત્તામાં રહેલ કર્મસ્થિતિ જેટલી જ નવી સ્થિતિ બાંધે તેટલો જ સંક્લેશ પ્રાપ્ત કરેલો, પરંતુ તેનાથી અધિક સ્થિતિ બંધાય તેટલો સંક્લેશ પ્રાપ્ત થયો નહિ, તેથી ફલિત થાય કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી કોઈક રીતે જીવ મલિન પરિણામવાળો થાય તોપણ પૂર્વના જેવા મલિન પરિણામવાળો થતો નથી. **॥૨૬૬॥**

**શ્લોક :-**

**एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः ।**
**मिथ्यादृष्टेरपि सतो महाबन्धविशेषतः ।।२६७।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે પતિત એવા સમ્યગ્દૃષ્ટિને ગ્રંથિને ઓળંગીને બંધ થતો નથી એ રીતે, अस्य=આને=સમ્યગ્દૃષ્ટિને, सामान्यतः=સામાન્યથી, शोभनः परिणामः ज्ञेयः=શોભન પરિણામ જાણવો, मिथ्यादृष्टेरपि सतो महाबन्धविशेषतः=કેમ કે મિથ્યાદૃષ્ટિ પણ છતાં મહાબંધનો વિશેષ છે= મહાબંધનો ભેદ છે. ॥૨૬૭॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે આને સામાન્યથી શોભન પરિણામ જાણવો; કેમ કે મિથ્યાદૃષ્ટિ પણ છતાં મહાબંધનો વિશેષ છે. ॥૨૬૭॥**

**ટીકા :-**

**एवं ग्रन्थेरुल्लङ्घनेनाऽबन्धात् सामान्यतो न विशेषात् ज्ञेयः परिणामोऽस्य=सम्यग्दृशः, शोभनः=प्रशस्तः, मिथ्यादृष्टेरपि सतस्तथाविधमिथ्यात्वमोहोदयात्, कुत इत्याह—महाबन्धविशेषतः,**

इह द्विधा बन्धः, महाबन्ध इतरश्च, तत्र मिथ्यादृष्टेर्महाबन्धः, शेषश्चेतरस्य, ततो महाबन्धस्य विशेषतोऽवस्थान्तरविशेषात्, इदमुक्तं भवति–लब्धसम्यक्त्वस्य प्राणिनो मिथ्यादृष्टित्वेऽपि न सामान्यमिथ्यादृष्टेरिव बन्धः, किं तु कश्चिदत्यन्तन्यूनस्तद्विशेष एवेति ।।२६७।।

**ટીકાર્થ :-**

**एवं ग्रन्थेरुल्लङ्घनेन ..... एवेति ।। આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે, ગ્રંથિના ઉલ્લંઘનથી અબંધ હોવાને કારણે આને=સમ્યગ્દૃષ્ટિને, વિશેષથી નહિ, સામાન્યથી શોભન=પ્રશસ્ત પરિણામ જાણવો; કેમ કે મિથ્યાદૃષ્ટિ પણ છતાં તેને તેવા પ્રકારના મિથ્યાત્વના મોહનો ઉદય છે=પૂર્વ કરતાં અલ્પ સંક્લેશ કરાવે તેવા પ્રકારના મિથ્યાત્વમોહનો ઉદય છે, સમ્યગ્દૃષ્ટિને સામાન્યથી=સમ્યક્ત્વ કાળમાં અને સમ્યક્ત્વથી પાત પામે તે કાળમાં સમાન્યથી વર્તે તેવો શોભન પરિણામ કેમ છે ? એથી કહે છે - મહાબંધનો વિશેષ હોવાથી=મિથ્યાત્વકાળમાં થતા પૂર્વના મહાબંધ કરતાં અલ્પ મહાબંધ થાય તેવો મહાબંધ વિશેષ હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિને સામાન્યથી શોભન પરિણામ છે એમ અન્વય છે, અહીં=સંસારી જીવોના બંધમાં, બે પ્રકારનો બંધ છે – મહાબંધ અને ઈતર=અમહાબંધ, ત્યાં=બે પ્રકારના મહાબંધમાં, મિથ્યાદૃષ્ટિને મહાબંધ છે અને ઈતરને=સમ્યગ્દૃષ્ટિ-દેશવિરતિધર આદિને, શેષ છે=અમહાબંધ છે=ઉત્તરોત્તર અલ્પ-અલ્પ થતો બંધ છે, તેથી=બે પ્રકારના બંધમાં મિથ્યાદૃષ્ટિને મહાબંધ છે તેથી, મહાબંધનો વિશેષ હોવાથી=સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિના મહાબંધનો અવસ્થાંતરને કારણે વિશેષ હોવાથી=સમ્યક્ત્વ પામ્યા પૂર્વની મિથ્યાત્વની અવસ્થા કરતાં અવસ્થાંતરને કારણે પૂર્વના મહાબંધ કરતા અલ્પ એવો મહાબંધરૂપ ભેદ હોવાથી સમ્યગ્દૃષ્ટિને સામાન્યથી શોભન પરિણામ છે એમ અન્વય છે. આ કહેવાયેલું થાય છે – પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વવાળા પ્રાણીને મિથ્યાદૃષ્ટિપણામાં પણ સામાન્ય મિથ્યાદૃષ્ટિની જેમ બંધ નથી, પરંતુ કંઈક અત્યંત ન્યૂન તેનો વિશેષ જ છે=મહાબંધનો ભેદ જ છે.**

**'इति' શબ્દ 'इदमुक्तं'ના કથનની સમાપ્તિ માટે છે. ॥૨૬૭॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યક્ત્વથી પાત થયા પછી પણ ગ્રંથિભેદ કાળમાં જે કર્મસ્થિતિ હતી તેને ઓળંગીને બંધ થતો નહિ હોવાના કારણે સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાત્વ અવસ્થા અને સમ્યક્ત્વ અવસ્થા બન્ને અવસ્થામાં સામાન્યથી શોભન પરિણામ છે; કેમ કે સમ્યક્ત્વમાં જેવો શોભન પરિણામ હતો તેવો સમ્યક્ત્વથી પાત થયા પછી શોભન પરિણામ નથી, તેથી વિશેષથી શોભન પરિણામ નથી તોપણ સમ્યક્ત્વકાળમાં જેમ શોભન પરિણામ છે તેમ સમ્યક્ત્વથી પાત થયા પછી પણ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિનો બંધ કરાવે તેવો સંક્લેશ થતો નહિ હોવાના કારણે તેવા સંક્લેશના અભાવરૂપ શોભન પરિણામ મિથ્યાત્વ અવસ્થામાં પણ છે, આથી જ ત્રિપૃષ્ઠના ભવમાં વીરભગવાનને મિથ્યાત્વ અવસ્થામાં સાતમી નરકને અનુકૂળ સંક્લેશ હોવા

છતાં ઉત્કૃષ્ટ એવી સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિનો બંધ કરાવે તેવો સંક્લેશ નહિ હોવાથી શોભન પરિણામ હતો, માટે સમ્યગ્દષ્ટિ જીવને સમ્યક્ત્વ અવસ્થામાં અને સમ્યક્ત્વથી પાત થયા પછીની અવસ્થામાં ઉત્કૃષ્ટ સંક્લેશ ન થાય તેવો શોભન પરિણામ સામાન્યથી હોય છે; કેમ કે સમ્યક્ત્વથી પાત થયા પછી મિથ્યાત્વ અવસ્થામાં પણ તેવા પ્રકારના મંદ મિથ્યાત્વ મોહનો ઉદય છે, કેમ સમ્યક્ત્વથી પાત થયા પછી પણ તેઓને મંદ મિથ્યાત્વનો ઉદય છે ? એથી કહે છે –

મહાબંધનો ભેદ છે=સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વમાં સિત્તેર કોડાકોડી કર્મસ્થિતિ બાંધે તેવો મહાબંધ પ્રાપ્ત થતો હતો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી મિથ્યાત્વ અવસ્થામાં અંતઃ કોડાકોડી કર્મની સ્થિતિ બાંધે તેવો જ મહાબંધ અલ્પ છે, તેથી પૂર્વના જેવો સંક્લેશ કરાવે તેવું મિથ્યાત્વ સમ્યક્ત્વના પાત પછી જીવને પ્રાપ્ત થતું નથી.

સામાન્યથી કર્મબંધ બે પ્રકારનો છે – મિથ્યાત્વ અવસ્થામાં જે કર્મબંધ થાય છે તે મહાબંધ કહેવાય છે, જે મહાબંધ અનંતાનુબંધીકષાયના સહચારને કારણે અનંત અનુબંધવાળો છે, છતાં સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી જે જીવો મિથ્યાત્વના ઉદયવાળા છે તે જીવોને અનંતાનુબંધીનો ઉદય હોવાથી અનંત સંસાર ચલાવે તેવો બંધ છે તોપણ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વના અનંતાનુબંધી કરતાં ક્ષીણ શક્તિવાળી અનંતાનુબંધીના ઉદયવાળી અવસ્થા છે, આથી જ સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે સિત્તેર કોડાકોડી સ્થિતિનો બંધ થાય તેવો સંક્લેશ હતો અને સમ્યક્ત્વથી પાત થયા પછી અંતઃકોડાકોડીથી અધિક સ્થિતિનો બંધ ન થાય તેવો જ સંક્લેશ થઈ શકે છે.

વળી સમ્યગ્દષ્ટિ દેશવિરતિધર આદિ જીવોને જે કર્મબંધ થાય છે તે વિવેકચક્ષુ પ્રગટ થયેલી હોવાથી ઇતરબંધ=ઉત્તરોત્તર જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ અલ્પ-અલ્પતર થાય તેવો ક્ષીણ શક્તિવાળો છે, આથી જ સમ્યક્ત્વને પામ્યા પછી જીવ જો સમ્યક્ત્વથી ભ્રષ્ટ ન થાય તો ઉત્તરોત્તર ક્ષીણ થતો એવો બંધ પરિમિતકાળમાં અબંધ અવસ્થાને પ્રાપ્ત કરાવે છે, આથી જ સમ્યગ્દષ્ટિ સમ્યક્ત્વના બળથી અલ્પ ભવમાં મોક્ષ પામે છે. **॥૨૬૭॥**

**અવતરણિકા :-**

**कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ=સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા પછી મહાબંધ પૂર્વ કરતાં અલ્પ કેમ, થાય છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः ।**
**अभिन्नग्रन्थिबन्धो यद् न त्वेकापीतरस्य तु ।।२६८।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, अभिन्नग्रन्थिबन्धः=અભિન્નગ્રંથિજીવનો બંધ, मोहस्य सप्ततिः सागरोपमकोटीनां कोट्यः=મોહની સિત્તેર કોડાકોડી સાગરોપમ છે, तु=વળી, इतरस्य=ઈતરનો=સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા મિથ્યાદૃષ્ટિનો, एकापि न=એક પણ કોડાકોડી સાગરોપમ બંધ નથી, તે કારણથી મહાબંધનો ભેદ છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૨૬૮॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અભિન્નગ્રંથિ જીવનો બંધ મોહની સિત્તેર કોડાકોડી સાગરોપમ છે, વળી ઈતરનો એક પણ કોડાકોડી સાગરોપમ બંધ નથી, તે કારણથી મહાબંધનો ભેદ છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૨૬૮॥**

**ટીકા :-**

**सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः कर्मग्रन्थे प्रसिद्धाः अभिन्नग्रन्थेर्जीवस्योत्कर्षतो बन्धः, यद्=यस्मात्कारणात्, न तु=न पुनः, एकापि सागरोपमकोटी बन्धः इतरस्य तु=भिन्नग्रन्थेः पुनः, मिथ्यादृष्टेरपि सन् ।।२६८।।**

**ટીકાર્થ :-**

**सागरोपमकोटीनां ..... सन् ।। જે કારણથી અભિન્નગ્રંથિ જીવનો ઉત્કર્ષથી બંધ કર્મગ્રંથમાં મોહની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રસિદ્ધ છે, વળી ઈતરને=મિથ્યાદૃષ્ટિ પણ છતાં ભિન્નગ્રંથિને, એક પણ કોડાકોડી સાગરોપમ બંધ નથી, તે કારણથી સમ્યક્ત્વથી ભ્રંશ પામ્યા પછી મહાબંધનો ભેદ છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૨૬૮॥**

**ભાવાર્થ :-**

કર્મગ્રંથમાં ગ્રંથિભેદ વગરના જીવોને ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ મોહની સ્થિતિનો બંધ પ્રસિદ્ધ છે. વળી કોઈ જીવ સમ્યક્ત્વ પામે અને પ્રમાદવશ મિથ્યાદૃષ્ટિ થાય તોપણ તેઓને એક કોડાકોડી સાગરોપમ પણ બંધ ઉત્કર્ષથી થતો નથી, તેથી નક્કી થાય છે કે સમ્યક્ત્વથી પાત પામ્યા પછી જીવને મહાબંધને અનુકૂળ સંક્લેશ હોવા છતાં ઉત્કૃષ્ટ મહાબંધને અનુકૂળ સંક્લેશ થતો નથી તે દૃષ્ટિથી સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાત્વ અવસ્થામાં પણ ઉત્કૃષ્ટ સંક્લેશ ન કરાવે તેવો શોભન પરિણામ છે. **॥૨૬૮॥**

**અવતરણિકા :-**

**अथोपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહારને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૬૬માં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિનો સમ્યક્ત્વથી પાત થયા પછી પણ ગ્રંથિને ઓળંગીને બંધ નથી એ કથનનું અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું, હવે એ કથનનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः ।**
**बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ।।२६९।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી=સમ્યક્ત્વથી પાત પછી ગ્રંથિને ઓળંગીને બંધ નથી તે કારણથી, अत्र=અહીં=ભિન્નગ્રંથિ અને અભિન્નગ્રંથિ મિથ્યાદૃષ્ટિમાં, नियोगतः=નક્કી, परिणामस्य भेदकत्वं=પરિણામનું ભેદકપણું છે, तु=વળી, द्वयोरपि=બન્નેનું પણ, बाह्यं असदनुष्ठानं=બાહ્ય અસદનુષ્ઠાન=આરંભ-સમારંભ રૂપ બાહ્ય અસદનુષ્ઠાન, प्रायस्तुल्यं=પ્રાયઃ તુલ્ય છે. ।।૨૬૯।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી અહીં નક્કી પરિણામનું ભેદકપણું છે. વળી બન્નેનું પણ બાહ્ય અસદનુષ્ઠાન પ્રાયઃ તુલ્ય છે. ।।૨૬૯।।**

**ટીકા :-**

**यतो ग्रन्थिमतिक्रम्यास्य न बन्धः तत्=तस्माद्, अत्र=अनयोर्भिन्नग्रन्थीतरयोर्जीवयोर्विषये, परिणामस्य=अन्तःकरणस्य, भेदकत्वं=भेदकभावः, नियोगतो=नियमेन, बाह्यं तु=बहिर्भावः पुनः, असदनुष्ठानं अर्थोपार्जनादि प्रायो=बाहुल्येन, तुल्यं=समम्, द्वयोरप्यनयोरिति।।२६९।।**

**ટીકાર્થ :-**

यतो ..... द्वयोरप्यनयोरिति ।। **જે કારણથી ગ્રંથિને ઓળંગીને આને=સમ્યક્ત્વથી પાત પામેલા મિથ્યાદૃષ્ટિને, બંધ નથી, તે કારણથી અહીં=આ ભિન્નગ્રંથિ અને ઇતર જીવના વિષયમાં, પરિણામનું=અંતઃકરણનું, નિયોગથી ભેદકપણું છે=નિયમથી ભેદકભાવ છે, વળી બાહ્ય=બાહ્યભાવરૂપ અર્થોપાર્જનાદિ અસદનુષ્ઠાન પ્રાયઃ=બાહુલ્યથી, બન્નેનું પણ=ગ્રંથિનો ભેદ કરેલા મિથ્યાદૃષ્ટિ અને ગ્રંથિનો ભેદ નહિ કરેલા મિથ્યાદૃષ્ટિ બન્નેનું પણ, તુલ્ય છે=સમાન છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૬૯।।**

**ભાવાર્થ :-**

ગ્રંથિને ભેદીને સમ્યક્ત્વને પામેલો જીવ કોઈક નિમિત્તે ફરી મિથ્યાત્વને પામે અને અત્યંત સંક્લેશ થાય

તેવાં બાહ્ય કૃત્યો કરે તોપણ ગ્રંથિભેદકાલભાવિની અંતઃકોડાકોડી કર્મની સ્થિતિને ઓળંગીને અધિક નવાં કર્મો બાંધતો નથી અને સમ્યક્ત્વ નહિ પામેલો મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ સંક્લેશ થાય તેવાં કૃત્યો કરે તો સિત્તેર કોડાકોડી કર્મની સ્થિતિ બાંધે છે, તેથી નક્કી થાય છે કે ગ્રંથિભેદ પૂર્વના મિથ્યાત્વકાળમાં જેવા પ્રકારના સંક્લેશવાળો પરિણામ થતો હતો તેવા પ્રકારના સંક્લેશવાળો પરિણામ ગ્રંથિભેદ પછી થતો નથી, તેથી બન્ને મિથ્યાદૃષ્ટિ વચ્ચે નક્કી પરિણામનું ભેદકપણું છે.

વળી બાહ્ય આરંભ-સમારંભરૂપ અનુષ્ઠાન પ્રાયઃ બન્ને મિથ્યાદૃષ્ટિનું તુલ્ય હોય છે, તેથી પૂર્વમાં મિથ્યાત્વકાળમાં જેવું બાહ્ય અસદનુષ્ઠાન કરીને તે જીવે ૭૦ કોડાકોડી સાગરોપમની કર્મસ્થિતિ બાંધેલી, તેવું જ અસદનુષ્ઠાન વર્તમાનમાં સમ્યક્ત્વ પાત પછી મિથ્યાત્વકાળમાં તે જીવ કરે ત્યારે બાહ્ય અનુષ્ઠાન તુલ્ય હોવા છતાં ઉત્કૃષ્ટથી અંતઃકોડાકોડી કર્મસ્થિતિ બાંધે તેવો જ સંક્લેશ થાય છે, તેથી બાહ્ય અનુષ્ઠાનકૃત કોઈ ભેદ નથી, પરંતુ મિથ્યાત્વ અવસ્થામાં જ ભિન્નગ્રંથિમિથ્યાદૃષ્ટિનો અને અભિન્નગ્રંથિમિથ્યાદૃષ્ટિનો ઉત્કૃષ્ટથી થતા સંક્લેશકૃત ભેદ છે. **॥૨૬૯॥**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**સમ્યક્ત્વ પામ્યા પછી જીવને સદા શોભન પરિણામ થાય છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું, વળી સમ્યક્ત્વપ્રાપ્તિકાળમાં શું વિશેષતા છે એ किञ्चથી બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**अयमस्यामवस्थायां बोधिसत्त्वोऽभिधीयते ।**
**अन्यैस्तल्लक्षणं यस्मात् सर्वमस्योपपद्यते ।।२७०।।**

**અન્વયાર્થ :-**

**अस्यामवस्थायां=આ અવસ્થામાં=સમ્યક્ત્વ અવસ્થામાં, अन्यैः=બીજાઓ વડે=સૌગતો વડે, अयम्=આ=સમ્યગ્દૃષ્ટિ જીવ, बोधिसत्त्वः=બોધિસત્ત્વ, अभिधीयते=કહેવાય છે, यस्मात्=જે કારણથી, अस्य=આને=સમ્યગ્દૃષ્ટિને, सर्वं=સર્વ, तल्लक्षणं=તેનું લક્ષણ=બોધિસત્ત્વનું લક્ષણ, उपपद्यते=ઘટે છે. ।।૨૭૦।।**

**શ્લોકાર્થ :-**

**આ અવસ્થામાં બીજાઓ વડે આ બોધિસત્ત્વ કહેવાય છે, જે કારણથી આને સર્વ તેનું લક્ષણ ઘટે છે. ।।૨૭૦।।**

**ટીકા :-**

**अयं=भिन्नग्रन्थिर्जीवः, अस्यां सम्यग्दर्शनरूपायाम् अवस्थायाम् बोधिसत्त्वो वक्ष्यमाणनिरुक्तः अभिधीयते=निर्दिश्यते, अन्यैरपि=सौगतैः, तल्लक्षणं=बोधिसत्त्वलक्षणम्, यस्मात्सर्वं=निरवशेषम्, अस्य=सम्यग्दृष्टेः, उपपद्यते=घटते ।।२७०।।**

**ટીકાર્થ :-**

**अयं ..... घटते ।। આ=ભિન્નગ્રંથિ જીવ, આ સમ્યગ્દર્શનરૂપ અવસ્થામાં અન્ય વડે પણ=સૌગત વડે પણ, વક્ષ્યમાણ વ્યુત્પત્તિવાળો બોધિસત્ત્વ કહેવાય છે, જે કારણથી તેનું લક્ષણ=બોધિસત્ત્વનું લક્ષણ, સર્વ=નિરવશેષ, આને=સમ્યગ્દૃષ્ટિને, ઘટે છે. ।।૨૭૦।।**

**ભાવાર્થ :-**

યથાર્થ બોધપૂર્વક સંસારના ઉચ્છેદ માટે મહાસત્ત્વને ફોરવનારા જીવોનો વાચક બોધિસત્ત્વ શબ્દ છે અને તેવા વ્યુત્પત્તિ અર્થને ગ્રહણ કરીને સૌગતો પોતાના ઉપાસ્ય બુદ્ધને બોધિસત્ત્વ કહે છે અને તેમના મતાનુસાર ગંગાવાલુકા જેટલા બોધિસત્ત્વો મોક્ષમાં ગયા છે અને તે બોધિસત્ત્વનું જે લક્ષણ સૌગતો કરે છે તેવું લક્ષણ સમ્યગ્દર્શન અવસ્થામાં સમ્યગ્દૃષ્ટિ જીવમાં ઘટે છે, તેથી સમ્યગ્દૃષ્ટિને જ અન્ય દર્શનવાળા બોધિસત્ત્વ કહે છે એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે. **।।૨૭૦।।**

**અવતરણિકા :-**

**एतदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=સૌગતોને અભિમત બોધિસત્ત્વના લક્ષણને જ, બતાવે છે=સમ્યગ્દૃષ્ટિમાં બતાવે છે –**

**શ્લોક :-**

**कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।**
**न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ।।२७१।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=જગતમાં, बोधिसत्त्वाः=બોધિસત્ત્વ જીવો, कायपातिन एव=કાયપાતી જ હોય છે, तावत् चित्तपातिनः न=ચિત્તપાતી નથી, परोदितम् एतद्=પર વડે કહેવાયું છે એ, अत्रापि=સમ્યગ્દૃષ્ટિમાં પણ, युक्तिमत्=યુક્તિવાળું છે. ।।૨૭૧।।**

**શ્લોકાર્થ :-**

**અહીં બોધિસત્ત્વ જીવો કાયપાતી જ હોય છે, ચિત્તપાતી નથી, પર વડે કહેવાયું છે એ સમ્યગ્દૃષ્ટિમાં પણ યુક્તિવાળું છે. ।।૨૭૧।।**

**ટીકા :-**

**कायपातिन एव=कायमात्रेणैव, सावद्यक्रियावतारिणः इह=जगति, प्राक्प्रस्तुता बोधिसत्त्वाः, परोदितं=परनिरूपितमेतत्, व्यवच्छेद्यमाह–न चित्तपातिनो=न चित्तेन पतनशिलाः,** 'तप्तलोहपदन्यास-तुल्या वृत्तिः क्वचिद्यदि' **इति वचनप्रामाण्यात्, तावच्छब्दः क्रमार्थः, विस्तरतस्त्वन्यदपि परोदितमस्तीति भावः, एतद्=बोधिसत्त्वलक्षणम् अत्रापि=सम्यग्दृष्टौ, किं पुनर्बोधिसत्त्वे, युक्तिमद्=युक्ति-सङ्गतम् ।।२७१।।**

**ટીકાર્થ :-**

**कायपातिन एव ..... युक्तिमद्युक्तिसङ्गतम् ।। કાયપાતી જ=કાયા માત્રથી જ સાવધક્રિયા કરનારા, અહીં=જગતમાં, પૂર્વમાં પ્રસ્તુત એવા બોધિસત્ત્વ છે એ પર વડે કહેવાયું છે, વ્યવચ્છેદ્યને કહે છે= 'કાયપાતી જ' એમ કહેવાથી 'જ'કાર દ્વારા જે વ્યવચ્છેદ્ય છે એને કહે છે, ચિત્તપાતી નથી=ચિત્તથી પતનશીલ નથી; કેમ કે** તપ્ત લોહપદન્યાસ તુલ્યા વૃત્તિ છે=પ્રવૃત્તિ છે, જો ક્વચિદ્ હોય=જો ક્વચિદ્ સાવદ્ય પ્રવૃત્તિ હોય, **એ પ્રકારના વચનનું પ્રામાણ્ય છે, 'तावत्' શબ્દ ક્રમ અર્થવાળો છે, વળી વિસ્તારથી અન્ય પણ પર વડે કહેવાયેલું =સૌગત વડે કહેવાયેલું બોધિસત્ત્વમાં છે એ પ્રકારનો ભાવ છે=બોધિસત્ત્વ કાયપાતી છે, ચિત્તપાતી નથી એ કથનનો ભાવ છે, આ=બોધિસત્ત્વનું લક્ષણ=પર વડે કહેવાયેલું સર્વ પ્રકારનું બોધિસત્ત્વનું લક્ષણ, આમાં પણ=સમ્યગ્દૃષ્ટિમાં પણ, યુક્તિસંગત છે, શું વળી બોધિસત્ત્વમાં ? એ 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૨૭૧।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનને માનનારા સૌગતો કહે છે કે ગંગાવાલુકા જેટલા બોધિસત્ત્વ જીવો મોક્ષે ગયા છે અને તેઓ સાધના કરીને મોક્ષે ગયા છે અને તેઓ સંસારઅવસ્થામાં હતા ત્યારે પણ ઉત્તમ પ્રકૃતિવાળા હતા, તેથી સાવદ્ય એવી આરંભ-સમારંભની ક્રિયા કરનારા ન હતા અને ક્વચિદ્ તેવી ક્રિયાઓ કરતા હતા તોપણ તપાવેલા લોઢાના ગોળા ઉપર પગના ન્યાસ=સ્થાપન તુલ્ય પાપની પ્રવૃત્તિ કરતા હતા, તેથી નક્કી થાય છે કે બોધિસત્ત્વ જીવો મહાસત્ત્વશાળી હોય છે તેઓનું આ લક્ષણ જૈનદર્શનકારો જે સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ કરે છે તેવા જીવોમાં ઘટે છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારનું વાસ્તવિક સ્વરૂપ-મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ યથાર્થ જોનારા હોય છે અને મોક્ષ પ્રત્યે અત્યંત રુચિવાળા હોય છે અને સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હોય છે, તેથી તેવા ઉત્તમ જીવો સર્વ શક્તિથી સંસારના ઉચ્છેદ અર્થે સર્વથા નિરવદ્ય એવો દશવિધ યતિધર્મ સેવીને વીતરાગ થવા યત્ન કરે છે અને તેવો યત્ન કરવાની ઉત્કટ ઇચ્છા હોવા છતાં જો ક્વચિદ્ ભોગઆપાદક બલવાન કર્મનો ઉદય હોય તો અને અસંગભાવની ઉત્કટ ઇચ્છા હોવા છતાં અસંગભાવને અનુકૂળ સંયમમાં યત્ન કરવા માટે તેઓ અસમર્થ હોય તોપણ સ્વશક્તિ અનુસાર સર્વવિરતિની શક્તિને અનુકૂળ સર્વ પ્રકારનાં ઉચિત અનુષ્ઠાનો સેવે છે અને ભોગઆપાદકકર્મની પ્રચુરતા હોય તો ભોગ અર્થે જે કંઈ સાવદ્ય પ્રવૃત્તિ કરે છે તે પણ તપ્તલોહપદન્યાસ તુલ્ય કરે છે અર્થાત્ ચિત્તનું અસંગ ભાવ પ્રત્યે અત્યંત

આકર્ષણ હોવા છતાં તેવા પ્રકારના અસામર્થ્યને કારણે ભોગાદિમાં કેવલ કાયાથી યત્ન કરે છે તોપણ ચિત્તનો સંશ્લેષ તો અસંગભાવમાં જ છે, તેથી તેઓ કાયપાતી છે ચિત્તપાતી નથી, આથી જ ભોગની ઇચ્છા થાય છે તે ચિત્તમાં થવા છતાં તે ઇચ્છાને શાંત કરવા 'સલ્લં કામા, વિષં કામા' ઇત્યાદિ વચનો યાદ કરે છે અને ઇચ્છા શાંત ન થાય અને વિકારો સતાવે છે ત્યારે વ્રણલેપની જેમ ભોગ કરે છે અર્થાત્ ભોગમાં ચિત્ત સંશ્લેષ ન પામે તે પ્રકારની અંતરંગ જાગૃતિપૂર્વક યત્ન કરાવે તેવી નિર્મળ ચક્ષુ વિદ્યમાન હોવાથી અસંશ્લેષપૂર્વક ભોગ કરે છે માટે ચિત્તપાતી નથી. આ સિવાય અન્ય પણ બોધિસત્ત્વોનું જે કંઈ વિશેષ સૌગતો કહે છે તે સર્વ સમ્યગ્દૃષ્ટિમાં સંગત થાય છે, માટે બૌદ્ધોને અભિમત બોધિસત્ત્વ તે સમ્યગ્દૃષ્ટિ જીવ જ છે. **॥૨૭૧॥**

**અવતરણિકા :-**

युक्तिमेवाह –

**અવતરણિકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે બોધિસત્ત્વનું લક્ષણ સમ્યગ્દૃષ્ટિમાં યુક્તિસંગત છે, તેથી હવે યુક્તિને જ કહે છે –**

**શ્લોક :-**

**परार्थरसिको धीमान् मार्गगामी महाशयः ।**
**गुणरागी तथेत्यादि सर्वं तुल्यं द्वयोरपि ।।२७२।।**

**અન્વયાર્થ :-**

परार्थरसिकः=પરાર્થરસિક, धीमान्=બુદ્ધિમાન્, मार्गगामी=માર્ગગામી, महाशयः=મહાશયવાળો, गुणरागी=ગુણરાગી, तथेत्यादि=તથા ઇત્યાદિ=તે પ્રકારના અન્ય ગુણવાળો, ઇત્યાદિ सर्वं=સર્વ, द्वयोरपि=બન્નેમાં પણ, तुल्यं=તુલ્ય છે. ।।૨૭૨।।

**શ્લોકાર્થ :-**

**પરાર્થરસિક, બુદ્ધિમાન્, માર્ગગામી, મહાશયવાળો, ગુણરાગી તથા ઇત્યાદિ સર્વ બન્નેમાં પણ તુલ્ય છે. ।।૨૭૨।।**

**ટીકા :-**

परार्थरसिकः-परोपकारबद्धचित्तः, धीमान्=बुद्ध्यनुगतः, मार्गगामी=कल्याणप्रापकपथयायी, महाशयः=स्फीतचित्तः, गुणरागी=गुणानुरागवान्, 'तथा' इति बोधिसत्त्वगुणान्तरसमुच्चयार्थः, 'इत्यादि' शास्त्रान्तरोक्तं सर्वं तुल्यं=समम्, द्वयोरपि=सम्यग्दृष्टिबोधिसत्त्वयोः ।।२७२।।

**ટીકાર્થ :-**

**परार्थरसिकः ..... सम्यग्दृष्टिबोधिसत्त्वयोः ।। પરાર્થરસિક=પરોપકારબદ્ધચિત્તવાળો, ધીમાન્=બુદ્ધિયુક્ત, માર્ગગામી=કલ્યાણપ્રાપક પથમાં જનારો, મહાઆશયવાળો=સુંદર ચિત્તવાળો, ગુણરાગી=ગુણના અનુરાગવાળો, શ્લોકમાં રહેલ 'तथा' શબ્દ બોધિસત્ત્વના ગુણાંતરના સમુચ્ચય અર્થવાળો છે, ઈત્યાદિ શાસ્ત્રાંતરમાં કહેલું=બૌદ્ધદર્શનના શાસ્ત્રમાં કહેલું, બન્નેમાં સર્વ તુલ્ય છે=સમ્યગ્દષ્ટિ અને બોધિસત્ત્વ બન્નેમાં સર્વ તુલ્ય છે. ।।૨૭૨।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી બોધિસત્ત્વને કાયપાતી કહે છે, ચિત્તપાતી કહેતા નથી, તેમ બોધિસત્ત્વને પરાર્થરસિક ઇત્યાદિ ગુણોવાળા કહે છે અને તેવા ગુણો જેમ બોધિસત્ત્વમાં સંગત થાય છે તેમ સમ્યગ્દષ્ટિમાં પણ સંગત થાય છે; કેમ કે સમ્યગ્દષ્ટિ જીવો યથાર્થ તત્ત્વને જોનારા હોવાથી સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે, તેથી તેઓ સંસારના ઉચ્છેદના અંગભૂત પરોપકારબદ્ધચિત્તવાળા સદા રહે છે; કેમ કે સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણીને તેવા મહાત્માઓને સદા પોતાના આત્માની ભાવદયા વર્તે છે તેમ અન્ય જીવોની પણ ભાવદયા વર્તે છે, તેથી વિચારે છે કે હું શું કરું કે જેથી આ સંસાર ગર્તામાંથી મારા આત્માનો નિસ્તાર થાય તેમ અન્ય જીવોનો પણ નિસ્તાર થાય, માટે સમ્યગ્દષ્ટિ જીવો પરોપકારબદ્ધચિત્તવાળા હોય છે.

વળી તેઓ સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોનારા હોવાથી બુદ્ધિમાન્ હોય છે, તેથી બુદ્ધિપૂર્વક સંસારના ઉચ્છેદમાં ઉચિત યત્ન કરે છે, મૂઢ જીવોની જેમ પ્રવૃત્તિ કરતા નથી.

વળી માર્ગગામી હોય છે અર્થાત્ તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ હોવાથી સતત સંસારનો ઉચ્છેદ થાય અને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય તે પ્રકારે કલ્યાણપ્રાપક પંથમાં સદા પ્રયત્ન કરનારા હોય છે, આથી જ ધર્મની વૃદ્ધિ થાય તે પ્રકારે જ અર્થ-કામ પણ ક્વચિત્ સેવે છે, પરંતુ માર્ગગમનને સ્ખલના કરે તે પ્રકારે અર્થ-કામ સેવતા નથી.

વળી સમ્યગ્દષ્ટિ જીવો મહાઆશયવાળા હોય છે; કેમ કે તત્ત્વને જોનારી નિર્મળચક્ષુ હોવાને કારણે ઉત્તરોત્તર ચિત્તની શુદ્ધિ થાય તે પ્રકારે જ સર્વ પ્રયત્ન કરનારા છે, આથી જ ભોગાદિથી પણ તેઓનું ચિત્ત સ્ફીત આશયવાળું બને છે; કેમ કે ભોગની નિઃસારતાનું જ્ઞાન ભોગના સેવનથી સ્પષ્ટ-સ્પષ્ટતર થાય છે અને અસંગપરિણતિ જ અત્યંત હિતકારી જણાય છે.

વળી સમ્યગ્દષ્ટિ ગુણરાગી હોય છે, તેથી આત્માની સર્વ સુંદર અવસ્થારૂપ મુક્ત અવસ્થાના કારણીભૂત થોડા પણ ગુણો ક્યાં ય જણાય તો ત્યાં તેઓને રાગ થાય છે, આથી જ સમ્યગ્દષ્ટિ જીવને પોતાના પ્રિયજન કરતાં પણ અધિક રાગ ગુણવાનમાં હોય છે.

વળી બોધિસત્ત્વના અન્ય ગુણો જે સૌગતો કહે છે તેનો 'तथा'થી સમુચ્ચય કરે છે, તેવા સર્વ ગુણો સમ્યગ્દષ્ટિમાં છે, તેથી બોધિસત્ત્વ અને સમ્યગ્દષ્ટિ સર્વ રીતે તુલ્ય છે. **।।૨૭૨।।**

**અવતરણિકા :-**

अन्वर्थतोऽपि तुल्यतां दर्शयति –

**અવતરણિકાર્થ :-**

અન્વર્થથી પણ=બોધિસત્ત્વની વ્યુત્પત્તિ અને સમ્યગ્દર્શન શબ્દની વ્યુત્પત્તિની વિચારણાથી પણ, બન્નેની તુલ્યતાને બતાવે છે –

**શ્લોક :-**

**यत्सम्यग्दर्शनं बोधिस्तत्प्रधानो महोदयः ।**
**सत्त्वोऽस्तु बोधिसत्त्वस्तद्धन्तैषोऽन्वर्थतोऽपि हि ।।२७३।।**

**અન્વયાર્થ :-**

यत्=જે કારણથી, सम्यग्दर्शनं बोधिः=સમ્યગ્દર્શનરૂપ બોધિ, तत्प्रधानः महोदयः सत्त्वः=તત્પ્રધાન મહોદયવાળો જીવ, बोधिसत्त्वः अस्तु=બોધિસત્ત્વ હો, तद्=તે કારણથી, हन्तः=ખરેખર, एषः=આ=સમ્યગ્દૃષ્ટિ, अन्वर्थतोऽपि हि=અન્વર્થથી પણ બોધિસત્ત્વ તુલ્ય છે એમ અન્વય છે. ।।૨૭૩।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સમ્યગ્દર્શનરૂપ બોધિ તત્પ્રધાન મહોદયવાળો જીવ બોધિસત્ત્વ હો, તે કારણથી ખરેખર આ અન્વર્થથી પણ બોધિસત્ત્વ તુલ્ય છે એમ અન્વય છે. ।।૨૭૩।।**

**ટીકા :-**

यद्=यस्मात्, सम्यग्दर्शनं=सम्यक्त्वं बोधिः, तत्प्रधानो=बोधिसारः, महोदयः=प्रशस्तगुणोद्गमः, सत्त्वः=जीवः, अस्तु=भवतु, बोधिसत्त्वः तत्=तस्मात्, 'हन्त' इति पूर्ववत्, एषः=सम्यग्दृष्टिः, अन्वर्थतोऽपि ह्यन्वर्थादपि किं पुनर्विशेषणैरित्यपिशब्दार्थ इति।।२७३।।

**ટીકાર્થ :-**

यद्=यस्मात् ..... शब्दार्थ इति ।। જે કારણથી સમ્યગ્દર્શન=સમ્યક્ત્વ રૂપ બોધિ, તત્પ્રધાન=બોધિસાર, મહોદયવાળો=પ્રશસ્ત ગુણના ઉદ્‌ગમવાળો, સત્ત્વ=જીવ, બોધિસત્ત્વ હો, તે કારણથી હન્ત=ખરેખર, આ=સમ્યગ્દૃષ્ટિ, અન્વર્થથી પણ તુલ્ય છે, શું વળી વિશેષણો વડે ? એ 'अन्वर्थतोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૭૩।।

**ભાવાર્થ :-**

સમ્યગ્દર્શન શબ્દનો અર્થ છે યથાર્થ બોધ. તેથી સમ્યગ્દર્શન સ્વયં બોધરૂપ હોવાથી બોધિ છે અને

બોધિપ્રધાન એવો મહોદય સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે અને જે જીવો કોઈક રીતે પુણ્યને બાંધીને દેવભવના કે મનુષ્યભવના ભોગસામગ્રીયુક્ત ભવને પામ્યા છે તેઓનો સ્થૂલથી દેખાતો મહોદય બોધિપ્રધાન નથી; કેમ કે નષ્ટ વિવેકવાળો છે, આથી જ તત્કાલ મહોદય હોવા છતાં અનર્થની પરંપરાનું કારણ છે, પરંતુ જેઓમાં નિર્મળ બોધિ પ્રગટ્યું છે અને તેનાથી બંધાયેલા પુણ્યને કારણે મહોદય થયેલો છે અને તે મહોદયકાળમાં પણ નિર્મળ ચક્ષુરૂપ બોધિ વિદ્યમાન છે, તેવા બોધિપ્રધાન મહોદયવાળા જીવો બોધિસત્ત્વ હો, આવો બોધિસત્ત્વનો અર્થ કરવાથી સમ્યગ્દૃષ્ટિના વ્યુત્પત્તિ અર્થ સાથે તુલ્યતાની પ્રાપ્તિ છે અને પરાર્થરસિક આદિ ગુણોની દૃષ્ટિથી પણ સમ્યગ્દૃષ્ટિને બોધિસત્ત્વની સાથે તુલ્યતાની પ્રાપ્તિ છે, તેથી બૌદ્ધદર્શનવાળા જેવા ઉત્તમ પુરુષને બોધિસત્ત્વ કહે છે તેવા જ ઉત્તમ ગુણોવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો છે. **॥૨૭૩॥**

**અવતરણિકા :-**

**अत्रैव पक्षान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=સૌગતો બોધિસત્ત્વ કહે છે તે સમ્યગ્દૃષ્ટિમાં ઘટે છે એમ પૂર્વમાં કહ્યું એમાં જ, પક્ષાંતરને કહે છે –**

**શ્લોક :-**

**वरबोधिसमेतो वा तीर्थकृद्यो भविष्यति ।**
**तथाभव्यत्वतोऽसौ वा बोधिसत्त्वः सतां मतः ॥२७४॥**

**અન્વયાર્થ :-**

**वा=અથવા, वरबोधिसमेतः=વરબોધિથી યુક્ત, यः=જે, तथाभव्यत्वतः=તથાભવ્યત્વને કારણે, तीर्थकृत्=તીર્થને કરનાર, भविष्यति=થશે, असौ वा बोधिसत्त्वः=આ જ બોધિસત્ત્વ, सतां=સંતોને, मतः=સંમત છે. ॥૨૭૪॥**

**શ્લોકાર્થ :-**

**અથવા, વરબોધિથી યુક્ત જે તથાભવ્યત્વને કારણે તીર્થને કરનાર થશે, આ જ બોધિસત્ત્વ સંતોને સંમત છે. ॥૨૭૪॥**

**ટીકા :-**

**वरबोधिसमेतो वा=तीर्थकरपदप्रायोग्यसम्यक्त्वसमेतो वा, 'बोधिसत्त्वः' इति सम्बध्यते, स च कीदृश इत्याह–तीर्थकृत्=तीर्थकर्ता, यः जीवः भविष्यति=सम्पत्स्यते, तथाभव्यत्वतः=भव्यत्वं नाम**

**सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः, तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नं तस्मात्, असौ वा=अयमेव, बोधिसत्त्वः 'सतां'=साधूनां, मतः ।।२७४।।**

**ટીકાર્થ :-**

वरबोधिसमेतो ..... मतः ।। **અથવા વરબોધિથી યુક્ત=તીર્થંકરપદ પ્રાયોગ્ય સમ્યક્ત્વથી યુક્ત, બોધિસત્ત્વ છે એ પ્રમાણે સંબંધિત કરાય છે=જેને સૌગતો બોધિસત્ત્વ કહે છે એ વરબોધિયુક્ત બોધિસત્ત્વ છે એમ સંબંધિત કરાય છે, અને તે=વરબોધિથી યુક્ત બોધિસત્ત્વ, કેવા પ્રકારના છે ? એથી કહે છે – તથાભવ્યત્વને કારણે=ભવ્યત્વ એટલે સિદ્ધિગમનને યોગ્ય અનાદિ પારિણામિક ભાવ અને તથાભવ્યત્વ કાલનૈયત્યાદિ પ્રકારથી વૈચિત્ર્યને પામેલ એ જ અર્થાત્ ભવ્યત્વ જ તેના કારણે, જે જીવ તીર્થકર્તા થશે, આ જ બોધિસત્ત્વ સંતોને=સાધુઓને, સંમત છે. ॥૨૭૪॥**

**ભાવાર્થ :-**

મોક્ષમાં જવાયોગ્ય દરેક જીવનું સિદ્ધિગમનયોગ્યત્વ અનાદિ પારિણામિક ભાવ છે તે ભવ્યત્વ છે અને તેવું ભવ્યત્વ દરેક જીવનું ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે, તેથી તે તે કાળમાં તે તે પ્રકારના નિયત ભવો કરીને નિયત પુરુષકાર આદિને પ્રાપ્ત કરીને તે તે જીવ સિદ્ધિ પામે છે, તેવા ભવ્યત્વના કારણે તીર્થંકરો પણ તે તે કાળમાં તે તે ભાવરૂપે થઈને તીર્થંકર સિદ્ધ થાય છે, તેથી જે જીવનું જે પ્રકારનું ભવ્યત્વ છે તે જીવ તે પ્રકારે ચરમ ભવમાં સિદ્ધ થાય છે, તેથી તીર્થંકરનો આત્મા જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તીર્થંકર પદ પ્રાયોગ્ય સમ્યક્ત્વથી યુક્ત વરબોધિ પ્રાપ્ત કરે છે અને જે જીવ તેવા વરબોધિને પ્રાપ્ત કરે છે તે જીવને બોધિસત્ત્વ કહેવાય છે, તેથી એ ફલિત થાય કે બોધિસત્ત્વનું લક્ષણ જે સૌગતો કરે છે તે વરબોધિયુક્ત એવા તીર્થંકર થનારા આત્મામાં ઘટે છે, માટે તીર્થંકરના આત્માને જ સમ્યક્ત્વની પ્રાપ્તિકાળમાં બોધિસત્ત્વ કહેવાય છે. **॥૨૭૪॥**

**અવતરણિકા :-**

**तथाभव्यत्वमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**તથાભવ્યત્વને જ ભાવન કરે છે=પૂર્વશ્લોકમાં કહ્યું કે તથાભવ્યત્વને કારણે જે તીર્થંકર થશે તે બોધિસત્ત્વ છે તેથી જિજ્ઞાસા થાય કે તથાભવ્યત્વ શું છે ? તેને સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सांसिद्धिकमिदं ज्ञेयं सम्यक् चित्रं च देहिनाम् ।**
**तथाकालादिभेदेन बीजसिद्ध्यादिभावतः ।।२७५।।**

**અન્વયાર્થ :-**

**ચ=વળી, देहिनां=જીવોનું, सांसिद्धिकमिदं=સાંસિદ્ધિક એવું આ=સાંસિદ્ધિક એવું તથાભવ્યત્વ, चित्रं=ચિત્ર, सम्यक्=સમ્યક્, ज्ञेयं=જાણવું; કેમ કે तथाकालादिभेदेन बीजसिद्ध्यादिभावतः=તે પ્રકારના કાલાદિના ભેદથી, બીજસિદ્ધિ આદિનો ભાવ છે. ॥૨૭૫॥**

**શ્લોકાર્થ :-**

**વળી જીવોનું સાંસિદ્ધિક એવું આ ચિત્ર સમ્યક્ જાણવું; કેમ કે તે પ્રકારના કાલાદિના ભેદથી બીજસિદ્ધિ આદિનો ભાવ છે. ॥૨૭૫॥**

**ટીકા :-**

**सांसिद्धिकं=आत्मसमकालोद्भवम्, इदं=तथाभव्यत्वं, ज्ञेयम् सम्यग्=यथावत्, चित्रं च=नानारूपं पुनः, देहिनाम्, कथमित्याह–तथा=तत्प्रकारा, ये कालादयः=कालस्वभावादयः, कारणप्रकारास्तेषां भेदेन=वैचित्र्येण, बीजस्य=धर्मप्रशंसादेः सिद्धिः=लाभः, आदिशब्दाद्धर्मचिन्ताश्रवणानुष्ठानादिग्रहः तेषां भावतो=भावात् ॥२७५॥**

**ટીકાર્થ :-**

**सांसिद्धिकं ..... भावात् ॥ વળી સાંસિદ્ધિક=આત્મ સમકાલ ઉદ્ભવ એવું આ=તથાભવ્યત્વ, જીવોનું ચિત્ર પ્રકારનું સમ્યક્ જાણવું, કેમ ચિત્ર પ્રકારનું છે ? એથી કહે છે – તથા=તે પ્રકારના, જે કાલાદિ=કાલ-સ્વભાવ આદિ, કારણના પ્રકારો, તેઓના ભેદથી=વૈચિત્ર્યથી, ધર્મપ્રશંસાદિરૂપ બીજની સિદ્ધિ=લાભ, તેનો ભાવ હોવાથી દરેક ભવ્યજીવનું તથાભવ્યત્વ ચિત્ર છે એમ અન્વય છે. 'बीजसिद्ध्यादि'માં રહેલા 'आदि' શબ્દથી ધર્મચિંતા-શ્રવણ-અનુષ્ઠાન આદિનું ગ્રહણ છે. ॥૨૭૫॥**

**ભાવાર્થ :-**

જીવ અનાદિનો છે અને અનાદિકાળથી કર્મની સાથે એકત્વભાવને પામેલો છે અને જ્યારથી જીવનું અસ્તિત્વ છે ત્યારથી જીવનો તેવો જ સ્વભાવ છે કે તે તે કાળમાં તે તે પ્રકારના અધ્યવસાયને કરીને તે તે પ્રકારે કર્મ બાંધીને સંસારમાં પરિભ્રમણ કરે અને તે સ્વભાવને અનુરૂપ જ જ્યારે જે જીવમાં વિવેકચક્ષુ પ્રગટ થાય છે ત્યારે તે જીવ તેના તે પ્રકારના ભવ્યત્વરૂપ સ્વભાવને કારણે તે તે કાળ આદિના ભેદથી ધર્મપ્રશંસા આદિ કરીને ધર્મના બીજની પ્રાપ્તિ કરે છે અને તેના સ્વભાવને અનુરૂપ જ ધર્મચિંતા-ધર્મશ્રવણ-ધર્મનું અનુષ્ઠાન આદિ કરે છે, તેનાથી નક્કી થાય છે કે દરેક જીવનો તથાભવ્યત્વરૂપ સ્વભાવ ચિત્ર પ્રકારનો છે અને દરેક જીવનું જે પ્રકારનું તથાભવ્યત્વ ચિત્ર છે તે પ્રકારનું ભવ્યત્વમાં રહેલું ચિત્રપણું સમ્યક્ જાણવું જોઈએ, જેથી બોધ થાય કે જે જીવોનું જેવું ભવ્યત્વ છે તે પ્રમાણે તે કાળમાં બીજાદિ કરીને તીર્થંકરાદિ રૂપે થાય છે, તેથી એ ફલિત થાય કે દરેક જીવનું જુદા જુદા પ્રકારનું ભવ્યત્વ હોવાથી ઘણા તીર્થંકરના જીવો અનંત ચોવીશી પહેલાં તીર્થંકર થઈને મોક્ષમાં ગયા અને વીરભગવાન આદિ વર્તમાન

ચોવીશીમાં તેમના ભવ્યત્વને અનુરૂપ તીર્થંકર થઈને મોક્ષમાં ગયા અને જે જીવોનું તેવું જ ભવ્યત્વ છે કે તીર્થંકર થયા વગર મોક્ષમાં જવાના છે તે જીવો તે પ્રકારે જ મોક્ષમાં જાય છે, તેથી સિદ્ધિગમનયોગ્યરૂપ ભવ્યત્વ દરેક જીવનું જુદા જુદા પ્રકારનું છે. **॥૨૭૫॥**

**અવતરણિકા :-**

एतदेवाधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

**આને જ=તથાભવ્યત્વને જ, આશ્રયીને કહે છે=તથાભવ્યત્વને ચિત્ર સ્વીકારવા વિષયક યુક્તિને કહે છે –**

**શ્લોક :-**

**सर्वथा योग्यताऽभेदे तदभावोऽन्यथा भवेत् ।**
**निमित्तानामपि प्राप्तिस्तुल्या यत्तन्नियोगतः ।।२७६।।**

**અન્વયાર્થ :-**

अन्यथा=પૂર્વમાં કહેલો અર્થ ન સ્વીકારવામાં આવે તો=શ્લોક-૨૭૫માં કહ્યું તે પ્રમાણે સર્વ જીવોનું તથાભવ્યત્વ ચિત્ર છે તેમ ન સ્વીકારવામાં આવે તો, सर्वथा योग्यताऽभेदे=સર્વથા યોગ્યતાનો અભેદ થયે છતે=સિદ્ધિગમનયોગ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા સર્વથા સમાન હોતે છતે, तदभावः भवेत्=તેનો અભાવ થાય=ચિત્ર બીજસિદ્ધિ આદિનો અભાવ થાય=દરેક જીવને ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન રીતે બીજસિદ્ધિ આદિ થાય છે તેનો અભાવ થાય, यद्=જે કારણથી, तन्नियोगतः=તેના નિયોગથી=યોગ્યતાના નિયંત્રણથી, निमित्तानामपि प्राप्तिः=નિમિત્તોની પણ પ્રાપ્તિ, तुल्या=તુલ્ય થાય. (તે કારણથી ચિત્ર બીજસિદ્ધિ આદિ દેખાય છે તેનો અભાવ પ્રાપ્ત થાય એમ અન્વય છે.) ॥૨૭૬॥

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં કહેલો અર્થ ન સ્વીકારવામાં આવે તો સર્વથા યોગ્યતાનો અભેદ થયે છતે તેનો અભાવ થાય, જે કારણથી તેના નિયોગથી નિમિત્તોની પણ પ્રાપ્તિ તુલ્ય થાય. ॥૨૭૬॥**

**ટીકા :-**

सर्वथा=सर्वैः प्रकारैः, योग्यताया अभेदे=एकाकारायां योग्यतायामित्यर्थः, तदभावः=चित्रबीजसिद्ध्याद्यभावः, अन्यथा=पूर्वोक्तार्थानभ्युपगमे सति, भवेत्=सम्पद्येत, नन्वेकाकारायामपि योग्यतायां सहकारिभेदेन फलभेदोपपत्तेः किं योग्यतावैचित्र्याभ्युपगमेनेत्याशंक्याह, निमित्तानामपि=कालादीनां, प्राप्तिः सन्निधानलक्षणा सर्वयोग्यानां, तुल्या=समा, भवेत्, किं पुनर्योग्यता, परमते योग्यतायास्तुल्येत्यपि-

**शब्दार्थः, यत्=यस्मात्, तन्नियोगतः-योग्यतापारवश्यात्, तुल्यायां हि सत्त्वेषु योग्यतायां सहकारिणोऽपि तुल्या एव भवेयुः, तुल्ययोग्यतासामर्थ्याक्षिप्तत्वात्तेषाम्, इति सर्वत्र तुल्यफलतापत्तिरिति ।।२७६।।**

**ટીકાર્થ :-**

**सर्वथा ..... तुल्यफलतापत्तिरिति ।। સર્વથા=સર્વ પ્રકારે, યોગ્યતાનો અભેદ થયે છતે=એકાકાર યોગ્યતા થયે છતે, તેનો અભાવ થાય=ચિત્ર બીજસિદ્ધિ આદિનો અભાવ થાય,** ક્યારે સર્વથા યોગ્યતાનો અભેદ પ્રાપ્ત થાય ? એથી કહે છે – **અન્યથા=પૂર્વોક્ત અર્થ ન સ્વીકાર કરાયે છતે=સર્વ જીવોનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન છે તેમ ન સ્વીકારવામાં આવે તો, સર્વથા યોગ્યતાના અભેદને કારણે ચિત્ર બીજસિદ્ધિ આદિનો અભાવ પ્રાપ્ત થાય એમ અન્વય છે.**

**'ननु'થી શંકા કરે છે – એકાકારવાળી પણ યોગ્યતા હોતે છતે સહકારીના ભેદથી ફલભેદની ઉપપત્તિ હોવાને કારણે યોગ્યતાના વૈચિત્ર્યના સ્વીકાર વડે શું ? એ પ્રકારની આશંકા કરીને શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –**

**નિમિત્તોની પણ=કાલાદિ કારણોની પણ, સંનિધાનરૂપ પ્રાપ્તિ સર્વ યોગ્ય જીવોને તુલ્ય થાય, શું વળી યોગ્યતા ? પરમતમાં યોગ્યતાની તુલ્ય=પરમતમાં યોગ્યતાની પ્રાપ્તિ તુલ્ય થાય તેનું શું કેવું એ પ્રકારે 'निमित्तानामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, જે કારણથી તેના નિયોગથી=યોગ્યતાના પારવશ્યથી, નિમિત્તોની પણ તુલ્ય પ્રાપ્તિ થવી જોઈએ એમ અન્વય છે.**

શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે – **જીવોમાં તુલ્ય યોગ્યતા હોતે છતે સહકારી પણ તુલ્ય જ પ્રાપ્ત થાય; કેમ કે તેઓનું=સહકારી કારણોનું તુલ્ય યોગ્યતાના સામર્થ્યથી આક્ષિપ્તપણું છે, એથી=સર્વ જીવોમાં તુલ્ય યોગ્યતાને કારણે સહકારી તુલ્ય પ્રાપ્ત થાય એથી, સર્વત્ર=સર્વ જીવોમાં, તુલ્યફળપણાની આપત્તિ છે. (અને સર્વ જીવોમાં તુલ્ય ફલ નથી માટે સર્વ જીવોનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન છે એ પ્રકારે અર્થ છે.) ।।૨૭૬।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૨૭૫માં સ્થાપન કર્યું કે મોક્ષમાં જનારા સર્વ જીવોને ભિન્ન ભિન્ન કાળમાં બીજસિદ્ધિ આદિની પ્રાપ્તિ થાય છે અને ભિન્ન ભિન્ન રૂપે અનુષ્ઠાન કરીને તીર્થંકરસિદ્ધાદિ ભિન્ન ભિન્ન પ્રકારે મોક્ષમાં જાય છે તેનું નિયામક તેવા પ્રકારનું સર્વ જીવોનું ચિત્ર ભવ્યત્વ છે અને જો તેમ ન સ્વીકારવામાં આવે અને કહેવામાં આવે કે સર્વ જીવોનું ભવ્યત્વ સમાન છે તો સર્વ જીવોમાં ચિત્ર પ્રકારે બીજસિદ્ધિ આદિ થાય છે તે સંગત થાય નહિ.

આશય એ છે કે એક માટીના પિંડમાંથી કોઈક ભાગને ગ્રહણ કરીને કુંભાર ઘડો બનાવે છે તો કોઈ અન્ય ભાગને ગ્રહણ કરીને અન્ય કાળમાં રમકડાં બનાવે છે તે સ્થાનમાં સ્થૂલ વ્યવહારથી કહેવામાં આવે કે માટીમાં ઘટ થવાની પણ યોગ્યતા છે, રમકડાં થવાની પણ યોગ્યતા છે, છતાં કુંભારના તે પ્રકારના

પ્રયત્નથી પિંડના તે અંશમાંથી ઘટ થયો અને અન્ય અંશમાંથી કુંભારના અન્ય પ્રકારના પ્રયત્નથી અન્યકાળમાં રમકડાં થયાં, વળી તે સ્થાનમાં પણ નિશ્ચયનય કહે છે કે જે માટીના અંશમાંથી ઘટ થયો તે માટીના અંશમાં ઘટ થવાની યોગ્યતા હતી અને તે કાળે જ ઘટ થવાની યોગ્યતા હતી, અન્ય કાળે નહિ અને જે માટીના અંશમાંથી રમકડાં થયાં તે માટીના અંશમાં રમકડાં થવાની જ યોગ્યતા હતી, ઘટ થવાની યોગ્યતા ન હતી અને તે કાળમાં જ રમકડાં થવાની યોગ્યતા હતી, અન્ય કાળમાં રમકડાં થવાની યોગ્યતા ન હતી માટે તે કાળમાં તે માટીના પિંડમાંથી રમકડાં થયાં, તેથી ઘટ અને રમકડાં થવા પ્રત્યે માટીમાં રહેલી યોગ્યતાનો ભેદ જ કારણ છે અને જો યોગ્યતાનો ભેદ ન સ્વીકારવામાં આવે તો ઘટ અને રમકડાં આદિ કાર્યનો ભેદ થાય નહિ, તે રીતે મોક્ષમાં જવાની યોગ્યતાવાળા સર્વ જીવોમાં ભિન્ન ભિન્ન કાળે બીજસિદ્ધિ આદિ થાય છે તેના કારણીભૂત સિદ્ધિગમનયોગ્યત્વનો ભેદ બધા જીવોમાં છે, માટે જ સર્વ જીવોનું તથાભવ્યત્વ જુદું છે, આથી જ સર્વ તીર્થંકરોના જીવોમાં તે તે કાળમાં તીર્થંકર આદિ થઈને સિદ્ધિગમનયોગ્યત્વ પણ જુદા જુદા પ્રકારનું છે.

અહીં પ્રશ્ન થાય કે "માટીના એક પિંડમાંથી કોઈક કાળમાં કુંભાર ઘટ કરે છે તો વળી અન્ય પિંડના અંશમાંથી અન્ય કાળમાં ઘટ કરે છે, તેથી સમાન યોગ્યતાવાળા એવા તે પિંડના બે અંશોમાંથી ભિન્ન ભિન્ન કાળમાં ઘટરૂપ કાર્યો થયાં, તેમાં કુંભારના પ્રયત્નરૂપ નિમિત્ત કારણથી જ કાલકૃત કાર્યનો ભેદ પ્રાપ્ત થયો, માટીના પિંડના બંને અંશોમાં તો ઘટની યોગ્યતા સમાન હતી, તેમ જે જીવો જે કાળમાં બીજાધાન પ્રાપ્ત કરે છે તે કાળ અને તે જીવનો તેવો પ્રયત્નભેદ વગેરે નિમિત્તના ભેદથી બીજાધાનના ભેદની પ્રાપ્તિ છે, જ્યારે મોક્ષમાં જવાની યોગ્યતા તો સર્વ યોગ્ય જીવોમાં સમાન છે, આથી જ જે પિંડમાંથી કુંભાર ઘટ માટે પ્રયત્ન કરે છે તે પિંડમાંથી કુંભારના પ્રયત્નના નિમિત્તને પામીને ઘટ થાય છે અને જે પિંડમાંથી રમકડાં થાય છે, ત્યાં પણ કુંભારના ભિન્ન પ્રકારના પ્રયત્નના નિમિત્તને કારણે રમકડાં થાય છે તેમ જે જીવો મોક્ષમાં જતી વખતે તીર્થંકરને અનુકૂળ અધ્યવસાયમાં યત્ન કરે છે તેઓ તીર્થંકર થાય છે અને જે જીવો મોક્ષગમનને અનુકૂળ યત્ન કરવા છતાં તીર્થંકર થવાને અનુકૂળ અધ્યવસાયમાં યત્ન કરતા નથી તેઓ તીર્થંકર થયા વગર સિદ્ધ થાય છે, માટે જેમ માટીના પિંડના અનેક અંશોમાં ઘટ રમકડાં આદિ થવાની યોગ્યતા સમાન હતી તેમ મોક્ષમાં જવાને યોગ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા સમાન છે, ફક્ત તે જીવના તીર્થંકરને અનુકૂળ પ્રયત્નરૂપ નિમિત્તકારણથી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે, માટે સર્વ જીવોના ભવ્યત્વને ચિત્ર માનવાની જરૂર નથી, પરંતુ નિમિત્તના ભેદથી સમાન પણ યોગ્યતામાં કાર્યનો ભેદ થાય છે તેમ માનવું જોઈએ," તેનું નિરાકરણ કરતાં કહે છે –

સર્વ જીવોમાં સમાન યોગ્યતા હોય તો સર્વ જીવોને નિમિત્તની પણ તુલ્ય પ્રાપ્તિ થાય, જેમ સમાન યોગ્યતાવાળા માટીના પિંડોમાં સમાન નિમિત્તની પ્રાપ્તિ દ્વારા સમાન કાર્ય થાય તો જ સમાન યોગ્યતા છે તેમ સ્વીકારી શકાય, જો સ્થૂલથી સમાન પણ યોગ્યતાવાળા માટીના બે પિંડામાં નિમિત્તના ભેદની પ્રાપ્તિ થાય છે તો તે નિમિત્તના ભેદની પ્રાપ્તિ પણ યોગ્યતાના ભેદથી જ થાય છે; કેમ કે સમાન યોગ્યતા હોય

તો તે યોગ્યતા સમાન નિમિત્તોને આક્ષેપ કરે છે, એમ સૂક્ષ્મદૃષ્ટિથી જણાય છે. તેથી નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી વિચારવામાં આવે તો જે માટીમાંથી કુંભારના પ્રયત્નથી ઘટ થાય છે તે માટીમાં રહેલી ઘટની યોગ્યતા જ કુંભારના પ્રયત્નનો આક્ષેપ કરીને ઘટ રૂપે પરિણમન પામે છે, તે પ્રમાણે જે જીવોની જે કાળમાં બીજાધાન આદિ થવાની યોગ્યતા હોય તે જીવોની તે યોગ્યતા જ તે જીવમાં તે કાળે તે પ્રકારના પ્રયત્નનો આક્ષેપ કરીને બીજાધાનદિ કરે છે અને જે જીવમાં તીર્થંકર થવાની યોગ્યતા હોય તે જીવમાં તીર્થંકર થવાની યોગ્યતા જ તે કાળમાં તીર્થંકર નામકર્મને અનુકૂળ અધ્યવસાયનો આક્ષેપ કરીને તીર્થંકરપદની પ્રાપ્તિનું કારણ બને છે, માટે મોક્ષમાં જવા યોગ્ય એવા જીવોની સિદ્ધિગમનની યોગ્યતા સર્વથા સમાન નથી, પરંતુ ચિત્ર પ્રકારની છે અને જો બધા જીવોની સિદ્ધિગમનની યોગ્યતા સર્વથા સમાન હોય તો બધા જીવોમાં તુલ્ય ફળની પ્રાપ્તિ થાય=એક જ કાળમાં એક જ સ્વરૂપે બધા જીવો મોક્ષમાં જાય. **॥૨૭૬॥**

**અવતરણિકા :-**

**अत्रैव विपर्यये बाधकमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=પૂર્વશ્લોકના કથનમાં જ, વિપર્યય સ્વીકારવામાં, બાધકને કહે છે –**

**ભાવાર્થ :-**

સહકારીના ભેદથી કાર્યનો ભેદ સંગત કરીને યોગ્યતાનો ભેદ ન સ્વીકારવારૂપ વિપર્યયમાં બાધકને કહે છે –

**શ્લોક :-**

**अन्यथा योग्यताऽभेदः सर्वथा नोपपद्यते ।**
**निमित्तोपनिपातोऽपि यत्तदाक्षेपतो ध्रुवम् ।।२७७।।**

**અન્વયાર્થ :-**

**अन्यथा=અન્યથા=સહકારીઓના તુલ્યત્વનો અભાવ હોતે છતે, सर्वथा=સર્વથા, योग्यताऽभेदः=યોગ્યતાનો અભેદ, नोपपद्यते=ઉપપન્ન થતો નથી=ક્થંચિદ્ યોગ્યતાનો અભેદ ઉપપન્ન હોવા છતાં સર્વથા યોગ્યતાનો અભેદ ઉપપન્ન થતો નથી, यद्=જે કારણથી, निमित्तोपनिपातोऽपि=નિમિત્તનો ઉપનિપાત પણ=કાલાદિ અન્ય કારણોનો ઉપનિપાત પણ, तदाक्षेपतः=તેના આક્ષેપથી=તુલ્ય યોગ્યતાના આકર્ષણથી, ध्रुवम्= નિશ્ચિત છે=સમાન જ નિશ્ચિત છે. ॥૨૭૭॥**

**શ્લોકાર્થ :-**

**અન્યથા સર્વથા યોગ્યતાનો અભેદ ઉપપન્ન થતો નથી, જે કારણથી નિમિત્તનો ઉપનિપાત પણ તેના આક્ષેપથી ધ્રુવ છે. ॥૨૭૭॥**

**ટીકા :-**

**अन्यथा-सहकारिणां तुल्यत्वाभावे, योग्यताया अभेदः=तुल्यता, सर्वथा नोपपद्यते=घटते, कुत इत्याह–निमित्तानामुक्तरूपाणां कालादीनामुपनिपातः=सन्निहितता, किं पुनर्योग्यतासाध्यं फलमित्यपि-शब्दार्थः, यद्=यस्मात्, तदाक्षेपतः=तुल्ययोग्यताकर्षणाद्, ध्रुवं=निश्चितं भवेत् ।।२७७।।**

**ટીકાર્થ :-**

**अन्यथा ..... भवेत् ।। અન્યથા=સહકારીના તુલ્યત્વના અભાવમાં, સર્વથા યોગ્યતાનો અભેદ= તુલ્યતા, ઘટે નહિ, કેમ સર્વથા યોગ્યતાનો અભેદ ઘટે નહિ ? એથી કહે છે, જે કારણથી ઉક્તરૂપવાળા કાલાદિ નિમિત્તોનો ઉપનિપાત=સંનિહિતતા, તેના આક્ષેપથી=તુલ્ય યોગ્યતાના આકર્ષણથી, ધ્રુવ=નિશ્ચિત થાય=સમાન રીતે સર્વને પ્રાપ્ત થાય.**

**શું વળી યોગ્યતાસાધ્ય ફ્લ એ 'निमित्तोपनिपातोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૨૭૭।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૬ના ઉત્તરાર્ધમાં કહ્યું કે તુલ્ય યોગ્યતાના પરવશપણાથી સહકારી એવા નિમિત્તોની પણ તુલ્ય પ્રાપ્તિ થવી જોઈએ, વસ્તુતઃ મોક્ષમાં જનારા એવા સર્વ જીવોને કાલાદિ નિમિત્તો રૂપ સહકારી તુલ્ય પ્રાપ્ત થતા નથી, આથી જ ભિન્ન ભિન્ન કાળમાં તે તે જીવોને બીજસિદ્ધિ આદિ થાય છે અને ભિન્ન ભિન્ન કાળમાં કોઈ તીર્થંકર થઈને સિદ્ધ થાય છે, તો વળી કોઈ અન્ય પ્રકારે સિદ્ધ થાય છે, તેથી કાલાદિ સહકારીનો તુલ્ય ભાવ નથી અને કાલાદિ સહકારીનો તુલ્યભાવ ન હોય તો મોક્ષમાં જવાની યોગ્યતા સર્વથા સમાન ઘટે નહિ અર્થાત્ મોક્ષમાં જવાની યોગ્યતા મોક્ષમાં જનારા જીવોની ક્થંચિત્ સમાન છે, તેથી બધા જીવો કર્મનાશ કરીને મોક્ષમાં જાય છે અને ક્થંચિદ્ અસમાન છે, આથી જ ભિન્ન ભિન્ન કાળમાં બીજસિદ્ધિ આદિને અનુકૂળ ભિન્ન ભિન્ન પ્રકારનો પ્રયત્ન કરીને ભિન્ન ભિન્ન પ્રકારના ચરમભવની પ્રાપ્તિપૂર્વક મોક્ષમાં જાય છે, તેથી બધા જીવોની મોક્ષમાં જવાની યોગ્યતા સર્વથા તુલ્ય નથી તેમ જ માનવું જોઈએ. કેમ સર્વથા તુલ્ય નથી, તેમાં યુક્તિ બતાવે છે –

જીવોમાં રહેલી તુલ્ય યોગ્યતાના આકર્ષણથી કાલાદિ નિમિત્તોની પ્રાપ્તિ પણ સમાન જ થવી જોઈએ; કેમ કે જીવમાં રહેલી યોગ્યતા જ તે કાળમાં તે જીવના પુરુષકારનો આક્ષેપ કરે છે, તેથી મોક્ષમાં જનારા બધા જીવોમાં સમાન યોગ્યતા હોય તો સમાન યોગ્યતાને કારણે સમાન કાળમાં સમાન રીતે પુરુષકારનો આક્ષેપ કરીને સમાન રીતે જ બધા જીવો મોક્ષને પ્રાપ્ત કરે તેમ માનવું પડે અને સંસારમાં પ્રત્યક્ષથી દેખાય છે કે ભિન્ન ભિન્ન જીવો ભિન્ન ભિન્ન પ્રકારનો પુરુષકાર કરીને ભિન્ન ભિન્ન કાળમાં મોક્ષમાં જાય છે, તેથી નક્કી થાય છે કે મોક્ષમાં જનારા જીવોની સિદ્ધિગમનની યોગ્યતા સર્વથા સમાન નથી જ; આ પ્રકારે નિશ્ચયનયની સૂક્ષ્મદૃષ્ટિથી પદાર્થનું ભાવન કરવું જોઈએ; કેમ કે નિશ્ચયનય 'ઉપાદાનમાં રહેલી યોગ્યતા

જ પોતાની યોગ્યતા અનુસાર પુરુષકારનો આક્ષેપ કરીને તે તે રૂપે પરિણમન પામે છે' એમ માને છે.

આ સર્વ કથનથી એમ ફલિત થાય કે જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતા જ્યારે પ્રચુર કર્મમલ વિદ્યમાન હોય છે ત્યારે તેના સમ્યગ્જ્ઞાનના અત્યંત વિપર્યયવાળી વર્તે છે અને જ્ઞાનના વિપર્યયને કારણે રુચિનો વિપર્યય થાય છે અને રુચિના વિપર્યયને કારણે પ્રવૃત્તિનો વિપર્યય થાય છે, તેથી સંસારી જીવો જ્યાં સુખ દેખાય છે ત્યાં પ્રવૃત્તિ કરે છે અને જ્ઞાનાદિનો વિપર્યય હોવાને કારણે તે બાહ્ય વિષયોમાં જ સંસારી જીવોને તાત્કાલિક સુખ દેખાય છે અન્ય કંઈ દેખાતું નથી, તેથી તેની તે પ્રકારની યોગ્યતાથી આક્ષિપ્ત થયેલા વીર્ય વડે તે જીવો વિપરીત પ્રવૃત્તિઓ કરે છે, જેના ફળ રૂપે સંસારની કદર્થનાઓ પ્રાપ્ત કરે છે અને જ્યારે જે જે જીવની જે જે પ્રકારની યોગ્યતાને અનુરૂપ પ્રયત્નથી કર્મો કંઈક અલ્પ થાય છે અને તેના કારણે ગાઢ વિપર્યય મંદ થાય છે અને જેના કારણે કંઈક તત્ત્વને અભિમુખ સ્થૂલથી પણ યથાર્થ બોધ થાય છે તે બોધને કારણે તે જીવના તેવા પ્રકારના સ્વભાવને કારણે તે જીવને તત્ત્વનું કંઈક યથાર્થ જ્ઞાન થાય છે તેના કારણે તત્ત્વની કંઈક રુચિ થાય છે અને તેના કારણે કંઈક તત્ત્વની પ્રાપ્તિને અનુકૂળ પ્રવૃત્તિ થાય છે જે કંઈક અંશથી સમ્યક્જ્ઞાન, સમ્યગ્ રુચિ અને સમ્યક્ચારિત્રરૂપ છે અને તે જીવની યોગ્યતા અનુસાર જ્યારે જ્યારે તે જીવને સમ્યગ્ બોધ થાય છે ત્યારે ત્યારે તેની રત્નત્રયીની પરિણતિ મોક્ષને અનુકૂળ વર્તે છે અને જ્યારે જ્યારે કર્મની પ્રચુરતા આવે છે ત્યારે ત્યારે તે જીવની રત્નત્રયીની પરિણતિ વિપર્યયવાળી થાય છે. આ રીતે તે તે જીવો પોતપોતાની યોગ્યતા અનુસાર રત્નત્રયીને પ્રાપ્ત કરીને જ્યારે રત્નત્રયીના પ્રકર્ષવાળા થાય છે ત્યારે તેમની સિદ્ધિગમનની યોગ્યતા યોગનિરોધરૂપ રત્નત્રયીના પ્રકર્ષને પામીને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે, આથી જ યોગ્ય જીવોમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતાને સામે રાખીને ભગવાનના ઉપદેશનું પણ સાફલ્ય છે; કેમ કે તે તે જીવોની તેવા પ્રકારની જ યોગ્યતા છે કે ઉપદેશાદિના બળથી તત્ત્વના વાસ્તવિક સ્વરૂપને જોવામાં બાધક કર્મોનો નાશ કરીને તે જીવો પોતાની તથાભવ્યત્વરૂપ યોગ્યતાનો પરિપાક પ્રાપ્ત કરે છે. **॥૨૭૭॥**

**અવતરણિકા :-**

**अथ योग्यता एव तथाभव्यत्वमिति व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે યોગ્યતા જ તથાભવ્યત્વ છે એ પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૭માં સ્થાપન કર્યું કે જીવોને કાલાદિ નિમિત્તોની પ્રાપ્તિ ભિન્ન ભિન્ન થાય છે, તેથી સર્વ જીવોની યોગ્યતાનો પણ ભેદ છે, હવે સર્વ જીવોમાં વર્તતી મોક્ષમાં જવાની યોગ્યતા જ તથાભવ્યત્વ છે એ પ્રમાણે કહે છે –

**શ્લોક :-**

**योग्यता चेह विज्ञेया बीजसिद्ध्याद्यपेक्षया ।**
**आत्मनः सहजा चित्रा तथाभव्यत्वमित्यतः ।।२७८।।**

**અન્વયાર્થ :-**

च=અને, बीजसिद्ध्याद्यपेक्षया=બીજસિદ્ધિ આદિની અપેક્ષાથી, आत्मनः सहजा चित्रा योग्यता=આત્માની સહજ ચિત્ર યોગ્યતા, इह=અહીં=યોગમાર્ગના પ્રક્રમમાં, इति तथाभव्यत्वं=એ તથાભવ્યત્વ, विज्ञेया=જાણવું. अतः=આથી શું તે આગળ શ્લોકમાં બતાવશે. ।।૨૭૮।।

**શ્લોકાર્થ :-**

**અને બીજસિદ્ધિ આદિની અપેક્ષાથી આત્માની સહજ ચિત્ર યોગ્યતા અહીં એ તથાભવ્યત્વ જાણવું, આથી શું તે આગળ શ્લોકમાં બતાવશે. ।।૨૭૮।।**

**ટીકા :-**

योग्यता च=योग्यभावः पुनर्जीवानाम्, इह=प्रक्रमे, विज्ञेया=अवगन्तव्या, बीजसिद्ध्यादीनामुक्तरूपाणाम्, अपेक्षया=आलम्बनेन, आत्मनो=जीवस्य, सहजा=जीवसमानकालभाविनी, चित्रा=नानारूपा, किमित्याह—तथाभव्यत्वमिति एतत्प्रागुक्तस्वरूपं, अतः=अस्माद्धेतोः ।।२७८।।

**ટીકાર્થ :-**

योग्यता ..... अस्माद्धेतोः।। **વળી અહીં=પ્રક્રમમાં, યોગ્યતા=જીવોનો યોગ્ય ભાવ, ઉક્તરૂપવાળા બીજસિદ્ધિ આદિની અપેક્ષાથી=આલંબનથી, જીવની સહજ=જીવસમાન કાલભાવી, ચિત્ર પ્રકારની=નાનારૂપવાળી જાણવી, શું જાણવું ? એથી કહે છે – એ પ્રાગ્ ઉક્ત=પૂર્વમાં કહેવાયેલ સ્વરૂપવાળું તથાભવ્યત્વ જાણવું આનાથી=આ હેતુથી શું તે આગળ શ્લોકમાં બતાવશે. ।।૨૭૮।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગની વિચારણાના પ્રક્રમમાં તે તે જીવને તે તે કાળે તે તે રૂપે બીજસિદ્ધિ આદિ થાય છે તેની અપેક્ષાએ તે તે આત્મામાં સહજ ચિત્ર પ્રકારની યોગ્યતા વર્તે છે એમ નક્કી થાય છે. અને તે તે જીવની ચિત્ર યોગ્યતાને કારણે જ તે તે જીવને ભિન્ન ભિન્ન કાળે બીજસિદ્ધિ આદિ થાય છે અને તે ચિત્ર પ્રકારની યોગ્યતા જ જીવનું તથાભવ્યત્વ છે અર્થાત્ તેવા પ્રકારનું મોક્ષમાં જવાને યોગ્યપણું છે, આનાથી શું પ્રાપ્ત થાય તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં કહે છે. **।।૨૭૮।।**

**અવતરણિકા :-**

किमित्याह –

**અવતરણિકાર્થ :-**

શું ? એથી કહે છે=પૂર્વ શ્લોકમાં કહ્યું કે ચિત્રયોગ્યતા તથાભવ્યત્વ છે એ હેતુથી શું ? એને કહે છે –

**શ્લોક :-**

वरबोधेरपि न्यायात्सिद्धिर्नो हेतुभेदतः ।
फलभेदो यतो युक्तस्तथा व्यवहितादपि ।।२७९।।

**અન્વયાર્થ :-**

न्यायात्=ન્યાયથી=યુક્તિથી, वरबोधेरपि सिद्धिः=વરબોધિની પણ સિદ્ધિ, हेतुभेदतः नो=હેતુભેદથી નથી=ધર્માચાર્યાદિના વૈચિત્ર્યરૂપ હેતુભેદથી નથી, तथा व्यवहितादपि यतः=તે પ્રકારના વ્યવહિત એવા પણ જેનાથી=જે પ્રકારનું કાર્યનું વૈચિત્ર્ય થાય છે તે પ્રકારના કાર્યના વૈચિત્ર્યના નિયામક ભવ્યત્વરૂપ વ્યવહિત પણ હેતુભેદથી, फलभेदो युक्तः=ફલભેદ યુક્ત છે. ।।૨૭૯।।

**શ્લોકાર્થ :-**

**ન્યાયથી વરબોધિની પણ સિદ્ધિ હેતુભેદથી નથી, તે પ્રકારના વ્યવહિત એવા પણ જેનાથી ફલભેદ યુક્ત છે. ।।૨૭૯।।**

**ટીકા :-**

वरबोधेरपिसम्यक्त्वलक्षणाया, न्यायाद्=युक्तेः, सिद्धिः=सम्भवः, किं पुनर्योग्यताया इत्यपिशब्दार्थः, नो हेतुभेदतो=धर्माचार्यादिवैचित्र्यलक्षणात्, किं तु स्वयोग्यतावैचित्र्यात् फलभेदः=कार्यनानात्वम्, यतो=हेतुभेदात्, युक्तो=घटमानः, स्यात् तथा=तेन प्रकारेण, व्यवहितादपि=किं पुनरव्यवहितादित्य-पिशब्दार्थः, इति स्वगत एव योग्यताभेदः सर्वत्र कार्यभेदनिबन्धनं प्रतिपत्तव्यमिति तात्पर्यमिति ।।२७९।।

**ટીકાર્થ :-**

वरबोधेरपि ..... तात्पर्यमिति ।। સમ્યક્ત્વ સ્વરૂપ વરબોધિની પણ સિદ્ધિ=સંભવ, ન્યાયથી= યુક્તિથી, હેતુભેદથી નથી=ધર્માચાર્યાદિના વૈચિત્ર્યસ્વરૂપ હેતુભેદથી નથી, પરંતુ સ્વયોગ્યતાના વૈચિત્ર્યથી છે, તે પ્રકારના વ્યવહિત પણ જેનાથી=હેતુભેદથી, ફલભેદ=કાર્યનું જુદાપણું, યુક્ત=ઘટમાન થાય.

શું વળી અવ્યવહિતથી ? એ પ્રકારનો 'व्यवहितादपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, એથી=વ્યવહિત પણ હેતુથી ફલભેદ ઘટમાન છે એથી, સ્વગત જ યોગ્યતાભેદ=મોક્ષમાં જનારા યોગ્ય જીવમાં રહેલી

**તથાભવ્યત્વરૂપ યોગ્યતાનો ભેદ, સર્વત્ર=જીવમાં થતાં સર્વ કાર્યોમાં, કાર્યભેદનું કારણ સ્વીકારવું જોઈએ, એ પ્રકારનું તાત્પર્ય છે.**

**શું વળી યોગ્યતાની સિદ્ધિ ? એ 'वरबोधेरपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૨૭૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૮માં કહ્યું કે બીજસિદ્ધિ આદિની અપેક્ષાએ વિચિત્ર એવી યોગ્યતા એ તથાભવ્યત્વ છે એનાથી શું સિદ્ધ થાય છે એ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે – યુક્તિથી વિચારીએ તો ધર્માચાર્યાદિના વૈચિત્ર્યરૂપ હેતુના ભેદથી વરબોધિની પણ સિદ્ધિ નથી.

આશય એ છે કે આ જીવને ઉત્તમ ધર્માચાર્ય મળ્યા માટે વરબોધિની પ્રાપ્તિ થઈ, આ જીવને તેવા ધર્માચાર્યની પ્રાપ્તિ ન થઈ માટે વરબોધિની પ્રાપ્તિ ન થઈ; એ પ્રકારના કાર્ય-કારણભાવની સિદ્ધિ નથી, પરંતુ તથાભવ્યત્વના વૈચિત્ર્યથી જ વરબોધિની પ્રાપ્તિની સિદ્ધિ છે, આથી જ કોઈકને સાક્ષાત્ તીર્થંકર આદિ કોઈ ઉત્તમ પુરુષનો યોગ થાય છે તે પણ વરબોધિને પ્રાપ્ત કરી શકતો નથી અને કોઈકને સામાન્ય સાધુની પ્રાપ્તિ થાય અને તે પ્રકારના ભાવનો પ્રકર્ષ થાય તો તીર્થંકર નામકર્મને અનુકૂળ એવા વરબોધિને પ્રાપ્ત કરી શકે છે.

તેથી એ ફલિત થયું કે ધર્માચાર્યાદિરૂપ બાહ્ય નિમિત્તોના ભેદથી વરબોધિની સિદ્ધિ નથી, પરંતુ તથાભવ્યત્વના વૈચિત્ર્યથી જ વરબોધિની સિદ્ધિ છે; આ જ કથનને સ્પષ્ટ કરવા અર્થે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

તે પ્રકારના વ્યવહિત એવા પણ હેતુભેદથી ફલભેદ યુક્ત છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવ ઉપદેશ આદિના નિમિત્તને પામીને જે પ્રકારનો અંતરંગ પુરુષકાર કરે છે તે પ્રકારે જીવમાં પરિણામ પ્રગટે છે અને તે પરિણામની પ્રાપ્તિ વરબોધિ સ્વરૂપ છે અને તે વરબોધિરૂપ પરિણામની પ્રાપ્તિ પ્રત્યે ઉપદેશના નિમિત્તને પ્રાપ્ત કરીને તે પરિણામને અનુકૂળ અંતરંગ વ્યાપાર એ અવ્યવહિત કારણ છે અને તે વ્યાપારથી તેનું તથાભવ્યત્વ વરબોધિને અનુકૂળ અધ્યવસાયવાળું થાય છે, તેથી વરબોધિને અનુકૂળ અધ્યવસાય પ્રત્યે તથાભવ્યત્વ એ વ્યવહિત કારણ છે અર્થાત્ દંડ ચક્રભ્રમણ દ્વારા ઘટ પ્રત્યે કારણ છે તે સ્થાનમાં દંડ વ્યવહિત કારણ છે અને ચક્રભ્રમણ અવ્યવહિત કારણ છે તેમ તે જીવમાં વર્તતું તથાભવ્યત્વ વરબોધિને અનુકૂળ અધ્યવસાય પ્રત્યે જીવના અંતરંગ વ્યાપાર દ્વારા કારણ છે તેથી વરબોધિને અનુકૂળ એવા અધ્યવસાય પ્રત્યે અંતરંગ પ્રયત્ન અવ્યવહિત કારણ બને છે અને તથાભવ્યત્વ વ્યવહિત કારણ બને છે અને તે વ્યવહિત કારણરૂપ તથાભવ્યત્વના ભેદથી વરબોધિની પ્રાપ્તિરૂપ ફલભેદ યુક્ત છે.

તેથી શું ફલિત થાય છે ? તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે –

જીવગત યોગ્યતાનો ભેદ જીવમાં થતા સર્વ કાર્યોના ભેદનું કારણ છે તેમ સ્વીકારવું જોઈએ, તેથી જીવની યોગ્યતા જ જીવના વીર્યનો આક્ષેપ કરાવીને જીવવીર્યના તે પ્રકારના પ્રવર્તનના બળથી વરબોધિરૂપે પરિણમન પામે છે અને તે જીવનું તથાભવ્યત્વ જ વરબોધિરૂપે પરિણમન પામ્યા પછી વરબોધિના બળથી તીર્થંકર નામકર્મનો બંધ પ્રાપ્ત કરાવે છે અને તે તીર્થંકર નામકર્મના ઉદયથી જ તીર્થંકરના ભવમાં તીર્થંકર રૂપે થઈને તે જીવ સિદ્ધ થાય છે, તેથી જીવમાં જે જે કાર્યો થાય છે તે સર્વ કાર્યના ભેદનું કારણ જીવગત યોગ્યતાનો ભેદ છે, અન્ય કોઈ ભેદ નથી.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે વરબોધિની પ્રાપ્તિ પ્રત્યે ધર્માચાર્યાદિ બાહ્ય નિમિત્ત કારણ છે તોપણ ધર્માચાર્યાદિના ભેદથી વરબોધિનો ભેદ પ્રાપ્ત થતો નથી, અંતરંગ ઉપાદાન કારણ તથાભવ્યત્વ છે અને તે વસ્તુતઃ તથાભવ્યત્વ વ્યવહિત કારણ છે અને તેના વૈચિત્ર્યથી વરબોધિની પ્રાપ્તિરૂપ ફલભેદ થાય છે માટે વરબોધિ પ્રત્યે વિલક્ષણ એવું તથાભવ્યત્વ વ્યવહિત ઉપાદાન કારણ છે અને અંતરંગ વરબોધિને અનુકૂળ વીર્ય વ્યાપાર વરબોધિ પ્રત્યે અવ્યવહિત નિમિત્ત કારણ છે અને તથાભવ્યત્વની વિલક્ષણતાથી જ તેવો વિલક્ષણ વ્યાપાર જીવ કરે છે જે વ્યાપારને અનુરૂપ વરબોધિરૂપ કાર્ય થાય છે, આ પ્રકારે જીવમાં થતાં સર્વ કાર્યો પ્રત્યે અનુભવ અનુસાર અંતરંગ ઉપાદાન અને નિમિત્ત કારણોની વ્યવસ્થા જાણવી. **॥૨૭૯॥**

**અવતરણિકા :-**

**एवं च सति यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આમ હોતે છતે=પૂર્વશ્લોકમાં કહ્યું કે તે પ્રકારના વ્યવહિત પણ હેતુભેદથી ફલભેદ યુક્ત છે એમ હોતે છતે, જે સિદ્ધ છે તેને કહે છે –**

**શ્લોક :-**

**तथा च भिन्ने दुर्भेदे, कर्मग्रन्थिमहाचले ।**
**तीक्ष्णेन भाववज्रेण, बहुसंक्लेशकारिणि ।।२८०।।**

**અન્વયાર્થ :-**

**च=અને, तथा=તે પ્રકારે હોતે છતે=યોગ્યતાભેદનું ફલભેદ પ્રત્યે હેતુપણું હોતે છતે, तीक्ष्णेन भाववज्रेण=તીક્ષ્ણ ભાવવજથી=તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ઊહરૂપ ભાવવજથી, बहुसंक्लेशकारिणि दुर्भेदे कर्मग्रन्थिमहाचले भिन्ने=બહુસંક્લેશકારી દુર્ભેદ એવા કર્મગ્રંથિરૂપ મહાપર્વતનો ભેદ થયે છતે અત્યંત આનંદ થાય છે એમ આગળના શ્લોક સાથે સંબંધ છે. ॥૨૮૦॥**

**શ્લોકાર્થ :-**

**અને તે પ્રકારે હોતે છતે તીક્ષ્ણ ભાવવજથી બહુ સંક્લેશકારી દુર્ભેદ એવા કર્મગ્રંથિરૂપ મહાપર્વતનો ભેદ થયે છતે અત્યંત આનંદ થાય છે એમ આગળના શ્લોક સાથે સંબંધ છે. ॥૨૮૦॥**

**ટીકા :-**

**तथा च=योग्यताभेदस्य फलभेदहेतुत्वे च सति, भिन्ने=विदारिते, दुर्भेदे=कृच्छ्रविदारणीये, कर्मग्रन्थिरेवोक्तरूपः महाचलो=हिमवदादिरूपः तत्र, केनेत्याह–तीक्ष्णेन=निशितेन, भाववज्रेण अपूर्वकरणभावाशनिना, कीदृशे कर्मग्रन्थिमहाचल इत्याह–बहुसंक्लेशकारिणि=सम्यग्दर्शनोपघात(क)-कषायोदयहेतौ ॥२८०॥**

**ટીકાર્થ :-**

**तथा च ..... कषायोदयहेतौ॥ અને તે પ્રકારે હોતે છતે=યોગ્યતાભેદનું ફલભેદ પ્રત્યે હેતુપણું હોતે છતે, દુર્ભેદ મહાઅચલ ભેદાયે છતે=મુશ્કેલીથી વિદારણીય ઉક્તરૂપવાળા કર્મગ્રંથિસ્વરૂપ હિમવદ્ આદિ રૂપ મહાઅચલ વિદારણ કરાયે છતે, કોનાથી વિદારણ કરાયે છતે ? એથી કહે છે – તીક્ષ્ણ અપૂર્વકરણ રૂપ ભાવવજથી વિદારણ કરાયે છતે, કેવા પ્રકારનો કર્મગ્રંથિરૂપ મહાચલ વિદારણ કરાયે છતે ? એથી કહે છે – બહુસંક્લેશકારી=સમ્યગ્દર્શનના ઉપઘાતક કષાયના ઉદયનો હેતુ એવો કર્મગ્રંથિરૂપ મહાઅચલ વિદારણ કરાયે છતે અત્યંત આનંદ થાય છે એમ આગળના શ્લોક સાથે સંબંધ છે. ॥૨૮૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૯માં સ્થાપન કર્યું કે ધર્માચાર્યાદિનું વૈચિત્ર્ય કાર્યભેદ પ્રત્યે કારણ નથી, પરંતુ વ્યવહિત પણ યોગ્યતાનો ભેદ સર્વત્ર જીવમાં થનારા કાર્યભેદ પ્રત્યે કારણ છે, તે રીતે જ્યારે જીવની તે પ્રકારની યોગ્યતા ઉલ્લસિત થાય છે ત્યારે તે યોગ્યતાના બળથી તે જીવ બાહ્ય કોઈ ધર્માચાર્યાદિના નિમિત્તને પામીને પોતાની યોગ્યતા અનુસાર તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ મહાયત્ન કરે છે, તે વખતે તત્ત્વાતત્ત્વના વિભાગમાં સ્વરુચિ અનુસાર યત્ન કરાવે તેવા રાગાદિ ભાવોને તે મહાત્મા તીક્ષ્ણ અપૂર્વકરણના પરિણામથી ભેદી નાખે છે, તેથી તત્ત્વને યથાર્થ જોવામાં બાધ કરનારા અને સ્વરુચિ અનુસાર તત્ત્વનો નિર્ણય કરાવનાર એવા રાગાદિ ભાવોનો સંક્લેશ દૂર થાય છે, જેના બળથી સર્વજ્ઞના વચનાનુસાર યથાર્થ તત્ત્વનું દર્શન થાય છે, તે વખતે જીવને અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે એમ આગળના શ્લોક સાથે સંબંધ છે.

વળી જીવ જે રાગાદિ કર્મગ્રંથિને ભેદે છે તેને ઉપમાથી ગ્રંથકારશ્રી બતાવે છે – જેમ હિમવત્ આદિ મહાપર્વતો છે તેમ આત્મામાં રાગાદિ ભાવોને ઉત્પન્ન કરનાર દુર્ભેદ એવો કર્મગ્રંથિરૂપ મહાપર્વત છે અને તે કર્મગ્રંથિરૂપ પર્વત જીવને ઘણા સંક્લેશને કરાવનાર છે; કેમ કે જીવને પોતાનું હિત શું છે, પોતાનું અહિત

શું છે તેનો નિર્ણય કરાવવામાં અત્યંત બાધક એવો આ મહાપર્વત છે અને અનંતકાળમાં અત્યાર સુધી જીવ સદા પોતાના હિત અર્થે પ્રવૃત્તિ કરે છે અને અહિતથી પોતાનું રક્ષણ કરવા પ્રયત્ન કરે છે, છતાં પારમાર્થિક હિત શું છે અને અહિત શું છે તેનો નિર્ણય જીવ કરી શકતો નથી, તેથી ઘણા સંક્લેશને પ્રાપ્ત કરીને દુર્ગતિઓમાં ભમે છે તે સર્વનું કારણ દુર્ભેદ એવો કર્મગ્રંથિરૂપ મહાઅચલ છે તેનો જીવ સ્વપરાક્રમરૂપ ભાવવજ્રના બળથી ભેદ કરે છે તે વખતે આત્માનું હિત સાધવાનો માર્ગ તેને સ્પષ્ટ દેખાય છે, તેથી હવે સંસાર ક્યાં છે અર્થાત્ હવે સંસારની વિડંબના નથી એ પ્રકારનો સ્વસંવેદિત યથાર્થ નિર્ણય થવાથી તે મહાત્માને અત્યંત આનંદ થાય છે જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૨૮૦॥**

**અવતરણિકા :-**

**किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**શું ? એથી કહે છે=તીક્ષ્ણ ભાવવજ્રથી કર્મગ્રંથિરૂપ મહાપર્વત ભેદાયે છતે શું પ્રાપ્ત થાય છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**आनन्दो जायतेऽत्यन्तं, तात्त्विकोऽस्य महात्मनः ।**
**सद्व्याध्यभिभवे यद्वद् व्याधितस्य महौषधात् ।।२८१।।**

**અન્વયાર્થ :-**

**यद्वद्=જે પ્રમાણે, व्याधितस्य=વ્યાધિવાળા પુરુષને, महौषधात्=મહા ઔષધથી, सद्व्याध्यभिभवे=સદ્ વ્યાધિનો અભિભવ થયે છતે=પારમાર્થિક એવો વ્યાધિનો અભિભવ થયે છતે, अत्यन्तं=અત્યંત, आनन्दः=આનંદ, जायते=થાય છે તે પ્રમાણે, अस्य महात्मानः=આ મહાત્માને=ગ્રંથિભેદ કરનારા મહાત્માને, तात्त्विकः=તાત્ત્વિક અત્યંત આનંદ થાય છે. ।।૨૮૧।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે વ્યાધિવાળા પુરુષને મહા ઔષધથી સદ્ વ્યાધિનો અભિભવ થયે છતે અત્યંત આનંદ થાય છે, તે પ્રમાણે આ મહાત્માને તાત્ત્વિક અત્યંત આનંદ થાય છે. ।।૨૮૧।।**

**ટીકા :-**

आनन्दः=प्रमोदः, जायते=समुद्भवति, अत्यन्तं=अतीव, तात्त्विकः=परमार्थभावः, अस्य=भिन्नग्रन्थेः, महात्मनः=प्रशस्तस्वभावस्य, अत्र दृष्टान्तमाह–सति पारमार्थिके व्याध्यभिभवे=कुष्ठादिव्याधिनिग्रहे, यद्वत्=यथा, व्याधितस्य=सञ्जातव्याधेः, महौषधात्=तथाविधक्वाथपानादिरूपात् ।।२८१।।

**ટીકાર્થ :-**

**आनन्दः ..... तथाविधक्वाथपानादिरूपात् ।। આ મહાત્માને=ભિન્નગ્રંથિ પ્રશસ્ત સ્વભાવવાળા મહાત્માને, તાત્ત્વિક=પરમાર્થભાવરૂપ અત્યંત આનંદ ઉત્પન્ન થાય છે, આમાં=ગ્રંથિભેદવાળા મહાત્માને અત્યંત આનંદ થાય છે એમાં, દૃષ્ટાંતને કહે છે – જે પ્રમાણે વ્યાધિવાળા પુરુષને મહાઔષધથી=તેવા પ્રકારના ક્વાથપાનાદિરૂપ મહાઔષધથી, પારમાર્થિક એવો કુષ્ઠાદિ વ્યાધિનો નિગ્રહ થયે છતે=માત્ર ક્ષણભર શાંતિરૂપ કુષ્ઠાદિ વ્યાધિનો નિગ્રહ નહિ, પરંતુ ઉત્તરોત્તર વ્યાધિ નાશ પામે તેવો પારમાર્થિક કુષ્ઠાદિ વ્યાધિનો પારમાર્થિક નિગ્રહ થયે છતે, આનંદ ઉત્પન્ન થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ મહાત્માને અત્યંત આનંદ થાય છે એમ અન્વય છે. ॥૨૮૧॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ કુષ્ઠાદિ વ્યાધિથી સતત પીડાતો હોય અને કોઈ સુવૈદ્ય પાસેથી મહાઔષધની પ્રાપ્તિ થાય, જેનાથી તે કુષ્ઠાદિ વ્યાધિ નષ્ટપ્રાયઃ અવસ્થાને પ્રાપ્ત કરે ત્યારે તેને અત્યંત આનંદ થાય છે તેમ અનાદિ કાળથી પોતાનો આત્મા સુખનો અર્થી હોવા છતાં અને સુખ માટે જ સદા પ્રયત્ન કરનાર હોવા છતાં યથાર્થદર્શનના ઉપઘાતને કરનારા કષાયોના વશથી સુખ માટે જે જે પ્રયત્ન આ જીવ કરતો હતો તે સર્વ પ્રયત્નથી અત્યાર સુધી દુઃખની પરંપરાની જ આ જીવને પ્રાપ્તિ થતી હતી અને પોતાની તેવા પ્રકારની યોગ્યતાને કારણે ધર્માચાર્યાદિના નિમિત્તને પામીને તીક્ષ્ણ એવા માર્ગાનુસારી ઊહ દ્વારા પોતાના યથાર્થ હિતને જોવામાં બાધક એવા કષાયોને તે જીવ દૂર કરે છે ત્યારે તેને પોતાનું હિત ક્યાં છે અને અહિત ક્યાં છે તેનો સ્પષ્ટ બોધ થાય છે, તેથી તેને વિશ્વાસ થાય છે કે અત્યાર સુધી હું જે કંઈ કદર્થના પામ્યો તે સર્વ મારી અજ્ઞાનતાનું જ ફળ હતું, હવે સર્વજ્ઞકથિત એવા આ ઉત્તમ માર્ગને પામીને અવશ્ય હું સર્વ દુઃખોની વિડંબનાથી પાર પામીશ અને વર્તમાનમાં પણ તે પ્રકારની સ્વસ્થતાને કારણે=કષાયોના સંક્લેશની અલ્પતા થવાથી પ્રાપ્ત થયેલી સ્વસ્થતાને કારણે, અત્યંત આનંદ થાય છે. **॥૨૮૧॥**

**અવતરણિકા :-**

**अथ ग्रन्थिभेदमेव व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે ગ્રંથિભેદને જ ગ્રંથકારશ્રી કહે છે=ગ્રંથિભેદ કેવા સ્વરૂપવાળો છે તેને જ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**भेदोऽपि चास्य विज्ञेयो, न भूयो भवनं तथा ।**
**तीव्रसंक्लेशविगमात्, सदा निःश्रेयसावहः ।।२८२।।**

**અન્વયાર્થ :-**

**तीव्रसंक्लेशविगमात्=તીવ્ર સંક્લેશના વિગમનને કારણે, अस्य=આનો=ગ્રંથિનો, भेदोऽपि=ભેદ પણ, भूयः=ફરી, तथा=તે પ્રકારે, भवनं न=ભાવ નથી એવો, सदा=સદા, निःश्रेयसावहः=નિઃશ્રેયસને લાવનાર, विज्ञेयः=જાણવો. ॥૨૮૨॥**

**શ્લોકાર્થ :-**

**તીવ્રસંક્લેશના વિગમનને કારણે આનો ભેદ પણ ફરી તે પ્રકારે ભાવ નથી એવો સદા નિઃશ્રેયસને લાવનાર જાણવો. ॥૨૮૨॥**

**ટીકા :-**

**भेदोऽपि च=न केवलं भेदः, आनन्द इत्यपिचशब्दार्थः, अस्य=ग्रन्थेः, विज्ञेयः किमित्याह–न भूयः=पुनः, भवनं=भावः, तथा यथा प्रागुक्त, (कुत), इत्याह–तीव्रसंक्लेशविगमात्=अतिदृढकषायोदयविरहात्, सदा=सर्वकालं, निःश्रेयसावहः=निर्वाणहेतुः ॥२८२॥**

**ટીકાર્થ :-**

**भेदोऽपि ..... निर्वाणहेतुः ॥ આનો=ગ્રંથિનો, ભેદ પણ જાણવો, શું જાણવો ? એથી કહે છે – ફરી તે પ્રકારનો=જે પ્રમાણે પૂર્વમાં શ્લોક-૨૬૬માં કહ્યો તે પ્રકારનો, ભવન=ભાવ નથી, કેમ ફરી તે પ્રકારનો ભાવ નથી ? એથી કહે છે – તીવ્ર સંક્લેશના વિગમનને કારણે=અતિદૃઢ કષાયના ઉદયના વિરહને કારણે, ફરી તે પ્રકારનો ભાવ નથી એમ અન્વય છે.**

વળી તે ગ્રંથિભેદ કેવો છે ? એથી કહે છે –

**સદા=સર્વ કાલ, નિઃશ્રેયસને લાવનાર છે=નિર્વાણનો હેતુ છે.**

**કેવલ ગ્રંથિનો ભેદ નહિ, આનંદ પણ એ 'भेदोऽपि च'માં રહેલા 'अपि च'નો અર્થ છે. ॥૨૮૨॥**

**ભાવાર્થ :-**

જીવ જ્યારે માર્ગાનુસારી ઊહરૂપ તીક્ષ્ણ ભાવવજ્રથી ગ્રંથિનો ભેદ કરે છે ત્યારે અપૂર્વ તત્ત્વની પ્રાપ્તિ રૂપ આનંદ થાય છે, વળી, શ્લોક-૨૬૬માં કહ્યું તેમ ગ્રંથિભેદ કર્યા પછી તે જીવ મિથ્યાત્વને પામે તોપણ ઉત્કૃષ્ટ કર્મ બાંધે તેવા અતિ દૃઢ કષાયો તેને ક્યારે પણ થતા નથી, તેથી ફરી તેવા ઉત્કૃષ્ટ સંક્લેશવાળો ભાવ તે જીવને પ્રાપ્ત થતો નથી.

વળી ગ્રંથિભેદને કારણે જે તત્ત્વનો યથાર્થ બોધ વર્તે છે તે બોધ સ્વભૂમિકા અનુસાર સતત ઉચિત પ્રવૃત્તિ કરાવીને સર્વ કાળ નિઃશ્રેયસને લાવનાર બને છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવો સમ્યક્ત્વથી પાત ન પામે તો જે કંઈ સંસારની ભોગાદિની પ્રવૃત્તિ કરે છે તે પણ સંવેગસાર હોવાથી ઉત્તરોત્તર કષાયોની અલ્પતાનું જ કારણ બને છે અને જે કંઈ સ્વશક્તિ અનુસાર શુશ્રૂષા આદિ ગુણોથી યુક્ત શાસ્ત્ર અધ્યયન કે ભગવદ્

ભક્તિ આદિ કરે છે તે સર્વથી તો વિશેષ પ્રકારે મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવોનો સંચય કરે છે, તેથી સમ્યગ્દૃષ્ટિમાં રહેલું સમ્યગ્દર્શન સદા નિઃશ્રેયસને લાવનાર છે. **॥૨૮૨॥**

**અવતરણિકા :-**

अत्रैवाभिप्रायान्तरमाह –

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=ગ્રંથિભેદના વિષયમાં જ, અભિપ્રાયાંતરને=અન્ય મહાત્માઓના અભિપ્રાયને, કહે છે –**

**શ્લોક :-**

**जात्यन्धस्य यथा पुंसश्चक्षुर्लाभे शुभोदये ।**
**सद्दर्शनं तथैवास्य, ग्रन्थिभेदेऽपरे जगुः ।।२८३।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, जात्यन्धस्यपुंसः=જાત્યન્ધ પુરુષને, शुभोदये चक्षुर्लाभे=શુભના ઉદયવાળો ચક્ષુનો લાભ થયે છતે, सद्दर्शनं=સદ્દર્શન થાય છે=ચક્ષુગોચર પદાર્થનું યથાર્થ દર્શન થાય છે, तथैव=તે પ્રમાણે જ, अस्य=આને=અપુનર્બંધક જીવને, ग्रन्थिभेदे=ગ્રંથિભેદ થયે છતે સદ્દર્શન થાય છે એમ, अपरे=બીજા, जगुः=કહે છે. ।।૨૮૩।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે જાત્યંધ પુરુષને શુભના ઉદયવાળો ચક્ષુનો લાભ થયે છતે સદ્દર્શન થાય છે, તે પ્રમાણે જ આને ગ્રંથિભેદ થયે છતે સદ્દર્શન થાય છે એમ બીજા કહે છે. ।।૨૮૩।।**

**ટીકા :-**

**जात्यन्धस्य=जन्मकालादारभ्यान्धस्य, यथा पुंसः कस्यचित्, चक्षुर्लाभे=कमलदलकोमलामलांवलोकलोचनयुगलप्राप्तौ क्व सतीत्याह–शुभोदये=तथाविधप्राग्भवोपात्ताऽद्भुतभूतपुण्यपरिपाके सति, सद्दर्शनं भवति, तथैवास्य=अपुनर्बन्धकस्य ग्रन्थिभेदेऽपरे योगिविशेषाः, जगुः=गीतवन्त इति ।।२८३।।**

**ટીકાર્થ :-**

**जात्यन्धस्य ..... जगुर्गीतवन्त इति ।। જે પ્રમાણે કોઈ જાતિ અંધ પુરુષને=જન્મકાલથી માંડીને અંધ પુરુષને, ચક્ષુનો લાભ થયે છતે=કમલદલના જેવા કોમલ અમલ અર્થાત્ નિર્મળ બોધ કરાવે એવા લોચનયુગલની પ્રાપ્તિ થયે છતે, સદ્દર્શન થાય છે એમ અન્વય છે, ક્યારે નિર્મળ ચક્ષુ પ્રાપ્ત થાય**

**છે ? એથી કહે છે – શુભોદય હોતે છતે=તેવા પ્રકારના પૂર્વભવમાં બાંધેલા અદ્‌ભુત પુણ્યનો પરિપાક થયે છતે, ચક્ષુના લાભમાં, સદ્દર્શન થાય છે, તે પ્રકારે જ આને=અપુનર્બંધક જીવને, ગ્રંથિભેદ થયે છતે સમ્યગ્દર્શન થાય છે એમ અપર=યોગીવિશેષો, કહે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૮૩॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ જીવ જન્મથી અંધ હોય અને તે પ્રકારના પુણ્યના ઉદયથી નિર્મળ ચક્ષુની પ્રાપ્તિ થાય તેમ અનાદિકાળથી જીવ તત્ત્વ જોવા માટે અસમર્થ હોવાથી જાત્યંધ જેવો છે અને કોઈક રીતે તત્ત્વને જોનારી કંઈક નિર્મળ દૃષ્ટિ પ્રગટે તેવી અપુનર્બંધક અવસ્થાને પામે છે ત્યાર પછી તે જીવ માર્ગાનુસારી ઊહ કરીને ગ્રંથિભેદ કરે છે ત્યારે તેને તત્ત્વને જોનારી અંતરંગ નિર્મળ દૃષ્ટિ પ્રગટે છે એ પ્રકારે અન્ય મહાત્માઓ કહે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અત્યાર સુધી જીવ તત્ત્વને જોવા માટે અસમર્થ હતો, તેથી જાત્યંધ જેવો હતો, હવે કોઈક રીતે કર્મની અલ્પતા થવાથી અપુનર્બંધક દશાને પામે છે અને ઉપદેશક આદિના નિમિત્તને પામીને યથાર્થ તત્ત્વને જોવામાં બાધક એવા કર્મોનો નાશ કરીને તત્ત્વને જોનારી નિર્મળ ચક્ષુ પ્રાપ્ત કરે છે ત્યારે તે જીવ 'અરિહંતનું પારમાર્થિક સ્વરૂપ, મોહનાશ માટે સુભટની જેમ યત્ન કરનારા સુસાધુનું પારમાર્થિક સ્વરૂપ અને સર્વજ્ઞકથિત ધર્મનું પારમાર્થિક સ્વરૂપ સંક્ષેપથી પણ સૂક્ષ્મ તત્ત્વને સ્પર્શે તે રીતે યથાર્થ જાણીને ભગવાનના વચનના વિશેષ પરમાર્થને જાણવાની અત્યંત ઇચ્છાવાળો થાય અને સંસારના ઉચ્છેદનો અત્યંત અર્થી બને' તેવી માર્ગાનુસારી પ્રજ્ઞાને પ્રાપ્ત કરે છે, જે ગ્રંથિભેદ સ્વરૂપ છે એમ બીજા કહે છે. **॥૨૮૩॥**

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

**તેનાથી=ગ્રંથિભેદ થયે છતે સદ્દર્શન પ્રાપ્ત થાય છે તેનાથી, શું ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अनेन भवनैर्गुण्यं, सम्यग्वीक्ष्य महाशयः ।**
**तथाभव्यत्वयोगेन, विचित्रं चिन्तयत्यसौ ॥२८४॥**

**અન્વયાર્થ :-**

**अनेन=આના દ્વારા=સમ્યગ્દર્શન દ્વારા, महाशयः असौ=મહાશયવાળો એવો આ=મહાશયવાળો એવો ભિન્નગ્રંથિ જીવ, भवनैर्गुण्यं सम्यग् वीक्ष्य=ભવનૈર્ગુણ્યને સમ્યગ્ જોઈને, तथाभव्यत्वयोगेन=તથાભવ્યત્વના યોગથી, विचित्रं=વિચિત્ર, चिन्तयति=વિચારે છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. ॥૨૮૪॥**

**શ્લોકાર્થ :-**

**આના દ્વારા મહાશયવાળો એવો આ ભવનૈર્ગુણ્યને સમ્યગ્ જોઈને તથાભવ્યત્વના યોગથી વિચિત્ર વિચારે છે જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. ॥૨૮૪॥**

**ટીકા :-**

**अनेन=सद्दर्शनेन, भवनैर्गुण्यं=जरामरणादिव्यसनबहुलतया संसारनिर्गुणभावम्, सम्यग्=यथावत्, वीक्ष्य=विलोक्य, महाशयः=प्रशस्तपरिणामः, तथाभव्यत्वयोगेनोक्तरूपेण विचित्रं=नानारूपम्, चिन्तयति=भावयति, असौ=भिन्नग्रन्थिर्जन्तुः ।।२८४।।**

**ટીકાર્થ :-**

**अनेन ..... भिन्नग्रन्थिर्जन्तुः ।। આના વડે=સદ્દર્શન વડે, ભવનૈર્ગુણ્યને=જરામરણાદિની આપત્તિનું બહુલપણું હોવાને કારણે સંસારના નિર્ગુણભાવને સમ્યગ્=યથાવત્, જોઈને મહાશયવાળો=પ્રશસ્ત પરિણામવાળો એવો, આ=ભિન્નગ્રંથિજીવ, ઉક્ત સ્વરૂપવાળા તથાભવ્યત્વના યોગથી વિવિધ પ્રકારનું ચિંતવન કરે છે=તીર્થંકર પ્રાયોગ્ય, ગણધર પ્રાયોગ્ય કે અન્ય પ્રાયોગ્ય કર્મબંધનું કારણ બને તેવા તથાભવ્યત્વના યોગથી જુદા જુદા પ્રકારનું ચિંતવન કરે છે. ॥૨૮૪॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક આદિના બળથી જીવ જ્યારે મોહની ગ્રંથિનો ભેદ કરે છે ત્યારે સંસારના વાસ્તવિક સ્વરૂપનું યથાર્થ દર્શન તેને થાય છે અને તેને દેખાય છે કે ‘સંસારમાં કર્મને પરવશ જીવો જરા-મરણ-રોગ-શોક આદિ અનેક પ્રકારની આપત્તિઓથી બહુલતાએ ઘેરાયેલા છે અને જો પોતે સ્વપરાક્રમ દ્વારા સંસારનો ઉચ્છેદ નહિ કરે તો કર્મને પરવશ જેમ આ જન્મ પ્રાપ્ત થયો છે તેમ સંસારની સર્વ કદર્થનાઓ પોતાને પ્રાપ્ત થશે અને ભૂતકાળમાં પોતે આવી સર્વ પ્રકારની કદર્થનાઓ અનંતી વખત પ્રાપ્ત કરી છે માટે બુદ્ધિમાન્ પુરુષે સર્વ ઉદ્યમથી સંસારનો ઉચ્છેદ થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ,’ તેથી આવી વિડંબનાવાળા સંસારના ઉચ્છેદને કરવાના મહાશયવાળો આ સમ્યગ્દૃષ્ટિ જીવ બને છે અને સમ્યક્ત્વને પામેલા જીવોમાં પણ દરેક જીવનું તથાભવ્યત્વ જુદા જુદા પ્રકારનું હોય છે, તેથી જે પ્રકારનું જેનું તથાભવ્યત્વ હોય તે પ્રકારે તેઓ ચિંતવન કરે છે, જે ચિંતવન અનુસાર કેટલાક જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે, કેટલાક જીવો ગણધર થાય છે, તો વળી કેટલાક જીવો અન્ય-અન્ય પ્રકારની વિશેષતાઓને પ્રાપ્ત કરીને ચરમભવને પામે છે, તો વળી કેટલાક મુંડ કેવલી થઈને ચરમભવને પામે છે.

કેવા પ્રકારનું વિશેષ ચિંતવન તીર્થંકર આદિના જીવો કરે છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ શ્લોક-૨૯૦ સુધી બતાવે છે. **॥૨૮૪॥**

**અવતરણિકા :-**

एतदेव दर्शयति –

**અવતરણિકાર્થ :-**

આને જ=સમ્યગ્દૃષ્ટિ જીવ તથાભવ્યત્વના યોગથી ભિન્ન ભિન્ન પ્રકારે ચિંતવન કરે છે એને જ, બતાવે છે=ક્રમસર બતાવે છે –

**શ્લોક :-**

मोहान्धकारगहने, संसारे दुःखिता बत ।
सत्त्वाः परिभ्रमन्त्युच्चैः, सत्यस्मिन्धर्मतेजसि ।।२८५।।

**અન્વયાર્થ :-**

बत ! सत्यस्मिन्धर्मतेजसि=આ ધર્મ તેજ હોતે છતે, दुःखिताः सत्त्वाः=દુઃખિત જીવો, मोहान्धकारगहने संसारे=મોહના અંધકારથી ગહન એવા સંસારમાં=મિથ્યાત્વાદિ મોહનીય રૂપ અંધકાર બહુલ એવા સંસારમાં, उच्चैः परिभ्रमन्ति=અત્યંત પરિભ્રમણ કરે છે=પરિભ્રમણનો અંત ન થાય તે પ્રકારે પરિભ્રમણ કરે છે. ॥૨૮૫॥

**શ્લોકાર્થ :-**

**આ ધર્મ તેજ હોતે છતે દુઃખિત જીવો મોહના અંધકારથી ગહન એવા સંસારમાં અત્યંત પરિભ્રમણ કરે છે. ॥૨૮૫॥**

**ટીકા :-**

**मोहान्धकारगहने=मिथ्यात्वादिमोहनीयध्वान्तबहुले संसारे=भवे, दुःखिताः=सञ्जातदुःखाः, 'बत' इत्यामन्त्रणे, सत्त्वाः=प्राणिनः, परिभ्रमन्ति=सञ्चरन्ति, उच्चैः=अतीव, सति=विद्यमाने, अस्मिन् सर्वज्ञोपज्ञे धर्मतेजसि=धर्मलक्षण उद्योते ।।२८५।।**

**ટીકાર્થ :-**

मोहान्धकारगहने ..... उद्योते ।। મોહના અંધકારથી ગહન એવા સંસારમાં=મિથ્યાત્વાદિ મોહનીય રૂપ અંધકાર બહુલ એવા ભવમાં, દુખિત જીવો=પ્રાપ્ત થયેલા દુઃખવાળા જીવો, અત્યંત પરિભ્રમણ કરે છે=પરિભ્રમણનો અંત ન થાય તે પ્રકારે પરિભ્રમણ કરે છે, ક્યારે પરિભ્રમણ કરે છે ? એથી કહે છે – આ સર્વજ્ઞ ઉપજ્ઞ ધર્મતેજ હોતે છતે=ધર્મસ્વરૂપ ઉદ્યોત હોતે છતે પરિભ્રમણ કરે છે. 'बत' એ આમંત્રણમાં છે. ॥૨૮૫॥

**ભાવાર્થ :-**

સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકરના જીવો કઈ રીતે સંસારના સ્વરૂપનું અવલોકન કરે છે તે બતાવતા કહે છે – સર્વજ્ઞથી કહેવાયેલો ધર્મરૂપ ઉદ્યોત આ જગતમાં વિદ્યમાન છે, છતાં તે ધર્મવચનને સ્પર્શનારો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જે જીવોમાં લેશ પણ પ્રગટ્યો નથી તે જીવોમાં મિથ્યાત્વ મોહનીયના ઉદયને કારણે અને અનંતાનુબંધી કષાયના ઉદયને કારણે ગાઢ અંધકાર વર્તે છે, તેથી તેઓમાં વર્તતા મોહ-અંધકારથી ગહન એવો ભવપ્રપંચ છે અને ભવપ્રપંચમાં સુખના અર્થે તેઓ જે કંઈ યત્ન કરે છે તે સર્વ યત્ન દુઃખના ફલમાં વિશ્રાંત થાય છે; કેમ કે મિથ્યાત્વ આદિ ભાવોથી વ્યાપ્ત ચિત્ત હોવાને કારણે સુખનો વાસ્તવિક ઉપાય શું છે તે જાણી શકતા નથી, આથી સુખના ઉપાયો માનીને દુઃખના ઉપાયોને જ સેવે છે અને પરિભ્રમણનો અંત ન થાય તે પ્રકારે સંસારમાં અત્યંત પરિભ્રમણ કરે છે, ફક્ત ખેદની વાત છે કે સર્વજ્ઞકથિત ધર્મઉદ્યોત પણ તેઓના હૈયામાં પ્રકાશ કરી શકતો નથી, આથી જ તેઓ દુઃખી છે, આ પ્રકારે વિચારીને તીર્થંકરના જીવો સમ્યક્ત્વ પામ્યા પછી શું વિચાર કરે છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે. **॥૨૮૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૮૫માં કહ્યું કે તીર્થંકરના જીવો સમ્યક્ત્વ પામે છે ત્યારે વિચારે છે કે સંસારના ઉચ્છેદના પ્રબળ કારણીભૂત સર્વજ્ઞકથિત ધર્મ વિદ્યમાન હોવા છતાં સંસારમાં દુઃખિત જીવો અત્યંત પરિભ્રમણ કરે છે, આ પ્રમાણે વિચાર્યા પછી તે જીવો શું વિચારે છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**अहमेतानतः कृच्छ्राद्, यथायोगं कथञ्चन ।**
**अनेनोत्तारयामीति वरबोधिसमन्वितः ।।२८६।।**

**અન્વયાર્થ :-**

**अनेन=આના દ્વારા=સર્વજ્ઞકથિત ધર્મતેજ દ્વારા, अहम्=હું, कृच्छ्राद् अतः=કૃચ્છ્ર એવા આનાથી=કષ્ટકારી એવા સંસારના પરિભ્રમણથી, एतान्=આ જીવોને=સંસારમાં કદર્થના પામતા જીવોને, कथञ्चन=કોઈક રીતે, यथायोगं=યથાયોગ=જે રીતે સંસારથી નિસ્તરણ સંભવે તે રીતે, उत्तारयामि=ઉત્તારણ કરું=સંસારથી ઉદ્ધાર કરું, इति=એ પ્રકારના, वरबोधिसमन्वितः=વરબોધિ સમન્વિત સમ્યગ્દૃષ્ટિ જીવ સદા તે પ્રકારે ચેષ્ટા કરે છે એમ શ્લોક-૨૮૭ સાથે સંબંધ છે. ॥૨૮૬॥**

**શ્લોકાર્થ :-**

**આના દ્વારા હું કૃચ્છ્ર એવા આનાથી આ જીવોને કોઈક રીતે યથાયોગ ઉત્તારણ કરું, એ પ્રકારના વરબોધિ સમન્વિત સમ્યગ્દષ્ટિ જીવ સદા તે પ્રકારે ચેષ્ટા કરે છે એમ શ્લોક-૨૮૭ સાથે સંબંધ છે. ॥૨૮૬॥**

**ટીકા :-**

**अहं कर्ता एतान्=भीषणभवभ्रमणरीणान्प्राणिनः, अतो=भवात्, कृच्छ्राद्=कृच्छ्ररूपात्, यथायोगं= उत्तारणघटनानतिक्रमेण, कथञ्चन=केनापि प्रकारेण, अनेन=धर्मतेजसा, उत्तारयामि=अपसारयामि, इति एतत्, वरबोधिसमन्वितः=उक्तरूपवरबोधिसम्पन्नः ।।२८६।।**

❖ 'इति' પછી 'एतत्' શબ્દ વધારાનો છે.

**ટીકાર્થ :-**

**अहं ..... उक्तरूपवरबोधिसम्पन्नः ।। કર્તા એવો હું આ જીવોને=ભીષણ ભવભ્રમણને કરનારા પ્રાણીઓને, કૃચ્છ્ર એવા આનાથી=ક્લેશકારી એવા ભવભ્રમણથી, યથાયોગ=ઉત્તારણના ઘટનના અનતિક્રમથી=જે ક્રમથી ભવનિસ્તાર થાય તે ક્રમની મર્યાદા અનુસાર, કોઈક પ્રકારથી=ઉપદેશ આદિ જે પ્રકારથી જેનો નિસ્તાર થાય તે પ્રકારથી, આના દ્વારા=ધર્મતેજ દ્વારા=સર્વજ્ઞકથિત શ્રુતજ્ઞાન દ્વારા, ઉત્તારણ કરું=સંસારથી જીવોને બહાર કાઢું એ પ્રકારના વરબોધિ સમન્વિત=પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા વરબોધિથી યુક્ત જીવ શું તે આગળ બતાવે છે. ॥૨૮૬॥**

**ભાવાર્થ :-**

જે જીવોની અત્યંત ઉત્તમ પ્રકૃતિ છે તે જીવોને 'સંસારનું વાસ્તવિક સ્વરૂપ જે પ્રકારે જીવની વિડંબના સ્વરૂપ છે અને સર્વજ્ઞકથિત ધર્મ જે પ્રકારે સંસારથી નિસ્તારનું કારણ છે' તે પ્રકારે જ્યારે દેખાય છે ત્યારે તે મહાત્માને સહજ વિચાર આવે છે કે 'અત્યંત કષ્ટકારી એવા ભવથી વિડંબના પામતા જીવોને હું આ સદ્ધર્મના પ્રદાન દ્વારા સંસારની વિડંબનાથી બહાર કાઢું', આ પ્રકારના માર્ગાનુસારી ઉચિત પરિણામથી તે મહાત્મા તીર્થંકર નામકર્મ બાંધે છે, તેથી આવા ઉત્તમ પરિણામથી યુક્ત વરબોધિવાળા જીવો છે, ફક્ત સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી મૈત્રીભાવનાને કારણે અને સર્વ જીવો પ્રત્યે શમભાવના પરિણામને કારણે સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો બીજાના હિતને અનુકૂળ ઉચિત ભાવો કરે છે, તોપણ પ્રકૃષ્ટ એવો શુભ ભાવ તીર્થંકરના જીવોને થાય છે, તેથી તેવા ઉત્તમ ભાવને કારણે જ જગતના જીવોના નિસ્તારને અનુકૂળ અષ્ટ પ્રાતિહાર્યાદિયુક્ત ચરમ ભવની તેઓને પ્રાપ્તિ થાય છે. **॥૨૮૬॥**

**અવતરણિકા :-**

**વળી તે વરબોધિ સમન્વિત મહાત્મા કેવા પ્રકારના છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**करुणादिगुणोपेतः, परार्थव्यसनी सदा ।**
**तथैव चेष्टते धीमान् वर्धमानमहोदयः ।।२८७।।**

**અન્વયાર્થ :-**

**करुणादिगुणोपेतः=કરુણાદિ ગુણથી યુક્ત, सदा परार्थव्यसनी=સદા પરાર્થવ્યસની, वर्धमानमहोदयः=વર્ધમાન મહોદયવાળા એવા, धीमान्=બુદ્ધિમાન્, तथैव=તે પ્રકારે જ=જે પ્રકારે પોતાનામાં કરુણાદિ ગુણો છે તે પ્રકારે જ, चेष्टते=ચેષ્ટા કરે છે. ॥૨૮૭॥**

**શ્લોકાર્થ :-**

**કરુણાદિ ગુણથી યુક્ત, સદા પરાર્થવ્યસની, વર્ધમાન મહોદયવાળા એવા બુદ્ધિમાન્ તે પ્રકારે જ ચેષ્ટા કરે છે. ॥૨૮૭॥**

**ટીકા :-**

**करुणादिगुणोपेतो=अनुकम्पास्तिक्यादिगुणालिङ्गितः, तथा परार्थव्यसनी=परोपकारकरणव्यसनवान्, सदा=सन्ततम्, तथैव=करुणादिगुणानुरूपमेव, चेष्टते=व्यवहरति, धीमान् वर्धमानमहोदयः=प्रतिक्षणा-रोहन्नवनवप्रशस्तगुणोद्गमः ।।२८७।।**

**ટીકાર્થ :-**

**करुणादिगुणोपेतो ..... प्रशस्तगुणोद्गमः ।। કરુણાદિ ગુણથી યુક્ત=અનુકંપા-આસ્તિક્ય આદિ ગુણોથી આલિંગિત, અને સદા પરાર્થવ્યસની=સતત પરોપકાર કરવાના વ્યસનવાળા, બુદ્ધિમાન્ વર્ધમાન મહોદયવાળા=પ્રતિક્ષણ આરોહણ કરતા નવા નવા પ્રશસ્ત ગુણના ઉદ્દ્ગમવાળા=મોહનાશને અનુકૂળ દૃઢ ઉદ્યમ હોવાને કારણે સતત આરોહણ કરતા નવા નવા અસંગભાવને અનુકૂળ ઉત્તમ ગુણોના ઉદ્દ્ગમવાળા, તે પ્રકારે જ ચેષ્ટા કરે છે=કરુણાદિ ગુણને અનુરૂપ જ વ્યવહાર કરે છે=સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. ॥૨૮૭॥**

**ભાવાર્થ :-**

વરબોધિ યુક્ત એવા મહાત્માઓ કરુણાદિ ગુણોથી યુક્ત હોય છે; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી સંસારની વિડંબનાનું સ્વરૂપ યથાર્થ દેખાય છે, વળી પોતાનો આત્મા નિત્ય છે વગેરે માન્યતાવાળા આસ્તિક્યાદિ ગુણોથી તે સંપન્ન થાય છે, તેથી સતત પોતાના આત્મા પ્રત્યે અને પોતાના સદૃશ અન્ય જીવો પ્રત્યે કરુણાના પરિણામવાળા હોય છે અને તેવા ઉત્તમ પરિણામને કારણે પરોપકાર કરવાના વ્યસનવાળા તે મહાત્મા બને છે, તેથી ભગવાનના શાસનના મર્મને જાણ્યા પછી મૂઢની જેમ ઉપદેશ આપતા નથી અને મૂઢની જેમ સ્વયં પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ જે રીતે પોતાના આત્માનો ઉપકાર થાય અને જે રીતે બીજા જીવોનો ઉપકાર થાય તે રીતે જ સદા પ્રવૃત્તિ કરે છે, વળી બુદ્ધિમાન્ હોવાથી પોતાની શક્તિનું, ક્ષયોપશમનું અને અન્ય જીવોનું હિતાદિ થશે કે નહિ તેનું સમ્યગ્ આલોચન કરીને ઉચિત પ્રવૃત્તિ કરે છે, વળી, બુદ્ધિમાન્ હોવાને કારણે જ સતત નવા નવા ગુણોનો ઉદ્દ્ગમ પોતાનામાં થાય તેવા પ્રકારના દૃઢપ્રણિધાનપૂર્વક જ સર્વ પ્રવૃત્તિઓ કરે છે. **॥૨૮૭॥**

**અવતરણિકા :-**

अत एव –

**અવતરણિકાર્થ :-**

આથી જ=શ્લોક-૨૮૬માં કહ્યું એવા વરબોધિથી યુક્ત અને શ્લોક-૨૮૭માં કહ્યું એવા ગુણોથી યુક્ત મહાત્મા છે આથી જ, તે મહાત્મા શું પ્રાપ્ત કરે છે તે શ્લોકમાં બતાવે છે –

**શ્લોક :-**

**तत्तत्कल्याणयोगेन, कुर्वन्सत्त्वार्थमेव सः ।**
**तीर्थकृत्त्वमवाप्नोति, परं सत्त्वार्थसाधनम् ।।२८८।।**

**અન્વયાર્થ :-**

सः=તે=વરબોધિવાળા મહાત્મા, सत्त्वार्थमेव कुर्वन्=સત્ત્વાર્થને જ કરતા, तत्तत्कल्याणयोगेन=તે તે કલ્યાણના યોગથી, परं सत्त्वार्थसाधनम्=પ્રકૃષ્ટ સત્ત્વાર્થનું સાધન એવું, तीर्थकृत्त्वं=તીર્થંકરપણું, अवाप्नोति= પ્રાપ્ત કરે છે. ।।૨૮૮।।

**શ્લોકાર્થ :-**

**તે મહાત્મા સત્ત્વાર્થને જ કરતા તે તે કલ્યાણના યોગથી પ્રકૃષ્ટ સત્ત્વાર્થનું સાધન એવું તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે. ।।૨૮૮।।**

**ટીકા :-**

तस्य तस्य कल्याणस्य=परिशुद्धप्रवचनाधिगमातिशायिधर्मकथाऽविसंवादिनिमित्तादिलक्षणस्य, योगेन= व्यापारणेन, कुर्वन्=विदधानः, सत्त्वार्थमेव-मोक्षबीजाधानादिरूपं न त्वात्मम्भरिरपि, स=वरबोधिमान्, किमित्याह–तीर्थकृत्त्वं=तीर्थकरत्वरूपं, अवाप्नोति=लभते, कीदृशमित्याह–परं=प्रकृष्टं, सत्त्वार्थसाधनं= भव्यसत्त्वप्रयोजनकारि ।।२८८।।

**ટીકાર્થ :-**

तस्य ..... भव्यसत्त्वप्रयोजनकारि ।। તે તે કલ્યાણના=પરિશુદ્ધ પ્રવચનના અધિગમને કારણે અતિશાયિ ધર્મકથા-અવિસંવાદિ એવાં નિમિત્તાદિ લક્ષણ તે તે કલ્યાણના યોગથી=વ્યાપારથી, મોક્ષબીજાધાનાદિ રૂપ સત્ત્વાર્થને જ કરતા, પરંતુ આત્મંભરિ પણ નહિ એવા તે=વરબોધિમાન્, શું એથી કહે છે – તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે, કેવા પ્રકારનું તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે ? એથી કહે છે – પરં=પ્રકૃષ્ટ, જીવોના અર્થને સાધનારું=ભવ્ય જીવોના પ્રયોજનને કરનારું, તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે. ।।૨૮૮।।

**ભાવાર્થ :-**

શ્લોક-૨૮૬માં કહ્યું તેવા વરબોધિથી યુક્ત અને શ્લોક-૨૮૭માં કહ્યું તેવા ગુણોથી યુક્ત જે મહાત્માઓ છે તેઓ સમ્યક્ત્વ પામ્યા પછી શક્તિના પ્રકર્ષથી પ્રવચનનું અધ્યયન કરે છે અને તે અધ્યયન પણ સર્વજ્ઞના વચનના પરમાર્થને સ્પર્શે તેવું પરિશુદ્ધ હોય છે અને પરિશુદ્ધ પ્રવચનનો બોધ કર્યા પછી તે બોધથી નિયંત્રિત અતિશાયી એવી ધર્મકથા કરે છે જેનાથી ઘણા યોગ્ય જીવોને માર્ગની પ્રાપ્તિ થાય છે, જેમ નંદિષેણ મુનિ દશ પૂર્વધર હતા, પરિશુદ્ધ પ્રવચનના અર્થને જાણનારા હતા અને અતિશાયી એવી ધર્મકથા કહીને અનેક જીવોને પ્રતિબોધ કરતા હતા, વળી તેવા ઉત્તમ જીવો અવિસંવાદી નિમિત્તાદિના કથન દ્વારા યોગ્ય જીવોને કલ્યાણની પ્રાપ્તિ થાય તે પ્રકારે વ્યાપાર કરે છે અર્થાત્ સૂક્ષ્મબોધ હોવાને કારણે ક્યાં નિમિત્તો અવશ્ય કલ્યાણનાં કારણ થશે તેના પરમાર્થને જાણીને તે પ્રકારે જ ઉચિત પ્રવૃત્તિ કરે છે, જેથી યોગ્ય જીવોને અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય. આ રીતે યોગ્ય જીવોને મોક્ષબીજાધાનાદિ ઉચિત કૃત્યો તે મહાત્મા કરે છે, પરંતુ માત્ર પોતાના જ કલ્યાણ પૂરતો શ્રમ કરનારા નથી, તેથી માત્ર આત્મંભરિ નથી અર્થાત્ પોતાનું તો કલ્યાણ કરે જ, પરંતુ અન્ય જીવોનું પણ કલ્યાણ થાય તેવો ઉચિત પ્રયત્ન કરે છે તેવા મહાત્માઓ ભવ્યજીવોના પ્રયોજનને કરનાર એવું તીર્થંકરપણું ચરમભવમાં પ્રાપ્ત કરે છે. **॥૨૮૮॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૨૪૮માં કહ્યું કે સમ્યગ્દર્શન પામ્યા પછી મહાશયવાળા જીવો તથાભવ્યત્વના યોગથી વિવિધ પ્રકારનું ચિંતવન કરે છે, ત્યારપછી શ્લોક-૨૮૫થી ૨૮૮ સુધી કેવું ચિંતવન કરનારા જીવો તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે તે બતાવ્યું, હવે કેવું ચિંતવન કરનારા ગણધર થાય તેનો સમુચ્ચય કરવા 'तथा'થી કહે છે –**

**શ્લોક :-**

**चिन्तयत्येवमेवैतत् स्वजनादिगतं तु यः ।**
**तथानुष्ठानतः सोऽपि, धीमान् गणधरो भवेत् ।।२८९।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, यः=જે જીવ, तथानुष्ठानतः=તે પ્રકારના અનુષ્ઠાનથી, स्वजनादिगतं=સ્વજનાદિગત, एतत्=આને=ભવ ઉત્તારણને, एवमेव=આ રીતે જ=પૂર્વમાં કહ્યું એ રીતે જ, चिन्तयति=ચિંતવન કરે છે, सोऽपि धीमान्=તે પણ બુદ્ધિમાન્, गणधरः=ગણધર, भवेत्=થાય. ।।૨૮૯।।**

**શ્લોકાર્થ :-**

**વળી જે જીવ તે પ્રકારના અનુષ્ઠાનથી સ્વજનાદિગત આને આ રીતે જ ચિંતવન કરે છે, તે પણ બુદ્ધિમાન્ ગણધર થાય. ॥૨૮૯॥**

**ટીકા :-**

**चिन्तयत्येवमेव=पूर्वोक्तप्रकारेणैव, एतद्=भवादुत्तारणम्, स्वजनादिगतं तु=स्वजनमित्रदेशादिविशेषगतं पुनः, य=उक्तरूपो बोधिप्रधानो जीवः तथानुष्ठानतः=चिन्तानुरूपानुष्ठानात्परोपकाररूपात्, सोऽपि-न केवलं परोपकारी तीर्थकृदित्यपिशब्दार्थः, धीमान्=प्रशस्तबुद्धिः, गणधरो=देवदानवमानवादिमाननीय-महिमा तीर्थकराग्रिमशिष्यः, भवेत्=जायेतेति ।।२८९।।**

**ટીકાર્થ :-**

**चिन्तयत्येवमेव ..... जायेतेति ।। આ રીતે જ=પૂર્વોક્ત પ્રકારથી જ=શ્લોક-૨૮૫-૨૮૬માં કહ્યું એ પ્રકારથી જ, આ=ભવથી ઉત્તારણ, વળી સ્વજનાદિગત=સ્વજન-મિત્ર-દેશાદિ વિશેષગત, જે ઉક્તરૂપવાળો બોધિપ્રધાન જીવ તે પ્રકારના અનુષ્ઠાનથી=ચિંતાને અનુરૂપ પરોપકારરૂપ અનુષ્ઠાનથી, ચિંતવન કરે છે, તે પણ કેવલ પરોપકારી તીર્થંકર નહિ એ 'सोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, તે પણ બુદ્ધિમાન્=પ્રશસ્ત બુદ્ધિવાળા, ગણધર=દેવ-દાનવ-માનવ આદિથી માનનીય એવા મહિમાવાળા તીર્થંકરના અગ્રિમ શિષ્ય, થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૮૯॥**

**ભાવાર્થ :-**

સંસારના વાસ્તવિક સ્વરૂપના દર્શનથી જેઓએ ગ્રંથિનો ભેદ કર્યો છે તેઓને સંસારી જીવો મિથ્યાત્વમોહનીય આદિને કારણે કઈ રીતે સંસારમાં દુઃખી થાય છે અને ભગવાનનો ધર્મ કઈ રીતે સર્વ દુઃખોથી નિસ્તાર કરનારો છે તેનો પરમાર્થ દેખાય છે અને તે પરમાર્થને પામીને કેટલાક મહાત્માઓ પોતાના સ્વજન-મિત્ર કે જે દેશના પોતે રાજા હોય તે દેશાદિગત સર્વ જીવોને સન્માર્ગ આપવાનો તીવ્ર પરિણામ કરે છે અને શક્તિ અનુસાર જે રીતે જે જીવોનો ઉપકાર થાય તે રીતે ઉચિત યત્ન કરે છે; કેમ કે તેવા મહાત્માઓ સમ્યક્ત્વ પામ્યા પછી શાસ્ત્ર-અધ્યયન કરીને પ્રવચનના પરિશુદ્ધ ભાવોને જાણનારા બને છે અને જગતના જીવોના કલ્યાણના આશયવાળા છે, તોપણ સ્વજનાદિગત તે પ્રકારનો ઉપકાર કરવાનો વિશેષ આશય થાય છે, તેથી તે મહાત્માઓ તીર્થંકરના અગ્રિમ શિષ્ય એવા ગણધરો થાય છે. **॥૨૮૯॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

સમ્યક્ત્વને પામવાને કારણે જે જીવોને ભવ અત્યંત નિર્ગુણ જણાય છે અને ભવના નિસ્તારનો ઉપાય સર્વજ્ઞકથિત ધર્મ છે તેમ જણાય છે તેવા જીવોમાંથી તીર્થંકરના જીવો અને ગણધરના જીવો શું ચિંતવન કરે છે તે બતાવ્યા પછી તેના કરતાં અન્ય જીવો શું ચિંતવન કરે છે તેનો સમુચ્ચય કરવા અર્થે 'तथा'થી કહે છે –

**શ્લોક :-**

**संविग्नो भवनिर्वेदादात्मनिःसरणं तु यः ।**
**आत्मार्थसम्प्रवृत्तोऽसौ, सदा स्यान्मुण्डकेवली ।।२९०।।**

**અન્વયાર્થ :-**

तु=વળી, भवनिर्वेदाद्=ભવનિર્વેદને કારણે, संविग्नो यः=સંવિગ્ન એવા જે, आत्मनिःसरणं=આત્માના નિસ્તારનું ચિંતવન કરે છે, सदा=સદા, आत्मार्थसम्प्रवृत्तः असौ=આત્મકલ્યાણ માટે સંપ્રવૃત્ત એવા આ મહાત્મા, मुण्डकेवली=મુંડકેવલી, स्यात्=થાય. ।।૨૯૦।।

**શ્લોકાર્થ :-**

**વળી, ભવનિર્વેદને કારણે સંવિગ્ન એવા જે આત્માના નિસ્તારનું ચિંતવન કરે છે, સદા આત્મકલ્યાણ માટે સંપ્રવૃત્ત એવા આ મહાત્મા મુંડકેવલી થાય. ।।૨૯૦।।**

**ટીકા :-**

**संविग्नः –**

"तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे, देवे रागद्वेषमोहादिमुक्ते ।
साधौ सर्वग्रन्थसन्दर्भहीने, संवेगोऽसौ निश्चलो योऽनुरागः ।।१।।"

**एवंलक्षणसंवेगभाक्, भवनिर्वेदात्=संसारनैर्गुण्यात्, आत्मनिःसरणं तु= जरामरणादिदारुण-दहनदह्यमानभवनोदराद् दूरमात्मनिष्काशनं पुनः, यः चिन्तयति इति गम्यते, आत्मार्थसम्प्रवृत्तः= स्वप्रयोजनमात्रप्रतिबद्धचित्तः, असौ पूर्वोक्तरूपः, सदा=सततमेव, स्याद्=भवेत्, द्रव्यभावमुण्डनप्रधानो मुण्डश्च केवली च=केवलज्ञानदर्शनवान् मुण्डकेवली=केवल्येव तथाविध-बाह्यातिशयशून्यः, अत्र दृष्टान्तः पीठमहापीठसाधुयुगलकमिति ।।२९०।।**

**ટીકાર્થ :-**

**संविग्नः ..... पीठमहापीठसाधुयुगलकमिति ।। સંવિગ્ન**="ધ્વસ્ત હિંસા પ્રબંધવાળા તથ્યધર્મમાં=હિંસાદિ અઢાર પાપસ્થાનકોથી રહિત એવા તથ્ય ધર્મમાં, રાગ-દ્વેષ-મોહાદિથી મુક્ત એવા દેવમાં, સર્વ ગ્રંથના સંદર્ભથી હીન

એવા સાધુમાં=સર્વ પદાર્થો પ્રત્યે પ્રતિબંધ વગરના એવા સાધુમાં, જે નિશ્ચલ અનુરાગ છે એ સંવેગ છે." **આવા લક્ષણ સંવેગવાળા, વળી જે ભવનિર્વેદથી=સંસારના નૈર્ગુણ્યથી, આત્મનિઃસરણનું=જરા-મરણ આદિ દારુણ અગ્નિથી દહ્યમાન ભવનના ઉદરથી અત્યંત આત્માના નિષ્કાશનનું=અત્યંત આત્માના નિસ્તારનું, ચિંતવન કરે છે, શ્લોકમાં 'चिन्तयति' શબ્દ એ અધ્યાહાર છે એમ બતાવવા માટે ટીકામાં 'चिन्तयति इति गम्यते' એમ કહેલ છે, સતત જ આત્માર્થ સંપ્રવૃત્ત=સ્વપ્રયોજન માત્ર પ્રતિબદ્ધચિત્તવાળા, આ=પૂર્વોક્ત સ્વરૂપવાળા આ, દ્રવ્ય-ભાવ મુંડનપ્રધાન મુંડકેવલી થાય=કેવલજ્ઞાન-કેવલદર્શનવાળા મુંડકેવલી થાય=તેવા પ્રકારના બાહ્ય અતિશય શૂન્ય કેવલી જ થાય.**

**અહીં=મુંડકેવલીમાં, પીઠ-મહાપીઠ સાધુયુગલ દૃષ્ટાંત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૯૦।।**

**ભાવાર્થ :-**

જે મહાત્મા સમ્યક્ત્વ પામે છે તે મહાત્માને હિંસાદિ અઢાર પાપસ્થાનકોથી પર એવી જીવની પરિણતિરૂપ સંસારના નિસ્તરણનો ઉપાય ધર્મ જણાય છે અને તે ધર્મની પ્રાપ્તિનો ઉપાય રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનાદિ ભાવોથી મુક્ત એવા દેવની ઉપાસના જણાય છે અને સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રત્યે પ્રતિબંધ વગરના અને મોહથી અનાકુળ એવા આત્માના ભાવમાં પ્રતિબંધવાળા સુસાધુની ઉપાસના જણાય છે, તેથી આત્મામાં તથ્ય એવા ધર્મની નિષ્પત્તિના અર્થી એવા તેઓ દેવ પ્રત્યે, સુસાધુ પ્રત્યે અને તથ્ય એવા ધર્મ પ્રત્યે નિશ્ચલ અનુરાગને ધારણ કરે છે તેથી તેઓમાં વર્તતો પ્રતિક્ષણ તે ત્રણનો રાગ જ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરાવીને તથ્યધર્મની પ્રાપ્તિમાં કારણ બને તેવો યત્ન કરાવે છે, આવા સાધુ સંવેગવાળા છે અને ભવને નિર્ગુણરૂપે જાણનારા છે, તેથી ભવમાંથી આત્માને બહાર કાઢવા માટે સતત ચિંતવન કરે છે અને તે ચિંતવનને કારણે તે મહાત્મા સતત આત્મકલ્યાણમાં સંપ્રવૃત્ત રહે છે=પોતાના પ્રયોજનમાત્રમાં પ્રતિબદ્ધ ચિત્તવાળા રહે છે, તેવા મહાત્માઓ મુંડકેવલી થાય છે અર્થાત્ દ્રવ્યથી અને ભાવથી મુંડ થયેલા હોવાથી અને કેવલજ્ઞાન પામેલા હોવાથી મુંડકેવલી થાય છે, દ્રવ્યથી કોઈ પ્રકારનો બાહ્ય અતિશય નહિ હોવાથી દ્રવ્યથી મુંડ છે અને ભાવથી અઢાર પાપસ્થાનકોથી પર શુદ્ધ પરિણતિવાળા છે, તેથી ભાવથી મુંડ છે અને ઘાતિકર્મનો નાશ કરેલો હોવાથી કેવલજ્ઞાન-કેવલદર્શનવાળા છે, આવા મુંડકેવલીમાં પીઠ-મહાપીઠ સાધુયુગલનું દૃષ્ટાંત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. **।।૨૯૦।।**

**અવતરણિકા :-**

**अत्रैव चिन्तावैचित्र्ये तथाभव्यत्वमेव हेतुरित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ચિંતાના વૈચિત્ર્યમાં=તીર્થંકર-ગણધર અને મુંડકેવલીની સમ્યક્ત્વપ્રાપ્તિ પછીની વિચારણાના વૈચિત્ર્યમાં, તથાભવ્યત્વ જ હેતુ છે=તે તે જીવોના તેવા પ્રકારના સ્વભાવનો ભેદ જ હેતુ છે, એને કહે છે –**

શ્લોક :-

तथाभव्यत्वतश्चित्रनिमित्तोपनिपाततः ।
एवं चिन्तादिसिद्धिश्च, सन्न्यायागमसङ्गता ।।२९१।।

અન્વયાર્થ :-

च=અને, तथाभव्यत्वतः=તથાભવ્યત્વના કારણે, चित्रनिमित्तोपनिपाततः=વિવિધ પ્રકારના નિમિત્તના ઉપનિપાતથી, सन्न्यायागमसङ्गता=સદ્ ન્યાય અને આગમથી સંગત=યુક્તિ અને શાસ્ત્રથી ઘટિત, एवं=આવા પ્રકારની=પૂર્વમાં તીર્થંકર-ગણધર અને મુંડકેવલીની ચિંતા અને અનુષ્ઠાન બતાવ્યું એવા પ્રકારની, चिन्तादिसिद्धिः=ચિંતાદિની સિદ્ધિ છે. ।।૨૯૧।।

શ્લોકાર્થ :-

**અને તથાભવ્યત્વના કારણે વિવિધ પ્રકારના નિમિત્તના ઉપનિપાતથી સદ્ન્યાય અને આગમથી સંગત આવા પ્રકારની ચિંતાદિની સિદ્ધિ છે. ।।૨૯૧।।**

ટીકા :-

तथाभव्यत्वत उक्तरूपात्, कीदृशादित्याह–चित्रो=नानारूपो, निमित्तोपनिपातः=कालादिकारण-सन्निधानं, यस्य तत्तथा तस्मात्, एवं चिन्तादिसिद्धिः=पूर्वोक्तचिन्तानुष्ठानसम्भवः, चः समुच्चये, कीदृशीत्याह–सन्न्यायागमसङ्गता=युक्तिशास्त्रघटिता, न हि कारणवैचित्र्यमन्तरेण कार्यवैचित्र्यं लोकशास्त्रयोः क्वचित्केनापि प्रतिपन्नमस्ति, ततोऽधिकृतमपि चिन्तादिवैचित्र्यसिद्धिलक्षणं कार्यं नियमात्कारणवैचित्र्यमपेक्षते, तच्च भव्यत्ववैचित्र्यमपहायान्यन्न युज्यत इति ।।२९१।।

ટીકાર્થ :-

तथाभव्यत्वत ..... युज्यत इति ।। ઉક્તરૂપ એવા તથાભવ્યત્વથી, કેવા પ્રકારના તથાભવ્યત્વથી ? એથી કહે છે – ચિત્ર=ભિન્ન-ભિન્ન સ્વરૂપવાળો, નિમિત્તનો ઉપનિપાત=કાલાદિ કારણનું સંનિધાન, છે જેને તે તેવું છે ચિત્ર નિમિત્ત ઉપનિપાતવાળું છે, તેનાથી=ચિત્ર ઉપનિપાતવાળા તથાભવ્યત્વથી, આ પ્રકારની ચિંતાદિની સિદ્ધિ છે=પૂર્વમાં કહેવાયેલ ચિંતા અને અનુષ્ઠાનનો સંભવ છે=પૂર્વમાં તીર્થંકર-ગણધર અને મુંડકેવલી કેવું ચિંતવન અને અનુષ્ઠાન કરે છે તે બતાવ્યું તેવા ચિંતવનનો અને અનુષ્ઠાનનો સંભવ છે, શ્લોકમાં 'च' શબ્દ સમુચ્ચયમાં છે, કેવા પ્રકારના ચિંતાદિની સિદ્ધિ છે ? એથી કહે છે – સદ્ન્યાયથી અને આગમથી સંગત=યુક્તિથી અને શાસ્ત્રવચનથી ઘટિત, ચિંતાદિની સિદ્ધિ છે.

સદ્ન્યાય અને આગમ સંગત ચિંતાદિની સિદ્ધિ કેમ છે ? તે યુક્તિથી સ્પષ્ટ કરે છે –

**કારણના વૈચિત્ર્ય વગર કાર્યનું વૈચિત્ર્ય લોકમાં અને શાસ્ત્રમાં કોઈ સ્થાનમાં કોઈના વડે પણ સ્વીકારાયું નથી જ, તેથી અધિકૃત પણ ચિંતાદિના વૈચિત્ર્યની સિદ્ધિરૂપ કાર્ય નિયમથી કારણના વૈચિત્ર્યની અપેક્ષા રાખે છે અને તે=કારણનું વૈચિત્ર્ય ભવ્યત્વના વૈચિત્ર્યને છોડીને અન્ય ઘટતું નથી.**

**'इति' શબ્દ 'न हि'થી પ્રારંભ કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ॥૨૯૧॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૪માં કહેલ કે તથાભવ્યત્વને કારણે વરબોધિથી યુક્ત જીવ તીર્થંકર થાય છે, માટે દરેક જીવનું ભવ્યત્વ જુદા જુદા પ્રકારનું છે, તેથી કોઈ તીર્થંકર થાય છે, તો વળી કોઈ ગણધર થાય છે, તો વળી અન્ય કોઈ મુંડકેવલી થાય છે. કેમ તે પ્રકારનો ફલભેદ થાય છે તે બતાવવા માટે સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકરાદિના જીવો કઈ રીતે ભિન્ન ભિન્ન પ્રકારે ચિંતવન કરે છે તે પૂર્વમાં બતાવ્યું. હવે તે ભિન્ન ભિન્ન ચિંતવન પ્રત્યે તથાભવ્યત્વ કઈ રીતે કારણ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ભિન્ન ભિન્ન પ્રકારનું તથાભવ્યત્વ હોવાથી ભિન્ન ભિન્ન પ્રકારના નિમિત્તના ઉપનિપાતના કારણે તીર્થંકર-ગણધર કે મુંડકેવલી થનારા જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી ભિન્ન ભિન્ન પ્રકારનું ચિંતવન અને ભિન્ન ભિન્ન પ્રકારનું અનુષ્ઠાન થાય છે; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી સંસાર નિર્ગુણ છે અને સંસારથી પર અવસ્થા સુંદર છે અને તેની પ્રાપ્તિનો ઉપાય ધર્મલક્ષણ ઉદ્યોત છે તેવું સર્વ જીવોને સમાન દેખાય છે અર્થાત્ સમાન નિર્મળ દૃષ્ટિ હોવાથી તે પ્રકારનો બોધ પણ બધાને સમાન થાય છે, આમ છતાં કેટલાક જીવો તીર્થંકર નામકર્મના બંધનું કારણ બને તેવું વિલક્ષણ ચિંતવન અને અનુષ્ઠાન કરે છે, તો વળી કેટલાક જીવો ગણધર નામકર્મનું કારણ બને તેવું ચિંતવન અને અનુષ્ઠાન કરે છે, તો વળી કેટલાક અન્ય જીવો મુંડકેવલીનું કારણ બને તે પ્રકારે ચિંતવન અને અનુષ્ઠાન કરે છે, તે ચિંતવનમાં સમ્યક્ત્વનો બોધ માત્ર કારણ નથી; કેમ કે સમ્યક્ત્વથી થયેલો તે પ્રકારનો બોધ બધાને સમાન છે તોપણ તે જીવોની તે પ્રકારની યોગ્યતાને કારણે જ તે પ્રકારના ચિંતવનનો ભેદ પ્રાપ્ત થાય છે.

વળી તીર્થંકર આદિ થનારા સર્વ જીવો પણ ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન આયુષ્યવાળા, ભિન્ન ભિન્ન શરીરવાળા થઈને તીર્થંકર થાય છે તે સર્વ પ્રત્યે વિવિધ પ્રકારના નિમિત્તના ઉપનિપાતથી યુક્ત તથાભવ્યત્વ કારણ છે, આથી જ જે કાળમાં જે પ્રકારના પ્રયત્નના ભેદથી અધ્યવસાયનો ભેદ થાય છે તેને અનુરૂપ તે કાળમાં તે પ્રકારના આયુષ્યાદિથી યુક્ત તીર્થંકરાદિ ભવની પ્રાપ્તિ થાય છે તેને અનુરૂપ તે તે જીવોના તથાભવ્યત્વનો ભેદ જ કારણ છે, આથી જ ઋષભદેવ ભગવાનનું તેવું જ તથાભવ્યત્વ હતું, તેથી તે કાળમાં અને તે ક્ષેત્રાદિમાં તીર્થંકર રૂપે થયા અને સીમંધર સ્વામીનું તેવું જ તથાભવ્યત્વ હતું, તેથી તે પ્રકારના ચિત્ર નિમિત્તની પ્રાપ્તિથી યુક્ત તથાભવ્યત્વને કારણે વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થયા.

તેથી એ ફલિત થાય કે ભિન્ન ભિન્ન નિમિત્તની પ્રાપ્તિથી યુક્ત તથાભવ્યત્વના વૈચિત્ર્યથી સમ્યક્ત્વ પામ્યા પછી ભિન્ન ભિન્ન પ્રકારનું ચિંતવન અને અનુષ્ઠાન થાય છે, તેથી તે ભિન્ન ભિન્ન ચિંતવન પ્રત્યે તથાભવ્યત્વ જ કારણ છે.

વળી ભિન્ન ભિન્ન ચિંતવન આદિ પ્રત્યે ભિન્ન ભિન્ન પ્રકારનું તથાભવ્યત્વ જ કારણ છે એ યુક્તિ અને શાસ્ત્રથી ઘટિત છે; કેમ કે યુક્તિ અને શાસ્ત્ર અનુસાર વિચારીએ તો કારણના વૈચિત્ર્ય વગર કાર્યનું વૈચિત્ર્ય ક્યારે ય થતું નથી અને સમ્યક્ત્વ પામ્યા પછી જીવોમાં ભિન્ન ભિન્ન પ્રકારનું ચિંતવન અને ભિન્ન ભિન્ન પ્રકારનું અનુષ્ઠાનરૂપ કાર્યનું વૈચિત્ર્ય તેના કારણીભૂત તથાભવ્યત્વના વૈચિત્ર્ય વગર ઘટે નહિ. **॥૨૯૧॥**

**અવતરણિકા :-**

एतदेवोपसंहरन्नाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ=તથાભવ્યત્વના વૈચિત્ર્યથી કાર્યનું વૈચિત્ર્ય થાય છે એને જ, ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**एवं कालादिभेदेन, बीजसिद्ध्यादिसंस्थितिः ।**
**सामग्र्यपेक्षया न्यायादन्यथा नोपपद्यते ।।२९२।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૨૭૮માં કહ્યું એ રીતે, कालादिभेदेन=કાલાદિના ભેદથી, सामग्र्यपेक्षया=સામગ્રીની અપેક્ષાએ=ઉપદેશક આદિ સહકારી સામગ્રીની અપેક્ષાએ, न्यायाद्=ન્યાયથી=યુક્તિથી, बीजसिद्ध्यादि-संस्थितिः=બીજસિદ્ધિ આદિની સંસ્થિતિ, अन्यथा=અન્ય પ્રકારથી=તથાભવ્યતાના વૈચિત્ર્ય વગર, नोपपद्यते= ઉપપન્ન થતી નથી=બીજસિદ્ધિ આદિની વૈચિત્ર્ય સ્થિતિ સંગત થતી નથી. ॥૨૯૨॥

**શ્લોકાર્થ :-**

**આ રીતે કાલાદિના ભેદથી સામગ્રીની અપેક્ષાએ ન્યાયથી બીજસિદ્ધિ આદિની સંસ્થિતિ અન્યથા ઉપપન્ન થતી નથી. ॥૨૯૨॥**

**ટીકા :-**

एवं=उक्तप्रकारेण, कालादिभेदेन=कालक्षेत्रादिविशेषेण, बीजसिद्ध्यादिसंस्थितिरुक्तरूपा सामग्र्यपेक्षया=तत्तद्गुर्वादिसहकारिकारणसामग्रीमपेक्ष्य, न्यायाद्=युक्तेः, स्यात्, कुतः?, यतोऽन्यथा= अन्येन प्रकारेण, भव्यत्ववैचित्र्यपरिहारवतः न=नैव, उपपद्यते=घटते, बीजसिद्ध्यादिसंस्थितिः प्रस्तुतेति ।।२९२।।

**ટીકાર્થ :-**

एवं=उक्तप्रकारेण ..... प्रस्तुतेति ।। આ રીતે=ઉક્ત પ્રકારથી, કાલાદિના ભેદથી=કાલ-ક્ષેત્રાદિના

**વિશેષથી, સામગ્રીની અપેક્ષાએ=તે તે ગુરુ આદિ સહકારી કારણરૂપ સામગ્રીની અપેક્ષાએ, ન્યાયથી=યુક્તિથી, ઉક્તરૂપ એવી બીજસિદ્ધિ આદિની સંસ્થિતિ છે=પૂર્વમાં વર્ણન કર્યું એમ જીવમાં યોગમાર્ગના બીજની સિદ્ધિ આદિની પ્રાપ્તિ છે, કેમ કાલાદિના ભેદથી બીજસિદ્ધિ આદિના ભેદની સંસ્થિતિ છે ? એથી કહે છે – જે કારણથી અન્યથા=અન્ય પ્રકારથી ભવ્યત્વના વૈચિત્ર્યના પરિહારવાળાને પ્રસ્તુત બીજસિદ્ધિ આદિની સંસ્થિતિ ઘટતી નથી જ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૯૨॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે બીજસિદ્ધિ આદિની અપેક્ષાએ આત્માની સહજ વિચિત્ર એવી યોગ્યતા છે તે તથાભવ્યત્વ છે, તેથી દરેક જીવને કાલાદિના ભેદથી બીજસિદ્ધિ આદિની પ્રાપ્તિ થાય છે અને તે બીજસિદ્ધિ પ્રત્યે નિમિત્ત કારણ તરીકે તે તે ગુરુ આદિ સહકારી કારણરૂપ સામગ્રીની અપેક્ષા રહે છે, તેથી જે જીવને ગુરુ આદિ સહકારી કારણ ઉચિત કાળે મળે, તે સહકારી સામગ્રીના બળથી તે જીવ યોગ-બીજને પ્રાપ્ત કરે છે, ત્યાર પછી ઉત્તર-ઉત્તરના યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે અને તે સર્વમાં તે જીવને બીજાદિની પ્રાપ્તિ તે કાળમાં તે ક્ષેત્રમાં તે નિમિત્તાદિથી થાય છે; તે સર્વ પ્રત્યે તેના ભવ્યત્વનું વૈચિત્ર્ય જ કારણ છે, પરંતુ જેઓ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વનું વૈચિત્ર્ય સ્વીકારતા નથી તેઓના મતે ભિન્ન કાળ ભિન્ન ક્ષેત્ર આદિને અવલંબીને ભિન્ન ભિન્ન જીવોને બીજસિદ્ધિ આદિનો ભેદ પ્રાપ્ત થાય છે તે સંગત થતો નથી; કેમ કે કારણનું વૈચિત્ર્ય ન હોય તો કાર્યનું વૈચિત્ર્ય થાય નહિ, તેથી એમ જ માનવું પડે કે જીવને જે ક્ષેત્રમાં જે કાળમાં જે ગુરુ આદિના નિમિત્તે બીજસિદ્ધિ આદિ થાય છે તે જીવનું તથાભવ્યત્વ તેવા પ્રકારનું વિચિત્ર હતું, તેથી તે પ્રકારે જ બીજસિદ્ધિ આદિના ક્રમથી મોક્ષપર્યંતના કાર્યને પ્રાપ્ત કરે છે, આથી જ તેના તથાભવ્યત્વને ફલને સન્મુખ કરવા માટે તે તે ગુરુ આદિ સહકારી સામગ્રીની પણ અપેક્ષા રહે છે; કેમ કે તેનું તેવું જ ભવ્યત્વ છે કે તે તે સામગ્રીને પામીને ફલને અભિમુખ તેનુ ભવ્યત્વ ઉલ્લસિત થાય, આથી જ તેના ભવ્યત્વ અનુસાર બીજસિદ્ધિ આદિમાં સદ્‌ગુરુની પ્રેરણાની પણ કારણરૂપે અપેક્ષા છે. **॥૨૯૨॥**

**અવતરણિકા :-**

**अथ न्यायमेव स्मारयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે ન્યાયનું જ સ્મરણ કરાવે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૯૨માં કહ્યું કે ન્યાયથી આ રીતે કાલાદિના ભેદથી બીજસિદ્ધિ આદિની સંસ્થિતિ છે, તેથી તે યુક્તિ રૂપ ન્યાય પ્રસ્તુતમાં શું છે તે સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

तत्तत्स्वभावता चित्रा, तदन्यापेक्षणी तथा।
सर्वाभ्युपगमव्याप्त्या, न्यायश्चात्र निदर्शितः।।२९३।।

અન્વયાર્થ :-

सर्वाभ्युपगमव्याप्त्या=સર્વ અભ્યુપગમની વ્યાપ્તિથી=સર્વ કાર્યોમાં સામગ્રીજન્યત્વના સ્વીકારની વ્યાપ્તિથી, तदन्यापेक्षणी=તેની અને અન્યની અપેક્ષાવાળી=પરસ્પર અપેક્ષાવાળી, तथा=અને, चित्रा=ચિત્ર એવી, तत्तत्स्वभावता=તેઓની તત્-સ્વભાવતા, च=વળી, अत्र=અહીં=બીજસિદ્ધિ આદિના વિષયમાં, न्यायः निदर्शितः=ન્યાય બતાવાયો છે. ॥૨૯૩॥

શ્લોકાર્થ :-

**સર્વ અભ્યુપગમની વ્યાપ્તિથી તેની અને અન્યની અપેક્ષાવાળી અને ચિત્ર એવી તેઓની તત્સ્વભાવતા વળી અહીં ન્યાય બતાવાયો છે. ॥૨૯૩॥**

ટીકા :-

तेषां=आत्मकालादीनां कारणानां, तत्स्वभावता=विवक्षितकार्यभवनानुकूलस्वभावता, चित्रा= नानारूपा, तदन्यापेक्षणी=परस्परापेक्षावती, 'तथा' इति विशेषणसमुच्चये, कथमित्याह– सर्वाभ्युपगमव्याप्त्या=सर्वकार्येषु सामग्रीजन्यत्वाभ्युपगमस्य व्यापनेन या वर्तते, न पुनः केषुचिदेव कार्येषु, किमित्याह–न्यायश्च=न्यायः पुनः, अत्र=बीजस्य सिद्ध्यादौ विषये, निदर्शितः=निरूपितः, प्रागेव "सामग्र्याः कार्यहेतुत्वम्" (श्लो. ८२) इत्यादिनेति तत्स्वभावतैव चित्रा न्याय इति परमार्थः।।२९३।।

ટીકાર્થ :-

तेषां=आत्मकालादीनां ..... परमार्थः ।। તેઓની=આત્મ-કાલાદિ કારણોની=ઉપાદાન કારણરૂપ આત્મા-કાલ-પુરુષકાર-કર્મ-ભવિતવ્યતા રૂપ કારણોની, તત્સ્વભાવતા=વિવક્ષિત કાર્યના ભવનને અનુકૂલ સ્વભાવતા, ચિત્ર છે=જુદા જુદા પ્રકારની છે, અને તેની અને અન્યની અપેક્ષાવાળી છે=આત્માદિ સર્વ કારણોની પરસ્પર અપેક્ષાવાળી છે, 'तथा' એ વિશેષણના સમુચ્ચયમાં છે='चित्रा' અને 'तदन्यापेक्षणी' એ વિશેષણોના સમુચ્ચયમાં છે, કેવી રીતે તેઓની તત્સ્વભાવતા ચિત્ર અને પરસ્પર અપેક્ષાવાળી છે ? એથી કહે છે – સર્વ અભ્યુપગમની વ્યાપ્તિથી તેઓની તત્સ્વભાવતા ચિત્ર અને પરસ્પર અપેક્ષાવાળી છે એમ અન્વય છે.

સર્વ અભ્યુપગમની વ્યાપ્તિથી એમ કહ્યું તેનો અર્થ સ્પષ્ટ કરે છે –

**સર્વ કાર્યોમાં સામગ્રીજન્યત્વના અભ્યુપગમના વ્યાપનથી જે વર્તે છે, પરંતુ કેટલાંક જ કાર્યોમાં નહિ, તે સર્વ અભ્યુપગમની વ્યાપ્તિથી છે અને સર્વ અભ્યુપગમ વ્યાપ્તિથી તેઓની તત્સ્વભાવતા ચિત્ર અને પરસ્પર અપેક્ષાવાળી છે એમ અન્વય છે.**

**શું=તેઓની ચિત્ર તત્સ્વભાવતા અને પરસ્પર અપેક્ષાવાળી તત્સ્વભાવતા શું છે ? એથી કહે છે –**

**અહીં=બીજસિદ્ધિ આદિના વિષયમાં, વળી ન્યાય પૂર્વમાં જ** સામગ્રીનું કાર્ય હેતુપણું છે, **ઈત્યાદિ દ્વારા બતાવાયો છે, એથી ચિત્ર તત્સ્વભાવતા જ ન્યાય છે=અવતરણિકામાં કહેલ કે ન્યાયનું સ્મરણ કરાવે છે તે આ ન્યાય છે એ પ્રકારનો પરમાર્થ છે. ॥૨૯૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોમાં યોગમાર્ગને અનુકૂળ બીજસિદ્ધિ આદિ પ્રાપ્ત થાય છે તે ભિન્ન ભિન્ન કાળ ભિન્ન ભિન્ન નિમિત્તો આદિથી થાય છે, તેની અનુભવ અનુસાર યુક્તિ શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

તે કાળમાં તે પ્રકારના પુરુષકારને કારણે તે પ્રકારના કર્મના ઉદયને કારણે અને તે પ્રકારની ભવિતવ્યતાને કારણે આત્મામાં બીજસિદ્ધિ આદિ થાય છે, તેથી વિવક્ષિત એવા બીજસિદ્ધિ આદિરૂપ કાર્ય થવાને અનુકૂળ ચિત્ર સ્વભાવતા આત્મારૂપ ઉપાદાન અને કાલાદિ નિમિત્તરૂપ ચારે કારણોમાં છે અને તે ઉપાદાનરૂપ આત્મા અને નિમિત્તરૂપ ચાર કારણોમાં પરસ્પર અપેક્ષાવાળી સ્વભાવતા છે, આથી જ જે કાળમાં જે જીવ બીજસિદ્ધિ આદિને અનુકૂળ પ્રયત્ન કરે છે તે કાળમાં તે જીવમાં બીજસિદ્ધિ આદિરૂપ કાર્ય થાય છે અને તે કાર્ય થવામાં આત્માનો પણ તેવો જ સ્વભાવ હતો કે જીવના આ પ્રકારના પ્રયત્નથી બીજસિદ્ધિ આદિ કરે, આ રીતે ઉપાદાનરૂપ આત્મા અને નિમિત્ત કારણરૂપ કાલ, કર્મ, પુરુષકાર અને નિયતિ, તેઓની એકબીજાની સાથે અપેક્ષાવાળી તે કાર્યને અનુકૂળ ચિત્ર સ્વભાવતા છે, તેથી તે પાંચે કારણોના યોગથી જીવમાં બીજસિદ્ધિ આદિ રૂપ કાર્ય થાય છે અને આ પ્રકારની તે કારણોની પરસ્પર અપેક્ષાવાળી તત્સ્વભાવતા માત્ર બીજસિદ્ધિને આશ્રયીને નથી, પરંતુ સર્વ કાર્યોને આશ્રયીને છે અર્થાત્ આત્માદિ ઉપાદાનરૂપ સર્વ દ્રવ્યોમાં જે જે કાર્યો થાય છે તે તે કાર્યો પ્રત્યે અન્ય સર્વ કારણો પરસ્પર અપેક્ષા રાખીને તે તે કાર્ય કરે તેવો જ સ્વભાવ છે અને આ પ્રકારનો ન્યાય ગ્રંથકારશ્રીએ સામગ્રીનું કાર્યનું હેતુપણું છે એ પ્રકારે શ્લોક-૮૨માં બતાવેલ છે, તેથી ચિત્ર તત્સ્વભાવતા જ ન્યાય છે.=શ્લોક-૨૯૨માં કહેલ એ ન્યાય છે.

અહીં વિશેષ એ છે કે અન્યત્ર સ્વભાવ આદિ પાંચ કારણો પ્રસિદ્ધ છે, ત્યાં કાર્ય રૂપે થવાનો ઉપાદાનનો સ્વભાવ ગ્રહણ કરાય છે, તેનું અહીં 'આત્મા' શબ્દથી ગ્રહણ કરેલ છે અને કાલાદિ શબ્દથી અન્ય ચાર નિમિત્ત કારણો સ્વીકાર્યાં છે.

તેથી એ પ્રાપ્ત થાય કે આત્મારૂપ ઉપાદાનની તત્સ્વભાવતા છે, તેથી આત્મારૂપ ઉપાદાનમાં તે કાર્ય થાય છે, આથી જ જે આત્મા મોક્ષમાં જવાને યોગ્ય નથી તે આત્મામાં બીજસિદ્ધિ આદિની સ્વભાવતા નથી, તેથી

બીજસિદ્ધિ આદિ કાર્ય થતું નથી અને મોક્ષમાં જનારા જીવોમાં બીજસિદ્ધિ આદિની સ્વભાવતા છે, તેથી બીજસિદ્ધિ આદિ થાય છે, આમ છતાં મોક્ષમાં જનારા બધા જીવોને સમાનકાળમાં બીજસિદ્ધિ આદિ થતી નથી, તેથી તે તે આત્મામાં થનારી બીજસિદ્ધિ પ્રત્યે તે આત્માના કાલની પણ તત્સ્વભાવતા છે કે તે કાળે જ તે જીવના તે પ્રકારના વીર્યને ઉલ્લસિત કરે અને ઉલ્લસિત થયેલા વીર્યનો પણ તેવો જ સ્વભાવ છે કે તે કાળમાં તે આત્માને બીજસિદ્ધિ આદિ રૂપે પરિણમન પમાડે.

આ રીતે એક આત્મામાં જે કાર્ય થાય છે તે કાર્ય પ્રત્યે તે આત્મદ્રવ્યનો સ્વભાવ, તે કાળનો સ્વભાવ, તે પ્રયત્નનો સ્વભાવ, તે વખતની ભવિતવ્યતાનો સ્વભાવ અને તે વખતના વિપાકમાં આવતા કર્મનો સ્વભાવ પરસ્પર એકબીજાની અપેક્ષા રાખીને જીવમાં તે તે ક્ષણમાં તે તે કાર્ય કરે છે અને સંસારી જીવો મતિજ્ઞાનના ઉપયોગવાળા હોય છે તે મતિજ્ઞાનનો ઉપયોગ પૂર્વમાં મોહની આકુળતાથી સંસારી ભાવોમાં પ્રવર્તતો હતો અને તે જ મતિજ્ઞાનનો ઉપયોગ આત્મા-કાલાદિની તત્સ્વભાવતાને કારણે મોક્ષનું કારણ બને તેવા બીજસિદ્ધિ આદિરૂપ બને છે અને તે મતિજ્ઞાનનો જ ઉપયોગ ઉત્તર-ઉત્તરના યોગમાર્ગની ભૂમિકાની પરિણતિવાળો થઈને કેવલજ્ઞાનમાં વિશ્રાંત થાય છે તે સર્વ કાર્યો પ્રત્યે આત્મા-કાલાદિની પરસ્પર અપેક્ષાવાળી તત્સ્વભાવતા કારણ છે. **॥૨૯૩॥**

**અવતરણિકા :-**

**अत्रैवाभिप्रायान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=તથાભવ્યત્વને કારણે તીર્થંકર-ગણધર-મુંડકેવલી આદિ થાય છે એમાં જ, અભિપ્રાયાંતરને કહે છે=અન્ય મહાત્માઓનો તે વિષયમાં જે અન્ય અભિપ્રાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अधिमुक्त्याशयस्थैर्यविशेषवदिहापरैः ।**
**इष्यते सदनुष्ठानं, हेतुरत्रैव वस्तुनि ।।२९४।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=યોગની વિચારણામાં, अत्रैव वस्तुनि=આ જ વસ્તુ સાધ્ય હોતે છતે=તીર્થંકરત્વ-ગણધરત્વ-મુંડકેવલીત્વ વસ્તુ સાધ્ય હોતે છતે, अधिमुक्त्याशयस्थैर्यविशेषवद् सदनुष्ठानं=અધિમુક્તિ આશય સ્થૈર્ય વિશેષવાળું સદનુષ્ઠાન, अपरैः=બીજાઓ વડે, हेतुः=હેતુ, इष्यते=ઇચ્છાય છે. ॥૨૯૪॥**

**શ્લોકાર્થ :-**

**અહીં આ જ વસ્તુ સાધ્ય હોતે છતે અધિમુક્તિ આશય સ્થૈર્યવિશેષવાળું સદનુષ્ઠાન બીજાઓ વડે હેતુ ઇચ્છાય છે. ॥૨૯૪॥**

ટીકા :-

अधिमुक्त्याशयस्याप्तश्रद्धारूपस्य मनसो यत्स्थैर्यं=उद्वेगविषादादिभिर्दोषैरक्षोभ्यत्वं, तस्य विशेषोऽतिशयस्तारतम्यलक्षणः सोऽस्यास्तीत्यधिमुक्त्याशयस्थैर्यविशेषवत्, इह=योगचिन्तायाम्, अपरैः=योगिविशेषैः, इष्यते=मन्यते, सत्=संशुद्धम्, अनुष्ठानं यमनियमाभ्यासरूपम् हेतुः=निबन्धनम्, अत्रैव=अस्मिन्नेव तीर्थकरत्वगणधरत्वमुण्डकेवलित्वलक्षणे वस्तुनि साध्ये, तेन तेन नामभेदेन तैरप्युच्यमानेन पुनः सर्वोपकारादिः प्रागेवोपन्यस्तो हेतुरिति। इदमुक्तं भवति-अत्यन्ताप्तगोचर-श्रद्धास्थैर्यवतोऽनुष्ठानात्तीर्थकृत्त्वं, मध्यमश्रद्धासमन्विताद् गणधरत्वं, जघन्यश्रद्धासहितान्मुण्ड-केवलित्वमाप्यत इति परे जगुः ।।२९४।।

ટીકાર્થ :-

अधिमुक्त्याशय ..... जगुः ।। આપ્તશ્રદ્ધારૂપ અધિમુક્તિઆશયવાળા, મનનું જે સ્થૈર્ય=ઉદ્વેગ-વિષાદાદિ દોષો વડે અક્ષોભ્યત્વ, તેનો અર્થાત્ અક્ષોભ્યત્વનો, વિશેષ=તારતમ્યરૂપ અતિશય, તે છે આને એ અધિમુક્તિઆશયસ્થૈર્યવિશેષવાળું સત્=સંશુદ્ધ યમ-નિયમના અભ્યાસરૂપ અનુષ્ઠાન અહીં જ=આ જ તીર્થંકરત્વ-ગણધરત્વ-મુંડકેવલીત્વરૂપ સાધ્ય વસ્તુમાં હેતુ=કારણ અહીં=યોગની વિચારણામાં, બીજાઓ વડે=યોગીવિશેષો વડે, ઇચ્છાય છે.

તેઓ વડે પણ=બીજાઓ વડે પણ, કહેવાતા તે તે નામના ભેદથી સર્વ ઉપકારાદિ પૂર્વમાં જ કહેવાયેલો હેતુ છે=તીર્થંકર-સિદ્ધાદિ પ્રત્યે હેતુ છે.

આ કહેવાયેલું થાય છે - અત્યંત આપ્ત ગોચર શ્રદ્ધા-સ્થૈર્યવાળા અનુષ્ઠાનથી તીર્થંકરપણું, મધ્યમ શ્રદ્ધા સહિત સ્થૈર્યવાળા અનુષ્ઠાનથી ગણધરપણું, જઘન્ય શ્રદ્ધા સહિત સ્થૈર્યવાળા અનુષ્ઠાનથી મુંડકેવલીપણું પ્રાપ્ત થાય છે એ પ્રમાણે બીજા કહે છે. ।।૨૯૪।।

ભાવાર્થ :-

અન્ય આચાર્યો તીર્થંકર, ગણધર અને મુંડકેવલીની પ્રાપ્તિ પ્રત્યે અન્ય પ્રકારના કાર્ય-કારણભાવને કહે છે અર્થાત્ પૂર્વમાં તીર્થંકર નામ પ્રત્યે જગતના જીવોને તારવાનો જે પ્રકારનો પરિણામ કહ્યો તેના કરતાં અન્ય પ્રકારનો કાર્ય-કારણભાવ કહે છે અને તેઓ કહે છે કે જેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી આપ્ત પુરુષોનાં વચનમાં તીવ્ર શ્રદ્ધા હોય છે અને આપ્ત પુરુષોનાં વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં જેઓના મનનું સ્થૈર્ય હોય છે અર્થાત્ ઉદ્વેગ-વિષાદાદિ દોષોથી અક્ષોભ્યપણું હોય છે અને તેવી અત્યંત શ્રદ્ધા અને અત્યંત સ્થૈર્યપૂર્વક ધર્મના ઉચિત અનુષ્ઠાનનું તેઓનું સેવન તીર્થંકરાદિની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેઓનું આપ્ત પુરુષોના વિષયમાં અત્યંત શ્રદ્ધાવાળું અને સ્થૈર્યવાળું અનુષ્ઠાન છે તેઓ તીર્થંકર નામકર્મ બાંધે છે, જેઓ મધ્યમ શ્રદ્ધાથી અને મધ્યમ સ્થૈર્યથી અનુષ્ઠાન કરે છે તેઓ ગણધર નામકર્મ બાંધે છે અને જેઓ જઘન્ય શ્રદ્ધાથી અને જઘન્ય સ્થૈર્યથી સદનુષ્ઠાન કરે છે તેઓ મુંડકેવલી થાય છે.

અહીં વિશેષ એ છે કે મિથ્યાત્વ અવસ્થામાં ભગવાનના વચનમાં કંઈક શ્રદ્ધા હોવા છતાં કંઈક અંશમાં વિપર્યાસ હોવાને કારણે વિપરીત રુચિ પણ છે, જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે ત્યારે સંસાર આખો નિર્ગુણ ભાસે છે, જીવની મુક્ત અવસ્થા સુંદર ભાસે છે અને તે મુક્ત અવસ્થાની પ્રાપ્તિનું કારણ લેશ પણ સંશય રહિત આપ્ત એવા તીર્થંકરનું વચન અને તે વચનાનુસાર પ્રવૃત્તિ ભાસે છે, તેથી મોક્ષમાં જનારા સર્વ જીવોને આપ્તવચનમાં પૂર્ણ શ્રદ્ધા હોય છે અને તેઓનાં વચનાનુસાર પ્રવૃત્તિ કરવા માટે મનનો સ્થિરભાવ હોય છે, તોપણ જે જીવો તીર્થંકર થાય છે તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી આપ્તપુરુષોનાં વચનમાં અત્યંત શ્રદ્ધા થાય છે તેવી શ્રદ્ધા ગણધર અને મુંડકેવલીને થતી નથી, પરંતુ આપ્તપુરુષમાં પૂર્ણ શ્રદ્ધા પણ તીર્થંકરના આત્મા કરતા ગણધરના જીવોમાં મધ્યમ પ્રકારની હોય છે અને મુંડકેવલીમાં જઘન્ય પ્રકારની હોય છે અને તે શ્રદ્ધાના બળથી તે જીવો ઉદ્વેગ-વિષાદાદિ દોષોથી રહિત મનના સ્થૈર્યપૂર્વક સંશુદ્ધ અનુષ્ઠાન સેવે છે તોપણ અત્યંત શ્રદ્ધા અને અત્યંત સ્થૈર્યવાળું અનુષ્ઠાન તીર્થંકરના જીવો સેવે છે, તેથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે તેના કરતાં મધ્યમ કક્ષાનાં શ્રદ્ધા અને સ્થૈર્યથી યુક્ત સંશુદ્ધ અનુષ્ઠાન ગણધરના જીવો સેવે છે, તેથી ગણધર નામકર્મ બાંધે છે, જઘન્ય શ્રદ્ધા અને જઘન્ય સ્થૈર્યથી યુક્ત સંશુદ્ધ અનુષ્ઠાન મુંડકેવલીના જીવો સેવે છે, તેથી બાહ્ય અતિશયતાથી શૂન્ય એવા કેવલીભવની પ્રાપ્તિ થાય છે, તેથી મોક્ષમાર્ગને અનુકૂળ અનુષ્ઠાન બધા જીવો સંશુદ્ધ સેવે છે, ફક્ત શ્રદ્ધા અને સ્થૈર્યના ભેદથી તીર્થંકર-ગણધર આદિના ભેદની પ્રાપ્તિ છે; એ પ્રકારે અન્ય યોગીઓ કહે છે. **॥૨૯૪॥**

**અવતરણિકા :-**

**अत्रैव मतविशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=અધિમુક્તિ આશય અને સ્થૈર્યવિશેષમાં જ, મતવિશેષને કહે છે –**

**શ્લોક :-**

**विशेषं चास्य मन्यन्त, ईश्वरानुग्रहादिति ।**
**प्रधानपरिणामात्तु, तथाऽन्ये तत्त्ववादिनः ।।२९५।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, इति=આ પ્રકારે=પૂર્વશ્લોકમાં કહ્યું એ પ્રકારે, अस्य=આના=અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના, विशेषं=વિશેષને, ईश्वरानुग्रहाद्=ઈશ્વરના અનુગ્રહથી, मन्यन्ते=માને છે=કોઈક માને છે, तु=વળી, अन्ये तत्त्ववादिनः=અન્ય તત્ત્વવાદીઓ, तथा=તે પ્રકારે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું તે પ્રકારે प्रधानपरिणामात्=પ્રધાનના પરિણામથી, આના વિશેષને માને છે. ॥૨૯૫॥**

**શ્લોકાર્થ :-**

**વળી આ પ્રકારે આના વિશેષને ઈશ્વરના અનુગ્રહથી કોઈક માને છે, વળી અન્ય તત્ત્વવાદીઓ તે પ્રકારે પ્રધાન પરિણામથી આના વિશેષને માને છે. ॥૨૯૫॥**

**ટીકા :-**

**विशेषं च=विशेषं पुनरुक्तरूपम्, अस्य=अधिमुक्त्याशयस्थैर्यस्य, मन्यन्ते=इच्छन्ति, ईश्वरकारणिका ईश्वरानुग्रहात्=महेशोपष्टम्भात्, इत्येवमेके, प्रधानपरिणामात्तु-सत्त्वरजस्तमोरूपप्रकृतिपरिणतेः पुनः सकाशात्, तथाऽन्ये तत्त्वादिनः सांख्याः ।।२९५।।**

**ટીકાર્થ :-**

**विशेषं च ..... सांख्याः ।। વળી આના=અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના, વિશેષને=ઉક્તરૂપ વિશેષને, ઈશ્વર કારણિકો ઈશ્વરના અનુગ્રહથી=ઈશ્વરના ઉપષ્ટંભથી, ઇચ્છે છે એ પ્રમાણે કેટલાક માને છે, વળી પ્રધાનના પરિણામથી=સત્ત્વ-રજસ્-તમોરૂપ પ્રકૃતિની પરિણતિથી, અન્ય તત્ત્વવાદી એવા સાંખ્યો તે પ્રકારે માને છે. ॥૨૯૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ તથાભવ્યત્વના કારણે તીર્થંકરત્વ-ગણધરત્વ કે કેવલીત્વ પ્રાપ્ત થાય છે તેમ યુક્તિથી સ્થાપન કર્યું, તેમાં અન્ય આચાર્યોએ અધિમુક્તિનો આશય અને મનનું સ્થૈર્ય, તે બેના ભેદથી તીર્થંકરાદિનો ભેદ થાય છે તેમ કહ્યું. હવે જેઓ ઈશ્વરના અનુગ્રહથી જગતના જીવોનું હિત થાય છે તેમ માને છે તેઓ કહે છે કે જે જીવોને અધિમુક્તિના આશયનો અને મનના સ્થૈર્યનો જે તરતમતારૂપ ભેદ પ્રાપ્ત થાય છે અને જે ભેદને કારણે તીર્થંકરસિદ્ધ ગણધરસિદ્ધ આદિની પ્રાપ્તિ થાય છે તે તરતમતાના ભેદ પ્રત્યે ઈશ્વરનો અનુગ્રહ કારણ છે, તો વળી સાંખ્ય દર્શનવાદી પ્રકૃતિના પરિણામના ભેદથી અધિમુક્તિ આશયના અને મનના સ્થૈર્યના વિશેષની પ્રાપ્તિ છે એમ કહે છે.

અહીં વિશેષ એ છે કે જે જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે તે જીવોમાં અત્યંત અધિમુક્તિનો આશય અને અત્યંત મનના સ્થૈર્યરૂપ વિશેષ પ્રાપ્ત થયો તેના પ્રત્યે ઈશ્વરનો અનુગ્રહ, કારણ છે એમ ઈશ્વર કારણવાદી એકાંતે માને છે, જ્યારે સ્યાદ્વાદી ઈશ્વરનો અનુગ્રહ કથંચિદ્ નિમિત્ત કારણરૂપે સ્વીકારે છે, આથી તીર્થંકરપૂર્વક તીર્થંકરો થાય છે એ પ્રકારનું વચન છે, તેથી પૂર્વના તીર્થંકરના શાસનને પામીને તેમના વચનની પરિણતિના બળથી જ તીર્થંકર નામકર્મ બંધાય છે, તો વળી કેટલાક જીવોને તીર્થંકરના વચનની પરિણતિના બળથી ગણધર નામકર્મ બંધાય છે, તો વળી કેટલાક જીવોને તીર્થંકરના વચનની પરિણતિના બળથી મુંડકેવલી ભવની પ્રાપ્તિ થાય છે, તેથી અધિમુક્તિ આશય-સ્થૈર્યનો વિશેષ સ્યાદ્વાદી અપેક્ષાએ ઈશ્વરના અનુગ્રહથી સ્વીકારે છે, પરંતુ એકાંતે ઈશ્વરના અનુગ્રહથી સ્વીકારતા નથી. વળી સાંખ્ય દર્શનકારો પ્રકૃતિના વૈચિત્ર્યથી

અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના વિશેષની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે, તે પણ સ્યાદ્વાદી અપેક્ષાએ સ્વીકારે છે, આથી જે જીવો સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકર નામકર્મ બાંધે છે ત્યારે આપ્તની અતિશય શ્રદ્ધાનું અને અતિશય મનના સ્થૈર્યનું કારણ એવું દર્શનમોહનીય અને અનંતાનુંબંધિઆદિ કષાયની પરિણતિરૂપ જે તેઓનાં ચારિત્રમોહનીય ક્ષયોપશમથી ઉપબૃંહિત મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમરૂપ જે કર્મ વિદ્યમાન છે, જેના બળથી તેઓ તીર્થંકરનામકર્મ બાંધે છે. તેથી જે પ્રકારનો દર્શનમોહનીયના અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત મતિજ્ઞાનાવરણીય ક્ષયોપશમજન્ય સ્થિરભાવ તીર્થંકર નામકર્મ બાંધનાર મહાત્માને છે તેનાથી હીન પ્રકારના દર્શનમોહનીયના અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત મતિજ્ઞાનાવરણીય ક્ષયોપશમજન્ય સ્થિરભાવ ગણધર નામકર્મ બાંધનાર જીવને વિદ્યમાન છે. માટે અધિમુક્તિ આશય અને સ્થૈર્યના વિશેષ પ્રત્યે ક્ષયોપશમ ભાવવાળું કર્મ પણ સ્યાદ્વાદીને અભિમત છે, માત્ર તીર્થંકર આદિ ભાવોની પ્રાપ્તિ પ્રત્યે એકાંત ઈશ્વરના અનુગ્રહને અથવા એકાંત પ્રકૃતિની પરિણતિને કારણરૂપે- સ્યાદ્વાદી સ્વીકારતા નથી. **॥૨૯૫॥**

**અવતરણિકા :-**

**अत्र प्रतिविधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=અધિમુક્તિ આશયનો અને સ્થૈર્યનો વિશેષ ઈશ્વરના અનુગ્રહથી થાય છે અથવા કર્મપરિણતિથી થાય છે એમ કેટલાક એકાંતે માને છે તેમાં, પ્રતિવિધાન કરે છે=તે પ્રકારનું એકાંત કથન યુક્ત નથી તેમ સ્થાપન કરે છે –**

**શ્લોક :-**

**तत्तत्स्वभावतां मुक्त्वा, नोभयत्राप्यदो भवेत् ।**
**एवं च कृत्वा ह्यत्रापि हन्तैषैव निबन्धनम् ।।२९६।।**

**અન્વયાર્થ :-**

**तत्तत्स्वभावतां मुक्त्वा=તેઓની તત્સ્વભાવતાને છોડીને=તીર્થંકરાદિ થનારા જીવોની તત્સ્વભાવતાને છોડીને, उभयत्रापि=બંને પણ પક્ષમાં=ઈશ્વરના અનુગ્રહરૂપ પક્ષમાં અને પ્રધાનના પરિણામરૂપ પક્ષમાં, अदः=આ=અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના વિશેષવાળું અનુષ્ઠાન, भवेत् न=થતું નથી, च=અને, एवं कृत्वा=આ અર્થ પ્રતિષ્ઠાનો વિષય થયે છતે=તેઓની તત્સ્વભાવતાના કારણે જ તેવું અનુષ્ઠાન થાય છે એ પ્રકારનો અર્થ સ્થાપન થયે છતે, हि=સ્પષ્ટ, अत्रापि=અહીં પણ=ઈશ્વરાદિના અનુગ્રહના સ્વીકારમાં પણ, एषा एव=આ જ=તેઓની તત્સ્વભાવતા જ, निबन्धनम्=કારણ છે=તીર્થંકરાદિને અનુકૂળ અનુષ્ઠાનની નિષ્પત્તિનું કારણ છે. ॥૨૯૬॥**

**શ્લોકાર્થ :-**

**તેઓની તત્સ્વભાવતાને છોડીને બંને પણ પક્ષમાં આ થતું નથી અને આ અર્થ પ્રતિષ્ઠાનો વિષય થયે છતે સ્પષ્ટ અહીં પણ આ જ કારણ છે. ।।૨૯૬।।**

**ટીકા :-**

**तत्तत्स्वभावतां=तस्य तीर्थकरत्वादिरूपफलविशेषभाजो जीवस्य तत्स्वभावता विशेषार्हता ताम्, मुक्त्वा=विहाय, न=नैव उभयत्रापि=ईश्वरानुग्रहपक्षे प्रधानपरिणामपक्षे च, अदः=प्रस्तुतविशेषवद-नुष्ठानम्, भवेत्=जायेत, एवं च कृत्वा=अस्मिंश्चार्थे प्रतिष्ठाविषये कृते सतीत्यर्थः 'हि'=स्फुटम्, अत्र=अपीश्वराद्यनुग्रहाभ्युपगमे, किं पुनरस्मदभ्युपगम इत्यपिशब्दार्थः, हन्त इति पूर्ववत् एषैव= तत्स्वभावतैव, निबन्धनं=हेतुः इत्येतदायत्तैव सर्वकार्यसिद्धिरभ्युपगन्तुमुचितेति ।।२९६।।**

**ટીકાર્થ :-**

**तत्तत्स्वभावतां ..... गन्तुमुचितेति ।। તત્તત્સ્વભાવતાને=તીર્થંકરત્વાદિરૂપ ફલવિશેષને પામનારા તે જીવની વિશેષ યોગ્યતારૂપ તત્સ્વભાવતાને, છોડીને બંને પણ પક્ષમાં=ઈશ્વર અનુગ્રહ પક્ષ અને પ્રધાન પરિણામ પક્ષ એ બંને પણ પક્ષમાં, આ=પ્રસ્તુત વિશેષવાળું અનુષ્ઠાન=અધિમુક્તિઆશય-વિશેષવાળું અને સ્થૈર્યવિશેષવાળું અનુષ્ઠાન થતું નથી જ, અને આ પ્રમાણે કરીને=આ પ્રમાણે આ અર્થ પ્રતિષ્ઠાનો વિષય કરાયે છતે=તેઓની તત્સ્વભાવતાને સ્વીકારવાથી ઈશ્વર અનુગ્રહ પક્ષમાં અને પ્રધાન પરિણામ પક્ષમાં અધિમુક્તિઆશયવિશેષવાળું અને સ્થૈર્યવિશેષવાળું અનુષ્ઠાન સંગત થાય છે એ પ્રકારે અર્થ સ્થાપન કરાયે છતે, हि=સ્પષ્ટ, અહીં પણ=ઈશ્વર આદિ અનુગ્રહના સ્વીકારમાં પણ, શું વળી અમારા અભ્યુપગમમાં ? એ પ્રકારે 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, 'हन्त' એ શબ્દનો અર્થ પૂર્વની જેમ છે=ખરેખર અર્થમાં છે, આ જ કારણ છે=તે જીવોની તત્સ્વભાવતા જ અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના વિશેષવાળા અનુષ્ઠાન પ્રત્યે હેતુ છે, એથી આને આધીન જ=તત્સ્વભાવતાને આધીન જ, સર્વ કાર્યની સિદ્ધિ સ્વીકારવી ઉચિત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૨૯૬।।**

**ભાવાર્થ :-**

જે જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે, ગણધર નામકર્મ બાંધે છે કે મુંડકેવલી થાય છે તેઓના તે ભાવની પ્રાપ્તિનું કારણ અધિમુક્તિઆશય અને સ્થૈર્યવિશેષવાળું અનુષ્ઠાન છે છતાં તીર્થંકરરાદિભાવોની પ્રાપ્તિના કારણભૂત અનુષ્ઠાન વિશેષની પ્રાપ્તિ પ્રત્યે તે જીવોની તત્સ્વભાવતા ન સ્વીકારવામાં આવે તો ઈશ્વરના અનુગ્રહ પક્ષમાં પણ તેવા વિશેષ અનુષ્ઠાનની પ્રાપ્તિ સંગત થાય નહિ અને કર્મપરિણામ પક્ષમાં પણ તે જીવોની તત્સ્વભાવતા ન સ્વીકારવામાં આવે તો તેવા વિશેષ અનુષ્ઠાનની પ્રાપ્તિ સંગત થાય નહિ; કેમ કે

જે વસ્તુમાં જે રૂપે થવાનો સ્વભાવ ન હોય તે સ્વરૂપે તે વસ્તુને કરવા માટે ઈશ્વર હજાર પ્રયત્ન કરે તોપણ તે વસ્તુમાંથી તે કાર્ય થઈ શકે નહિ, આથી ક્યારે ય ઈશ્વરના પ્રયત્નથી પરમાણુ જીવ બનતો નથી અને જીવ પુદ્ગલ બનતો નથી તેમ જે જીવો તીર્થંકરની પ્રાપ્તિનું કારણ બને તેવું વિશિષ્ટ અનુષ્ઠાન સેવે છે તે જીવોમાં તત્સ્વભાવતા સ્વીકારીએ તો જ ઈશ્વરના અનુગ્રહથી તીર્થંકરના જીવોમાં તેવું વિશિષ્ટ અનુષ્ઠાન થાય છે તેમ સંગત થઈ શકે, વળી કર્મની પ્રકૃતિના બળથી પણ તીર્થંકરના જીવો તેવું વિશિષ્ટ અનુષ્ઠાન કરે છે તેમ સ્વીકારવામાં પણ તીર્થંકરના જીવોની તત્સ્વભાવતાને અવશ્ય સ્વીકારવી પડે.

તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરના જીવોનો તેવો જ સ્વભાવ છે કે જેથી ઈશ્વરના અનુગ્રહને પામીને કે કર્મપ્રકૃતિના પરિણામને પામીને તેવું વિશિષ્ટ અનુષ્ઠાન કરે છે, જેથી તીર્થંકર થાય છે, તે રીતે ગણધર આદિના જીવો પણ તેમના તેવા સ્વભાવને કારણે જ ઈશ્વરના અનુગ્રહને કારણે અથવા તેવા કર્મ-પરિણામને કારણે તેવા પ્રકારનું વિશિષ્ટ અનુષ્ઠાન સેવે છે, આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે જીવમાં જે જે પ્રકારનાં વિલક્ષણ કાર્યો થાય છે તે તે પ્રકારનાં વિલક્ષણ કાર્યોની સિદ્ધિ પ્રત્યે તે જીવની તે કાર્યને અનુકૂળ સ્વભાવતા જ કારણ છે, એથી જીવના સ્વભાવને આધીન જ જીવમાં થતાં સર્વ કાર્યોની સિદ્ધિ સ્વીકારવી ઉચિત છે. **॥૨૯૬॥**

**અવતરણિકા :-**

**अथ कथञ्चित्परमतमप्यनुमन्यमान आह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કથંચિત્ પરમતને પણ=તીર્થંકરાદિ કાર્ય પ્રત્યે ઈશ્વર અનુગ્રહાદિને કારણ માનતા પરમતને પણ, સ્વીકારતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**आर्थ्यं व्यापारमाश्रित्य, न च दोषोऽपि विद्यते ।**
**अत्र माध्यस्थ्यमालम्ब्य, यदि सम्यग्निरूप्यते ।।२९७।।**

**અન્વયાર્થ :-**

**आर्थ्यं व्यापारमाश्रित्य=આર્થ્ય વ્યાપારને આશ્રયીને=અર્થથી પ્રાપ્ત વ્યાપારને આશ્રયીને, दोषोऽपि न च विद्यते=દોષ પણ વિદ્યમાન નથી જ=તીર્થંકરના અનુગ્રહથી કે પ્રધાનના પરિણામથી જીવને તીર્થંકરાદિનું કારણ બને તેવું વિશિષ્ટ અનુષ્ઠાન પ્રાપ્ત થાય છે એમ સ્વીકારવામાં દોષ પણ નથી જ, यदि=જો, माध्यस्थ्यमालम्ब्य=માધ્યસ્થ્યનું આલંબન લઈને=કદાગ્રહ વગર વસ્તુના યથાર્થ સ્વરૂપને જોનારી નિર્મળ દૃષ્ટિનું અવલંબન લઈને, अत्र=અહીં=ઈશ્વર અનુગ્રહાદિમાં, सम्यग्निरूप्यते=સમ્યગ્ ચિંતવન કરાય તો દોષ પણ નથી એમ શ્લોકના પૂર્વાર્ધ સાથે સંબંધ છે. ॥૨૯૭॥**

**શ્લોકાર્થ :-**

**આર્થ્યં વ્યાપારને આશ્રયીને દોષ પણ વિદ્યમાન નથી જ, જો માધ્યસ્થ્યનું આલંબન લઈને અહીં સમ્યગ્ ચિંતવન કરાય તો દોષ પણ નથી એમ શ્લોકના પૂર્વાર્ધ સાથે સંબંધ છે. ।।૨૯૭।।**

**ટીકા :-**

**आर्थ्यं=सामर्थ्यप्राप्तम् व्यापारमीश्वराद्यनुग्रहरूपम्, आश्रित्य=अपेक्ष्य, न च=नैव, दोषोऽपि= अपराधः स्वमतपरिहाररूपः, विद्यते=समस्ति, युक्तियुक्तार्थाभ्युपगमे पुनर्गुण एवेत्यपिशब्दार्थः, कथमित्याह–अत्र=ईश्वरानुग्रहादौ, माध्यस्थ्यं=मध्यस्थभावं, आलम्ब्य=आश्रित्य, यदि=चेत्, सम्यक्= यथावत्, निरूप्यते=चिन्त्यते ।।२९७।।**

**ટીકાર્થ :-**

**आर्थ्यं ..... चिन्त्यते ।। આર્થ્યંને=સામર્થ્ય પ્રાપ્ત ઈશ્વરાદિ અનુગ્રહરૂપ વ્યાપારને, આશ્રયીને=અપેક્ષા રાખીને, દોષ પણ=સ્વમતના પરિહારરૂપ અપરાધ પણ, વિદ્યમાન નથી જ, વળી યુક્તિયુક્ત અર્થના સ્વીકારમાં ગુણ જ છે એ પ્રકારે 'दोषोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. કેમ દોષ નથી ? એથી કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – અહીં=ઈશ્વરના અનુગ્રહાદિમાં માધ્યસ્થ્યનું આલંબન લઈને=મધ્યસ્થ ભાવનું આશ્રયણ કરીને, જો સમ્યગ્=યથાવત્, ચિંતવન કરાય તો દોષ પણ નથી' એમ અન્વય છે. ।।૨૯૭।।**

**ભાવાર્થ :-**

જે જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે, જે જીવો ગણધર નામકર્મ બાંધે છે તે જીવો તેને અનુરૂપ અધિમુક્તિ આશયના અને સ્થૈર્યના ભેદવાળું સંશુદ્ધ અનુષ્ઠાન સેવે છે અને તેવું સંશુદ્ધ અનુષ્ઠાન સેવવા પ્રત્યે તે જીવોની તત્સ્વભાવતા કારણ છે, તેથી તે પ્રકારની તેઓની સ્વભાવતાને કારણે તેઓ તે અનુષ્ઠાન સેવીને તીર્થંકર નામકર્મનો કે ગણધર નામકર્મનો બંધ થાય તેવો અધ્યવસાય કરે છે, તેથી તેઓની તે પ્રકારની સ્વભાવતા તે અનુષ્ઠાનના બળથી તીર્થંકરયોગ્ય કે ગણધરયોગ્ય એવા અધ્યવસાયરૂપે પરિણમન પામે છે તે વખતે તે અધ્યવસાય પ્રત્યે તેઓનો તે પ્રકારના અનુષ્ઠાનનો વ્યાપાર સાક્ષાત્ કારણ છે અને તે પ્રકારનું અનુષ્ઠાન તેઓ કોઈક તીર્થંકરના વચનના અવલંબનથી કરે છે, તેથી પૂર્વના તીર્થંકરરૂપ ઈશ્વરનો અનુગ્રહ પણ અર્થથી તે પ્રકારના અનુષ્ઠાન પ્રત્યે કારણ છે અને તેઓમાં રાગાદિ આપાદક કર્મો અને મતિજ્ઞાનના ક્ષયોપશમરૂપ કર્મો વિદ્યમાન હતાં અને જ્યારે તે તીર્થંકરનો જીવ તીર્થંકર નામકર્મને અનુકૂળ અધ્યવસાય થાય તેવો વ્યાપાર કરે છે ત્યારે રાગાદિ આપાદક મોહનીય કર્મ પણ તે પ્રકારના ક્ષયોપશમ ભાવવાળું થઈને વીતરાગના વચનમાં દૃઢ રાગ ઉત્પન્ન કરે તેવા મતિજ્ઞાનના ક્ષયોપશમ ભાવ રૂપે ઉદયમાં વર્તે છે, તેથી તે રાગાદિ આપાદક ક્ષયોપશમ ભાવવાળું કર્મ તે પ્રકારના અનુષ્ઠાન પ્રત્યે નિમિત્ત કારણ છે, તેથી

તીર્થંકર નામકર્મને અનુકૂળ અધ્યવસાય પ્રત્યે જીવની યોગ્યતા ઉપાદાનરૂપે કારણ છે તે પ્રકારનો જીવનો વ્યાપાર યોગ્યતાને કાર્યરૂપે પરિણમન પમાડવા પ્રત્યે સાક્ષાત્ કારણ છે, ઈશ્વરના વચનનું અવલંબન તે પ્રકારના વ્યાપારમાં સહાયક કારણ છે, ઉદયમાન કર્મ તે પ્રકારના અધ્યવસાય પ્રત્યે નિમિત્ત રૂપે કારણ છે, તેથી અર્થપ્રાપ્ત વ્યાપારને આશ્રયીને ઈશ્વરનો અનુગ્રહ અને પ્રકૃતિનો પરિણામ પણ જે રીતે કારણ છે, તે રીતે સમ્યગ્ વિચારવામાં આવે તો દોષ નથી, પરંતુ એમ કહેવામાં આવે કે ઈશ્વરના અનુગ્રહથી જ તેવું સંશુદ્ધ અનુષ્ઠાન થાય છે અથવા પ્રકૃતિના પરિણામથી જ તેવું સંશુદ્ધ અનુષ્ઠાન થાય છે તો અનુભવની સાથે તે વચન વિરોધી છે. માટે અનુભવ અનુસાર બધાં કારણોને પોતપોતાના સ્થાને કારણરૂપે સ્વીકારવા ઉચિત છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. માટે મધ્યસ્થતા પૂર્વક અનુભવ અનુસાર પદાર્થને સ્વીકારવાનો યત્ન જ વિવેકનું ફળ છે જેનાથી મધ્યસ્થતાની વૃદ્ધિ થાય છે. તેથી અનુભવ અનુસાર જ પદાર્થને સ્વીકારવો જોઈએ. **॥૨૯૭॥**

**અવતરણિકા :-**

**अथार्थ्यमेव व्यापारमाचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે આર્થ્ય વ્યાપારને જ=જીવમાં સંશુદ્ધ અનુષ્ઠાનની નિષ્પત્તિ પ્રત્યે ઈશ્વરના અર્થપ્રાપ્ત વ્યાપારને જ, કહે છે –**

**શ્લોક :-**

**गुणप्रकर्षरूपो यत्, सर्वैर्वन्द्यस्तथेष्यते ।**
**देवतातिशयः कश्चित्, स्तवादेः फलदस्तथा ।।२९८।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી, सर्वैः=સર્વ વડે, कश्चिद् गुणप्रकर्षरूपः देवतातिशयः=કોઈક ગુણપ્રકર્ષરૂપ દેવતાતિશય, तथा=તે પ્રકારે, वंद्यः=વંદ્ય, इष्यते=ઈચ્છાય છે, तथा=અને, स्तवादेः फलदः=સ્તવાદિના ફલને દેનાર ઈચ્છાય છે. (તે કારણથી અર્થપ્રાપ્ત ઈશ્વરનો અનુગ્રહ સર્વ જીવોના કાર્ય પ્રત્યે કારણ છે.) ॥૨૯૮॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સર્વ વડે કોઈક ગુણપ્રકર્ષરૂપ દેવતાતિશય તે પ્રકારે વંદ્ય ઈચ્છાય છે અને સ્તવાદિના ફલને દેનાર ઈચ્છાય છે. ॥૨૯૮॥**

**ટીકા :-**

गुणप्रकर्षरूपो=ज्ञानादिप्रकृष्टगुणस्वभावः, यद्=यस्मात्, सर्वैर्मुमुक्षुभिः वन्द्यो=वन्दनीयः, तथा=

**तत्प्रकारः, इष्यते=मन्यते, देवतातिशयो=विशिष्टदेवताख्यः, कश्चिज्जिनादिः, स्तवादेः= स्तवनपूजननमनानुध्यानादेः क्रियायाः, फलदः, स्वर्गापवर्गादिफलदायी, 'तथा' इति समुच्चये। अत्र यद्यपि स्वकर्तृका स्तवादिक्रिया फलं प्रयच्छति, तथापि स्तवनीयालम्बनत्वेन तस्यास्तत्स्वामिकत्वमिति स्तोतव्यनिमित्त एव स्तोतुः फललाभ इति ।।२९८।।**

**ટીકાર્થ :-**

**गुणप्रकर्षरूपो ..... फललाभ इति ।। જે કારણથી ગુણપ્રકર્ષરૂપ=જ્ઞાનાદિ પ્રકૃષ્ટ ગુણસ્વભાવવાળા, વંદ્ય=વંદનીય, સર્વ મુમુક્ષુઓ વડે તે પ્રકારે દેવતાતિશય=વિશિષ્ટ દેવતા નામવાળા, કોઈક જિનાદિ ઈચ્છાય છે અને સ્તવન આદિના=સ્તવન-પૂજન-નમન-અનુધ્યાનાદિ ક્રિયાના, ફલને દેનારા=સ્વર્ગ-અપવર્ગ આદિ ફલને દેનારા, ઈચ્છાય છે, શ્લોકના અંતે રહેલો 'तथा' શબ્દ સમુચ્ચય અર્થમાં છે, અહીં=જીવમાં પ્રગટ થતા ફલમાં, જો કે સ્વકર્તૃકા સ્તવાદિ ક્રિયા ફલ આપે છે, તોપણ સ્તવનીયના આલંબનપણાથી તેનું=ક્રિયાનું, તત્સ્વામિકપણું=વંદ્ય સ્વામિકપણું છે, એથી સ્તોતવ્યતા નિમિત્તવાળો જ=સ્તોતવ્ય એવા તીર્થંકરાદિના નિમિત્તવાળો જ, સ્તુતિ કરનારને ફલનો લાભ છે.**

**'इति' શબ્દ 'अत्र'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ।।૨૯૮।।**

**ભાવાર્થ :-**

જેઓ મોક્ષના અર્થે ઈશ્વરની ઉપાસના કરે છે, તેઓ ઉપાસ્ય એવા ઈશ્વરને ગુણપ્રકર્ષવાળા સ્વીકારે છે અને તે ઈશ્વરની ભક્તિ કરવાથી સ્તુતિ કરનારાને ઈશ્વર ફલને દેનારા છે તેમ સ્વીકારે છે તે વચનને અનુસાર પણ વિચારીએ તો સ્તવનની ક્રિયા જોકે સ્તવન કરનાર પુરુષમાં છે તોપણ તે ક્રિયાનું આલંબન સ્તવનીય એવા ઈશ્વર છે, તેથી તે સ્તવન ક્રિયા ઈશ્વરની છે તેમ ઉપચારથી સ્યાદ્વાદી સ્વીકારે છે, તેથી સ્તુતિ કરનારને ફલની પ્રાપ્તિ થાય છે તેના પ્રત્યે સ્તોતવ્ય એવા ઈશ્વર નિમિત્ત કારણ છે તેમ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી, તોપણ સ્તુતિ કરનાર પુરુષના તે પ્રકારના સાક્ષાત્ વ્યાપારથી જ તે સ્તુતિ કરનાર પુરુષનું તથાભવ્યત્વ તે પ્રકારના પરિપાકને પામે છે, ફક્ત સ્તુતિ કરનારના તે પ્રકારના વ્યાપારના આલંબનરૂપ ઈશ્વર હોવાથી ઈશ્વર પણ ફલ પ્રત્યે કારણ છે તેમ અર્થ વ્યાપારથી પ્રાપ્ત થાય છે=અર્થપ્રાપ્ત વ્યાપારથી પ્રાપ્ત થાય છે –

જેમ શ્રેણિક મહારાજાએ વીરભગવાનના ધ્યાનથી તીર્થંકર નામકર્મ બાંધ્યું, તે વખતે શ્રેણિક મહારાજાનું ધ્યાન શ્રેણિક મહારાજાના તથાભવ્યત્વને તે અધ્યવસાય રૂપે પરિણમન પમાડે છે જેનાથી તીર્થંકર નામકર્મનો બંધ થયો, તોપણ શ્રેણિક મહારાજાના ધ્યાનના વિષયરૂપ ઈશ્વર એવા વીરભગવાન તે ધ્યાનનું આલંબન હોવાથી ઈશ્વર એવા વીરભગવાનથી તીર્થંકર નામકર્મના બંધને અનુકૂળ સંશુદ્ધ અનુષ્ઠાન શ્રેણિક મહારાજાને પ્રાપ્ત થયું, તેથી અર્થપ્રાપ્ત તીર્થંકરનો અનુગ્રહ પણ કારણરૂપે સ્વીકારવામાં કોઈ દોષ નથી. **।।૨૯૮।।**

**અવતરણિકા :-**

अथ द्वितीयानुग्रह(हं)भावनायाह –

**અવતરણિકાર્થ :-**

હવે બીજા અનુગ્રહને ભાવન કરવા માટે=ઈશ્વરના અનુગ્રહથી અતિરિક્ત કર્મપ્રકૃતિના અનુગ્રહરૂપ બીજા અનુગ્રહને ભાવન કરવા માટે, કહે છે –

**શ્લોક :-**

**भवंश्चाप्यात्मनो यस्मादन्यतश्चित्रशक्तिकात् ।**
**कर्माद्यभिधानादेर्नान्यथातिप्रसङ्गतः ।।२९९।।**

**અન્વયાર્થ :-**

च=અને, यस्माद्=જે કારણથી, चित्रशक्तिकात् अन्यतः कर्माद्यभिधानादेः=ચિત્રશક્તિવાળા અન્ય એવા કર્માદિ અભિધાનાદિથી, आत्मनः भवन् अपि=આત્માનો થતો પણ (પ્રસ્તુત વિશેષ=તીર્થંકર નામકર્મના બંધને અનુકૂળ એવો અધ્યવસાયવિશેષ), अन्यथा न=અન્યથા નથી=જીવની સ્વભાવતા વગર નથી, अतिप्रसङ्गतः=કેમ કે અતિપ્રસંગ છે. (તે કારણથી સર્વત્ર સ્વયોગ્યતા જ કાર્ય પ્રત્યે પ્રધાન કારણ છે.) ।।૨૯૯।।

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી ચિત્રશક્તિવાળા અન્ય એવા કર્માદિ અભિધાનાદિથી આત્માનો થતો પણ પ્રસ્તુત વિશેષ અન્યથા નથી; કેમ કે અતિપ્રસંગ છે. ।।૨૯૯।।**

**ટીકા :-**

भवंश्चापि=जायमानोऽपि प्रस्तुतो विशेषः, आत्मनो=जीवस्य, यस्मात्कारणात् अन्यतो=व्यतिरिक्तात्, चित्रशक्तिकात्=नानारूपसामर्थ्यात्, कीदृशादित्याह–कर्मादि=कर्म अविद्याक्लेशादिरूपं, अभिधानादेः= अभिधानं आदिशब्दात् स्वरूपं वा यस्य तत्तथा तस्मात्, विपक्षे बाधामाह–न=नैव, अन्यथा= तत्तत्स्वभावतां मुक्त्वा, कुत इत्याह–अतिप्रसङ्गतः=अतिव्याप्तेः, यदि हि स्वयोग्यतामन्तरेणापि कर्मकृतोऽनुग्रहः स्यात्, तदा सर्वजीवानामसावविशेषेण स्यादिति। तस्मात्सर्वत्र स्वयोग्यतैव प्रधानो हेतुरिति ।।२९९।।

**ટીકાર્થ :-**

भवंश्चापि ..... हेतुरिति ।। અને જે કારણથી ચિત્રશક્તિવાળા અન્યથી=જુદા જુદા સામર્થ્યવાળા આત્માથી વ્યતિરિક્ત એવા અન્યથી, આત્માને થતો પણ=જીવને થતો પણ પ્રસ્તુત વિશેષ. કેવા

**પ્રકારના અન્યથી ? એથી કહે છે – કર્માદિ=કર્મ-અવિદ્યા-ક્લેશાદિરૂપ અભિધાન અથવા સ્વરૂપ છે જેને તે તેવા છે તેનાથી થતો એવો પ્રસ્તુત વિશેષ છે એમ અન્વય છે, 'अभिधानादि'માં 'आदि' શબ્દથી સ્વરૂપનું ગ્રહણ છે.**

**વિપક્ષમાં=તત્સ્વભાવતાને છોડીને માત્ર કર્મથી પ્રસ્તુત વિશેષ થાય છે તેમ સ્વીકારવારૂપ વિપક્ષમાં, બાધાને કહે છે – અન્યથા=તેની તત્સ્વભાવતાને છોડીને=આત્માની તે કાર્યને અનુરૂપ સ્વભાવતાને છોડીને, નથી જ થતો=પ્રસ્તુત વિશેષ નથી જ થતો. કેમ આત્માની તત્સ્વભાવતા વગર પ્રસ્તુત વિશેષ નથી થતો ? એથી કહે છે – અતિપ્રસંગ હોવાથી=અતિવ્યાપ્તિ હોવાથી, નથી જ થતો.**

તે અતિપ્રસંગ સ્પષ્ટ કરે છે –

**જો સ્વયોગ્યતા વગર પણ કર્મકૃત અનુગ્રહ થાય તો સર્વ જીવોને આ= પ્રસ્તુત વિશેષરૂપ અનુગ્રહ, અવિશેષથી થવો જોઈએ. 'इति' શબ્દ 'यदि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.**

શ્લોકના કથનનો ફલિતાર્થ બતાવે છે –

**તે કારણથી સર્વત્ર સ્વયોગ્યતા જ પ્રધાન હેતુ છે=વસ્તુમાં થતા કાર્ય પ્રત્યે ઉપાદાન કારણમાં રહેલ કાર્યની યોગ્યતા જ પ્રધાન હેતુ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૨૯૯॥**

**ભાવાર્થ :-**

તીર્થંકરના જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે તે વખતે તેમના આત્મામાં તીર્થંકર નામકર્મના બંધને અનુકૂળ અધ્યવસાય થાય છે. તે અધ્યવસાય જીવનું મૂળભૂત સ્વરૂપ નથી, પરંતુ કર્મવાળો જીવ તે પ્રકારનો અધ્યવસાય કરે છે તે વખતે તે અધ્યવસાયની પ્રાપ્તિ પ્રત્યે તે જીવનું ક્ષયોપશમ ભાવવાળું ઉદયમાન કર્મ પણ કારણ છે, છતાં તે જીવની તત્સ્વભાવતાને છોડીને તે પ્રકારનો અધ્યવસાય કર્મથી થઈ શકતો નથી; કેમ કે જીવની સ્વભાવતા વગર પણ જીવમાં રહેલું કર્મ તે પ્રકારનો અનુગ્રહ કરતું હોય તો સર્વ જીવોમાં અવિશેષથી તે જીવોનું કર્મ તે પ્રકારના અધ્યવસાયને કરે તેમ માનવાનો પ્રસંગ આવે અર્થાત્ સર્વ જીવોમાં મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અને દર્શનમોહનીય કર્મ વિદ્યમાન છે, એથી જેમ તીર્થંકરના આત્માનું કર્મ દર્શનમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત મતિજ્ઞાનના ક્ષયોપશમવિશેષરૂપે થઈને તીર્થંકર નામકર્મના બંધનું કારણ બને તેવો અધ્યવસાય કરે છે તેમ અન્ય જીવોનું પણ તે કર્મ અન્ય જીવોમાં તે પ્રકારનો અધ્યવસાય કરે તેમ માનવાનો અતિપ્રસંગ આવે અને બધા જીવો તેવો અધ્યવસાય કરતા નથી, આથી બધા જીવો તીર્થંકર થતા નથી તેથી માનવું પડે કે તીર્થંકરના જીવમાં તે પ્રકારના અધ્યવસાયરૂપ કાર્યને કરે તેવી યોગ્યતારૂપ તત્સ્વભાવતા હતી, તેથી તીર્થંકરના જીવમાં વર્તતું દર્શનમોહનીય અને જ્ઞાનાવરણીય કર્મ તે પ્રકારના ક્ષયોપશમ વિશેષરૂપે પરિણમન પામ્યું, માટે તે કર્મથી તે અધ્યવસાયવિશેષ થયો, છતાં કર્મથી જ તે અધ્યવસાયવિશેષ થયો નથી, પરંતુ તીર્થંકરના જીવની તે પ્રકારની યોગ્યતાને કારણે જ તેમનામાં વિદ્યમાન એવું કર્મ અન્ય જીવો કરતાં વિલક્ષણરૂપે પરિણમન પામીને તીર્થંકર નામકર્મના બંધના અધ્યવસાયનું

કારણ થયું, માટે તીર્થંકરના જીવમાં રહેલી યોગ્યતા જ તે પ્રકારના અધ્યવસાય પ્રત્યે મુખ્ય કારણ છે, તેથી સર્વ કાર્યો પ્રત્યે યોગ્યતા જ પ્રધાન હેતુ છે.

અહીં શ્લોકમાં કર્માદિ કહ્યું અને અભિધાનાદિ કહ્યું તેથી એ પ્રાપ્ત થાય કે જૈનો જેને કર્મ કહે છે તેને જ અન્ય દર્શનવાળા અવિદ્યા કહે છે, તો વળી અન્ય કોઈ દર્શનવાળા ક્લેશ કહે છે.

તેથી એ ફલિત થાય કે આત્મામાં સંલગ્ન એવું કર્મ હોવાથી આત્મા શુદ્ધ સ્વરૂપવાળો નથી, તેથી તીર્થંકર નામકર્મના બંધકાળમાં જે મતિજ્ઞાનનો ક્ષયોપશમભાવનો ઉપયોગ છે તે અવિદ્યારૂપ છે અથવા ક્લેશરૂપ છે; કેમ કે સંપૂર્ણ ક્લેશ વગરની સિદ્ધ અવસ્થા છે તેવો તે પરિણામ નથી, માટે તે અધ્યવસાય કલ્યાણનું કારણ હોવા છતાં આત્માની વિકૃતિ હોવાથી ક્લેશરૂપ છે, આથી જ તે અધ્યવસાયથી તીર્થંકરજન્મની પ્રાપ્તિ થાય તેવું કર્મ બંધાય છે.

વળી જો જીવની યોગ્યતા વગર પૂર્વનાં કર્મોના કારણે જ તેવો અધ્યવસાયવિશેષ તીર્થંકરના જીવોમાં થતો હોય તો સંસારવર્તી સર્વ જીવોમાં પૂર્વમાં બંધાયેલાં કર્મો સમાનરૂપે તેવાં પ્રાપ્ત જોઈએ અને સમાનરૂપે જ કાર્ય કરનારાં થવા જોઈએ, વસ્તુતઃ જીવ પોતાની યોગ્યતા અનુસાર કર્મના ઉદયને ક્ષયોપશમભાવરૂપે કરે છે અને પોતાની યોગ્યતા અનુસાર નવાં કર્મ બાંધે છે, તેથી તીર્થંકરના જીવો પોતાની યોગ્યતા અનુસાર તે તે ભવમાં તે તે કર્મો બાંધે છે અને તે તે કર્મોને ક્ષયોપશમભાવવાળાં કરે છે, આથી જ તીર્થંકરના જીવો સમ્યક્ત્વ પામ્યા પછી પોતાની યોગ્યતા અનુસાર પોતાનાં કર્મોને ક્ષયોપશમભાવરૂપે પમાડે છે, તેથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, ગણધરના જીવો પણ પોતાની યોગ્યતા અનુસાર પોતાનાં કર્મોને તે પ્રકારે ક્ષયોપશમભાવરૂપે પરિણમન પમાડે છે, જેથી ગણધર નામકર્મનો બંધ થાય છે, તેથી કર્મકૃત જીવમાં તે તે ભાવો થતા હોવા છતાં જીવની યોગ્યતા જ તે ભાવો પ્રત્યે મુખ્ય કારણ છે. **॥૨૯૯॥**

**અવતરણિકા :-**

**उपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહારને કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૯૫માં ઈશ્વરના અનુગ્રહથી અને પ્રધાનના પરિણામથી અધિમુક્તિ આશયનો અને સ્થૈર્યનો વિશેષ થાય છે તેમ બતાવ્યું અને તે મત એકાંતે સંમત નથી, પરંતુ અર્થવ્યાપારથી સંગત છે તેની સ્પષ્ટતા શ્લોક-૨૯૯ સુધી કરી. હવે તે સર્વ કથનના ઉપસંહારને કહે છે –

**શ્લોક :-**

**माध्यस्थ्यमवलम्ब्यैवमैदम्पर्यव्यपेक्षया ।**
**तत्त्वं निरूपणीयं स्यात्, कालातीतोऽप्यदोऽब्रवीत् ।।३००।।**

**અન્વયાર્થ :-**

माध्यस्थ्यमवलम्ब्य=મધ્યસ્થપણાનું અવલંબન લઈને, एवम्=આ રીતે=શ્લોક-૨૯૬થી ૨૯૯ સુધી બતાવ્યું એ રીતે, ऐदम्पर्यव्यपेक्षया=ઐદંપર્યની અપેક્ષાથી=યથાસ્થાન યોજનપૂર્વક તેના પરમાર્થની અપેક્ષાથી, तत्त्वं=તત્ત્વ=દેવતાદિ રૂપ તત્ત્વ, निरूपणीयं स्यात्=ચિંતનીય થાય, कालातीतोऽपि=કાલાતીતે પણ, अदः=આને, अब्रवीत्=કહ્યું છે. ॥૩૦૦॥

**શ્લોકાર્થ :-**

**મધ્યસ્થપણાનું અવલંબન લઈને આ રીતે ઐદંપર્યની અપેક્ષાથી તત્ત્વ ચિંતનીય થાય, કાલાતીતે પણ આને કહ્યું છે. ॥૩૦૦॥**

**ટીકા :-**

माध्यस्थ्यं=स्वपक्षानुरागपरपक्षद्वेषयोरन्तरालस्थायित्वम्, अवलम्ब्य एवं=उक्तयुक्त्या, ऐदम्पर्यव्यपेक्षया= परमार्थपर्यालोचनेन, तत्त्वं दैवतादिरूपम् निरूपणीयं=चिन्तनीयम्, स्याद्=भवेत्, तच्चिन्तने च गुणप्रकर्षरूपाणां देवताविशेषाणामात्मविशेषाभिधायिनां बाह्यस्य च कर्मणः तथाविधसंज्ञाभेदेऽपि न कश्चिद् भेदोऽस्तीति, अथ परमतेनापि संवादयन्नाह-कालातीतोऽपि शास्त्रकृद्विशेषः, किं पुनर्वयमित्यपिशब्दार्थः अदः=एतद्, अब्रवीत्=उक्तवान् ॥३००॥

**ટીકાર્થ :-**

माध्यस्थ्यं ..... उक्तवान् ॥ માધ્યસ્થ્યનું અવલંબન કરીને=સ્વપક્ષ અનુરાગ અને પરપક્ષ દ્વેષના અંતરાલ સ્થાયિપણાનું અવલંબન લઈને, આ રીતે=ઉક્તયુક્તિથી=શ્લોક-૨૯૬થી ૨૯૯ સુધી બતાવ્યું એ યુક્તિથી, ઐદંપર્યની અપેક્ષાથી=પરમાર્થના પર્યાલોચનથી, દેવતાદિરૂપ તત્ત્વ નિરૂપણીય થાય=ચિંતનીય થાય અને તેના ચિંતનમાં આત્મવિશેષ અભિધાયિ એવા ગુણપ્રકર્ષરૂપ દેવતાવિશેષોનો તથાવિધ સંજ્ઞાનો ભેદ હોવા છતાં પણ કોઈ ભેદ નથી અને બાહ્ય એવા કર્મનો તથાવિધ સંજ્ઞાનો ભેદ હોવા છતાં પણ કોઈ ભેદ નથી. 'इति' શબ્દ 'तच्चिन्तने च'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.

હવે પરમતથી પણ સંવાદનને કરતા=પરમતના વચનથી પણ દેવતાવિશેષમાં અને કર્મવિશેષમાં નામભેદથી અતિરિક્ત અન્ય વિશેષ નથી, તેનું ચિંતવન કરવું જોઈએ એ કથનને બતાવતા, ગ્રંથકારશ્રી શ્લોકના ચોથા પાદથી કહે છે – કાલાતીતે પણ=શાસ્ત્રકારવિશેષ એવા કાલાતીતે પણ, આને= ગ્રંથકારશ્રીએ જે કહ્યું એને, કહ્યું છે, શું વળી અમે ? એ 'कालातीतोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૩૦૦॥

**ભાવાર્થ :-**

શ્લોક-૨૯૪માં કહ્યું કે તીર્થંકર નામકર્મ, ગણધર નામકર્મ અને મુંડકેવલી પ્રત્યે અધિમુક્તિ આશયના

વિશેષવાળું અને સ્થૈર્ય વિશેષવાળું સંશુદ્ધ અનુષ્ઠાન કારણ છે અને તેમાં ઈશ્વરનો અનુગ્રહ અને કર્મપરિણતિ કઈ રીતે કારણ છે તે શ્લોક-૨૯૯ સુધી અનુભવ અનુસાર બતાવ્યું, એ રીતે માધ્યસ્થ્યનું અવલંબન લઈને તાત્પર્યને સ્પર્શે તે પ્રકારે દેવતાવિશેષના અને બાહ્ય એવા કર્મના વિષયમાં પણ વિચારણા કરવી જોઈએ.

આશય એ છે કે સંસારથી અતીત અવસ્થાની પ્રાપ્તિના અર્થી સર્વ દર્શનકારો ઉપાસ્ય દેવને સ્વીકારીને તેની ઉપાસનાથી સંસારથી અતીત અવસ્થા પ્રાપ્ત થાય છે તેમ માને છે અને સંસારઅવસ્થાનું કોઈક કારણ છે જેના કારણે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે તેમ માને છે, આમ છતાં સર્વ દર્શનકારો પોતાના ઉપાસ્ય દેવને જુદા જુદા નામથી કહે છે અને સંસારનું કારણ જીવ સાથે સંબંધવાળું કર્મ છે એમ જૈન દર્શનકાર કહે છે તેને જ અન્ય અન્ય નામથી અન્ય દર્શનકારો સ્વીકારે છે અને તે બે વસ્તુના સ્વીકારથી જ યોગમાર્ગની પ્રવૃત્તિ સંગત થાય છે; કેમ કે જો આત્મા સાથે કર્મ નામનો પદાર્થ ન હોય તો સંસારઅવસ્થા અને મુક્ત અવસ્થાનો ભેદ સંગત થાય નહિ અને સંસારના ઉચ્છેદ માટે ઉપાસ્ય દેવને ન સ્વીકારવામાં આવે તો તેની ઉપાસના વગર સંસારનો ઉચ્છેદ થાય નહિ, તેથી ઉપાસ્ય એવું દેવતત્ત્વ અને સંસારનું કારણ એવું કર્મતત્ત્વ એ બે વસ્તુનો યથાર્થ નિર્ણય કરવા મધ્યસ્થતાપૂર્વક યત્ન કરવો જોઈએ, જેથી ઉપાસ્ય દેવનું સ્વરૂપ કેવું છે અને સંસારનું કારણ એવું કર્મ કેવું છે તેનો યથાર્થ બોધ થાય અને કર્મ કઈ રીતે સંસારનું કારણ છે અને પૂર્ણ પુરુષરૂપ દેવતાની કઈ રીતે ઉપાસના કરવાથી સંસારનો ઉચ્છેદ થાય તેનો નિર્ણય થાય, પરંતુ સ્વ-સ્વપક્ષના આગ્રહથી બુદ્ધ ઉપાસ્ય નથી અને વીરભગવાન ઉપાસ્ય છે કે વીરભગવાન ઉપાસ્ય નથી, બુદ્ધ ઉપાસ્ય છે તેવો સંજ્ઞાભેદથી ભેદ કરીને ઉપાસ્યના વિષયમાં ક્લહ કરવો ઉચિત નથી, તેમ સંસારનું કારણ કર્મ છે, અવિદ્યા નથી કે સંસારનું કારણ અવિદ્યા છે, કર્મ નથી તેમ કહીને તેના વિષયમાં ક્લહ કરવો ઉચિત નથી; કેમ કે મધ્યસ્થતાપૂર્વક વિચારણા કરવામાં આવે તો સંસારના કારણરૂપે કોઈક તત્ત્વને સ્વીકારીને નામભેદથી તેને બધા સ્વીકારે છે.

વળી મુક્ત અવસ્થાની પ્રાપ્તિનું કારણ પૂર્ણપુરુષ ઉપાસ્ય છે તેમ સર્વ દર્શનકારો સ્વીકારે છે, માટે ઉપાસ્ય એવા તે પૂર્ણપુરુષને શબ્દથી વીરભગવાનરૂપે વાચ્ય કરવામાં આવે કે ઋષભદેવરૂપે વાચ્ય કરવામાં આવે એમાં જેમ કોઈ ભેદ નથી તેમ તે પૂર્ણપુરુષને કોઈ બુદ્ધ કહે કે કોઈ કપિલ કહે તેટલા માત્રથી ઉપાસ્ય દેવના સ્વરૂપમાં કોઈ ભેદની પ્રાપ્તિ થતી નથી, માટે મધ્યસ્થતાનું અવલંબન લઈને પૂર્ણપુરુષ એવા દેવનું સ્વરૂપ અને સંસારના કારણીભૂત કર્મનું સ્વરૂપ ઐદંપર્યની દૃષ્ટિથી વિચારવું જોઈએ.

આ કથનની પુષ્ટિ ગ્રંથકારશ્રી કાલાતીતના વચનથી પણ કરે છે; કેમ કે કાલાતીતે પણ એમ જ કહ્યું છે કે ઉપાસ્ય દેવના સ્વરૂપમાં અને સંસારના કારણીભૂત પ્રધાનના સ્વરૂપમાં મોક્ષને માનનારા સર્વ દર્શનકારો નામભેદથી જ તેનો ભેદ કરે છે, તાત્પર્યથી તેનો ભેદ નથી.

અહીં કહ્યું કે ઐદંપર્યની અપેક્ષાએ તત્ત્વ વિચારવું જોઈએ, તેથી એ પ્રાપ્ત થાય કે ઈશ્વરના નામભેદથી અને કર્મના નામભેદથી વિચારીએ તો સર્વ દર્શનકારોનાં વચનોમાં અસમાનતા જણાય છે, પરંતુ સર્વ દર્શનકારો ઉપાસ્ય દેવને ગુણપ્રકર્ષવાળા સ્વીકારે છે, તે રૂપ તાત્પર્યની દૃષ્ટિથી વિચારીએ તો કોઈ ભેદની પ્રાપ્તિ થાય નહિ.

વળી જૈનદર્શનકારો સંસારનું કારણ કર્મ કહે છે અન્ય દર્શનકારો પ્રધાન, અવિદ્યા આદિ કહે છે, એથી નામથી સર્વદર્શનનો મતભેદ છે તોપણ ઐદંપર્યથી અર્થાત્ તાત્પર્યથી વિચારીએ તો આત્માની સંસાર-અવસ્થારૂપ વિકૃતિને કરનાર કર્મ છે તે સ્વરૂપે સર્વને સમાન રીતે માન્ય છે, માટે ઉપાસ્ય દેવ અને સંસારનું કારણ કર્મ તેનો યથાર્થ નિર્ણય કરીને સ્વ-સ્વદર્શનના આગ્રહરૂપ ક્લહનો ત્યાગ કરીને કઈ રીતે પૂર્ણ પુરુષની ઉપાસના કરવાથી ભવનો અંત થાય તેના પરમાર્થને જાણવા યત્ન કરવો જોઈએ; તે પ્રકારનું ઉપસંહાર-વચન પ્રસ્તુત શ્લોકથી ગ્રંથકારશ્રી કરે છે. **II૩૦૦II**

**અવતરણિકા :-**

**यदब्रवीत्तदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**જેને કહ્યું છે=કાલાતીતે જેને કહ્યું છે, તેને જ બતાવે છે –**

**શ્લોક :-**

**अन्येषामप्ययं मार्गो, मुक्ताऽविद्यादिवादिनाम्।**
**अभिधानादिभेदेन, तत्त्वनीत्या व्यवस्थितः।।३०१।।**

**અન્વયાર્થ :-**

मुक्ताऽविद्यादिवादिनां अन्येषामपि=મુક્ત-અવિદ્યાદિવાદી એવા અન્યોનો પણ, अभिधानादिभेदेन=અભિધાન આદિના ભેદ વડે, तत्त्वनीत्या=તત્ત્વનીતિથી, अयं मार्गः व्यवस्थितः=આ માર્ગ વ્યવસ્થિત છે. ।।૩૦૧।।

**શ્લોકાર્થ :-**

**મુક્ત-અવિધાદિવાદી એવા અન્યોનો પણ અભિધાન આદિના ભેદ વડે તત્ત્વનીતિથી આ માર્ગ વ્યવસ્થિત છે. ।।૩૦૧।।**

**ટીકા :-**

**अन्येषामपि तीर्थान्तरीयाणां किं पुनरस्माकमित्यपिशब्दार्थः अयं=अस्मदुक्तः, मार्गो=देवतादिगोचरः, कीदृशानाम्—मुक्ताऽदिवादिनामविद्यादिवादिनां च मतेन, कथमित्याह—अभिधानादिभेदेन-अभिधानभेदेन, आदिशब्दात्क्वचित्किंचित्स्वरूपभेदेन च, तत्त्वनीत्या परमार्थरूपया व्यवस्थितः=प्रतिष्ठितः ।।३०१।।**

**ટીકાર્થ :-**

अन्येषामपि ..... प्रतिष्ठितः ।। અન્ય એવા તીર્થાંતરીયોનો, શું વળી અમારો એ 'अन्येषामपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આ માર્ગ=અમારા વડે કહેવાયેલો દેવતાદિ વિષયક માર્ગ છે, કેવા પ્રકારના અન્યનો આ માર્ગ છે ? એથી કહે છે – મુક્ત આદિ વાદીના અને અવિદ્યા આદિ વાદીના

**મતથી આ માર્ગ વ્યવસ્થિત છે એમ અન્વય છે, કઈ રીતે વ્યવસ્થિત છે ? એથી કહે છે – અભિધાન આદિના ભેદથી=અભિધાનના ભેદથી અને 'आदि' શબ્દથી કોઈક સ્થાનમાં, કોઈક સ્વરૂપના ભેદથી પરમાર્થરૂપ તત્ત્વનીતિથી આ માર્ગ વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે. ॥૩૦૧॥**

**ભાવાર્થ :-**

કાલાતીત નામના શાસ્ત્રકાર કહે છે કે ઈશ્વરને કોઈક મુક્ત આદિ શબ્દથી વાચ્ય કરે છે અને પ્રધાનને કોઈક અવિદ્યા આદિ શબ્દથી વાચ્ય કરે છે તે રીતે ઈશ્વરના વિષયમાં નામભેદ અને કંઈક સ્વરૂપભેદ છે અને પ્રધાનના વિષયમાં પણ નામભેદ અને કંઈક સ્વરૂપભેદ છે તોપણ તત્ત્વનીતિથી ઉપાસ્યને અમે પૂર્ણપુરુષ કહીએ છીએ, તે રીતે જ અન્ય દર્શનવાળા પૂર્ણપુરુષ રૂપે સ્વીકારે છે, અમે પ્રધાનને સંસારનું કારણ કહીએ છીએ, તે રીતે જ અન્ય દર્શનકારો સંસારના કારણને અવિદ્યા આદિ શબ્દથી કહે છે, તેથી સંસારના કારણના વિષયમાં અને ઉપાસ્યના વિષયમાં કાલાતીત કહે છે કે અમારો સ્વીકારેલો જ માર્ગ પરમાર્થથી અન્ય દર્શનવાદીઓના મતથી વ્યવસ્થિત છે. **॥૩૦૧॥**

**અવતરણિકા :-**

एतदेव भावयति –

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વ શ્લોકમાં કાલાતીતે કહ્યું કે 'અમે જેને ઈશ્વર કહીએ છીએ તેને અન્ય દર્શનકારો નામભેદથી મુક્ત આદિ કહે છે. અને અમે જેને પ્રધાન કહીએ છીએ એને અન્ય દર્શનકારો નામભેદથી અવિદ્યા આદિ કહે છે, એને જ, શ્લોક-૩૦૫ સુધી ભાવન કરે છે –**

**શ્લોક :-**

मुक्तो बुद्धोऽर्हन्वापि यदैश्वर्येण समन्वितः ।
तदीश्वरः स एव स्यात्, संज्ञाभेदोऽत्र केवलम् ।।३०२।।

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, मुक्तः=મુક્ત, बुद्धः=બુદ્ધ, वापि=અથવા, अर्हन्=અરિહંત, ऐश्वर्येण समन्वितः=ઐશ્વર્યથી યુક્ત છે, तद्=તે કારણથી, ईश्वरः=ઈશ્વર=અમારા વડે કહેવાયેલ ઈશ્વર, स एव स्यात्=તે જ થાય=મુક્ત આદિ થાય, अत्र=અહીં=મુક્ત આદિના કથનમાં, केवलं संज्ञाभेदः=કેવલ સંજ્ઞાભેદ છે. ॥૩૦૨॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મુક્ત બુદ્ધ અથવા અરિહંત ઐશ્વર્યથી યુક્ત છે, તે કારણથી ઈશ્વર તે જ થાય, અહીં કેવલ સંજ્ઞાભેદ છે. ॥૩૦૨॥**

**ટીકા :-**

**मुक्तः=परब्रह्मवादिनां, बुद्धो=बौद्धानां, अर्हन्=जैनानाम्, वापि इति समुच्चये यद्=यस्मात्, ऐश्वर्येण=ज्ञानाद्यतिशयलक्षणेन, समन्वितो=युक्तो वर्तते, तत्=तस्मात्, ईश्वरोऽस्मदुक्तः स एव मुक्तादिः स्यात्, विशेषमाह–संज्ञाभेदः=नामनानात्वं, अत्र=मुक्तादिप्रज्ञापनायां, केवलं=नवरं, नान्यत्किंचन ।।३०२।।**

**ટીકાર્થ :-**

**मुक्तः ..... नान्यत्किंचन ।। પરબ્રહ્મવાદીઓને મુક્ત, બૌદ્ધોને બુદ્ધ, જૈનોને અરિહંત, શ્લોકમાં 'वापि' શબ્દ સમુચ્ચય અર્થમાં છે, જે કારણથી ઐશ્વર્યથી સમન્વિત વર્તે છે=જ્ઞાનાદિ અતિશય સ્વરૂપથી યુક્ત વર્તે છે, તે કારણથી અમારા વડે કહેવાયેલ ઈશ્વર તે જ મુક્તાદિ થાય, વિશેષને કહે છે=પોતાના દર્શનના ઈશ્વરથી અન્યદર્શનના ઈશ્વરના ભેદને કહે છે – સંજ્ઞાભેદ=નામનું જુદાપણું, અહીં=મુક્તાદિની પ્રજ્ઞાપનામાં, કેવલ છે, અન્ય કંઈ નથી. ।।૩૦૨।।**

**ભાવાર્થ :-**

કાલાતીત નામના ઋષિ કહે છે કે અમે જેમને ઈશ્વર કહીએ છીએ તે જ્ઞાનાદિ અતિશયથી સમન્વિત છે અને તે જ્ઞાનાદિ અતિશયથી સમન્વિત એવા ઈશ્વરને પરબ્રહ્મવાદી મુક્ત કહે છે=સંસારથી મુક્ત છે તેમ કહે છે, બૌદ્ધ દર્શનવાળા તેને બુદ્ધ કહે છે=યથાર્થ બોધવાળા છે તેમ કહે છે, જૈનો અર્હન્ કહે છે=પૂજાને યોગ્ય એમ કહે છે; તે સર્વ વચનોથી પણ બધા દર્શનકારોને જ્ઞાનાદિ અતિશયવાળા પુરુષ જ અભિમત છે, તેથી ઉપાસ્યના સ્વરૂપમાં કોઈ દર્શનકારને મતભેદ નથી, કેવલ નામરૂપ સંજ્ઞાનો ભેદ જ સર્વ દર્શનકારોને અભિમત છે, માટે સૂક્ષ્મ બુદ્ધિથી ઈશ્વરના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે પૂર્ણપુરુષરૂપે ઉપાસના કરવાથી પૂર્ણપુરુષ જેવા પૂર્ણ થવાય છે, પરંતુ પૂર્ણપુરુષનું નામ પોતાને અભિમત નામ કરતાં અન્ય નામ આવે તેટલા માત્રથી તેની ઉપાસનાથી પૂર્ણપુરુષ ન થવાય તેમ કહી શકાય નહિ, તેથી મોક્ષના અર્થી સર્વ યોગીઓ પૂર્ણપુરુષને પૂર્ણપુરુષ રૂપે જાણીને તેની ઉપાસના કરે તો તે ઉપાસનાના ફળને પ્રાપ્ત કરે છે, માટે નામભેદને લઈને ઈશ્વરના વિષયમાં ક્લહ કરવો ઉચિત નથી, એ પ્રકારનો કાલાતીતના વચનનો ધ્વનિ છે. **।।૩૦૨।।**

**અવતરણિકા :-**

**अत्रैव स एव परपरिकल्पितविशेषनिराकरणायाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં જ=ઉપાસ્ય એવા પૂર્ણપુરુષના વિષયમાં જ, પરપરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે=ઈશ્વરના વિષયમાં તે તે દર્શનકારો જ્ઞાનાદિ અતિશયથી અતિરિક્ત પોતપોતાના ઈશ્વરના વિષયમાં કલ્પનાવિશેષ કરે છે તે કલ્પનાવિશેષના નિરાકરણ માટે, તે જ=કાલાતીત નામના ઋષિ જ, કહે છે –**

**શ્લોક :-**

**अनादिशुद्ध इत्यादिर्यश्च भेदोऽस्य कल्प्यते ।**
**तत्तत्तन्त्रानुसारेण, मन्ये सोऽपि निरर्थकः ।।३०३।।**

**અન્વયાર્થ :-**

च=વળી, अस्य=આના=ઈશ્વરના, अनादिशुद्ध इत्यादिः=અનાદિશુદ્ધ ઈત્યાદિ, तत्तत्तन्त्रानुसारेण=તે તે તન્ત્ર અનુસારથી, यः भेदः=જે ભેદ, कल्प्यते=કલ્પાય છે, सोऽपि=તે પણ, निरर्थकः=નિરર્થક છે, मन्ये=એમ હું માનું છું. ।।303।।

**શ્લોકાર્થ :-**

**વળી આના અનાદિશુદ્ધ ઈત્યાદિ તે તે તન્ત્ર અનુસારથી જે ભેદ કલ્પાય છે તે પણ નિરર્થક છે, એમ હું માનું છું. ।।303।।**

**ટીકા :-**

अनादिशुद्ध इत्येवंरूप आदिर्यस्य स तथा, तत्रानादिशुद्धः सर्वगश्च शैवानां, सादिरसर्वगतश्च जैनानां, स एव प्रतिक्षणं भङ्गुरः सौगतानाम्, यश्च=यः पुनः, भेदो=विशेषः, अस्येश्वरस्य कल्प्यते=समर्थ्यते, कथमित्याह–तत्तत्तन्त्रानुसारेण=तस्य तस्य दर्शनस्यानुवृत्त्या, मन्ये=प्रतिपद्ये, सोऽपि विशेषः किं पुनः प्रागभिहितः संज्ञाभेद इत्यपिशब्दार्थः, निरर्थको=निष्प्रयोजनः ।।३०३।।

**ટીકાર્થ :-**

अनादिशुद्ध ..... निष्प्रयोजनः ।। અનાદિશુદ્ધ એ સ્વરૂપ આદિ છે જેને તે તેવું છે=અનાદિશુદ્ધ ઈત્યાદિવાળું છે, ત્યાં અનાદિશુદ્ધ અને સર્વત્ર રહેનાર શૈવોને છે=શૈવ દર્શનના ઈશ્વર અનાદિશુદ્ધ અને સર્વત્ર રહેનાર છે, સાદિ અને અસર્વગત જૈનોના છે=જૈનદર્શનને અભિમત ઈશ્વર અનાદિ નથી, પરંતુ આદિવાળા છે, સર્વગત નથી પરંતુ અસર્વગત છે, તે જ=ઈશ્વર જ, પ્રતિક્ષણ ભંગુર સૌગતોના છે=બૌદ્ધ દર્શનને અભિમત ઈશ્વર સર્વ પદાર્થોની જેમ ક્ષણિક છે, જે વળી=અનાદિશુદ્ધ ઈત્યાદિરૂપ જે વળી, ઈશ્વરનો ભેદ=વિશેષ, કલ્પાય છે, કેવી રીતે કલ્પાય છે ? એથી કહે છે – તે તે દર્શનના અનુસારથી=તે તે દર્શનના અનુસરણથી, કલ્પાય છે તે પણ વિશેષ નિષ્પ્રયોજન છે એમ હું માનું છું એમ કાલાતીત ઋષિ કહે છે, શું વળી પૂર્વમાં કહેલ સંજ્ઞાભેદ ? એ 'सोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।303।।

**ભાવાર્થ :-**

કાલાતીત ઋષિએ કહ્યું કે અમે જેને ઈશ્વર કહીએ છીએ તેને જ અન્યદર્શનવાળા અન્ય અન્ય નામોથી કહે છે તે નામભેદ ઈશ્વરના ગુણના પ્રકર્ષરૂપ સ્વરૂપમાં બાધક નથી, તેમ અન્ય દર્શનવાળા ઈશ્વરના

અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદો કરે છે તે પણ નિરર્થક છે; કેમ કે ઉપાસ્યનું સ્વરૂપ જ્ઞાનાદિ પ્રકર્ષવાળું છે કે નહિ તેનો નિર્ણય કરીને તેવા પ્રકર્ષવાળા પુરુષની ઉપાસના કરવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, માટે ઉપાસ્યના સ્વરૂપમાં અનાદિશુદ્ધ ઇત્યાદિ જે તે તે દર્શન અનુસાર ભેદો છે તે નિરર્થક છે, તે ભેદો ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

શૈવ દર્શનવાળા ઈશ્વરને અનાદિશુદ્ધ અને સર્વવ્યાપી માને છે, જૈનદર્શનવાળા ઈશ્વરને સાદિ અને અસર્વગત માને છે; કેમ કે જૈનદર્શનના મતાનુસાર તે તે તીર્થંકરો તે તે કાળમાં થાય છે અને તે તીર્થંકરનો આત્મા તેમના દેહવ્યાપી છે, સર્વવ્યાપી નથી તેમ માને છે, વળી બૌદ્ધ દર્શનવાળા સત્‌નું લક્ષણ કરે છે કે 'જે ક્ષણિક છે તે સત્ છે' તે પ્રમાણે તેના મતે ઈશ્વર પણ પ્રતિક્ષણ નશ્વર છે, ફક્ત તેની સંતતિ સતત ચાલે છે.

આ રીતે ઈશ્વરના સ્વરૂપ વિષયક તે તે દર્શનના મતભેદો છે તે પણ ઈશ્વરના ઉપાસ્યના સ્વરૂપની કલ્પનામાં નિરર્થક છે, એમ કાલાતીત ઋષિ કહે છે. **॥૩૦૩॥**

**અવતરણિકા :-**

**कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ છે ?=ઈશ્વરના સ્વરૂપ વિષયક અનાદિશુદ્ધ ઈત્યાદિ મતભેદો નિરર્થક કેમ છે ? એથી કહે છે= કાલાતીત ઋષિ કહે છે –**

**શ્લોક :-**

**विशेषस्यापरिज्ञानाद्युक्तीनां जातिवादतः ।**
**प्रायो विरोधतश्चैव, फलाभेदाच्च भावतः ।।३०४।।**

**અન્વયાર્થ :-**

**विशेषस्यापरिज्ञानाद्=વિશેષનું અપરિજ્ઞાન હોવાથી, युक्तीनां=યુક્તિઓનો=અનુમાનોનો, जातिवादतः= જાતિવાદ હોવાથી=અનુમાનાભાસપણું હોવાથી, चैव=અને, प्रायो विरोधतः=પ્રાયઃ વિરોધ હોવાથી= યુક્તિઓનો પ્રાયઃ વિરોધ હોવાથી, च=અને, भावतः=પરમાર્થથી, फलाभेदात्=ફલનો અભેદ હોવાથી, તે પણ નિરર્થક છે=ઈશ્વરના અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદો નિરર્થક છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૩૦૪॥**

**શ્લોકાર્થ :-**

**વિશેષનું અપરિજ્ઞાન હોવાથી યુક્તિઓનો જાતિવાદ હોવાથી અને પ્રાયઃ વિરોધ હોવાથી અને પરમાર્થથી ફલનો અભેદ હોવાથી તે પણ નિરર્થક છે. ॥૩૦૪॥**

ટીકા :-

विशेषस्य मुक्तादिदेवताविशेषगतस्य अपरिज्ञानाद्=असंवेदनादर्वाग्दर्शिप्रत्यक्षेण, तथा युक्तीनामनुमानरूपाणाम् जातिवादतो=असिद्धादिहेतुदोषोपघातेनानुमानाभासत्वात्, प्रायो=बाहुल्येन, विरोधतो=विरुद्धत्वात्, चैव इति पूर्ववत् ।

तथाहि-सांख्यः शैवश्च सर्वक्षणिकवादिनं सौगतं प्रत्याहतु–यथा भवदाराध्यो बुद्धोऽर्थक्रियां देशनादिकां स्वक्षणे, पूर्वं, पश्चाद्वा कुर्यादिति त्रयी गतिः, तत्र न तावदाद्यः पक्षः कक्षीकरणीयः, समकालभाविनि व्यापाराभावात्, इतरथा=एकक्षणवर्तिनां समस्तार्थक्षणानामितरेतरकार्यकारणभावः प्रसज्येत, न चैतद् दृष्टमिष्टं वा, अथ स्वक्षणात्पूर्वमेवार्थे (प्रवर्तते), एतदपि न, स्वयमसतो भविष्यच्छङ्खचक्रवर्त्यादेरिव पूर्वकालविवर्तिनि कार्ये व्यापाराभावात्, अथ स्वक्षणादूर्ध्वं कार्यं विधत्त इति मन्येथाः, एतदप्यसाधीयः, विनष्टस्य कार्यकरणाऽक्षमत्वात्, अन्यथा मृतस्य शिखिनः केकायितं स्यात् एवं च क्षणिकादर्थाद् व्यावर्तमानार्थक्रिया तीराऽदर्शिशकुनिन्यायेन नित्यानेव भावानाश्रयतया प्रतिपद्यत इति नित्यरूपः, अत एवानादिशुद्ध ईश्वरनामा आप्तविशेषोऽभ्युपगन्तुमुचित इति ।

बौद्धः पुनः प्राह–ईश्वरोऽप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावो भवद्भिरभ्युपगम्यते, न च नित्यस्य कथंचिदप्यर्थक्रिया युज्यते, नित्यो ह्यर्थः क्रमेण यौगपद्येन वार्थक्रियां कुर्वीत ? न तावत्क्रमेण, सन्निहितसर्वशक्तेः सहकारिभिश्चानाधेयातिशयस्य युगपदेव त्रैकालिकसर्वकार्यकरणप्रसङ्गात्, नापि यौगपद्येन, यतस्तत्र युगपदेव सर्वकार्यकरणेन कृतस्य पुनः करणाभावेन च द्वितीयक्षणेऽर्थक्रिया-विरहलक्षणं बलादसत्त्वमाढौकमानं न केनापि निरोद्धुं पार्यत इति प्रतिक्षणं परिवर्तमानापरापररूपः सर्वार्थक्रियाक्षमोऽभ्युपगन्तुं युक्तोऽसाविति।

फलाभेदाच्च=फलस्य क्लेशक्षयलक्षणस्य गुणप्रकर्षरूपपुरुषाराधनासाध्यस्य क्वचिन्नित्यानित्यत्वादौ विशेष आराध्यगते सत्यप्यभेदाद्=अविशेषात्, भावतः=परमार्थतः, गुणप्रकर्षविषयस्य बहुमानस्यैव फलदायकत्वात्तस्य सर्वत्र मुक्तादावविशेषादिति ।।३०४।।

ટીકાર્થ :-

विशेषस्य ..... मुक्तादावविशेषादिति ।। મુક્તાદિ દેવતા વિશેષગત વિશેષનું=તે તે દર્શનવાદીઓને અભિમત એવા મુક્ત-બુદ્ધ આદિ દેવતાવિશેષમાં રહેલ અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષનું, અપરિજ્ઞાન હોવાથી=અર્વાગ્દર્શીના પ્રત્યક્ષ દ્વારા અસંવેદન હોવાથી=સન્મુખ રહેલા પદાર્થને જોનારા છદ્મસ્થના પ્રત્યક્ષ વડે અસંવેદન હોવાથી, અને અનુમાનરૂપ યુક્તિઓનો જાતિવાદ હોવાથી=અસિદ્ધાદિ હેતુદોષના

ઉપઘાતને કારણે અનુમાનાભાસપણું હોવાથી, અને પ્રાયઃ=બહુલતાએ, વિરોધ હોવાથી=તે તે દર્શનની યુક્તિઓનો પરસ્પર વિરોધ હોવાથી, અનાદિશુદ્ધ ઈત્યાદિ કલ્પના નિરર્થક છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે, 'चैव' શબ્દ પૂર્વની જેમ સમુચ્ચયમાં છે.

તે આ પ્રમાણે=તે તે દર્શનની યુક્તિઓનો બહુલતાએ વિરોધ હોવાથી અનાદિશુદ્ધ ઈત્યાદિ કલ્પના નિરર્થક છે એમ પૂર્વમાં કહ્યું તે વિરોધ 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

સાંખ્ય દર્શનવાદી અને શૈવ દર્શનવાદી સર્વ ક્ષણિકવાદી એવા સૌગતને કહે છે – જે પ્રમાણે તમારા આરાધ્ય બુદ્ધ દેશનાદિરૂપ અર્થક્રિયાને સ્વક્ષણમાં કરે છે, પૂર્વમાં કરે છે કે પશ્ચાત્ કરે છે, એ પ્રકારે ત્રણ ગતિ છે=ત્રણ વિકલ્પો છે, ત્યાં=તે ત્રણ વિકલ્પમાં, આદ્ય પક્ષ=બુદ્ધ સ્વક્ષણમાં દેશનાદિરૂપ અર્થક્રિયા કરે છે એ રૂપ આદ્યપક્ષ, કક્ષીકરણીય નથી=સ્વીકારી શકાય તેમ નથી; કેમ કે સમકાલભાવિમાં વ્યાપારનો અભાવ છે=ઉત્પત્તિના સમાન કાલમાં રહેનાર એવા બુદ્ધમાં દેશનાદિરૂપ વ્યાપારનો અભાવ છે, ઈતરથા=આવું ન માનો તો=ઉત્પત્તિ કાલ ભાવિ વસ્તુમાં વ્યાપાર સંભવે છે એમ માનો તો=એક ક્ષણવર્તિ સમસ્ત અર્થક્ષણોનો ઈતરેતર કાર્ય-કારણભાવ પ્રાપ્ત થાય=એક ક્ષણવર્તિ જેટલા પદાર્થો છે તે સર્વનાં જે કાર્યો થાય છે તે કાર્યો વચ્ચે પરસ્પર કાર્ય-કારણભાવ માનવાનો પ્રસંગ આવે, અને આ=એક ક્ષણવર્તિ સમસ્ત અર્થક્ષણોનો પરસ્પર કાર્ય-કારણભાવ દૃષ્ટ નથી અથવા ઈષ્ટ નથી.

હવે સ્વક્ષણથી પૂર્વ જ અર્થમાં=બુદ્ધની ઉત્પત્તિક્ષણથી પૂર્વ જ બુદ્ધ દેશનાદિરૂપ અર્થક્રિયામાં, પ્રવર્તે છે.

એમ સૌગત કહે તો સાંખ્ય અને શૈવ દર્શનવાદી કહે છે –

એ પણ બરાબર નથી; કેમ કે સ્વયં અવિદ્યમાન અને ભવિષ્યમાં થનારા શંખ-ચક્વર્તી આદિની જેમ પૂર્વ કાલવર્તિ એવા કાર્યમાં વ્યાપારનો અભાવ છે.

હવે સ્વક્ષણથી=બુદ્ધની ઉત્પત્તિ ક્ષણથી, ઊર્ધ્વમાં કાર્યને=દેશનાદિરૂપ કાર્યને, કરે છે એ પ્રમાણે તમે માનો છો=સૌગતો સ્વીકારે છે.

તો તેને સાંખ્ય અને શૈવ દર્શનવાદી કહે છે –

આ પણ અસાધીય છે= અસુંદર છે; કેમ કે વિનષ્ટ એવા બુદ્ધનું=ઉત્પત્તિની ઉત્તર ક્ષણમાં નાશ પામેલા એવા બુદ્ધનું, કાર્યકરણનું અક્ષમપણું છે=દેશનાદિરૂપ કાર્ય કરવા માટે અસમર્થપણું છે, અન્યથા=એવું ન માનો તો= બુદ્ધ ઉત્પત્તિ પછી બીજી ક્ષણમાં વિનષ્ટ હોવા છતાં દેશનાદિ આપે છે એમ માનો તો, મરેલો મોર કેકારવ કરે, અને આ રીતે=પૂર્વમાં સાંખ્ય દર્શનવાદી અને શૈવ દર્શનવાદીએ બૌદ્ધ દર્શન પ્રત્યે દેશનાદિરૂપ અર્થક્રિયાને આશ્રયીને કરેલા ત્રણ વિકલ્પો સંગત નથી એમ સ્થાપન કર્યું એ રીતે, ક્ષણિક અર્થથી વ્યાવર્તમાન એવી અર્થક્રિયા તીરને નહિ જોનારા શકુનિના ન્યાયથી નિત્ય જ ભાવોને આશ્રયપણાથી સ્વીકારે છે, એથી નિત્યરૂપ જ ઈશ્વર છે, આથી જ અનાદિશુદ્ધ

**ઈશ્વર નામના આપ્તવિશેષને સ્વીકારવા ઉચિત છે. 'इति' શબ્દ સાંખ્ય-શૈવ આદિ દ્વારા બૌદ્ધને અપાયેલી આપત્તિની સમાપ્તિ માટે છે.**

**બૌદ્ધ વળી કહે છે=સાંખ્ય અને શૈવ દર્શનવાદીને કહે છે –**

**અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એક સ્વભાવવાળા ઈશ્વર તમારા વડે સ્વીકારાય છે અને નિત્યને કોઈ પણ રીતે અર્થક્રિયા ઘટે નહિ.**

કેમ ઘટે નહિ તે સ્પષ્ટ કરતાં કહે છે –

**નિત્ય એવો અર્થ=નિત્ય એવો ઈશ્વરરૂપ અર્થ, ક્રમથી અથવા યૌગપદ્યથી અર્થક્રિયાને કરે છે.**

એ પ્રકારના બે પ્રશ્નો બૌદ્ધ કરે છે અને નિત્ય એવા ઈશ્વરમાં તે બન્ને સંગત નથી તેમ બતાવતાં બૌદ્ધ કહે છે –

**ક્રમથી કરતો નથી= ઈશ્વર ક્રમથી અર્થક્રિયા કરતો નથી, તેમાં હેતુ કહે છે – સંનિહિત સર્વ શક્તિવાળા અને સહકારીથી ન આધેય અતિશયવાળા એવા ઈશ્વરને=સંનિહિત છે સર્વ કાર્યો કરવાની શક્તિ જેમાં એવા અને સહકારી સામગ્રીથી આધેય અતિશય નથી જેમને એવા ઈશ્વરને, યુગપદ્ જ ત્રૈકાલિક સર્વ કાર્યકરણનો પ્રસંગ છે, વળી યૌગપદ્યથી ઈશ્વર સર્વ કાર્ય કરતા નથી, જે કારણથી ત્યાં=ઈશ્વરમાં, એક સાથે જ સર્વ કાર્યકરણને કારણે અને કરાયેલાને ફરી કરણનો અભાવ હોવાને કારણે બીજી ક્ષણમાં અર્થક્રિયાવિરહ સ્વરૂપ અસત્ત્વ બળાત્કારે આવતું કોઈના વડે પણ નિરોધ કરવા માટે શક્ય નથી, એથી પ્રતિક્ષણ પરિવર્તમાન અપર અપર રૂપવાળા સર્વ અર્થક્રિયામાં સમર્થ આ=ઈશ્વર, સ્વીકારવા યુક્ત છે. 'इति' શબ્દ બૌદ્ધના કથનની સમાપ્તિ માટે છે.**

**અને ભાવથી=પરમાર્થથી, ફલનો અભેદ હોવાને કારણે=ગુણપ્રકર્ષરૂપ પુરુષની આરાધનાથી સાધ્ય ક્લેશક્ષયરૂપ ફલનો ક્વચિદ્ નિત્યત્વ-અનિત્યત્વ આદિ વિશેષ આરાધ્યગત હોતે છતે પણ અભેદ હોવાને કારણે અર્થાત્ અવિશેષ હોવાને કારણે, તે પણ નિરર્થક છે=અનાદિશુદ્ધ ઈત્યાદિ ભેદ પણ નિરર્થક છે, એમ શ્લોક-૩૦૩ સાથે સંબંધ છે, કેમ પરમાર્થથી ફલ અભેદને કારણે તે પણ નિરર્થક છે ? તેમાં હેતુ કહે છે – ગુણપ્રકર્ષના વિષય એવા પુરુષના બહુમાનનું જ ફલદાયકપણું હોવાથી તેનો=ગુણપ્રકર્ષ વિષયનો, સર્વત્ર મુક્તાદિમાં અવિશેષ હોવાને કારણે તે પણ નિરર્થક છે એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૦૪॥**

**ભાવાર્થ :-**

કાલાતીત ઋષિએ કહ્યું કે ઉપાસ્ય એવા દેવના સ્વરૂપમાં તે તે દર્શનકારો અનાદિશુદ્ધ ઇત્યાદિ ભેદો કલ્પે છે તે નિરર્થક છે, કેમ નિરર્થક છે તેમાં યુક્તિ આપે છે –

સંસારી જીવો સન્મુખ રહેલી વસ્તુને પ્રત્યક્ષથી જોઈ શકે છે અને તે રીતે મુક્તાદિ દેવતાઓમાં અનાદિશુદ્ધપણું છે કે સાદિશુદ્ધપણું છે તે પ્રકારે વિશેષનું પ્રત્યક્ષથી જ્ઞાન કોઈને થઈ શકતું નથી, પરંતુ ભવનો ઉચ્છેદ કરવો હોય તો પૂર્ણ ગુણસંપન્ન પુરુષની ઉપાસના કરવી જોઈએ તેટલો જ બુદ્ધિમાન્ પુરુષ નિર્ણય કરી શકે છે, માટે જે ચક્ષુથી જોઈને નિર્ણય થઈ શકે તેમ ન હોય તેવા સ્વરૂપની ઉપાસ્યમાં કલ્પના કરવી નિરર્થક છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રત્યક્ષથી ન દેખાતું હોય છતાં અનુમાનરૂપ યુક્તિથી અનાદિશુદ્ધ ઇત્યાદિનો નિર્ણય ઈશ્વરમાં થઈ શકશે, તેના નિરાકરણ માટે કાલાતીત કહે છે – અનુમાનરૂપ યુક્તિઓ જાતિવાદરૂપ છે અર્થાત્ અસિદ્ધ આદિ હેતુના દોષોથી ઉપઘાત થવાને કારણે અનુમાનો અનુમાનાભાસરૂપ બને છે.

આશય એ છે કે ધૂમ અને વહ્નિની વ્યાપ્તિ પ્રત્યક્ષથી ઉપલબ્ધ છે તેના બળથી પર્વતમાં ધૂમને જોઈને અગ્નિનું અનુમાન થઈ શકે છે, પરંતુ પૂર્ણપુરુષ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે, સર્વગત છે કે અસર્વગત છે, ક્ષણિક છે કે નિત્ય છે ઇત્યાદિ વિશેષના નિર્ણય માટે નિયત વ્યાપ્તિનો બોધ કરાવે તેવો હેતુ અસિદ્ધ છે, તેથી સ્વ-સ્વ મતિકલ્પના અનુસાર અનાદિશુદ્ધ આદિ સ્થાપન કરવા માટે કરાયેલાં અનુમાનો અનુમાનાભાસ બને છે, માટે તેવા અનુમાનના બળથી મુક્તાદિ દેવતાના વિશેષની કલ્પના કરવી નિરર્થક છે.

અહીં કોઈ કહે કે પ્રત્યક્ષથી ઈશ્વરગત અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષનો નિર્ણય થઈ શકતો નથી, અનુમાનથી પણ ઈશ્વરગત અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષનો નિર્ણય થતો નથી, તોપણ તે તે દર્શનના વચનરૂપ યુક્તિ અનુસાર ઈશ્વરગત અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષનો નિર્ણય થઈ શકશે, માટે ઉપાસ્યમાં ગુણપ્રકર્ષરૂપ પૂર્ણતા સ્વીકારવી આવશ્યક છે તેમ અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષતા પણ સ્વીકારવી આવશ્યક છે, આ પ્રકારના તે તે દર્શનના અભિપ્રાયને સામે રાખીને કાલાતીત ઋષિ કહે છે કે તે તે દર્શનની યુક્તિઓનો પ્રાયઃ વિરોધ છે, માટે તે તે દર્શનની યુક્તિથી પણ અનાદિશુદ્ધ ઇત્યાદિ મુક્તાદિ દેવતાગત વિશેષની કલ્પના નિરર્થક છે.

કઈ રીતે તે તે દર્શનની યુક્તિઓનો પ્રાયઃ વિરોધ છે તે સ્પષ્ટ કરવા અર્થે ટીકાકારશ્રી બતાવે છે –

સાંખ્ય દર્શનવાદી અને શૈવ દર્શનવાદી ઈશ્વરને એકાંત અનાદિશુદ્ધ માને છે અને બૌદ્ધ દર્શનવાળા ઈશ્વરને ક્ષણિક માને છે; કેમ કે બૌદ્ધ દર્શનના મતાનુસાર સર્વ પદાર્થો ક્ષણિક છે, તેથી ક્ષણિકવાદી એવા બૌદ્ધને ઈશ્વરને નિત્ય સ્વીકારવવા અર્થે સાંખ્ય દર્શનકાર અને શૈવ દર્શનકાર કહે છે – તમારા આરાધ્ય એવા બુદ્ધ દેશનાદિરૂપ અર્થક્રિયા જે ક્ષણમાં બુદ્ધ વિદ્યમાન છે તે ક્ષણમાં કરે છે, પૂર્વ ક્ષણમાં કરે છે કે પશ્ચાત્ ક્ષણમાં કરે છે, તે ત્રણ વિકલ્પો થઈ શકે, તેમાં બુદ્ધ જે વખતે વિદ્યમાન છે તે જ ક્ષણમાં દેશના આપે છે તે વચન સંગત નથી; કેમ કે જે ક્ષણમાં બુદ્ધ પૂર્વની ક્ષણથી ઉત્પન્ન થાય છે તે ક્ષણમાં તેઓ ઉત્પત્તિના વ્યાપારવાળા છે અને જે વસ્તુ ઉત્પત્તિના વ્યાપારવાળી હોય તે વસ્તુ તે કાળમાં જ દેશનારૂપ અન્ય વ્યાપાર કરી શકે નહિ; જેમ કુંભારના પ્રયત્નથી ઘટ ઉત્પન્ન થતો હોય તે ઉત્પત્તિની ક્ષણમાં જલધારણ ક્રિયા કરી શકે નહિ, પરંતુ ઉત્પન્ન થયા પછી તે જલધારણ કરી શકે અને બૌદ્ધ મત અનુસાર બુદ્ધની દરેક ક્ષણ ઉત્તર-ઉત્તરની બુદ્ધક્ષણને ઉત્પન્ન કરે છે, તેથી દરેક ક્ષણમાં બુદ્ધ ઉત્પત્તિના વ્યાપારવાળા છે, તે ક્ષણમાં તે દેશનાદિ રૂપ અર્થક્રિયા કરી શકે નહિ અને જો બૌદ્ધ કહે કે ઉત્પત્તિક્ષણની ઉત્તરક્ષણમાં તે

બુદ્ધ દેશનાદિ કરે છે તો ઉત્તરક્ષણમાં પૂર્વક્ષણના બુદ્ધ નથી છતાં તે દેશના કરે છે તેમ કહેવામાં આવે તો મરેલો મોર પણ કેકારવ કરે છે તેમ માનવું પડે; કેમ કે ઉત્પત્તિક્ષણવાળા બુદ્ધ બીજી ક્ષણમાં મૃત મોર જેવા છે અને મૃત મોર જેમ કેકારવ કરી શકે નહિ તેમ બીજી ક્ષણમાં મૃત એવા બુદ્ધ દેશના કરી શકે નહિ. વળી ઉત્પત્તિની પૂર્વ ક્ષણમાં પણ બુદ્ધ દેશના કરી શકે નહિ; કેમ કે જે સ્વયં ઉત્પન્ન થયા નથી, પરંતુ ભવિષ્યમાં થનાર છે તે પોતાની ઉત્પત્તિ પૂર્વે દેશનાદિ વ્યાપાર કરી શકે નહિ, તેથી ક્ષણિક એવા પદાર્થથી વ્યાવર્તમાન એવી અર્થક્રિયા તીરને નહિ જોનાર શકુનિ પક્ષીની જેમ નિત્ય જ ભાવોનો આશ્રય કરે છે, માટે ઈશ્વર અનાદિશુદ્ધ આપ્તવિશેષ સ્વીકારવો જોઈએ.

અહીં તીર અદર્શિ-શકુનિન્યાય આ પ્રમાણે છે – કોઈ દરિયાની મધ્યમાં જહાજ ઉપર શકુનિ પક્ષી બેઠેલું હોય અને તે દરિયાના તીરને જોઈ શકતું ન હોય ત્યારે જહાજનો જ આશ્રય કરે છે અને જહાજ કિનારાની નજીક હોય ત્યારે દરિયાનો કિનારો દેખાતો હોય, તેથી પક્ષી સ્વભાવને કારણે જ કિનારા ઉપર રહેલા તે વૃક્ષનો આશ્રય કરવા માટે જહાજને છોડીને જાય છે, તેથી જેમ મધ્ય સમુદ્રમાં કિનારાને નહિ જોનાર પક્ષી જહાજનો આશ્રય કરે છે તેમ ક્ષણિકવાદમાં પ્રત્યક્ષથી દેખાતી દેશનારૂપ અર્થક્રિયા અનિત્ય પક્ષમાં સંગત નહિ થવાથી નિત્યપક્ષનો જ આશ્રય કરે છે, આ પ્રકારે સાંખ્ય અને શૈવ દર્શનવાદી સૌગતને કહીને અનાદિશુદ્ધ ઈશ્વરની સ્થાપના કરે છે, આ પ્રમાણે બતાવીને કાલાતીત ઋષિ હવે બૌદ્ધ, સાંખ્ય અને શૈવ દર્શનવાદીને શું કહે છે તે બતાવીને અનાદિશુદ્ધ ઈશ્વર છે કે ક્ષણિક ઈશ્વર છે તે બન્ને પક્ષની યુક્તિઓથી સિદ્ધ થતું નથી એ બતાવવા અર્થે કહે છે –

બૌદ્ધ વળી સાંખ્ય દર્શનવાદી કે શૈવ દર્શનવાદીને કહે છે – તમારા ઈશ્વર નિત્ય છે અર્થાત્ અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એક સ્વભાવવાળા છે, તેથી નિત્ય એવા ઈશ્વરમાં કોઈ રીતે અર્થક્રિયા ઘટે નહિ અને નિત્ય એવો ઈશ્વર ઉપાસકને અનુગ્રહ કરે છે તેમ તમે સ્વીકારો છો, તેથી ઈશ્વરમાં ઉપાસકને અનુગ્રહ કરવા આદિ રૂપ અર્થક્રિયા તમારા મતમાં સંગત થાય નહિ. કેમ સંગત થાય નહિ તેના માટે બૌદ્ધ દર્શનવાદી બે વિકલ્પો કરીને કહે છે – નિત્ય એવા ઈશ્વર ક્રમસર અર્થક્રિયા કરે છે કે યુગપદ્ કરે છે એ બે વિકલ્પ સંભવી શકે; તેમાં નિત્ય એવા ઈશ્વર ક્રમસર અર્થક્રિયા કરે છે તે વિકલ્પ સંગત નથી; કેમ કે ઈશ્વરમાં સંનિહિત સર્વ શક્તિઓ છે અને સહકારીથી આધેય અતિશય શક્તિવાળા ઈશ્વર નથી, પરંતુ સહકારી સામગ્રી નિરપેક્ષ કાર્યો કરવાની શક્તિવાળા છે. તેથી ઈશ્વર ત્રણ કાળમાં જે કાર્યો કરે છે તે સર્વ એક સાથે કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, જેમ સંસારી જીવો કોઈક કાર્ય કરવાની શક્તિવાળા છે તોપણ સહકારીના બળથી કાર્ય કરવાની આધેય અતિશયવાળા સંસારી જીવો છે, આથી યોગમાર્ગની સાધના કરનાર પુરુષ પણ પ્રથમ ક્ષણમાં જ યોગની ચરમ ભૂમિકાને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ સહકારી સામગ્રીથી જેમ જેમ પોતાનામાં યોગમાર્ગની ઉપરની ભૂમિકામાં જવાની શક્તિનું આધાન થાય છે તેમ તેમ ઉપરના યોગમાર્ગને સેવી શકે છે, તેથી યોગમાર્ગની સર્વ ભૂમિકાની શક્તિ તે જીવમાં વિદ્યમાન હોવા છતાં સંનિહિત સર્વ શક્તિ નથી, પરંતુ સહકારીથી જે જે શક્તિનું આધાન થાય છે તે તે શક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિરૂપ કાર્ય કરે છે, તેથી તે જીવમાં સર્વ કાર્યો ક્રમિક થતાં દેખાય છે, તે રીતે સંસારના ક્ષેત્રમાં જે કંઈ

પ્રવૃત્તિ થાય છે તેમાં સહકારીથી અતિશય શક્તિનું આધાન થાય છે અને તેના બળથી તે જીવ ઉત્તર-ઉત્તરનું કાર્ય કરે છે, આથી જ શાસ્ત્ર ભણનાર પુરુષ પણ પૂર્વ-પૂર્વના શાસ્ત્ર-અધ્યયનના બળથી આધાન થયેલી અતિશય શક્તિને કારણે ઉત્તર-ઉત્તરનાં શાસ્ત્ર ભણવા સમર્થ બને છે, પરંતુ તમને અભિમત એવા ઈશ્વરમાં તો સર્વ કાર્યો કરવાની શક્તિ સંનિહિત છે અને સહકારીના બળથી ઈશ્વરમાં કાર્ય કરવાની આધેય શક્તિનો અતિશય નથી, તેથી તેવા ઈશ્વરથી તો ત્રણે કાળવર્તી જે સર્વ કાર્યો થાય છે તે સર્વ કાર્યો એક કાળમાં જ થવાનો પ્રસંગ આવે અને તેમ સ્વીકારીએ તો ઈશ્વર જીવોનો જે અનુગ્રહ કરે છે તે સર્વ જીવો પ્રત્યે એક કાળમાં જ અનુગ્રહ થવો જોઈએ અને જગતનાં જે કોઈ કાર્યો ઈશ્વર કરે છે તે સર્વ કાર્યો એક જ કાળમાં થવાં જોઈએ, તેથી ક્રમથી ઈશ્વર સર્વ કાર્યો કરે છે તે તમારા મતે સંગત નથી.

આ દોષના નિવારણ માટે નિત્યવાદી કહે કે યુગપદ્થી ઈશ્વર સર્વ કાર્યો કરે છે તે પણ નિત્યવાદીનું વચન સંગત નથી તે બતાવતાં બૌદ્ધ દર્શનવાદી કહે છે, જો નિત્ય એવા તમારા ઈશ્વર એક સાથે સર્વ કાર્યો કરે તો બીજી ક્ષણમાં કોઈ કાર્ય કરવાનું રહે નહિ, તેથી બીજી ક્ષણમાં ઈશ્વર કોઈ કાર્ય કરતા નથી તેમ માનવું પડે, તેથી અર્થક્રિયા રહિત એવું અસત્ત્વ બળાત્કારે ઈશ્વરમાં પ્રાપ્ત થાય, તેથી ઈશ્વરનું એક ક્ષણ જ સત્ત્વ છે, બીજી ક્ષણમાં સત્ત્વ નથી તેમ જ સ્વીકારવું જોઈએ, તેથી પ્રતિક્ષણ પરિવર્તમાન અપર અપર સ્વરૂપવાળો ઈશ્વર સર્વ અર્થક્રિયા કરવા સમર્થ છે તેમ સ્વીકારવું ઉચિત છે.

બૌદ્ધ દર્શનવાદનો આશય એ છે કે જે વસ્તુ કોઈ કાર્ય કરતી ન હોય તે શશશૃંગની જેમ અસત્ છે અને જે વસ્તુ સત્ છે તે અવશ્ય પ્રતિક્ષણ કોઈક અર્થક્રિયાને કરે છે, આથી જ જગત ઉપર અનુગ્રહ કરવાની અર્થક્રિયા ઈશ્વર કરે છે તેમ સ્વીકારીને ઈશ્વરની સિદ્ધિ નિત્યવાદી કરે છે અને જો ઈશ્વર કોઈ કાર્ય ન કરતો હોય તો તેવા ઈશ્વરને સ્વીકારવા માટે કોઈ પ્રમાણ નથી; જેમ શશશૃંગને સ્વીકારવા કોઈ પ્રમાણ નથી અને ઈશ્વર જગતનાં કાર્યો કરે છે તેમ સ્વીકારવું હોય તો ક્રમથી સર્વ કાર્યો કરે છે તે ઈશ્વરમાં સંગત નથી અને યૌગપદ્ય સર્વ કાર્યો કરે છે તેમ સ્વીકારવામાં આવે તો ઈશ્વર પોતાનામાં રહેલી સર્વ શક્તિથી સર્વ કાર્યો એક કાળમાં કરે છે તેમ સ્વીકાર થાય તેથી બીજી ક્ષણમાં તે સર્વ કાર્યો કરવાની ક્રિયા ઈશ્વરમાં નથી તેથી બીજી ક્ષણમાં ઈશ્વરનું અસત્ત્વ પ્રાપ્ત થાય છે, માટે તમારે પણ ઈશ્વરને ક્ષણસ્થાયી જ સ્વીકારવો ઉચિત છે, આ પ્રકારનો બૌદ્ધનો આશય છે, અને તે બતાવીને કાલાતીત ઋષિ કહે છે કે સાંખ્ય દર્શનકાર કહે છે તેમ ઈશ્વરને અનાદિશુદ્ધ માનવો કે બૌદ્ધ દર્શનકાર કહે છે તેમ ક્ષણિક માનવો તે સ્વીકારવામાં પરસ્પર વિરોધો પ્રાપ્ત થાય છે, માટે સ્વ-સ્વદર્શનની યુક્તિઓમાં પ્રાયઃ વિરોધ હોવાથી અનાદિશુદ્ધ ઇત્યાદિ ઈશ્વરનો વિશેષ નિરર્થક છે.

હવે પૂર્ણપુરુષ ઉપાસ્ય છે એ અંશ ઉપાસના માટે આવશ્યક છે, પરંતુ અનાદિશુદ્ધ ઇત્યાદિ ઈશ્વરનો વિશેષ ઉપાસના માટે અનાવશ્યક છે તે બતાવવા માટે કાલાતીત ઋષિ કહે છે – કોઈપણ દર્શનમાં રહેલા યોગીઓ પોતપોતાના ઈશ્વરને મુક્ત, બુદ્ધ, અરિહંત આદિ શબ્દોથી ઉલ્લેખ કરીને તેમની ઉપાસના કરે છે તેથી તેઓ ગુણ-પ્રકર્ષરૂપ પુરુષની આરાધનાથી સાધ્ય ફલ વિશેષ સમાન પ્રાપ્ત કરે છે, જેમ ક્ષણિકવાદી

બૌદ્ધ પોતાના ઈશ્વરને ગુણથી પૂર્ણ સ્વીકારે અને કોઈક સાંખ્ય દર્શનવાદી પોતાના ઈશ્વરને ગુણથી પૂર્ણ સ્વીકારે અને તે પૂર્ણપુરુષને સાંખ્ય દર્શનવાદી નિત્ય કહે કે બૌદ્ધ દર્શનવાદી અનિત્ય કહે છતાં ગુણના પ્રકર્ષરૂપે ઈશ્વરની ઉપસ્થિતિ સાંખ્ય દર્શનકારને કે બૌદ્ધ દર્શનકારને સમાનરૂપે હોય તો તે ઈશ્વરની ઉપાસનાના આલંબનથી બન્નેને સમાન ફલ પ્રાપ્ત થાય છે; કેમ કે ગુણપ્રકર્ષ વિષયક બહુમાન જ ગુણપ્રકર્ષનું કારણ છે અને તેવો ગુણપ્રકર્ષ મુક્ત, બુદ્ધ આદિ સર્વમાં સમાન છે, તેથી ઈશ્વર વિષયક અનાદિશુદ્ધ ઇત્યાદિ અન્ય કલ્પનાને કારણે ફલભેદની પ્રાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે જૈનો પોતાના ઉપાસ્યને અરિહંત કહે છે, બૌદ્ધો બુદ્ધ કહે છે, છતાં તે પુરુષની ઉપસ્થિતિ ગુણના પ્રકર્ષરૂપે જૈનો અરિહંતને કરતા હોય, બૌદ્ધ દર્શનવાદી બુદ્ધને કરતા હોય તો તે નામોલ્લેખ જુદો પ્રાપ્ત થાય છે, પરંતુ ગુણના પ્રકર્ષવાળા પુરુષ રૂપે ઉપાસનાનો વિષય તે બન્નેનો એક જ છે, તેથી જેને ગુણપ્રકર્ષવાળા પુરુષમાં જેટલો સૂક્ષ્મબોધ અને જેટલી તન્મયતા તે પ્રમાણે તે પુરુષ ગુણપ્રકર્ષવાળા પુરુષની ઉપાસના કરીને તત્તુલ્ય થાય છે, આથી જ અન્ય દર્શનવાળા પણ પોતપોતાના દર્શનના ઉપાસ્યની ઉપાસના કરતાં કરતાં મધ્યસ્થભાવનો પ્રકર્ષ પ્રાપ્ત કરે તો સમતાના પરિણામના બળથી કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરે છે અને જૈનદર્શનમાં રહેલા વીરભગવાનની ઉપાસના કરનાર પણ વીરભગવાનના પારમાર્થિક વીતરાગભાવના સ્વરૂપને જાણતા ન હોય અને સ્વ-સ્વરુચિ અનુસાર કદાગ્રહથી દૂષિત મતિવાળા હોય તો સમતાની પ્રાપ્તિ કરી શકતા નથી અને સ્વ-સ્વરુચિમાં અસદભિનિવેશ વીરભગવાનની ઉપાસનાથી પણ અનિવર્તનીય હોય તો ગુણસ્થાનકની પણ પ્રાપ્તિ કરી શકતા નથી, તેથી કદાગ્રહ વગર ઉપાસ્ય દેવનું સ્વરૂપ અને સંસારના કારણીભૂત કર્મનું સ્વરૂપ સમ્યગ્ ચિંતવન કરવું જોઈએ, એ પ્રકારનો સંબંધ શ્લોક-૩૦૦ સાથે પ્રસ્તુત શ્લોકનો છે. **॥૩૦૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૩૦૧માં કાલાતીત ઋષિએ કહ્યું કે દેવતાદિ વિષયક અને પ્રધાન વિષયક અન્ય દર્શનકારોનો પણ આ જ માર્ગ છે, ત્યાર પછી ઈશ્વર વિષયક ઉપાસ્યના સ્વરૂપમાં સમાન માર્ગ સર્વ દર્શનકારોનો કઈ રીતે છે અને નામ માત્ર ભેદ કઈ રીતે છે તે કાલાતીત ઋષિએ બતાવ્યું. હવે પ્રધાન વિષયક નામભેદ આદિ છે, પરંતુ સંસારના કારણરૂપે અમને પ્રધાન અભિમત છે તે જ અન્ય નામથી અન્ય દર્શનકારો સ્વીકારે છે તેનો સમુચ્ચય કરવા અર્થે 'तथा'થી કાલાતીત ઋષિ કહે છે –**

**શ્લોક :-**

**अविद्याक्लेशकर्मादि, यतश्च भवकारणम् ।**
**ततः प्रधानमेवैतत्, संज्ञाभेदमुपागतम् ।।३०५।।**

**અન્વયાર્થ :-**

**च=અને, यतः=જે કારણથી, अविद्याक्लेशकर्मादि=અવિદ્યા-ક્લેશ-કર્મ આદિ, भवकारणम्=ભવનું કારણ છે, ततः=તે કારણથી, संज्ञाभेदमुपागतं प्रधानमेवैतत्=સંજ્ઞાભેદને પામેલું પ્રધાન જ આ છે=અમારા વડે સ્વીકારાયેલું પ્રધાન જ ભવનું કારણ છે. ।।૩૦૫।।**

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી અવિદ્યા-ક્લેશ-કર્મ આદિ ભવનું કારણ છે, તે કારણથી સંજ્ઞાભેદને પામેલું પ્રધાન જ આ છે. ।।૩૦૫।।**

**ટીકા :-**

**अविद्या वेदान्तिकानां, क्लेशः सांख्यानां, कर्म जैनानां, आदिशब्दाद्वासना सौगतानां, पाशः शैवानाम्, यतो=यस्मात्, चकारो वक्तव्यान्तरसूचनार्थः, भवकारणं=संसारहेतुः, ततः=तस्माद्= अविद्यादीनां भवकारणत्वाद्धेतोः, प्रधानमेव एतद्=अस्मदभ्युपगतं भवकारणं सत्, किमित्याह– संज्ञाभेदं=नामान्तररूपम्, उपागतं=प्राप्तम्, न त्वन्यत्किञ्चित् ।।३०५।।**

**ટીકાર્થ :-**

**अविद्या ..... त्वन्यत्किञ्चित् ।। વેદાંતીઓને અવિદ્યા, સાંખ્યોને ક્લેશ, જૈનોને કર્મ, 'आदि' શબ્દથી= 'अविद्याक्लेशकर्मादि'માં રહેલા 'आदि' શબ્દથી, સૌગતોને વાસના, શૈવોને પાશ, જે કારણથી ભવનું કારણ છે, તે કારણથી=અવિદ્યાદિનું ભવકારણત્વ રૂપ હેતુથી, પ્રધાન જ આ=અમારા વડે સ્વીકારાયેલું પ્રધાન જ ભવકારણ છતું શું એથી કહે છે – સંજ્ઞાભેદ=નામાંતરરૂપ સંજ્ઞાભેદ, પ્રાપ્ત થયું, અન્ય કંઈ પ્રાપ્ત થયું નહિ=સંસારના હેતુમાં અન્ય કોઈ વિશેષ પ્રાપ્ત થયું નહિ, 'च' શબ્દ વક્તવ્યાંતર સૂચન માટે છે=ઈશ્વરના વિષયમાં નામભેદથી અન્ય ભેદ નથી તેમ પ્રધાનમાં પણ નામભેદ છે અન્ય ભેદ નથી એ રૂપ વક્તવ્યાંતરના સૂચન માટે છે. ।।૩૦૫।।**

**ભાવાર્થ :-**

કાલાતીત ઋષિ કહે છે કે અમે ભવનું કારણ પ્રધાન સ્વીકારીએ છીએ, તેને જ અન્ય દર્શનકારો નામભેદથી અવિદ્યા-ક્લેશ-કર્મ આદિ કહે છે, જેમ વેદાંતીઓ ભવના કારણને અવિદ્યા કહે છે, સાંખ્યો ક્લેશ કહે છે, જૈનો કર્મ કહે છે, સૌગતો વાસના કહે છે, શૈવ દર્શનવાળા તેને પાશ અર્થાત્ બંધન કહે છે અને તે ભવના કારણના ઉચ્છેદ માટે જ ઈશ્વરની ઉપાસના બધા સ્વીકારે છે, તેથી પ્રધાનને જ અવિદ્યાદિ નામભેદથી સ્વીકારવા માત્રથી પદાર્થનો ભેદ પ્રાપ્ત થતો નથી, માટે સર્વ દર્શનકારોને ભવના કારણરૂપે એક જ વસ્તુનો સ્વીકાર છે, ફક્ત તે વસ્તુને અન્ય અન્ય નામથી સર્વ દર્શનકારો વાચ્ય કરે છે, માટે બુદ્ધિમાને મધ્યસ્થતાનું અવલંબન લઈને ભવના કારણના સ્વીકાર વિષયક ઐદંપર્યનું પર્યાલોચન કરવું જોઈએ, જેથી મધ્યસ્થતાપૂર્વક તત્ત્વનો નિર્ણય થાય એમ શ્લોક-૩૦૦મા સાથે સંબંધ છે. **।।૩૦૫।।**

**અવતરણિકા :-**

अत्रापि परपरिकल्पितविशेषनिराकरणायाह –

**અવતરણિકાર્થ :-**

અહીં પણ=પ્રધાનના વિષયમાં પણ, પરપરિકલ્પિત વિશેષના નિરાકરણ માટે કહે છે=કાલાતીત ઋષિ કહે છે –

**શ્લોક :-**

अस्यापि योऽपरो भेदश्चित्रोपाधिस्तथातथा ।
गीयतेऽतीतहेतुभ्यो, धीमतां सोऽप्यपार्थकः ।।३०६।।

**અન્વયાર્થ :-**

अस्यापि=આનો પણ=પ્રધાનનો પણ, तथा तथा=તે તે પ્રકારે, चित्रोपाधिः यः अपरः भेदः=ચિત્ર ઉપાધિવાળો જે અપર ભેદ, गीयते=કહેવાય છે, सोऽपि=તે પણ=ચિત્ર ઉપાધિવાળો ભેદ પણ, अतीतहेतुभ्यः=અતીત હેતુઓથી=શ્લોક-૩૦૪માં બતાવેલા હેતુઓથી, धीमतां=બુદ્ધિમાનોને, अपार्थकः= પ્રયોજન વગરનો છે. ।।૩૦૬।।

**શ્લોકાર્થ :-**

**આનો પણ તે તે પ્રકારે ચિત્ર ઉપાધિવાળો જે અપર ભેદ કહેવાય છે તે પણ અતીત હેતુઓથી બુદ્ધિમાનોને પ્રયોજન વગરનો છે. ।।૩૦૬।।**

**ટીકા :-**

अस्यापि=प्रधानस्य, योऽपरो=भवकारणत्वात्सार्वाभ्युपगतादन्यः, भेदो=विशेषः, कीदृश इत्याह- चित्रोपाधिः=चित्रो नानारूप उपाधिर्मूर्तत्वाऽमूर्तत्वादिलक्षणो यस्य स तथा, तथातथा तत्तद्दर्शनभेदेन गीयते=वर्ण्यते, किमित्याह—अतीतहेतुभ्यः=अनन्तरमेव 'विशेषस्याऽपरिज्ञानात्' (३०४) इत्यादि- श्लोकोक्तेभ्यः सकाशात् धीमतां=बुद्धिमतां, सोऽपि किं पुनर्देवतागत इत्यपिशब्दार्थः, अपार्थको= ऽपगतपरमार्थप्रयोजनः, सर्वैरपि भवकारणत्वेन योगाभ्यासापनेयस्यास्योपगमात्, अन्यस्य विशेषस्य सतोऽप्यकिंचित्करत्वादिति ।।३०६।।

**ટીકાર્થ :-**

अस्यापि ..... सतोऽप्यकिंचित्करत्वादिति ।। આનો પણ=પ્રધાનનો પણ, જે અપરભેદ=સર્વ અભ્યુપગત એવા ભવકારણત્વથી અન્ય વિશેષ. કેવા પ્રકારનો અન્ય વિશેષ ? એથી કહે છે – ચિત્ર ઉપાધિવાળો=

**મૂર્તત્વ-અમૂર્તત્વ આદિરૂપ જુદી જુદી ઉપાધિ છે જેને તે તેવો છે અર્થાત્ ચિત્ર ઉપાધિવાળો છે તે તે દર્શનના ભેદથી તે તે પ્રકારે વર્ણન કરાય છે, શું છે ?=તે વર્ણન શું છે ? એથી કહે છે – અતીત હેતુઓથી=અનંતર જ વિશેષના અપરિજ્ઞાનથી ઇત્યાદિ શ્લોકથી કહેવાયેલા અતીત હેતુઓથી, બુદ્ધિમાનને તે પણ અપાર્થક છે=ચિત્ર ઉપાધિવાળો ભેદ પણ અપગત પરમાર્થ પ્રયોજનવાળો છે, શું વળી દેવતાગત વિશેષ ? એ પ્રકારે 'सोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

કેમ પ્રધાનગત વિશેષ પરમાર્થ પ્રયોજન વગરનો છે ? તેમાં હેતુ કહે છે –

**બધા દર્શનવાદીઓ વડે પણ યોગના અભ્યાસથી અપનેય એવા પ્રધાનને ભવના કારણરૂપે સ્વીકારાયેલો છે, વિદ્યમાન પણ અન્ય વિશેષનું અકિંચિત્કરપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૦૬॥**

**ભાવાર્થ :-**

કાલાતીત ઋષિએ શ્લોક-૩૦૫માં કહ્યું કે અમે જેને પ્રધાન કહીએ છીએ અને તેને ભવના કારણરૂપે સ્વીકારીએ છીએ તે ભવના કારણને જ અન્ય દર્શનવાળા નામભેદથી સ્વીકારે છે. વળી અન્ય દર્શનવાળા તે ભવના કારણને જુદી જુદી ઉપાધિના ભેદથી જુદું જુદું કહે છે અર્થાત્ કોઈક તેને મૂર્ત કહે છે, કોઈક તેને અમૂર્ત કહે છે ઇત્યાદિ જુદા જુદા પ્રકારનું ભવનું કારણ કહે છે તે પણ નિરર્થક છે, કેમ નિરર્થક છે ? તેમાં યુક્તિ બતાવે છે – ભવનું કારણ મૂર્ત છે કે અમૂર્ત છે, તે તે પ્રકારના વિશેષનું પરિજ્ઞાન થઈ શકતું નથી અને તે પ્રકારનું અનુમાન કરવામાં જાતિવાદના દોષની પ્રાપ્તિ છે અને ભવના કારણને મૂર્તરૂપે કે અમૂર્તરૂપે સ્વીકારની તે તે દર્શનની યુક્તિનો પરસ્પર પ્રાયઃ વિરોધ છે અને ભવના કારણને મૂર્તરૂપે કે અમૂર્તરૂપે સ્વીકારીને યોગના અભ્યાસ દ્વારા દૂર કરવા કોઈ યોગી યત્ન કરે તો તે યોગીના પ્રયત્નથી તે ભવનું કારણ દૂર થાય છે, પરંતુ તેને મૂર્ત સ્વીકારીને દૂર કરવા યત્ન કરે કે અમૂર્ત સ્વીકારીને દૂર કરવા યત્ન કરે તેનાથી કોઈ ફલનો ભેદ પ્રાપ્ત થતો નથી, માટે પ્રધાનના સ્વરૂપમાં તે તે દર્શનનો જે વિવાદ છે તે યોગમાર્ગના સેવનથી પ્રધાનને દૂર કરવામાં કોઈ પ્રયોજનવાળો નથી, માટે તેના વિવાદનો ત્યાગ કરીને મોક્ષના અર્થી યોગીએ ભવના કારણના ત્યાગના ઉપાયભૂત યોગના અભ્યાસમાં યત્ન કરવો જોઈએ, પરંતુ જે વસ્તુનો વિશેષ નિર્ણય ન થતો હોય તે વસ્તુમાં સ્વ-સ્વદર્શન અનુસાર સ્વીકાર કરીને કદાગ્રહ કરવો જોઈએ નહિ, એ પ્રકારનું કાલાતીતનું કથન છે. **॥૩૦૬॥**

**અવતરણિકા :-**

**यत एवम् –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી આ પ્રમાણે છે=શ્લોક ૩૦૧થી ૩૦૬ સુધી બતાવ્યું એ પ્રમાણે છે, તે કારણથી શું ? તે શ્લોકમાં બતાવે છે –**

શ્લોક :-

ततोऽस्थानप्रयासोऽयं, यत्तद्भेदनिरूपणम् ।
सामान्यमनुमानस्य, यतश्च विषयो मतः ।।३०७।।

અન્વયાર્થ :-

ततः=તેથી=ઉપાસ્યગત અને પ્રધાનગત વિશેષ નિરર્થક છે તેથી, यत्=જે, तद्भेदनिरूपणं=તેના ભેદનું નિરૂપણ છે=તે તે દર્શન અનુસાર દેવતા અને પ્રધાનના સ્વરૂપના ભેદનું નિરૂપણ છે, अयं अस्थानप्रयासः=એ અસ્થાનપ્રયાસ છે, च=અને, यतः=જે કારણથી, अनुमानस्य विषयः=અનુમાનનો વિષય=ઉપાસ્ય કેવા સ્વરૂપવાળા હોવા જોઈએ અને ભવની નિષ્પત્તિ શેનાથી થઈ છે તેના અનુમાનનો વિષય, सामान्यं=સામાન્ય, मतः=મનાયો છે. ॥૩૦૭॥

શ્લોકાર્થ :-

તેથી જે તેના ભેદનું નિરૂપણ છે, એ અસ્થાનપ્રયાસ છે અને જે કારણથી અનુમાનનો વિષય સામાન્ય મનાયો છે. ॥૩૦૭॥

ટીકા :-

ततः=विशेषस्यापार्थकत्वाद्धेतोः, अस्थानप्रयासोऽयम्=अस्थानप्रयत्न एष, तत्त्वचिन्तकानाम् यत्तद्भेदनिरूपणं=देवादिविशेषगवेषणम्, किंचासौ न प्रत्यक्षसाध्यः किंत्वनुमानात्, तत्र च सामान्यं अस्तित्वमात्रादि न तु विशेषः, अनुमानस्य प्रमाणविशेषस्य यतो=यस्मात्, चः-समुच्चये विषयो गोचरः, मतः=अभिप्रेतः, अयमभिप्रायः-निर्दोषपुरुषविशेषरूपो देवः कर्म चाप्रत्यक्षत्वादनुमानविषयः, ते चानुमाने अमू-'ये ये चयापचयधर्माणस्ते ते क्वचित्सर्वथाप्युच्छेदं प्रतिपद्यन्ते, यथा क्वचिद्रोगिणि रोगा नभसि वा जलधराः, चयापचयधर्माणश्च रागादयः, ततो यत्र ते सर्वथा समुच्छेदभाजः स कश्चित्पुरुषातिशयो मुक्तादिशब्दवाच्यो देवः, तथा यस्तुल्यसाधनयोर्द्वयोः फलविशेषो नासावदृष्टं कारणं विना युज्यते, कार्यत्वात्, यद्यत्कार्यं तत्तत्कारणं विना न स्यात्, यथा घटः, कार्यं च फलविशेषः, ततो यस्तत्र हेतुः स कर्मेतीत्याद्यनुमानैः साधितोऽपि देवतादिरर्थो न सर्वविशेषानुगतः प्रतिपत्तुं शक्यः, किं तु सामान्यरूपः, ततः किं विशेषचिन्तयाऽशक्यार्थविषययेति, न च वक्तव्यं 'शास्त्रात्तर्हि निश्चयो भविष्यति', तस्याप्याप्तवचनत्वेनाभिधीयमानार्थान्यथानुपपन्नतया तत्त्वतोऽनुमानत्वात् ।।३०७।।

ટીકાર્થ :-

ततो ..... तत्त्वतोऽनुमानत्वात् ।। તે કારણથી=વિશેષના અપાર્થકત્વરૂપ હેતુથી=ઈશ્વરગત અને

પ્રધાનગત વિશેષના અપાર્થકત્વરૂપ હેતુથી, તત્ત્વચિંતકોનો આ અસ્થાનપ્રયાસ છે=આ અસ્થાનપ્રયત્ન છે, જે તેના ભેદનું નિરૂપણ છે=દેવાદિના વિશેષનું ગવેષણ છે. વળી આ=દેવતાદિગતવિશેષ પ્રત્યક્ષસાધ્ય નથી, પરંતુ અનુમાનથી સાધ્ય છે અને જે કારણથી ત્યાં=દેવતાદિ વિષયમાં, પ્રમાણવિશેષરૂપ અનુમાનનો અસ્તિત્વ માત્રાદિ સામાન્ય વિષય મનાયો છે, પરંતુ વિશેષ વિષય મનાયો નથી, શ્લોકમાં રહેલો 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

આ અભિપ્રાય છે – અપ્રત્યક્ષપણું હોવાથી નિર્દોષપુરુષવિશેષરૂપ દેવ અને કર્મ અનુમાનનો વિષય છે અને તે બે અનુમાનો આ છે=ઈશ્વરવિષયક અને કર્મવિષયક બે અનુમાનો આ છે – જે જે ચય-અપચયધર્મવાળા છે તે તે કોઈક સ્થાનમાં સર્વથા ઉચ્છેદને પ્રાપ્ત કરે છે, જે પ્રમાણે કોઈક રોગીમાં રોગો અથવા કોઈક આકાશમાં જલધારા અને ચય-અપચય ધર્મવાળા રાગાદિ છે, તેથી જ્યાં=જે પુરુષમાં, તે=રાગાદિ, સર્વથા સમુચ્છેદવાળા છે તે કોઈક પુરુષ અતિશય મુક્ત આદિ શબ્દથી વાચ્ય દેવ છે.

અને જે તુલ્ય સાધનવાળા બે પુરુષમાં ફલવિશેષ છે એ અદૃષ્ટ કારણ વગર ઘટે નહિ; કેમ કે કાર્યપણું છે, જે જે કાર્ય છે તે તે કારણ વગર ન થાય, જે પ્રમાણે ઘટ, અને કાર્ય ફલવિશેષ છે= સમાન સાધનવાળા બે પુરુષમાં જે ફલવિશેષ છે તે કાર્ય છે, તેથી તેમાં=ફલવિશેષરૂપ કાર્યમાં, જે હેતુ છે તે કર્મ છે ઈત્યાદિ અનુમાનો દ્વારા=પૂર્વમાં વર્ણન કર્યું એ બે વગેરે અનુમાનો દ્વારા, સાધિત પણ દેવતાદિ અર્થ=દેવતા અને પ્રધાન રૂપ અર્થ, સર્વ વિશેષ અનુગત નિર્ણય કરવાને શક્ય નથી, પરંતુ સામાન્યરૂપ જ નિર્ણય કરવાને શક્ય છે, તેથી અશક્યાર્થ વિષયવાળી વિશેષની ચિંતા વડે શું ?= દેવતાગત અને પ્રધાનગત વિશેષનો નિર્ણય અશક્ય અર્થવાળો હોવાથી તેના વિશેષની વિચારણા નિરર્થક છે. 'इति' શબ્દ તે બે અનુમાન આ છે, એ પ્રકારે પ્રારંભ કર્યો તેની સમાપ્તિ માટે છે.

અને તો વળી શાસ્ત્રથી વિશેષનો નિર્ણય થશે તેમ ન કહેવું; કેમ કે તેનું પણ=શાસ્ત્રવચનનું પણ, આપ્તવચનપણારૂપે અભિધીયમાન અર્થનું અન્યથા અનુપપન્નપણું હોવાથી તત્ત્વથી અનુમાનપણું છે. ॥૩૦૭॥

**ભાવાર્થ :-**

શ્લોક-૩૦૧થી ૩૦૬ સુધી કાલાતીત ઋષિએ બતાવ્યું કે અમે જેને ઈશ્વર કહીએ છીએ તેને જ નામભેદથી અન્ય દર્શનવાળા મુક્ત આદિ કહે છે અને અમે ભવના કારણરૂપે પ્રધાનને સ્વીકારીએ છીએ તેને જ અન્ય દર્શનવાદી અવિદ્યા આદિ નામથી કહે છે. વળી ઈશ્વરના વિષયમાં અનાદિ શુદ્ધ ઇત્યાદિ વિકલ્પો તે તે દર્શન અનુસાર થાય છે તે નિરર્થક છે અને ભવના કારણ વિષયક મૂર્તત્વ-અમૂર્તત્વ આદિ ભેદ કલ્પાય છે તે નિરર્થક છે, તેથી તેના ભેદનું કથન અસ્થાન પ્રયાસરૂપ છે. કેમ અસ્થાન પ્રયાસરૂપ છે તેમાં કાલાતીત ઋષિ યુક્તિ આપે છે –

સંસારના ઉચ્છેદના કારણરૂપે ઉપાસ્ય દેવના સ્વરૂપમાં અને સંસારના કારણના સ્વરૂપમાં અનુમાનનો વિષય સામાન્ય છે, તેથી જેમ ધૂમને જોઈને પર્વતમાં અગ્નિનું અનુમાન થાય છે, ત્યાં અગ્નિના વિશેષ વિષયક વિચારણા અસ્થાન પ્રયાસરૂપ છે; કેમ કે અનુમાન દ્વારા અગ્નિના અસ્તિત્વ માત્રનો નિર્ણય થાય છે, અગ્નિના વિશેષ સ્વરૂપનો નિર્ણય થતો નથી, તેમ દેવના સ્વરૂપમાં અને કર્મના સ્વરૂપમાં પણ અનુમાન દ્વારા અસ્તિત્વ માત્રનો નિર્ણય થઈ શકે છે, પરંતુ વિશેષનો નિર્ણય થઈ શકતો નથી, આમ છતાં દેવના વિષયમાં અમારા દેવ અનાદિ શુદ્ધ છે કે સાદિ શુદ્ધ છે અથવા ભવનું કારણ મૂર્ત છે કે અમૂર્ત છે એ પ્રકારની વિશેષ વિચારણા અસ્થાન પ્રયાસરૂપ છે.

દેવના વિષયમાં સામાન્યથી કઈ રીતે નિર્ણય થાય છે તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે – જેમ કોઈક રોગીમાં રોગો ચય-અપચય પરિણામવાળા દેખાય છે અથવા કોઈક સ્થાનમાં આકાશમાંથી મેઘ વરસતો હોય તે ચય-અપચય ધર્મવાળો દેખાય છે અર્થાત્ ક્યારેક જલધારા વૃદ્ધિ પામે છે અને ક્યારેક અલ્પ થાય છે તે પ્રત્યક્ષથી દેખાય છે તેના ઉપરથી અનુમાન થઈ શકે છે કે કોઈક પુરુષમાં સર્વથા રોગોનો ઉચ્છેદ છે અથવા કોઈક આકાશમાં સર્વથા જલધારાનો અભાવ છે તે રીતે સંસારી જીવોમાં રાગાદિ દોષો ચય-અપચયવાળા પ્રત્યક્ષથી દેખાય છે તેના ઉપરથી અનુમાન થાય છે કે કોઈક પુરુષમાં સર્વથા રાગાદિનો ઉચ્છેદ હોવો જોઈએ અને તે પુરુષવિશેષ જ મુક્ત આદિ શબ્દથી વાચ્ય છે, તેથી અનુમાનથી રાગાદિ રહિત પુરુષનું જ્ઞાન થઈ શકે છે, પરંતુ તે રાગાદિ રહિત પુરુષ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે તેનું જ્ઞાન થઈ શકતું નથી, જેમ ધૂમથી પર્વતમાં અનુમાન કરાયેલો અગ્નિ કેવા વિશેષ સ્વરૂપવાળો છે તેનો નિર્ણય થતો નથી, તેમ રાગાદિ રહિત પુરુષનો નિર્ણય અનુમાનથી થયેલો હોવાથી અનાદિશુદ્ધ ઇત્યાદિ વિશેષનો નિર્ણય થઈ શકતો નથી, માટે તેના વિષયક કરાતી વિચારણા અસ્થાનપ્રયાસરૂપ છે.

વળી ભવનું કારણ કર્મ છે તેનું પણ અનુમાન સામાન્યથી થાય છે તે આ રીતે – તુલ્ય સામગ્રીવાળા બે પુરુષને ફલવિશેષની પ્રાપ્તિ થાય છે તે અદૃષ્ટ કારણ વગર સંભવે નહિ, જેમ એક જ માતાની કુક્ષિમાંથી જન્મેલા યુગલમાં એકને પુરુષપણું પ્રાપ્ત થાય છે તો અન્યને સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે, તેમાં જે ફલભેદ પ્રાપ્ત થયો તે અદૃષ્ટ એવા કારણ વગર થઈ શકે નહિ, એ પ્રકારના અનુમાનથી નિર્ણય થાય છે કે જીવોને જુદા જુદા પ્રકારના ફલભેદની પ્રાપ્તિ પ્રત્યે અદૃષ્ટ કારણ છે જેને કર્મ કહેવાય છે અને તે કર્મ જ ભવનું કારણ છે, આથી જ ચિત્ર પ્રકારના કર્મને કારણે જીવોને ચિત્ર પ્રકારના ભવોની પ્રાપ્તિ છે, આ પ્રકારે સંસારની વિચિત્રતાના બળથી તેના કારણીભૂત કર્મની કલ્પના કરાય છે, તેથી કાર્ય ઉપરથી કર્મરૂપ કારણનું અનુમાન થાય છે અને તે કર્મ ભવનું કારણ છે તેવો નિર્ણય થાય છે તોપણ તે અનુમાન દ્વારા ભવનું કારણ એવું કર્મ રૂપી છે કે અરૂપી ઇત્યાદિ વિશેષનો નિર્ણય થઈ શકતો નથી, માટે ભવના કારણને જ સર્વ દર્શનકારો જુદાં જુદાં નામોથી કહે છે અને તે કર્મને રૂપી છે, અરૂપી છે ઇત્યાદિ જે વિચારણા તે તે દર્શનવાદીઓ કરે છે તે અસ્થાન પ્રયાસ છે.

અહીં કોઈ કહે કે શાસ્ત્રવચનથી દેવતાગત વિશેષનો અને પ્રધાનગત વિશેષનો નિર્ણય થઈ શકશે, તેનું નિરાકરણ કરતાં ટીકાકારશ્રી કાલાતીત ઋષિના વચન અનુસાર કહે છે –

શાસ્ત્રવચન પણ આપ્તવચન સ્વરૂપ છે અને આપ્તવચનથી કહેવાયેલો અર્થ અન્યથા અનુપપન્ન છે=આપ્તવચન જે પ્રકારે પદાર્થ કહે છે તે પ્રકારે ન સ્વીકારવામાં આવે તો દૃષ્ટ વ્યવસ્થાની અનુપપત્તિ છે, તે પ્રકારે વિચારણા કરીને આપ્તવચનને સ્વીકારાય છે, માટે શાસ્ત્રવચનનું પણ પરમાર્થથી અનુમાનરૂપપણું છે. જેમ આપ્તવચન ભવના કારણને કર્મરૂપે સ્વીકારે છે અને તે ભવના કારણરૂપ અર્થ સ્વીકાર્યા વગર દૃષ્ટ વ્યવસ્થામાં જે જીવોની વિચિત્રતા દેખાય છે તે વિચિત્રતાની અનુપપત્તિ છે, તેથી જે રીતે પર્વતમાં અગ્નિને સ્વીકાર્યા વગર પર્વતમાં દેખાતા ધૂમની અનુપપત્તિ છે, તેથી અન્યથા અનુપપત્તિરૂપ હેતુથી પર્વતમાં અગ્નિનું અનુમાન થાય છે તે રીતે આપ્તવચનને અભિમત કર્મ સ્વીકાર્યા વગર જીવોમાં દેખાતા વૈચિત્ર્યની અનુપપત્તિ હોવાને કારણે અન્યથા અનુપપત્તિ દ્વારા આપ્તવચનને અનુમાનરૂપે સ્વીકારી શકાય છે અને અનુમાનનો વિષય સામાન્ય હોવાથી તેના વિશેષની વિચારણા શાસ્ત્રવચનથી થઈ શકે નહિ, આથી જ કર્મને કોઈક કોઈક દર્શનનાં શાસ્ત્રો રૂપી કહે છે, તો વળી કોઈક અન્ય દર્શનનાં શાસ્ત્રો અરૂપી કહે છે, તેથી કર્મના રૂપી કે અરૂપી સ્વરૂપનો નિર્ણય શાસ્ત્રથી થઈ શકતો નથી; કેમ કે બધાં શાસ્ત્રો તેના સ્વરૂપ વિષયક ભિન્ન ભિન્ન કથનો કરે છે, માટે અનુમાનના વિષયભૂત શાસ્ત્રથી કર્મ સામાન્યનો જ નિર્ણય થઈ શકે છે એ પ્રકારનો કાલાતીત ઋષિનો આશય છે. **॥૩૦૭॥**

**અવતરણિકા :-**

**अथ कालातीतोक्तं शास्त्रकृत्स्वयमेव समर्थयमानः प्राह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કાલાતીત વડે કહેવાયેલું=શ્લોક-૩૦૧થી ૩૦૭ સુધી કાલાતીત વડે કહેવાયેલું, શાસ્ત્રકારશ્રી= યોગબિંદુના ગ્રંથકારશ્રી, સ્વયં જ સમર્થન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**साधु चैतद्यतो नीत्या, शास्त्रमत्र प्रवर्तकम् ।**
**तथाभिधानभेदात्तु, भेदःकुचितिकाग्रहः ।।३०८।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, एतद्=આ=કાલાતીતે કહ્યું એ, साधु=સુંદર છે, यतः=જે કારણથી, नीत्या=નીતિથી=પરમાર્થની વિચારણા રૂપ નીતિથી, अत्र=અહીં=દેવતાદિ અર્થમાં, शास्त्रं प्रवर्तकं=શાસ્ત્ર પ્રવર્તક છે, तु=વળી, तथाभिधानभेदात्=તે પ્રકારના નામભેદથી, भेदः=ભેદ=દેવતાકર્માદિનો ભેદ, कुचितिकाग्रहः=કુચિતકાગ્રહ છે=કુત્સિત આગ્રહ છે. ॥૩૦૮॥**

**શ્લોકાર્થ :-**

**વળી આ સુંદર છે, જે કારણથી નીતિથી અહીં શાસ્ત્ર પ્રવર્તક છે, વળી તે પ્રકારના નામભેદથી ભેદ કુચિતિકાગ્રહ છે. ॥૩૦૮॥**

**ટીકા :-**

**साधु च=सुन्दरं पुनः, एतत्=कालातीतोक्तम्, यतो=यस्मात्, नीत्या परमार्थचिन्तारूपया शास्त्रं= आगमः, अत्र=देवतादावर्थे, प्रवर्तकं=प्रवृत्तिहेतुः, तथाभिधानभेदात्तु=मुक्तबुद्धादिनामनानात्वेन पुनः, भेदो देवताकर्मादीनाम्, किमित्याह–कुचितिकाग्रहः=कौटिल्यावेशरूप इति ।।३०८।।**

**ટીકાર્થ :-**

साधु ..... कौटिल्यावेशरूप इति ।। **વળી આ=કાલાતીત વડે કહેવાયેલું=શ્લોક ૩૦૧થી ૩૦૭ સુધી કાલાતીત વડે કહેવાયેલું, સુંદર છે, જે કારણથી પરમાર્થની વિચારણારૂપ નીતિથી અહીં=દેવતાદિ અર્થમાં, શાસ્ત્ર=આગમ, પ્રવર્તક છે=પ્રવૃત્તિનો હેતુ છે. વળી તે પ્રકારના અભિધાનના ભેદથી=મુક્ત-બુદ્ધ આદિ નામોના જુદાપણાથી, દેવતા કર્માદિનો ભેદ કુચિતિકાગ્રહ છે=કૌટિલ્ય આવેશરૂપ કુત્સિત આગ્રહ છે. ॥૩૦૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૦૧થી ૩૦૭ સુધી દેવતા વિષયક અને કર્મ વિષયક જે કાલાતીતે કહ્યું તે સુંદર છે એમ હરિભદ્રસૂરિ મહારાજ કહે છે તેમાં યુક્તિ બતાવે છે –

દેવતા અને કર્મ સ્વીકારવાના વિષયમાં પ્રવર્તક શાસ્ત્રવચન છે અને તે શાસ્ત્રવચન અનુસાર પૂર્ણપુરુષ ઉપાસ્ય છે અને ભવનું કારણ કર્મ છે, તેથી ભવના ઉચ્છેદના અર્થીએ પૂર્ણપુરુષની ઉપાસના કરીને પૂર્ણપુરુષ તુલ્ય થવું જોઈએ, જેથી ભવનો ઉચ્છેદ થાય, આ પ્રકારે શાસ્ત્રથી નિર્ણય થતો હોવાથી પૂર્ણપુરુષને મુક્ત-બુદ્ધ આદિ નામભેદથી ભિન્ન સ્વીકારીને અને ભવના કારણને રૂપી-અરૂપી આદિ રૂપે ભિન્ન કરીને તેનો ભેદ કરવો તે કુત્સિત આગ્રહ રૂપ છે=ચિત્તમાં કુટિલતાનો પ્રવેશ થવાને કારણે મધ્યસ્થતાથી વસ્તુના સ્વરૂપનો વિચાર કર્યા વગર ઉપાસ્ય દેવનો અને ભવના કારણનો તે પ્રકારે સ્વ-સ્વ કલ્પનાકૃત ભેદ કરવો તે વિચારકને ઉચિત નથી, છતાં વક્રતાથી ધર્મના અર્થી એવા પણ જીવો તે તે પ્રકારના સ્વ-સ્વ મતનો આગ્રહ કરે છે તે ઉચિત નથી. **॥૩૦૮॥**

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

**તેથી=તે પ્રકારના નામભેદથી દેવતાદિનો ભેદ કરવો એ કુચિતિકા આગ્રહ છે તેથી, શું તે શ્લોકમાં કહે છે –**

શ્લોક :-

विपश्चितां न युक्तोऽयमैदम्पर्यप्रिया हि ते ।
यथोक्तास्तत्पुनश्चारु, हन्ताऽत्रापि निरूप्यताम् ।।३०९।।

અન્વયાર્થ :-

अयं=આ=કુચિતિકા આગ્રહ, विपश्चितां=બુદ્ધિમાનોને, न युक्तः=યુક્ત નથી, हि=જે કારણથી, यथोक्ताः ते=યથોક્ત એવા તેઓ=જે પ્રમાણે શાસ્ત્રમાં બુદ્ધિમાનોનું સ્વરૂપ બતાવ્યું છે તેવા સ્વરૂપવાળા બુદ્ધિમાનો, ऐदम्पर्यप्रियाः=ઐદંપર્યપ્રિય હોય છે=પરમાર્થ પ્રત્યે પ્રીતિ રાખનારા હોય છે, पुनः=વળી, तत् चारु=શુદ્ધ એવું તે=શુદ્ધ એવું ઐદંપર્ય, अत्रापि=અહીં પણ=કાલાતીતના વચનમાં પણ, निरूप्यताम्=વિચારવું જોઈએ, हन्त='हन्त'= શબ્દ શ્રોતાને સન્મુખ કરવા માટે છે. ॥૩૦૯॥

શ્લોકાર્થ :-

**આ બુદ્ધિમાનોને યુક્ત નથી, જે કારણથી યથોક્ત એવા તેઓ ઐદંપર્યપ્રિય હોય છે. વળી શુદ્ધ એવું તે અહીં પણ વિચારવું જોઈએ. ॥૩૦૯॥**

ટીકા :-

विपश्चितां=विदुषाम्, न युक्तो=ऽघटमानः, अयं=कुचितिकाग्रहः, कुत इत्याह—ऐदम्पर्यप्रिया=वल्लभपरमार्थाः, हि=यस्मात्, ते=विपश्चितः, यथोक्ताः=तात्त्विकरूपाः, यदि नामैवं ततः किमित्याह - तत्पुनः ऐदम्पर्यं चारु=शुद्धं, 'हन्त' इति प्राग्वत्, अत्रापि=अस्मिन्नपि कालातीतोक्ते, किं पुनः शेषविपश्चिदुक्ते 'निरूप्यतां' निपुणाभोगेन ।।३०९।।

ટીકાર્થ :-

विपश्चितां ..... निपुणाभोगेन ।। આ=કુત્સિત આગ્રહ, બુદ્ધિમાનોને યુક્ત નથી=ઘટમાન નથી, કેમ બુદ્ધિમાનોને કુત્સિત આગ્રહ ઘટતો નથી ? એથી કહે છે – हि=જે કારણથી, યથોક્ત એવા તેઓ=તાત્ત્વિક સ્વરૂપવાળા બુદ્ધિમાનો=માત્ર બોલવામાં કુશળ નહિ પરંતુ તત્ત્વનો નિર્ણય કરીને ઉચિત બોલવાની પ્રકૃતિવાળા બુદ્ધિમાનો, ઐદંપર્યપ્રિય હોય છે=વલ્લભ છે યથાર્થ અર્થ જેમને એવા હોય છે, જો આ પ્રમાણે છે=બુદ્ધિમાન્ પુરુષો ઐદંપર્યપ્રિય છે એ પ્રમાણે છે, તેનાથી શું ? એથી કહે છે - તે વળી ઐદંપર્ય ચારુ=શુદ્ધ, અહીં પણ=કાલાતીત વડે કહેવાયેલા અર્થમાં પણ, નિપુણ ઉપયોગથી વિચારવું જોઈએ, શું વળી અન્ય બુદ્ધિમાન્ પુરુષો વડે કહેવાયેલા અર્થમાં ? એ 'अत्रापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. 'हन्त' શબ્દ પૂર્વની જેમ શ્રોતાને સન્મુખ કરવા અર્થે છે. ॥૩૦૯॥

**ભાવાર્થ :-**

શ્લોક-૩૦૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે નામભેદથી દેવતાનો ભેદ કરવો એ કુત્સિત આગ્રહ છે, તેથી બુદ્ધિમાન્ પુરુષોએ આવો કુત્સિત આગ્રહ કરવો યુક્ત નથી, કેમ યુક્ત નથી ? એથી કહે છે –

શાસ્ત્રમાં કહેવાયેલા તાત્ત્વિક બુદ્ધિમાન્ પુરુષો હંમેશાં ઐદંપર્યપ્રિય હોય છે, તેથી તેઓ વિચારે છે કે પૂર્ણપુરુષની ઉપાસના કરવાથી પૂર્ણપુરુષ થવાય છે, તેથી પૂર્ણપુરુષને કોઈક ભિન્ન ભિન્ન નામે સ્વીકારે તેટલા માત્રથી ઉપાસ્યનો ભેદ થતો નથી અને જેઓ ઐદંપર્યપ્રિય નથી તેવા સ્વ-સ્વદર્શનના અભિનિવેશવાળા પોતપોતાના દર્શનને અભિમત શબ્દથી વાચ્યની ઉપાસના કરનારને જ સુદેવની ઉપાસના કરનાર કહે છે અને અન્યદર્શનના શબ્દથી વાચ્ય દેવની ઉપાસના કરનારને તે કુદેવની ઉપાસના કરે છે તેમ કહે છે અને પોતાના દર્શનને અભિમત નામથી વાચ્ય દેવ જ સુદેવ છે, અન્યદર્શનના દેવ સુદેવ નથી તેમ સ્થાપન કરવા પોતાની સર્વ બુદ્ધિનો ઉપયોગ કરે છે, પરંતુ પરમાર્થનો વિચાર કરતા નથી કે ઉપાસકની બુદ્ધિમાં ઉપસ્થિત ઉપાસ્યનું સ્વરૂપ પૂર્ણપુરુષ સ્વરૂપે હોય તો તે ઉપાસ્યના નામભેદથી ઉપાસનામાં કોઈ ભેદ પ્રાપ્ત થતો નથી; આ પ્રકારનો વિચાર નહિ કરનારા સ્થૂલબુદ્ધિથી પોતપોતાના દર્શનના પદાર્થોનું સ્થાપન કરનારા હોવા છતાં પરમાર્થથી બુદ્ધિમાન્ નથી અને જેઓ પરમાર્થથી બુદ્ધિમાન્ છે તેઓ ઐદંપર્યનો વિચાર કરીને પદાર્થને સ્વીકારનારા છે, તેથી પૂર્ણપુરુષરૂપે દેવને ઉપસ્થિત કરીને ઉપાસના કરનાર સર્વ ઉપાસકોને એક દેવના ઉપાસક તરીકે સ્વીકારે છે, માટે તેઓ કુત્સિત આગ્રહ કરનારા નથી.

આ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધથી શું પ્રાપ્ત થાય છે તે ગ્રંથકારશ્રી કહે છે – કાલાતીત ઋષિએ જે પદાર્થ કહ્યો છે તેમાં પણ શુદ્ધ ઐદંપર્ય નિપુણબુદ્ધિપૂર્વક વિચારવું જોઈએ.

આશય એ છે કે કાલાતીત ઋષિ ઉપાસ્ય એવા ઈશ્વરને સ્વીકારે છે અને ભવના કારણને પ્રધાનરૂપે સ્વીકારે છે તે બન્ને વસ્તુના વિષયમાં પણ નિપુણબુદ્ધિપૂર્વક ઐદંપર્યનો વિચાર કરવો જોઈએ. કેવા પ્રકારના ઐદંપર્યનો વિચાર કરવો જોઈએ, જેથી કાલાતીત વડે કહેવાયેલો અર્થ પણ સુસંગત થાય ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં કહે છે. **॥૩૦૯॥**

**અવતરણિકા :-**

**अथ कालातीतमतस्वमतयोर्विशेषेणाऽभेदं दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કાલાતીત મતમાં અને સ્વમતમાં વિશેષથી અભેદને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**उभयोः परिणामित्वं, तथाभ्युपगमाद् ध्रुवम् ।**
**अनुग्रहात्प्रवृत्तेश्च, तथाद्धाभेदतः स्थितम् ।।३१०।।**

**અન્વયાર્થ :-**

तथाद्धाभेदतः=તે પ્રકારના અદ્ધાના ભેદથી=ક્રમસર કાર્ય થાય તે પ્રકારના કાળના ભેદથી, अनुग्रहात्=અનુગ્રહ હોવાને કારણે=ઈશ્વરનો અનુગ્રહ હોવાને કારણે, च=અને, प्रवृत्तेः=પ્રવૃત્તિ હોવાને કારણે=પ્રધાનની પ્રવૃત્તિ હોવાને કારણે, तथाभ्युपगमाद्=તે પ્રકારનો અભ્યુપગમ હોવાથી=કાલાતીત ઋષિ દ્વારા તે પ્રકારનો સ્વીકાર હોવાથી, उभयोः परिणामित्वं=ઉભયનું પરિણામીપણું=ઈશ્વરનું અને પ્રધાનનું પરિણામીપણું, ध्रुवं स्थितम्=ધ્રુવ સ્થિત છે. ॥૩૧૦॥

**શ્લોકાર્થ :-**

**તે પ્રકારના અદ્ધાના ભેદથી અનુગ્રહ હોવાને કારણે અને પ્રવૃત્તિ હોવાને કારણે તે પ્રકારનો અભ્યુપગમ હોવાથી ઉભયનું પરિણામીપણું ધ્રુવ સ્થિત છે. ॥૩૧૦॥**

**ટીકા :-**

उभयोः=ईश्वरप्रधानयोः, परिणामित्वं=कथञ्चिद् ध्रौव्येऽपि, अपरापरपर्यायवत्त्वम् स्थितं इत्युत्तरेण योगः, कुत इत्याह–तथाभ्युपगमात्=तत्प्रकाराङ्गीकारात्, ध्रुवं=निश्चितम्, तथाभ्युपगममेव दर्शयति-अनुग्रहात्=उपष्टम्भात्तथाविधयोग्यजीवानामीश्वरेण, प्रवृत्तेश्च=व्यापारणात्प्रधानस्य, कथमित्याह–तथाद्धाभेदतः=तत्प्रकारकालभेदेन, स्थितं=प्रतिष्ठितम्, अयमत्र भावः यदा कालभेदेन सत्त्वानामीश्वरस्तथातथानुग्राहक इष्यते प्रधानं च तथातथाप्रवृत्तिमत्, तदा नूनमेतयोर्न नित्यैकरूपता, किंत्वनेकरूपतैवेति बलात्परिणामित्वमापन्नमनयोरिति ।।३१०।।

**ટીકાર્થ :-**

उभयोरीश्वर ..... मनयोरिति ।। ઉભયનું=ઈશ્વર અને પ્રધાન ઉભયનું, પરિણામીપણું=કથંચિદ્ ધ્રુવપણું હોતે છતે પણ અપર અપર પર્યાયવાનપણું, સ્થિત છે, એ પ્રમાણે ઉત્તરની સાથે યોગ છે=શ્લોકના અંતિમ શબ્દ સાથે સંબંધ છે. કેમ ઉભયનું પરિણામીપણું છે ? એથી કહે છે – તે પ્રકારનો અભ્યુપગમ હોવાથી=ઈશ્વર અનુગ્રહ કરે છે અને સાધનાથી પ્રધાનનો વિયોગ થાય છે તે પ્રકારે કાલાતીત ઋષિ વડે સ્વીકાર હોવાથી, ઉભયનું પરિણામીપણું ધ્રુવ=નિશ્ચિત, સ્થિત છે એમ અન્વય છે. તે પ્રકારના અભ્યુપગમને જ=જે પ્રકારે કાલાતીત ઋષિ સ્વીકારે છે તે પ્રકારના અભ્યુપગમને જ, બતાવે છે – અનુગ્રહ હોવાથી=તેવા પ્રકારના યોગ્ય જીવોને ઈશ્વર વડે ઉપષ્ટંભ હોવાથી, અને પ્રધાનની પ્રવૃત્તિ હોવાથી=પ્રધાનનો સંસારી જીવોને તે તે ભાવ રૂપે કરવાનો વ્યાપાર હોવાથી, કેવી રીતે ઈશ્વરનો અનુગ્રહ છે અને પ્રધાનનો વ્યાપાર છે ? એથી કહે છે – તે પ્રકારના અદ્ધાના ભેદથી=તે પ્રકારના કાળના ભેદથી, ઈશ્વરનો અનુગ્રહ હોવાથી અને પ્રધાનનો વ્યાપાર હોવાથી ઉભયનું પરિણામીપણું સ્થિત છે=પ્રતિષ્ઠિત છે, એમ અન્વય છે.

**આ=આગળ બતાવે છે એ, આમાં=શ્લોકના કથનમાં, ભાવ છે, જ્યારે કાળના ભેદથી જીવોનો ઈશ્વર તે તે પ્રકારે અનુગ્રાહક ઇચ્છાય છે અને પ્રધાન તે તે પ્રકારે પ્રવૃત્તિવાળું ઇચ્છાય છે, ત્યારે ખરેખર આ બેમાં=ઈશ્વરમાં અને પ્રધાનમાં, નિત્ય એકરૂપતા નથી, પરંતુ અનેકરૂપતા જ છે, એથી આ બેનું=ઈશ્વર અને પ્રધાનનું, બલાત્કારે પરિણામીપણું પ્રાપ્ત થયું.**

**'इति' શબ્દ 'अयमत्र भावः' એ કથનની સમાપ્તિ માટે છે. ॥૩૧૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૦૯માં કહ્યું કે કાલાતીત ઋષિએ ઉપાસ્યરૂપે ઈશ્વરને સ્વીકાર્યા અને ભવના કારણરૂપે પ્રધાનને સ્વીકાર્યું, તેમાં પણ નિપુણતાપૂર્વક ઐદંપર્ય વિચારવું જોઈએ અને કાલાતીતના વચનમાં નિપુણતાપૂર્વક ઐદંપર્યનો વિચાર કરવામાં આવે તો કાલાતીતના અને ગ્રંથકારશ્રીના મતમાં વિશેષથી અભેદ પ્રાપ્ત થાય છે. કઈ રીતે વિશેષથી અભેદ પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કાલાતીત ઋષિ સ્વીકારે છે કે કાળના ભેદથી જીવોને તે તે પ્રકારે ઈશ્વર અનુગ્રહ કરે છે, તેથી ઈશ્વરના અનુગ્રહથી જ ઉપાસક જીવો ઈશ્વરની જેમ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ઈશ્વર ભિન્ન ભિન્ન કાળે તે તે જીવોનો તે તે રૂપે અનુગ્રાહક છે, તેથી ઈશ્વરમાં તે તે કાળમાં તે તે જીવને આશ્રયીને અનુગ્રાહકત્વરૂપ પરિણામ ભિન્ન ભિન્ન પ્રાપ્ત થાય છે; કેમ કે ઈશ્વર તે કાળમાં તે ઉપાસકનો અનુગ્રાહક છે, ભિન્ન કાળમાં ભિન્ન ઉપાસકનો અનુગ્રાહક છે, તેથી એક ઈશ્વરમાં તે તે પ્રકારના અનુગ્રાહકત્વ ધર્મો ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન પ્રાપ્ત થાય છે. માટે ઈશ્વર ઈશ્વર રૂપે એક હોવા છતાં અનુગ્રાહકત્વ રૂપ અપર અપર પર્યાયવત્ત્વરૂપે પરિણામી છે.

વળી પ્રધાન પણ તે તે કાળમાં તે તે જીવને તે તે ભાવો રૂપે કરે છે, તેથી ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન રૂપે પ્રવૃત્તિવાળું એવું પ્રધાન પણ પ્રધાન રૂપે ધ્રુવ હોવા છતાં તે તે પ્રકારની પ્રવૃત્તિવાળા અપર અપર પર્યાયવત્ત્વ રૂપે પરિણામી છે, તેથી કાલાતીત ઋષિના સ્વીકાર અનુસાર ઈશ્વરનું અને પ્રધાનનું પરિણામીપણું સ્વીકારવું ઉચિત છે, જેમ કાલાતીત ઋષિએ કહ્યું કે ઉપાસ્યના સ્વરૂપમાં ભેદ ન હોય તો નામના ભેદથી ઉપાસ્યનો ભેદ પ્રાપ્ત થતો નથી એ કથન ઐદંપર્યના પર્યાલોચનની દૃષ્ટિએ ઉચિત છે, તેમ કાલાતીત ઋષિ ઈશ્વરનો અનુગ્રહ સ્વીકારે છે તેનું ઐદંપર્યની દૃષ્ટિથી પર્યાલોચન કરીએ તો ઈશ્વર પરિણામી પ્રાપ્ત થાય છે માટે તાત્ત્વિક સ્વરૂપવાળા બુદ્ધિમાન્ પુરુષો શબ્દનો ભેદ સ્વીકારીને વસ્તુના ભેદનો આગ્રહ કરતા નથી, પરંતુ ઐદંપર્યનો વિચાર કરીને વસ્તુ સ્વીકારે છે, તેથી જેમ ઉપાસ્યના સ્વરૂપનો અને પ્રધાનના સ્વરૂપનો વિચાર કરીને કાલાતીત ઋષિએ સર્વ દર્શનકારોનો ઉપાસ્યના વિષયમાં અને ભવના કારણના વિષયમાં એક મત છે તેમ સ્થાપન કર્યું, તેમ ઈશ્વરને અનુગ્રાહકરૂપે અને પ્રધાનને તે પ્રકારના વ્યાપારવાળા રૂપે કાલના ભેદથી કાલાતીત ઋષિ સ્વીકારતા હોય તો ઈશ્વરનું અને પ્રધાનનું પરિણામીપણું ગ્રંથકારશ્રીના મતમાં અને કાલાતીતના મતમાં સમાનરૂપે પ્રાપ્ત થાય છે. **॥૩૧૦॥**

**અવતરણિકા :-**

एवं च सति किमित्याह –

**અવતરણિકાર્થ :-**

અને આમ હોતે છતે=ઈશ્વર અને પ્રધાનનું પરિણામીપણું કાલાતીત મતમાં અને સ્વમતમાં અવિશેષથી હોતે છતે, શું ? એ પ્રમાણે કહે છે=શું એ પ્રમાણે શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

सर्वेषां तत्स्वभावत्वात्तदेतदुपपद्यते ।
नान्यथातिप्रसङ्गेन, सूक्ष्मबुद्ध्या निरूप्यताम् ।।३११।।

**અન્વયાર્થ :-**

सर्वेषां=બધાનું=ઈશ્વરનું પ્રધાનનું અને અનુગ્રાહ્ય એવા જીવોનું, तत्स्वभावत्वात्=તત્સ્વભાવપણું હોવાથી, तदेतद्=તે આ=કાલાતીત ઋષિ જે કહે છે તે આ, उपपद्यते=ઉપપન્ન થાય છે, नान्यथा=અન્યથા નહિ=સર્વનું તત્સ્વભાવપણું સ્વીકાર્યા વગર નહિ, अतिप्रसङ्गेन=કેમ કે અતિપ્રસંગ છે, सूक्ष्मबुद्ध्या निरूप्यताम्=સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ=પૂર્વમાં કહ્યું એ સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ. ।।૩૧૧।।

**શ્લોકાર્થ :-**

**બધાનું તત્સ્વભાવપણું હોવાથી તે આ ઉપપન્ન થાય છે, અન્યથા નહિ; કેમ કે અતિપ્રસંગ છે, સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ. ।।૩૧૧।।**

**ટીકા :-**

सर्वेषां=ईश्वरप्रधानानुग्राह्यानाम्, तत्स्वभावत्वाद्=अनुग्राहकत्वनिवृत्ताधिकारित्वानुग्राह्यरूपत्वात्, तदेतदीश्वरानुग्रहादि उपपद्यते=घटते, विपक्षे बाधामाह–नान्यथा=तत्स्वभावत्वमन्तरेण, अतिप्रसङ्गेन= अतिव्याप्त्या, सूक्ष्मबुद्ध्या=निपुणाभोगेन, निरूप्यतां=चिन्त्यतामिति ।।३११।।

**ટીકાર્થ :-**

सर्वेषां ..... चिन्त्यतामिति ।। સર્વનું=ઈશ્વરનું પ્રધાનનું અને અનુગ્રાહ્ય એવા જીવોનું, તત્સ્વભાવપણું હોવાથી=અનુગ્રાહકત્વ-નિવૃત્ત અધિકારિત્વ-અનુગ્રાહ્યરૂપત્વ રૂપ તત્સ્વભાવપણું હોવાથી, તે આ=કાલાતીત ઋષિએ જે કહ્યું તે આ ઈશ્વર અનુગ્રહાદિ ઘટે છે.

વિપક્ષમાં=બધાના તત્સ્વભાવત્વના અસ્વીકારરૂપ વિપક્ષમાં, બાધાને કહે છે – અન્યથા નથી= તત્સ્વભાવત્વ વગર ઈશ્વર અનુગ્રહાદિ ઘટતા નથી; કેમ કે અતિપ્રસંગ છે=અતિવ્યાપ્તિ છે, સૂક્ષ્મબુદ્ધિથી= નિપુણબુદ્ધિથી, વિચારવું જોઈએ=ગ્રંથકારશ્રીએ કહ્યું તે વિચારવું જોઈએ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૩૧૧।।

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૦માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કાલાતીત ઋષિ કાળના ભેદથી ઈશ્વરનો અનુગ્રહ અને પ્રધાનની પ્રવૃત્તિ સ્વીકારે છે, તેથી તેના વચનાનુસાર જ ઈશ્વર અને પ્રધાનનું પરિણામીપણું સિદ્ધ થાય છે અને ઈશ્વર અને પ્રધાનમું પરિણામીપણું સિદ્ધ થવાથી ઈશ્વરનો અનુગ્રાહકત્વ સ્વભાવ છે, પ્રધાનનો નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ છે અને ઈશ્વરથી અનુગ્રાહ્ય એવા જીવોનો અનુગ્રાહ્યત્વ સ્વભાવ છે તેમ ફલિત થાય છે અને તેમ સ્વીકારીએ તો સંસારી જીવો ઉપર ઈશ્વરનો અનુગ્રહ થાય છે અને પ્રધાન તે તે પ્રકારનો વ્યાપાર કરે છે એમ જે કાલાતીત ઋષિ કહે છે તે ઘટે છે અને ઈશ્વરાદિ ત્રણેનો તે તે પ્રકારનો સ્વભાવ ન સ્વીકારવામાં આવે તો ઈશ્વરનો અનુગ્રહ જેમ જીવો ઉપર થાય છે તેમ જડ ઉપર પણ અનુગ્રહ થવાનો અતિપ્રસંગ આવે અર્થાત્ જડ એવા પરમાણુને પણ ઈશ્વર અનુગ્રહ કરીને ચેતન કરી શકે છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે, તેથી અનુભવ અનુસાર સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ કે ઈશ્વરમાં અનુગ્રાહક સ્વભાવ છે, માટે અનુગ્રહ કરી શકે છે અને જેમાં અનુગ્રાહક સ્વભાવ નથી તેઓ અનુગ્રહ કરી શકતા નથી અને ઈશ્વરથી અનુગ્રાહ્ય એવા જીવોમાં પણ અનુગ્રાહ્ય સ્વભાવ છે, માટે ઈશ્વર તે જીવો ઉપર અનુગ્રહ કરી શકે છે અને જે જીવોમાં અનુગ્રાહ્ય સ્વભાવ નથી તે જીવો ઉપર ઈશ્વર અનુગ્રહ કરી શકતા નથી.

વળી પ્રધાન પણ નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવવાળું છે, આથી જ જે યોગીઓ સાધના કરીને મુક્ત થાય છે તેઓના ઉપર પ્રધાનનો અધિકાર નિવૃત્ત થાય છે, જો પ્રધાનમાં નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ ન હોય તો સાધના દ્વારા પણ પુરુષનો અભિભવ કરવાનો તેનો સ્વભાવ નિવૃત્ત થાય નહિ, પરંતુ પુરુષનો અભિભવ કરવાનો તેનો સ્વભાવ નિવૃત્ત થાય છે, માટે પ્રધાનમાં નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ અવશ્ય સ્વીકારવો જોઈએ.

તેથી એ ફલિત થાય કે જે વસ્તુનો જે પ્રકારનો સ્વભાવ ન હોય તે વસ્તુથી તે કાર્ય ઉત્પન્ન થઈ શકે નહિ, માટે બધા જીવોમાં તથાભવ્યત્વરૂપ સ્વભાવ વિલક્ષણ છે તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું તેનો સ્વીકાર કરવો જોઈએ, આથી જ જે જે જીવનો જે જે પ્રકારનો સ્વભાવ છે તે તે જીવમાં તે તે કાળમાં તે તે પ્રકારનું કાર્ય થાય છે એ વસ્તુ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી જોઈએ. **॥૩૧૧॥**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुतमेव तीर्थकरादित्वमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુત જ તીર્થંકરાદિપણાને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

ઈશ્વરનું, પ્રધાનનું અને જીવોનું તત્સ્વભાવપણું સ્વીકારવાથી 'પૂર્વમાં કહેલ જીવોના વિચિત્ર તથાભવ્યત્વને કારણે કેટલાક જીવો સમ્યક્ત્વ પામ્યા પછી તીર્થંકર નામકર્મ બાંધીને ચરમભવને પ્રાપ્ત કરે છે, કેટલાક

જીવો ગણધરનામકર્મ બાંધીને ચરમભવને પ્રાપ્ત કરે છે તો કેટલાક મુંડકેવલીરૂપે ચરમભવને પ્રાપ્ત કરે છે' તે રૂપ પ્રસ્તુત જ સંગત થાય છે તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**आत्मनां तत्स्वभावत्वे, प्रधानस्यापि संस्थिते ।**
**ईश्वरस्यापि सन्न्यायाद्, विशेषोऽधिकृतो भवेत् ।।३१२।।**

**અન્વયાર્થ :-**

**सन्न्यायाद्=સન્ન્યાયથી=શ્લોક-૩૧૧માં બતાવેલ યુક્તિથી, आत्मनां=જીવોનું, प्रधानस्यापि=પ્રધાનનું પણ, ईश्वरस्यापि=ઈશ્વરનું પણ, तत्स्वभावत्वे संस्थिते=તત્સ્વભાવપણું સંસ્થિત હોતે છતે, अधिकृतः विशेषः=અધિકૃત વિશેષ=જેનો અધિકાર ચાલી રહ્યો છે એવા તીર્થંકર-ગણધર કે મુંડકેવલીરૂપ અધિકૃત વિશેષ, भवेत्=થાય=સંગત થાય. ।।૩૧૨।।**

**શ્લોકાર્થ :-**

**સન્ન્યાયથી જીવોનું પ્રધાનનું પણ, ઈશ્વરનું પણ તત્સ્વભાવપણું સંસ્થિત હોતે છતે અધિકૃત વિશેષ થાય. ।।૩૧૨।।**

**ટીકા :-**

**आत्मनां=जीवानाम्, तत्स्वभावत्वे=अनुग्राह्यस्वभावत्वे प्रधानस्यापि निवृत्ताधिकारित्वलक्षणे तत्स्वभावत्वे, संस्थिते=सिद्धे, ईश्वरस्यापि प्रागुपन्यस्तस्यानुग्राहकत्वरूपे तत्स्वभावत्वे सन्न्यायादनन्तर-मेवोपन्यस्तात् विशेषोऽधिकृततीर्थकरादिरूपः भवेत्=स्यात्।।३१२।।**

**ટીકાર્થ :-**

**आत्मनां ..... भवेत्=स्यात् ।। અનંતર ઉપન્યસ્ત એવા સન્ન્યાયથી=શ્લોક-૩૧૧માં બતાવેલ સદ્યુક્તિથી, આત્માઓનું=જીવોનું, તત્સ્વભાવપણું=ઈશ્વરથી અનુગ્રાહ્ય સ્વભાવપણું, પ્રધાનનું પણ નિવૃત્ત અધિકારી સ્વભાવત્વપણું સંસ્થિત હોતે છતે=સિદ્ધ હોતે છતે, પ્રાગુપન્યસ્ત એવા ઈશ્વરનું પણ અનુગ્રાહકત્વરૂપ સ્વભાવપણું સંસ્થિત હોતે છતે અધિકૃત તીર્થંકરાદિરૂપ વિશેષ=જેનો અધિકાર ચાલી રહ્યો છે એવા તીર્થંકર-ગણધર-મુંડકેવલી આદિરૂપ વિશેષ, થાય=સંગત થાય. ।।૩૧૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઈશ્વરનો અનુગ્રાહક સ્વભાવ છે, પ્રધાનનો નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ છે અને ઈશ્વરથી અનુગ્રાહ્ય એવા જીવોનો અનુગ્રાહ્યત્વરૂપ સ્વભાવ છે તેમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ. અને તેમ સ્વીકારીએ તો પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહેલું કે કેટલાક જીવો તીર્થંકર થઈને ચરમભવને

પામે છે, કેટલાક જીવો ગણધર થઈને ચરમભવને પામે છે અને કેટલાક મુંડકેવલી થઈને ચરમભવને પામે છે તે કથન સંગત થાય.

આશય એ છે કે પૂર્વના કોઈક તીર્થંકરોના અનુગ્રહને પામીને કેટલાક જીવો તીર્થંકર નામકર્મ બાંધે છે, જેમ વીરભગવાનના અનુગ્રહને પામીને શ્રેણિક મહારાજાએ તીર્થંકર નામકર્મ બાંધ્યું, વળી કેટલાક જીવો તીર્થંકરના અનુગ્રહને પામીને પોતાના અનુગ્રાહ્ય સ્વભાવને અનુરૂપ ગણધર નામકર્મ બાંધે છે, વળી કેટલાક જીવો તીર્થંકરના અનુગ્રહને પામીને પોતાના અનુગ્રાહ્ય સ્વભાવને અનુરૂપ મુંડકેવલીરૂપ ચરમભવને પ્રાપ્ત કરે છે.

વળી તે સર્વ જીવો સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષમાં જાય છે ત્યારે પ્રધાનનો=કર્મપ્રકૃતિનો, તેમના ઉપરથી અધિકાર નિવર્તન પામે છે, તેથી તેમની કર્મપ્રકૃતિમાં પણ નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ હતો, તેથી તે કર્મપ્રકૃતિનો અધિકાર તેમના ઉપરથી ગયો, આથી જ જેમની કર્મપ્રકૃતિમાં નિવૃત્ત અધિકારીપણું નથી એવા અભવ્ય આદિ જીવોની કર્મપ્રકૃતિનો અધિકાર ક્યારેય તેમના ઉપરથી નિવર્તન પામવાનો નથી, માટે જે જે વસ્તુમાં જે જે પ્રકારનું કાર્ય થાય છે તે તે કાર્યને અનુરૂપ તેનો સ્વભાવ સ્વીકારવો જોઈએ અને તેમ સ્વીકારીએ તો જ જે જીવોની જે પ્રકારની ભવ્યતા છે તે ભવ્યતાને કારણે તે જીવો તે સ્વરૂપે જ ચરમભવને પ્રાપ્ત કરે છે એ કથન સંગત થાય છે, આથી જ તથાભવ્યત્વને કારણે જ કેટલાક જીવો તીર્થંકર આદિરૂપે થાય છે. **॥૩૧૨॥**

**અવતરણિકા :-**

**अथ यदेतत्तत्स्वभावत्वं तीर्थकरादिहेतुत्वेनोक्तं तत्स्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જે આ તત્સ્વભાવપણું તીર્થંકર આદિના હેતુપણારૂપે કહેવાયું, તેના સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૨માં કહ્યું કે આત્મા, પ્રધાન અને ઈશ્વરનું તત્સ્વભાવપણું સ્વીકારવાથી અધિકૃત તીર્થંકરાદિરૂપ વિશેષ સંગત થાય છે, તેનાથી એ ફલિત થયું કે જે જીવનો તીર્થંકર થવાનો સ્વભાવ છે તે સ્વભાવ તીર્થંકર થવાનો હેતુ છે, જે જીવનો ગણધર થવાનો સ્વભાવ છે તે સ્વભાવ ગણધર થવાનો હેતુ છે, તેથી હવે તે સ્વભાવનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તે સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

**सांसिद्धिकं च सर्वेषामेतदाहुर्मनीषिणः ।**
**अन्ये नियतभावत्वादन्यथा न्यायवादिनः ।।३१३।।**

**અન્વયાર્થ :-**

च=વળી, सर्वेषामेतद्=બધાના આને=આત્માદિ બધાના આને=આત્માદિ બધાના સ્વભાવત્વને, मनीषिणः=મનીષિઓ, सांसिद्धिकं=સાંસિદ્ધિક, आहुः=કહે છે, अन्ये न्यायवादिनः=અન્ય ન્યાયવાદીઓ, नियतभावत्वाद्=નિયતભાવપણું હોવાથી, अन्यथा=અન્યથા કહે છે=સાંસિદ્ધિકથી વિલક્ષણ નિયતિ જ=નિયતિથી થનારું કહે છે. ॥૩૧૩॥

**શ્લોકાર્થ :-**

**વળી બધાના આને મનીષિઓ સાંસિદ્ધિક કહે છે, અન્ય ન્યાયવાદીઓ નિયતભાવપણું હોવાથી અન્યથા કહે છે. ॥૩૧૩॥**

**ટીકા :-**

**सांसिद्धिकं च=स्वभावभवं पुनः, सर्वेषामात्मादीनाम् एतत्=स्वभावत्वम्, आहुः मनीषिणो=जैनाः, अत्रैव मतान्तरमाह–अन्ये=नियतिमात्रजगत्कारणवादिनः, नियतभावत्वात्=नियतो, द्रव्यक्षेत्र-कालभावनियमेन प्रतिनियमवान् भावः स्वभावः सत्ता येषां तीर्थंकरादीनां ते तथा, तद्भावः=तत्त्वं, तस्मात्, अन्यथा=सांसिद्धिकवैलक्षण्येन नियतिजमित्यर्थः, न्यायवादिनः=युक्तिभाषिणः, तथा च नियतिवादिमतम्–**

"यद्यदा तत्तदा, यद्यत्र तत्तत्र, यद्येन तत्तेन, यद्यस्य तत्तस्य,
यद्भवति तद्भवति यन्न भवति तन्न भवतीति" ।

**तथा –**

"प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः, सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा ।
भूतानां महति कृतेऽपि हि प्रयत्ने, नाऽभाव्यं भवति न भाविनोऽस्ति नाशः" ।। **इति ।।३१३।।**

**ટીકાર્થ :-**

**सांसिद्धिकं ..... इति ।। વળી બધા આત્માદિઓનું=સર્વ જીવોનું, ઈશ્વરનું અને પ્રધાનનું, આ= સ્વભાવપણું, સાંસિદ્ધિક=સ્વભાવથી થનારું, મનીષીઓ=જૈનો, કહે છે.**

**આમાં જ=સર્વના સ્વભાવપણામાં જ, મતાંતરને કહે છે – અન્ય=નિયતિ માત્ર જગત કારણવાદીઓ, નિયતભાવપણું હોવાને કારણે=નિયત અર્થાત્ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિયમથી પ્રતિનિયમવાળો ભાવ અર્થાત્ સ્વભાવ અર્થાત્ સત્તા છે જે તીર્થંકરાદિને તે તેવા છે અર્થાત્ નિયત સ્વભાવવાળા છે તદ્ભાવ=નિયત સ્વભાવત્વરૂપ ભાવ તેના કારણે, અન્યથા=સાંસિદ્ધિકના વૈલક્ષણ્યથી નિયતિથી થનારું, કહે છે.**

કોણ કહે છે ? તેથી કહે છે –

**નિયતિ માત્ર જગત કારણવાદી એવા ન્યાયવાદીઓ અર્થાત્ યુક્તિથી બોલનારા કહે છે અને તે રીતે નિયતવાદીનો મત છે –**

"જે=જે વસ્તુ, જ્યારે થવાના સ્વભાવવાળી છે તે વસ્તુ ત્યારે થાય છે, જે વસ્તુ જ્યાં થવાના સ્વભાવવાળી છે તે વસ્તુ ત્યાં=તે ક્ષેત્રમાં, થાય છે, જે વસ્તુ જેનાથી થવાના સ્વભાવવાળી છે તે વસ્તુ તેનાથી થાય છે, જે વસ્તુ જેની થાય છે તે વસ્તુ તેની થાય છે, જે થાય છે તે થાય છે, જે નથી થતી તે નથી થતી. 'इति' શબ્દ નિયતિવાદીના મતની સમાપ્તિ માટે છે."

**અને**

"નિયતિ બલના આશ્રયથી જે અર્થ પ્રાપ્તવ્ય છે તે શુભ કે અશુભ મનુષ્યોને અવશ્ય થાય છે, જીવોનો મોટો પ્રયત્ન કરાયે છતે પણ અભાવ્ય થતું નથી, થનારનો નાશ થતો નથી."

**'इति' શબ્દ નિયતિવાદીના કથનની સમાપ્તિ માટે છે. ॥૩૧૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૨માં સ્થાપન કર્યું કે જીવોનો અનુગ્રાહ્યત્વ સ્વભાવ છે, પ્રધાનનો નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ છે અને ઈશ્વરનો અનુગ્રાહકત્વ સ્વભાવ છે, તે સ્વભાવ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મનીષી એવા જૈનો તે સર્વના સ્વભાવને સાંસિદ્ધિક કહે છે અર્થાત્ સ્વાભાવિક થયેલું છે, કોઈએ કરેલું નથી, જેમ જડ પદાર્થ સ્વભાવથી જડ છે કોઈએ જડ બનાવ્યો નથી અને ચેતન દ્રવ્ય પણ સ્વભાવથી ચેતન છે કોઈએ ચેતન બનાવ્યો નથી, તેમ જે જીવો ઉપર જે પ્રકારનો ઈશ્વરનો અનુગ્રહ થાય છે અને તેના કારણે તીર્થંકર સિદ્ધ આદિ થાય છે તે જીવોનો સાંસિદ્ધિક જ તેવો સ્વભાવ છે, જેથી ઈશ્વરના અનુગ્રહને પામીને તે ક્ષેત્રમાં અને તે કાળમાં તીર્થંકર આદિ રૂપે થાય છે, તેથી જીવોનું તત્સ્વભાવત્વ સાંસિદ્ધિક છે એમ જૈનો કહે છે.

વળી એના વિષયમાં મતાંતરને કહે છે – નિયતિ માત્ર જગતનું કારણ છે એ પ્રકારે યુક્તિથી બોલનારા કહે છે કે જે જીવો તે દ્રવ્ય, તે ક્ષેત્ર, તે કાળ અને તે ભાવના નિયમનથી તીર્થંકર આદિ રૂપે થાય છે તે નિયતિથી, થનાર ભાવ છે.

આશય એ છે કે તે જીવ રૂપ દ્રવ્ય તે ક્ષેત્રમાં અને તે કાળમાં તીર્થંકર ભાવ રૂપે થાય છે તે વસ્તુ પ્રતિનિયત છે અર્થાત્ દરેક જીવને આશ્રયીને નિયત છે, તેથી જે જીવદ્રવ્ય જે ક્ષેત્રમાં અને જે કાળમાં જે ભાવરૂપે થવા માટે સરજાયેલું હોય તે જીવદ્રવ્ય તે ક્ષેત્રમાં અને તે કાળમાં તે તે ભાવ રૂપે અવશ્ય થાય છે, આથી જ જીવની જે પ્રકારની નિયતિ નિયત છે તે જીવ તે કાળમાં અને તે ક્ષેત્રમાં તે તે ભવને પ્રાપ્ત કરે છે અને તેની નિયતિને અનુસાર જ જે ક્ષેત્રમાં અને જે કાળમાં તીર્થંકર રૂપે કે ગણધરરૂપે થવાનું નિયત હોય તે જીવ તે ક્ષેત્રમાં અને તે કાળમાં તે ભાવ રૂપે જ થાય છે, આથી જ ઋષભદેવ ભગવાનની નિયતિ અનુસાર ઋષભદેવ ભગવાન ત્રીજા આરાના અંતકાળમાં આ જ ભરતક્ષેત્રમાં પોતાની નિયતિ અનુસાર

પાંચસો ધનુષની કાયાવાળા થઈને તીર્થંકર રૂપે સિદ્ધ થયા અને સીમંધર સ્વામી પોતાની નિયતિ અનુસાર જ મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાનકાળમાં તીર્થંકર રૂપે થઈને વિચરે છે, તેથી જે જીવોમાં જે જે કાળમાં અને જે જે ક્ષેત્રમાં જે જે ભાવો થાય છે તે સર્વ ભાવો તે જીવમાં વર્તતી નિયતિને કારણે જ થાય છે, આ પ્રકારે નિયતિવાદીનો મત છે, આથી જ તેઓ કહે છે કે જે વસ્તુ જે કાળમાં, જે ક્ષેત્રમાં, જેનાથી, જેની થવાની હોય તે વસ્તુ તે કાળમાં, તે ક્ષેત્રમાં, તે વસ્તુથી, તેની થાય છે અને જે નથી થવાનું તે નથી જ થતું, આથી જે તીર્થંકર થવાના નથી તે તીર્થંકર નથી જ થતા અને જે મોક્ષમાં જનાર નથી તે નથી જ જતા, તેથી નિયતિવાદીના મતાનુસાર જે વસ્તુ નિયતિના બળના આશ્રયથી પ્રાપ્તવ્ય હોય તે શુભ કે અશુભ મનુષ્યને અવશ્ય પ્રાપ્ત થાય છે, જીવો ઘણા પ્રયત્ન કરે તોપણ જે થવાનું નથી તે થતું નથી અને જે થવાનું છે તેનો નાશ થતો નથી; એ પ્રકારે નિયતવાદીનો મત છે. એકાંત નિયતવાદ ગ્રંથકારશ્રીને ઇષ્ટ નથી તોપણ સ્વસ્થાને તે નયવાદ ગ્રંથકારશ્રીને અભિમત છે, તેથી જૈનો સાંસિદ્ધિક સ્વભાવ છે તેમ કહે છે અને નિયતવાદીનો એકાંત મત અન્ય વાદીઓનો છે તેમ ગ્રંથકારશ્રીએ કહેલ છે. **॥૩૧૩॥**

**અવતરણિકા :-**

**नियतभावत्वमपि सांसिद्धिकमेवेति दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**નિયતભાવપણું પણ=નિયતવાદીને અભિમત દરેક જીવમાં વર્તતું તે તે કાર્યને અનુકૂળ નિયતભાવપણું પણ, સાંસિદ્ધિક જ છે એ પ્રકારે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**सांसिद्धिकमदोऽप्येवमन्यथा नोपपद्यते ।**
**योगिनो वा विजानन्ति, किमस्थानग्रहेण नः ।।३१४।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, अदोऽपि=આ પણ=નિયતભાવપણું પણ=જે જીવમાં જે જે કાર્યો થાય છે તે તે કાર્યોને અનુકૂળ તે તે જીવમાં વર્તતું નિયતભાવપણું પણ, सांसिद्धिकं=સાંસિદ્ધિક છે, अन्यथा=અન્યથા=સાંસિદ્ધિક સ્વીકાર્યા વગર, नोपपद्यते=ઘટતું નથી, वा=અથવા, योगिनः विजानन्ति= યોગીઓ જાણે છે=દિવ્ય દૃષ્ટિવાળા કેવલીઓ જાણે છે, अस्थानग्रहेण नः किम्=અસ્થાનગ્રહથી અમને શું ? અર્થાત્ અમને કોઈ પ્રયોજન નથી. ॥૩૧૪॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે આ પણ સાંસિદ્ધિક છે, અન્યથા ઘટતું નથી અથવા યોગીઓ જાણે છે, અસ્થાનગ્રહથી અમને શું ? ॥૩૧૪॥**

**ટીકા :-**

**सांसिद्धिकं=स्वभावभवम्, अदोऽपि=नियतभावत्वं, किं पुनस्तत्स्वभावत्वमित्यपिशब्दार्थः एवं=उक्तप्रकारेण, अन्यथा=सांसिद्धिकत्वमन्तरेण, नोपपद्यते=न घटते, न हि वन्ध्यासुतादीनां स्वकीय-स्वभावविरहेण नियतभावत्वलक्षणो विशेषः कश्चिद्युज्यते इति सर्वकार्यकदम्बकव्यापकं सांसिद्धिकं तत्स्वभावत्वमवश्यमेष्टव्यमिति। योगिनो वा=अथवा, योगिनो दिव्यदृशो 'विजानन्ति' इत्थमिदमित्थं वातीन्द्रियत्वादस्यार्थस्य, किं=न किंचित्साध्यमित्यर्थः, अस्थानग्रहेण=विशेषनिरूपणारूपेण नोऽस्माकम् ।।३१४।।**

**ટીકાર્થ :-**

**सांसिद्धिकं ..... नोऽस्माकम् ।। સાંસિદ્ધિક=સ્વભાવથી થનારું, આ પણ=નિયતભાવપણું પણ, આ રીતે=ઉક્ત પ્રકારથી છે=શ્લોક-૩૧૩માં કહ્યું એ પ્રકારથી છે, અન્યથા=સાંસિદ્ધિકપણું સ્વીકાર્યા વગર, ઘટતું નથી=નિયતિવાદીને અભિમત નિયતભાવપણું ઘટતું નથી, શું વળી તત્સ્વભાવપણું એ 'अदोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

સાંસિદ્ધિકપણું સ્વીકાર્યા વગર નિયતભાવપણું કેમ ઘટતું નથી તે સ્પષ્ટ કરે છે –

**વંધ્યા સુતાદિના સ્વકીય સ્વભાવ વગર નિયતભાવત્વ સ્વરૂપ કોઈ વિશેષ ઘટતો નથી જ, એથી સર્વ કાર્યના સમૂહમાં વ્યાપક એવું સાંસિદ્ધિક તત્સ્વભાવપણું અવશ્ય સ્વીકારવું જોઈએ. 'इति' શબ્દ 'न हि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે.**

**અથવા**

**દિવ્યદૃષ્ટિવાળા યોગીઓ આ આમ છે અથવા આમ છે=નિયત સ્વભાવપણું સાંસિદ્ધિક છે કે નિયતિજ છે, એ પ્રકારે જાણે છે; કેમ કે આ અર્થનું=જગતમાં જે જે કાર્યો થાય છે તેને અનુકૂળ તે તે સ્વભાવ સાંસિદ્ધિક છે કે નિયતિજ છે એ અર્થનું, અતીન્દ્રિયપણું છે, શું અસ્થાનગ્રહથી=વિશેષ નિરૂપણારૂપ અસ્થાનગ્રહથી અમને કંઈ સાધ્ય નથી. ।।૩૧૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૩માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઈશ્વરનો અનુગ્રાહક સ્વભાવ, જીવોનો અનુગ્રાહ્ય સ્વભાવ અને પ્રધાનનો નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ સાંસિદ્ધિક છે અર્થાત્ સ્વાભાવિક છે, કોઈથી કરાયેલો નથી અને ત્યાં મતાંતર બતાવતાં કહ્યું કે નિયતિવાદી તે સ્વભાવને નિયતિજ માને છે; કેમ કે બધાં કાર્યો નિયતભાવવાળાં છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પદાર્થમાં વર્તતું નિયતભાવપણું પણ સાંસિદ્ધિક જ છે; કેમ કે સાંસિદ્ધિક સ્વીકાર્યા વગર નિયતકાળે તે જીવ તીર્થંકર થાય છે, ગણધર થાય છે ઇત્યાદિ ઘટે નહિ, કેમ ઘટે નહિ તેમાં યુક્તિ બતાવે છે –

જેમ વંધ્યા સુતાદિ વસ્તુ જગતમાં નથી, તેથી તેનો કોઈ સ્વકીય સ્વભાવ નથી, તેથી વંધ્યા સુતાદિમાં નિયતભાવત્વ વિશેષ પ્રાપ્ત થતો નથી અર્થાત્ આ કાળે વંધ્યાસુત આ સ્વરૂપે હોય, આ કાળે આ સ્વરૂપે હોય તેવો વિશેષ પ્રાપ્ત થતો નથી, તેથી નક્કી થાય છે કે જે વસ્તુ વંધ્યાસુત જેવી નથી, પરંતુ વસ્તુરૂપે વિદ્યમાન છે તે વસ્તુનો તેવો સ્વકીય સ્વભાવ છે, તેના કારણે તે વસ્તુ તે તે કાળમાં તે તે નિયત ભાવરૂપે થાય છે, આથી જ વીરભગવાનનો આત્મા અનાદિ કાળથી સંસારમાં હતો અને ભૂતકાળના સર્વ સમયોમાં તે સમયમાં તે તે ભાવરૂપે તે તે ગતિમાં પરિભ્રમણ કરતાં કરતાં નિયતકાળે નયસારના ભવને પામે છે અને નિયત કાળે તીર્થંકરના ભવને પામે છે તે સર્વ નિયતભાવત્વ સ્વરૂપ વિશેષ તેમના પોતાના સ્વભાવને કારણે જ તેમને પ્રાપ્ત થયું, માટે નિયતભાવત્વરૂપ વિશેષ પણ સાંસિદ્ધિક જ છે, કોઈથી કરાયેલો નથી, તેથી દરેક વસ્તુમાં થતાં સર્વ કાર્યોના સમૂહની સાથે વ્યાપક એવું સાંસિદ્ધિક તત્સ્વભાવપણું=વસ્તુનું તે સ્વભાવપણું, અવશ્ય માનવું જોઈએ.

આ રીતે વસ્તુમાં વર્તતો નિયતભાવ પણ સાંસિદ્ધિક છે તેમ બતાવ્યા પછી “નિયતભાવ સાંસિદ્ધિક છે કે અન્ય છે” તે વિષયમાં દિવ્ય દૃષ્ટિવાળા એવા કેવલી જાણે છે તેમ બતાવીને તેના વિષયમાં અસ્થાન આગ્રહ કરવો પોતાને ઉચિત નથી તેમ શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે.

તેથી ફલિત થાય કે પદાર્થમાં રહેલો તત્સ્વભાવ સાંસિદ્ધિક છે કે નિયતિથી થનારો છે તે વસ્તુ ઇન્દ્રિયનો વિષય નથી. માટે યુક્તિ અને અનુભવ અનુસાર જે ગ્રંથકારશ્રીને જણાયું તે અત્યાર સુધી બતાવીને અંતે કહે છે કે તે અતીન્દ્રિય પદાર્થ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે, માટે તેમાં આગ્રહ કરવો ઉચિત નથી. **॥૩૧૪॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=શ્લોક-૩૧૪ના ઉત્તરાર્ધમાં કહ્યું કે યોગીઓ જાણે છે અસ્થાન પ્રયાસથી શું ? એને જ, સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**अस्थानं रूपमन्धस्य, यथा सन्निश्चयं प्रति ।**
**तथैवातीन्द्रियं वस्तु, छद्मस्थस्यापि तत्त्वतः ।।३१५।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, सन्निश्चयं प्रति=સદ્નિશ્ચય પ્રત્યે, अन्धस्य=અંધને, रूपं=રૂપ, अस्थानं=અસ્થાન છે, तथैव=તે પ્રમાણે, तत्त्वतः=તત્ત્વથી, छद्मस्थस्यापि=છદ્મસ્થને પણ, अतीन्द्रियं वस्तु=અતીન્દ્રિય વસ્તુ સદ્નિશ્ચય પ્રત્યે અસ્થાન છે. ॥૩૧૫॥**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે સદ્નિશ્ચય પ્રત્યે અંધને રૂપ અસ્થાન છે, તે પ્રમાણે તત્ત્વથી છદ્મસ્થને પણ અતીન્દ્રિય વસ્તુ સદ્નિશ્ચય પ્રત્યે અસ્થાન છે. ।।૩૧૫।।**

**ટીકા :-**

**अस्थानं=अविषयः, रूपं नीलकृष्णादिलक्षणम् अन्धस्य=लोचनव्यापारविकलस्य, यथा सन्निश्चयं= विशदावलोचनं प्रति=आश्रित्य, तथैवान्धरूपसन्निश्चयन्यायेन अतीन्द्रियं वस्त्वात्मादिविशेषरूपम् छद्मस्थस्यापि=अर्वाग्दृशः प्रमातुः, किं पुनरन्धस्य रूपमित्यपिशब्दार्थः, तत्त्वतः-परमार्थनीत्या ।।३१५।।**

❖ 'विशदावलोचनं'ના સ્થાને 'विशदस्वालोचनं' પાઠ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :-**

**अस्थानमविषयः ..... परमार्थनीत्या ।। અંધને=લોચનવ્યાપારવિકલ પુરુષને, નીલકૃષ્ણાદિ લક્ષણ રૂપ જે પ્રમાણે અસ્થાન છે=અવિષય છે.**

શેના પ્રત્યે અવિષય છે ? તેથી કહે છે –

**સદ્નિશ્ચય પ્રત્યે=વિશદ સ્વઆલોચનને આશ્રયીને, અવિષય છે, તે પ્રકારે જ=અંધના રૂપના સદ્નિશ્ચયના ન્યાયથી અતીન્દ્રિય એવું આત્માદિ વિશેષરૂપ વસ્તુ છદ્મસ્થને પણ=અર્વાગ્દૃષ્ટિ એવા પ્રમાતાને પણ, તત્ત્વથી=પરમાર્થ નીતિથી, અવિષય છે. શું વળી અંધને રૂપ ? એ પ્રકારે 'छद्मस्थस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૩૧૫।।**

**ભાવાર્થ :-**

જેમ અંધ પુરુષ ચક્ષુ રહિત હોવાથી વસ્તુનું રૂપ નીલ છે, કૃષ્ણ છે ઇત્યાદિ સ્વઆલોચનથી સ્પષ્ટ નિર્ણય કરી શકતો નથી, પરંતુ કોઈક જોનાર પુરુષના કથન દ્વારા સામાન્યથી નિર્ણય કરી શકે છે, તેમ અતીન્દ્રિય વસ્તુ એવા આત્માદિનું વિશેષરૂપ છદ્મસ્થ પરમાર્થનીતિથી નિર્ણય કરી શકતો નથી, પરંતુ દિવ્ય દૃષ્ટિવાળા એવા કેવલીના વચનથી સામાન્ય રીતે નિર્ણય કરી શકે છે, તેથી આત્માદિનો અનુગ્રાહ્યત્વાદિ સ્વભાવ સાંસિદ્ધિક છે કે નિયતિજ છે તે વસ્તુનો વિશેષ નિર્ણય છદ્મસ્થ કરી શકતો નથી, માટે અસ્થાન આગ્રહ વડે શું ? એ પ્રકારે ગ્રંથકારશ્રી કહે છે. **।।૩૧૫।।**

**અવતરણિકા :-**

**आह– यदि छद्मस्थस्यातीन्द्रियं वस्तु न विषयः, कथं तस्य तत्प्रज्ञापना युज्यत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**'आह'થી શંકા કરે છે – જો છદ્મસ્થનો અતીન્દ્રિય વસ્તુ વિષય નથી, તો તેને=છદ્મસ્થને, તેની પ્રજ્ઞાપના=અતીન્દ્રિય વસ્તુની પ્રજ્ઞાપના, કેવી રીતે ઘટે ? એથી કહે છે –**

**ભાવાર્થ :-**

પરલોક, પરલોકનો માર્ગ, મોક્ષમાર્ગ એ સર્વ છદ્મસ્થને સાક્ષાત્ ઇન્દ્રિયોથી દેખાતા નથી અને છદ્મસ્થનો વિષય અતીન્દ્રિય વસ્તુ ન હોય તો છદ્મસ્થને તેની પ્રરૂપણા કરવી કઈ રીતે સંગત થાય ? અર્થાત્ છદ્મસ્થ તે અતીન્દ્રિય પદાર્થોનો ઉપદેશ અન્યને આપે છે તે કઈ રીતે સંગત થાય ? એથી કહે છે –

**શ્લોક :-**

**हस्तस्पर्शसमं शास्त्रं, तत एव कथंचन ।**
**अत्र तन्निश्चयोऽपि स्यात्, तथाचन्द्रोपरागवत् ।।३१६।।**

**અન્વયાર્થ :-**

**हस्तस्पर्शसमं शास्त्रं=હસ્તસ્પર્શ જેવું શાસ્ત્ર છે, तत एव=તેનાથી જ=શાસ્ત્રથી જ, अत्र=અહીં=છદ્મસ્થ પ્રમાતામાં, तन्निश्चयोऽपि=તેનો નિશ્ચય પણ=અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ, कथंचन=કોઈક પ્રકારે, तथाचन्द्रोपरागवत्=તે પ્રકારના ચંદ્રના ઉપરાગની જેમ, स्यात्=થાય. ।।૩૧૬।।**

**શ્લોકાર્થ :-**

**હસ્તસ્પર્શ જેવું શાસ્ત્ર છે, તેનાથી જ અહીં તેનો નિશ્ચય પણ કોઈક પ્રકારે તે પ્રકારના ચંદ્રના ઉપરાગની જેમ થાય. ।।૩૧૬।।**

**ટીકા :-**

**हस्तस्पर्शसमं=अन्धस्य हस्तस्पर्शेन वस्तूपलम्भतुल्यम्, शास्त्रमतीन्द्रियार्थगोचरं वर्तते, कुतः ? - यतः तत एव=शास्त्रादेव, कथंचन=केनापि प्रकारेण, अत्र=छद्मस्थे प्रमातरि, तन्निश्चयोऽपि= अतीन्द्रियवस्तुनिर्णयः स्यात्, किं पुनर्विशेषापेक्षया निश्चय इत्यपिशब्दार्थः, दृष्टान्तमाह– तथाचन्द्रोपरागवत्=तथा तत्प्रकारोऽर्धविभागादिविषयतया चन्द्रस्योपरागो राहुस्पर्शस्तद्वत्, यथा शास्त्रात् सर्वविशेषानिश्चयेऽपि चन्द्रोपरागः केनापि विशेषेण निश्चीयत एव, तथान्यदप्यतीन्द्रियं वस्तु छद्मस्थेनेति ।।३१६।।**

**ટીકાર્થ :-**

**हस्तस्पर्शसममन्धस्य ..... छद्मस्थेनेति ।। હસ્તસ્પર્શ સમાન=અંધને હસ્તસ્પર્શ દ્વારા વસ્તુના ઉપલંભ તુલ્ય, શાસ્ત્ર વર્તે છે=અતીન્દ્રિય અર્થગોચર શાસ્ત્ર વર્તે છે. કેમ અતીન્દ્રિય અર્થવિષયવાળું શાસ્ત્ર છે ? એથી કહે છે – જે કારણથી તેનાથી જ=શાસ્ત્રથી જ, કોઈક રીતે=કોઈક પ્રકારથી, આમાં=છદ્મસ્થ પ્રમાતામાં, તેનો નિશ્ચય પણ=અતીન્દ્રિય વસ્તુનો નિર્ણય પણ, થાય, શું વળી વિશેષ અપેક્ષાથી નિશ્ચય=અતીન્દ્રિય અર્થનો નિર્ણય ? એ પ્રકારે 'तन्निश्चयोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**દૃષ્ટાંતને કહે છે – તે પ્રકારના ચંદ્ર ઉપરાગની જેમ=અર્ધવિભાગાદિ વિષયપણાથી તે પ્રકારે ચંદ્રનો ઉપરાગ=રાહુનો સ્પર્શ, તેનો નિર્ણય થાય છે તેમ શાસ્ત્રથી સામાન્ય નિર્ણય થાય છે એમ અન્વય છે, દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે – જે પ્રમાણે શાસ્ત્રથી સર્વ વિશેષનો અનિશ્ચય હોવા છતાં પણ કોઈક પણ વિશેષથી ચંદ્ર ઉપરાગનો નિશ્ચય થાય છે જ, તે પ્રમાણે અન્ય પણ અતીન્દ્રિય વસ્તુ છદ્મસ્થથી કોઈક પણ પ્રકારે વિશેષથી નિર્ણય થાય છે જ. ॥૩૧૬॥**

**ભાવાર્થ :-**

આંધળો પુરુષ વસ્તુને જોઈ શકતો નથી, તેમ છદ્મસ્થ જીવ અતીન્દ્રિય વસ્તુ જોવા સમર્થ નથી, તોપણ આંધળો પુરુષ વસ્તુના સ્પર્શથી બાહ્ય વસ્તુને કંઈક જાણી શકે છે, આથી જ હાથના સ્પર્શ દ્વારા 'આ ઘડો છે', 'આ વસ્ત્ર છે' ઇત્યાદિનો નિર્ણય કરી શકે છે તેમ છદ્મસ્થ જીવ માટે હાથના સ્પર્શ જેવું શાસ્ત્ર છે; કેમ કે શાસ્ત્રવચનથી અતીન્દ્રિય પદાર્થોનો કોઈક વિશેષ નિર્ણય છદ્મસ્થ કરી શકે છે, જેમ શાસ્ત્રના વચનથી છદ્મસ્થને ચંદ્રના ઉપરાગના સર્વ વિશેષનો નિર્ણય થતો નથી, તોપણ આજે ચંદ્રગ્રહણ થશે અને તે ચંદ્રને અર્ધભાગ આદિ આવરણ કરશે ઇત્યાદિ કંઈક વિશેષનો નિર્ણય છદ્મસ્થ કરી શકે છે તેમ અતીન્દ્રિય પદાર્થોના પણ કંઈક વિશેષનો નિર્ણય છદ્મસ્થ કરી શકે છે, આથી જ શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવ અનુસાર યોગમાર્ગની ઉચિત ભૂમિકાના વિશેષનો નિર્ણય કરીને છદ્મસ્થ તે અનુસાર ઉચિત પ્રવૃત્તિ દ્વારા સંયમના ઊંચા ઊંચા કંડકોને પ્રાપ્ત કરી શકે છે, છતાં જેમ કેવલી યોગમાર્ગનાં સર્વ સંયમસ્થાનોમાંથી પ્રત્યેક સંયમસ્થાનને સ્વતંત્રરૂપે કેવલજ્ઞાનથી જાણી શકે છે તેમ છદ્મસ્થ સંયમનાં દરેક સ્થાન સ્વતંત્રથી જાણી શકતા નથી તોપણ શાસ્ત્રવચનના બળથી ઘણાં સંયમસ્થાનોને કંઈક વિશેષરૂપે જાણીને પોતાને પ્રાપ્ત થયેલા સંયમસ્થાનથી ઉત્તરના સંયમસ્થાનમાં જવા માટે શાસ્ત્રના બળથી કંઈક વિશેષનો નિર્ણય કરી શકે છે, આથી જ વીરભગવાને છદ્મસ્થ અવસ્થામાં વિશેષ ક્ષમાની પ્રાપ્તિ અર્થે અનાર્ય દેશમાં ગમન કર્યું, ત્યારે પોતાને જે ક્ષમા છે તે વિશેષ કોટીની નથી અને તે વિશેષની પ્રાપ્તિનો ઉપાય અનાર્ય દેશમાં પ્રાપ્ત થનારા ઉપસર્ગો છે તેનો નિર્ણય શ્રુતના બળથી કરીને અનાર્ય દેશમાં ગયા.

અહીં વિશેષ એ છે કે શાસ્ત્રવચનથી કેટલાક પદાર્થો આજ્ઞાગ્રાહ્ય છે અને કેટલાક પદાર્થો યુક્તિગ્રાહ્ય છે, જેમ મનુષ્યલોકની પૃથ્વી અસંખ્યાત દ્વીપ-સમુદ્ર પ્રમાણ છે, અધોલોકમાં સાત નરક છે ઇત્યાદિ વસ્તુ સર્વજ્ઞનું વચન છે તેનાથી નિર્ણય કરાય છે, પરંતુ યુક્તિથી નહિ; કેમ કે યુક્તિનો અવિષય છે, માટે આજ્ઞાગ્રાહ્ય છે અને સંયમસ્થાનો, પુણ્યપાપની વ્યવસ્થા, જીવાદિ નવ તત્ત્વો ઇત્યાદિને કહેનારાં વચનો યુક્તિગ્રાહ્ય છે, તેથી શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવથી તેનો નિર્ણય કરીને તે પદાર્થો સ્વીકારાય છે. **॥૩૧૬॥**

**અવતરણિકા :-**

**उपसंहारमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહારને કહે છે=શ્લોક-૩૧૫માં કહ્યું કે અંધપુરુષને સદ્‌નિશ્ચય પ્રત્યે રૂપ અસ્થાન છે તેમ**

છદ્મસ્થને અતીન્દ્રિય વસ્તુ અસ્થાન છે, માટે તેમાં આગ્રહ કરવો ઉચિત નથી તે કથનના ઉપસંહારને કહે છે –

**શ્લોક :-**

**ग्रहं सर्वत्र सन्त्यज्य, तद्गम्भीरेण चेतसा।**
**शास्त्रगर्भः समालोच्यो ग्राह्यश्चेष्टार्थसङ्गतः।।३१७।।**

**અન્વયાર્થ :-**

तद्=તે કારણથી=છદ્મસ્થને અતીન્દ્રિય વસ્તુનું શાસ્ત્રથી હસ્તસ્પર્શ જેવું જ્ઞાન થાય છે તે કારણથી, सर्वत्र ग्रहं सन्त्यज्य=સર્વત્ર ગ્રહનો ત્યાગ કરીને=દેવતાદિના વિષયમાં અનુગ્રાહ્ય-અનુગ્રાહક આદિના સ્વરૂપમાં અતત્ત્વના અભિનિવેશનો ત્યાગ કરીને, इष्टार्थसङ्गतः च ग्राह्यः शास्त्रगर्भः=ઈષ્ટ અર્થસંગત અને ગ્રાહ્ય શાસ્ત્રગર્ભ, गम्भीरेण चेतसा समालोच्यः=ગંભીર ચિત્તથી સમ્યગ્ આલોચન કરવો જોઈએ. ॥૩૧૭॥

**શ્લોકાર્થ :-**

**તે કારણથી સર્વત્ર ગ્રહનો ત્યાગ કરીને ઈષ્ટ અર્થસંગત અને ગ્રાહ્ય શાસ્ત્રગર્ભ ગંભીર ચિત્તથી સમ્યગ્ આલોચન કરવો જોઈએ. ॥૩૧૭॥**

**ટીકા :-**

ग्रहं=अतत्त्वाभिनिवेशम्, सर्वत्र=देवतादावर्थे, सन्त्यज्य=विहाय, तत्=तस्मात्, गम्भीरेणा-ऽनुत्तानेन चेतसा हृदये(येन,) शास्त्रगर्भः=शास्त्रैदम्पर्यम्, समालोच्यः=सम्यक्पर्यालोचनीयः, ग्राह्यश्च=ग्रहणीयः, इष्टार्थसङ्गतो=युज्यमानार्थसम्पन्न इति ।।३१७।।

**ટીકાર્થ :-**

ग्रहं ..... युज्यमानार्थसम्पन्न इति ।। તે કારણથી ગ્રહનો=અતત્ત્વના અભિનિવેશનો, સર્વત્ર=દેવતાદિ અર્થમાં, ત્યાગ કરીને ગંભીર એવા ચિત્તથી=અનુત્તાન એવા હૃદયથી=ઉપરછલ્લી દૃષ્ટિના ત્યાગથી, શાસ્ત્રગર્ભ= શાસ્ત્રનું ઐદંપર્ય, સમાલોચન કરવું જોઈએ=સમ્યક્ પર્યાલોચન કરવું જોઈએ.

કેવા અર્થવાળું શાસ્ત્રનું ઐદંપર્ય પર્યાલોચન કરવું જોઈએ ? એથી કહે છે –

ગ્રાહ્ય=ગ્રહણ કરવાયોગ્ય અને ઈષ્ટ અર્થસંગત=યુજ્યમાન અર્થથી યુક્ત, શાસ્ત્રનું ઐદંપર્ય સમ્યક્ પર્યાલોચન કરવું જોઈએ એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૧૭॥

**ભાવાર્થ :-**

શાસ્ત્રવચનથી અતીન્દ્રિય પદાર્થો સામાન્યથી ગ્રહણ થઈ શકે, સર્વ વિશેષથી ગ્રહણ થઈ શકતા નથી, પરંતુ કોઈક અતીન્દ્રિય પદાર્થ કંઈક વિશેષથી પણ ગ્રહણ થાય છે, તેથી અતીન્દ્રિય પદાર્થોમાં અતત્ત્વનો અભિનિવેશ ત્યાગ કરીને ગંભીર ચિત્તથી શાસ્ત્રનું ઐદંપર્ય વિચારવું જોઈએ.

જેમ ઉપાસ્ય દેવતા પૂર્ણપુરુષરૂપ આવશ્યક છે, તેથી પૂર્ણપુરુષરૂપે તેની ઉપાસના કરનારને તેની જેમ પૂર્ણતા પ્રાપ્ત થાય છે. માટે શાસ્ત્રવચનથી પૂર્ણપુરુષના સ્વરૂપનો નિર્ણય કરીને અનુભવ અનુસાર તેવા સ્વરૂપવાળા પૂર્ણપુરુષની ઉપાસના કરવી જોઈએ, પરંતુ અતત્ત્વનો અભિનિવેશ કરીને નામભેદથી ઉપાસ્યનો ભેદ સ્વીકારવો ઉચિત નથી.

વળી ભવનું કારણ કર્મ છે તેને કોઈ અન્ય નામથી કહે એટલા માત્રથી તેમાં અસદ્ આગ્રહ કરવો જોઈએ નહિ, પરંતુ પૂર્ણપુરુષની ઉપાસનાથી ભવનું કારણ દૂર કરી શકાય છે તેમ સ્વીકારીને જેઓ પૂર્ણપુરુષની ઉપાસના કરતા હોય તે સર્વ એક માર્ગને સ્વીકારનારા છે તેમ સ્વીકારવું જોઈએ.

વળી આત્માદિને પરિણામી સ્વીકાર્યા વગર ઈશ્વરનો અનુગ્રહ આદિ ઘટતું નથી, તેથી શાસ્ત્રવચનનું ઐદંપર્ય પર્યાલોચન કરીને આત્માદિ પરિણામી છે, સંસારી જીવોનો અનુગ્રાહ્ય સ્વભાવ છે, ઈશ્વરનો અનુગ્રાહક સ્વભાવ છે અને કર્મનો નિવૃત્ત અધિકારિત્વ સ્વભાવ છે ઇત્યાદિ સર્વ વસ્તુનો યુજ્યમાન અર્થથી યુક્ત=જે પ્રમાણે અનુભવ અનુસાર સંગત થાય તે પ્રમાણે, સમ્યગ્ પર્યાલોચન કરવું જોઈએ, જેથી શાસ્ત્રવચનના યથાર્થ તાત્પર્યનો બોધ થાય અને તે શાસ્ત્રવચન અનુસાર અતીન્દ્રિય અર્થનો નિર્ણય કરીને યથાર્થ પ્રવૃત્તિ કરવાથી આત્માના હિતની પ્રાપ્તિ થાય.

અહીં ટીકામાં કહ્યું કે ગ્રાહ્ય અને ઇષ્ટાર્થસંગત શાસ્ત્રગર્ભ સમ્યગ્ આલોચન કરવું જોઈએ, તેથી એ પ્રાપ્ત થાય કે જે પદાર્થો યુક્તિથી ગ્રાહ્ય છે અને જે પદાર્થો યુજ્યમાન અર્થથી યુક્ત હોય તે તે પ્રમાણે ગ્રહણ કરવા જોઈએ, જેમ આત્માદિ પદાર્થો યુક્તિથી ગ્રાહ્ય છે અને શાસ્ત્રમાં કહેલા વચન અનુસાર યુજ્યમાન અર્થથી સંપન્ન છે તે પ્રમાણે ગ્રહણ કરવા જોઈએ, પરંતુ જો આત્માને એકાંત નિત્ય કહીએ તો અથવા એકાંત અનિત્ય કહીએ તો શાસ્ત્રથી કહેવાયેલા બંધ-મોક્ષાદિ અર્થ સાથે તે વચન સંગત થાય નહિ; કેમ કે એકાંત નિત્ય આત્માને અવસ્થાંતરની અપ્રાપ્તિ હોવાથી મોક્ષસંગત થાય નહિ અને ક્ષણિક આત્મા સ્વીકારીએ તોપણ નષ્ટ એવા આત્મામાં મોક્ષની સંગતિ થાય નહિ.

વળી ગ્રાહ્ય કહેવાથી 'યુક્તિથી અગ્રાહ્ય એવાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર આદિ વચનો વિષયક ઐદંપર્યનું પર્યાલોચન આવશ્યક નથી, પરંતુ પ્રમાણભૂત શાસ્ત્રવચનથી જ તેનો નિર્ણય આવશ્યક છે' તે પ્રમાણે કથિત થાય છે.

વળી, 'યુજ્યમાન અર્થથી યુક્ત' કહેવાથી આત્માદિ પદાર્થને પરિણામી સ્વીકારવાથી શાસ્ત્રનું વચન સંગત છે અર્થાત્ યુજ્યમાન છે તેથી તે રીતે આત્માદિ પદાર્થો સ્વીકારવા જોઈએ એ પ્રમાણે કથિત થાય છે. **॥૩૧૭॥**

**અનુસંધાન : યોગબિંદુ ભાગ-૩**

औचित्याद् वृत्तयुक्तस्य, वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ।।

ઔચિત્યથી વ્રતયુક્ત જીવને અત્યંત
મૈત્ર્યાદિ સારવાળું વચનથી તત્ત્વચિંતન
તેના જાણનારાઓ અધ્યાત્મ કહે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in